A PROJECT SUBMITTED FOR THE DEGREE OF

MASTER OF LIBRARY AND INFORMATION SCIENCE

AT SARDAR PATEL UNIVERSITY

2011-2012

# DIGITIZATION OF GYAN GANGOTRY GRANTH SHRENI - 20 V.12

# MANAV VIDYASHAKHA : VISHVA DARSHAN– 3

# [ ITIHAS : MADHYAYUGA ( EUROPE, ARAB, CHINA)]

SUBMITTED BY:

VAGHANI SHILPA KHIMJIBHAI

GUIDE :

Prof. U.A. THAKER

Dr. NIMESH D. OZA (Asst. Prof)

DEPARTMENT OF LIBRARY AND INFORMATION SCIENCE

SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120

March-2012

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| અકબર | Akabara | ૧૮૨ |
| અઝિઝ અબદલ | Ajhijha abadala | ૧૨૩ |
| અઝિઝ (ખલીફા) | Ajhijha (Khalīpha) | ૧૨૭ |
| અદદૌલા | Adadaulā | ૧૧૫ |
| અબદલ રહેમાન | Abadala rahemāna | ૧૧૨,૧૨૩,૧૨૪,૧૫૯ |
| અબદલ રહેમાન ૨ જો | Abadala rahemana 2 jo | ૧૨૪ |
| અબદલ રહેમાન ૩ જો | Abadala rahemana 3 jo | ૧૧૬,૧૨૪,૧૨૫,૧૫૯ |
| અબુ અબદુલ્લા | Abu abadullā | ૧૦૯,૧૨૬,૧૨૭ |
| અબુ બકર | Abu bakara | ૧૦૦, ૧૦૩, ૧૦૫, ૧૦૮, ૧૧૨, ૧૩૨, ૧૩૬ |
| અબ્બાસ (અલ-સફાહ) | Abbāsā (ala-śaphāha) | ૧૧૨, ૧૧૩ |
| અબ્બાસા | Abbāsā | ૧૧૪ |
| અબ્દુલ મજીદ | Abdula majīda | ૧૩૦ |
| અબ્ન ઝિરિ | Abna jhiri | ૧૨૫ |
| અમર | Amara | ૧૦૮, ૧૫૮ |
| અમર-ઈબ્ન-અલ-આસ | Amara-Ībna-ala-āsa | ૧૦૨, ૧૦૭ |
| અમીન | Amīna | ૧૧૩,૧૧૪,૧૧૫ |
| અમીના | Amīnā | ૯૮ |
| અર્બન ૨જો | Arbana 2 jo | ૨૯ |
| અલ અદીદ (ખલીફ) | Ala adīda (Khalīpha) | ૧૨૭ |
| અલ અશારી | Ala aśhārī | ૧૪૦ |
| અલપ અર્સલાન | Alapa arsalāna | ૧૧૭ |
| અલમુતી | Alamuti | ૧૧૬ |
| અલાઉદ્દીન મહમ્મુદ | Alāuddīna mahammuda | ૧૧૯ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| અલી | Alī | ૯૯,૧૦૦,૧૦૭,૧૦૮, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૮,૧૩૯ |
| અશોક (મૌર્ય) | Aśhoka (maurya) | ૩૩ |
| આઇઝેક ૨જો | āījheka 2 jo | ૩૦,૪૩ |
| આઇઝેક ઇઝરાયેલી | āījheka Ījharāyelī | ૮૭ |
| આઇઝેક વાન (ચિત્રકાર) | āījheka vāna (Chitrakār) | ૯૫ |
| આઇરિન | āirīna | ૧૮ |
| આગાખાન | āgākhānā | ૧૩૯ |
| આગોતાઇ | āgotāī | ૧૮૦ |
| આદમ | ādama | ૧૫૧ |
| આન લુ શાન | āna lu Śhāna | ૧૭૫,૧૭૬ |
| આબેદુલ્લા ઇબ્ન અહમદ | ābedullā Ībna ahamada | ૧૨૭ |
| આયેશા | āyeśhā | ૧૦૩,૧૦૮,૧૩૬ |
| આર્નોલ્ડ | ārnolḍa | ૨૭,૪૮,૬૨ |
| આલફાન્ઝો અબુકર્ક | ālaphānijho abukar | ૧૨૮ |
| આલફોન્ઝા ૧૦મો | ālaphonjha 10 mo | ૨૮ |
| ઇદ્રિસી (ભૂગોળવેત્તા) | Idrisī (bhūgoḷavettā) | ૧૫૭ |
| ઇનોસન્ટ ૩જો (પોપ) | Inosanṭa 3jo (Pop) | ૫૭, ૮૩ |
| ઇબ્ન-અલ-આવની | Ibna-ala-āvanī | ૧૩૬ |
| ઇબ્ન-અલ-ખતબ | Ibna-ala-khatab | ૧૦૬ |
| ઇબ્ન-અલ-ખત્તાલ | Ibna-ala-khattāla | ૧૩૧ |
| ઇબ્ન-અલ-જસ્સાસ | Ibna-ala-jassāsa | ૧૫૨ |
| ઇબ્ન-અલી-દુઆબ | Ibna-alī-duāba | ૧૩૯ |
| ઇબ્ન-કુતાબહ | Ibna-kutābaha | ૧૫૭ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ઈબ્ન-મલિક | Ibna-malika | ૧૩૬ |
| ઈબ્ન-ફજલાન ઈબ્ન-હુમ્મદ | Ībna-phajalāna ibna-hammada | ૧૫૭ |
| ઈબ્ન-વાલિહ અલ યાકુબી | Ībna-vāliha ala yākubī | ૧૫૭ |
| ઈબ્ન-સાદ | Ībna sāda | ૧૫૬ |
| ઈબ્ન-હનબાત | Ībna-hanabāta | ૧૪૦ |
| ઈબ્રાહીમ | Ībrāhīma | ૧૧૨,૧૫૪ |
| ઈરેસ્મસ | Īresmasa | ૫૬ |
| ઈશાક (મહુમ્મદ ઈબ્ન) | Īśhāka (mahammada Ībna) | ૧૫૬ |
| ઈસાબેલા | Īsābelā | ૮૦,૧૨૬ |
| ઈસ્માઈલ | ĪsmāĪla | ૧૩૮ |
| ઈસ્માઈલ ઈમામ અબદુલ્લા | Īsmāīla Īmāma abadullā | ૧૨૭ |
| ઈવાન ધ ટેરિબલ | Īvāna dha ṭeribala | ૯૩ |
| ઈવાન - ૩ જો | Īvāna 3 jo | ૪૦ |
| ઈશુ (ખ્રિસ્ત) | Īśhu (Khrista) | ૨૮,૪૯ - ૯૬ |
| ઈસાડૉર | Īsādôra | ૯૧ |
| ઉમર | Umara | ૧૦૭,૧૧૨,૧૪૭ |
| ઉમર-૨જો | Umara 2 jo | ૧૧૧, ૧૧૨,૧૪૭ |
| ઉમર ખય્યામ | Umara khapyāma | ૧૧૭,૧૧૮,૧૬૦ |
| ઉમૈયા | Umaiyā | ૯૮ |
| ઉસ્માન (ઉમૈયા) | Usmāna (umaiya) | ૧૦૭,૧૦૮,૧૧૨,૧૩૨ ,૧૩૯ |
| ઉસ્માન (ઑટોમન) | Usmāna (ôṭomana) | ૧૨૯,૧૩૦ |
| ઍકવિનાસ ટૉમસ | Ākvināsa tômasa | ૮૭, ૮૮, ૯૧,૧૪૦ |
| એઝેરા બેન (અબ્રાહમ) | Ejharā ben (abrāhama) | ૮૫ |
| ઍટિલા | âṭilā | ૪૧ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| એડલાહડ | Eḍalāhaḍa | ૧૯ |
| ઍડવર્ડ-૩ જો | âḍavarḍa 3 jo | ૩૫ |
| એડાલબર્ટ | Eḍalabarṭa | ૧૦ |
| ઍથેનેસિયસ (સંત) | Âthenesiyasa (santa) | ૫૦ |
| એથોલ્ફસ | Etholphsa | ૫ |
| એનરિકો ડોન્ડોલો (ડૉજ) | Enarīko ḍonḍolo (ḍôja) | ૩૦ |
| ઍનેસ્ટેશિયસ | Ānesṭeśhiyasa | ૨, ૮ |
| એન્જેલો માઇકલ | Enjelo māīkala | ૩૪,૯૫,૧૦૧ |
| એન્જિલિકો ફ્રા | Enjiliko phrā | ૫૬ |
| એન્ડ્રઝ (સંત) | Enḍrajha (santa) | ૬૧ |
| એબેલોર્ડ (પંડીત) | Ebelorḍa (pandīta) | ૮૫,૮૬,૮૮,૧૪૦ |
| ઍમ્બોઝ (સંત) | âmbojha (santa) | ૫૩,૫૪,૮૧ |
| ઍરિયસ (સંત) | âriyasa (santa) | ૫૦ |
| ઍરિસ્ટોટલ | âristôṭala | ૪,૧૧,૫૮,૮૫,૮૮, ૧૪૦,૧૪૩,૧૪૪, ૧૪૬, ૧૫૩,૧૫૪, ૧૬૩, ૧૮૯ |
| ઍલેક્ઝાંડર ૩જો | âlekjhānḍara 3 jo | ૨૭ |
| ઍલેક્ઝાંડર ૬ઠ્ઠો | âlekjhānḍara 6 ṭhṭho | ૮૦ |
| ઍલેક્ઝાંડર (દાર્શનિક) | âlekjhānḍara (darśhanika) | ૮૭ |
| ઍલેરિક | âlerika | ૫ |
| ઍલેક્સિયસ-૧લો | âleksiyasa 1 lo. | ૩૦,૪૩ |
| ઍલેક્સિયસ-૩જો | âleksiyasa 3 jo | ૪૩ |
| ઍલેક્સિયસ-૪થો | âleksiyasa 4 tho | ૪૩ |
| એલેરિક | Elberika | ૧૯ |
| એવરો એસ (ઇબ્ન સિન્ના) | Evaroesa (Ībna sīnnā) | ૮૭,૧૪૩, ૧૪૬ |
| ઍવિસિન્ના | âvisinnā | ૮૭,૧૧૫,૧૪૩,૧૪૪ |
| ઐબક (ગુલામ) | Aibaka (gulāma) | ૧૨૮ |
| ઑગસ્ટ્સ ઓફ હિપ્પો (સંત) | Ôgasṭsa ôpha hippo (santa) | ૧, ૧૭, ૫૨ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ઑગસ્ટાઈન (સંત) | Ôgasṭāīna (santa) | ૫૩, ૫૮, ૮૧ |
| ઑટો - ૧લો | Ôṭo 1lo | ૧૯, ૨૧, ૨૬, ૮૧ |
| ઑટો - ૨જો | Oṭo 2jo | ૨૧ |
| ઑટો - ૩જો | Oṭo 3jo | ૨૧, ૬૨, ૮૧ |
| ઑડોકર | Ôdokāra | ૧, ૨, ૧૬૮ |
| ઑબેઈદાન | Ôbeīdāba | ૧૦૬ |
| ઑબેદુલ્લા | Ôbedullā | ૧૧૬ |
| ઑપિડ | Ôvida | ૯૧ |
| કર્ક જ્યોર્જ ઈ. | Karkâ jyorja Ī | ૯૭ |
| કન્ફ્યુશિયસ | Kanphyuśhiyasa | ૧૬૩,૧૬૫,૧૬૭, ૧૬૮, ૧૭૧, ૧૭૨,૧૭૭ |
| કમાલ પાશા (આતા તુર્ક) | Kamāl pāśhā (ātā turka) | ૧૩૦,૧૪૩ |
| કન્ફેસર ઍડવર્ડ | Kanphesara āḍavarḍa | ૨૧ |
| ક્લારા | Klārā | ૫૭ |
| ક્લીઓપેટ્રા | Klīopeṭrā | ૯૧ |
| ક્લેમન્ટ - ૪થો (પોપ) | Klemanṭa 4 tho (popa) | ૮૮ |
| ક્લેમન્ટ - ૫મો (પોપ) | Klemanṭa 5 mo (popa) | ૩૪,૯૧ |
| ક્લોવિસ | Klovīsa | ૫,૧૫ |
| ક્વિસ | Kvisa | ૭૭ |
| ક્વાંગા-શી | Kvāngā -śhī | ૧૮૭ |
| કાઉત્સુંગ | Kāutsungo | ૧૭૫ |
| કાઉન્ટ | Kāunṭa | ૨૯ |
| કાઓ | Kāo | ૧૭૯ |
| કાદર (ખલીફ) | Kādara (khalīpha) | ૧૩૮ |
| કાદા (મહદી) | Kādā (mahadī) | ૧૩૮ |
| કારમત | Kāramata | ૧૩૮ |
| કાસીમ | Kāsīma | ૧૧૬ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| કિંદી | Kindī | ૮૫,૧૪૩ |
| કુઆન ટી | Kuāna tī | ૧૬૯ |
| કુઆન યુ | Kuāna u | ૧૬૯ |
| કુઆંગ વુ ટી | Kuānga vu ti | ૧૬૬,૧૬૮ |
| કુએન (અલ કાલિમ મહમ્મદ) | Kuena (ala kālmia mahammada) | ૧૨૫ |
| કુબલાઈખાન | Kubalāīkhāna | ૧૮૦,૧૮૨ |
| કુરાહ (યાબિત ઈબ્ન) | Kurāha (yābita Ībna) | ૧૫૪ |
| કૉનકૉર્ડન્ટ | Kônakôrḍanṭa | ૨૬ |
| કૉનરેડ ૨ જો | Kônareḍa 2 jo | ૨૧ |
| કૉનરેડ ૩ જો | Kônareḍa 3jo | ૩૦ |
| કૉન્સ્ટૅન્ટાઈન | Kônsṭênṭāīna | ૧, ૨, ૪૩, ૪૯, ૬૦ |
| કૉન્સ્ટૅન્ટાઈન - ૧૧મો | Kônsṭênṭāīna 11mo | ૪૦, ૪૪, ૧૨૯ |
| કૉન્સ્ટૅન્ટાઈન આફ્રિકન (પંડીત) | Kônsṭênṭāīna āphrikana (pandīta) | ૮૫ |
| કોલમ્બસ (સંત) | Kolambasa (santa) | ૫૪,૫૮ |
| કોલમ્બસ ક્રિસ્ટોફર | Kolambasa kriṣṭophara | ૭૮,૧૭૯ |
| ક્રિસ્ટોફર (સંત) | Kriṣṭophara (santa) | ૫૫ |
| ખદીજા | Khadījā | ૯૯ |
| ખરજીઆ | Kharajīā | ૧૦૮ |
| ખાલિદ | Khālida | ૧૧૩ |
| ખાલિદ - ઈબ્ન - અલ - વાલિદ | Khādida Ībna ala vālida | ૧૦૨, ૧૦૫-૬-૭ |
| ગઝની મહંમદ | Gajhanī mahammada | ૧૧૬,૧૬૦ |
| ગઝલી | Gajhalī | ૮૫,૮૭,૧૪૦,૧૪૪ |
| ગર્બર્ટ | Garbârṭâ | ૨૧ |
| ગેટનબર્ગ જોન | Geṭanabargâ jôna | ૯૦ |
| ગેન્સેરિક | Genserīka | ૧૧ |
| ગેબિરોલ | Gebīrola | ૮૫,૮૭,૧૪૪ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ગેબ્રિયલ (ફિરસ્તો) | Gebrīyala (phiraśto) | ૧૦૦,૧૩૧,૧૩૯ |
| ગેલન (વૈદ્ય) | Gelana (vaidya) | ૧૫૩, ૧૫૪ |
| ગેલેમીર | Gelemīra | ૧૧ |
| ગેલેરિયસ (પોપ) | Geleriyasa (popa) | ૬૦ |
| ગોડફ્રે | Goḍaphre | ૨૯ |
| ગોલ (સંત) | Gola (santa) | ૫૬ |
| ગોલ્ડઝિહર | Golḍajhihara | ૧૮૯ |
| ગ્રેગરી મહાન (સંત) | Gregarī mahāna (santa) | ૫૩,૫૮,૬૧,૮૧ |
| ગ્રેગરી - ૨જો | Gregarī 2 jo | ૧૬ |
| ગ્રેગરી - ૭મો | Gregarī 7 mo | ૨૫, ૨૬, ૫૩, ૬૨ |
| ગ્રેગરી - ૮મો | Gregarī 8 mo | ૩૦ |
| ગ્રેગરી - ૯મો | Gregarī 9 mo | ૮૩ |
| ચાઓ કુઆંગ | Chāo kuānga | ૧૭૯ |
| ચાર્લ્સ - ૫મો | Chārlsâ 5 mo | ૩૫, ૪૨ |
| ચાર્લ્સ - ૬ઠ્ઠો | Chārlsâ 6 ththo | ૩૫ |
| ચાર્લ્સ ૮મો | Chārlsâ 8 mo | ૪૨ |
| ચિયા ચિંગ | Chiyā chinga | ૧૮૬ |
| ચી | Chī | ૧૬૫ |
| ચોસરોઝ | Chosarojha | ૯૭ |
| ચાંગ | Chānge | ૧૬૮ |
| ચાંગ આન | Chānge āna | ૧૭૬ |
| ચાંગ ટી | Change ṭī | ૧૭૫ |
| ચાંગ ટે | Change ṭe | ૧૮૬ |
| ચુંગ ત્સુંગ | Chunga tsunga | ૧૭૫ |
| ચુંગ લો | Chunga lo | ૧૮૬ |
| ચેંગ ચુંગ | Chenga chunga | ૧૮૬ |
| જગતાઇ | Jagatāī | ૧૧૯ |
| જલાલુદ્દીન રુમી | Jalāludīna rumī | ૧૧૮, ૧૧૯ |
| જસ્ટિન ૧લો | Jasṭina 1 lo | ૭ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| જસ્ટિન ૨જો | Jasṭina 2 jo | ૧૩ |
| જસ્ટિનિયન | Jasṭiniyana | ૨, ૭, ૮, ૯, ૧૧-૨, ૨૪, ૮૧,૧૨૯,૧૬૩ |
| જાફર (અલ-સાદિક) | Jāphara (ala-sādika) | ૧૩૮ |
| જાફર મનસૂર | Jāphara manasūra | ૧૧૩,૧૧૪ |
| જિરોર્ડ | Jirorḍa | ૮૫ |
| જુલિયસ ૨જો | Juliyasa 2jo | ૩૪ |
| જેરોમે (સંત) | Jerome (santa) | ૫૨,૫૩,૮૧ |
| જૉન ૧લો | Jôna 1 lo | ૭૮ |
| જૉન ૨જો | Jôna 2 jo | ૩૫ |
| જૉન ૮મો | Jôna 8 mo | ૪૪,૬૧ |
| જૉન ૧૨મો | Jôna 12 mo | ૧૯ |
| જૉન (બેપ્ટિસ્ટ સંત) | Jôna (bepṭisṭa santa) | ૧૧૧ |
| જૉન (સેલિસબરીનો પંડીત) | Jôna (selisabarīno pandīta) | ૮૬ |
| જૉન-ઓફ-આર્ક (વીરાંગના) | Jôna opha arka (virangana) | ૩૫ |
| જંગીસખાન (ચંગીઝખાન, તેમુલ-જિન) | Jangīsākhāna (changījhakhāna, temula jina) | ૧૧૮,૧૧૯, ૧૨૦,૧૮૦ |
| ઝુબેદા | Jhubeda | ૧૧૩,૧૧૪ |
| ઝુરાહ (ઇસા-ઇબ્ન) | Jhurāha (Īsā-Ībna) | ૧૫૪ |
| ઝેનો | Jheno | ૨ |
| ઝૈદ (ગુલામ) | Jaida (gulāma) | ૧૦૦,૧૩૨ |
| ઝંગી (કુર્દ-ગુલામ) | Jhangī (kurda gulāma) | ૧૧૭ |
| ટિશિયન (ચિત્રકાર) | Ṭiśhiyana (chitrakāra) | ૯૬ |
| ટેલર (રેવરન્ડ) | Ṭelara (revaranḍa) | ૮૪ |
| ટેલર વૉટ | Ṭelara vôṭa | ૨૪ |
| ટો બા ટુંગ્સી | Ṭo bā ṭungsī | ૧૬૯ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ટોમસ-એ-બેકેટ | Ṭomasa-e-bekeṭa | ૨૨ |
| ટૉલેમી | Ṭôlemī | ૪,૧૫૪,૧૫૯,૧૬૦ |
| ટ્રિબૉનિયન | Ṭribôniyana | ૧૨,૧૩ |
| ડીઆઝા બાર્ટોલોમિયો | Ḍīājhā bārtolomiyo | ૭૮ |
| ડેનિસ (સંત) | Ḍenisa (santa) | ૫૬ |
| ડોઝી | Ḍojhī | ૧૨૪ |
| ડૉનિસ્ટ (સંત) | Ḍônisṭa (santa) | ૫૨ |
| ડૉમિનિક (સંત) | Ḍôminika (santa) | ૫૩, ૫૭,૫૮,૬૫, ૮૭ |
| તબાસી (ઇતિહાસકાર) | Tabāsī (itihāsakāra) | ૯૮ |
| તાઇત્સુંગ મિન | Tāītsunga mina | ૧૭૫,૧૮૪ |
| તાઓ | Tāo | ૧૬૭,૧૭૧,૧૭૭ |
| તાજિર (ઇતિહાસકાર) | Tājira (Ītihāsakāra) | ૧૫૭ |
| તારીક | Tārīka | ૧૨૩ |
| તાલીબ | Tālība | ૯૮ |
| તાશફિન (યુસુફ ઇબ્ન) | Tāśhaphina (yusupha Ībna) | ૧૨૫ |
| તુ ફુ | Tu phu | ૧૭૭ |
| તુઘરીલ બેગ | Tugharīla bega | ૧૧૬, ૧૧૭,૧૧૮ |
| તૈમૂર (લંગ) | Taimūra (langa) | ૧૨૦,૧૨૧,૧૮૬ |
| તોહાન તિમૂર | Tohāna timura | ૧૮૨ |
| ત્ઝુ (ચુન) | Tjhu (chuna) | ૧૬૫ |
| ત્સાઓ ત્સાઓ | Tsāo tsāo | ૧૬૮ |
| ત્સાઓ પી | Tsāo pī | ૧૬૮ |
| ત્સિન વુ ટી | Tsina vu ṭī | ૧૬૯,૧૭૧ |
| થાબિત | Thābita | ૧૫૪ |
| થિયોડોરા | Thiyoḍorā | ૮,૧૯,૨૧ |
| થિયોડોરિક | Thiyoḍorikā | ૩,૪ |
| થિયોડોશીયસ | Thiyoḍośhīyasa | ૧૨ |
| દાઉદ પો (ડૉ.પંડીત) | Dāuda po (ḍô. Panḍīta) | ૧૮૮ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| દાન્તે આલિગીએરો (મહાકવિ) | Dānte āligīero (mahākavī) | ૯૧,૯૨ |
| દાવર ફિરોઝ (ફારસી વિદ્વાન) | Dāvara phirojha (phārasī vidvāna) | ૧૮૯ |
| નઝઝ | Najhajha | ૧૪૦ |
| નારોલા સાવો (સંત) | Nārolā savo (santa) | ૪૧ |
| નિકોલસ | Nīkolasa | ૪ |
| નિકોલસ બીજો | Nīkolasa bījo | ૨૫ |
| નિકોલસ ત્રીજો | Nīkolasa trījo | ૯૧ |
| નિકોલસ પાંચમો | Nīkolasa pānchamo | ૩૪,૯૬ |
| નિઝામ-ઉલ-મુલ્ક | Nijhāma-ula-mulka | ૧૧૭-૮ |
| નિઝામી | Nijhāmī | ૧૧૮ |
| નીશેરવાન | Nīśheravāna | ૧૧ |
| નુરુદ્દીન મહમૂદ | Nuruddīna mahamūda | ૧૧૭, ૧૧૮ |
| નેસ્ટોરિયસ (સંત) | Nesṭoriyasa (santa) | ૫૦ |
| પાન ચાઉ | Pāna chāu | ૧૬૭ |
| પાયથાગોરસ | Pāyathāgorasa | ૪ |
| પીટર (સંત) | Pīṭara (santa) | ૨,૧૭,૩૪, ૫૯,૬૦, ૬૫, ૯૧, ૯૨, ૯૬, ૧૨૮ |
| પેટ્રિક (સંત) | Petrika (santa) | ૫૩-૪,૫૮ |
| પેપિન (ફ્રાન્ક સરદાર) | Pepina (phrānka saradāra) | ૧૨૩ |
| પેપિન ૨જો | Pepina 2 jo | ૧૫,૧૬ |
| પેરિસ | Periasa | ૯૧ |
| પો ચુઇ | Po chuī | ૧૭૭ |
| પૉરી દ' લા ગિલબર્ટ (પંડીત) | Pôri da' lā gilabarṭa (pandita) | ૮૬ |
| પૉલ (સંત સૉલ) | Pôla (santa sôla) | ૨,૫૯,૬૦,૧૨૮ |
| પ્લેટો | Pleṭo | ૧૧,૮૫,૧૪૦,૧૫૩, ૧૫૪,૧૮૯ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| પ્લોટીનેસ | Ploṭīnesa | ૧૮૯ |
| ફઝલ | Phajhala | ૧૧૪,૧૫૬ |
| ફઝારી (ખગોળવેત્તા) | Phajhārī (khagoḷavettā) | ૧૫૯ |
| ફ્લોરા | Phlorā | ૧૨૪ |
| ફરઘાના | Pharaghānā | ૮૫,૧૬૦ |
| ફરાબી | Pharābī | ૧૧૫,૧૪૩, ૧૪૪ |
| ફર્જ (અબ્ન અબ) | Pharja (abna aba) | ૧૫૪ |
| ફર્ડિનાન્ડ | Phanḍīnānḍa | ૧૨૬ |
| ફાતીમા | Phātimā | ૯૯,૧૨૭ |
| ફાહ્યાન | Phāhyāna | ૧૭૨ |
| ફિયાક વૂલ | Phīyāka vūla | ૪૯ |
| ફિલિપ ઓગસ્ટસ | Phīlīpa ogasṭasa | ૨૨, ૨૩, ૨૪, ૩૦, ૩૩, ૬૫,૧૧૮ |
| ફિલિપ ૨જો | Phīlīpa 2 jo | ૧૨૬ |
| ફિલિપ ૩જો | Phīlīpa 3 jo | ૩૩ |
| ફિલિપ ૪થો | Phīlīpa 4 tho | ૩૩,૩૫,૬૨ |
| ફિલિપ ૬ઠ્ઠો | Phīlīpa 6 ṭhṭho | ૩૫ |
| ફૂલબર્ટ | Phulabarta | ૮૫ |
| ફેરાક્લિયસ | Pherīklīyasa | ૯૭ |
| ફ્રાન્કો | Phrānko | ૫,૬,૧૭,૧૮ |
| ફ્રાન્સિસ (સંત) | Phrānsisā (santa) | ૩૩,૫૩,૫૬,૫૭,૫૮, ૮૭ |
| ફ્રાન્સિસ (રાજા) | Phrānsisā (rājā) | ૪૨ |
| ફ્રેડરિક ૧લો (બારબેરોસા) | Phreḍarika 1 lo (bāraberosā) | ૨૬,૨૭, ૩૦, ૭૬, ૧૧૮ |
| ફ્રેડરિક ૨જો | Phreḍarīka 2jo | ૧૮,૩૧, ૧૨૮ |
| ફ્રેડરિક ૩જો | Phreḍarika 3jo | ૪૦ |
| બજાહ (ઇબ્ન) | Bajāha (ibna) | ૧૪૪ |
| બતુતા (પ્રવાસી) | Batutā (pravāsī) | ૧૫૨,૧૫૭ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| બત્તાની (ખગોળવેત્તા) | Battānī (khagoḷavettā) | ૧૬૦ |
| બર્નાડ (સંત) | Barnāḍa (santa) | ૩૦, ૫૬ |
| બાઝિક | Bājhika | ૧૫૪ |
| બાયાઝિક ૧લો | Bāyājhika 1 lo | ૪૩, ૧૨૯ |
| બાયાઝિક ૨જો | Bāyājhika 2 jo | ૧૨૮ |
| બિએટ્રિસ | Bieṭrisa | ૯૧-૨ |
| બિથિયસ | Bīthīyasa | ૪,૯૧ |
| બિરુની (પ્રવાસી) | Birunī (pravāsi) | ૧૫૨,૧૫૭,૧૬૦ |
| બીડ (ધ વેનરેબલ) | Bīḍa (dha venarebala) | ૬૨, ૯૧ |
| બુખારી | Bukhārī | ૧૩૬ |
| બુવાઈયા | Buvāīyā | ૧૧૫, ૧૧૬ |
| બુદ્ધ ગૌતમ | Buddha gauttama | ૧૭૩ |
| બૂરજી (મામલૂક) ત્રીજો | Būrajī (māmalūkā) trījo | ૧૨૮ |
| બેકન રોજર | Bekana rojara | ૫૬, ૮૮, ૮૯, ૧૪૧, ૧૪૩ |
| બેનિડિક્ટ (રાજવી) | Benīḍikṭa (rājāvi) | ૩૪ |
| બેનિડિક્ટ (સંત) | Beniḍikṭa (santa) | ૫૩,૫૫,૫૭ |
| બેલિસેરિયસ | Beliseriyasa | ૮,૧૧,૧૨ |
| બેસેન્જર | Besenjara | ૧૯ |
| બોનિફેસ ૮મો (રાજવી) | Boniphesa 8 mo (rājāvi) | ૩૪,૬૨ |
| બોનિફેસ (સંત) | Boniphesa (santa) | ૫૩,૫૫,૫૬,૫૮ |
| બોહેમંડ | Bohemanḍa | ૨૯,૩૦ |
| બ્રુસિયાન (પોપ) | Brusīyāna (popa) | ૪૮ |
| મજરીતી મસલમાહ (ખગોળવેત્તા) | Majarītī masalamāha (khagoḷavettā) | ૧૫૯ |
| મન્સૂર (અલ) દાર્શનિક | Mansūra (ala) dārśhanika | ૧૪૪,૧૪૬ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| મન્સૂર (મહમ્મદ-ઇબ્ન અલી અમીર) | Mansūra (mahammada-Ībna alī amīra) | ૧૧૩,૧૧૫, ૧૨૩, ૧૨૫, ૧૫૫ |
| મન્સૂર હલ્લાજ | Mansūra hallāja | ૧૮૯ |
| મયમુન (દાર્શનિક) | Mayamuna (dārśhanika) | ૧૪૬ |
| મસર (અબુ) | Masara (abu) | ૮૫,૧૬૦ |
| મલિક (અબ્દલ) | Malika (abdala) | ૧૧૧,૧૫૮ |
| મલિકશાહ | Malikaśhāha | ૧૧૭,૧૧૮, ૧૪૦, ૧૬૦ |
| મસુદી (ઇતિહાસકાર) | Masudī (Ītihāsakāra) | ૧૫૭ |
| મહદી | Mahadi | ૧૧૩ |
| મહમંદ ૨જો | Mahamanda 2jo | ૧૧, ૪૪, ૧૨૯ |
| મહમંદ (સાહેબ) | Mahamanda (sāheba) | ૨૮, ૯૭,૧૩૧ |
| મંગુખાન | Mangukhāna | ૧૮૦ |
| માઆ યાંગ | Māā yānga | ૧૬૭ |
| માઇકલ ૩જો | Māīkala 3jo | ૮૪ |
| માર્કો પોલો (માર્કો મિલિયન) | Mārko polo (mārko miliyana) | ૧૮૨ |
| માર્ગરેટ | Mārgareṭa | ૩૯ |
| માટિલ્ડા | Matilḍa | ૨૨ |
| માટિન (સંત) | Māṭina (santa) | ૫૩, ૫૪ |
| મામુન | Māmuna | ૧૧૪,૧૧૫,૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૩, ૧૫૪, ૧૫૯ |
| માલેસેલો | Māleselo | ૭૮ |
| મારવાન ૧લો | Māravāna | ૧૧૧,૧૧૨ |
| મિંગ ટી | Minga ṭī | ૧૬૭ |
| મિંગ હુઆંગ | Minga huānga | ૧૭૫,૧૭૬,૧૭૭, ૧૮૪ |
| મુઆવિયા | Muāvīyā | ૪૪, ૧૦૭,૧૦૮,૧૧૨, ૧૩૬,૧૩૯ |
| મુઆવિયા ૨જો | Muāviyā 2 jo | ૧૩૯ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| મુઆવૈયા | Muāvaiyā | ૧૫૪ |
| મુક્તદીર | Muktadīra | ૧૧૬,૧૪૯,૧૫૨,૧૫૭ |
| મુતનીબ | Mutanība | ૧૧૫ |
| મુત્ત વિક્કલ | Muttavikkala | ૧૧૫, ૧૧૬, ૧૩૮, ૧૪૦, ૧૪૭, ૧૪૮, ૧૪૯ |
| મુત્તસિમ | Muttasima | ૧૧૫,૧૫૨ |
| મુત્તાલિબ (અબ્દુલ) | Muttaliba (abadula) | ૯૮ |
| મુન્તસિર | Muntasira | ૧૧૫ |
| મુરાદ | Murāda | ૪૩ |
| મુરાદ ૨જો | Murāda 2 jo | ૪૪,૧૨૯ |
| મુસ્તકફી | Mustakaphī | ૧૧૬,૧૫૫ |
| મુસ્તદા | Mustadā | ૧૧૭ |
| મુસ્તનજિદ (ખલીફા) | Mustanajīda (khalīphā) | ૧૪૬ |
| મુસા | Musā | ૧૧૧,૧૨૩ |
| મુહમ્મદ ઈકબાલ (ડૉ.સર) | Muhammada Īkabāla (ḍô.sara) | ૧૮૯ |
| મુહમ્મદ-૧લો (ઑટોમન) | Muhammada 1lo (ôtomana) | ૧૨૮ |
| મૂહમ્મદ-૨જો (અલ મડદી) | Mūhammada 2 jo (ala maḍadi) | ૧૧૫,૧૩૮ |
| મુંતઝાર (મહમદ) | Muntajhāra (mahamada) | ૧૩૮ |
| મેકિયાવેલી | Mekiyāvelī | ૪૧ |
| મેકેરિયસ (સંત) | Mekerīyasa (santa) | ૪૯ |
| મેગ્નસ આલ્બર્ટસ્ (સંત) | Megnasa ālbarṭas (santa) | ૫૮, ૮૭, ૯૧ |
| મેગ્નિફિસન્ટ (લોરેન્ઝો) | Megnīphisanta (lorenjho) | ૯૦ |
| મેરી (ઈશુની માતા) | Merī (Īśhunī mātā) | ૫૦,૬૫,૯૪ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| મેરી (મેકડાનેલી) | Merī (mekaḍanelī) | ૫૧ |
| મેરી (મહમ્મદ સાહેબના ખ્રિસ્ત પત્ની) | Merī (mahammada sāhebanā khrīsta patnī) | ૯૯ |
| મેરોઝિયા | Merojhiyā | ૧૯,૬૨ |
| મેંગ હાઓ જાન | Menga hāo jāna | ૧૭૭ |
| મોસિસ (યહૂદી ધર્મસ્થાપક - હિબ્રૂ ન્યાયદાતા) | Mosīsa (yahūdī dharmasthāpaka hibrū nyāyadātā) | ૧૦૧,૧૦૭ |
| યઝ દરગર્દ-૩જો | Yajha daragarda 3 jo | ૩૫૦ |
| યઝીદ-૧લો | Yajhīda 1 lo | ૪૪,૧૧૧ |
| યઝીદ-૨જો | Yajhīda 2 jo | ૧૧૧ |
| યઝીદ-૩જો | Yajhīda 3 jo | ૧૧૩,૧૩૯ |
| યાકુબ યુસુફ (રાજવૈદ્ય) | Yākuba thusupha (rājavaidya) | ૧૪૪ |
| યાહ્યા (વઝીર) | Yāhyā (Vajhīra) | ૧૧૩, ૧૧૪,૧૫૪ |
| યાહ્યા (ઇબ્ન અદી) | Yāhyā (Ībna adī) | ૧૫૪ |
| યાંગ કૂઈ ફાઈ | Yānga kūī phaī | ૧૭૫ |
| યાંગ ચીન | Yānga chīna | ૧૭૫ |
| યુ થુઆન ચાંગ | Yu thuāna chānge | ૧૮૬ |
| યુઆન સંગ | Yuāna sanga | ૧૭૨ |
| યુએહ ચી | Yueha chī | ૧૬૬ |
| યુક્લિડ | Yuklīḍa | ૪,૧૫૪,૧૬૦ |
| યુરિકન | Yurīkana | ૫ |
| યુલેજિયસ | Yulejiyasa | ૧૨૪ |
| યેઝિદ (સુફી સંત) | Yejhida (suphī santa) | ૧૪૧ |
| રાઝી | Rājhī | ૧૧૫ |
| રાફાયલ (ચિત્રકાર) | Rāphāyala (chitrakāra) | ૩૪,૯૫,૯૬ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| રાબિયા અલ-આદ-વિયા (સુફી સાધવી) | Rābiyā ala-āda-viya (sūphī sādhavī) | ૧૪૧ |
| રિક્વિયસ (સંત) | Rīkvīyasa (santa) | ૫૬ |
| રિચાર્ડ ૧લો | Rīchārḍā 1 lo | ૨૨,૩૦,૧૧૮ |
| રિચાર્ડ ૨જો | Rīchārḍā 2 jo | ૩૫,૩૭ |
| રુકનુદ્દિન બૈબર (અલ ઝહિર) | Ruknuddina baibara (ala jhahīra) | ૧૨૮ |
| રૂડોલ્ફ | Rūḍolpha | ૨૮ |
| રેજિનાલ્ડ | Rejīnālḍa | ૧૧૮ |
| રેમન્ડ (આર્ક બિશપ) | Remanṭha (ārka biśhapa) | ૨૯,૧૫૫ |
| રોડરિક | Roḍarika | ૧૨૩ |
| રોથફિલ્ડ | Rothaphilḍa | ૧૮૯ |
| રોમ્યુલસ | Romyulasa | ૧,૧૬૮ |
| રોમેનસ ૨જો | Romenasa 2jo | ૨૧ |
| રોલેન્ડ | Rolenḍa | ૧૮,૧૨૪ |
| રોશેલિન | Rośhelīna | ૮૫ |
| લાઓત્સે | Lāotse | ૧૭૩ |
| લિ ત્ઝુ વેંગ | Li tjhu venga | ૧૮૭ |
| લિ પો (મહાકવિ) | Li po (mahākavī) | ૧૭૫,૧૭૭ |
| લિ શિહ મિન | Li śhīha mina | ૧૭૫ |
| લિયાંગ વુ ટી | Liyānga vu ṭī | ૧૬૯ |
| લિયુ આન | Līyu āna | ૧૬૭ |
| લિયુ પાંગ (કાઓત્સુ) | Līyu pānga (kāotsu) | ૧૬૫,૧૬૬ |
| લિયુ યિન | Liyu yīna | ૧૮૬ |
| લિયો ૧લો (પોપ) | Liyo 1 lo (popa) | ૫૩,૬૦,૬૧ |
| લિયો ૩જો (પોપ) | Liyo 3 jo (popa) | ૧૭,૫૨,૫૩,૬૧ |
| લિયો ૩જો (રાજવી) | Liyo 3 jo (rajavī) | ૧૫ |
| લુ (સામ્રાજ્ઞી) | Lu (sāmrājñī) | ૧૬૫ |
| લુ શાન | Lu Śhāna | ૧૭૫ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| લૂઈ ૭મો | LūĪ 7 mo | ૨૩,૨૪,૩૦ |
| લૂઈ ૮મો | Lū 8 mo | ૧૯,૩૩ |
| લૂઈ ૯મો | Lū 9 mo | ૩૩ |
| લૂઈ ૧૨મો | Lū 12 mo | ૪૨ |
| લેકલેંડ | Lekalenḍa | ૨૨ |
| લોથાર | Lothāra | ૧૯ |
| લોમ્બાર્ડ | Lombārḍa | ૯૧ |
| લ્યૂથર માર્ટિન | Lūthara maṭīna | ૫૬,૬૬, ૨૪૩ |
| લ્યુતપાન્ડ | Lyutapānḍa | ૧૬ |
| વલ્લાદહ (કવયિત્રી) | Vallādaha (kavayītrī) | ૧૫૫ |
| વાલ્ડો પીટર | Vāldo pīṭara | ૬૩ |
| વાલિદ ૧લો | Vālida 1 lo | ૧૧૧,૧૫૮ |
| વાલિદ ૨જો | Vālida 2 jo | ૧૧૨ |
| વાસ્કો દ ગામા | Vāsko da gāmā | ૭૮, ૧૨૮ |
| વાસિલ-ઈબ્ન-આતા- | Vāsīla ibna ātā | ૧૩૯ |
| વાંગ ચિન | Vānga chīna | ૧૮૬ |
| વાંગમીંગ | Vāngamīnga | ૧૬૫ |
| વિક્ટર ૪થો | Vikṭara 4 tho | ૨૭ |
| વિક્લિફ જૉન | Viklipha jôna | ૪૭, ૪૮,૬૬ |
| વિક્રમાદિત્ય (રાજા) | Vikramāditya (rājā) | ૧૮ |
| વિટિઝા | Viṭijhā | ૧૨૩ |
| વિટિજિયસ | Viṭijiyasa | ૧૧ |
| વિન્ચી દ લિયોનાર્દો | Vinchī da liyonārdo | ૯૫ |
| વિનોબા ભાવે | Vīnobā bhāve | ૧૯૫ |
| વિલિયમ (પંડીત) | Vilīyama (pandīta) | ૮૬ |
| વિલિયમ (ડ્યૂક) | Viliyama (dyūka) | ૨૧, ૨૨, ૩૯ |
| વુ (રાજમાતા) | Vu (rājamātā) | ૧૭૭ |
| વુ ટી | Vu ṭī | ૧૬૫, ૧૬૬,૧૭૨ |
| વુ સાન કેઈ | Vu sāna keī | ૧૮૭ |
| વુ સુન | Vu suna | ૧૬૬ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| વેલેન્ટિયન | Velenṭiyana | ૬૦ |
| વ્લાડિરલાવ ૩ જો | Vlādiralāva | ૧૨૯ |
| શવારે | Śhavāre | ૧૧૭ |
| શાલેમન (ચાર્લ્સ માર્ટેલ) | Śhālâmana (chārlsa marṭela) | ૧૪,૧૯,૨૧,૨૬,૨૭, ૬૧,૬૭,૮૧,૧૧૪, ૧૨૩,૧૬૯ |
| શિરકુ | Śhiraku | ૧૧૭ |
| શિહ હુઆંગ ટી | Śhiha huānga ṭī | ૧૬૫,૧૬૭ |
| શેન યુ | Śhena yu | ૧૬૬ |
| શોગુન હિડેયોશી | Śhogun hīdeyośhī | ૧૮૭ |
| સઈફલદ્દિન કુતુઝ | Saiphaladdīna kutujha | ૧૨૧ |
| સલાઉદ્દિન ધ ગ્રેટ | Sālāuddina dha greṭa | ૩૦, ૧૧૭, ૧૨૭, ૧૨૮, ૧૪૬ |
| સાઈરિલ (સંત) | Sāirila (santa) | ૫૩ |
| સાદી | Sadī | ૧૧૮ |
| સાયમન (ઈશુનો ધર્મદૂત) | Sāyamana (Īshuno dhrmadūta) | ૫૧ |
| સિઆઓ વેન | Siāo vena | ૧૬૬ |
| સિક્ટસ ૪થો | Sikṭasa 4 tho | ૩૪ |
| સિજિસમંડ | Sijisamanḍa | ૩૪,૪૩,૪૮,૧૨૯ |
| સિનાન | Sināna | ૧૫૪ |
| સિમેક્સ | Simeksa | ૪ |
| સિયુસિન | Siyusina | ૧૬૭ |
| સિ યુંગ નુ | Si yunga nu | ૧૬૬,૧૬૭, ૧૬૯, ૧૭૮ |
| સિલવિસ્ટર ૧લો | Silavisṭara 1lo | ૫૩,૬૨ |
| સિલવિસ્ટર ૨જો | Silavisṭara 2jo | ૨૧,૬૨ |
| સીઝર | Sījhara | ૫,૨૬,૧૭૯ |
| સીનિયન (સંત) | Sinīyana (santa) | ૪૯ |
| સુ ત્સુંગ | Su tsunga | ૧૭૫-૬ |
| સુફિયા (અબુ) | Suphiyā (abu) | ૧૦૧,૧૦૨,૧૧૨ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| સુલેમાન (ઉમૈયા) | Sulemāna (umaiyā) | ૧૧૧ |
| સુલેમાન ધ મૅગ્નિફિસન્ટ | Sulemāna dha mâgniphisanṭa | ૧૩૦ |
| સેલ (ડૉ.રેવરન્ડ) | Sela (dô.revaranda) | ૧૮૯ |
| સેલજુક બેગ | Selajuka bega | ૧૧૬,૧૧૭ |
| સૈફલદ્દીન કિતબ | Saīphaladdīna kitaba | ૧૨૮ |
| સૈફુલદૌલા (અલ હમદાની) | Saiphuladaulā (ala hamadānī) | ૧૧૫,૧૪૩ |
| સૈર (સુફી સંત) | Saīra (suphī santa) | ૧૪૨ |
| સોક્રેટીસ | Sokreṭīsa | ૧૧,૮૫ |
| સોફિયા (દેવી) | Sophiyā (devī) | ૮,૯,૪૦,૬૦,૧૨૯ |
| સોર્બોન દ રોબર્ટ | Sorbona da robarṭa | ૨૩,૮૩ |
| સોલોમન | Solomana | ૮, ૧૨૩ |
| સ્કૉટ માઈકલ | Skôṭa māikala | ૮૫ |
| સ્ટીફાન ૧લો (પોપ) | Sṭīphāna 1 lo (popa) | ૧૬ |
| સ્ટીફન ૬ઠ્ઠો (પોપ) | Sṭīphāna 6 ththo (popa) | ૬૨ |
| હકિમ (અબુ અલિ મન્સૂર) | Hakīma (abu ali mansūra) | ૨૯, ૧૨૭,૧૪૦ |
| હજ્જાજ (સુફી સંત) | Hajjāja (suphī santa) | ૧૪૧ |
| હબીબ | Habība | ૧૪૬ |
| હરમીટ પીટર | Haramīṭa pīṭara | ૨૯,૩૦ |
| હર્ષવર્ધન (રાજા) | Harsavardhana (raja) | ૧૭૨ |
| હસ જોન (સંત) | Hasa jona (santa) | ૪૭, ૪૮, ૬૩,૬૬ |
| હસન | Hasana | ૧૦૮,૧૩૮ |
| હાફિજ (કવિ) | Hāphīja (kavi) | ૧૬૦ |
| હાદી | Hādī | ૧૧૩ |
| હાન યુ (ચીનનો ગદ્ય-પિતા) | Hāna yu (chīnano gadya-pitā) | ૧૭૭ |
| હાન યુઆન ટી | Hāna yuāna ṭī | ૧૬૫,૧૬૭ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| હાન લિંગ ટી | Hāna linga ṭī | ૧૬૮ |
| હાન સુન ટી | Hāna śhuna ṭī | ૧૬૮ |
| હાન હુઆન ટી | Hāna huāna ṭī | ૧૬૮ |
| હારુન અલ-રશીદ | Hāruna ala raśhīda | ૧૧૩,૧૧૪, ૧૧૫, ૧૫૧, ૧૫૪ |
| હાશીમ | Hāśhīma | ૯૮,૧૦૦,૧૦૭ |
| હાસ | Hāsa | ૧૮૯ |
| હિજ્જાજ | Hījjaja | ૧૧૧ |
| હિપોક્રિટ્સ | Hipokriṭṭasa | ૧૫૪ |
| હિલ્ડેબ્રાન્ડ | Hilḍebrānḍa | ૨૫ |
| હિલ્ડેસ્કિ | Hilḍeskī | ૧૧ |
| હિશામ ૧લો | Hiśhāma 1 lo | ૧૧૨,૧૫૯ |
| હિશામ ૨જો | Hiśhāma 2 jo | ૧૨૫ |
| હિશામ ૩જો | Hiśhāma 3 jo | ૧૨૫ |
| હુઆંગ ત્સાઓ | Huānga tsāo | ૧૭૭ |
| હુઆંગ વુ (સાધવી) | Huānga vu (sādhvī) | ૧૭૫ |
| હુબૈશ | Hubaīśha | ૧૫૪ |
| હુરાય રાહ | Hurāya rāha | ૧૩૬ |
| હુલાગુ | Hulāgu | ૧૨૦,૧૨૧,૧૪૬,૧૫૬ |
| હુસાયા | Husāyā | ૧૧૫ |
| હુસેન | Husena | ૧૧૧,૧૩૮ |
| હુસેન (અલ-કલબી) | Husena (ala-kalabī) | ૧૨૭ |
| હૂઈ સુંગ | Hūī sunga | ૧૭૯ |
| હૂકમ ૨જો (ખલીફ) | Hūkama 2 jo (khalīpha) | ૧૨૪,૧૨૫,૧૫૬ |
| હેડ્રિયન | Hedriyana | ૧૬,૧૭ |
| હેડ્રિયન ૪થો | Hedriyana 4tho | ૨૭ |
| હેનરી ૧લો (ફાઉલર) | Henarī (phāulara) | ૧૯ |
| હેનરી ૨જો | Henarī 2 jo | ૨૧-૨ |
| હેનરી ૩જો | Henarī 3 jo | ૨૧ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| હેનરી ૩જો (ઇંગ્લંડ) | Henarī 3 jo (inglanḍa) | ૨૮ |
| હેનરી ૪થો | Henarī 4 tho | ૨૬,૩૪,૬૨ |
| હેનરી ૫મો | Henarī 5mo | ૨૬,૩૫ |
| હેનરી ૬ઠ્ઠો | Henarī 6 ththo | ૨૭,૩૫,૩૬ |
| હેનરી ૭મો (ઇંગ્લંડ) | Henarī 7 mo (iglanḍa) | ૮૦ |
| હેનરી (નાવિક) | Henarī (nāvīka) | ૭૮ |
| હેલન | Helana | ૯૧ |
| હેલ્વા | Helvā | ૮૫,૬ |
| હોત્સિન | Hotsina | ૧૬૮ |
| હૉનોરિયસ ૩જો | Hônoriyasa 3 jo | ૫૮ |
| હોમર | Homara | ૯૧ |
| હોરેસ | Horesa | ૯૧ |
| હ્યુ કાપેટ | Hyu kapeṭa | ૨૩ |

જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૨૦

૧૨
માનવવિદ્યા શાખા

# વિશ્વ દર્શન-૩

[ઇતિહાસ: મધ્યયુગ (યુરોપ, આરબ, ચીન)]



SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
शीलवृत्तफलं श्रुतम्




E = MC2
Δ = D
G = L

સંયોજક : ડૉ. આર. ડી. પટેલ

મુખ્ય સંપાદક : ભોગીભાઈ ગાંધી

## તંત્રીમંડળ

શ્રી આર. ડી. પટેલ · શ્રી રમેશ સુમંત મહેતા · શ્રી ઈશ્વરભાઈ પટેલ
શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ · શ્રી ઉમાશંકર જોશી · શ્રી એચ. એમ. પટેલ
શ્રી રવિશંકર રાવળ · શ્રી બી. સી. પટેલ · શ્રી હરિહર પ્રા. ભટ્ટ
શ્રી વી. એચ. ભણોત · શ્રી યશવંત શુક્લ · શ્રી નીરુભાઈ દેસાઈ
શ્રી વિજયગુપ્ત મૌર્ય · શ્રી પી. સી. વૈદ્ય · શ્રી ભોગીલાલ સાંડેસરા
શ્રી જશભાઈ કા. પટેલ · શ્રી અંબુભાઈ પટેલ · શ્રી જે. જી. ચૌહાણ
શ્રી દિલાવરસિંહ જાડેજા

## પરામર્શકો

પંડિત સુખલાલજી · શ્રી રસિકલાલ છો. પરીખ · શ્રી કાકાસાહેબ કાલેલકર
શ્રી રામપ્રસાદ બક્ષી · શ્રી અનંતરાય રાવળ · શ્રી ચંદ્રવદન મહેતા
શ્રી હંસાબહેન મહેતા · શ્રી બાપાલાલ વૈદ્ય · શ્રી ઉમાશંકર જોશી
પ્રો. ફીરોજ કા. દાવર · શ્રી હરિનારાયણ આચાર્ય · શ્રી સી. એન. વકીલ
ડૉ. શાંતિલાલ મહેતા · પ્રો. ડી. ટી. લાકડાવાળા · શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
પ્રો. એમ. એલ. દાંતવાળા · શ્રી બચુભાઈ રાવત

૨૦

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# વિશ્વ દર્શન : ૩

[ઇતિહાસ : મધ્યયુગ (યુરોપ, અરબ, ચીન)]

લેખક : નરહરિ કે. ભટ્ટ

સરદાર પટેલ યુનિવર્સિટી—વલ્લભવિદ્યાનગર

**ગ્રંથલેખન :** નરહરિ કે. ભટ્ટ : ગુજરાત યુનિવર્સિટી સંયોજિત 'જ્ઞાનકોશ'ના **સહસંપાદક**
**પ્રવેશક :** દેવવ્રત એન. પાઠક : ડાયરેક્ટર, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી
**પરિપ્રેક્ષ્ય :** ભોગીભાઈ ગાંધી : મુખ્ય સંપાદક, 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણી, સ. પ. યુનિવર્સિટી

**યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ**
**શ્રી હસમુખભાઈ દાહ્યાભાઈ રેશમવાળા(સુરત)ના શ્રેયાર્થે**

**અનુદાન :** શિક્ષા મંત્રાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

**પ્રકાશન :** જુલાઈ, ૧૯૭૭
**પહેલી આવૃત્તિ :** પ્રત ૩૦૦૦

**કિંમત :** રૂ. ૩૦-૦૦ (Rs. 30-00)

**પ્રકાશક :** કાંતિભાઈ અમીન, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (INDIA)
**મુદ્રક :** શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# નિવેદન

સ્વરાજ આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટેક્નૉલોજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી, સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમિયાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે ઔપચારિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેના તેની અનુરૂપ વૈચારિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટી એ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે, અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાન વિદ્યાશાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથશ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંચ્છુઓ આ ગ્રંથો રોચક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિત કલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ –જેવી કે,

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો, પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધન-વૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્માણનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જનપ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને આસ્વાદતો થાય, એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્યસ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. આ રહસ્ય અવગત કરવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ યુવકો ને નાગરિકોની કક્ષા—તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિ—ની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઇતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયો, ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે કસોટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોયે ગંગોત્રીનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી, પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો હેતુ છે.

અમારા પ્રયાસમાં સદ્‌ગત પૂજ્ય શ્રી મોટા તેમજ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્‌ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ. વાસ્તવમાં એની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું હતું. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમજ સભ્ય લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોનો તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્તસ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડ્યો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીનો આભાર માનું છું.

વલ્લભવિદ્યાનગર

ડૉ. આર. ડી. પટેલ
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રી શ્રેણીનો આ ૨૦મો ગ્રંથ છે—માનવવિદ્યાશાખાનો ૧૨મો. આ ગ્રંથ ઇતિહાસદર્શનનો છે. મુખ્ય સમયખંડ છે મધ્યયુગ. આ ગ્રંથમાં આરંભે યુરોપ (ખંડ : ૧–૨), બાદ અરબ (ખંડ : ૩–૪) અને અંતે ચીન (ખંડ : ૫) ઉપર આપણે દૃષ્ટિ ઠેરવી છે.

આવા આ ઇતિહાસ-દર્શન પાછળનો અભિગમ કેવો હોવો જોઈએ એ સવાલ વિચારવો જરૂરી લાગતાં 'પરિપ્રેક્ષ્ય' રૂપે સંપાદકીય મંતવ્ય આ ગ્રંથમાં આમેજ કર્યું છે. એમાં ઇતિહાસને મૂલવવાનો જે માનદંડ સૂચવાયો છે એની તુલનાએ આ પ્રયાસ ખૂબ સીમિત છે.

છતાં, મધ્યયુગી યુરોપીય અને અરબી સમાજોનું ચિત્ર સાંસ્કૃતિક ખંડ(ખંડ ૨ અને ૪)માં ઠીકઠીક પ્રમાણમાં અપાયું છે તે એ સમાજો કેવા હતા એને ઓળખવામાં ઉપયોગી થશે; અને ખંડ ૧ તથા [redacted]

આ ગ્રંથને ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ (ડીન) શ્રી દેવવ્રત પાઠકનો 'પ્રવેશક' મળ્યો છે તે માટે અમે એમના આભારી છીએ. એમણે ઇતિહાસકારો દ્વારા મધ્યયુગના ઇતિહાસ પ્રત્યે સેવાયેલી લગભગ સાર્વત્રિક ઉપેક્ષા અંગે જે ટકોર કરી છે, તે ગુજરાતી ઐતિહાસિક સાહિત્યના સંદર્ભમાં તો, વિદ્વાનોનું ધ્યાન સવિશેષ ખેંચશે એવી અપેક્ષા અમે સેવીએ છીએ.

આ ગ્રંથને અંતે પુરવણીરૂપે 'અરબ-ઈરાન સંસ્કૃતિ' પ્રો. દાવરના 'ચિરાગે ઈરાન' ગ્રંથમાંથી ઉદ્ધૃત કરેલ છે; અને પવિત્ર કુરાન (રચનામૃત) પૂ. વિનોબાજીના 'કુરાન' ગ્રંથમાંથી તારવીને છાપેલ છે. આ બેઉ ગ્રંથકારોના અમે ઋણી છીએ.

*

આ ૨૦મો ગ્રંથ પૂરો થતાં ૩૦ ગ્રંથોની લાંબી મજલમાં આપણે ઠીકઠીક પ્રગતિ સાધી ગણાય. આ કઠણ કાર્ય સરળ રીતે પાર પાડી શકાયું છે તે જેમ સંખ્યાબંધ લેખકો અને અનેક પરામર્શકોની મમતાને આભારી છે તેમ તે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ તથા સર્વોચ્ચ અધિકારીઓ અને આ કાર્ય સાથે સંકળાયેલા કર્મચારીઓના સાથસહકાર ઉપરાંત જ્ઞાનગંગોત્રી વ્યવસ્થાપક સમિતિના માનાર્હ સભ્યો(શ્રી એચ. એમ. પટેલ, શ્રી બાબુભાઈ જ. પટેલ, શ્રી યશવંતભાઈ શુક્લ)ના માર્ગદર્શન અને પ્રોત્સાહનને આભારી છે.

ઉપરાંત, આરંભનાં કેટલાંક વરસ સહાયક સંપાદક તરીકે મારા જૂના મિત્ર શ્રી બંસીધર ગાંધીએ અને ત્યાર બાદ મારા નવા યુવાન સાથી શ્રી પ્રકાશ શાહે મારો સંપાદકીય બોજો ઘણો બધો હળવો કરી મને ઉપકૃત કર્યો છે. એ બેઉની સહાયતા વિનાના આ પ્રથમ ગ્રંથના પ્રકાશન પ્રસંગે હું એમનો ઋણસ્વીકાર ન કરું તો નગુણો ગણાઉં.

તે જ રીતે, શ્રી બાલુભાઈ પારેખે આરંભથી પ્રૂફવાચનની જવાબદારી ઉપાડી લઈને અમને ઘણી રાહત આપી હતી. એથી યે વિશેષ તો, તેઓ અંગત રસ લઈને 'સંપાદકીય' કામગીરીમાં પણ એમની ખાસી ઝીણી નજર અને સૂઝનો લાભ આપતા રહ્યા હતા એ ભૂલી શકાય એવું નથી. ઉપરાંત, આરંભથી આજ સુધીના મોટા ભાગના ગ્રંથોની તૈયારી માટે જરૂરી અઢળક સંદર્ભગ્રંથો મેળવી આપવામાં તથા તેના ઉપયોગ અંગે પૂરી સગવડ કરી આપવામાં વડોદરા મ. સ. યુનિવર્સિટીના લાઇબ્રેરી વિભાગના શ્રી સુમનભાઈ અમીન જે મમતાભર્યો સહકાર આપતા રહ્યા છે તે માટે તેમનું અને અનેક ગ્રંથોની પ્રેસ યોગ્ય હસ્તપ્રત ભારે ચીવટપૂર્વક તૈયાર કરી આપવા માટે શ્રી દીપક ઠાકરનું સ્મરણ અચૂક કરવું રહ્યું. વળી, શ્રી જેઠાલાલ ગાંધી જેવા વહીવટ અને ગ્રંથપ્રકાશનના અનુભવી કર્મઠ મુરબ્બીઓની સહાય મળતી રહી તે બદલ તેમનો આભારી છું જ.

પૂરા ૨૦ ગ્રંથોની એકધારી ચીવટભરી છપામણીની લાંબી અને આકરી કામગીરી દરમિયાન અમારે કારણે વારંવાર ઊભી થતી અગવડો હસતે મોંએ સહી લઈને નવજીવન પ્રેસના સંચાલકોએ અમને એટલા બધા આભારવશ બનાવ્યા છે કે શબ્દો ઓછા પડે.

છેલ્લે છેલ્લે, તાજેતરમાં ગ્રંથ પ્રકાશનની અથઇતિ જવાબદારીના ભાગરૂપે તેનાં રૂપરંગ અને સાજ-સજ્જતા અંગે ભારે શ્રમ અને કાળજીપૂર્વકની જહેમત ઉઠાવીને ગ્રંથ-સામગ્રીની સુગ્રાહ્યતામાં ઉમેરો કરવાનો યશ શ્રી હર્ષદ દવેને છે એ કબૂલાત વિના આ સંપાદકીય નોંધ અધૂરી રહેત.

*

આ ૨૦ ગ્રંથોના અનુભવના જોરે એમ કહું કે હવે પછીના દસ ગ્રંથો પણ અનેક ખભાઓ અને હાથોના સહારે યથાવત્ પ્રકાશમાં આવતા રહેશે તો એ આસ્થા અસ્થાને નહીં ઠરે.

પરંતુ, ૨૦ ગ્રંથ સુધી પહોંચતાં જે ઉષ્માભર્યું 'ટીમવર્ક' કરવા મળ્યું છે એ પેટર્ન હવે બદલાય છે. વચગાળાની રાજકીય અનિશ્ચિતતાના ઓળા દૂર થયા છે એ સૌનું સદ્ભાગ્ય છે. પરંતુ, હવે પછી સંપાદકીય જવાબદારી ઉપરાંતનો ભાર ઉપાડવાની ક્ષમતા શારીરિક કારણેય મારે માટે રહી નથી એટલે પુરાણા દિવસો વાગોળતો આ 'સંપાદકીય' પૂરું કરું છું.

તા. ૮–૧–૧૯૭૭
વડોદરા.

ભોગીભાઈ ગાંધી
મુખ્ય સંપાદક

# પ્રવેશક

દેવવ્રત પાઠક

ઈતિહાસના પરિશીલનમાં અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ તેમજ ઈતિહાસવિદો જાણ્યે-અજાણ્યે પણ પ્રાચીન અને અર્વાચીન ઈતિહાસથી પ્રભાવિત રહ્યા છે. પ્રાચીન ઈતિહાસમાં માનવીની સિદ્ધિઓ આજની હરણફાળની સરખામણીમાં વામણી લાગે તોય શરૂઆત તરીકે ઓછી ઉજ્જ્વળ ન હતી; બલકે, એટલી મૂળભૂત હતી કે તેના દ્વારા જ ભવિષ્યની ઈમારતનો પાયો નંખાયો. વિચારો, આદર્શો, સામૂહિક જીવન અને તેની ફિલસૂફી, તે માટેનું સંસ્થાકીય માળખું, સામાજિક, આર્થિક અને રાજકીય જીવનની પાયાની વાતો ઈતિહાસના ઉષ:કાળમાં જે ગહનતા, વિસ્તાર અને ફલકમાં થઈ છે તેનો જોટો જડવો મુશ્કેલ છે. સૉક્રેટિસ, પ્લેટો, ઍરિસ્ટૉટલ, કૌટિલ્ય, કૉન્ફ્યુશિયસના વિચારો માનવસંસ્કૃતિની આધારશિલા બન્યા છે તે નિર્વિવાદ છે. માનવજીવનનો આ ઉત્થાનકાળ હતો. પ્રાચીન માનવીના ખભા ઉપર બેસીને જ આજનો માનવી આગળ ચાલ્યો છે.

જેમ પ્રાચીન તેમ અર્વાચીન ઈતિહાસ પ્રત્યેનું આકર્ષણ પણ એટલું જ પ્રબળ રહ્યું છે. પંદરમી-સોળમી સદીઓમાં આવેલી માનવ-જાગૃતિ, તેને પરિણામે વિસ્તૃત બનેલી ક્ષિતિજો, ભૌગોલિક અને વૈજ્ઞાનિક પ્રગતિ, ઔદ્યોગિક ક્રાંતિ, રાષ્ટ્ર-રાજ્યનું નિર્માણ, વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાનતાના સિદ્ધાંતોનું ઉચ્ચારણ, વ્યક્તિ અને સમાજ, વ્યક્તિ અને રાજ્ય વચ્ચેના સંબંધો અંગેના વિચાર અને વાદ – આ સર્વે આપણને આજની પરિચિત દુનિયામાં લાવી મૂકે છે.

અર્વાચીન નીકટતા, તેનો પ્રભાવ અને તે સાથે પ્રાચીન પ્રત્યેના અહોભાવમાં મધ્યયુગ તરફ ઉપેક્ષા બતાવાઈ છે—માનવીએ જાણે કે પ્રાચીન ઉપરથી અર્વાચીન ઉપર સીધો કૂદકો ન માર્યો હોય! મધ્યયુગ આમેય 'અંધારયુગ' તરીકે ઓળખાયો છે. ગ્રીસ અને રોમની પ્રાચીન સંસ્કૃતિની પડતી પછીના યુગમાં પશ્ચિમમાં જે અંધકાર છવાઈ ગયો તેનો ઓછાયો સમગ્ર મધ્યયુગ ઉપર લંબાયો છે. પરિણામે મધ્યયુગ વિશેની માહિતી અધૂરી અને મર્યાદિત રહેવા પામી છે.

મધ્યયુગ મધ્યાંતર હશે પણ પ્રાચીન અને અર્વાચીનને સાંધતી તે કડી પણ છે જેના સિવાય પ્રાચીન યુગની સિદ્ધિઓ અર્વાચીન યુગને સુલભ બનવી અશક્ય હતી.

આજની યુરોપીય સંસ્કૃતિનાં બીજ ગ્રીસ અને રોમની સંસ્કૃતિમાં રહેલાં છે. તેમાં પણ ગ્રીસનું સ્થાન પ્રથમ છે. ગ્રીસ રોમના હાથે જિતાયું પણ રોમ ઉપર ગ્રીસનું સાંસ્કૃતિક આધિપત્ય સ્થપાયું. રોમ જીત્યું તેની સાથે જ તે જિતાયું. રોમ દ્વારા ગ્રીસની સંસ્કૃતિનો વિસ્તાર વધ્યો, તેનો પાયો રોમના કાનૂન દ્વારા દૃઢ બન્યો અને વિશાળ ફલક ઉપર સમગ્ર યુરોપને સ્પર્શ્યો.

રોમના પતન પછી પણ લોકમાનસ ઉપર રોમનો પ્રભાવ ચાલુ રહ્યો. આ તબક્કે ખ્રિસ્તી ધર્મનો ઉદય થઈ ગયો હતો અને તે દ્વારા રોમની સંસ્કૃતિ જળવાઈ, વિકસી અને નવવિધાન પામી. રોમના સામ્રાજ્યના હવે બે ફાંટા પડયા – એક પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં. શાર્લમનના હાથે સ્થપાયેલું 'પવિત્ર રોમન સામ્રાજ્ય' ન હતું પવિત્ર, ન હતું રોમન કે ન હતું સામ્રાજ્ય તેમ છતાં રોમના નામ પાછળ રહેલો જાદુ લોકમાનસમાં કેટલું પ્રભાવક સ્થાન પામ્યો હતો તેનો તેમાં સાક્ષાત્કાર થાય છે.

રોમના પશ્ચિમ અને પૂર્વના સામ્રાજ્ય સાથે ઇતિહાસે કેવા આટાપાટા ખેલ્યા છે! પાંચમી સદીમાં રોમના પતન બાદ, સાંસ્કૃતિક દૃષ્ટિએ, પશ્ચિમની સરખામણીએ આગળ રહેલા પૂર્વના રોમન સામ્રાજ્યે રોમન સંસ્કૃતિનું સંગોપન કર્યું; ત્યારે યુરોપ પછાત, લીન અને જંગલી દશામાંથી સદીઓ પછી જ બહાર આવી શક્યું. રાજકારણ અને ધર્મકારણના (શહેનશાહ અને પોપ વચ્ચેના) વિરાંવાદે પણ યુરોપ માટે યાતનાઓ ઊભી કરી. પરંતુ આ વિગ્રહમાંથી તવાઈ તવાઈને છેવટે આજના યુરોપના રાષ્ટ્રદેશોનું નિર્માણ થયું. યુરોપનાં ખ્રિસ્તી રાજ્યો ઇસ્લામી રાજ્યો સાથેના સંઘર્ષો દ્વારા સંપર્કમાં આવ્યાં–'ધાર્મિક યુદ્ધો' (ક્રુઝેડ્સ)ના પરિપાક રૂપે જન્મ્યાં, અને રાજવીને સર્વસત્તાધીશ બનાવીને તેની આસપાસ વિકસ્યાં. રાજ-કારણ અને ધર્મકારણનાં સ્વાયત્ત ક્ષેત્રો પણ છેવટે આ પ્રક્રિયાના આધારે આકાર પામ્યાં.

અર્વાચીન યુગને પ્રાચીન સાથે સાંધવાનું દોહ્યલું અને દુષ્કર કાર્ય પૂર્વના રોમન સામ્રાજ્ય દ્વારા શક્ય બન્યું – વિધેયાત્મક રીતે નહીં તો આકસ્મિક સ્વરૂપે તો ખરું જ. ઈ. સ. ૧૪૫૩માં સેલજુક તુર્કોના હાથે કૉન્સ્ટૅન્ટિનોપલનું પતન થતાં, સુરક્ષિતતા જોખમાતાં, ત્યાં જળવાયેલી ગ્રીસ-રોમની સંસ્કૃતિનાં અવશેષો, સંસ્કારો અને ચિરંજીવ સાહિત્ય, પશ્ચિમનો આશ્રય લેવા દોડી ગયાં. પંદરમી સોળમી સદીની નવજાગૃતિ અને તેના આધારે થયેલી ધર્મસુધારણા આ ઐતિહાસિક યોગાનુયોગનાં ફરજંદ હતાં.

રોમના અવશેષોની સાચવણી કરતું પૂર્વનું સામ્રાજ્ય સંસ્કૃતિમાં યુરોપથી આગળ રહ્યું અને યુરોપની અવદશા પરિહારવા માટે ઇતિહાસનું વાહન બનીને રહ્યું એ પણ ઇતિહાસ અને વિધિની એક વિચિત્રતા નથી? પરંતુ, પછાત રહેલા પશ્ચિમને નવો વેગ મળ્યો અને તે પૂરી ઝડપે આગળ નીકળ્યું, જ્યારે પૂર્વનું સામ્રાજ્ય, અગ્રેસર બનવા છતાં, આગળ વધવામાં નાકામયાબ રહ્યું. સંસ્કૃતિનાં જે બીજ ગ્રીસ-રોમમાં પાંગર્યાં હતાં તે જ પાછાં યુરોપીય સંસ્કૃતિનાં પુનરુત્થાનમાં ઉપકારક બન્યાં. પ્રાચીન અને અર્વાચીનનું પુનર્મિલન, તેમની વચ્ચેની આંતરપ્રક્રિયા અને જોડાણ આમ શક્ય બન્યાં. મધ્યયુગનો આજની દુનિયા ઉપરનો મોટામાં મોટો ઉપકાર આ સમાગમમાં સમાયેલો છે.

આ સમાગમ શક્ય બનાવવામાં ઇસ્લામનો ઋણસ્વીકાર કરવો રહ્યો. અન્ય વિશ્વધર્મોની માફક ઇસ્લામનો ઉગમ પણ એશિયામાં જ થયો. મધ્ય પૂર્વ — એટલે કે પશ્ચિમ એશિયામાં તે ઉદ્‌ભવ્યો અને જોતજોતાંમાં સમગ્ર આરબ જગત, ઉત્તર આફ્રિકા, મધ્ય એશિયામાં બળવત્તર સ્વરૂપે તથા ચીન, ભારતમાં કંઈક મર્યાદિત રીતે, તેમજ યુરોપમાં સ્પેન સુધી પહોંચી ગયો. આરબોને સંસ્કારી બનાવવામાં ઇસ્લામનો ફાળો મૂળભૂત રહ્યો. ગ્રીસ-રોમમાં વિકાસ પામેલી વિદ્યાઓ — ફિલસૂફી, વિજ્ઞાન, આયુર્વેદ, ભૂમિતિ, ગણિત, ભૂગોળ, ખગોળ અને તે જ પ્રમાણે ભારત-ચીનમાં વિકાસ પામેલી શોધખોળો અને સિદ્ધિઓ ઇસ્લામે પોતીકી કરી, તેને વિકસાવી અને તેના વાહન બનીને પશ્ચિમ માટે સુલભ બનાવી. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો સંપર્ક જેમ 'ધર્મયુદ્ધો' દ્વારા શક્ય થયો તેમ ઇસ્લામના વિજયોના કારણે પણ સધાયો.

મધ્યયુગનું મોટામાં મોટું પ્રદાન તે કદાચ ખ્રિસ્તી તથા ઇસ્લામ ધર્મ તથા તેમનો ફેલાવો છે.-વ્યક્તિ, સમાજ, રાજ્યશાસન અને જ્ઞાનસાધના સર્વને ધર્મની પ્રેરણા મળી અને પરિણામે ધર્મનું આધિપત્ય રહ્યું. ગ્રીસ-રોમની સંસ્કૃતિ અને જ્ઞાનરાશિને પુનર્જીવિત કરી તેના ઉપાસકો બનવાની પહેલ મધ્યયુગના ધર્મવીરોએ કરી. સંસ્કારિતાની દીવાદાંડી જેવા આ સંતોએ જ્ઞાનની જ્યોતને ઝળહળતી રાખી. સંત પેટ્રિક, સંત ફ્રાન્સિસ તથા સંત ડોમિનિકનાં નામની સાથે ટૉમસ ઍક્વિનાસ, ઇરેસમસ અને એબેલાર્ડનાં નામ સુપ્રસિદ્ધ છે. મધ્યયુગનાં વિદ્યાકેન્દ્રોમાં સોર્બોન, ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, ઉપસલા, કોપનહેગન, બોલોના, હાઇડલબર્ગ, વિયેના, કોર્ડોવા, ટોલિડો તથા પૂર્વમાં કેરો અને બગદાદ સહેજે સ્મરણીય છે. લિયોનાર્દો દ વિન્ચી, માઈકેલ એન્જેલોની કલાકૃતિઓ તથા દાન્તેના સાહિત્ય સર્જન પાછળ પણ ઉત્કટ ધર્મભાવનાની પ્રેરણા મુખ્યત્વે હતી.

અભ્યાસની સુવિધા માટે આપણે ઇતિહાસને યુગોમાં વિભાજિત કરીએ ત્યારે તેનાં સાતત્ય અને એકમેકમાં ઓતપ્રોત થતાં વહેણો તરફ દુર્લક્ષ કરી શકીએ નહીં. મધ્યયુગ આથમ્યો તે પહેલાં અર્વાચીન યુગનાં એંધાણ સ્પષ્ટ રીતે વરતાવા લાગ્યાં હતાં. મધ્યયુગની વિકેન્દ્રિત, સામંતશાહી સમાજરચના મધ્યમ-વર્ગના ઉદય સાથે તૂટવા લાગી, વેપારવાણિજ્ય વિકસતાં નવાં નગરો ઊભાં થયાં, ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન મળ્યું અને રાષ્ટ્રીય ધોરણે રાજાશાહીનો ઉદય થયો. ધર્મસુધારણાના પરિપાકરૂપે વિજ્ઞાનનો વિકાસ થયો અને મધ્યયુગનો અસ્ત થયો.

મધ્યયુગ અર્વાચીનમાં પલટાયો તેમ છતાં તેના ઓળાઓ આજના ઇતિહાસ સુધી પથરાયેલા છે. એક જ ઉદાહરણ લઈએ : જર્મની અને ઇટાલી ૧૯મી સદીના ઉત્તરાર્ધ સુધી રાષ્ટ્રીય ઐક્ય સાધી શક્યા નહીં, જ્યારે ઇંગ્લંડ, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ વગેરે તે દિશામાં પ્રગતિ સાધી શક્યાં. પવિત્ર રોમન સામ્રાજ્ય, શહેનશાહ અને પોપ વચ્ચેના વિસંવાદો, ધર્મ અંગેના વિવાદ વગેરેના કારણે જર્મન પ્રદેશના રાજવીઓ હમેશાં દ્વિધામાં રહ્યા, તેમની વફાદારી વિભાજિત રહી અને રાષ્ટ્રીય ઐક્ય સાધવામાં તેઓ પાછળ પડી ગયા. જર્મની અને ઇટાલી બંને દેશોના રાષ્ટ્ર-નિર્માણમાં થયેલા વિલંબના પરિણામે ભવિષ્યના યુરોપના ઇતિહાસ ઉપર ચિરંજીવ અસર પડી. બે વિશ્વયુદ્ધો તથા હિટલર-મુસોલિનીનો ઉદય ઇતિહાસના આ વળાંકોને આભારી ન હોય?

મધ્યયુગનો ઇતિહાસ આલેખવો સરળ નથી. શ્રી નરહરિભાઈએ આ દુષ્કર કાર્યને સિદ્ધ કર્યું છે. માત્ર તવારીખ પ્રમાણે આગળ વધવાને બદલે તેમણે જુદા જુદા વિષયો પ્રમાણે ઇતિહાસની રજૂઆત કરી છે અને મધ્યયુગનું ચિત્ર વફાદારીપૂર્વક દોરી આપ્યું છે. રોમના પતન પછીનો અંધકારનો યુગ, તેમાંથી બેઠી થતી સંસ્કૃતિ, રોમનાં સામ્રાજ્યો, ધર્મનો પ્રભાવ, પોપ અને રાજવીઓ વચ્ચેના સંવાદ અને વિસંવાદ, ધર્મયુદ્ધો, ઇસ્લામનો ઉદય અને ફેલાવો, ગ્રીક-રોમન સંસ્કૃતિનો હ્રાસ અને તેનું પુનરુત્થાન, મધ્યયુગનું સામાજિક-આર્થિક જીવન તથા સામંતશાહીનો દોર અને વિલય અને આ સૌ તાણાવાણામાંથી ધીમે પણ ચોક્કસ સ્વરૂપે અર્વાચીન યુગ તરફનું પ્રયાણ આ ગ્રંથમાં નિરુપાયુ છે. મધ્યયુગના આ સમયની સાથોસાથ વિકસેલી ચીની સંસ્કૃતિનું આલેખન પણ તેમાં સમાવિષ્ટ છે.

ગઈકાલના અને આજના સમાજને સમજવાનો કીમિયો ઇતિહાસના પરિશીલનમાં રહેલો છે. પ્રાચીન અને અર્વાચીનને જોડી આપતો મધ્યયુગ તેવા અભ્યાસ માટે અનિવાર્ય છે. આમેય ગુજરાતી ભાષામાં આ ઇતિહાસને ન્યાય આપનારા ગ્રંથો ગણ્યાગાંઠ્યા છે. આપણા વિકસતા ઇતિહાસ-સાહિત્યમાં આ ગ્રંથ આ મોટી ઊણપ અને ખોટને સફળતાપૂર્વક દૂર કરે છે એ ખૂબ આનંદની વાત છે. જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીના મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીને તથા આ ગ્રંથના લેખક શ્રી નરહરિભાઈ ભટ્ટને આ વિષયનું પુસ્તક ગુજરાતી જનતાને સુપ્રાપ્ય બનાવવા માટે અભિનંદન ઘટે છે.

•

# અનુક્રમણિકા




દેવવ્રત પાઠક : પ્રવેશક vii

ભોગીભાઈ ગાંધી : પરિપ્રેક્ષ્ય xi

નરહરિ ભટ્ટ : ગ્રંથલેખન
(ખંડ ૧ થી ૫)

## ખંડ ૧ : યુરોપ (રાજકીય)

| | | |
|---|---|---|
| પ્રાસ્તાવિક | ૧ : | ૧ |
| પૂર્વી અને પશ્ચિમી રોમન સામ્રાજ્યની એકતા | ૨ : | ૭ |
| મહાન શાર્લમન | ૩ : | ૧૫ |
| પવિત્ર રોમન સામ્રાજ્ય | ૪ : | ૧૯ |
| પોપ અને સમ્રાટો | ૫ : | ૨૫ |
| ક્રુઝેડ્સ (ધર્મયુદ્ધો) | ૬ : | ૨૯ |
| રાષ્ટ્રીય રાજાશાહીનો ઉદય | ૭ : | ૩૩ |
| યુરોપનાં અન્ય રાજ્યો | ૮ : | ૩૯ |
| બાઈઝેન્ટાઈન | ૯ : | ૪૩ |

## ખંડ ૨ : યુરોપ (સાંસ્કૃતિક)

| | | |
|---|---|---|
| ધર્મ, ધર્મશાસન અને ધર્મતંત્ર | ૧ : | ૪૯ |
| સમાજવ્યવસ્થા | ૨ : | ૬૭ |
| સંસ્કૃતિ | ૩ : | ૮૧ |

## ખંડ ૩ : અરબ (રાજકીય)

| | | |
|---|---|---|
| પ્રવેશક | ૧ : | ૯૭ |
| અરબ સામ્રાજ્ય | ૨ : | ૧૦૫ |
| ઉમૈયા ખલીફો (૬૬૧–૭૫૦) | ૩ : | ૧૧૧ |
| અબ્બાસ વંશના ખલીફો (૭૫૦–૧૦૫૮) | ૪ : | ૧૧૩ |
| મોંગોલ આક્રમણો | ૫ : | ૧૧૯ |
| સ્પેન પર આરબ હકૂમત | ૬ : | ૧૨૩ |
| પશ્ચિમમાં મુસ્લિમ રાજ્યો | ૭ : | ૧૨૭ |
| ઓટોમન તુર્કો | ૮ : | ૧૨૯ |

## ખંડ ૪ : અરબ ઇતિહાસ (સાંસ્કૃતિક)

| | | |
|---|---|---|
| ધર્મ–ધર્મગ્રંથ–દર્શન | ૧ : | ૧૩૧ |
| રાજ્યવહીવટ | ૨ : | ૧૪૭ |
| અર્થકારણ | ૩ : | ૧૫૧ |
| વિદ્યાનો વિસ્તાર | ૪ : | ૧૫૩ |

## ખંડ ૫ : ચીન (રાજકીય–સાંસ્કૃતિક)

| | | |
|---|---|---|
| ભૂમિકા અને પૂર્વરંગ | ૧ : | ૧૬૧ |
| હાન વંશ (ઈ. પૂ. ૨૦૨–ઈ. સ. ૨૨૧) | ૨ : | ૧૬૩ |
| છ રાજ્યોનો સમય (ઈ. સ. ૨૨૧–૫૮૯) | ૩ : | ૧૬૯ |
| ટાંગ વંશ (ઈ. સ. ૬૧૮–૯૦૬) | ૪ : | ૧૭૩ |
| સુંગ વંશ (ઈ. સ. ૯૬૦–૧૨૭૯) | ૫ : | ૧૭૯ |
| શુદ્ધિપત્રક | : | ૧૯૬ |
| નકશાની યાદી | : | ૧૯૭ |
| સૂચિ | : | ૧૯૯ |

**પુરવણી :** સંકલન, ભોગીભાઈ ગાંધી

૧. અરબ-ઈરાન સંસ્કૃતિ ૧૮૯
(પ્રો. ફિરોઝ દાવર કૃત : 'ઈરાનનો ચિરાગ'માંથી)

૨. પવિત્ર કુરાન (વચનામૃત) ૧૯૦
(વિનોબા ભાવે સંકલિત : 'કુરાનસાર' ગુજરાતી આવૃત્તિમાંથી)


**પૃષ્ઠ-સંખ્યા : xx + ૨૦૪ + ૧૮ (પ્લેટો) = ૨૪૨**

# પરિપ્રેક્ષ્ય | ભોગીભાઈ ગાંધી

ઇતિહાસના અધ્યયનમાં આપણો અભિગમ કેવો હોવો જોઈએ?

ઇતિહાસ એ કંઈ રાજાઓની વંશાવળીઓનો વહીવંચો નથી કે નથી એમની પ્રવૃત્તિઓની નોંધ; ઇતિહાસ તો પ્રજાજીવનનું પ્રતિબિંબ પાડનારી આરસી હોવી જોઈએ. આવો અભિપ્રાય નવા અભિગમ તરીકે વારંવાર રટાતો રહ્યો છે. પાઠ્યપુસ્તકો એનાં ધોરણે લખાતાં જોવા મળે છે. આ પ્રયાસ આવકારદાયી છે. પરંતુ આ 'આરસી' એટલે શું? મોટે ભાગે પાઠ્યપુસ્તકોનો આધાર રાખીએ તો જવાબ આવો મળશે :

'ઇતિ-હ-આસ' એટલે કે 'આવું હતું' — જે હતું એની છબી. આમાં કાં તો રાજાઓ કાં તો પ્રજાઓ, અથવા તો બંનેનું હતું તેવું ચિત્રણ આલેખવાનો મુખ્ય હેતુ અપેક્ષિત હોય છે. અલબત્ત, યુગેયુગે માનવજાતના પૂર્વજો કેવા હતા એ જોવાનો-જાણવાનો આનંદ એક વિશિષ્ટ ઉપલબ્ધિ છે. અને જો તેનો આલેખક અચ્છો કલમબાજ હોય તો એ અત્યંત સુંદર છબીઓ ઉપસાવીને જે હતું એને જીવતું કરી આપવા સમર્થ બને છે.

પરંતુ ઇતિહાસનું આ પ્રકારનું દર્શન અધૂરું ગણાય. કોઈ પણ યુગની પ્રજા માટે તેના પૂર્વજો કેવા હતા એટલું જોવું-જાણવું પર્યાપ્ત નથી.

બને કે, આગલા યુગોના સમાજો કેવા હતા તે જોયા પછી, વર્તમાન સમાજ કેવો છે એ સરખાવીને, ભાવિ સમાજ કેવો હોવો જોઈએ એના આછા ખ્યાલો આપણે કરતા થઈએ અને એના જોરે 'યુટોપીઆ'-(આદર્શ મનોરાજ્ય)નું ચિત્ર ઊભું કરી શકીએ.

આ પણ ઘણી ઉમદા પ્રવૃત્તિ છે. પરંતુ ઇતિહાસનું મહત્ત્વ જો આપણે વર્તમાન સામે ભૂતકાળનું એક ચિત્ર ખડું કરી દેવા પૂરતું સ્વીકારતા ન હોઈએ, એના અધ્યયન પાછળનો હેતુ વર્તમાન માટે બોધપાઠ રૂપે બનવાની અપેક્ષા રાખતા હોઈએ તો આપણું વલણ ભાવિ મનોરાજ્યના નિર્માણમાં ઇતિહાસ ઉપકારક બને એવું હોવું જોઈએ — એટલે કે અગાઉના સમાજો કેવા હતા તેમાંથી કેવા બન્યા એ સમજવું રહે; એટલું જ નહીં, પણ કેવી રીતે બદલાયા એ પણ જાણવું રહે, જેથી ભૂતકાળની ભૂલો આપણે ટાળી શકીએ અને નવી પદ્ધતિઓ, નવી પ્રક્રિયાઓ ઢૂંઢતા થઈએ.

ઇતિહાસને આ રીતે ખપમાં લેવો હોય તો આપણે નીચેના મુદ્દાઓ તપાસવા રહે :

૧. પ્રસ્તુત સમય ખંડનો સમાજ કેવો હતો? (પરિણામ : ચિત્રદર્શન)
૨. પ્રસ્તુત સમાજ જેવો હતો તેવો શાથી હતો? (કારણ : પૃથક્કરણ)
૩. પ્રસ્તુત સમાજ જેવો હતો તેમાંથી પલટાઈને કેવો બન્યો? (પરિણામ : નવું ચિત્રદર્શન)
૪. પ્રસ્તુત સમાજ જે પલટાયો તે શાથી? (કારણ : પૃથક્કરણ)
૫. પ્રસ્તુત સમાજ પલટાયો તે કેવી રીતે? (પ્રક્રિયા)
૬. પ્રસ્તુત સમાજ પલટાઈને જે સ્વરૂપે પરિણમ્યો એનું લોકશાહી કલ્યાણની કસોટીએ મૂલ્યાંકન (તારતમ્ય)
૭. આ સમગ્ર વિકાસનું માનવીય અને નૈતિક મૂલ્યાંકન.

ઇતિહાસના અધ્યયન માટે રજૂ કરેલ આ દૃષ્ટિબિંદુ — અભિગમ એક વાર સ્વીકાર્ય બને તોપણ તેનાં અવલોકન, પૃથક્કરણ અને તારતમ્ય સુધી પહોંચવું ઘણું જ દુઃસાધ્ય છે.

એક તો ઇતિહાસ એટલે ભૂતકાળની ઘટના — પછી તે તાજેતરના કે બહુ આદિ યુગના સમય ખંડની હોય, પરંતુ બની ગયેલી ઘટના અંગે ચોક્કસ જાણવું એ જ ઘણું દુર્લભ હોય છે. છેક તાજેતરની ભૂતકાલીન ઘટના વિશેના હેવાલો પણ સૌના એક નથી હોતા! એટલે કે એક બાજુ વિજ્ઞાની જેવી ચિકિત્સક વૃત્તિ હોવી જોઈએ કે જેથી મહદંશે વધુમાં વધુ વાસ્તવિક ખ્યાલ આવે. બીજી બાજુ એમાં ડિટેક્ટિવ કે ક્રાઇમ નવલકથાની જેમ, નાનીશી કડી ઉપરથી અનુમાનો કરતા કરતા ઘટનાનાં મૂળ સુધી પહોંચવાની માનસિક -બૌદ્ધિક સાહસિકતા પણ આવશ્યક. વિજ્ઞાની પાસે નક્કર પદાર્થ છે. ડિટેક્ટિવ પાસે બનેલી ઘટના છે. બંનેની જેમ ઇતિહાસકાર સામે પણ બની ચૂકેલો નક્કર સમાજ છે—એટલે કે પરિણામરૂપ નક્કર ચિત્ર છે. એ ચિત્રની પાછળની કાર્યકારણ સંગતિ તેણે શોધવાની છે. એ કાર્યકારણની કડીઓ બેસાડવાની પ્રક્રિયામાં જ એણે ભૂતકાલીન સમાજનાં પરિવર્તનની પ્રક્રિયા અંગે અનેક અનુમાનો બાંધતા જઈ અને જે નીવડે તે ખરું એવી તટસ્થતા અને વિવેકબુદ્ધિથી અવલોકન, પૃથક્કરણ, અનુશીલન અને અને મૂલ્યાંકન કરવું રહે છે.

પરંતુ આ છેલ્લી વાત વિજ્ઞાની કે ડિટેક્ટિવ કરતાં જુદી પડવાની. માનવીય મૂલ્યાંકન માટે અધ્યયનનું મધ્યબિંદુ પરિવર્તનની પ્રક્રિયા છે. જેમાં અનેક પરિબળો(Factors)એ અને બળો(Forces)એ ભાગ ભજવ્યો હોય છે. ઇતિહાસની દરેક બાહ્ય ઘટના અનેક બાહ્ય સંજોગોનાં માળખામાં બની હોય છે. પરંતુ, એ દરેક નોંધપાત્ર ઘટના પાછળ અસંખ્ય વ્યક્તિઓ કે સમૂહોની ઇચ્છાઓ, અભિલાષાઓ, ચિંતવનો તથા સીધા કે આડકતરા જાગ્રત-અજાગ્રત પ્રયાસોના સરવાળા, બાદબાકી, ભાગાકાર, ગુણાકાર કામ કરી રહ્યાં હોય છે. આથી કરીને દરેક ઘટનાને તેના સતત પરિવર્તિત પરિવેશમાં મૂલવવાની સજાગતા અને સ્થિતપ્રજ્ઞતા બહુ વિરલ હોવાની. ક્યારે કયા વસ્તુગત (ઑબ્જેક્ટિવ) અને ક્યારે કયા આત્મગત-(સબ્જેક્ટિવ) પરિબળ(ફૅક્ટર)નો નિર્ણાયક ફાળો છે એનું પૂર્વગ્રહયુક્ત પૃથક્કરણ કરનારા — એક યા બીજા પરિબળમાં જ અંતિમ નિર્ણાયકતાનું આરોપણ કરનારા—ભલભલા ચિંતકો(હેગેલ, માર્ક્સ કે ફ્રૉઇડ)ની ભવિષ્યવાકયતા ઇતિહાસે ઘણી વાર ખોટી પાડી છે.

જેમ રસાયણિક વિદ્યાની ચરિતાર્થતા સાચો કૅટલિટિક (ઉત્પ્રેરક) પદાર્થ (એજંટ) શોધી કાઢવામાં છે એમ આમાં પણ પરિવર્તનનાં નિર્ણાયક તત્ત્વની શોધ જેટલે અંશે સાચી એટલે અંશે એ પરિવર્તનનું મૂલ્યાંકન સાચું ઠરે અને એટલે અંશે ભવિષ્યવાકયતાની હદેય વધુ આધારભૂત ઠરે. પરંતુ નિર્જીવ પદાર્થોની બાબતમાં તો એક વાર કૅટલિટિક પદાર્થની શોધ થયા પછી નિશ્ચિત પ્રયોગો પૂરતી નિશ્ચિતતા રહે છે, ત્યારે સજીવ, સચેતન સૃષ્ટિ પરત્વેના વ્યવહારમાં એક વા અનેક વાર સિદ્ધ થયેલો કીમિયો પણ ફરી ક્યારે કેમ કરીને ઉપયુક્ત ઠરશે એ અધ્યાહાર રહે છે.

ઘણીવાર એવું પણ જોવા મળે છે કે પાછળથી સમાજજીવન માટે શાપરૂપ અને નષ્ટ થવા યોગ્ય ગણાયેલાં કેટલાંક પરિબળો સમાજની પ્રગતિનાં નિમિત્ત બનતાં રહ્યાં છે. દા. ત., ગુલામીની અમાનુષી સંસ્થા સંસ્કૃતિના ઉદય માટેનું અવશ્યંભાવિ નિમિત્ત બની ગઈ અને ઘોર શોષણની સંસ્થા — મૂડીવાદ ઔદ્યોગિક ક્રાંતિનું નિમિત્ત બના રહી.

આમ, ઇતિહાસને ઉકેલવાનું કામ ધૂળ ધોવાના ધંધા જેવું લાગે તો નવાઈ નથી. હર ક્ષણે અણધારી સમસ્યાઓ, અણકલ્પ્યા પડકારો ઝીલવાનું કામ થકવનારું લાગે તો નવાઈ નથી. છતાં, કશા જ પૂર્વગ્રહ વિના જે તે યુગમાં પરિવર્તનની પ્રક્રિયામાં કામ કરી રહેલાં અંતિમ નિર્ણાયક તત્ત્વ કે તત્ત્વોને શોધવાનો અને પારખવાનો પ્રયાસ રહસ્યપૂર્ણ પ્રવાસના સાહસ કરતાં ઓછો રોમાંચક નથી.

## : ૨ :

આપણો આ ગ્રંથ વિશ્વના મધ્યયુગી ઇતિહાસનો હોઈને ઘણો વધારે મૂંઝવનારો રહ્યો છે. મધ્યયુગ 'અંધારયુગ' ગણાયો છે. અને અંધારયુગનો સૂચિત અર્થ જ એ છે કે અગાઉ ઉજ્જવળ યુગ હતો તેમાંથી તેનું પતન થયું છે. બીજું એ પણ, કે એ પછીનો યુગ પણ ઉજ્જ્વળ હોવો જોઈએ, એટલે કે અગાઉના ઉજાસમાંથી સમાજ અંધકારમાં પડયો અને વળી પાછો ઉજાસમાં ગતિ કરી ગયો!

ઇતિહાસમાં કશું નવું બનતું નથી–'History Repeats Itself'–નું સૂત્ર બહુ પ્રચલિત છે. પરંતુ એ સૂત્ર ખોટું નહીં તોય ભ્રામક છે. સત્ય તો એ છે કે ઇતિહાસમાં હરહંમેશ નવું બનતું રહે છે. અને જ્યારે 'પુનરાવર્તન' દેખાય છે ત્યારેય એ બાહ્ય ઘટના પૂરતું પ્રતિબિંબ હોય છે. એનું આંતરિક રૂપાંતર દરેક તબક્કે આંખે ચઢતું હોતું નથી; બલકે, ઇતિહાસના અમુક તબક્કે આ રૂપાંતર ગુણાત્મક પરિવર્તન (ક્વૉલિટેટિવ ચેઈન્જ) પામે છે ત્યારે જ આંખે ચડે છે. એ દરમિયાન એ પ્રક્રિયાનું સતત નિરીક્ષણ કરતા રહેવું પડે છે. ધૂંધળા આધારો–ટેકાઓ–સૂચનો–સંકેતો પાછળનું પગેરું ઢૂંઢવું પડે છે–આગળની કેડી સુધી પહોંચવું રહે છે.

મધ્યયુગી સમાજની પાછલી કડી પ્રાચીન યુગ છે અને આગળની કડી અર્વાચીન યુગ છે. યુરોપીય ઇતિહાસ (ખંડ-૧) પર દૃષ્ટિપાત કરતાં જણાશે કે રોમન સામ્રાજ્યના પતન પછી મધ્યયુગ શરૂ થયો હતો અને પંદરમી સોળમી સુધીમાં તે પૂરો થવા આવ્યો હતો. આમ, આ હજારેકથી વધુ વરસનો ઇતિહાસ છે.

પ્રસ્તુત પ્રાચીન યુગમાં રોમન સામ્રાજ્યનો કાયદો આખા સામ્રાજ્યને એક ધાગે પરોવનારી સત્તા હતી, તેને બદલે મધ્યયુગમાં નાનાં નાનાં રાજ્યોના સ્થાનિક કાનૂનોની પ્રાદેશિક મનસ્વીતા આવી હતી. અગાઉના રોમન સામ્રાજ્યનું સુગ્રથિત આર્થિકતંત્ર હવે વેરવિખેર થઈ ગયું હતું. વેપાર-અર્થતંત્ર અને સંપત્તિનાં કેન્દ્ર તરીકે હવે નગરો રહ્યાં ન હતાં. હવે જીવનનાં કેન્દ્રમાં જમીનદારી કુટુંબ હતું. રાજ્ય-સત્તાના એક પ્રભાવક કેંદ્રને સ્થાને સ્થાનિક સામંતોનાં શાસનો હતાં.

આશ્ચર્યની વાત તો એ છે કે ચર્ચ (ધર્મતંત્ર) ત્યારના વેરવિખેર સમાજને જોડનારું પરિબળ બન્યું હતું. રોમન સામ્રાજ્ય એક આગવું–ઉપરથી નીચે સુધીની ક્રમિક શ્રેણીબદ્ધતા(હાયરાર્કી)વાળું તોતિંગ વહીવટીતંત્ર મટી જતાં ખ્રિસ્તી રોમન ચર્ચે એવી શ્રેણીબદ્ધતાવાળું — ચર્ચ-પાદરીઓ-મઠો સહિતનું — તોતિંગ વહીવટીતંત્ર ઊભું કરીને સમાજને ટકાવી રાખવાનું ઐતિહાસિક કાર્ય કર્યું હતું.

મહાન રોમન સમ્રાટ તરીકે શાર્લમનનો રાજ્યાભિષેક પોપે કર્યો ત્યારે પોપે એને બહુમાન આપીને પોતાનું જ બહુમાન કર્યા જેવું જૂની આંખે જોતાં લાગે. પરંતુ વાસ્તવતા જુદી હતી. અગાઉ રોમન સામ્રાજ્યના ટેકે પોપ ઊભો હતો અને ગાજતો હતો. હવે, પોપના પ્રભાવમાં શાર્લમનનો મુગટ ચમકતો હતો. વાસ્તવમાં, ખ્રિસ્તી ચર્ચ મહાન રાજવીનું ટેકેદાર હતું અને એની ન્યાય સંગતતાનો એ જ આધાર હતો. આમ, શાર્લમનમાં મહાન રોમન રાજવીની યાદ અપાવે એવું ઘણું હોવા છતાં આ પાયાનો ભેદ હતો જે ચાવીરૂપ હતો.

સામાજિક જીવનમાં આદિ યુગના ગુલામો(સ્લેવ)ની પરંપરા લગભગ અદૃશ્ય થઈ. પરંતુ 'સ્લેવ'નું 'સર્ફ'માં રૂપાંતર થયું. સ્લેવ વધુ કમભાગી કે સર્ફ?–ચર્ચાનો વિષય બન્યો.

આશ્ચર્ય લાગે એવી બાબત એ પણ છે કે અવ્યવસ્થા અને અંધાધૂંધીમાં લાભ ખાટનારી જે ટોળીઓ વેપારવણજના વિકાસમાં બાધા નાખતી હતી તેમાંની જ કેટલીક વેપારમાં પડી, જંગલી અવસ્થા છોડી સમાજમાં એકરૂપ બની; રાજ્યની ધૂરા ધારણ કરી શાંતિ અને વ્યવસ્થા પણ તેમણે ઊભી કરી. જે તે

પ્રદેશના વેપારવણજમાં વૃદ્ધિ થવા પામી. બીજી રીતે કહીએ તો, ફ્યૂડલ સમાજમાં દલિતો, પીડિતો, ગુલામો, ગુનેગારો, લફંગાઓ, નાસ્તિકો, સ્થાનભ્રષ્ટો અને નિર્વાસિતો, જેઓ સમાજ બહાર ફેંકાઈ ગયા હતા ને વણજારો લૂંટના થયા હતા; લૂંટનો માલ વેચતા થયા હતા ને જતે દા'ડે માલ વેચવાના ધંધે ચઢી વેપારી વર્ગમાં ભળી ગયા. શાંતિ, સલામતી, સ્થિરતા અને પ્રતિષ્ઠા બધું પામ્યા.

આથવા, મુસ્લિમોએ જેરૂસલેમમાંના ખ્રિસ્તીઓ અને તેમનાં દેવળો ઉપર અત્યાચાર કર્યા. તે નિમિત્તે ખ્રિસ્તીઓએ બે દાયકા સુધી ધર્મયુદ્ધો (ક્રુઝેડ્સ) ચલાવ્યાં. એમાં મુસ્લિમો હાર્યા નહીં, પણ એમાંથી વેપારના નવા રાહ ખૂલ્યા. એકંદરે મધ્યયુગી સમાજનું માળખું કોઈ પણ વ્યાપક અને સુવ્યવસ્થિત સામાજિક-આર્થિક પાયા પર સ્થિર થયેલું ન હોઈને, તમામ તબક્કે વિવિધ વર્ગો પરસ્પરની ગરજ અનુસાર વર્તતા હતા. જ્યારે કોઈ એકની છત્રછાયા ખસવા માંડતી ત્યારે જે કોઈ બીજા પરિબળનો આશરો મળતો તેમ તેમ વર્તન બદલાતું રહેતું. સ્થાયી માળખું નહીં, સ્થાયી વફાદારી નહીં.

આ પલટાતા વર્ગ-હિત-સંઘર્ષ પર નજર નાખીએ. આ મધ્યયુગી સમાજમાં મુખ્ય ત્રણ જૂથ હતાં : (૧) રાજા, સામંત, જાગીરદાર; (૨) દેવળ-પોપ-ધર્માચાર્ય; (૩) સ્વતંત્ર ખેડૂત. પરંતુ એમાં નવા બે વર્ગો ખાસ ઉમેરાયા હતા : (૪) ખેતગુલામ (સર્ફ); (૫) નવો વેપારી વર્ગ—નવો મધ્યમ વર્ગ—નવો મૂડીવાદી વર્ગ (બર્ગ : બુર્ઝ્વાઝી)

આ પાંચે વર્ગો પોતપોતાની આંતરિક હરીફાઈ અને ઘર્ષણમાં તો હતા જ. ઉપરાંત, એક યા બીજા સાથે, બદલાતાં જોડાણોમાં, સતત ઘર્ષણમાં રહીને જ પોતાનો વિકાસ સાધવા શક્તિમાન બનતા હતા. દા.ત.,

—નાના રાજાઓ રાજ્યની રક્ષા અને વ્યવસ્થા માટે અશક્ત; ઉમરાવ-જાગીદારો પર આધારિત;
—રાજાઓ અને ઉમરાવ-સામંતો વચ્ચેનાય સંઘર્ષો, છતાં પરસ્પર ગરજ માટે આધાર;
—રાજાઓ અને પોપ વચ્ચે કટ્ટર સંઘર્ષો, છતાં પરસ્પર આધાર;
—પોપ અને ખ્રિસ્તી ધર્માનુયાયીઓમાં આંતરિક સંઘર્ષો, છતાં રાજાઓ સાથેના સંઘર્ષમાં બધા એકત્ર;
—રાજાઓનો નવા મધ્યમ વર્ગી વેપારીઓ સાથે સંઘર્ષ, છતાં રાજાઓના ટેકે ઉમરાવો જાગીરદારો સામે વેપારીઓનો મોરચો;
—રાજાઓનેય યુદ્ધ સમયે અઢળક નાણાં માટે વેપારી વર્ગની ગરજ; પરંતુ તેમની સ્વતંત્રતાની માંગ સામે ઝઘડો;
—ધર્માચાર્યો-પાદરીઓનો વેપારીઓના નિર્બંધ વેપારવણજ સામેનો વિરોધ; બીજી બાજુ, વેપારના નફામાંથી ધર્માદામાં ભરણાં.

એકંદરે શું બન્યું ?

—નવા માધ્યમ વર્ગોએ નગરોનાં નવાં પરાં વસાવ્યાં; ત્યાં વેપારી-કારીગરોનું બળ જામ્યું. આ નવા વર્ગે ફ્યૂડલ સામંતોની સામે થઈ નગરો-પરાંઓમાં પોતાની કાઉન્સિલો સ્થાપી, કાનૂનો ઘડી સ્વતંત્રતા સ્થાપી.
—નવો વર્ગ, નવાં નગરો, નવાં નગર-શાસનો, નવાં વેપારકેન્દ્રો તથા નવા માર્ગોનો વિકાસ થતાં જૂનાં નિયંત્રણો તૂટયાં; ફ્યૂડલ વ્યવસ્થા તૂટી; મૂડીવાદી વ્યવસ્થા જામતી થઈ.
—રાજા તરફથી રાષ્ટ્રીય વેપારી-મૂડીવાદને ટેકો મળ્યો; અને નવા મૂડીવાદે રાજ્યને શરતી ટેકો આપ્યો. (No Taxation Without Representation) બંનેએ એક થઈ ધર્મ-ચર્ચની એકાકી સત્તા તોડી; આચારવિચારમાં મહાન પરિવર્તન આવ્યું. ફ્યૂડલ રાજ્યની રાખમાંથી રાષ્ટ્રીય રાજ્ય ઊભું થયું.

રાષ્ટ્રીયતાના વિકાસની કહાણી ઇંગ્લંડ, ફ્રાન્સ અને જર્મનીનાં દૃષ્ટાંતોમાં રજૂ થઈ છે. તે જોતાં એ પણ સમજાય છે કે જે ઇંગ્લંડમાં બન્યું એનાથી જુદું ફ્રાન્સમાં શાથી બન્યું, કેવી રીતે બન્યું; અને જર્મનીમાં એ બેઉથી ભિન્ન શા કારણે અને કેવી રીતે બન્યું.

૧૪–૧૫મી સદી દરમિયાન, મધ્યયુગનો અંધકાર ધીમે ધીમે દૂર થવા લાગ્યો. મધ્યયુગનાં પ્રમુખ બળો : આપખુદ રાજ્યસત્તા, આપખુદ ધર્મતંત્ર, ગ્રામનિર્ભર અર્થવ્યવસ્થા, સામંતશાહી, નિરક્ષરતા, અજ્ઞાન અને વહેમ—આ સૌ ધીમે ધીમે અદૃશ્ય થવા લાગ્યાં. અને—

—પોપની સત્તા ઢીલી પડતાં ધર્મસુધારણાના બળવાઓ જાગ્યા;

—ઉમરાવો અને સામંતોનાં વર્ચસ્‌માંથી મુક્ત થતાં ખેતમજૂરો શહેરોમાં વિકસતા વેપાર-ઉદ્યોગ સાથે સંકળાવા લાગ્યા. તેમનાં મહાજનો રચાયાં, પોતપોતાનાં નગરો અને વર્ગો માટે સ્વતંત્રતા મેળવતા થયા;

—ગ્રામનિર્ભર અર્થતંત્રમાં ક્રાંતિ આવી અને શહેરના મૂડીવાદને આગળ આવવાનો માર્ગ મોકળો બન્યો;

—ભૂમધ્ય અને ઉત્તર સાગર પરથી વેપારી કેન્દ્રો ફેરવાયાં અને ઍટલાન્ટિકના વિશાળ રાજમાર્ગોએ સાહસ અને સમૃદ્ધિનાં દ્વાર ખોલ્યાં;

—મધ્યયુગમાં જ્ઞાન-સંસ્કારનું સંવર્ધન કરનારા પાદરીઓ અને મઠોએ ગ્રીસ-રોમની પ્રાચીન વિદ્યા પર જે પિછોડો પાથર્યો હતો તે દૂર થયો અને જ્ઞાન વ્યાપક બન્યું. તેણે મધ્યયુગનાં ઘણાં જાળાં સાફ કર્યાં. જીવન અને ધર્મતત્ત્વની પંડિતાઈભરી રુંધામણ પછી નવો ઉદારમનવાદ ઊભો થયો, જેણે જ્ઞાન અને સંસ્કારની ક્ષિતિજોને વિશાળ બનાવી અને આ સૌનાં પરિણામે મધ્યયુગે વિદાય લીધી.

ઉપરની આખી કહાણી આ ગ્રંથના ખંડ ૧–૨માં ઊપસી આવે છે.

**: ૩ :**

ખંડ–૩માં મધ્યયુગી એશિયાનું ખંડદર્શન થાય છે.

મધ્યયુગી એશિયાની કોઈ સૌથી મોટી અને પ્રભાવક ઘટના હોય તો તે ઇસ્લામનો જન્મ અને અરબી સંસ્કૃતિનું વિશ્વને પ્રદાન છે. આ ઇસ્લામી શાસનનાં વિસ્તાર, વેગ અને વ્યાપ દુનિયાની એક ભવ્ય વિજય ગાથા જેવાં છે. મહમ્મદ પયગંબરના હાથે, ‘જે ધર્મ-નાયક તે જ રાજ્ય-નાયક’ એવા આદર્શને વરેલી ‘ધાર્મિક રાજ્યસત્તા’નો પ્રયોગ શરૂ થયો. પોતે જ ઇસ્લામી ધર્મસત્તા અને રાજ્યસત્તાના નાયક બનીને દૃષ્ટાંત પૂરું પાડ્યું (ઈ. સ. ૬૨૩–૬૩૨).

પયગંબરનું અવસાન થતાં તેમના ચારે વારસદાર(ખલીફાઓ)નું અંગતજીવન અત્યંત સાદું, મહેનતુ, નિરાડંબરી અને વ્યક્તિગત ઉદારતાભર્યું તથા ધર્મચુસ્ત રહ્યું. બીજી બાજુ, તેમનાં શાસનના માત્ર ત્રણ દાયકામાં તો ઇસ્લામનો વિજયી ઝંડો સીરિયા, ઈરાન, ઇજિપ્ત ઉપર ફરકી ચૂક્યો હતો; ઉત્તર આફ્રિકાના કેટલાક પ્રદેશ પર કબજો મેળવ્યો હતો; ઉપરાંત, ભારતના સિંધુપ્રદેશ પર એના ઓળા ઊતરી ચૂક્યા હતા.

આવી લશ્કરવૃદ્ધિ અને વિસ્તારવૃદ્ધિની સાથોસાથ વારસાનો વિખવાદ કઠોર બની ચૂક્યો હતો. ત્રીજા ખલીફા ઉસમાનની હત્યા ૧લા ખલીફા અબુબકરના દીકરાએ જ કરી; અને ઇસ્લામમાં જ સુન્ની-શિયા પંથનો સંઘર્ષ જાગતાં વારસાના સંદર્ભમાં ૪થા ખલીફા અલીનીય હત્યા થઈ.

આ પછી ઉમૈયા વંશ (ઈ. સ. ૬૬૧–૭૫૦) દરમિયાન જ ઇસ્લામી સામ્રાજ્યનો જે વિસ્તાર થયો તે રોમન સામ્રાજ્યથી અદકો હતો જે પ્રેરક અને આકર્ષક પણ છે. (જુઓ ખંડ–૨નાં આરંભનાં ત્રણ પ્રકરણો)

અબ્બાસી વંશ(ઈ. સ. ૭૫૦–૧૦૫૮)ના શાસનનો આરંભ થતાં થતાંમાં એક બાજુ સિંધ, બલુચિસ્તાન, તુર્કસ્તાન, ઈરાન, ઈરાક (મેસોપોટેમિયા), આર્મેનિયા, સીરિયા, પૅલેસ્ટાઇન, સાયપ્રસ, ઈજિપ્ત અને સમગ્ર ઉત્તર આફ્રિકા ઉપર ઇસ્લામનો વિજય ધ્વજ ફરકી ચૂકયો હતો. પરંતુ, બીજી બાજુ નવમી સદી સુધીમાં તો આ શાસનનો આંતરિક સડો એના આખા દેહને રોગગ્રસ્ત બનાવી રહ્યો હતો. દા. ત.,

—બર્બર તુર્કોએ અરબવંશને ગળી જઈને ખલીફામાં જ ઘનીભૂત થયેલી ધર્મસત્તા અને રાજસત્તા બેઉને પતનના રાહે ધકેલી દીધી હતી. આરબો, ઈરાનીઓ, સીરિયનો, બર્બરો, ખ્રિસ્તીઓ, યહૂદીઓ અને તુર્કો વચ્ચે સંઘર્ષો શરૂ થઈ ગયા હતા. પ્રદેશ-પ્રદેશ, સમૂહ-સમૂહ અને કોમ-કોમ વચ્ચેનાં વેરઝેર પ્રગટી નીકળ્યાં હતાં. ઉમૈયા, અદ્રિસી, અઘલાબીડ, તાહિર અને તુલૂન વંશોના સૂબાઓ પોતપોતાના પ્રદેશોમાં સ્વતંત્ર બની ગયા હતા.

—વારસાના વિગ્રહો અત્યંત હીન કક્ષાએ પહોંચી ગયા હતા. સેલજુક તુર્કોના આધિપત્ય નીચે અરબ સંસ્કારિતાનો આત્મા રૂંધાઈ રહ્યો હતો. અંદર અંદરની અસહિષ્ણુતામાં બિનમુસ્લિમ પ્રજાઓ પરના વધતા વિજયની સાથે માનવતાની બધી મર્યાદાઓ વિસરાઈ ચૂકી હતી.

આ છતાં, રાજ્યસત્તાની પડતીના આ આરંભકાળ(૯ થી ૧૧ સદી)માં કાવ્ય, વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રમાં ઇસ્લામ અગ્રસ્થાને હતું. નિઝામ-ઉલ-મુલ્ક, નુરુદ્દીન, અલી ઉદ્દીન અને કામિલ તે સમયના યુરોપના કોઈ પણ રાજા કરતાં અધિક કુશળ શાસકો જોવા મળે છે. અબ્બાસી ખલીફાઓએ વિદ્યા, કલા અને વિજ્ઞાનને ઉત્તેજન આપવાની પાડેલી પ્રણાલી નાના રાજવીઓના અમલ દરમિયાન પણ ચાલુ રહી—ઉમર ખય્યામ, નિઝામી, સાદી, જલાઉદ્દીન રુમી જેવા કવિઓ એની સાક્ષી પૂરે છે.

ઇસ્લામની જાહોજલાલીના મૂર્તિમંત કેન્દ્રોસમાં દમાસ્કસ, મોસલ, બગદાદ, ઇસ્ફહાન, હેરાત, સમરકંદ, બુખારા, ગઝની વગેરે નગરો ઉપર વિદેશી પ્રવાસીઓ આફરિન હતા.

ઇસ્લામની સાંસ્કૃતિક ઉજ્જ્વળ કારકિર્દીની છબી તેનાં અર્થકારણ, વિદ્યા, શિક્ષણ, સાહિત્ય, લલિતકલાઓ, ગણિત, ખગોળ વગેરે ક્ષેત્રનાં વિકાસ-વિસ્તરણોમાં જોવા મળે છે.

આરબો મૌલિક ચિંતકો અને સર્જકો અલ્પ હોવા છતાં, તેમણે ગ્રીક અને પૂર્વની વિદ્યાઓના વાહકો, અનુવાદકો, રૂપાંતરકારો અને ભાષ્યકારો તરીકે દુનિયાને ઘણી મોટી દેણગી આપી છે. દુનિયાભરનાં સાહિત્ય, સંગીત, સ્થાપત્ય અને ઇતર કલાઓના સંગમમાં આ કેન્દ્રોએ સંસ્કારને પોષવામાં અને તેનો વિસ્તાર કરવામાં ઘણો ભાગ ભજવ્યો છે; તે જ રીતે વેપાર-વાણિજ્યના વિકાસમાંય.

હવે આપણે ઇસ્લામના ત્રીજા બનકક્ષમાં પ્રવેશીએ છીએ. ૧૧ થી ૧૫મી સદીના સેલજુક તુર્કો, મોંગોલો અને ઓટામન તુર્કોનાં શાસનોનો અને શાસનવિસ્તારનો ઇતિહાસ આપણને ઇસ્લામના સંદર્ભમાં એક વિશિષ્ટ ઇશારો કરી જાય છે. જે ઇસ્લામી સામ્રાજ્ય શરૂનાં ૨૦૦ વર્ષ દરમિયાન (૬૩૦ થી ૮૫૦) દુનિયામાં રોશન બન્યું હતું એનું પતન બીજાં બસો વરસ (૮૫૦–૧૦૫૦) દરમિયાન શરૂ થયું હતું. આ પછીની ત્રણ સદીઓમાં એનું સર્વાંગી પતન થયું.

આ પતનની પ્રક્રિયા કેટલાક વિશિષ્ટ ઇશારા કરે છે :

—વારસાના ઝનૂની સંઘર્ષો દરમિયાન બાપ-દીકરા, ભાઈ-ભાઈ અને મા-દીકરા-બહેન જેવાં નીકટતમ સગાંઓ વચ્ચે ખેલાયેલાં દગાફટકા, હીન દમનો અને હત્યાઓ, કુકર્મો અને વિગ્રહો.

—ધર્મની બાબતમાં ઇસ્લામની જ શાખાઓ સુન્ની, શિયા, અહમદિયા વચ્ચેનાં વેરઝેરો.

— ખ્રિસ્તી મટી મુસ્લિમ બનેલા 'મોઝ્રરબો' સાથે દ્વેષમુક્ત વ્યવહારો.

— પરધર્મી ખ્રિસ્તીઓ (યુરોપની મુખ્ય વસ્તી) બાબતમાં તો મોટા ભાગના મુસ્લિમ શાસકોનો ધર્માંધ-ધર્મઝનૂની વર્તાવ : ખ્રિસ્તી દેવળો, મૂર્તિઓ, મઠોનો નાશ; જીવનના રિવાજો-બંદગી વિરુદ્ધ ફરમાનો; ધાર્મિક કલાસ્થાપત્યોનો નાશ; પ્રજાઓનાં અંતરંગસમાં ભાષા અને સંસ્કારો તથા દૈનંદિન વ્યવહારો અને ઉત્સવો ઉપર પણ નિષ્ઠુર પ્રતિબંધો.

— ધર્મના આવેશમાં બિનમુસ્લિમોનાં ગ્રંથાલયો, હસ્તપ્રતો અને કલાકારીગરીનાં શ્રેષ્ઠ સર્જનોનો વિનાશ.

આ બધું સર્વસાધારણલક્ષણ રૂપે હતું. વિરલ અપવાદો બાદ કરતાં ઈસ્લામી મધ્યયુગી શાસનની મુખ્ય તાસીર તો એક જ છે : એકંદરે, જ્યાં જ્યાં ઈસ્લામ ગયો ત્યાં ત્યાં બિનમુસ્લિમો સાફ થઈ ગયા અને એમાં ધર્મ સાથે તલવારનો પરંપરાગત વારસો કારણભૂત નીવડયો છે.

— ઈસ્લામની આ મધ્યયુગી ઘટના શું સૂચવે છે?

ઈસ્લામી સામ્રાજ્યનું વરવું રૂપ ઈસ્લામને આભારી છે એમ તો નહીં કહી શકાય. આદિયુગમાં જ્યૂ-યહૂદીઓએ અને મધ્યયુગના આરંભ સુધીમાં ખ્રિસ્તઓએ પણ ધર્મના કટ્ટર આવેશમાં પોતાના આંતરિક વિખવાદો દરમિયાન અસહિષ્ણુ બનીને મોટા પાયા પર હીન કૃત્યો કર્યાં છે. ઈતિહાસ એનો સાક્ષી છે. બીજે છેડે, ધર્મ નહીં પરંતુ સત્તાની ભૂખમાં કશી ગણતરી કે સમજણ વિના અનેક બર્બર ટોળીઓએ ઘણા મોટા પાયા પર કતલો અને અત્યાચારો ગુજાર્યા છે, તે પણ ઈતિહાસની સાક્ષીએ ઊભા છે.

ખ્રિસ્તી શાસકોએ ક્રુઝેડ્સ દરમિયાન (૧૧ થી ૧૩મી સદી) અને પાછળથી ખ્રિસ્તી રાજાઓએ (૧૫-૧૬મી સદી દરમિયાન) મુસ્લિમ પ્રજા ઉપર વેર વાળવાં લીધેલાં પગલાં જાણીતાં છે : સ્પેનના રાજા એરેગોન(૧૬મી સદી)નું એક જ દૃષ્ટાંત :

— મુસ્લિમ પ્રજાને ભાષા, પૂજા, ધર્મ કે સંસ્કારક્ષેત્રનાં સંગઠન અને દૈનંદિન જીવનરીતિઓનો ત્યાગ કરવાનાં ફરમાનો!

— આ ફરમાનોનું ઉલ્લંઘન કરનાર ૩૦ લાખને હદપારી! સૅંકડોની કતલ!!

*

બીજી બાજુ, મુસ્લિમ શાસકોએ દાખવેલા ઉદાર અને સહિષ્ણુ વ્યવહારનાં દૃષ્ટાંતો પણ જોવા મળે છે. દા.ત.,

— ઉમૈયા હેઠળ સીરિયા ખ્રિસ્તી રહી શકેલું, ત્યારે અબ્બાસો હેઠળ ફરજિયાત ધર્મપલટો લદાયો! મુસ્લિમ શાસન સ્થપાયા પછી ઈરાન ૩ સદીઓ સુધી મોટા ભાગે બિનમુસ્લિમ રહ્યું હતું. બાદ, ઝનૂની તુર્કો, તાર્તરો, મોંગાલોના શાસનમાં બિનમુસ્લિમોને દમન-જુલમના જોરે મુસ્લિમ બનાવાયા હતા.

ઉપરાંત, ઉદાર ચરિત સર્વધર્મસમભાવની વૃત્તિ ધરાવતા શાસકોના અપવાદો પણ ઈતિહાસમાં નોંધાયા છે. દા. ત., મન્સૂર (૭૫૪-૭૫), મામુન (૮૧૩-૩૩), સલાઉદ્દીન (૧૧૩૭-૯૩).

પરંતુ, ખ્રિસ્તી ધર્મસત્તા સાથે જ્યારે રાજ્યસત્તાની ભૂખ જોડાઈ ત્યારે એનું વધુ વરવું રૂપ પ્રગટ થયું છે એ હકીકત છે (ક્રુઝેડ્સ અને સ્પેનનાં દૃષ્ટાંતો).

ઇસ્લામના સંદર્ભમાં એનું વધુ વ્યાપક વિકૃત રૂપ પ્રત્યક્ષ થયું છે, કેમ કે—

ઇસ્લામ એક એવો ધર્મ છે જેની સાથે રાજ્યસત્તા અવિભાજ્ય રીતે સંકળાયેલી છે. આ ઐતિહાસિક સત્ય છે. પયગંબર સાહેબે જ એનો પાયો નાખ્યો હતો અને એ પરંપરાએ આગળ વધતાં ખલીફાઓનાં શાસનોમાં એનાં શક્ય એટલાં બધાં અનિષ્ટો ઊપસી આવ્યાં હતાં.

બલકે, ઇસ્લામી સામ્રાજ્યનાં પતનમાં જો કોઈ વિશિષ્ટ અંતરગત અનિષ્ટ હોય તો તે આ છે: ધર્મસત્તા સાથે રાજ્યસત્તાને અનિવાર્યપણે સાંકળવા જતાં ધર્મ અને શાસન બંને દૂષિત બન્યાં; સત્તા સાથે જોડાયેલો ધર્મ વ્યવહારમાં અસહિષ્ણુતાને અને હિંસાને પોષક બન્યો; તો ધર્મ સાથે જોડાયેલી સત્તા ઝનૂની અને વિધ્વંસક બન્યા વિના ન રહી.

ધર્મ આધારિત સત્તા કે સત્તા આધારિત ધર્મ—બંને વિકૃતિઓ જ જન્માવી શકે. ખ્રિસ્તી પોપ-સત્તા અને સામ્રાજ્યસત્તા બંને એ સંઘર્ષમાં અટવાતાં રહ્યાં ત્યાં સુધી નિર્બળ જ રહ્યાં અને દમનનું સાધન જ બન્યાં. યુરોપના મધ્યયુગી ઇતિહાસમાં આનું બિહામણું રૂપ વારંવાર જોવા મળ્યું છે. પરંતુ, મધ્યયુગના અંતમાં, યુરોપમાં ધર્મ અને રાજ્યની પોતપોતાનાં ક્ષેત્રની સ્વાયત્તતાનો, એટલે કે સેક્યુલર સ્ટેટની વિભાવનાનો સ્વીકાર થયો. એમાંથી નૅશનલ સેક્યુલર સ્ટેટનો જન્મ થયો અને વર્તમાન યુગમાં બંનેનું પોતપોતાનું આગવું સ્થાન સ્વીકારાયું. એ પછી જ નાગરિક માટે સાચા અર્થમાં નાગરિક બનવાની તક પ્રાપ્ત થઈ છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

ઇસ્લામના ઇતિહાસમાં આવું પરિવર્તન થવા પામ્યું નહીં. અને 'રીલિજિયસ સ્ટેટ'માં ન રીલિજિયન સચવાયો કે ન સ્ટેટ સચવાયું. બંને એકબીજાનાં દૂષણો વધારવાનાં જ સાધનો બની રહ્યાં!

બલકે, યુરોપને વિજ્ઞાન પહોંચાડનાર ઇસ્લામે ધર્મમત વિરુદ્ધ વિજ્ઞાન, શ્રદ્ધા વિરુદ્ધ બુદ્ધિવાદની બાબતમાં પીછેહઠ કરી; જ્યારે ખ્રિસ્તી યુરોપ રૂઢિચુસ્ત ધર્મની કિલ્લેબંધીની બહાર નીકળ્યું.

ઇસ્લામમાં માર્ટિન લ્યૂથર જેવો કોઈ બુનિયાદી સુધારક પાક્યો નહીં. ઇસ્લામમાં જે વિરોધો જાગ્યા તેમાંના ઘણા તો મહમ્મદના વારસદાર કોણ બને તે માટેના હતા. અને જે અન્ય મતાંતરો હતા તે પણ મૂળભૂત સિદ્ધાંત માટેના નહીં. આથી લોહી રેડાયું પણ તેમાંથી કોઈ ક્રાંતિ થઈ નહીં.

ટૂંકમાં, મધ્યયુગના અંતમાં ખ્રિસ્તી યુરોપે અંધકારમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો, ત્યારે મુસ્લિમ જગત મધ્યયુગના અંધકારમાં ઊંડું ખૂંપ્યું—ડૂબતું ગયું! તેના આપખુદ અમલ દરમિયાન વિજ્ઞાન અને કલાને ઉત્તેજન અપાયું ખરું, પણ સામાન્ય પ્રજાનો લોકશાહી વિકાસ સધાયો નહીં. સામ્રાજ્ય વિસ્તર્યું પણ રાજ્યના વિકાસનું રાજ્યનીતિશાસ્ત્ર ઊભું થયું નહીં.

આ વાતનો તાજો આપણને આ ગ્રંથના ખંડ—જેમાં અરબ સંસ્કૃતિના ઇતિહાસના આરંભના પ્રકરણમાં જ મળી રહે છે: 'ધર્મ—ધર્મગ્રંથ—દર્શન' જેવા ખંડનું આ લાંબું અને ઉત્તમ પ્રકરણ છે. તેમાં ઇસ્લામમાં પ્રવર્તેલા વિવિધ સંપ્રદાયો અને નાસ્તિકો ઉપરનું લખાણ ઇસ્લામ જેવા એકછત્રી અને દૃઢમૂળ ધર્મને પણ હચમચાવી મૂકનારા મતમતાંતરો ઉપર સારો પ્રકાશ પાડે છે. એમાં એક નોંધપાત્ર બીના એ જાણવા મળે છે કે ઇસ્લામમાં જેઓ સુધારાવાદી હતા, ઉદારમતવાદી હતા તેઓ જ પાછા ઝનૂની (!) બન્યા હતા ને કટ્ટર રૂઢિચુસ્તોની જેમ જ દમન ગુજાર્યાં હતાં. ખ્રિસ્તીઓની જેમ સ્થાપિત 'ધર્મઅદાલતો'-(ઇન્ક્વિઝિશન)ની નિમણૂક પણ કરવામાં આવેલી. પછી તો, કટ્ટરોએ ઉદારમતવાદીઓના 'બુદ્ધિવાદ' પર વળતો હુમલો કર્યો. પરિણામે, ઇસ્લામમાં સ્વતંત્ર ઉદારમતવાદ સદીઓ માટે અસ્ત રહ્યો!

**: ૪ :**

ચીની મધ્યકાલિન રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસની આછી ઝલક ખંડ–૧માં મળે છે.

ચીનના ઇતિહાસને લક્ષમાં લઈએ તો ત્યાં પ્રાચીન પરંપરામાં મધ્યયુગી પ્રસ્થાન થયું – ઈ. સ.ની પહેલી સદીથી; અને એ યુગ ઘણે અંશે મંચુ વંશની સ્થાપના (૧૬૪૪) સુધીના લાંબા સમય સુધી લંબાયો.

આ ખંડમાં ભૂમિકા રૂપે, હાન વંશના આરંભ(ઈ. પૂ–૨૦૨)નો ઇતિહાસ જોઈ જવો જરૂરી બન્યો છે. પરંતુ, યુરોપના ઇતિહાસ સાથેની તેની ખરેખરી મધ્યયુગી કડી એ ઘટનામાં જોવા મળે છે કે જ્યારે પશ્ચિમ અને મધ્ય એશિયાની ભટકતી જાતિઓનાં આક્રમણોની પરંપરાને પ્રતાપે યુરોપ પર સાંસ્કૃતિક અંધકાર યુગ છવાઈ ગયો; એટલું જ નહીં, ૧૨ અને ૧૩મી સદીમાં આ જ ટોળીઓનાં આક્રમણોએ પશ્ચિમ એશિયામાં આરબ વિદ્યાઓએ જે સાંસ્કૃતિક અને ભૌતિક સમૃદ્ધિનું નિર્માણ કર્યું હતું તેનો પણ નાશ કરી વિશાળ પ્રદેશોને વેરાન કરી મૂકયા.

આ પ્રજાઓએ છેવટે ઇસ્લામ ગ્રહણ કર્યો; પરંતુ અરબ અને ઈરાનના ઇસ્લામે મધ્યયુગની સંસ્કૃતિને ઘડવાનું જે કામ કર્યું હતું તેવું કોઈ મહત્ત્વનું કામ આ તુર્ક, મોંગોલ કે હૂણ પ્રજાએ કર્યું નહીં. બીજી બાજુ આ પ્રજાઓએ ચીન પર સતત આક્રમણો કર્યાં, તેના રાજવંશને ઉથલાવી મૂકયા, ચીનના રાજકીય અને સાંસ્કૃતિક મહાવૃક્ષને તેના ઝંઝાવાતમાં મૂકી દીધું – જોકે ઉચ્છેદી શકયા નહીં.

છેવટે, ચંગીસના પૌત્ર કુબલાઈખાને સુંગ સામ્રાજ્યનો અંત આણી, મોંગોલોના યુયાન વંશની ગાદી સ્થાપી (૧૨૭૯). આ પછી જ પશ્ચિમના મોંગોલોએ ઇસ્લામ ગ્રહણ કર્યો ત્યારે કુબલાઈખાન બૌદ્ધ બન્યો. તેના શાસન દરમિયાન ઈરાનીઓ, ઇરાકીઓ, મુસ્લિમો, જ્યૉર્જિયનો, આર્મેનિયનો, ભારતીયો, કોરિયનો અને વેનિસથી આવેલા પોલો (જેમાંનો એક મુખ્ય કુબલાઈખાનનો વિશ્વાસુ પ્રતિનિધિ–પ્રાંતપતિ બનેલો તે માર્કો પોલો) મહત્ત્વના હોદ્દાઓ પર આવ્યા અને તેમણે અકબર સમ્રાટની માફક અનેક ઇતર ધર્મોને પ્રોત્સાહન આપ્યું. કુબલાઈખાને માર્કો પોલોના કાકા વતન પાછા ફર્યા ત્યારે ચીનમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે સો જેટલા મિશનરીઓ મોકલવા પોપને પત્ર લખી જણાવ્યું હતું. (કુબલાઈખાન પોતે જ નોસ્ટોરિયન ખ્રિસ્તી બનનાર માતાનો પુત્ર હતો)

ચીનમાંના આ મોંગોલ વંશનો અંત કુબલાઈખાનના મૃત્યુ સાથે આવ્યો (૧૨૯૪).

ચીનના ઇતિહાસમાં આપણે ઊંડા ઊતર્યા નથી. પરંતુ, યુરોપ-એશિયાને અંધકાર યુગમાં ધકેલી દેનારી, પશ્ચિમ અને મધ્ય એશિયામાંની તુર્ક-તાર્તાર-મોંગોલ-હૂણ ટોળીઓએ ચીનને પણ કેવું વેરણ-છેરણ કરી દીધું હતું એની કડી તો મળે જ છે.

આ છતાં, ચીને એની પ્રાચીન પરંપરાને ચીવટપૂર્વક ટકાવી રાખી છે; એટલું જ નહીં, મધ્યયુગમાં પણ એની વૃદ્ધિ કરી છે. દુનિયાના ઇતિહાસમાં ચીનની આ એક અજબ લાક્ષણિકતા પણ છેલ્લા ખંડમાં આપણું ધ્યાન ખેંચે છે.

**: ૫ :**

હવે આપણે ઇતિહાસ-અધ્યયનના અભિગમ અંગેના આ પરિપ્રેક્ષ્યના આરંભે રજૂ કરેલા મુદ્દાઓ ઉપર નજર નાખીએ :

૧. મધ્યયુગી યુરોપિયન અને અરબ સમાજ આરંભે કેવો હતો અને પલટાતાં કેવો બની રહ્યો એનું રેખાંકન ખંડ–૨ અને ૪માં થયું છે. તેમાં આપણા ગ્રંથની મર્યાદામાં ઠીક ઠીક ચિત્ર ઉપસ્થિત થયું છે.

૨. પ્રસ્તુત સમાજ શાથી તેવો હતો અને શાથી પલટાયો એ વિવરણ ખંડ–૧ અને ૩માં મુખ્યતઃ રાજકીય ઘટનાઓના સંદર્ભમાં તપાસાયું છે.

૩. પ્રસ્તુત સમાજ કેવી રીતે પલટાયો તે પ્રક્રિયા ચારે ખંડના વિવરણમાં ગૂંથાઈને પડી છે. તેમાં મુખ્યતઃ રાજકીય, ધાર્મિક તથા વર્ગીય હિત-સંઘર્ષોની ભૂમિકાએ એનું નિરૂપણ થયું છે.

૪. મધ્યયુગી સમાજમાંથી અર્વાચીન સમાજમાં રૂપાંતર થયું, તેમાં લોકશાહી મૂલ્ય કસોટીએ એક મહત્ત્વનો મુદ્દો ઉપસાવવામાં આવ્યો છે, તે એ કે—

* મધ્યયુગી સમાજમાં ધર્મસત્તા અને રાજ્યસત્તા બંનેની ઈમારત સૈદ્ધાંતિક રીતે, વિવેકબુદ્ધિરહિત આસ્થા(Irrational Faith)ના આધારસ્તંભ ઉપર રચાયેલી હતી તે અર્વાચીન યુગમાં સૈદ્ધાંતિક રીતે, વિવેકબુદ્ધિમૂલક નિષ્ઠા(Rational Conviction)ના આધારસ્તંભ પર રચાતી થઈ—બેઉ પોતપોતાને ક્ષેત્રે સ્વાયત્તતા ભોગવતાં થયાં.

પરિણામતઃ મધ્યયુગમાં બંને વચ્ચેનો સંબંધ પરસ્પરવર્જિત એકાન્તિક (Exclusive) સત્તાવાદી અને સંપ્રદાયવાદી સંઘર્ષનો હતો; અર્વાચીન સમયના ઉદય સાથે આ સંઘર્ષ લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાના પરસ્પરપૂરક—સંમિલિત (Inclusive) માળખામાં રૂપાંતરિત થયો.

અલબત્ત, સમગ્ર મધ્યયુગી વિકાસનું માનવીય અને નૈતિક મૂલ્યાંકન આ ગ્રંથની મર્યાદા બહાર—ગજા બહારનું સમજી તેને બાદ રાખ્યું છે. પરંતુ, અન્ય ચાર કસોટીઓની બાબતમાં આ કેવળ પ્રારંભિક પ્રયાસ છે. એની અનેક મર્યાદાઓ છતાં ઘણા નાના વિસ્તારમાં સંક્ષેપમાં જે કહેવાયું છે તે અત્રે રજૂ કરેલા પરિપ્રેક્ષ્યની દિશામાં વધુ અધ્યયન કરવાની રૂપરેખાસમું છે. . .

●


યુરોપ
(રાજકીય)
આશરે ઈ.સ. ૧૦૦૦
પવિત્ર રોમન સામ્રાજ્ય
ઉત્તર સમુદ્ર
કાળો સમુદ્ર
એડ્રિયાટિક સમુદ્ર

# ખંડ ૧ : યુરોપ (રાજકીય)




મધ્યયુગના અંતે યુરોપ

# ૧ : પ્રાસ્તાવિક

માનવ-વિકાસ એક સળંગ પ્રક્રિયા હોઈ, યુગપરિવર્તનો ક્યારે થાય છે તેનો ચોક્કસ સમય ( દિવસ કે વર્ષમાં ) બતાવી શકાતો નથી. આમ છતાં, આ પ્રક્રિયાને વેગ આપે કે પરિવર્તનને મહદંશે સહાય કરે તેવા બનાવોનો યુગપરિવર્તનના કારણ તરીકે ઇતિહાસ સ્વીકાર કરે છે. પ્રાચીન યુગમાંથી મધ્ય યુગ શરૂ થયા વિશેનાં તથા તેની સમાપ્તિ થયાનાં ચોક્કસ એંધાણોનો સ્વીકાર કરવામાં આવે તો વ્યવસ્થિત રાજતંત્ર, સમાજવ્યવસ્થા, સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાના પ્રતીક રૂપ રોમન સામ્રાજ્યના નાશને પ્રાચીન યુગની સમાપ્તિ અને મધ્ય યુગના પ્રારંભ તરીકે સ્વીકારી લેવામાં વાંધો નથી. તે જ રીતે, યુરોપમાં પુનઃવ્યવસ્થાની સ્થાપના અને ધર્મસુધારણા તથા ધર્મ અને વિદ્યાના પુનરુત્થાનને મધ્ય યુગની સમાપ્તિ દર્શાવતી ઘટના તરીકે માન્ય રખાય. આ બે ઘટનાઓ વચ્ચેના ઇતિહાસની રૂપરેખા દોરવાનો આ ગ્રંથનો પ્રયાસ છે.

રોમના છેલ્લા સમ્રાટ રોમ્યુલસના શાસનકાળ દરમિયાન હૂણ, ગોથ, વેન્ડાલ આદિ જર્મનોનાં જંગલી ટોળાંઓનાં આક્રમણોએ સામ્રાજ્યને અંધાધૂંધીના આરે લાવી મૂક્યું હતું. આંતરિક વૈમનસ્યો બેકાબૂ બન્યાં હતાં. અંતે આ જર્મન પ્રજાના સરદાર ઑડોકરે સામ્રાજ્યને વિનાશના મુખમાં ધકેલી દીધું અને દુર્ભાગી સમ્રાટ રોમ્યુલસે ઑડોકરની સલાહને અનુસરી ગાદીનો ત્યાગ કર્યો; સેનેટ સમક્ષ રાજીનામું આપ્યું.

રોમનું સામ્રાજ્ય પૂર્વ અને પશ્ચિમ એવા બે વિભાગોમાં વિસ્તરેલું હતું. પૂર્વની રાજધાની કૉન્સ્ટેન્ટિ-નોપલ હતી અને ત્યાંનો રોમન સમ્રાટ ઝેનો (૪૭૪–૪૯૧) હતો. રોમ્યુલસના રાજીનામા પછી બીજે જ વરસે (ઈ. સ. ૪૭૬માં) રોમન સેનેટે એક શિષ્ટમંડળને રોમન સમ્રાટના રાજચિહ્ન સાથે કૉન્સ્ટેન્ટિનોપલ મોકલી આપ્યું. તેણે ઝેનોને પશ્ચિમી રોમન રાજ્યનાય સમ્રાટપદનો સ્વીકાર કરવાની વિનંતી કરી.

રોમન સામ્રાજ્યનું ઉઠમણું કરવા કૉન્સ્ટેન્ટિનોપલમાં ગયેલા સેનેટના આ શિષ્ટમંડળનો, પ્રથમ તો, સમ્રાટ ઝેનોએ 'નુમાખીભર્યો' ઊધડો લીધો; અને રોમના સમ્રાટ તરીકે સ્વીકારી લેવા પોતે જ અગાઉ મોકલેલા ઉમેદવારો, ઍન્થેનિયસ અને નેપાસ, પ્રત્યે રોમે દર્શાવેલા દુર્વર્તાવ માટે ઠપકો આપ્યો. અંતે, રોમન સામ્રાજ્યની બેઉ પાંખોના સમ્રાટ બનવાની વિનંતીનો ઔપચારિક રીતે સ્વીકાર કરી, ઑડોકરને પેટ્રિશિય-નનો દરજ્જો આપી, તેને જ પશ્ચિમના પોતાના પ્રતિનિધિ અને વહીવટકર્તા તરીકે માન્ય રાખ્યો.

વિધિની વિચિત્રતા તો એ છે કે જે સેનેટે રોમને સમ્રાટો અને સેનાનાયકો આપ્યા હતા, તથા અનેક સમ્રાટો અને સેનાનાયકોને જેણે દૂર કર્યા હતા, પશ્ચિમની દુનિયાને જેણે સુવ્યવસ્થિત, સંસ્કારી અને કાયદાબદ્ધ રાજ્ય આપ્યું હતું એ જ સેનેટે રોમના સમ્રાટની વરણી કરવાનો પોતાનો હક સ્વેચ્છાએ જતો કર્યો અને રોમન સામ્રાજ્યના સર્વાંગી નાશના નિમિત્ત બનનાર બર્બર જર્મન સરદાર ઑડોકરને પોતાને માથે થાપ્યો.

વિધિની વિચિત્રતા તો એ પણ છે કે રોમની ગાદી પર બેસનાર તેના છેલ્લા રાજવી રોમ્યુલસ ઑગસ્ટસના નામમાં અન્ય બે મહાન રોમનો – સાત ડુંગરો પર રોમનગરીની સ્થાપના કરનાર રોમ્યુલસ (ઈ. પૂ. ૭૫૩) અને રોમન સામ્રાજ્યને વિશ્વ પર વિસ્તારી તેનું ગૌરવ વધારનાર તેના પ્રથમ સમ્રાટ ઑગસ્ટસનાં (ઈ. પૂ. ૬૩ થી ઈ. પૂ. ૧૪) નામ ભળ્યાં હતાં. જોકે આવું જ એક દૃષ્ટાંત ઇતિહાસમાં નોંધાયેલું છે : પૂર્વમાં કૉન્સ્ટેન્ટિનોપલમાં બાઇઝેન્ટાઇન સામ્રાજ્યની સ્થાપના કરનાર કૉન્સ્ટેન્ટાઇન (ઈ. સ.



**સમ્રાટ ઑગસ્ટસ–૧**
**(ઈ. પૂ. ૬૩ થી ઈ. સ. ૧૪)**



**રોમ્યુલસ અને રીમસ (ઈ. પૂ. ૭૫૩)**
પ્રચલિત દંતકથા મુજબ આ બે મહાન રોમનોએ સાત ડુંગરો પર રોમ નગરીની સ્થાપના કરી.

૩૧૧–૩૩૭) હતો અને ઈ.સ. ૧૪૫૩માં ઑટોમન તુર્કોના હાથે બ્રાઈઝેન્ટાઈન સામ્રાજ્યનો નાશ થયો ત્યારે પણ તેનો છેલ્લો સામ્રાટ કૉન્સ્ટેન્ટાઈન (ઈ. સ. ૧૪૪૮–૧૪૫૩)' નામધારી હતો! ઈતિહાસની એ પણ એક વિચિત્રતા છે કે યુરોપના ઉત્તરીય પ્રદેશોમાં વતન ધરાવનારી જર્મન અને અન્ય જંગલી પ્રજાઓએ રોમન સામ્રાજ્યનો વિનાશ કર્યો ખરો, પરંતુ પશ્ચિમ એશિયામાં ઉદ્ભવેલા ખ્રિસ્તી ધર્મની તેમણે દીક્ષા લીધી હોઈ, રોમન સંસ્કૃતિની પરંપરા જાળવવામાંય તે સહાયભૂત બની. પેટ્રિશિયન તરીકે નિમાયેલા ઓડોકરે ચૌદ વરસના કારભાર દરમિયાન રોમની મુલકી અને ધાર્મિક પરંપરા જાળવી રાખી, કૉન્સ્ટેન્ટિનોપલમાંના રોમન સમ્રાટની સાર્વભૌમ સત્તાનો સ્વીકાર કરી, રોમન શાસનપરંપરાની એકતા પણ જાળવી.

પરંતુ, એકંદરે, રોમન પરંપરાનું કેન્દ્ર રોમ પરથી ખસીને કૉન્સ્ટેન્ટિનોપલ તરફ ગયું. વખત જતાં કૉન્સ્ટેન્ટિનોપલમાં ગ્રીક અને એશિયન પરંપરા અને પશ્ચિમના રોમન પ્રદેશોમાં લૅટિન પરંપરા સ્થિર બની. બંનેમાં ખ્રિસ્તી ધર્મ પ્રવર્તમાન હોવા છતાં બંનેની ધર્મપરંપરા, ધર્મશાસન (ચર્ચ), ધર્મતત્ત્વો, ધર્માચાર અને સમ્રાટ વચ્ચેના સંબંધ અંગેની માન્યતા ભિન્ન બની.

રોમનું એકચક્રી રાજકીય વર્ચસ નષ્ટ બન્યું, તો તેનું સ્થાન ઈશુના પરમ શિષ્યો પીટર અને પૉલે સ્થાપેલી પરંપરાના વારસસમા રોમના ધર્માચાર્ય પોપે લીધું. પૂર્વમાં રાજકીય અને ધાર્મિક એમ બંને પ્રકારની સત્તા આપખુદ સમ્રાટોમાં કેન્દ્રિત બની, તો પશ્ચિમમાં રાજકીય સત્તા જુદા જુદા પ્રાંતોમાં, વિભિન્ન જંગલી જાતિઓના સરદારોને હસ્તક આવી. પરંતુ તેઓએ ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધી હોઈ તેમણે પોપના ધાર્મિક આધિપત્યનો તો સ્વીકાર કર્યો જ; એટલું જ નહીં પણ પરસ્પરના વ્યવહાર, બાહ્ય આક્રમણો અને આંતરિક અશાંતિ, અરાજકતા અને અવ્યવસ્થામાં તેઓ પોપનું શરણું અને રક્ષણ પણ પામી શક્યા. પરિણામે, રોમન સામ્રાજ્યના નાશ પછી પશ્ચિમની દુનિયામાં જે શૂન્યાવકાશ સર્જાયો હતો તેમાં પોપે પ્રવેશ કર્યો. રોમે ગુમાવેલી એકવાક્યતા હવે પોપના વર્ચસ હેઠળ જળવાઈ. રોમે સ્થાપેલી રાજકીય અને વહીવટી પરંપરા પોપના ધર્મતંત્રે અપનાવી લીધી. પશ્ચિમના અને રોમન સામ્રાજ્યના વર્ચસ હેઠળના યુરોપને મધ્ય યુગમાં અંધકાર અને અરાજકતામાંથી તેણે ઉગારી લીધું. આમ, યુરોપમાં ધર્મશાસન પ્રમુખ બળ બન્યું.

રોમન રાજ્યનો અંત (ઈ. સ. ૪૦૬) આવ્યા પછીની અર્ધી સદી દરમિયાન પૂર્વમાં ઝેનો, ઍનેસ્ટેશિયસ અને જસ્ટિનિયને આધિપત્ય ભોગવ્યું. આ સમયમાં ઈટલીએ પોતા પૂરતી પુનઃ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તે


થિયોડરિકના મૃત્યુ સમયનું યુરોપ
(ઈ.સ. ૫૨૬)



થિઓડરિક

ઑસ્ટ્રોગોથ રાજવી થિઓડરિકના શાસનકાળમાં. થિઓડરિક જ્યારે બાળ અવસ્થામાં હતો ત્યારે કૉન્સ્ટૅન્ટિનોપલના નિવાસ દરમિયાન રોમન સભ્યતાના પરિચયમાં આવ્યો હતો. વ્યવસ્થિત અને સંસ્કારી સમાજ કેવો હોય તે આ જંગલી બાળક જોઈ શક્યો હતો. તેણે જુલમ ગારના હાથમાંથી ઇટલીને મુક્ત કરવા પોતાને ત્યાં પ્રવેશવા દેવાની કૉન્સ્ટૅન્ટિનોપલના સમ્રાટને, વિનંતી કરી અને સમ્રાટે તે માન્ય કરી. ઑસ્ટ્રોગોથ જર્મનોનાં ટોળાં થિઓડરિકના વાવટા હેઠળ એકત્ર થયાં અને ૬૦૦ માઈલના પ્રદેશ પર વિજય મેળવી ઇટલીના પાદર સુધી પહોંચ્યાં. ઓડોકર રૅવેન્ના ભાગ્યો અને રોમની સેનેટે થિઓડરિકના વિજયને માન્ય રાખ્યો (ઈ.સ. ૪૯૩). એક સમારંભમાં કપટથી ઓડોકરની હત્યા થતાં થિઓડરિક ઇટલીનો રીતસરનો રાજવી બન્યો.

રોમન સામ્રાજ્યના નાશ માટે નિમિત્ત બનનાર જંગલી પ્રજાઓએ રોમન સામ્રાજ્યના પતન બાદ સ્થાયી રાજ્યોની સ્થાપના કરી અરાજકતા અને ગેરવ્યવસ્થાના સ્થાને યુરોપને રાજકીય સ્થિરતા આપી મહાન સમ્રાટોની જે હારમાળા ઊભી કરી, તેમાં થિઓડરિક પ્રથમ અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેણે રોમની રાજકીય અને વહીવટી પરંપરા અકબંધ જાળવી અને રોમનોમાં નવી આશા અને નવા પ્રાણ ફૂંક્યા. યુરોપના વિવિધ પ્રદેશો પર આધિપત્ય ભોગવતી જર્મન પ્રજાઓ – ફ્રાન્કો, બર્ગન્ડિયનો, વિશિગોથ જર્મનો, વૅન્ડાલો, થુરિન્જિયનો ઇત્યાદિનાં રાજવી કુટુંબો સાથે તે સગપણ-સંબંધો બાંધી સંકળાયો. પરિણામે તે પશ્ચિમમાં એક પ્રકારની સ્થિરતા અને સમતુલા જાળવી શક્યો. તે એરિયન સંપ્રદાયનો ખ્રિસ્તી ધર્મ પાળતો હતો. તેમ છતાં ધર્મ-પાલન અંગે ઉદાર વલણનો હતો. પરંતુ પાછલી અવસ્થામાં આ રાજવીની ક્રૂર નીતિનો ભોગ બન્યાં રોમન સંસ્કૃતિના પારસમણિ સમાં બે નરરત્નો: બિથિયસ અને સિમૅક્સ. વિદ્યા અને સંસ્કૃતિની પરંપરાના છેલ્લા મહાન ગણાતા બિથિયસનો ભોગ, એક ધર્મસહિષ્ણુ રાજવીના હાથે લેવાયો એ વિધિનો કટાક્ષ છે.

બિથિયસના બાળપણમાં રોમની પ્રાચીન વિદ્યાનો અભ્યાસ સાવ લુપ્ત થયો ન હતો. ત્યારની વિદ્યા-પરંપરા અનુસાર તેણે પોતે અભ્યાસ કરી યુક્લિડની ભૂમિતિ, પાઈથેગૉરસની સંગીતવિદ્યા, નિકૉમૅક્સનું ગણિતશાસ્ત્ર, ટૉલમીની ખગોળવિદ્યા, પ્લેટોનું ધર્મશાસ્ત્ર, ઍરિસ્ટૉટલનું પ્રમાણશાસ્ત્ર ઇત્યાદિ ગ્રીક ગ્રંથોનો લૅટિનમાં અનુવાદ કર્યો હતો. લક્ષ્મી અને સરસ્વતીના પૂરા આશીર્વાદ પામનાર તથા રાજમાન્ય મોટો હોદ્દો ધરાવનાર આ મહાન રોમન દાર્શનિક પરમ સુખમાં શેષ જીવન પસાર કરી શક્યો હોત, પરંતુ આ ઉદારમતવાદી દાર્શનિકથી શાસકીય વહીવટી ભ્રષ્ટાચાર સહ્યો ન ગયો. વિજયથી ઉદ્ધત બનેલા અને જંગલી અવસ્થામાંથી સમૃદ્ધ સામ્રાજ્યના વારસ બનેલા લોભી રાજકર્તાઓ પ્રત્યે તે અસહિષ્ણુ બન્યો અને પોતાના વિચારો નિરંકુશપણે પ્રગટ કરવા લાગ્યો. બંડ જગાવવાના આક્ષેપમાં સંડોવી તેને કેદખાનામાં પૂરવામાં આવ્યો. કારાવાસમાંની પ્રત્યેક ક્ષણ આ મહાન દાર્શનિકે ઊંડા ચિંતનમાં ગાળી. તેનું 'કૉન્સોલેશન ઑફ ફિલૉસૉફી' આ ચિંતનના પરિપાક રૂપે છે. છેવટે, તેને દેહાંત દંડ આપવામાં આવ્યો. બિથિયસના ભોગથી ખિન્ન બનેલા તેના સસરા સિમૅક્સે જાહેર રીતે પોતાનો રોષ પ્રગટ કર્યો. આથી તેનો પણ વધ કરવામાં આવ્યો.

આ બે સૅનેટરોની હત્યાએ થિઓડરિકને વિવશ બનાવ્યો. એક સાંજના વાળુ સમયે ભાણામાં મૂકેલી માછલીની આંખમાં તેને સિમૅક્સની રોષભરી નજર દેખાઈ. સસરા-જમાઈની હત્યાના પ્રાયશ્ચિત્તમાં તેણે પ્રાણ છોડયા (ઈ.સ. ૫૨૬).

રોમન સામ્રાજ્યના પતન બાદ ઇટલીની આ સ્થિતિ હતી. રોમન સામ્રાજ્યની અન્ય પ્રાંતોની સ્થિતિ પણ કંઈ સારી ન હતી.

એક્વિટેન પ્રાંતમાં એથોલ્ફસ એલેરિકનો અનુગામી બન્યો, અને સૂએવી લોકો પાસેથી સ્પેન સર કરી તેણે આ પ્રાંત રોમનોને સુપરત કર્યો. સ્પેનના વિશિગોથ જર્મનો કૉન્સ્ટૅન્ટિનોપલની સાર્વભૌમ સત્તા સ્વીકારી તેને ખંડણી આપવા લાગ્યા. ફ્રાન્કોના સરદાર ક્લૉવિસે (૪૮૧–૫૧૧) પૂર્વીય સમ્રાટની મંજૂરીથી એક્વિટેન અને આફ્રિકા કબજે કર્યાં. આમ, પશ્ચિમમાં એક પછી એક રોમન પ્રાંતો બર્બર સરદારોના હાથમાં જવા લાગ્યા. દરમિયાન જૂના સમાજનાં રાજવ્યવસ્થા, અર્થતંત્ર અને સાંસ્કૃતિક પરંપરા તૂટવા લાગ્યાં – ભાષા અને સંસ્કારના શંભુમેળામાં કેન્દ્રીય સત્તાનું પ્રાબલ્ય ઓસરી જતાં વિવિધ પ્રાંતોએ સંકલન અને સહકાર ગુમાવ્યાં.

ગૉલ રોમન સામ્રાજ્યનો મહત્ત્વનો અને સમૃદ્ધ પ્રાંત હતો. પ્રમાણમાં તે આંતરવિગ્રહો અને બાહ્ય આક્રમણોથી સુરક્ષિત રહેવા પામ્યો હતો. સ્વાતંત્ર્ય ગુમાવવા છતાં ગૉલવાસીઓએ રોમન નાગરિકોના અધિકારો અને દરજ્જો મેળવ્યા હતા. આવા ગૉલના પૂર્વ સીમાડે આવેલી ર્‌હાઇન નદીની પેલી પાર રહેતી વિવિધ જર્મન પ્રજાઓ, તેનાં જંગલો અને કળણો છોડી, ગૉલની સમૃદ્ધિ લૂંટવા હમેશાં તત્પર રહેતી રોમન તલવાર બુઠ્ઠી બનતાં જર્મન ધાડાંને રોકવા કોઈ કિલ્લેબંધી કારગત ન નીવડી. સીઝરે ગૉલ સર કર્યો (ઈ.પૂ. ૨૧). ત્યાર પછી ચાર સદી બાદ ર્‌હાઇનની કિલ્લેબંધી ઓળંગી જર્મન ટોળીઓ શાંતિ અને સમૃદ્ધિ ભોગવતા ગૉલ પ્રદેશ પર ઊતરી પડી અને સંસ્કારી, સુઘડ, સમૃદ્ધ ગૉલના પ્રજાજનો, દેખાવમાં બિહામણા, બોલવે કર્કશ, સંપર્કમાં દુર્ગંધવાળા, ખાઉધરા, લાંબા વાળ અને વિચિત્ર પહેરવેશવાળા જંગલી જર્મનોનાં આક્રમણોને ખાળી ન શક્યા. સ્વાતંત્ર્યની રક્ષા કરવાનું શૌર્ય અને હિંમત ગુમાવતાં, આવી પડેલી ગુલામીને બરદાસ્ત કરવાની આધીનતા તેમણે કેળવી લીધી હતી.

વિશિગોથ રાજા યુરિકને આલ્પ્સની પેલી પારના પ્રાંતો ઑડોકર તરફથી મળ્યા બાદ તેની પ્રદેશભૂખ સતેજ થઈ. પરિણામે તેણે એક પછી એક ગૉલનાં નગરો પોતાની હકૂમત હેઠળ આણવા માંડયાં. હેરૂલી, સેક્સન, બર્ગન્ડિયનો અને ફ્રાન્કો તેને વશ બન્યા.

યુરિકનનો અનુગામી બાળક એલેરિક સત્તા પર આવ્યો ત્યારે તેના પ્રતિસ્પર્ધી ફ્રાન્ક સરદાર ક્લૉવિસ ગૉલમાં પ્રવેશ્યો; તેણે વણઅટક્યા વિજયો મેળવ્યા.

કૉન્સ્ટૅન્ટાઈને આ અગાઉ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરી, કૉન્સ્ટૅન્ટિનોપલ નગરની સ્થાપના કરી હતી. તે જ પ્રમાણે ક્લૉવિસેય ખ્રિસ્તી બની રોમન સામ્રાજ્યના પતન બાદ મધ્ય યુગમાં રોમનું સ્થાન લેનાર ફ્રાન્કોના રાજ્યની સ્થાપના કરી. તેનાં શસ્ત્રો અને સૈનિકો રોમના ખ્રિસ્તી સંપ્રદાયની સહાયમાં કામે લાગ્યાં. ક્લૉવિસના પુત્રોએ બર્ગન્ડિયનોના તથા એલેરિકના પ્રદેશોનો કબજો મેળવ્યો. ક્લૉવિસને કૉન્સ્ટૅન્ટિનોપલના સમ્રાટે કૉન્સલ પદ આપ્યું અને આલ્પ્સની પેલી પારના પ્રદેશો પરના ફ્રાન્કોના આધિપત્યને મંજૂરીની મહોર મારી.

મેરોવિન્જિયન (ક્લૉવિસ વંશના) રાજવીઓએ તેમની હકૂમત હેઠળની વિવિધ પ્રજાઓને અને તેમનાં વ્યક્તિગત કુળો સુધ્ધાંને, તેમનાં રીત-રિવાજો અને કાયદા અનુસાર તેમનો વ્યવહાર ચલાવવાની છૂટ આપી. બાળકને મા-બાપનો, પત્નીને પતિનો અને સ્વતંત્ર બનનાર ગુલામને અગાઉના તેના માલિકનો કાનૂન લાગુ પડતો. વેરનો બદલો વેરથી લેવાની છૂટ હતી; પણ બદલો લેનારે હત્યા કરાયેલાઓના વંશવારસોને બદલો આપવો પડતો. વેરના બદલામાં, હત્યા કરાયેલી વ્યક્તિના દરજ્જા પ્રમાણે તેના માથાની કિંમત નક્કી થતી. સૌથી વરિષ્ઠ સ્થાને બેસનારના માથાનું મૂલ્ય છસો સોનામહોર અંકાતું. રાજાની સાથે એકભાણે બેસવાનો દરજ્જો ધરાવનારના માથાનું મૂલ્ય ત્રણ સો સોનામહોર, સાધારણ પ્રજાજનના માથાનું મૂલ્ય બસો સોનામહોર, જ્યારે પરાજિત રોમન પ્રજાજનના માથાનું મૂલ્ય સામાન્ય ફ્રાન્ક કરતાંય સસ્તું ગણાતું. આ પ્રણાલી ફ્રાન્કો માટે કોઈ વિશેષ પ્રકારની ન હતી. સંસ્કૃતિના વિકાસક્રમમાં સ્થાનિક અને પ્રજાકીય વિશેષતા અનુસાર થોડા ફેરફાર સાથે આજ સુધી આવો જ કાનૂન લાગુ કરવામાં આવ્યો છે.

મનુના કાયદાથી માંડીને સઘળા સામ્રાજ્યવાદી, ફાસિસ્ટ, નાત્સી અને બોલ્શેવિકોએ પરાજિત પ્રજાઓ પ્રત્યે આવો જ વ્યવહાર કર્યો છે. ન્યાયની સમાનતા સમાજ અને વ્યક્તિના વિકાસની પારાશીશી છે.

આરોપીને તેની નિર્દોષતા પુરવાર કરવાની, આરોપ અનુસાર સાક્ષીઓ રજૂ કરવાની, છૂટ હતી. આગ ચાંપનાર કે હત્યા કરનાર માટે ૭૨ સાક્ષીઓની જુબાની જરૂરી બનતી; જ્યારે રાણી પર વ્યભિચારનો આરોપ મુકાતો ત્યારે તેનું ફરજંદ કાયદેસરના તેના પતિનું છે તે દર્શાવવા ૩૦૦ ઉમરાવોની સાક્ષી જરૂરી બનતી. નિર્દોષતા સાબિત કરવા આરોપીઓએ 'દિવ્ય'ની કસોટીમાંથી પસાર થવું પડતું.

ગૉલ જેવો મોટો અને સમૃદ્ધ રોમન પ્રાંત હાથ આવ્યા છતાં જંગલોમાં રહેનારા ફ્રાન્કો તો મોટાં નગરો છોડી ગ્રામ પ્રદેશોમાં જ વસવા લાગ્યા. આ જંગલી જર્મન સરદારો જૂના મહેલોનો ઉપયોગ તેમનાં ઢોર-ઢાંખરની કોઠ અને ઘોડાના તબેલા તરીકે કરતા. પ્રાપ્ત કરેલા મુલકો અને જાગીરોની વહેંચણી તેમના ટેકેદારોમાં કરવાથી જોતે દહાડે તેઓ તેના કાયમી માલિકો બની બેઠા અને સ્થાનિક નાગરિકો અને અસલ પ્રજાજનો તેમના ગુલામો, ખેત-મજૂરો કે ગણોતિયા બન્યા. રોમન સામ્રાજ્યના પતન બાદ સામંતશાહી-(ફ્યૂડલિઝમ)માં અંત પરિણમનાર ગ્રામ-આધારિત અર્થ અને સમાજવ્યવસ્થા આકાર લેવા લાગી. સમૃદ્ધ ગૉલપ્રદેશ ગ્રામ અને જંગલોમાં ફેરવાવા લાગ્યો અને રોમન નાગરિક સ્વાતંત્ર્યનો અંત આવ્યો. રૂપાળાં યુવક-યુવતીઓ ઘરના નોકર-ચાકર બન્યાં. સુથાર, લુહાર, દરજી, મોચી, ભઠિયારા, માળી, રંગરેજ અને સોના-રૂપાના ઘાટ ઘડનારાઓ તેમના આગવા વ્યવસાયમાં પરોવાયા. પરંતુ રૂપ અને કારીગરી બેમાંથી કશાયની વિશેષતા ન ધરાવનાર સાધારણ રોમન નાગરિક માલિકનાં ઢોર ચારી કે ખેતરમાં ખેતી કરી ગુલામીની અવસ્થામાં ધકેલાયો. આ ગુલામને સાંકળે બાંધી બીજા માલિકને હવાલે પણ મૂકવામાં આવતો. વખત જતાં, શિક્ષિત રોમનો ફ્રાન્કોના રાજ્યમાં વહીવટ અને ધર્મતંત્રના મહત્ત્વના હોદ્દા મેળવવા લાગ્યા. વિશિગોથના હાથમાંથી ગૉલપ્રદેશ ચાલ્યો જતાં વિશિગોથો સ્પેન તરફ વળ્યા અને તેના પ્રાંતો પર આધિપત્ય મેળવ્યું. આમ છતાં, ભૂમધ્ય અને ઍટલૅન્ટિકના પ્રદેશો પર પૂર્વની રોમન સમ્રાટની હકૂમત ચાલુ રહી.

ગૉલ અને સ્પેન અનુક્રમે ફ્રાન્કો અને વિશિગોથની હકૂમત હેઠળ આવ્યા, જ્યારે બ્રિટન સેક્સન-જર્મનોની હકૂમત હેઠળ ગયું. તેમની પછવાડે જ્યૂટ અને ઍંગલો પણ ગયા. સેક્સનો, ઍંગલો, પિક્ટો અને જ્યૂટો ઉપરાંત ફ્રિઝિયનો, ડેનો, પ્રુશિયનો અને બાલ્ટિક સુધી પહોંચેલા હૂણો પણ આ ટાપુ સુધી આવી ગયા. શૂરવીર બ્રિટશરોએ પરદેશીઓની ગુલામી સ્વીકારવા કરતાં ભાગી જઈ વેલ્સના પહાડો કે મેરોવિન્જિયન હકૂમતનું શરણું સ્વીકારવાનું વધુ પસંદ કર્યું. આ દક્ષિણ વેલ્સના રાજા આર્થરે બાર યુદ્ધોમાં આક્રમક ઍંગલો અને સેક્સનોને હરાવ્યા. વેલ્સની આ વીર-શૌર્ય કથાઓ બ્રિટનની અણમૂલી પૂંજી બની. પરંતુ બ્રિટનની અંદર તો બહારથી આવેલા જંગલી જર્મન આક્રમકોએ રોમનોએ ઊભી કરેલી સભ્યતાનો નાશ કર્યો. બાકી, ગૉલના વિજેતા ઍંગલો અને સેક્સનોએ રોમન અને તળપદા કાયદાની પરંપરા અને સંસ્થાઓનો નાશ કર્યો.

●

# ૨ : પૂર્વી અને પશ્ચિમી રોમન સામ્રાજ્યની એકતા

પૂર્વીય રોમન સામ્રાજ્યના કૉન્સ્ટેન્ટિનોપલમાં ૬૮ વર્ષનો જસ્ટિન–૧ (ઈ.સ. ૫૧૮–૫૨૭) સમ્રાટપદે આવ્યા બાદ નવેક વરસે વૃદ્ધાવસ્થાના કારણે ૪૫ વર્ષના ભત્રીજા જસ્ટિનિયનને રાજકારોબારમાં પોતાનો ભાગીદાર બનાવ્યો. આ ક્ષણથી જસ્ટિનિયને (૫૨૭–૭૫) પૂર્વના સામ્રાજ્ય પર લગભગ, ૪૮ વર્ષ સુધી એકધારું અને એકચક્રી રાજ્ય કર્યું. આ લાંબા સમયમાં અનેક મહત્ત્વના બનાવ બન્યા જેણે જસ્ટિનિયનને ઈતિહાસમાં મહાન સમ્રાટોની હરોળમાં મૂકયો. બર્બર જર્મન ટોળીઓના સરદારોનાં આધિપત્ય હેઠળ ગયેલા પશ્ચિમના રોમન પ્રાંતોમાં પુનઃ રોમન સત્તા સ્થાપીને પૂર્વ અને પશ્ચિમમાં વિભાજિત બનેલા રોમન સામ્રાજ્યને એક કરવાનો તેણે ભગીરથ પ્રયત્ન કર્યો. આમાં તે સફળ પણ થયો. આ સમ્રાટે રોમના પતનના સમયમાં જ્વલંત પ્રતિભાસંપન્ન રાજવી તરીકેનું કર્તવ્ય બજાવી રોમન કીર્તિની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરી સામ્રાજ્યમાં નવો પ્રાણ ફૂંકયો. પરંતુ તેની આંખ મીંચાતાં વળી પાછા આ પ્રાંતો સામ્રાજ્યમાંથી સરી ગયા. જસ્ટિનિયને સામ્રાજ્યની વેર-વિખેરની પ્રક્રિયાને કામચલાઉ થંભાવી ખરી, પણ તેને તે અટકાવી ન શકયો. પરંતુ બીજી એક ભગીરથ કામગીરીના પ્રતાપે તેનું નામ સ્મરણીય રહ્યું છે. તેણે રોમન કાયદાને સંશોધિત કરી જે નવું સ્વરૂપ આપ્યું એ આજે પણ તેના સ્મારક રૂપે છે. ફ્રાન્સની ક્રાંતિ બાદ નેપોલિયન-કોડે યુરોપમાં કાયદાનું માળખું ઘડયું ત્યાં સુધી સમસ્ત યુરોપનો કાયદો જસ્ટિનિયને સંશોધન, સંકલિત અને ગ્રંથસ્થ કરેલા રોમન કાયદા પર આધારિત હતો. મધ્ય યુગમાં વિદ્યાના પુનરુત્થાનનું જે પ્રસ્થાન થયું તેમાં યુરોપની વિદ્યાપીઠોમાં શીખવવામાં આવતા જસ્ટિનિયનના આ કાયદાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ફ્રાન્સના આ કાયદાનો અભ્યાસ કરેલા વહીવટકર્તાઓએ ફ્રાન્સને સામન્તશાહી અને ધર્મશાસનની પકડમાંથી મુક્ત કરી યુરોપમાં એક આગળ પડતું અને કાળક્રમે પ્રથમ રાષ્ટ્રીય રાષ્ટ્ર બનાવ્યું.



**રાજા જસ્ટિનિયન**
રેવન્નાના સાન વિટેલ ચર્ચમાં જડાવકળા (mosaic)માં જસ્ટિનિયન

જસ્ટિનિયનના શાસનની થોડીક વિગતે ઝાંખી કરીએ: તે ગાદીએ આવ્યો ત્યાર બાદ પાંચમા વર્ષે સરકસ-સ્થાન હિપોડ્રોમમાં ચાલતી રમતગમતો દરમિયાન થયેલાં ભારે તોફાનોમાં વિશાળ પાયા પર હિંસા અને આગના બનાવો બન્યા જેમાંથી ધર્મસ્થાનો, ઇસ્પિતાલો કે રાજમહેલો સુધ્ધાં બચવા ન પામ્યાં. આ હિંસા પાંચ દિવસ ચાલી. આ તોફાનમાંથી ભાગી છૂટવાનો જસ્ટિનિયને વિચાર કર્યો પરંતુ સરકસ અને નાટ્યગૃહોમાં પોતાનાં નખરાં અને મૂક અભિનયથી નાગરિકોનું મનોરંજન કરનારી શિથિલ ચારિત્ર્ય ધરાવનારી પણ સમ્રાટને પરણીને પટરાણી બનેલી થિઓડોરાએ–પતિની પડી ભાંગની હિંમતને ઠેકાણે આણી તેને કહ્યું:

"જન્મનારના લલાટમાં મરણ તો લખાયેલું છે, પણ જેના હાથમાં રાજ્યની લગામ છે, તેમના માટે સ્વમાન અને શાસન ચાલી ગયા બાદ જીવતા રહેવું યોગ્ય નથી. તમારે ભાગી છૂટવું હોય તો સામે સમુદ્ર પડેલો છે. બંદરમાં તમને લઈ જવા વાહનો પણ લાંગર્યાં છે, પણ જિંદગી બચાવવા જતાં, કાયમી દેશવટો અને કારમા મોતને ભેટવું પડશે. ભલે તમે ભાગી જાઓ, મારા માટે તો રાજગાદી એ જ મારી કબર બની રહેશે."

સમ્રાટ પર આની ધારી અસર થઈ અને તેણે હિપોડ્રોમ પર બેલિસેરિયસની આગેવાની હેઠળ લશ્કરી ટુકડીઓ મોકલી આપી. આ લશ્કરી ટુકડીઓએ ૩૦ હજાર નાગરિકોના પ્રાણ લઈ કૉન્સ્ટેન્ટિનોપલમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપી. આમ, જસ્ટિનિયનની ગાદીનો કાયમનો ભય ટળ્યો.

પશ્ચિમી યુરોપ પર જંગલી ટોળીઓનું આધિપત્ય સ્થપાયું હતું ત્યારે પણ જસ્ટિનિયનની હકૂમત ખેતી અને ઉદ્યોગની દૃષ્ટિએ સમૃદ્ધ એવા ૬૪ પ્રાંતો અને ૩૫ નગર પર કાયમ હતી. ઇજિપ્ત તેનો અન્નભંડાર હતું. અને સીરિયા નાગરિકોની કલાકારીગરીની જરૂર સંતોષતું. નાગરિકો ચીનથી આવતાં રેશમી વસ્ત્રો ધારણ કરતા. ચીનના એક રતલ જેટલા રેશમનાં વસ્ત્રનો શોખ ભોગવવા રોમન નાગરિક બાર અધોળ સોનાનું મૂલ્ય ચૂકવતો. ચીનના પૂર્વ કિનારેથી મોકલવામાં આવતું રેશમ ૨૪૦ દિવસની મુસાફરી કરી સમરકંદ અને બુખારાના વેપારીઓ દ્વારા સીરિયા પહોંચતું જ્યાંથી ઇટલીના વચલા દલાલો દ્વારા રોમનોના હાથમાં જતું. ત્યારે તેની ભારે કિંમત આપવી પડતી. આ વેપારવ્યવસાયમાં થતો નફો મૂર્તિપૂજક ટોળીઓના હાથમાં પડતો આનો પણ માર્ગ નીકળ્યો. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા ભારત, સિલોન અને છેક ચીન સુધી પહોંચેલા ખ્રિસ્તી મિશનરીઓએ દક્ષિણ ચીનના નાનકિંગમાં રેશમના કીડાનો ઉછેર ધ્યાનપૂર્વક નિહાળ્યો હતો. નાનકિંગ ગયેલા આ ખ્રિસ્તી મિશનરીઓ રેશમના કીડાનાં ઈંડાં તેમની પોલી લાકડીઓમાં છુપાવી યુરોપ લાવ્યા અને અહીં રેશમના કીડાનો ઉછેર શરૂ થયો. ચીનના રેશમના ઉદ્યોગે કૉન્સ્ટેન્ટિનોપલમાં નવું ઘર કર્યું. યુરોપમાં જ્યારે ચારે બાજુએ ઉદ્યોગ-ધંધા અને વેપાર-વણજ થંભી ગયા હતા, ત્યારે કૉન્સ્ટેન્ટિનોપલ આ રેશમઉદ્યોગ સમેત અનેક પ્રકારના ઉદ્યોગ-ધંધા અને વેપાર-વણજથી ગાજતું હતું. પુરોગામી સમ્રાટ એનેસ્ટેસિયસે કરકસરથી સર કરેલી રાજ્યની તિજોરીનાં નાણાં જસ્ટિનિયને યુદ્ધો ખેલવામાં અને રાજ્યભરમાં સ્થાપત્યો ઊભાં કરવામાં ખર્ચ્યાં; અને કરજનો ભારે બોજ અનુગામીના શિર પર મૂક્યો.

જસ્ટિનિયને ઊભાં કરેલાં સ્થાપત્યોમાં હેગિયા સોફિયાનું દેવળ મહત્ત્વનું છે. નવા પૂર્વીય રોમની આ નગરીમાં બાંધેલા આ દેવળમાં જસ્ટિનિયને શાશ્વત શાણપણની અધિષ્ઠાત્રી દેવી સોફિયાની પ્રાણપ્રતિષ્ઠા કરી. દેવળ બંધાતું હતું ત્યારે પ્રત્યેક દિવસના અંતે સમ્રાટ પોતે પ્રત્યેક કારીગરને ચાંદી રૂપે મજૂરી ચૂકવતો. વડા ધર્માચાર્યના હસ્તે દેવળની પ્રતિષ્ઠાની વિધિ કરવામાં આવી ત્યારે સમ્રાટે પોતાનાં અભિમાન અને ગર્વ વ્યક્ત કરતાં જણાવ્યું:

"આ મહાન કાર્ય પાર પાડવા માટે મને પ્રેરણા આપનાર પરમકૃપાળુ પરમાત્માનો હું પાડ માનું છું. અરે! સૉલોમન આજે તારો મારા હાથે પરાજય થયો છે."



સંત સોફિયાનું કૉન્સ્ટેન્ટિનોપલમાં આવેલું મહાન ચર્ચ જે હવે મસ્જિદમાં ફેરવાઈ ગયું છે.



બાઇઝેન્ટાઇન સામ્રાજ્યનાં સમયમાં થયેલી કેટલીક ઉત્તમ કલાત્મક બાંધકામની ભવ્ય ઇમારતો પૈકીનો સંત સોફિયાના દેવળનો : પ્રાર્થના-ખંડ.

## સમ્રાટ જસ્ટિનિયને બંધાવેલું સંત સોફિયાનું પ્રસિદ્ધ ખ્રિસ્તી દેવળ


જસ્ટીનીયનના તાબાનું બાઈઝેન્ટાઈન રોમન સામ્રાજ્ય
જસ્ટીનીયનના સમયમાં સૌથી વધુ વિસ્તાર પામેલું બાઈઝેન્ટાઈન રોમન સામ્રાજ્ય
એટલાંટિક મહાસાગર
બોર્ડો
લોમ્બાર્ડ્ઝ
અવર્સ
સ્લાવ
સિર્મિયમ
કાળો સમુદ્ર
કાસ્પિયન સમુદ્ર
માર્સેલ્સ
બાર્સેલોના
રોમ
બેલિયારિક
સેપ્ટ
મૂર્સ
બર્બર
ભૂમધ્ય સમુદ્ર
એથેન્સ
એલેક્ઝાંડ્રિયા
રાતો સમુદ્ર
અરબ
પર્શિયન અખાત

જેરુસલેમનું મંદિર બાંધનાર સૉલોમનને પરાસ્ત કરનાર આ રોમન સમ્રાટના ગર્વનું ખંડન, માંડ બે દાયકા વીત્યા હશે ત્યાં, ભૂકંપે દેવળની પૂર્વ પાંખ તોડીને કર્યું. (ઈ.સ. ૧૪૫૩માં ઓટોમન તુર્ક સુલતાન મહંમદ બીજાએ કૉન્સ્ટેન્ટિનોપલ જીતી પાછળથી હેગિયા સોફિયાના આ ખ્રિસ્તી દેવળમાંથી ખ્રિસ્તી ધર્મનાં પ્રતીકો દૂર કરી તેની ભીંતો પરનાં ખ્રિસ્તી સંતો અને બાઈબલની કથાઓ મૂર્ત કરતાં ભિત્તિ-ચિત્રો પર ચૂનો ધોળ્યો હતો.) જસ્ટિનિયને હેગિયા સોફિયા ઉપરાંત પાટનગર અને પ્રાંતોનાં અન્ય નગરોમાં ઘણા મહેલો, દેવળો, ઈસ્પિતાલો અને કિલ્લા બંધાવ્યાં હતાં.

પરંતુ, બીજી બાજુ, દુનિયાને મહાન કવિઓ, નાટ્યકારો, ચિંતકો, વિજ્ઞાનીઓ, કલાકારો તથા સોક્રેટીસ, પ્લેટો અને ઍરિસ્ટૉટલ જેવા દાર્શનિકો આપનાર; ગ્રીકવિદ્યા, વિજ્ઞાન અને સંસ્કૃતિના સ્રોતને જીવંત રાખનાર; ઍથેન્સના વિદ્યાધામ(અકાદમી)નાં દ્વાર આ ઝનૂની ખ્રિસ્તી સમ્રાટ જસ્ટિનિયને (ઈ. સ. ૫૦૨માં) સદાને માટે બંધ કર્યાં!

ઈરાનીઓ સાથે પાંચ વર્ષ નિષ્ફળ યુદ્ધો ખેલ્યા બાદ જસ્ટિનિયને આફ્રિકા પરથી વેન્ડાલોની સત્તા દૂર કરવા ધ્યાન આપ્યું. ગેલેમીર નામના સેનાપતિએ વેન્ડાલ રાજવી ગેન્સેરિકના અનુગામી હિલ્ડેરિકને દૂર કરી ગાદી સર કરી હતી. જસ્ટિનિયને પદભ્રષ્ટ રાજાનો પક્ષ લીધો અને ઈરાનના મોરચા પરથી પાછા ફરેલા બેલિસેરિયસનાં સૈન્યોને ઉત્તર આફ્રિકા મોકલ્યાં (ઈ.સ. ૫૩૩). ગેલેમીરે ભાગી છૂટવા અગાઉ હિલ્ડેરિક અને તેના પક્ષકારોની કતલ કરી. ઈ. સ. ૪૨૯માં વેન્ડાલો સ્પેનમાંથી ઉત્તર આફ્રિકામાં પ્રવેશ્યા, ત્યાર પછી ૧૦૫ વર્ષ બાદ જસ્ટિનિયનનાં સૈન્યોએ કાર્થેજ કબજે કર્યું. છેલ્લા મુકાબલામાં ગેલેમીર ભાગી ગયો અને વેન્ડાલ સૈન્ય વિખરાઈ ગયું. ઉત્તર યુરોપના બાલ્ટિકના કાંઠાના પ્રદેશ પરથી પરાક્રમ અર્થે નીકળી પડેલા વેન્ડાલો માંડ એક સદી આફ્રિકા પર પ્રભુત્વ ભોગવી ઇતિહાસમાંથી અદૃશ્ય થઈ ગયા. તેમાંના કેટલાક સ્વતંત્રતાના બંદાઓ બાલ્ટિક પરના બાંડુઓની ભેગા ગમે ત્યાંથી ભાગી છૂટવા કરતાં હવે વતન બની ગયેલા આફ્રિકાના મૂર સમાજમાં ભળી દારિદ્ર્ય ભોગવતા રહ્યા. આજે પણ કાળો વાન અને વાંકડિયા વાળવાળા મૂર સમૂહમાં લાંબા વાળવાળી અને ગોરા મુખવાળી વ્યક્તિ જોવા મળે તો નિશ્ચિત માનજો કે તે સ્વતંત્રતા માટે દારિદ્ર્યને બરદાસ્ત કરનાર વીરલા વેન્ડાલનો વંશજ હશે. જોકે શબ્દકોશમાં સંસ્કૃતિ-નાશ, ક્રૂરતા અને જંગાલિયતનો પર્યાય સમા ગણાયેલ વેન્ડાલો એક અલગ પ્રજા તરીકે સદાને માટે અલોપ થઈ ગયા.

ગેલેમીરે ખાલી કરેલા સિંહાસન પર બેલિસેરિયસ બેસવા માગે છે, તેવી જસ્ટિનિયનને ભંભેરણી થતાં તેણે બેલિસેરિયસને પાછો બોલાવી લીધો. કૉન્સ્ટેન્ટિનોપલના પ્રજાજનોએ વિજેતા સરદારનું ફૂલેકું કાઢી તેનો ભવ્ય સત્કાર કર્યો. ગૉથ લોકોએ વિટિજિયસને રોમનો રાજા જાહેર કર્યો. જ્યારે બીજી તરફ રોમના નાગરિકો, ધર્માચાર્યો અને સેનેટરોએ રોમના સામ્રાજ્યની પુનઃસ્થાપનાની અપેક્ષાએ ઇટલીને જંગલીઓના હાથમાંથી મુક્ત કરવા આવેલા જસ્ટિનિયનનાં સૈન્યો માટે રોમના દરવાજા ખોલી નાખ્યા (ઈ.સ. ૫૩૬). વિટિજિયસે રોમની પડોશમાં ઓચિંતો હુમલો કર્યો. અને બેલિસેરિયસ મહામહેનતે પોતાને તથા પોતાના સૈન્યને બચાવી શક્યો. જસ્ટિનિયને સીધી સુલેહ માટે વિટિજિયસ સાથે મંત્રણાઓ કરી. બેલિસેરિયસે તેનો વિરોધ કર્યો. બેલિસેરિયસ ઇટલીનું રાજવીપદ સ્વીકારવા તૈયાર થાય તો હથિયાર હેઠાં મૂકવાની વિટિજિયસે તૈયારી બતાવી. શાંતિની સ્થાપનાના હિતમાં બેલિસેરિયસે આ શરત સ્વીકારી. એની સામે પણ જસ્ટિનિયનને ભંભેરણી કરવામાં આવી. સમ્રાટે બીજી વાર બેલિસેરિયસને બોલાવી મંગાવ્યો અને ઈરાનના મોરચે મોકલ્યો.

જસ્ટિનિયનના સમકાલીન ઈરાનના ન્યાયી, ઉદારમતવાદી અને વિદ્યાવ્યાસંગી શહેનશાહ નૌશેરવાને 'શાશ્વત શાંતિ'ના કરારનો ભંગ કરી, મોરચો ખેલ્યો. સીરિયાના પ્રમુખ નગર એન્ટિયૉકને આગ ચાંપવામાં આવી. જસ્ટિનિયને બેલિસેરિયસને નૌશેરવાનની સામે મોકલ્યો. છેવટે ૫૦ વર્ષના શાંતિના કરાર થયા. આ

નૌશેરવાને ભારતમાંથી પંડિતોને બોલાવી પંચતંત્રનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો; જેમાંથી અરબી, સીરિયન અને હિબ્રૂ ભાષામાં અને છેવટે તેમાંથી સ્પૅનિશ, લૅટિન અને યુરોપની અન્ય ભાષાઓમાં તેના અનુવાદ થયા. આ જ શહેનશાહે ભારતમાંથી શેતરંજની રમતની જાણકારી મેળવી, ઈરાન મારફતે વિશ્વને તેની ભેટ આપી હતી.



રાજા જસ્ટિનિયન પોતાનો પ્રખ્યાત કાયદાશાસ્ત્રનો ગ્રંથ 'કોડેક્સ જસ્ટિન' ટ્રિબોનિયનને અર્પણ કરે છે.

જસ્ટિનિયનની હત્યા કરવાના કાવતરામાં બેલિસેરિયસને સંડોવવામાં આવ્યો. ઈટલીનો જ્યારે મુગટ મળનાર હતો ત્યારે તેણે સમ્રાટ પ્રત્યેની એકમાત્ર નિષ્ઠાથી પશ્ચિમનો મોરચો છોડયો હતો. આવો આ બહાદુર સેનાપતિ લગભગ મરણ સમીપ પહોંચેલા સમ્રાટ(જસ્ટિનિયન)ની હત્યા કરવાનું વિચારે તે માની ન શકાય. બેલિસેરિયસને બંદીખાને પૂરવામાં આવ્યો. અંતે, પાટનગરમાં 'તમારા સરદારને રોટી આપો' એવી ટહેલ નાખતાં તેણે શેષ જીવન પૂરું કર્યું.

અનેક દોષો છતાં જસ્ટિનિયન મહાન વ્યકિત હતો, કુશળ વહીવટકર્તા હતો, સંગીતજ્ઞ હતો; સ્થાપત્ય, કાવ્ય, દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને કાયદાશાસ્ત્રમાં પ્રવીણ હતો. અંગત જીવનમાં તે સ્વચ્છ, સંયમી અને મિલનસાર હતો. જંગલી ટોળીઓના હાથમાં પડેલા રોમન પ્રદેશોને તે પાછા મેળવી શકયો.

અગાઉ કહ્યા પ્રમાણે, કાયદાના સંશોધનનું તેનું કાર્ય તેની કાયમી કીર્તિરૂપ બન્યું. પ્રાચીન રોમના કાયદા બાર તકતીઓમાં લખવામાં આવ્યા હતા. તેમાં અનેક પ્રકારના કાયદા, વહીવટી ફરમાનો, પરંપરાઓ, રીત-રિવાજો ઈત્યાદિ હતાં. સેનેટના હુકમો, મૅજિસ્ટ્રેટના ચુકાદા, રોમના સેન્સરો, કૉન્સલો, સૈન્યોના સેનાપતિઓ, રાજવીઓની ઇચ્છાઓ : આ સૌ કાયદાનું મહત્ત્વ મેળવતાં થયાં. સમ્રાટનાં નવાં નવાં અનુદાનો, ફરમાનો, હુકમો, મંજૂરીઓ વગેરે ખાસ રંગની (પર્પલ) શાહીથી લખવામાં આવતાં તે બધાં ખાનગી કાનૂન તરીકે પ્રાંતો પર મોકલી આપવામાં આવતાં. ઉપર કહ્યાં તેવાં ફરમાનો, કાનૂનોની સંખ્યા વધવા લાગી. આ બધાંને વખતોવખત ગ્રંથબદ્ધ કરવામાં આવતાં. કૉન્સ્ટેન્ટાઈન અગાઉના પેગન રાજવીઓના સમયનાં ફરમાનો, કાનૂનો ઈત્યાદિનેય ગ્રંથસ્થ કરવામાં આવ્યા હતા. ખ્રિસ્તી રાજવીઓનાં ફરમાનો અને કાનૂનોને થિઑડૉશીયસે (ઈ. સ. ૩૭૯–૯૫) ગ્રંથબદ્ધ કર્યાં હતાં. આ સિવાયનાં ગ્રંથસ્થ થયાં ન હોય તેવાં હુકમો, ફરમાનો કે કાનૂનોનો અમલ બંધ પડયો હતો. એકંદરે, કાયદાઓનો અમલ તથા તેનું અર્થઘટન જુદા જુદા સમયે, જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે થતું. શરૂઆતમાં કાયદા-પંડિતો રોમના બજારમાં, ગુજરી કે જાહેર સભામાં ઘૂમતા અને કોઈને તેમની સલાહની જરૂર પડે તેમને સલાહનો લાભ આપતા હતા. આવા 'વકીલો' પાછળથી શહેર-સલાહકાર તરીકે ઘૂમવાને બદલે પોતાના આંગણે અસીલોની રાહ જોતા થયા. આવી રીતે કાયદાશાસ્ત્રીઓ અને કાયદા-પંડિતોનો વર્ગ ઊભો થયો. આમાંથી જ કાયદાની તાલીમ અને કાયદાના ગ્રંથોનું નિર્માણ થયું.

જસ્ટિનિયન ગાદીએ આવ્યો ત્યાં સુધી રોમન કાયદા, ફરમાનો, હુકમો, રૂઢિ-રિવાજો ઈત્યાદિનો એવો તો ગંજાવર ઢેર જામ્યો હતો કે તેનું સંશોધન કરી તેને એક સૂત્રે ગૂંથી ગ્રંથબદ્ધ કરવાનું અનિવાર્ય બન્યું હતું. જેમને કાયદાનો અમલ કરવાનો હતો તેમને જંગલ બનેલા કાયદા વિશે સામાન્ય જ્ઞાન સુધ્ધાં ન હતું. જસ્ટિનિયને દસ સૈકા દરમિયાન ઊભા થયેલા કાયદા-કાનૂનના જંગલને સાફ કરી, તેમાં સંસ્કૃતિ અને વિકાસને અનુરૂપ વ્યવસ્થા લાવવાનું ભગીરથ કાર્ય અસાધારણ પ્રતિભા ધરાવનાર નાગરિક ટ્રિબોનિયન તથા નવ સલાહકારોને સુપરત કર્યું. ચૌદ મહિનાના કાળજીભર્યા શ્રમ અને અભ્યાસ બાદ આ દસ વિદ્વાનોએ તેમને સોંપાયેલું કાર્ય બાર ગ્રંથોમાં પૂરું કર્યું. આમ, બાર ગ્રંથો જસ્ટિનિયન કાનૂન('કોડેક્સ જસ્ટિનિયન')ના નામે પ્રગટ થયા (ઈ. સ. ૫૩૩). તેની નકલો યુરોપ, આફ્રિકા અને એશિયાના રોમન પ્રાંતોના મૅજિસ્ટ્રેટો પર મોકલી આપવામાં આવી.

આ કાર્ય ઉપરાંત એક વધુ મહત્ત્વનું કાર્ય પાર પાડવાનું બાકી હતું. અગાઉ થઈ ગયેલા રોમન કાયદા-પંડિતોનાં મંતવ્યો, નિરૂપણો, અર્થઘટનો, પરંપરાઓ, નિર્ણયો, વિવાદો વગેરેનું સંશોધન કરી તેમાંથી માર્ગદર્શક સાર તૈયાર કરવાની જવાબદારી પણ ટ્રિબોનિયનને સુપરત કરવામાં આવી, જેમાં તેણે ૧૭ પંડિતોનો સાથ લીધો. આ મંડળીએ ૪૦ જેટલા વિદ્વાન પુરોગામીઓના ગ્રંથો તપાસ્યા, બે હજાર નિબંધોનું પરિશીલન કર્યું. લગભગ ૩૦ લાખ વાક્યોનો દોઢ લાખ વાક્યોમાં સમાવેશ કરી ૫૦ સંક્ષિપ્ત પુસ્તકો તૈયાર કર્યાં. આ સાહિત્ય 'ડાઈજેસ્ટ' કે 'પેન્ડેક્ટ્સ' કહેવાયું.

ઉપર પ્રમાણે બે ગ્રંથોની શ્રેણીઓના આધારે કાયદાના વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદરૂપ થાય તેવો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો, જે 'ઇન્સ્ટિટ્યૂટ્સ ઑફ જસ્ટિનિયન' નામે જાણીતો બન્યો. આ ગ્રંથ રોમ, કૉન્સ્ટૅન્ટિનોપલ તથા બેરિસ્ટરની વિદ્યાપીઠો અને પાછળથી બોલોના અને યુરોપની પ્રમુખ વિદ્યાપીઠો તથા ભારત સુધ્ધાંમાં રોમન કાયદાના અભ્યાસ માટે પાઠ્યપુસ્તક બન્યો.

જસ્ટિનિયનના રાજઅમલ દરમિયાન જે કંઈ કાયદા, અધ્યાદેશો, હુકમો, ચુકાદા વગેરે પ્રગટ થયાં હતાં તેને પણ 'કૉર્પસ જૂરિસ સિવિલીસ' અથવા 'નૉવલ્સ'ના નામે ગ્રીક ભાષામાં પ્રગટ કરવામાં આવ્યા. 'કોડેક્સ જસ્ટિનિયન'નું છ વર્ષમાં પુનઃસંસ્કરણ કરવામાં આવ્યું. ૧૬ 'ઍડિક્ટો' અને ૧૬૮ 'નૉવલ્સ'ને દીવાની કાયદા તરીકે માન્ય કરવામાં આવ્યા.

જસ્ટિનિયને કાયદો કરી સ્વતંત્ર બનનાર પ્રત્યેક ગુલામને વિના મૂલ્યે સ્વતંત્ર નાગરિકનો દરજ્જો અને હક આપ્યા.

આમ છતાં, ઇટલીમાં વળી કટોકટી ઊભી થતાં જસ્ટિનિયને પુનઃ બેલિસેરિયસને ઇટલી મોકલ્યો પણ તેને સૈનિકો અને સરંજામની મદદ ન મળી. છેવટે કૉન્સ્ટૅન્ટિનોપલના રાજમહેલના વ્યંઢળ નાર્સિસને રોમન સૈન્યની સરદારી સોંપવામાં આવી અને ત્યાર પછી ખેલાયેલા યુદ્ધમાં ગોથ સરદાર મરાયો અને રોમનો કબજો લેવાયો. ૧૩૦૦ વર્ષ બાદ રોમની સેનેટને વિદાય આપવામાં આવી. ૬૦ વર્ષ બાદ ગોથ રાજાનું સ્થાન લેનાર રોમન સમ્રાટના પ્રતિનિધિએ રેવેન્નામાં સ્થાન લીધું.

જસ્ટિનિયન બાદ આવેલા જસ્ટિન–૨જા(ઈ. સ. ૫૬૫–૭૮)ની સામ્રાજ્ઞીએ વ્યંઢળ નાર્સિસને પુરુષો-ચિત વ્યવસાય છોડી રાણીઓના જનાનખાનામાં રેંટિયો હાથ ધરવાનો હુકમ કર્યો; તેના જવાબમાં નાર્સિસે કહેવડાવ્યું : "એવું તો હું સૂતર કાંતીશ કે જેની ગૂંચ ઉકેલવાનું સામ્રાજ્ઞીને ભારે પડશે." નાર્સિસે નેપલ્સ જઈ જંગલી લોમ્બાર્ડો (જેમની દાઢી લાંબી હતી તેવો અર્થસૂચક શબ્દ) જાતિને ઇટલી પર આક્રમણ કરવાનું આમંત્રણ આપ્યું. આલ્પ્સ વટાવી લોમ્બાર્ડોએ ઉત્તર ઇટલીનું મેદાન કબજે કર્યું, જે આજે પણ લોમ્બાર્ડીના નામે ઓળખાય છે. લોમ્બાર્ડ રાજવીએ ગેપિડે નામની ટોળીના રાજવીને હરાવી તેની ખોપરી બનાવી તેમાં દારૂ ભરી તેની દીકરી(જેને પોતે પરણ્યો હતો.)ને પીવા આપી. પરંતુ રાણીએ લોમ્બાર્ડ પતિનું ખૂન કરી પિતાનું વેર લીધું. રોમન સામ્રાજ્યના ભંગાર પર જે અનેક જંગલી પ્રજાઓનાં રાજ્યો સ્થપાયાં તે સૌમાં લોમ્બાર્ડોનું રાજ્ય પ્રમાણમાં વધારે ન્યાયી અને ઉદાર હતું.

ઑસ્ટ્રોગોથ, લોમ્બાર્ડ અને બીજી જંગલી પ્રજાઓનાં આક્રમણો અને આધિપત્યના પરિણામે છઠ્ઠી સદી પૂરી થવા આવી ત્યાં સુધી રોમની પડતીની પરાકાષ્ઠા આવી ગઈ. રોમની ચડતી-પડતીનું આલેખન કરનાર મહાન ઇતિહાસકાર ગિબન લખે છે :

> "જે મહાન વૃક્ષની છાયા હેઠળ બેસી વિશ્વભરની પ્રજાઓ નિશ્ચિંતતા અનુભવતી, તેનાં ડાળાં-પાંખડાં ખરી ગયાં હતાં અને પોષણ વિનાનું જમીન પર ઊભું રહેલું તેનું થડિયું સૂકું-ભંઠ થઈ રહ્યું હતું."



શાર્લમેનનું સામ્રાજ્ય ઈ.સ. ૮૧૪
ઉત્તર સમુદ્ર
ઈંગ્લેંડ
લંડન
આયર્લેંડ
બાલ્ટિક સમુદ્ર
ઓસ્ટ્રેશિયા
એક્વિટેનિયા
લોમ્બાર્ડિ
અવાર્સ
મેગિયાર્સ
સર્બ્સ
કાળો સમુદ્ર
કોન્સ્ટેન્ટિનોપલ
કોર્ડોવા
ભૂમધ્ય સમુદ્ર
શાર્લમેનનું સામ્રાજ્ય
બાઇઝેન્ટાઇન સામ્રાજ્ય

# ૩ : મહાન શાર્લેમન



મહાન શાર્લેમન

પૂર્વમાં બલ્ગરો, સ્લાવો, અવારો, તુર્કો અને આરબો હલ્લા કરી રહ્યા હતા, ત્યારે પશ્ચિમમાં રોમન સામ્રાજ્યના પ્રાંતો ઉપર જુદી જુદી જર્મન પ્રજાઓએ કરેલા હલ્લાઓમાં ફ્રાન્ક–જર્મનો વધારે બળવાન અને વધારે વિસ્તૃત પ્રદેશો પર પોતાની હકૂમત સ્થાપી સ્થિર બન્યા હતા. અત્યારનાં ફ્રાન્સ, જર્મની, બેલ્જિયમ અને નેધરલૅન્ડ્ઝના મોટા ભાગના પ્રદેશો પર ફ્રાન્કોએ તેમનો કબજો જમાવ્યો હતો. ફ્રાન્કોએ કૅથલિક ખ્રિસ્તી સંપ્રદાય સ્વીકાર્યો હોઈ અન્ય જર્મન સરદારો અને રાજ્યભરની તુલનામાં સ્થાનિક રોમન ખ્રિસ્તી પ્રજાજનો સાથેના તેમના સંબંધો વધારે સારા બન્યા હતા. જસ્ટિનિયને અગાઉના રોમના હસ્તકની રોમન સત્તાની પુનઃસ્થાપના કરી હતી તેમ છતાં, ૨૦ વર્ષનાં યુદ્ધમાં ઇટલી જીર્ણ-શીર્ણ બની ગયું હતું. કૉન્સ્ટૅન્ટિનોપલના પ્રતિનિધિઓ ઇટલી પરના લોમ્બાર્ડોનાં આક્રમણોને ખાળી શક્યા નહીં.

છઠ્ઠી અને સાતમી સદીઓ દરમિયાન ફ્રાન્ક–જર્મનો અને રોમનો વચ્ચે ભેદ-દર્શક કારણો અદૃશ્ય થતાં બંને પ્રજાઓની સંસ્થાઓ અને સંસ્કૃતિઓનો સમન્વય વેગવાન બનાવ્યો. બંને માટે સમાન રૂઢિ-રિવાજ, પરંપરા અને કાયદા-કાનૂનો ઊભાં થયાં. ઈ. સ. ૬૩૪માં સ્પેનના વિશિગોથ રાજવીએ જર્મનો અને રોમન પ્રજાજનો માટે સમાન કાયદો ઘડયો. બંને પ્રજાઓ વચ્ચે આંતર્‌લગ્નો વ્યાપક બન્યાં, અને એકબીજાં વચ્ચેનો વિરોધ ટળવા લાગ્યો.

ક્લૉવિસના મૃત્યુ (ઈ.સ. ૫૧૧) બાદ રાજ્ય તેના દીકરાઓ વચ્ચે વહેંચાયું. તેથી રાજ્ય નબળું પડયું અને તેમના મુખ્ય અધિકારી – મેયર ઑફ પૅલેસના હાથમાં સર્વ સત્તા આવી. આવો મેયર પેપિન – ૨જો ગૉલનો રણી-ધણી થઈ પડયો. આજ વંશના મેયર ચાર્લ્સ માર્ટેલે (ઈ.સ. ૭૧૪–૪૭) તુર્સના યુદ્ધમાં ઈ.સ. ૭૩૨માં મુસ્લિમોને હરાવી યુરોપ પરના આરબ ભયને સદાને માટે ટાળ્યો હતો.

લોમ્બાર્ડોએ સમગ્ર ઇટલી જીત્યું નહિ તોપણ તેમની પજવણી શરૂ કરી. રોમનો રોમને બચાવી શક્યાં નહિ. પરિણામે રોમ વેરાન બન્યું એટલું જ નહિ, પણ તેમાંથી જ્ઞાન અને સદ્‌ગુણ પણ પરવારી ગયાં. રોમમાંથી સમ્રાટ સદાને માટે વિદાય થયો હતો. મિલાન કે રેવન્નામાં બેઠેલો કૉન્સ્ટૅન્ટિનોપલનો પ્રતિનિધિ લોમ્બાર્ડોનાં આક્રમણોમાં રોમની વહારે આવી શક્યો નહિ. આ પરિસ્થિતિમાં રોમની નજર તેના વડા ધર્મા-ચાર્ય તરફ વળી.

દરમિયાન કૉન્સ્ટૅન્ટિનોપલના સમ્રાટપદે મૂર્તિભંજક લિયો–૩જો (ઈ.સ. ૭૧૧–૪૧) આવ્યો. તેણે મૂર્તિપૂજા સામે ઝુંબેશ શરૂ કરી, જે વધતી-ઓછી ક્રૂરતા સાથે બે સદી સુધી ચાલી, જેના પરિણામે પૂર્વ અને પશ્ચિમનું ભંગાણ કાયમી બન્યું. કૉન્સ્ટૅન્ટિપોપલના વડા ધર્માચાર્ય પેટ્રિયાર્કે મૂર્તિભંજક કાર્યક્રમનો વિરોધ



**ચાર્લ્સ માર્ટેલ : તુર્સના યુદ્ધમાં (ઈ. સ. ૭૩૨) મુસ્લિમોને હરાવી યુરોપ પરના આરબ ભયને સદાને માટે ટાળ્યો હતો.**

કર્યો તેથી તેને આચાર્યપદેથી દૂર કરવામાં આવ્યો. મૂર્તિઓનો નાશ કરવાના હુકમો છૂટયા અને મૂર્તિપૂજકો પર અત્યાચારો શરૂ થયા. આ વિવાદમાં રોમનોએ મૂર્તિપૂજાનો પક્ષ કરનાર રોમના વડા ધર્માચાર્ય પોપને ટેકો આપ્યો અને કૉન્સ્ટેન્ટિનોપલના પોતાને ત્યાંના પ્રતિનિધિને મારી નાખ્યો. આ સમય દરમિયાન સતત આક્રમણો કરનાર લોમ્બાર્ડોનો રાજા લ્યુતપાન્ડ છેક વેટિકન સુધી આવી પહોંચ્યો. પોપ ગ્રેગરી – ૨જાએ લ્યુતપાંડને શાંત કર્યો. પરિણામે, લોમ્બાર્ડ સૈન્યો લોમ્બાર્ડો પાછાં હઠયાં. આમ છતાં લ્યુતપાન્ડ પછી પણ લોમ્બાર્ડોનો ત્રાસ ઘટયો નહિ. આથી ત્રાસી, ગ્રેગરી–૨જાએ આલ્પ્સની પેલી પારના ફ્રાન્ક સત્તાધીશો સમક્ષ ધા નાખી. ચાર્લ્સ માર્ટેલનો અનુગામી પેપિન રોમની વહારે ધાવા તત્પર બન્યો. પરંતુ તે મેયર હતો – રાજવી ન હતો – પણ સઘળી સત્તા તેના હાથમાં હોઈ વાસ્તવિક રાજવી બનવા માગતો હતો. આથી ખરી સત્તા ધારણ કરનાર રાજવી કહેવાય કે રાજગાદી પર બેસનાર તેવો તેણે પોપને સવાલ કર્યો. પોપે પેપિનને અનુકૂળ ઉત્તર આપ્યો.

છેલ્લો મેરોવિન્જિયન રાજા દીક્ષા લઈ નિવૃત્ત બન્યો અને પેપિને કેરોલિન્જિયન વંશની સ્થાપના કરી. પોપ સ્ટીફને તેનો રાજ્યાભિષેક સુધ્ધાં કર્યો; જેના બદલામાં પેપિન પોપની વહારે ધાયો. લોમ્બાર્ડોએ સુલેહ કરી લીધેલા મુલકો સુપરત કર્યા પણ પેપિનની પૂંઠ ફરતાં તેમણે વળી હલ્લા શરૂ કર્યા. પોપ સ્ટીફને સંત પીટરના નામે ફ્રાન્ક રાજવીની સહાય માગી અને ૨૦ વર્ષની શાન્તિ બાદ ફરી લોમ્બાર્ડોએ રોમ પર આક્રમણ કર્યું. પોપ હેડ્રિયને પેપિનના પુત્ર ચાર્લ્સ(ઈતિહાસપ્રસિદ્ધ શાર્લમન)ની સહાય માગી. ચાર્લ્સે લોમ્બાર્ડો રાજાને હરાવી (ઈ. સ. ૭૭૪) પાવિયામાં જઈ લોમ્બાર્ડોના રાજાનો મુગટ ધારણ કર્યો. રોમમાં તે પ્રવેશ્યો ત્યારે રોમન પ્રજાજનોએ તેને મુક્તિદાત તરીકે વધાવી લીધો. પેપિને કૉન્સ્ટેન્ટિનોપલની હકૂમત હેઠળના પ્રદેશોની પોપને ભેટ ધરી હતી, તેને ચાર્લ્સે મંજૂર રાખી. આ પછી ચાર્લ્સે ચાર વાર વેટિકનની યાત્રા કરી. રક્ષણહારનો ભાગ ભજવનાર આ રાજવીના હકદાવાની પોપ અવગણના કરી શકયો નહિ.

કૉન્સ્ટેન્ટિનોપલના પેટ્રિશિયનના ગૌણ પદ પરથી ચાર્લ્સને શાર્લમન તરીકે સાર્વભૌમ સમ્રાટપદે સ્થાપી, તેની કૃપાછાયા હેઠળ પોતાની ધર્મસત્તાને પ્રબળ બનાવવાની તક પાસે આવતી પોપે જોઈ. હેડ્રિયન (પોપ)ના અનુગામી લિયો–૩જાએ રોમ નગરીનો ધ્વજ, સંત પીટરની કબરની ચાવીઓ, સેંટ પીટરની કબૂલાત અને રોમન લોકોની નિષ્ઠાનો સ્વીકાર કરવા કોઈ પ્રતિનિધિને મોકલી આપવાની ચાર્લ્સને વિનંતી કરી. ઈ. સ. ૭૯૮માં લિયો–૩જાની સવારી નીકળી ત્યારે હથિયારધારી ટોળાંએ તેના પર હુમલો કર્યો. પોપ મરી ગયાનું માની હુમલાખોરો ભાગી છૂટયા. પોપ ભાનમાં આવતાં તે ચાર્લ્સ પાસે પહોંચી ગયો. ચાર્લ્સે તેને રક્ષણ હેઠળ રોમ પાછો રવાના કર્યો.

આઠમી સદીના છેલ્લા વર્ષ ઈ. સ. ૮૦૦ની નાતાલના દિવસે સંત પીટરના દેવળમાં ચાર્લ્સ ફ્રાન્ક રાજવીના પોશાકને બદલે રોમન પેટ્રિશિયનનો પોશાક પહેરી દર્શનાર્થે ગયો. દેવળના મુખ્ય આસન પર પોપ વિરાજમાન હતો. ચાર્લ્સ ઘૂંટણીએ પડીને વંદન કરવા જતો હતો, બરાબર તે જ ક્ષણે પોપ આસન પરથી ઊઠી ચાર્લ્સ તરફ ગયો અને ચાર્લ્સ ઊભો થવા જાય તે અગાઉ જ તેણે — રોમન સામ્રાજ્યનો નાશ કરનારા જંગલી જર્મનોના આ સરદાર — ચાર્લ્સના મસ્તક પર રોમના સીઝરોએ (શહેનશાહોએ) ધારણ કરેલો રાજમુગટ પહેરાવ્યો અને ચાર્લ્સ(હવેથી 'શાર્લમન')નું અભિવાદન કર્યું. દેવળમાં હાજર રોમનોએ પોકાર કર્યો: "ઈશ્વરે જેના શિર પર રાજમુગટ પહેરાવ્યો છે તે ચાર્લ્સ (શાર્લમન) દીર્ઘાયુ હો, ચાર્લ્સ – ઑગસ્ટસનો વિજય હો, વિજય હો."

**શાર્લમનની શાળા**

રાજા વારંવાર શાળાના વર્ગની અણધાર્યી મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછીને તેમનાં જ્ઞાનની ચકાસણી કરી લેતો.

દેવળની બહાર ઊભેલા વિજેતા શાર્લમનના સાગરિત ફ્રાન્કોએ આ પોકાર ઝીલી લીધો, જેમાં પરાજિત રોમનોએ પોતાનો પોકાર ઉમેરી મોટો નિનાદ જગાવ્યો. જર્મનો અને રોમનોની એકતા દૃઢ થઈ. ઈતિહાસે કરવટ બદલી, રોમે ગુમાવેલું સામ્રાજ્ય પુનઃ પ્રાપ્ત થયું. આ ઐતિહાસિક પ્રસંગે પશ્ચિમ પરની કૉન્સ્ટૅન્ટિનોપલ ઉપરની સત્તાને સદા માટે દૂર કરી અને રોમન પ્રજાજનોએ ઑગસ્ટસ તરીકે તેને વધાવી લીધો. આમ, પોપ અને પ્રજા બંનેની મહોર લાગી ગઈ.



શાર્લમન બનેલા ચાર્લ્સને, જે સ્થાન હકનું હતું, જેના માટે તેણે પાત્રતા કેળવી હતી, તે તેને સહેજે મળી ગયું એમ માન્યું. ત્યારે, પોપને લાગે વળગે છે ત્યાં સુધી તેણે ગમે તેને સમ્રાટ બનાવવાની પોતાની

સત્તાનો અધિકાર અજમાવી, દુન્યવી સત્તા કરતાં ધર્મની સત્તા સર્વોપરી સ્થાપિત થવાનો સંતોષ લીધો. દુન્યવી રાજવી અને ધર્મશાસનનો વડો બેઉની આ પ્રસંગની માન્યતા – સમ્રાટને મન એક બાજુ પદનો સ્વાભાવિક હક; અને બીજી બાજુ, તેના પરની ધર્મની સર્વોપરીતા–વચ્ચે સંઘર્ષોનાં બીજ આ જ ક્ષણે નંખાયાં. આ પછી સમ્રાટ અને પોપ વચ્ચે જે સંબંધો બંધાયા, તેમાં સ્વાર્થ અને પરમાર્થ ભળતાં મધ્યયુગી યુરોપમાં રાજકીય નખ્શા પર શકવર્તી પરિવર્તનોની હારમાળા શરૂ થઈ. શાર્લમન લોમ્બાર્ડોના પ્રદેશો મેળવી તેનો રાજવી બનવા ઉપરાંત પોપની હકૂમત હેઠળના પ્રદેશોનો પણ રાજવી બનતાં, સમગ્ર ઇટલીનો રાજવી બન્યો. કૉન્સ્ટૅન્ટિનોપલ સાથેના વ્યવહારમાં તેણે સમાનતાનો દરજ્જો મેળવ્યો. પૂર્વ અને પશ્ચિમી રોમન સામ્રાજ્ય એક જ રાજમુગટ હેઠળ આવે તેવી – શાર્લમન અને કૉન્સ્ટૅન્ટિનોપલની આઈરિનના લગ્નની – એક દરખાસ્ત આવી. પરંતુ આ અંગે રોમનો પ્રતિનિધિ કૉન્સ્ટૅન્ટિનોપલ પહોંચે તે અગાઉ આઈરિન પદભ્રષ્ટ થઈ ગઈ હતી. શાર્લમને ફ્રાન્કોની રાજકીય હકૂમત અને કૅથલિક સંપ્રદાયના વર્તુળની બહાર રહી જવા પામેલા જર્મન વંશના સેક્સનો પર પ્રભુત્વ મેળવી સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. સ્લાવોને પણ અંકુશ હેઠળ આણી ક્રોશિયા, પૅનોનિયા, મોરેવિયા અને બોહેમિયાનાં સ્લાવ રાજ્યો પાસે ફ્રાન્કની સર્વોપરીતાનો સ્વીકાર કરાવ્યો. પૂર્વ પર વિજય મેળવી, મુસ્લિમ હકૂમત હેઠળના સ્પેન તરફના પ્રદેશ તરફ જવાની તેણે પ્રવૃત્તિ આદરી; પણ આમાં તે નિષ્ફળ ગયો. તેનાં સૈન્યો પર બાસ્ક અને અન્ય પહાડી લોકો તૂટી પડયા. આમાં તેનો સરદાર રોલૅન્ડ માર્યો ગયો. રોલૅન્ડનાં પરાક્રમોની ગાથા ગાતું શાંસોં દ રોલૅન્ડ' નામનું મહાકાવ્ય વિશ્વ સાહિત્યમાં અનોખું સ્થાન પામે છે. (જુઓ જ્ઞાનગંગોત્રી ગ્રંથ ૮, પાનું ૩૦૫) પરંતુ શાર્લમને તેના જેવા જ પ્રતાપી મુસ્લિમ રાજવી બગદાદના હારુન અલ રશીદની સાથે મૈત્રીનો સંબંધ જોડયો. હારુને પણ કીમતી ભેટો મોકલી એ સંબંધને સુદૃઢ બનાવ્યો (વિગત આ ગ્રંથના ખંડ–૨માં).

જે સમયમાં શાર્લમન થઈ ગયો તે સમયનાં સાર્વત્રિક અજ્ઞાન અને નિરક્ષરતામાં તે જાણે અનુભવની વિદ્યાપીઠનો સ્નાતક હતો. નિત્યના રાજકાજથી પરવારી મધરાતના પણ ઓશિકા હેઠળ રાખેલાં પુસ્તકોના અક્ષરો ઉકેલવાનો તે પરિશ્રમ કરતો. નિરક્ષર હોવા છતાં તેણે રાજવી કુટુંબ અને દરબારીઓનાં બાળકો માટે શાળા સ્થાપી હતી. અને તેની સઘળી જવાબદારી તેના પ્રિય અંગ્રેજ વિદ્વાન આલ્કયુઇનને સોંપી તેણે ખેડૂતોનાં બાળકોને ભણાવવા ધર્માચાર્યોને આદેશ આપ્યો.

તેણે ડયૂકો અને કાઉન્ટો દ્વારા વહીવટ ચલાવ્યો. નવા પ્રાંતોના 'માર્ચીસ' (વિભાગો) બનાવી તેનો કારભાર માર્ક્વિસોને સુપરત કર્યો. પોતાની હકૂમત હેઠળના પ્રદેશોના વહીવટ પર નજર રાખવા એક બિશપ અને બીજા એક નાગરિકની બનેલી 'મિસિડૉમિનિકી' નામની કમિટી રચી. તેની મારફતે વહીવટી પ્રશ્નોનો સ્થળ પર જ નિવેડો લાવવાનીય વ્યવસ્થા કરી. અમલદારો પરની તેની વિગતવાર સૂચનાઓ 'કૅપિચ્યુલરિઝ'ના નામે ઓળખાઈ. વહીવટી તંત્રમાં ધર્માચાર્યોને ડયૂકો, કાઉન્ટો અને માર્ક્વિસો જેટલું જ મહત્ત્વ અપાતું કેમ કે ખ્રિસ્તી દેવળો પણ મોટી જાગીરો ધરાવતાં અને સાર્વત્રિક નિરક્ષરતામાં ધર્માચાર્યો જ અક્ષરજ્ઞાન ધરાવતા હતા.

અનેકદેશીય પ્રતિભા ધરાવનાર આ યુગપ્રવર્તક રાજવીના જીવનની આસપાસ અનેક દંતકથાઓ અને ચમત્કારો વણાયેલાં છે. યુરોપના સાહિત્યમાં તે ભારતના વિક્રમાદિત્ય જેવું સ્થાન ધરાવે છે. અંગત ચારિત્ર્યમાં તે અનેક પત્નીઓ અને ઉપપત્નીઓનો પતિ, અનેક ઔરસ અને અનૌરસ સંતાનોનો અને ચારિત્ર્યભ્રષ્ટ કુંવારી કન્યાઓનો પિતા હોવા છતાં, ખ્રિસ્તી ધર્મના સંરક્ષક હોવાના નામે તેને સંત પદ આપવામાં આવ્યું છે. આવો પ્રતાપી સમ્રાટ ઈ.સ. ૮૧૪માં અવસાન પામ્યો. આ પછી તેના પુત્રો અને પ્રપૌત્રોનાં શાસનો નિષ્ફળ નીવડયાં અને ઈ.સ. ૬૮૮માં સ્થપાયેલા કૅરોલિન્જિયન વંશનો ઈ.સ. ૮૮૮માં, એટલે કે બે સદી બાદ અંત આવ્યો. એકંદરે, શાર્લમનના મરણ બાદની બે સદીઓ દરમિયાન સ્લાવો, બલ્ગરો, મેગિયારો, હૂણ વંશી હંગેરિયનો, નોર્સ તથા મુસ્લિમોનાં ચારે બાજુએ આક્રમણો થયાં. આ સમયને કેટલાક ઇતિહાસકારો યુરોપમાં મધ્ય યુગનો ખૂબ જ ખરાબ સમય ગણી તેને અંધાર યુગનું નામ આપે છે.

# ૪ : પવિત્ર રોમન સામ્રાજ્ય

પૂર્વ-ફ્રાન્ક(જર્મની)માં શાર્લમનના વંશનો અંત આવ્યો. બાદ હેનરી–૧ (હેનરી ફાઉલર ઈ. સ. ૯૧૮–૩૬) ગાદીએ આવતાં સેક્સનોના અમલમાં જર્મનીનું સંગઠન શકય બન્યું. જેમના હાથમાં વારસદાર માટેની વરણીની જવાબદારી હતી, તે પોપ અને સામંતોની સતત ડખલ ચાલુ રહી. પરિણામ એ આવ્યું કે ફ્રાન્સની સરખામણીએ (જે હવે પછી જોઈશું) જર્મનીમાં રાષ્ટ્રીય રાજાશાહીનો વિકાસ બહુ જ મોડો થયો.

પિતાએ શરૂ કરેલી પ્રદેશ વિસ્તારની પ્રવૃત્તિ હેનરી–૧લાના પુત્ર મહાન ઓટો–૧લા (ઈ. સ. ૯૩૬–૭૩)એ જોરદાર બનાવી. ઈ.સ. ૯૭૬માં ઓટો ગાદીએ આવતાં અસ્થિરતાનો અંત આવ્યો. તેણે શાર્લમને સ્થાપેલા રાજ્યનો દોર આગળ ચલાવ્યો. ઈ. સ. ૯૬૨માં પોપ જૉન–૧૨માએ રોમમાં ઓટો–૧લાને રાજમુગટ પહેરાવ્યો. ઈ. સ. ૮૦૦માં શાર્લમનની થયેલી તાજપોશીની આ પુનરાવૃત્તિ હતી. એથી કરીને જે નવી રાજવ્યવસ્થા ઊભી થઈ તે 'પવિત્ર રોમન સામ્રાજ્ય'ના નામે ઓળખાઈ. આ વ્યવસ્થામાં જર્મનીનો રાજવી જર્મની અને રોમ એમ બંનેનો રાજવી બન્યો. ઓટોએ બિશપોને મોટી મોટી જાગીરો આપી તેમને નાગરિકો તરીકેના કર-વેરાની જવાબદારીમાંથી મુક્ત કર્યા. અને ધર્માચાર્યોને વહીવટમાં અગત્યના હોદ્દા આપ્યા. આ નવીન વહીવટકર્તાઓ શાહી જાગીરોનો વહીવટ કરતા, પ્રવાસે જતા, રાજવીઓની સરભરા કરતા અને રાજ્યના પ્રતિનિધિઓ અને રિજન્ટોની ફરજો બજાવતા. આમ, રાજસત્તામાં ધર્મસત્તાનું નવું બળ ઉમેરાયું. ધર્માચાર્યો મોટા જાગીરદારો બન્યા. રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે સુમેળ રહ્યો ત્યાં સુધી આ વ્યવસ્થા સુખરૂપ ચાલી. પરંતુ, રાજસત્તા અને ધર્મસત્તા બેમાંથી કોણ મહત્ત્વનું અને સર્વોપરી, કોણ કોને અંકુશમાં રાખે એવા પ્રશ્નો ઉપસ્થિત થતાં આ સહકાર તૂટયો અને ઘર્ષણો શરૂ થયાં.

ઇટલીનો રાજવી લોથાર મરણ પામતાં તેની વિધવા એડેલહીડનો હાથ બેરેન્જર રાજાના પુત્ર એડાલ-બર્ટે માગ્યો, જેનો ઈન્કાર થતાં તેણે એડેલહીડને કેદ કરી. એડેલહીડે ઓટોની મદદ માગી. ઓટોએ ઇટલીમાં આવી એડાલબર્ટને ખાંડિયો બનાવી એડેલહીડને પોતાની રાણી બનાવી. આ સમયે ઇટલીમાં સંપૂર્ણ ગેરવ્યવસ્થા જામી પડી હતી.

શાર્લમનને ચાર સૈકા પહેલાં પોપની વહારે જવું પડેલું. બરાબર તેવા સંજોગો ઊભા થવા લાગ્યા. પોપનું અપમાન થતું, તેમને કારાગારમાં પૂરવામાં આવતા. વ્યભિચારી અને વેશ્યા જેવું જીવન ગુજારતી બે મહિલાઓ : મેરોઝિયા અને થિઓડોરા રોમના રાજકારણમાં ગંદી અસર પાડવા લાગી. મેરોઝિયાનો અનૌરસ પુત્ર સૈનિકોને પણ શરમ આવે તેવા સ્વચ્છંદ અને સંહારની લતે ચડી ગયો હતો. તેનાથી ડરીને સ્ત્રીઓ સેંટ પીટરના દેવળનાં દર્શને જતી અટકી. ઇટલીની આવી ભંગાર હાલતમાં મેરોઝિયાએ એક લેભાગુને તેના ત્રીજા પતિ બનવાનું આમંત્રણ આપ્યું. પહેલા લગ્નથી થયેલા તેના પુત્ર એલ્બેરિકે એક સમારંભમાં સાવકા પિતા બનવા આવેલાની સાથે મારામારી કરી. આ ધમાલમાં જૉન–૧૨મા તરીકે પોપ બનેલા એલ્બેરિક્ના પુત્રે ઓટોની મદદ માગી. જે જૉન–૧૨માના હાથે ઓટોએ તાજ પહેર્યો હતો તેને જ પદભ્રષ્ટ કરી તેણે પોતાની પસંદગીના લૂઈ–૮માને પોપ બનાવ્યો. રોમનો વ્યભિચારી પોપને દૂર કરી શકયા પણ ઓટોના સૈનિકોની જોહુકમીનો ભોગ બન્યા. ઓટોની પૂંઠ ફરતાં જૉન–૧૨મો પાછો ફર્યો અને તેણે પોતાની પસંદગીની વ્યકિતને પોપ બનાવ્યો. પદભ્રષ્ટ પોપ લૂઈએ ઓટોની સહાય માગી. ત્રણત્રણ વાર બળવા શમાવ્યા છતાં ઓટો કે તેના અનુગામીઓ રોમ કે ઇટલી પર પોતાનો અંકુશ કાયમી રીતે સ્થાપી શકયા નહિ.


પવિત્ર રોમન સામ્રાજ્ય
ફ્રાન્સ
યૉર્ક
લંડન
પેરિસ
પ્રાગ
વીયેના
લીયોન્સ
વર્મ્સ
ન્યુરમ્બર્ગ
મેગ્ડબર્ગ
જમીનમાર્ગ
જલમાર્ગ

આમ, જર્મન સમ્રાટોએ જર્મનીમાંના પોતાના રાજ્યને સ્થિર કરવા કરતાં મૃગજળ જેવું સમ્રાટપદ મેળવવા શક્તિનો વ્યય કર્યો. બે બાજઠ પર બેસવા જનાર જેવી આ સમ્રાટોની હાલત થઈ.

ઓટો–૧લાના દીકરા ઓટો–૨જાનું લગ્ન કૉન્સ્ટેન્ટિનોપલના સમ્રાટ રોમેનસ–૨જાની દીકરી સાથે થયું. ઓટો–૧લો ઈ.સ. ૯૭૬માં મરણ પામ્યો ત્યાર પછીનાં દસ વર્ષ મહત્ત્વ વિનાનો કારભાર કરી તેનો અનુગામી પુત્ર ઑટો–૨જો (૯૭૩–૮૩) મરણ પામ્યો. અને થિઑડોરાથી તેને થયેલો પુત્ર ઓટો–૩ (૯૮૩–૧૦૦૨) તરીકે ગાદીએ આવ્યો. માતા દ્વારા તેણે પૂર્વનો ગ્રીક વારસો મેળવ્યો હતો, જ્યારે સ્પેનમાં શિક્ષણ મેળવનાર મહાપંડિત અને વિજ્ઞાની ગર્બર્ટ પાસે શિક્ષણ મેળવી રોમન ગૌરવને પુનઃ સ્થાપવાના, અને રોમને પોતાની રાજધાની બનાવવાના તેને કોડ જાગ્યા. તેણે પોતાના શિક્ષાગુરુ ગર્બર્ટને સિલ્વેસ્ટર –૨જા તરીકે પોપપદે સ્થાપ્યો. આ પછી શક્તિશાળી તથા પ્રતિભાસંપન્ન પોપોની પરંપરા શરૂ થઈ, જેમણે સમ્રાટના અધિકારને પડકાર્યો અને શાર્લમનથી શરૂ થયેલા સમ્રાટ અને પોપ, રાજસત્તા અને ધર્મ-શાસન વચ્ચેના સંબંધોએ મોટું પરિવર્તન આણ્યું.

રોમન કીર્તિનાં સ્વપ્નાં સેવતો ઓટો–૩જો જર્મન સરદારો અને ઉમરાવોને અંકુશમાં રાખી ન શક્યો. પરંતુ રોમની છેલ્લી યાત્રાએ જવા અગાઉ ફ્રાન્ક રાજવીઓની અગાઉની રાજધાની આકનમાંની શાર્લમનની કબર તેણે ખોદાવી. કબરમાં પણ સંગેમરમરના આસન પર બેઠેલા અને એક મહાન સમ્રાટ તરીકે આભૂ-ષણોથી વિભૂષિત દેખાતા, એક હાથમાં બાઈબલ ધારણ કરેલા, પોતાના આ મહાન પુરોગામી પ્રત્યે અહો-ભાવ પૂર્વક ક્ષણેક તે મીટ માંડી ઊભો રહ્યો. મૃત્યુએ નિર્જીવ કરેલા શાર્લમનનો એક હાથ સ્વપ્નદૃષ્ટા ઓટોએ પોતાના હાથમાં લીધો. ગળામાં લટકતા ક્રૂસનો સ્પર્શ કરી, મૃત ફ્રાન્ક રાજવીના હાથે દીક્ષા લીધી. આ પછી માત્ર બે જ વર્ષની ટૂંકી આવરદા ભોગવી, સેવેલાં સ્વપ્નો અધૂરાં રાખી, શાર્લમનની કબરની બાજુમાં તે પોઢયો.

અપુત્ર મરી જતાં ઓટો–૩ની પછી અનુક્રમે હેનરી ફાઉલરનો પ્રપૌત્ર હેનરી–૨ (૧૦૦૨–૨૪), કોનરૅડ–૨જો (૧૦૨૪–૩૯) અને હેનરી–૩ (૧૦૩૯–૫૬) ગાદીએ આવ્યા. દરમિયાન ઉત્તર તરફથી ચાંચિયા તરીકે આક્રમણો કરનાર નોર્મનો સિસિલીના ધણી અને દક્ષિણ ઈટલીના જાગીરદાર બન્યા. ઇંગ્લંડનો રાજવી એડવર્ડ કન્ફેસર ૧૦૬૬માં અપુત્ર મરી જતાં ઈંગ્લંડની ગાદી મેળવવા, ફ્રાન્સના નોર્મંડી પ્રાંતના ડયૂક વિલિયમ (ઈતિહાસપ્રસિદ્ધ વિજેતા વિલિયમ) અને ઈંગ્લંડની પ્રતિનિધિ-સભા વેટનગેમટે મંજૂર કરેલા હેરલ્ડની વચ્ચે સ્પર્ધા જાગી. સિસિલી અને દક્ષિણ ઈટલી પર આધિપત્ય સ્થાપનાર નોર્મનો ઈંગ્લંડને પણ સર કરવા લાગ્યા. નોર્મન્ડીનો વિલિયમ હેસ્ટિંગ્ઝના મેદાન પર ખેલાયેલા હેરલ્ડ સાથેના યુદ્ધમાં વિજેતા બનતાં (ઈ. સ. ૧૦૬૬) ઈંગ્લંડનો પણ રાજવી બન્યો. તેને પોપ અને ઈંગ્લંડના ઉમરાવો અને ધર્માચાર્યોની સંમતિ મળતાં વેસ્ટમિન્સ્ટરએબીમાં તેનો રાજ્યાભિષેક થયો. વિજેતા બનવાના નાતે પોતાને ઈંગ્લંડની જમીનોનો માલિક ગણી વિલિયમે પોતાના પક્ષકારોમાં તેની વહેંચણી કરી. ઈંગ્લંડની પ્રતિનિધિ–સભા વેટનગેમટને તેણે ચાલુ રાખી, પણ તેના પર પોતાનું પ્રભુત્વ રાખ્યું. ઈંગ્લંડમાં સામંતશાહી–ફ્યૂડેલિઝમ સ્થાપવા છતાં સામંતો અને ધર્માચાર્યોને તેણે અંકુશમાં રાખ્યા, ફ્રાન્સમાં મોટી મોટી જાગીરો હતી. આ જાગીરોના સામંતો માથાભારે બની ફ્રાન્સના રાજા પર વર્ચસ ભોગવતા હતા; પરંતુ ફ્રાન્સના જ નોર્મન્ડી પ્રાંતના સામંત વિલિયમે ઈંગ્લંડમાં રાજવી બન્યા પછી ત્યાં ફ્રાન્સના રાજવીની જેમ પોતાની સ્થિતિ નબળી ન પડે તેની કાળજી રાખી.

ઈંગ્લંડ પરના નોર્મનોના વિજયના પરિણામે નોર્મન અમીરઉમરાવો કાયમ માટે ઈંગ્લંડ જઈ વસ્યા એટલું જ નહિ, પરંતુ ઍંગ્લો-સેક્સન ભાષા, આચારવિચાર, સભ્યતા અને સંસ્કૃતિ પર ફ્રાન્સની ભાષા, સભ્યતા અને સંસ્કૃતિની કાયમી અસર પડી.

વિલિયમ પછી ઈંગ્લંડનો મહત્ત્વનો રાજવી હેનરી–૨જો (૧૧૫૪–૮૯) ગણાય છે. તે વિલિયમની પૌત્રી માટિલ્ડાનો પુત્ર હતો. તે ઈંગ્લંડનો રાજવી હોવા ઉપરાંત નોર્મંડી અને વારસામાં મળેલા અન્જુ સહિત ફ્રાન્સના ઘણા પ્રાંતોનો પણ અધિપતિ હતો. લગ્નના નામે એક્વિટેઈનનો પણ તે ધણી બન્યો હતો. તેનું પિતૃકુળ પ્લૅન્ટેજિનેટ કહેવાતું માટે હેનરીએ પ્લૅન્ટેજિનેટ વંશ સ્થાપ્યો. અંગ્રેજી ખાડીના બેઉ કિનારા પર રાજ્ય અને મોટી જાગીરો ધરાવનારો હેનરી ત્યાંના પ્રજાજનો, સામંતો તથા જાગીરદારોની વફાદારી મેળવી શક્યો. આમ છતાં, તેના સમયથી ફ્રાન્સની સામે શરૂ થયેલો ઈંગ્લંડનો સંઘર્ષ ૧૯મી સદી સુધી ચાલ્યો. તેણે (હેનરી–૨જાએ) ફરતી અદાલતો અને જ્યુરીની પ્રથા દાખલ કરી અને રોમન કાયદાના સ્થાને ઈંગ્લંડના સામાન્ય કાયદા(કૉમન લૉ)નો વિકાસ કર્યો. તેના રાજ્યવહીવટમાં ખૂબ જ મદદરૂપ બનનાર ચાન્સલર ટૉમસ–એ–બેકેટને તેણે કૅન્ટરબરીનો આચાર્ય બનાવ્યો. ધર્માચાર્યોના ગુનાની બાબતમાં પોપની દરમિયાનગીરી ચલાવી ન લેવાના કારણે હેનરીનો ટૉમસની સાથે સંઘર્ષ થયો, જેમાં આખરે, કેટલાક ઉમરાવોએ ટૉમસનું ખૂન કર્યું. આ કૃત્યથી ડઘાઈ ગયેલા હેનરીએ પ્રાયશ્ચિત્ત તરીકે પોતાના ખુલ્લા શરીર પર કોરડા મરાવ્યા ને તેમ કરીને પોપને રાજી કરવાનો તેણે પ્રયાસ કર્યો.

હેનરીની હકૂમત હેઠળનો ફ્રાન્સમાંનો સમગ્ર પ્રદેશ ખુદ ફ્રાન્સના રાજવીના કરતાંય મોટો હોઈ, તેના વહીવટમાં ત્યાંના રાજવીની સાર્વભૌમ સત્તા અંગે ઘર્ષણમાં ઊતરવું પડ્યું. સામા પક્ષે ફ્રાન્સનો રાજવી ફિલિપ ઑગસ્ટસ (૧૧૮૯–૧૨૩૩) હેનરી જેટલો જ શક્તિશાળી હતો.

હેનરી પછી રિચાર્ડ (૧૧૮૯–૯૯) ગાદીએ આવ્યો. ફ્રાન્સનો ફિલિપ અને રિચાર્ડ મુસ્લિમો સામેનાં ધર્મયુદ્ધોમાં સાથે જોડાયા ત્યાં સુધી રિચાર્ડના અનુગામી તરીકે હેનરી–૨જાનો બીજો પુત્ર જૉન લૅકલૅંડ (૧૨૦૦–૧૬) ગાદીએ આવ્યો. તે મૂર્ખ અને નિર્બળ હતો. તે ફિલિપ ઑગસ્ટસ અને પોપના સંઘર્ષમાં આવ્યો અને તેમાં તેને ફ્રાન્સની જાગીરો ગુમાવવી પડી. યુદ્ધ ખર્ચ માટે પ્રજા પાસે જતાં, ઈંગ્લંડના ધર્માચાર્યો અને નવા ઊભા થયેલા મધ્યમ વર્ગની સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. જૉન અને પ્રજાનાં સૈન્યોનો લંડન પાસેના રિનિમીડ મેદાનમાં ૧૨૭૫ના જૂનની ૧૧મીએ ભેટો થયો. તેમાં જૉન હાર્યો અને સામંતોએ તૈયાર કરેલા મહાન અધિકારપત્ર(મૅગ્નાકાર્ટા)નો સ્વીકાર કરવો પડ્યો. ઈંગ્લંડમાં લોકશાહીની જે પરંપરા સ્થપાઈ છે, તેમાં આ અધિકારપત્ર પ્રથમ સીમાચિહ્‌ન રૂપ છે. તેણે રાજાના અબાધિત અધિકાર પર અંકુશ મૂકી, સમસ્ત રાષ્ટ્રના ગણાય તેવા પ્રજાના અધિકારની પ્રસ્થાપના કરી. જોકે આજની વિકસિત લોકશાહીમાં સામાન્ય માનવી જે અધિકાર ધરાવે છે, તેવા કોઈ વિશાળ કે મૂળભૂત અધિકારનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. છતાં તેમાં સામંતો ધર્માચાર્યો અને અલ્પાંશે નવા ઊભા થયેલા મધ્યમ વર્ગના અધિકારોનો સમાવેશ થાય છે. યુરોપના અન્ય દેશોનો વિચાર કરતાં ત્યાં સમાજના જુદા જુદા વર્ગો–સામંતો, ધર્માચાર્યો, અને મધ્યમ વર્ગને રાજવી સામે અલગ અલગ રીતે લડવું પડયું હોઈ, રાજા સર્વોપરી રહેવા પામ્યો હતો, ત્યારે ઈંગ્લંડમાં આ ત્રણ વર્ગો એક બની રાજાને નમાવી શક્યા હતા. જૉને બક્ષેલા અધિકારપત્રની મહત્ત્વની કલમ પ્રમાણે રાજા, સામંતો, ધર્માચાર્યો અને મધ્યમ વર્ગની મંજૂરી વિના કરવેરા નાખી ન શકે, એ જેવો તેવો વિજય ન હતો.

---

**એક ઇતિહાસકારે 'પવિત્ર રોમન સામ્રાજ્યની આવી દુર્દશા વર્ણવતાં યોગ્ય રીતે જ કહ્યું છે: 'એ ન હતું પવિત્ર, ન હતું રોમન અને ન હતું સામ્રાજ્ય.'**

---

# ફ્રાન્સ

આ સદીઓ દરમિયાન ફ્રાન્સની સ્થિતિ પર નજર નાખી લઈએ.

પૂર્વ ફ્રાન્ક એટલે જર્મની. ત્યાં રાજવી પદ માટે પોપ દ્વારા વરણી થતી. આથી પોપ અને રાજ્ય ગાદી વચ્ચે સતત સંઘર્ષ ચાલતો હતો. ત્યારે, પશ્ચિમ ફ્રાન્ક એટલે ફ્રાન્સમાં મોટા સામંતો સ્વતંત્રપણે રાજગાદીના વારસો થતા રહ્યા. ઘણે અંશે એક વંશમાં રાજગાદી જળવાઈ રહી. પરિણામે, ફ્રાન્સમાં રાષ્ટ્રીય રાજશાહીનો વિકાસ પૂર્વ ફ્રાન્ક(જર્મની)ની સરખામણીએ વધુ સરળ બન્યો.

હવે વાસ્તવિક ચિત્ર જોઈએ :

હ્યુગ કાપે(૯૮૭–૯૬)થી ફિલિપ ઑગસ્ટસ (૧૧૮૯–૧૨૩૩) સુધી સદ્‌ભાગ્યે પ્રત્યેક રાજવીને પુત્ર હોઈ ફ્રાન્સની ગાદી બે સદી ઉપરાંત એક જ વંશમાં સચવાઈ. તે દરમિયાન રાજાએ રાજગાદીને અંગત અને પોતાની આગવી મિલકત ગણી. ઈટલી અને જર્મનીની માફક રાજાના મરણ બાદ તેના અનુગામીની વરણી સામંતો અને ધર્માચાર્યો દ્વારા કરવાની પરંપરા ફ્રાન્સમાં ઊભી ન થઈ. વળી, જર્મનીના રાજવીને 'પવિત્ર રોમન સમ્રાટ પદ' જાળવી રાખવા અને જર્મનીના રાજવીનું પદ સાચવવાય આલ્પ્સની બંને બાજુ પર પ્રવાસો ખેડવા પડતા, ઈંગ્લાંડના રાજવીને પણ ઈંગ્લાંડ અને ફ્રાન્સમાંનાં પોતાનાં હિત જાળવવા ઈંગ્લીશ ખાડીને ઘણી વાર પાર કરવી પડતી, તેના મુકાબલે ફ્રાન્સનો રાજવી પૅરિસમાં સ્થિર બન્યો; તેની હકૂમતના પ્રદેશો પર કુશળ વહીવટ ચલાવી ખરેખર સત્તાધીશ બન્યો. યુરોપનાં અન્ય રાજ્યોની તુલનામાં ફ્રાન્સનું પૅરિસ પાટનગર તરીકે સૌથી પહેલું સ્થિર થયું. ત્યાં સામંતો અને ધર્માચાર્યો આવી વસ્યા અને પહેલી વિદ્યાપીઠ સ્થપાતાં તે વિદ્યા અને સંસ્કારનું પણ કેન્દ્ર બન્યું. રાજકીય સત્તા, ધર્મતંત્ર અને વિદ્યાવ્યાપારના કેન્દ્ર સમા પૅરિસમાં શિલ્પ-સ્થાપત્યનો પણ વિકાસ થયો. ગોથિક સ્થાપત્યના નમૂનારૂપ નોત્રદામની સ્થાપના ઈ. સ. ૧૧૬૩માં થઈ. વિશાળ અને દૂર દૂર પડેલા પ્રદેશો પરનું વર્ચસ જાળવવા દોડાદોડ કરતા જર્મની, ઈટલી અને ઈંગ્લાંડના રાજકર્તાઓ ફ્રાન્સના રાજ્યકર્તા માટે નિરુપદ્રવી નીવડયા. ફ્રાન્સના રાજવીની સત્તા વધારવામાં સેંટ ડેનિસના ધર્માચાર્ય સુગૅરે મહત્ત્વનો ભાગ ભજવ્યો. ફ્રાન્સમાં અમાત્યપદે (કારભારીપદે) બેસનાર તે છેલ્લો ધર્માચાર્ય હતો.

લૂઈ – ૭ (૧૧૩૭–૮૦) અને ફિલિપ ઑગસ્ટસ(૧૧૮૦–૧૨૨૩)ના સમય દરમિયાન શક્ય બનેલાં આર્થિક અને સામાજિક પરિવર્તનોમાં દેશમાં નવો મધ્યમ વર્ગ ઊભો થયો. ઉત્તર ફ્રાન્સનાં નગરોએ સ્વાયત્તતા મેળવી અને નવો મધ્યમ વર્ગ અને સ્વાયત્ત



કૉલેજમાંનું દેવળ



કૉલેજની રંગભૂમિ



કૉલેજનું મકાન

**સોર્બોન** : ફ્રાંસમાં પૅરિસ નગરીમાં મધ્યકાલીન વિદ્યાપીઠમાં રોબર્ટ દ સોર્બોને ૧૨મી સદીમાં સ્થાપેલી પ્રથમ કૉલેજ છેક સત્તરમી સદી સુધી ધર્મશાસ્ત્રના અભ્યાસ માટે વિશ્વની પ્રમુખ વિદ્યાપીઠ ગણાતી.



રાજાશાહી અને જમીનદારો સામે યુદ્ધે ચઢેલા ખેત-ગુલામો(સર્ફ)ના આગેવાન ટેલર વૉટની સરદારી નીચે સર્ફોની કૂચ.

બનેલાં નગરો ધર્મ-શાસનના સ્થાપિત હિતની સાથે ઘર્ષણમાં આવ્યાં, ત્યારે નગરોમાં વેપાર-વણજ અને ઉદ્યોગ-ધંધાના કારણે નાણું ફરવા લાગ્યું હતું. તેનો લાભ મેળવવા રાજા નવા મધ્યમ વર્ગ અને નગરોના પક્ષે ઢળ્યો. નાણાં પાડવાની પોતાની સત્તાનો લાભ લઈ, તથા સામંતોના લાગા ચીજ-વસ્તુને બદલે નાણાંમાં મેળવવાની પ્રથા પડી, રાજાએ આવકનું એક સ્વતંત્ર સાધન ઊભું કર્યું. રાજાની તિજોરી ખાનગી વ્યવસ્થા મટી રાજ્યનું એક મહત્ત્વનું ખાતું બની.

અત્યાર સુધી રાજાની આસ-પાસ સામંતો અને ધર્માચાર્યોનો બનેલો જે દરબાર રચાતો તે રાજાની વહીવટી સમિતિ તથા અદાલતની લાયકાત ધરાવ્યા વિના જ ફરજો બજાવતો. ફિલિપ ઑગસ્ટસે વહીવટની જાણકારી ધરાવનારા પગારદારોની વહીવટમાં નિમણૂક કરી, પરિણામે નવા વહીવટદારોનું વર્ચસ વધવા લાગ્યું અને આ વહીવટદારો સીધા રાજાને વફાદાર રહ્યા.

અત્યાર સુધીના રાજવીઓ તેમની સત્તા તેમની અંગત શક્તિમાંથી મેળવતા અને તેમનામાં જ આ સત્તા સમાઈ જતી. પણ હવે, પગારદાર જાણકાર વહીવટદારોની નિમણૂક પછી ફ્રાન્સનો રાજવી આખા તંત્ર પર પ્રભુત્વ મેળવતો થયો. એટલું જ નહીં પણ સામંતો અને ધર્માચાર્યોના દબાણથી સ્વતંત્ર બનવા લાગ્યો. વળી, યુરોપની વિવિધ વિદ્યાપીઠો અને તેમાં પણ બોલોનાની વિદ્યાપીઠમાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી બહાર પડેલા સ્નાતકો વહીવટી તંત્રને મજબૂત અને કાર્યક્ષમ બનાવવામાં સહાયભૂત નીવડ્યા. જસ્ટિનિયન પ્રણિત કાયદાશાસ્ત્રનો અભ્યાસ રાજાની આપખુદ સત્તાનો પુરસ્કાર કરનારો હોઈ, નવા વહીવટી-કર્તાઓ ફ્રાન્સના રાજવીને આપખુદ બનવામાં સહાયભૂત બન્યા. ફિલિપ ઑગસ્ટસે તો લશ્કરમાં પણ વહીવટ તંત્રની માફક પગારનું ધોરણ દાખલ કરી પગારદાર સૈનિકો મેળવ્યા, જેઓ રાજાને વધારે વફાદાર બની રહ્યા. તેણે ઊભાં કરેલાં આ નવાં સૈન્યોએ ઈ. સ. ૧૨૧૪માં બુવાઈનની લડાઈમાં ઇંગ્લંડ, ફ્લાન્ડર્સ અને પોર્ટુગાલના જબરદસ્ત સંયુક્ત સામંતશાહી સૈન્યોને હાર આપીને, યુરોપમાં એક સ્વતંત્ર, શક્તિશાળી અને રાષ્ટ્રીય રાજ્ય તરીકે, નવા સ્વરૂપે, ફ્રાન્સને પ્રગટ કર્યું.



લુઈ-૭મો
(ઈ. સ. ૧૧૩૭)



ફિલિપ ઑગસ્ટસ
(ઈ.સ.૧૧૮૯–૧૨૩૩)

# યુરોપના રાજવંશો

(મધ્યયુગ દરમિયાનના)

## રોમનો છેલ્લો રાજવી

સેમ્યુલસ ઓગસ્ટસ (ઈ. સ. ૪૭૫–૪૭૬)

## કૉન્સ્ટેન્ટિનોપલના (મહત્ત્વના) રાજવીઓ

| | |
|---|---|
| કૉન્ટેન્ટાઇના | ૩૧૧–૩૩૭ |
| જ્યુલિયન | ૩૬૧–૩૬૩ |
| થિયોડોસિયસ | ૪૦૮–૪૫૦ |
| લિયો-૧ | ૪૫૭–૪૭૪ |
| ઝેનો | ૪૭૪–૪૯૧ |
| જસ્ટિનિયન | ૫૨૭–૫૬૫ |
| લિયો-૩ | ૭૧૭–૭૪૧ |
| આઈરિન | ૭૮૦–૮૦૨ |
| કૉન્સ્ટેન્ટાઇન-૭ | ૯૧૩–૯૫૯ |
| કૉન્સ્ટેન્ટાઇન-૯ | ૧૦૪૨–૧૦૫૪ |
| રોમેનસ-૪ | ૧૦૬૭–૧૦૭૧ |
| જોન-૮ | ૧૪૨૫–૧૪૪૮ |
| કૉન્સ્ટેન્ટાઇન-૧૧ | ૧૪૪૮–૧૪૫૩ |

## મહત્ત્વના ફ્રાન્ક રાજવીઓ

| | |
|---|---|
| શાર્લમન | ૮૦૦–૮૧૪ |
| લૂઈ (પવિત્ર) | ૮૧૪–૮૪૦ |
| લોથેર | ૮૪૦–૮૫૫ |
| લૂઈ-૨ | ૮૫૫–૮૭૫ |
| ચાર્લ્સ-૨ | ૮૭૫–૮૮૧ |
| ચાર્લ્સ-૩ | ૮૮૧–૮૮૭ |

## પવિત્ર રોમન સમ્રાટો

| | |
|---|---|
| હેનરી-૧ (ફાઉલર) | ૯૧૯–૯૩૬ |
| ઓટો-૧ (મહાન) | ૯૩૬–૯૭૩ |
| ઓટો-૨ | ૯૭૩–૯૮૩ |
| ઓટો-૩ | ૯૮૩–૧૦૦૨ |
| હેનરી-૨ | ૧૦૦૨–૧૦૨૪ |
| કોનરેડ-૨ | ૧૦૨૪–૧૦૩૯ |
| હેનરી-૩ | ૧૦૩૯–૧૦૫૬ |
| હેનરી-૪ | ૧૦૫૬–૧૧૦૬ |
| હેનરી-૫ | ૧૧૦૬–૧૧૨૫ |
| ફ્રેડરિક-૧ (બારબેરોસા) | ૧૧૨૫–૧૧૯૦ |
| હેનરી-૬ | ૧૧૯૦–૧૧૯૭ |

## પવિત્ર રોમન સમ્રાટો (ચાલુ)

| | |
|---|---|
| ફ્રેડરિક-૨ | ૧૨૨૦–૧૨૫૦ |
| વેન્સેસ્લાસ | ૧૩૭૮–૧૪૦૦ |
| સિજિસમંડ | ૧૪૧૦–૧૪૩૭ |
| આલ્બર્ટ-૨ | ૧૪૩૮–૧૪૩૯ |
| ફ્રેડરિક-૩ | ૧૪૪૦–૧૪૯૩ |
| ચાર્લ્સ-૫ | ૧૫૧૯–૧૫૫૬ |

## ઑટોમન સુલતાનો

| | |
|---|---|
| મોહમ્મદ | ૧૪૫૧–૧૪૮૧ |
| બાયેઝિદ-૧ | ૧૪૮૧–૧૫૧૨ |
| સલિમ-૧ | ૧૫૧૨–૧૫૨૦ |
| સુલેમાન-૨ | ૧૫૨૦–૧૫૬૬ |

## રશિયાના ઝાર

| | |
|---|---|
| ઈવાન-૩ (મહાન) | ૧૪૬૨–૧૫૦૫ |
| બેસિલ-૪ | ૧૫૦૫–૧૫૩૩ |
| ઈવાન-૪ | ૧૫૩૩–૧૫૮૪ |

## ફ્રાન્સના રાજવીઓ

| | |
|---|---|
| હ્યુ કાપેટ | ૯૮૭–૯૯૬ |
| રોબર્ટ | ૯૯૬–૧૦૩૧ |
| હેનરી-૧ | ૧૦૩૧–૧૦૬૦ |
| ફિલિપ-૧ | ૧૦૬૦–૧૧૦૮ |
| લૂઈ-૬ | ૧૧૦૮–૧૧૩૭ |
| લૂઈ-૭ | ૧૧૩૭–૧૧૮૦ |
| ફિલિપ-૨ (ઑગસ્ટસ) | ૧૧૮૦–૧૨૨૩ |
| લૂઈ-૮ | ૧૨૨૩–૧૨૨૬ |
| લૂઈ-૯ (સંત) | ૧૨૨૬–૧૨૭૦ |
| ફિલિપ-૩ | ૧૨૭૦–૧૨૮૫ |
| ફિલિપ-૪ | ૧૨૮૫–૧૩૧૪ |
| લૂઈ-૧૦ | ૧૩૧૩–૧૩૧૬ |
| ફિલિપ-૫ | ૧૩૧૬–૧૩૨૨ |
| ચાર્લ્સ-૪ | ૧૩૨૨–૧૩૨૮ |
| ફિલિપ-૬ | ૧૩૨૮–૧૩૫૦ |

## ફ્રેન્ચ રાજવીઓ (ચાલુ)

| | |
|---|---|
| જોન | ૧૩૫૦–૧૩૬૪ |
| ચાર્લ્સ-૫ | ૧૩૬૪–૧૩૮૦ |
| ચાર્લ્સ-૬ | ૧૩૮૦–૧૪૨૨ |
| ચાર્લ્સ-૭ | ૧૪૨૨–૧૪૬૧ |
| લૂઈ-૧૧ | ૧૪૬૧–૧૪૮૩ |
| ચાર્લ્સ-૮ | ૧૪૮૩–૧૪૯૮ |
| લૂઈ-૧૨ | ૧૪૯૮–૧૫૧૫ |
| ફ્રાન્સિસ-૧ | ૧૫૧૫–૧૫૪૭ |

## ઇંગ્લૅંડના રાજવીઓ

| | |
|---|---|
| વિલિયમ-૧ (વિજેતા) | ૧૦૬૬–૧૦૮૭ |
| વિલિયમ-૨ | ૧૦૮૭–૧૧૦૦ |
| હેનરી-૧ | ૧૧૦૦–૧૧૩૫ |
| સ્ટીફન | ૧૧૩૫–૧૧૫૪ |
| હેનરી-૨ | ૧૧૫૪–૧૧૮૯ |
| રિચાર્ડ-૧ | ૧૧૮૯–૧૧૯૯ |
| જોન | ૧૧૯૯–૧૨૧૬ |
| હેનરી-૩ | ૧૨૧૬–૧૨૭૨ |
| ઍડવર્ડ-૧ | ૧૨૭૨–૧૩૦૭ |
| ઍડવર્ડ-૨ | ૧૩૦૭–૧૩૨૭ |
| ઍડવર્ડ-૩ | ૧૩૨૭–૧૩૭૭ |
| રિચાર્ડ-૨ | ૧૩૭૭–૧૩૯૮ |
| હેનરી-૪ | ૧૩૯૮–૧૪૧૩ |
| હેનરી-૫ | ૧૪૧૩–૧૪૨૨ |
| હેનરી-૬ | ૧૪૨૨–૧૪૬૧ |
| ઍડવર્ડ-૪ | ૧૪૬૧–૧૪૮૩ |

## ઇંગ્લેંડના રાજવીઓ

| | |
|---|---|
| એડવર્ડ-૫ | ૧૪૮૩- |
| રિચાર્ડ-૩ | ૧૪૮૩-૧૪૮૫ |
| હેનરી-૭ | ૧૪૮૫-૧૫૦૯ |
| હેનરી-૮ | ૧૫૦૯-૧૫૪૭ |
| એડવર્ડ-૬ | ૧૫૪૭-૧૫૫૩ |
| મેરી-૧ | ૧૫૫૩-૧૫૫૮ |
| ઇલિઝાબેથ-૧ | ૧૫૫૮-૧૬૦૩ |

## સ્પેનના રાજવીઓ

| | |
|---|---|
| ફર્ડિનાન્ડ-૫ | ૧૫૦૬-૧૫૧૬ |
| ચાર્લ્સ-૧ | ૧૫૧૬-૧૫૫૬ |
| ફિલિપ-૨ | ૧૫૫૬-૧૫૯૮ |
| ફિલિપ-૩ | ૧૫૯૮-૧૬૨૧ |
| ફિલિપ-૪ | ૧૬૨૧-૧૬૬૫ |

## કેસ્ટાઇલના રાજવીઓ

| | |
|---|---|
| જોન-૨ | ૧૪૦૬-૧૪૫૪ |
| હેનરી-૪ | ૧૪૫૪-૧૪૭૪ |
| ઈસાબેલા-૧ | ૧૪૭૪-૧૫૦૪ |
| ફિલિપ-૧ | ૧૫૦૪-૧૫૦૬ |

## સ્કેન્ડિનેવિયન દેશોના રાજવીઓ

| | |
|---|---|
| કેન્યુટ (ડેન્માર્ક) | ૧૦૧૪-૧૦૫૫ |
| કેન્યુટ-૬ (ડેન્માર્ક) | ૧૧૮૨-૧૨૦૨ |
| ઑલાફ (નોર્વે) | ૯૯૬-૧૦૦૦ |
| ઑલાફ-૨(નોર્વે) | ૧૦૧૬-૧૦૨૯ |
| મેગ્નસ (નોર્વે) | ૧૦૩૫-૧૦૪૭ |
| હાકોન-૪ (નોર્વે) | ૧૨૧૭-૧૨૬૨ |

## સ્કેન્ડિનેવિયન દેશોના રાજવીઓ

| | |
|---|---|
| હાકોન-૫ (નોર્વે) | ૧૨૯૯-૧૩૧૯ |
| હાકોન-૬ (નોર્વે) | ૧૩૫૦-૧૩૮૦ |
| ઑલાફ-૩ (નોર્વે) | ૧૩૮૦-૧૩૮૭ |
| માર્ગારેટ | ૧૩૮૭-૧૪૧૨ |
| ક્રિશ્ચિયન-૧ | ૧૪૪૮-૧૪૮૩ |
| હાન્સ | ૧૪૮૩-૧૫૧૩ |
| ક્રિશ્ચિયન-૨ | ૧૫૧૩-૧૫૨૩ |
| ઑલાફ (સ્વીડન) | ૯૯૬-૧૦૨૪ |
| એરિક-૯ (સ્વીડન) | ૧૧૫૦-૧૧૬૨ |
| મેગ્નસ | ૧૨૭૯-૧૨૯૦ |

## પોલેન્ડના રાજવીઓ

| | |
|---|---|
| બોલેસ્લાવ | ૯૯૨-૧૦૨૫ |
| કાસિમિર | ૧૦૨૫-૧૦૫૮ |
| બોલેસ્લાવ-૨ | ૧૦૫૮-૧૦૯૧ |
| લાડિસ્લાસ-૧ | ૧૩૦૬-૧૩૩૩ |
| લાડિસ્લાસ-૨ | ૧૩૮૩-૧૪૩૪ |
| લાડિસ્લાસ-૩ | ૧૪૩૪-૧૪૪૪ |
| સિજિસમંડ-૧ | ૧૫૦૬-૧૫૪૮ |
| સિજિસમંડ-૨ | ૧૫૪૮-૧૫૭૨ |

## બોહેમિયાના રાજવીઓ

| | |
|---|---|
| બ્રેટિસ્લાવ-૧ | ૧૦૩૭-૧૦૫૫ |
| બ્રેટિસ્લાવ-૨ | ૧૦૯૨-૧૧૧૦ |
| વ્લાડિસ્લાસ-૧ | ૧૧૧૧-૧૧૨૫ |
| વ્લાડિસ્લાસ-૨ | ૧૧૪૦-૧૧૭૩ |
| વેન્સેસ્લાસ-૧ | ૧૨૩૦-૧૨૫૩ |
| વેન્સેસ્લાસ-૨ | ૧૨૭૮-૧૩૦૫ |

# પોપ(ધર્મગુરુઓ)ના વંશો

| | |
|---|---|
| અર્બન-૨ | ૧૦૮૮-૧૦૯૯ |
| ઑનોરિયસ-૨ | ૧૧૨૪-૧૧૩૦ |
| ઇનોસન્ટ-૨ | ૧૧૩૦-૧૧૪૩ |
| યુજીન-૩ | ૧૧૪૫-૧૧૫૩ |
| હેડ્રિયન-૪ | ૧૧૫૪-૧૧૫૯ |
| ઍલેક્ઝાંડર-૩ | ૧૧૫૯-૧૧૮૧ |
| ઇનોસન્ટ-૩ | ૧૧૯૮-૧૨૧૬ |
| ગ્રેગરી-૯ | ૧૨૨૭-૧૨૪૧ |
| ઇનોસન્ટ-૪ | ૧૨૪૩-૧૨૫૪ |
| અર્બન-૪ | ૧૨૬૧-૧૨૬૫ |
| ક્લેમેન્ટ-૪ | ૧૨૬૫-૧૨૭૧ |
| ગ્રેગરી-૧૦ | ૧૨૭૧-૧૨૭૬ |
| બોનિફેસ-૧૧ | ૧૩૦૩-૧૩૦૪ |
| ક્લેમેન્ટ-૫ | ૧૩૦૫-૧૩૧૪ |
| બેનિડિક્ટ-૧૨ | ૧૩૩૪-૨૩૪૨ |
| ક્લેમેન્ટ-૬ | ૧૩૪૨-૧૩૫૨ |
| ઇનોસન્ટ-૬ | ૧૩૫૨-૧૩૬૨ |
| અર્બન-૫ | ૧૩૬૨-૧૩૭૦ |
| ગ્રેગરી-૧૧ | ૧૩૭૦-૧૩૭૮ |
| બોનિફેસ-૯ | ૧૩૮૮-૧૪૦૪ |
| ઇનોસન્ટ-૭ | ૧૪૦૪-૧૪૦૬ |
| ગ્રેગરી-૭ | ૧૪૦૬-૧૪૧૭ |
| માર્ટિન-૫ | ૧૪૧૭-૧૪૩૧ |
| યુજીન-૪ | ૧૪૩૧-૧૪૪૭ |
| નિકોલસ-૫ | ૧૪૪૭-૧૪૫૫ |
| પાયસ-૨ | ૧૪૫૮-૧૪૬૪ |
| પૉલ-૨ | ૧૪૬૪-૧૪૭૧ |
| સિક્સ્ટસ-૪ | ૧૪૭૧-૧૪૮૪ |
| ઇનોસન્ટ-૮ | ૧૪૮૪-૧૪૯૨ |
| ઍલેક્ઝાંડર-૬ | ૧૪૯૨-૧૫૦૩ |
| પાયસ-૩ | ૧૫૦૩- |
| જુલિયસ-૨ | ૧૫૦૩-૧૫૧૩ |
| લિયો-૧૦ | ૧૫૧૩-૧૫૨૧ |
| હેડ્રિયન-૬ | ૧૫૨૨-૧૫૨૩ |
| ક્લેમેન્ટ-૭ | ૧૫૨૩-૧૫૪૯ |
| જુલિયસ-૩ | ૧૫૫૦-૧૫૫૫ |
| પૉલ-૪ | ૧૫૫૫-૧૫૫૯ |
| પાયસ-૪ | ૧૫૫૯-૧૫૭૨ |
| પાયસ-૫ | ૧૫૬૬-૧૫૭૨ |

# ૫ : પોપ અને સમ્રાટો

જર્મનીમાં પોપ અને સમ્રાટના સંબંધો મૈત્રીભર્યા દેખાતા હોવા છતાં પોપ માનતો કે સમ્રાટને તાજ પહેરાવી દુન્યવી સત્તા આપવાનો જેવો તેને અધિકાર છે તેવો જ તેની પાસેથી સત્તા ખૂંચવી લેવાનો પણ અધિકાર છે. હકીકતે પણ, સમ્રાટનો તાજ ગ્રહણ કરવા ઇચ્છતા રાજવીઓને લશ્કરો લઈ આલ્પ્સ ઓળંગી રોમના ધર્મ-દરબારમાં જવું પડતું. ઉપરાંત, સમ્રાટ બનવા છતાં સત્તા પર ટકવા માટે તેમને રાજ્યના માથાભારે ઉમરાવો, કાઉન્ટો, જાગીરદાર-સામંતો, ધર્માચાર્યો, પડોશના રાજવીઓ, તથા રાજકુટુંબની ખટપટોનો સામનો કરવો પડતો અને પ્રજાની શુભેચ્છા પર આધાર રાખવો પડતો. બીજી તરફ, પોપના અધિકારક્ષેત્રમાં કોઈ સ્પર્ધા, વિરોધ કે ખટપટો ન હતાં.

રોમમાં સત્તા અને સમ્રાટો અસ્ત પામ્યાં; પણ પોપની સત્તા અવિચલિત રહી. સમ્રાટ અને પોપ વચ્ચેના સંઘર્ષમાં પોપની વધતી જતી સત્તા કારણભૂત બની. સમ્રાટનું કર્તવ્ય ધર્મની રક્ષા કરવાનું હતું, પણ આ માટેની તેની પાત્રતા નકામી કરવાની સત્તા પોપ હસ્તક હતી. આમ, મધ્ય યુગમાં સમાંતરે વિકસી રહેલી રાજસત્તા અને ધર્મસત્તા પરસ્પરના અધિકારો અંગેના દાવા હમેશાં માન્ય રાખ્યા કરે તે શક્ય ન હતું.

દેવળો અને મઠોને દાનમાં મળેલી જાગીરોના નિભાવ અને વહીવટના કારણે, ધર્માચાર્યો અને મઠાધિપતિઓએ અન્ય દુન્યવી જાગીરદારો અને સામંતો જેવો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો. પરંતુ, દુન્યવી જાગીરોના હક વારસાગત ગણાતા, જ્યારે ધર્મસ્થાનોની જાગીરોના હક ધર્માચાર્યો અપરિણીત હોઈ, એક હકદાર મરી જતાં નવા ધર્માચાર્યે તે હકૂમત હેઠળની જમીનોના હક મેળવવા પડતા. આ હકના પ્રતીક તરીકે તેણે વીંટી અને શિરપેચ (ક્રેસ્ટ) રાજા કે અમીર-ઉમરાવ પાસેથી મેળવવાં પડતાં.

નિરક્ષર અને અસંસ્કારી રાજા કે ઉમરાવ આ પદાર્પણ-વિધિ કરાવવાનો હક ધરાવતો. બલકે, ધર્મ-સત્તાએ દુન્યવી સત્તા પાસેથી પદ મેળવવું પડતું. જાગીરોના આવા હક મેળવવા માગતા ઉમેદવારોએ લાંચો સુધ્ધાં આપવી પડતી. પદાર્પણ પ્રસંગની આ લાંચના ભ્રષ્ટાચારને 'સાયમની' (Simony) કહેવામાં આવતો.

ધર્માચાર્યોની નિમણૂકમાં રહેલી રાજસત્તાની આવી દરમિયાનગીરી દૂર કરી ધર્મસત્તાને રાજસત્તાથી સ્વતંત્ર કરવાનાં પહેલાં પગલાં તરીકે ઈ.સ. ૧૦૫૯માં પોપ નિકોલસ–૨જાએ તેના વડા ડીન હિલ્ડેબ્રાન્ડની સલાહથી પોપની વરણી કાર્ડિનલોની બનેલી વડી સમિતિ કરે તેવો મહત્ત્વનો સુધારો કર્યો. આમ, વરણી થયા બાદ સમ્રાટની મંજૂરી મેળવવાની જોગવાઈ રાખવામાં આવી. આ સુધારો સમ્રાટ અને પોપ વચ્ચેના સંઘર્ષનું નિમિત્ત બન્યો. પછી તો પાદરીઓને સલાહ આપનાર હિલ્ડેબ્રાન્ડ પોતે ઈ.સ. ૧૦૭૫માં ગ્રેગરી–૭મા તરીકે



ગ્રેગરી–૭મો
(હિલ્ડેબ્રાન્ડ)



પોપ નિકોલસ–૨



**જર્મન સમ્રાટ હેનરી–૪**
પોપના ફરમાનથી ધર્મબહિષ્કૃત થયેલો પવિત્ર રોમન સામ્રાજ્યનો આ મહાન સમ્રાટ પોતાના પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા પોપના દરવાજા ખટખટાવી વિનંતી કરી રહ્યો છે.

પોપ બન્યો. અને ધર્મસત્તાને અન્ય દૂષણોથી મુક્ત કરવા તેણે ધર્માચાર્યોના લગ્ન પર પ્રતિબંધ મૂકવાનો અને લાંચ(સાયમની)ની પ્રથા દર કરવાનાં પગલાં ભર્યાં. આનો રાજસત્તાએ વિરોધ કર્યો પરંતુ પોપ ગ્રેગરી-૭મો આગળ વધ્યો. તેણે જર્મન સમ્રાટ હેનરી–૪થાને રોમ આવીને તેની સામેના દુરાચાર અને ગેરવહીવટ અંગેના આરોપોનો જવાબ આપવાનું ફરમાન કર્યું. હેનરીએ વળતાં પગલાં તરીકે જર્મનીના ધર્માચાર્યોની પરિષદ દ્વારા પોપને પદભ્રષ્ટ જાહેર કર્યો. સામેથી પોપે હેનરીને ધર્મબહિષ્કૃત કરી ચોક્કસ સમયમાં પશ્ચાત્તાપ ન કરે તો તેને રાજસત્તાવિહીન બનાવવાનો પણ નિર્ણય કર્યો. હેનરી તેના ઉમરાવો અને જાગીરદારોના ટેકા પર આધાર રાખતો હતો. પણ આ અસંતુષ્ટ વર્ગને વિરોધ કરવાની તક મળતાં તેમણે હેનરીનો સાથ છોડયો અને નવા રાજવીની વરણી કરવાની પોપને વિનંતી કરી. પરંતુ નવો રાજવી આવે તે પહેલાં જ હેનરી ભર શિયાળાની ભયંકર ઠંડીમાં આલ્પ્સ ઓળંગી, માટિલ્ડાના કેનેસાના કિલ્લામાં આશ્રય લઈ રહેલા પોપ સમક્ષ પહોંચી ગયો. પવિત્ર રોમન સામ્રાજ્યનો મહાન સમ્રાટ પ્રાયશ્ચિત્તનો જાડો બરછટ ઊનનો ડગલો પહેરી ખુલ્લા પગે ત્રણ રાત અને ત્રણ દિવસ પોપની ક્ષમા માગતો; સમક્ષ થવાની અનુજ્ઞાની અપેક્ષાએ, પોપના દરવાજે બેસી રહ્યો. આખરે પોપે તેને ક્ષમા આપી. આમ છતાં જર્મનીના ઉમરાવ-સામંતોની નવા સમ્રાટ માટેની માગણી ચાલુ રહી. પોપે ફરી હેનરીને ઈ. સ. ૧૦૮૦માં ધર્મબહિષ્કૃત–પદભ્રષ્ટ કર્યો અને પ્રજાજનોને તેની વફાદારીમાંથી મુક્ત કર્યા, આ પગલાંની અવળી અસર પડી. હેનરીને ટેકેદારો સાંપડી ગયા. તેથી તે નવા પોપની વરણી કરવા અને તેના હાથે તાજ પહેરવા રોમ તરફ ધસ્યો. પોપ ગ્રેગરી–૭માનો વિરોધ એળે ગયો અને તે ઈ. સ. ૧૦૮૫માં સાલેર્નામાં મૃત્યુ પામ્યો. પોપના અવસાન બાદ ૨૧ વર્ષ પછી પોતાના જ પુત્રના હાથે પદભ્રષ્ટ થઈ હેનરી–૪થો ઈ. સ. ૧૧૦૬માં મૃત્યુ પામ્યો. તેનો અનુગામી હેનરી–૫મો (ઈ. સ. ૧૧૦૬–૨૫) પિતા કરતાંય વધારે નિષ્ઠુર હતો.

સમ્રાટ અને પોપ વચ્ચેનો સંઘર્ષ હેનરી–૫માના સમયમાં પણ ચાલુ રહ્યો. આમ, અર્ધી સદી વીતી ગયા બાદ, ઈ. સ. ૧૧૨૨માં વર્મ્સના કોનકૉર્ડન્ટ નામે પોપ અને હેનરી–૫મા વચ્ચે થયેલા સમાધાનથી સમ્રાટ-પોપ વચ્ચેના સંઘર્ષમાં વિરામ આવ્યો. બેઉ સત્તામાંથી કોઈનો પણ માનભંગ ન થાય તેવું આ સમાધાન હતું. પરંતુ ફ્રેડરિક–૧લાના સમયમાં (૧૧૫૨–૯૦) ફરી પાછો સંઘર્ષ જાગ્યો. સીઝર, શાર્લમન અને ઓટો જેવા પૂર્વજો જેવી મહત્તા મેળવવાનાં અને સામંતો તથા જાગીરદારો પર વર્ચસ ધરાવતી, ફ્રાન્સના જેવી રાજાશાહી સ્થાપવાનાં સ્વપ્નાં ફ્રેડરિક સેવવા લાગ્યો. (આ ફ્રેડરિક તેની રાતી દાઢીના કારણે ફ્રેડરિક બારબેરોસાના

બિરુદથી જાણીતો બન્યો છે.) માટિલ્ડાની ડચેસે પોપને દાન કરેલી ટસ્કનીની જાગીરનો કબજો લેવા અંગ. પોપની માગણીમાંથી બારબેરોસા અને પોપ વચ્ચે સંઘર્ષ ઊભો થયો. રોમન સામ્રાજ્યના સમ્રાટ તરીકે બારબેરોસા રોમ પર પણ સત્તા ધરાવે છે, તેવો તેણે આગ્રહ કર્યો. આની સામે પોપની દલીલ એ હતી કે પોપે જ શાર્લમનને સત્તા આપી હતી. બારબેરોસા જે સત્તા ધરાવે છે તે પોપે આપેલી સત્તાના પરિણામ રૂપ છે. બારબેરોસાએ સિદ્ધાંતમાં બાંધછોડ કરી પોપના હાથે રોમમાં મુગટ પહેર્યો.

આમ, ધર્માચાર્યો સાથેનાં ઘર્ષણો ચાલુ હતાં ત્યારે બ્રેસિયાના આર્નોલ્ડે રોમનું પ્રાચીન ગૌરવ પાછું મેળવવા ધર્માચાર્યોના ભ્રષ્ટાચારને દૂર કરવા હાકલ કરી. રોમના પ્રજાજનોનો તેને ટેકો મળ્યો. પ્રજાજનોએ તેને કૉન્સલ બનાવ્યો અને તેના સિક્કા પણ પાડવામાં આવ્યા. સામેથી પોપ હેડ્રિયન–૪થાએ આર્નોલ્ડને રોમ બહાર ધકેલી દીધો. પરંતુ પોપને ખુશ કરવા બારબેરોસાએ આર્નોલ્ડને પકડી મંગાવી ફાંસી દીધી. મધ્ય યુગ બાદ યુરોપમાં ધર્મસુધારણાનું જે મહાન આંદોલન ચાલ્યું તેનો આર્નોલ્ડ પ્રથમ પ્રહરી બની રહ્યો.

હેડ્રિયન–૪થાના મૃત્યુ બાદ પોપના પદ માટે ઝઘડો ઊભો થયો. પોપપદે આવેલા ઍલેક્ઝાંડર-૩જાની વિરુદ્ધ તેના પ્રતિ-પોપ તરીકે, વિક્ટર–૪થાનો બારબેરોસાએ પક્ષ લીધો. વળી, સમ્રાટ અને પોપ વચ્ચે સમાધાન થયું. વેનિસના સૅંટ માર્કના દેવળમાં બારબેરોસા પોપને પગે પડયો. પોપે બાવડું ઝાલી તેને ઉઠાડયો.

પોપ અને સમ્રાટ વચ્ચેના સંઘર્ષો દરમિયાન આર્થિક-સામાજિક ક્ષેત્રે મોટાંમોટાં પરિવર્તનો આવી ગયાં હતાં. ઉત્તર ઇટલીમાં નગરો ઊભાં થયાં હતાં, જે વેપાર-વણજના કારણે સમૃદ્ધ બનેલાં. આ નગરોનો તેના શ્રેષ્ઠીઓ કારભાર ચલાવતા હતા. બારબેરોસાએ ઉત્તર ઇટલીના લોમ્બાર્ડ પ્રદેશનાં નગરોની સ્વતંત્રતાને અવગણી, તે પર પોતાનું આધિપત્ય સ્થાપી પરંપરાગત લાગા ઉઘરાવવાનો પ્રયત્ન કર્યો. આ નગરોએ આલ્પ્સની પેલી પાર રહેલી રાજસત્તાને કર આપવાનો ઇન્કાર કર્યો; અને ત્યારે પોપે નગરોનો પક્ષ લીધો. નગરોએ લોમ્બાર્ડ-લીગ નામે સંગઠન સાધ્યું. મિલાને બારબેરોસાના દાવાનો ઇન્કાર કર્યો. આ સંઘર્ષમાં સ્વાયત્ત નગરોની સ્વતંત્રતા અને દેશદાઝનો ઉદ્‌ભવ થયો. બારબેરોસાએ મિલાન પર ચઢાઈ કરી, વિરોધને કચડી નાખી, નગરીને ઉજજડ બનાવી. અંતે, બીજાં ઓગણીસ વર્ષના સંઘર્ષ પછી બારબેરોસા અને પોપ વચ્ચે સમાધાન થયું. બારબેરોસાએ (ઈ. સ. ૧૧૮૩) લોમ્બાર્ડ નગરોની સ્વાયત્તતા કબૂલ રાખી.



ફ્રેડરિક–૧
(બારબેરોસા)

જર્મનીમાં પણ મોટાં પરિવર્તનો આવ્યાં. મોટી નદીઓ અને મોટા રાજમાર્ગોના સંગમો પર ક્લોન, ટ્રૅપિસ, મેન્ટ્રેઝ, વર્મ્સ, નૂરમ્બુર્ગ, આઉક્સબુર્ગ જેવાં વેપાર-વણજ અને ઉદ્યોગોથી ધમધમતાં નગરો ઊભાં થયાં. મધ્ય યુગમાં પ્રવર્તતી પરાધીન મનોદશાથી મુક્ત બની આ નગરો સ્વતંત્રતાની નવી ભાવના જગાવવા લાગ્યાં.

પોપ સાથેના સંઘર્ષો છતાં બારબેરોસા મહાન રાજવી તરીકે પંકાયો હતો. તેણે જર્મનીનું ગૌરવ વધાર્યું હતું. કપરા કાળમાં જર્મનો આ મહાન સમ્રાટને યાદ કરતા અને પોતાની વહારે આવે તેવી આશા વ્યક્ત કરતા. મુસ્લિમો સામેના ધર્મયુદ્ધ(ક્રુઝેડ્સ)માં જોડાયેલો આ મહાન સમ્રાટ સાઈલીશીઓમાં કાલકેડ્યૂ નદી ઓળંગતાં ડૂબી જવાથી અવસાન પામ્યો (૧૧૯૦). બારબેરોસાએ મરણ અગાઉ નોર્મન વંશની પોતાની રાણીથી થયેલા પુત્ર હેનરીને પોતાના અનુગામી તરીકે જાહેર કર્યો હતો. આ હેનરી–૬ઠ્ઠો (૧૧૯૦–૯૭)ના

મરણ બાદ બાળક ફ્રેડરિક-૨જો (૧૨૧૫–૫૦) સમ્રાટ બન્યો. તેના રાજ અમલમાં પોપ સાથે પુનઃ ઝઘડો શરૂ થયો. તે જર્મનીનો રાજવી હોવા છતાં કારકિર્દીનો મોટો ભાગ તેણે દક્ષિણ ઈટલીમાં પસાર કર્યો. ગ્રીક, રોમન, નોર્મન અને મુસ્લિમ સંસ્કૃતિઓના સુભગ સંયોગ જેવા સિસિલીનો તે માલિક હતો. તેનામાં આ સંસ્કૃતિઓ પ્રતિબિંબિત થતી. તેણે સારું શિક્ષણ મેળવ્યુ હતું. વિજ્ઞાનમાં એને રસ હતો. બાજ પક્ષી પર પુસ્તક લખીને પ્રાકૃતિક વિજ્ઞાનમાં પ્રથમ પુસ્તકના લેખક તરીકે એણે સ્થાન મેળવ્યુ હતું. તે લેટિન, જર્મન અને અરબી ભાષા જાણતો હતો. તેના જમાના કરતાં તે ભાવિ જમાનાના પ્રતીકરૂપ હતો. ધર્મિષ્ઠ રાજવીઓ અને સૈનિકો જે ખ્રિસ્તી ધર્મસ્થાનોને મુસ્લિમોના હાથમાંથી મુક્ત કરવામાં નિષ્ફળ નીવડયા હતા તે સ્થાનોને બબ્બે વાર ધર્મબહિષ્કૃત બનનાર, 'નાસ્તિક' ફ્રેડરિક-૨જાએ યુક્તિથી મુક્ત કર્યાં. મુક્ત કરાયેલા ધર્મસ્થાનોમાં પૂજા-વિધિમાં ધર્માચાર્યોએ ફ્રેડરિકને સહાય ન કરી ત્યારે તેણે જાતે એ વિધિ કરી.

દક્ષિણ ઈટલી અને સિસિલી ઉપરના અધિકારના કારણે પોપ સાથે તે ઘર્ષણમાં આવ્યો. તેના સમયનો જમાનો પોપ સામે લડતા તેના પુરોગામીઓના જમાના કરતાં જુદા પ્રકારનો હતો. પ્રચલિત ધર્મમાન્યતાના વિરોધનો અને બુદ્ધિવાદનો તે જમાનો હતો. બુદ્ધિ જે પુરવાર કરી ન શકે તેનો સત્ય તરીકે સ્વીકાર કરવાનો ફ્રેડરિકે ઈન્કાર કર્યો. મુસા, ઈશુ અને મહમ્મદ એ ત્રણેય પેગંબરોને ધુતારા કહેવાનો તેના પર આક્ષેપ થયો. આથી કરીને મરી ગયા પછી તેનો આત્મા શેતાનના હવાલે પડયાનું કહેવામાં આવ્યુ. ફ્રેડરિક-૨જાના અવસાન બાદ હોહેનસ્ટોફન વંશનો અંત આવ્યો.

ફ્રેડરિક-૨જાના મરણ બાદ સમ્રાટની વરણી માટે સ્પેનના કેસ્ટાઈલના રાજવી આલ્ફોન્ઝો-૧૦મા (૧૨૫૨–૮૪) સામે ઈંગ્લંડના હેનરી-૩જા(૧૨૧૬–૭૨)એ ઉમેદવારી કરી. આ વરણીમાં સાત શખસોએ ભાગ લીધો. આમાંથી જર્મન રાજવીને વરણી કરનાર ભવિષ્યની નિર્વચન સમિતિની ભૂમિકા સર્જાઈ. હેનરી-૩જાના મરણ બાદ હેપ્સબર્ગ વંશના જર્મન સમ્રાટ રૂડોલ્ફ(૧૨૭૩–૯૧)ને રાજવી પદ મળ્યુ.



# ૬ : ક્રુઝેડ્સ (ધર્મયુદ્ધો) (ઈ. સ. ૧૦૯૫–૧૨૯૧)

મધ્યયુગી ઇતિહાસમાં બહુ ચકચાર પામેલી ઘટના તે ખ્રિસ્તી રાજ્યોમાં મુસ્લિમ રાજ્યો સામેનાં ધર્મયુદ્ધો છે.

કેરો(ઇજિપ્ત)ના ફાતિમા ખલીફ અલ હકીમે (૯૯૬–૧૦૨૧) ઈ. સ. ૧૦૧૦માં જેરુસલેમના 'ચર્ચ ઑફ હોલી સેપલ્કર'નું ખ્રિસ્તી ધર્મસ્થાન તોડી પાડ્યું. (જોકે તેના જીર્ણોદ્ધારમાં અગાઉના મુસ્લિમોએ હિસ્સો આપ્યો હતો.) જેરુસલેમનાં ધર્મસ્થાનોની યાત્રાએ જતા ખ્રિસ્તીઓની તુર્ક મુસલમાનો કનડગત કરતા હતા. આ ઘટનાઓ મુસ્લિમો સામેના ખ્રિસ્તીઓનાં ધર્મયુદ્ધો માટે નિમિત્ત બની. કૉન્સ્ટૅન્ટિનોપલ પરના બલ્ગરો, અને તુર્કોના હુમલાની સામે ત્યાંના રોમન સમ્રાટે પશ્ચિમની સહાય માગી અને ક્લેમન્ટમાં મળેલી એક સભામાં પોપ અર્બન–રજાએ મુસ્લિમોના હાથમાંથી ખ્રિસ્તી ધર્મસ્થાનોને બચાવવા ખૂબ જ જુસ્સાદાર વાણીમાં અપીલ કરી, જેનો શ્રોતાજનોમાંથી અનુકૂળ પ્રત્યાઘાત પડ્યો અને પોપે તેમને ધર્મયુદ્ધે ચડવા હાકલ કરી. આ ધર્મયુદ્ધમાં જોડાનારને ક્રૂસનું ચિહ્ન પહેરવાની સૂચના કરી. જે પરથી ધર્મયુદ્ધ માટેનો અંગ્રેજી શબ્દ ક્રુઝેડ પ્રયોજાયો. સભામાં હાજર રહેનાર ઉમરાવોએ ઈશ્વરની સેવામાં તેમની માલમિલકત અને જમીન-જાગીર ન્યોછાવર કરવાની પ્રતિજ્ઞા લીધી. બાદ, હજારો પ્રજાજનોએ પણ ધર્મ ખાતર પ્રાણ પાથરવાની પ્રતિજ્ઞા લીધી. સાધુસંતો ઈશુના સૈનિકો બની મઠો અને આશ્રમો છોડી બહાર પડ્યા. ધર્મયુદ્ધે ચડનારને આડે આવતાં બધાં પ્રકારનાં બંધનો, અંતરાયો અને જવાબદારીઓમાંથી મુક્ત કરવાની પોપે જાહેરાત કરી.

પહેલા ધર્મયુદ્ધમાં ભાગ લેવા ધર્મનિષ્ઠ ખ્રિસ્તી રાજવીઓ, સરદારો, સામંતો અને ધર્માચાર્યો ઉપરાંત ગરીબીમાં કચડાયેલા કંગાળો, દેવાંના ભાર નીચે દબાયેલા દેવાદારો, સંસારથી કંટાળેલા ગૃહસ્થો, રખડુઓ, સાહસવીરો, ચોર લૂંટારુઓ, બહારવટિયાઓ, સજામાંથી માફી મેળવવા ઇચ્છતા ગુનેગારો, સામંત માલિકોથી સ્વતંત્ર બનવા માગતા ખેત-ગુલામો, વેપારનાં નવાં ક્ષેત્રો સર કરવા માગતા વેપારીઓ, નવી જાગીર સ્થાપવા ઇચ્છતા ઉમરાવ અમીર સામંતો અને નવાં રાજ્યો સ્થાપી તેના રાજવી બનવાના કોડ સેવતા – બાપનું રાજ પદ નહિ મેળવી શકનારા–રાજકુમારો સુધ્ધાં જોડાયા.

મુસ્લિમો સામે લગભગ બે સૈકાં ચાલેલાં ધર્મયુદ્ધોની વિગતોમાં ઊતરવાને બદલે તેના પર ઊડતી નજર નાખી લઈએ.

**પહેલું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૦૯૫–૯૯)** : બાર હજાર ખેડૂતો અને સૈનિકોની એક ટુકડી પીટર હરમિટની આગેવાની હેઠળ ઈ. સ. ૧૦૯૬માં રવાના થઈ. બીજી જર્મનીમાંથી અને ત્રીજી ર્‌હાઈનલૅન્ડમાંથી રવાના થઈ. માર્ગમાં આ ટુકડીઓએ યહૂદીઓને લૂંટ્યા. કૉન્સ્ટૅન્ટિનોપલ પહોંચતાં સુધીમાં ઘણાનાં ભૂખ તરસથી મરણશરણ થયાં. છેવટે શેષ સૈનિકો આગળ વધ્યા. આ પહેલા ધર્મયુદ્ધમાં ગૉડફ્રે, કાઉન્ટ બોહેમંડ, રેમંડ વગેરે હતા. કૉન્સ્ટૅન્ટિનોપલની સમૃદ્ધિ



જેરુસલેમમાં આવેલું સેપલ્કરનું પ્રાચીન દેવળ : હાલ મસ્જિદમાં ફેરવાઈ ગયું છે.



**'પ્રભુની એ ઇચ્છા છે'**

પીટર હરમિટ પહેલા ધર્મયુદ્ધ (ક્રુઝેડ) માટે ભરતી કરે છે.

જોતાં બોહેમંડની દાઢ સળકી. આ પહેલું યુદ્ધ સફળ બન્યું. જેરુસલેમને ખ્રિસ્તીઓએ મુક્ત કરી ૭૦ હજાર મુસ્લિમોની ભારે કતલ ચલાવી અને જેરુસલેમમાં લૅટિન-રોમન રાજ્યની સ્થાપના કરવામાં આવી.

**બીજું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૧૪૭–૪૯) :** પહેલા ધર્મયુદ્ધમાં પરાજિત થયેલા મુસ્લિમો વધારે સંગઠિત થયા અને તેમણે ઓડેસાનો કબજો લીધાના ખબર મળતાં સંત બર્નાર્ડે કરેલી હાકલમાંથી બીજું ધર્મયુદ્ધ જાગ્યું. તેની સરદારી પવિત્ર રોમન સમ્રાટ કોનરેડ – ૩જા અને ફ્રાન્સના લૂઈ–૭માએ લીધી, પરંતુ આંતરિક વિખવાદને કારણે ખ્રિસ્તી આક્રમણ નિષ્ફળ ગયું અને કોનરેડ તથા લૂઈ પાછા ફરતાં બીજું યુદ્ધ સમાપ્ત થયું.

**ત્રીજું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૧૮૯–૯૨) :** ઇજિપ્તના અય્યુબ સુલતાન સલાઉદ્દીનના હાથે જેરુસલેમ પડયાના (ઈ. સ. ૧૧૮૭) ખબર મળતાં પોપ ગ્રેગરી–૮માએ ત્રીજા ધર્મયુદ્ધની હાકલ કરી. ઇંગ્લંડનો રિચાર્ડ–૧લો, ફ્રાન્સનો ફિલિપ ઑગસ્ટસ અને પવિત્ર રોમન સમ્રાટ ફ્રેડરિક બારબેરોસા પોતપોતાનાં સૈન્યો લઈ ધર્મયુદ્ધે ચડયા. જર્મન સમ્રાટ એશિયામાં એક નદી પાર કરતાં ડૂબી ગયાનું આપણે જોઈ ગયા. ફિલિપ ફ્રાન્સ પાછો ફર્યો અને રિચાર્ડ–૧લાએ સલાઉદ્દીનની સાથે સુલેહ કરી નિ:શસ્ત્ર ખ્રિસ્તીઓને જેરુસલેમમાં પ્રવેશવા દેવાની છૂટ મેળવી.

**ચોથું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૦૨–૧૨૦૪) :** પેલેસ્ટાઈન તરફ જવા ઊપડેલાં ખ્રિસ્તી સૈન્યોએ દરિયો પાર કરવા માટે વેનિસના લગભગ અંધ અને વયોવૃદ્ધ ડૉજ એનરિકો ડેન્ડોલોની મદદ માગી. એડ્રિયાટિક પરનું ઝારા બંદર મેળવી આપવાના બદલામાં ડેન્ડોલોએ આ વિનંતીનો સ્વીકાર કર્યો. તો વળી, કૉન્સ્ટેન્ટાઈનના પદભ્રષ્ટ ખ્રિસ્તી સમ્રાટ આઈઝેક–૨જાના પુત્ર ઍલેક્સિયસે પિતાને ગાદી મળે તે માટે ઝારા બંદર જીતવામાં મદદ કરી. પરંતુ, ખ્રિસ્તી સૈનિકો ઝારા બંદર સર કરી કૉન્સ્ટેન્ટિનોપલમાં પ્રવેશતાં જ મહાન નગરની સમૃદ્ધિ જોતાં બેકાબૂ બન્યાં. એમણે વિશાળ પાયા પર લૂંટ ચલાવી. મોટાં મોટાં મહાલયો, ખ્રિસ્તી ધર્મસ્થાનો, ધર્મસ્થાનો પરનાં કીમતી પ્રતીકો, પુસ્તકાલયો, વ્યાપારી બજારો સહિત કશું જ તેમણે છોડયું નહીં. એટલું જ નહીં, ધર્મયુદ્ધમાં મદદ કરનાર પદભ્રષ્ટ ખ્રિસ્તી સમ્રાટ આઈઝેકને ગાદી પાછી સોંપવાને બદલે

ત્યાં લૅટિન-રોમન હકૂમતની સ્થાપના કરવામાં આવી. આમ, ચોથું ધર્મયુદ્ધ ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચેનાં યુદ્ધો કરતાં એક ખ્રિસ્તી સામ્રાજયનો બીજા ખ્રિસ્તીઓના હાથે થયેલા નાશ માટે નોંધપાત્ર બન્યું છે.

**કિશોરોનું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૧૨) :** મુસ્લિમો સામે લડવા યુરોપના કુમળી વયના કિશોરો નીકળી પડયા. પણ માર્સેલ્સ આગળ દરિયો પાર કરાવીને વહાણના માલિકોએ જ આ કિશોરોને ગુલામ તરીકે વેચ્યા.

**પાંચમું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૧૭–૨૧) :** હંગેરીના રાજવી તથા ઑસ્ટ્રિયાના ડયૂકે આ યુદ્ધની આગેવાની લીધી અને સીધા પેલેસ્ટાઈન તરફ જવાને બદલે કેરો (ઈજિપ્ત) તરફ ઊપડયા, જ્યાં પરાજય મળતાં પાછા ફર્યા.

**છઠ્ઠું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૨૮–૨૯) :** પવિત્ર રોમન સમ્રાટ ફ્રેડરિક બીજાએ છઠ્ઠા ધર્મયુદ્ધની આગેવાની લઈ વગર યુદ્ધે મુસ્લિમો સાથે સમાધાન કરી અંશત: જેરુસલેમની તથા અન્ય ખ્રિસ્તી ધર્મસ્થાનોની મુક્તિ મેળવી. પરંતુ તેની પૂંઠ ફરતાં મુસ્લિમોએ આ સ્થાનોનો પુન: કબજો મેળવ્યો.

**સાતમું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૪૮–૫૪) :** ફ્રાન્સના સાધુચરિત રાજવી લૂઈ–૯માએ ઈજિપ્ત પર હલ્લો કર્યો પરંતુ જાફા અને એન્ટિયૉક પર મુસ્લિમોનો પુન: કબજો જામતાં તે યુદ્ધે ચડયો.

**આઠમું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૭૦) :** ઉપર મુજબ યુદ્ધ જાગ્યું. લૂઈ–૯માનું મૃત્યુ થતાં આ સાહસનું કશું જ પરિણામ આવ્યું નહિ.

**નવમું ધર્મયુદ્ધ (ઈ. સ. ૧૨૭૧–૭૨) :** આગલાં ધર્મયુદ્ધોમાં હારવા છતાં ખ્રિસ્તીઓના હાથમાં રહી જવા પામેલાં સ્થાનો પણ અંતે મુસ્લિમોના હાથમાં ગયાં. આમ, એકંદરે મુસ્લિમો સામે ખ્રિસ્તીઓએ શરૂ કરેલાં ધર્મયુદ્ધોનો અંત ખ્રિસ્તીઓની જ નિષ્ફળતામાં આવ્યો.




બુટ્ટાવાળા નકશીદાર કાપડ પરનું ૧૧મી સદીના સામંતશાહી યુગના લડવૈયાઓનું ચિત્ર.




ઈસ્લામ અને ખ્રિસ્તી સામ્રાજ્ય
(ક્રુઝેડોના અંતે)

## ક્રુઝેડ્સની ફલશ્રુતિ

ખ્રિસ્તી ધર્મસ્થાનોને મુસ્લિમોના કબજામાંથી મુક્ત કરવાનો મૂળ હેતુ પાર પડયો નહિ. જેરુસલેમ મુસ્લિમોના હાથમાં જ રહ્યું, ખ્રિસ્તી યાત્રીઓની સંખ્યા ઊલટી ઘટી, મુસ્લિમોમાં ધર્મઝનૂન વધ્યું. પેલેસ્ટાઈન અને સીરિયાનાં બંદરો સાથેનો ઈટલીનો વેપાર ઘટયો. સભ્યતા, શિક્ષણ, સંસ્કાર અને યુદ્ધકળામાં મુસ્લિમો શ્રેષ્ઠ પુરવાર થયા. યુરોપમાં શાંતિ સ્થાપવાનો પોપનો પુરુષાર્થ પડી ભાંગ્યો. યુરોપ સંગઠિત બનવાને બદલે તેનાં રાજ્યો વચ્ચે વૈમનસ્ય વધ્યું. ક્રુઝેડોનો માર ખાઈ સામંતશાહી પાંગળી બની. યુદ્ધ માટે નાણાં મેળવવા ગીરે મુકાયેલી જમીન-જાગીરો સામંતોએ ગુમાવી અને તેથી મળતા અધિકારોય ગુમાવ્યા. ક્રુઝેડમાં જોડાનારા ગુલામો ખેતર પર પાછા ફર્યા નહિ. ઉમરાવ અને સામંતોની ગેરહાજરીનો લાભ લઈ ફ્રેન્ચ રાજવી બળવાન બન્યો. રોમન સામ્રાજ્યની પૂર્વ અને પશ્ચિમ બંને પાંખો નબળી પડી; પશ્ચિમના સમ્રાટોએ ગૌરવ ગુમાવ્યું.

મુસ્લિમોના સંપર્કમાં આવવાથી ખ્રિસ્તીઓ નાહતાં શીખ્યા, દાઢી બોડતાં શીખ્યા; હજારો અરબી શબ્દો યુરોપની ભાષાના શબ્દકોશોમાં કાયમી બન્યા, પૂર્વનું સાહિત્ય નવા લેબાસમાં યુરોપમાં પહોંચ્યું; અન્ય ધર્મીઓ પણ સંસ્કારી, ઉદાર, વિશ્વાસપાત્ર અને દયાળુ હોઈ શકે તેની ખાતરી થઈ. પરિણામે, ખ્રિસ્તીઓનાં ધર્મ-ઝનૂન ઘટયાં. ખ્રિસ્તીઓમાં સંસારી જીવન તરફનું આકર્ષણ વધ્યું, તેઓ ભૂગોળ શીખ્યા, સાહસ અને પ્રવાસની પ્રવૃત્તિ ખીલી.

યુરોપને રેશમ, ખાંડ, મસાલા, મરી, સૂંઠ, લવિંગ, એલચી મળ્યાં. ઘણા છોડ, પાક અને ઝાડ મળ્યાં; મકાઈ, ડાંગર, તલ, લીંબું, તડબૂચ, પીચ, એપ્રિકોટ, ચેરી, ખજૂર મળ્યાં; મલમલ, સાટીન, મખમલ, પડદા, રંગ, પાઉડર, સુગંધીદ્રવ્યો, દર્પણ ઈત્યાદિ સૌંદર્ય-સાધનો મળ્યાં. ઈટલી અને ફ્લેમીશ બંદરોનો વેપાર વધ્યો. નગરોમાં વેપાર અને વહીવટમાં મધ્યમ વર્ગનો વિકાસ થયો. શરાફી વ્યવસ્થા ઊભી થઈ; શાખના દસ્તાવેજો, નામું લખવાની પદ્ધતિ પ્રચલિત બન્યાં; વધારે નાણું ચલણમાં આવ્યું. નવા વિચારો, નવા માણસો બહાર આવ્યા. વેપાર-ઉદ્યોગમાં થયેલી આર્થિક ક્રાંતિને પ્રતાપે મધ્ય યુગ પૂરો થઈ અર્વાચીન યુગનાં મંડાણ થયાં.

# ૭ : રાષ્ટ્રીય રાજાશાહીનો ઉદય

ફિલિપ ઑગસ્ટસના સમયનું ફ્રાન્સ યુરોપમાં સૌથી વધારે શક્તિશાળી રાજ્ય બન્યું. તેના અનુગામી લૂઈ–૮માના સમય(ઈ. સ. ૧૨૨૩–૨૬)માં તેની હકૂમત હેઠળ પોઈતો અને નોર્મન્ડી ઉપરાંત રાજવી હસ્તકના પ્રદેશો હતા. દક્ષિણમાં આલ્બિજેન્સ નામના નાસ્તિકો સામે યુદ્ધ કરીને તે પ્રદેશ પણ રાજવી હસ્તક આવ્યો. લૂઈ–૮માનો પુત્ર લૂઈ–૯મો (૧૨૨૬–૭૦) તેના શુદ્ધ ચારિત્ર્ય માટે સંત લૂઈ તરીકે પ્રસિદ્ધ થયો. ધર્મ-પ્રચુર મધ્ય યુગનો તે એક આદર્શ રાજવી હતો. નમ્ર, ધર્મનિષ્ઠ, સ્ફટિક જેવા પારદર્શક હૃદયવાળો, સરળ અને સાદો આ રાજવી ઇતિહાસમાં પવિત્ર સ્મરણો મૂકતો ગયો છે. એક વ્યક્તિ તરીકે તેની સરખામણી સંત ફ્રાન્સિસની સાથે થાય છે. તેનામાં શાંતિ, ન્યાય, અનુકમ્પા વગેરે ખ્રિસ્તી ગુણો હતા. તેણે ખાનગી લડાઈઓ પર પ્રતિબંધ મૂકયો, રાજાની જાગીરો પરની ખેત-ગુલામી દૂર કરી. ન્યાયતંત્ર સુધાર્યું. કરવેરા ન્યાયના ધોરણે નાખ્યા. ન્યાયના તંત્રને તેણે નિયંત્રિત કર્યું, પરિણામે કાયદાનું એકીકરણ સધાયું અને જંગલી જમાનાની 'દિવ્ય' જેવી કસોટીઓ પર મના ફરમાવી. નાણાંતંત્રનું નિયંત્રણ થતાં વહીવટ સરળ બન્યો. સરકાર પ્રજાના દમન માટે છે, તે પુરાણો ખ્યાલ તેનાં કૃત્યોથી બદલાયો. આ સંત-રાજવીના સમયથી નાગરિકો દેશ-દાઝની ભાવના અનુભવવા લાગ્યા. રાજા પ્રત્યેના પ્રેમના રસાયણે પ્રજાને એક કરી. રાજા જે દેશનો હતો તે દેશ પ્રજાની માતૃભૂમિ બન્યો. તેની ન્યાયપ્રિયતાના કારણે દેશપરદેશના ઝઘડામાં લવાદ તરીકે તેનો સ્વીકાર કરવામાં આવતો.

મુસ્લિમો સામે ચાલી રહેલી ક્રુઝેડ્સમાં ભાગ લેવાનાં જોખમો, ખર્ચ, નિરર્થકતા અને સંભવિત નિષ્ફળતાની પરવા કર્યા વિના તેણે તેમાં ધર્મ પ્રત્યેની શુદ્ધ નિષ્ઠાથી બબ્બે વાર ભાગ લીધો. ધર્મયુદ્ધોમાં ભાગ લેનારાઓમાં તે સૌથી પવિત્ર હતો અને તેને જ એમાં ભારે સહન કરવાનું આવ્યું. એકવાર કેદ થઈ જતાં વચન આપ્યા પ્રમાણે બાનની શરતો તેણે પૂરી કરી. તેનું મૃત્યુ (ઈ. સ. ૧૨૭૦) ધર્મયુદ્ધો માટે અંતદર્શક નીવડયું. કહે છે કે ખ્રિસ્તી અનુકમ્પાથી દ્રવિત થયેલો આ રાજવી હરરોજ સો જેટલા ગરીબોના જાતે પગ ધોઈ ભોજન પીરસતો. તેના આતિથ્યનો લાભ લેનારો ભોજન જમાડનાર કોણ છે તે કોઈ જાણે નહિ તે માટે અંધ-જનોને જ તે નોતરતો. અશોક મૌર્યની હરોળમાં બેસનાર આ સંત રાજાએ ફ્રાન્સને યુરોપમાં પ્રથમ દરજ્જાનું રાજ્ય બનાવ્યું.

સંત લૂઈ પછી ફિલિપ–૩જો (ઈ. સ. ૧૨૭૦–૮૫) અને તેના પછી ફિલિપ–૪થો (ઈ. સ. ૧૨૮૫–૧૩૧૪) ફ્રાન્સની ગાદીએ આવ્યો. તેણે દરબારીઓની સલાહથી ચાલવાને બદલે શિક્ષિત અને નિષ્ણાત પગારદાર મધ્યમવર્ગના લોકોની સેવાની પ્રથાને શરૂ કરી.



લૂઈ–૮
(ઈ. સ. ૧૨૨૩–૨૬)



લૂઈ–૯
(ઈ. સ. ૧૨૨૬–૭૦)



ફ્રેન્ચ નાગરિક
ક્લેમન્ટ-૫

આ અરસામાં ફ્રાન્સ અને ઈંગ્લંડે સામસામા યુદ્ધ ચડવાની તૈયારીઓ કરવા માંડી. બંનેને નાણાંની જરૂર પડી અને બંનેએ ધર્મતંત્ર હેઠળની જાગીરો પર નજર દોડાવી. પોપ બૉનિફેસ-૮માએ ઈ. સ. ૧૨૯૬માં ધર્મતંત્ર હેઠળની જાગીરો પર કર નાખવાના રાજવીઓના અધિકારને પડકાર્યો, અને પોતાના હુકમનો ભંગ કરનારને ધર્મબહિષ્કૃત કરવાની ધમકી આપી.

પદાર્પણના સવાલ પર હેનરી-૪ના સમય જેટલી કટોકટી ઊભી થઈ. પરંતુ આટલાં વર્ષોમાં પરિસ્થિતિ એવી તો પલટાઈ ગઈ હતી કે આ કટોકટીમાં સમ્રાટની પડખે સમસ્ત પ્રજા ખડી થઈ જતાં રાષ્ટ્રની પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઊભો થયો. ઈંગ્લંડના રાજવીએ બૉનિફેસના હુકમની અવગણના કરી ત્યારે ફ્રેન્ચ રાજવી ફિલિપ-૪થાએ બૉનિફેસના ફતવા સામે વળતાં પગલાં લઈ ફ્રાન્સની બહાર જતા નાણાનો પ્રવાહ રોકયો. આથી પોપને ભારે ફટકો પડયો અને ફ્રાન્સમાં નાણાતંત્ર શિસ્ત હેઠળ આવ્યું.

નોરબોનના ધર્માચાર્યે દેવળની જાગીરો જપ્ત કરવા સામે ફરિયાદ કરી. આથી રોમથી પાછો ફરતાં તેની સામે રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો. પોપે તેને મુક્ત કરવાની વિનંતી કરી. ઈ. સ. ૧૩૦૨માં ફિલિપે બોલાવેલી ઉમરાવો, ધર્માચાર્યો અને મધ્યમવર્ગના પ્રતિનિધિઓની એસ્ટેટ્સ-જનરલે રાજાને ટેકો આપ્યો. બૉનિફેસની વરણીનો સવાલ સમસ્ત ખ્રિસ્તી સમાજના ધર્માચાર્યોની પરિષદ પાસે લઈ જવાનો નિર્ણય કરવામાં આવ્યો. ફિલિપે કાયદાના સલાહકાર નૉગારેટને પોપની ગિરફતારી કરવા ફ્રાન્સ મોકલ્યો. પોપને તેના મહેલમાં જ પકડવામાં આવ્યો. રોમની પ્રજાએ તેને છોડાવ્યો. પણ માનભંગ બનેલો બૉનિફેસ ઈ. સ. ૧૩૦૩માં મરણ પામ્યો. તેના પછી આવેલો બેનિડિક્ટ એક જ વર્ષમાં મરી જતાં ફ્રેન્ચ નાગરિક ક્લેમન્ટ-૫ (૧૩૦૫-૧૦) પોપ બન્યો. તેણે તેનું મથક રોમથી ખસેડી ફ્રાન્સની સરહદે આવેલા એવિગ્નોન ફેરવ્યું. ત્યાં તેના અનુગામી પોપો ઈ. સ. ૧૩૭૮ સુધી રહ્યા. મોટા સમ્રાટોને નમાવનાર પોપ ફ્રેન્ચ સમ્રાટના આશ્રિત બન્યા અને તેમની આ અવસ્થા 'બેબિલોનના કારાવાસ' તરીકે ઓળખાઈ.

પોપની વરણીમાં વિવાદ થતાં એક રોમમાં અને બીજો એવિગ્નોનમાં; એમ બે પોપ થયા. યુરોપના દેશોમાં પણ આ વિવાદે બે પક્ષો ઊભા કર્યા. ફ્રાન્સના પોપના પક્ષે નેપલ્સ અને સ્કૅન્ડિનેવિયાના દેશો હતા. આ વિવાદનો નિકાલ લાવવા જતાં પિઝામાં મળેલી ધર્માચાર્યોની પરિષદે ત્રીજા પોપની વરણી કરી.

ઈ. સ. ૧૪૧૪માં સમ્રાટ સિજિસમંડે (ઈ. સ. ૧૪૧૦-૩૭) ધર્માચાર્યો તથા નગરો અને રાજ્યોના પ્રતિનિધિઓની કૉન્સ્ટન્સમાં બોલાવેલી વિસ્તૃત પરિષદે વ્યક્તિદીઠ નહિ પણ ભાગ લેનાર રાષ્ટ્રદીઠ મત દ્વારા વિવાદનો અંત આણી પોપની વરણીમાં ધર્મપરિષદના નિર્ણયની પ્રથા શરૂ કરી. આ પછી પાવિયા, બોલોના અને ફેરારાની ધર્મપરિષદોએ પોપપદની વરણી માટે એકવાક્યતા સ્થાપી. આ સમયે થઈ ગયેલા પોપ નિકોલસ-૫મા (ઈ. સ. ૧૪૪૭-૫૫)એ વેટિકન પુસ્તકાલય સ્થાપ્યું. સિક્ટસ-૪ (ઈ. સ. ૧૪૭૧-૮૪) અને જુલિયસ-૨ (ઈ. સ. ૧૫૦૩-૧૩)એ રોમને સુશોભિત કર્યું. સંત પીટરનું અત્યારનું દેવળ અને રાફાયલ અને માઈકલ એન્જેલોની કલાકૃતિઓ આ જ સમયમાં શક્ય બની.

ધર્મ અને આપખુદ રાજવીઓની સત્તાના પ્રાબલ્યવાળા મધ્ય યુગમાં અગિયાર, બાર અને તેરમી સદીઓ દરમિયાન મોટાં પરિવર્તનો થવા લાગ્યાં હતાં. સ્થગિત ગ્રામસમાજનું સ્થાન વેપાર-ઉદ્યોગ પર આધારિત શહેરી સમાજ લેવા લાગ્યો હતો. રાજકારણ અને વહીવટમાં ધર્માચાર્યો, ઉમરાવો અને સામંતોની સામે વેપારધંધા સંભાળતો મધ્યમવર્ગ વર્ચસ જમાવવા લાગ્યો હતો. સમસ્ત યુરોપને આવરી લેનારા સાર્વત્રિક ખ્રિસ્તી સમાજનું અને એકચક્રી બનવા મથતા 'પવિત્ર રોમન સામ્રાજ્ય'નું સ્થાન પ્રાદેશિક રાજ્યોમાં સમાતી રાષ્ટ્રીય રાજાશાહીએ લેવા માંડયું હતું.

# સો વર્ષોના વિગ્રહો

ફ્રાન્સમાંના વિશાળ પ્રદેશો (ઈ. સ. ૧૩૩૭–૧૪૫૩) ઇંગ્લંડના રાજવીની માલિકીના હોઈ બંને દેશો વચ્ચે સંઘર્ષ રહેતો હતો. ફ્રાન્સમાં આના કારણે એક મજબૂત કેન્દ્રિત સત્તા સ્થાપવામાં અંતરાય નડતો હતો. ઈ. સ. ૧૩૨૮માં ફિલિપ–૪થાનો પુત્ર ચાર્લ્સ–૬ (ઈ. સ. ૧૩૨૨–૨૮) મરણ પામતાં કાપેશિયન વંશનો અંત આવ્યો. નજીકનો સગો ઇંગ્લંડનો એડવર્ડ–૩જો (ઈ. સ. ૧૩૨૭–૭૭) હતો. ફિલિપ–૪થાના ભત્રીજા વાલ્વાના ફિલિપને ફિલિપ–૬ (૧૩૨૮–૫૦) તરીકે ફ્રાન્સનો રાજવી બનાવવામાં આવ્યો. ફ્લાન્ડર્સ વિરોધી ફ્રેન્ચનીતિ સામે એડવર્ડ–૩જાએ ફ્લાન્ડર્સનો પક્ષ લીધો. અને ફ્લાન્ડર્સ જતા ઊન પર પ્રતિબંધ મૂક્યો. ત્યાં બળવો થયો, જેમાં ફ્રેન્ચ રાજવીને અમાન્ય કરી એડવર્ડ–૩જાને માન્ય કરવામાં આવ્યો. ઇંગ્લંડનું હંમેશનું વિરોધી સ્કૉટલૅન્ડ ફ્રેન્ચ પક્ષે ભળ્યું. એડવર્ડ–૩જાએ ફ્રેન્ચ ગાદીનો દાવો કર્યો. તેનાં વળતાં પગલાં તરીકે ફ્રાન્સમાંની તેની જાગીરો જપ્ત કરવામાં આવી. આમાંથી સો વર્ષના વિગ્રહોની શરૂઆત થઈ. ઈ. સ. ૧૩૪૩માં ક્રેસી આગળના યુદ્ધમાં ફ્રેન્ચો હાર્યા. ૧૩૫૬ પોઈતો આગળ પણ તેમની હાર થઈ. ફ્રેન્ચ રાજવી જૉન–૨ (ઈ. સ. ૧૩૫૦–૬૪) કેદ પકડાયો. ઈ. સ. ૧૩૬૦ની કેલેની સુલેહમાં અંગ્રેજોએ ફ્રેન્ચ ગાદીનો દાવો છોડયો. જૉન–૨જો ઇંગ્લંડમાં મરણ પામતા તેનો પુત્ર ચાર્લ્સ–૫ (ઈ. સ. ૧૩૬૪–૮૦) ગાદીએ આવ્યો. તેના મરણ બાદ ફરી ફ્રેન્ચ ગાદી માટે બર્ગન્ડી અને ઑર્લિયન્સના ડ્યૂકો વચ્ચે સ્પર્ધા જાગી. પૅરિસમાં કામદારોએ બંડ કર્યું. ઇંગ્લંડના હેનરી–૫માએ(ઈ. સ. ૧૪૧૩–૨૨)એ નોર્મન્ડી પર હુમલો કર્યો. એજિન કોર્ટની લડાઈમાં ફ્રેન્ચો હાર્યા. ઈ. સ. ૧૪૨૦ની સુલેહ અનુસાર ફ્રેન્ચ રાજવી ચાર્લ્સ–૬ઠ્ઠો (ઈ. સ. ૧૩૮૦–૧૪૨૨) મરે ત્યાર પછી તેનો પુત્ર નહિ પણ ઇંગ્લંડનો હેનરી–૫મો ગાદીએ આવે એવું નક્કી થયું. બે વર્ષ બાદ ચાર્લ્સ–૬ઠ્ઠો અને હેનરી–૫મો બંને મરણ પામ્યા. હેનરી–૫માના દીકરા હેનરી–૬ઠ્ઠા(ઈ. સ. ૧૪૨૨–૬૧)એ પોતાને ફ્રાન્સનો રાજવી જાહેર કર્યો. ચાર્લ્સ–૬ઠ્ઠાના દીકરા ચાર્લ્સ–૭મા(ઈ. સ. ૧૪૨૨–૬૧)એ તેનો વિરોધ કર્યો. દરમિયાન ભરવાડની દીકરી જૉન-ઑફ આર્કે દૈવી પ્રેરણા હેઠળ ફ્રેન્ચ પ્રજામાં અપ્રતિમ શક્તિ જગાડી. નવા ઊભા થઈ રહેલા ફ્રેન્ચ રાષ્ટ્રવાદનું તે પ્રતીક બની. પુરુષોનો પહેરવેશ સજી, હાથમાં હથિયાર લઈ તેણે ફ્રેન્ચ લશ્કરની આગેવાની લીધી. ઈ. સ. ૧૪૨૮માં ઑર્લિયન્સમાંથી તેણે અંગ્રેજોને ભગાડયા. રેઈન્સના દેવળમાં ચાર્લ્સ–૭માનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. બર્ગન્ડિયનોએ જૉનને પકડી અંગ્રેજોને હવાલે કરી. ધર્મ-અદાલત દ્વારા (ઇન્ક્વિઝિશન) તેના પર કામ ચલાવી તેને ડાકણ જાહેર કરી. રૂએન(ઈ. સ. ૧૪૩૧)માં તેને જીવતી બાળી મૂકવામાં આવી. ૨૫ વર્ષ બાદ પોપે ફરી તપાસ કરી આગલા ચુકાદાને રદ કરી તેને નિર્દોષ ઠરાવી, અને ૧૯૨૨માં સંત તરીકે જાહેર કરવામાં આવી.

ફ્રાન્સમાં યુદ્ધના ખર્ચને પહોંચી વળવા એસ્ટેટ-જનરલે રાજાને સીધા કરવેરા નાખવાની સત્તા આપી, જેણે રાજાને નાણા બાબતમાં સ્વતંત્ર અને આપખુદ બનાવ્યો. ત્યારે ઇંગ્લંડમાં યુદ્ધ માટે નાણાની જરૂર ઊભી થતાં, તે તકનો લાભ લઈ પાર્લમેન્ટે રાજાની કરવેરાની નીતિ પર અંકુશ મૂકી, તેની સંમતિ વિના રાજા કર ઉઘરાવી ન શકે તેવું ઠરાવ્યું. રાજા પર આમ અંકુશ મૂકવામાં મહત્ત્વના ત્રણેય વર્ગો – ઉમરાવો, ધર્માચાર્યો અને મધ્યમવર્ગ એક બન્યાં. ઇંગ્લંડમાં રાજાની સત્તા મર્યાદિત બની અને પાર્લમેન્ટ દ્વારા લોકો તેના પર અંકુશ મૂકી લોકશાહીના માર્ગે આગળ વધવા લાગ્યા. ત્યારે ફ્રાન્સમાં રાજા આપખુદ બન્યો; જેમાંથી ફ્રાન્સની ક્રાંતિ જાગી.

ઇંગ્લંડમાં પણ ઈ. સ. ૧૩૦૦–૧૫૦૦ના ગાળામાં મોટા ફેરફારો થઈ ગયા. પ્લેગ અને સો વર્ષના વિગ્રહોએ ઉમરાવોમાં અશાંતિ જગાડી. રિચાર્ડ–૨(ઈ. સ. ૧૩૭૭–૯૯)ના અમલ દરમિયાન રાજાની સામે વિરોધ જાગ્યો. તેને પદભ્રષ્ટ કરી તેનો વારસ નીમવાનો હક પાર્લમેન્ટે મેળવ્યો. લેન્કેસ્ટર કુળના હેનરી–૪થા (ઈ. સ. ૧૩૯૯–૧૪૧૩)ને રાજવી પદ આપવામાં આવ્યું. તેના અનુગામીઓ હેનરી–૫ (ઈ. સ. ૧૪૧૩–૨૨)



બર્ગન્ડીયનોએ અંગ્રેજોને હવાલે કરી તે સમયે ઘોડેસવાર થઈ બંદીવાન અવસ્થામાં ધર્મ-અદાલતમા જતી જોન ઑફ આર્કનું પ્રતાપી ચિત્ર.



(ડાબે) ધર્મ-અદાલતમાં પોતાના પર ડાકણનો આરોપ મૂકનાર સામે જોન. (જમણે) ધર્મ-અદાલતમાં છેલ્લા ખ્રિસ્તી સંસ્કાર (સેક્રમેન્ટ) સમયે પોપ પાસે પાપવિમોચન માટે ક્ષમા યાચતી જોન.

## મધ્યકાલીન ફ્રાંસની પ્રતાપી વીરાંગનાં : જોન ઑફ આર્ક

અને હેનરી–છઠ્ઠા(ઈ. સ. ૧૪૨૨–૬૧)ના સમયમાં પાર્લમેન્ટે ઘણી સત્તા મેળવી. ઇંગ્લંડની સરકાર 'પાર્લમેન્ટરી રાજાશાહી' બનવા લાગી.

સો વર્ષના વિગ્રહો બાદ ઇંગ્લંડમાં લેન્કેસ્ટર અને યૉર્ક કુળો વચ્ચે જબરો આંતરવિગ્રહ જાગ્યો, જેમાં ઇંગ્લંડના ઉમરાવ વર્ગનો નાશ થયો. રાજકારણમાં તેમની લાગવગ ઘટી. આ સમય દરમિયાન પોપ ફ્રેન્ચ રાજવીના આશ્રયે એવિગ્નોનમાં રહેતો હોઈ તેનો લાભ લઈ ઇંગ્લંડના ધર્મતંત્રને પોપની હકૂમત હેઠળથી મુક્ત કરી રાજવીના અંકુશ હેઠળ મૂકવામાં આવ્યું. ઈ. સ. ૧૩૪૮–૫૦માં ફાટી નીકળેલા પ્લેગની મહામારીમાં મોટી સંખ્યામાં મરણો થતાં મજૂરોની સંખ્યા ઘટી, તેથી તેમણે વેતનમાં વધારો માગ્યો. પણ ઈ. સ. ૧૩૫૧માં પ્લેગ પહેલાંનો વેતન-દર નક્કી કરવામાં આવ્યો. આથી જાગેલા અસંતોષ અને ઈ. સ. ૧૩૮૧ના મુક્તવેરાના પરિણામે કિસાનબંડો થયાં. તેમને ભયંકર ક્રૂરતાથી રિચાર્ડ–૨જાએ દબાવી દીધાં.

ઇંગ્લંડમાં પણ મધ્ય યુગની સામંતશાહી વિદાય થતાં રાષ્ટ્રીય રાજાશાહી પ્રબળ બની.

## કૉન્સ્ટન્ટિનોપલનાં પતન સમયે યુરોપ (ઈ. સ. ૧૪૫૩)




(વિગત માટે જુઓ પ્રકરણ ૯ પાનું ૪૩–૪૪)



## યુરોપની સાહસિક પ્રજા

### સ્લાવ અને વાઈકિંગ

←૮મી અને ૧૦મી સદીના યુરોપના સ્કેન્ડિનેવિયાના પ્રદેશના સાહસિક દરિયાખેડુ વાઈકિંગ



સ્લાવ સ્ત્રી અને ખેડૂત ઘેટાના ચામડાના વસ્ત્રોમાં

પૂર્વ યુરોપના રશિયન, પોલ્સ, વન્ડ્સ, ઝેક્સ, સ્લોવાક્સ, યુગો-સ્લાવ્ઝ અને હાલના બલ્ગેરિયામાં વસતી સ્લાવ પ્રજા.



સ્લાવ શિકારી : ઘેટાનાં ચામડાના કોટમાં

# ૮ : યુરોપનાં અન્ય રાજ્યો

યુરોપની ઉત્તરે સ્કૅન્ડિનેવિયાનાં ભારે જંગલોવાળાં ડેનમાર્ક, સ્વીડન અને નોર્વેમાં વસતી પ્રજા જર્મન વંશની હોવા છતાં અન્ય જર્મનોથી દૂર હોઈ તેનો સાંસ્કૃતિક વિકાસ મંદ ગતિએ થયો. તેમણે પરાક્રમો અજમાવવા દરિયાનો માર્ગ લીધો. વાઈકિંગના નામે વિખ્યાત થયેલી ટોળીઓએ વિશાળ પ્રદેશો પર આક્રમણો શરૂ કર્યાં. દરિયામાં પસાર થતાં વહાણોને લૂંટવા માંડયાં. તેમની સાહસવૃત્તિ, શૌર્ય, જોખમ ખેડવાની હિંમત, પવનો અને દરિયાઈ પ્રવાહો અંગેનું આપસૂઝનું જ્ઞાન, તેમને અજાણ્યા સમુદ્રોમાં પણ ઝુકાવવા મદદરૂપ બનતું.

સ્વીડનના વેપારીઓ અને સાહસવીરો બાલ્ટિક સમુદ્ર વટાવી ઉત્તર રશિયાની નદીઓ પાર કરી છેક કાળા સમુદ્ર સુધી પહોંચતા અને લૂંટ મેળવવા ઉપરાંત વેપાર પણ ખેડતા. રશિયાનાં નગરોની ગુજરીઓમાં તેઓ એશિયા અને ઉત્તર યુરોપના માલસામાનનો વિનિમય કરતા. આ વેપારીઓ કૉન્સ્ટેન્ટિનોપલના બાઈઝેનટાઈન સામ્રાજ્યની સાથે સંપર્કમાં રહેતા. તેમને રુસી કે વરન્જિયનો કહેવામાં આવતા અને કૉન્સ્ટેન્ટિનોપલ સુધીના માર્ગને વરન્જિયન માર્ગ કહેવામાં આવતો. રશિયાના સ્લાવ સરદારો વાઈકિંગોની સહાય મેળવતા. આવી એક ટોળીનો સરદાર રુરિક ઈ. સ. ૮૨૬માં નોવાગોરોદનો રાજવી બન્યો. તેના પિતરાઈઓએ કીવ લીધું જે રશિયાનું પાટનગર બન્યું.

નોર્સ લોકો પશ્ચિમે અમેરિકા સુધી, બીજી તરફ કાળા સમુદ્ર સુધી અને ફ્રાન્સ અને સ્પેનના કાંઠાના પ્રદેશો, ભૂમધ્યનાં બંદરો અને ટાપુઓ તથા ઈટલીના પ્રદેશો સુધી હુમલાઓ કરતા. ફ્રાન્સ, બેલ્જિયમ અને હોલૅન્ડની નદીઓ દ્વારા મધ્ય યુરોપમાં પ્રવેશતાં ઈ. સ. ૮૮૫–૮૬માં ૪૦ હજાર સૈનિકોની મદદથી તેમણે પૅરિસ પર હલ્લો કર્યો. આમાં પૅરિસના ડયૂક ઑડોએ નોર્સ લોકોને હરાવ્યા અને તે ફ્રાન્સનો ધણી બન્યો. બેલ્જિયમ અને બ્રિટનની વચ્ચેના પ્રદેશને નોર્સ લોકોએ પોતાની હકૂમત હેઠળ આણ્યો; જે નોર્મન્ડીના નામે ઓળખાયો. ખ્રિસ્તી ધર્મનો તેમણે અંગીકાર કર્યો અને તેઓ આગવા સ્થાપત્યના પુરસ્કર્તા બન્યા. આ જ નોર્મનોએ ફ્રાન્સની સભ્યતા સાથે સમન્વય સાધ્યો અને અગિયારમી સદીમાં વિલિયમની આગેવાની હેઠળ ઇંગ્લંડ જઈ તેના માલિકો બન્યા તે આપણે જોઈ ગયા છીએ. . . . તેમના પછી સ્કૅન્ડિનેવિયામાં જે રહ્યા તેમણે તેમનાં આગવાં રાજ્યો સ્થાપ્યાં. દસમી સદી અધવારનાં યુરોપનો આ ઉત્તર પ્રદેશ પણ ખ્રિસ્તી બન્યો. સ્લાવ, બલ્ગર અને મેગિયાર લોકો પણ ખ્રિસ્તી બન્યા. અને તેમણે ભાવિ યુરોપના સમાજની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ભૂમિકા સર્જી. ઉત્તરનાં નગરો હેનસિયાટિક સંઘ રચી વ્યાપાર પૂરતાં એક બન્યાં.

ડેનમાર્કના રાજાની દીકરી અને નોર્વેના રાજાની પત્ની માર્ગરેટે (ઈ. સ. ૧૩૮૯–૧૪૧૨) પિતા અને પતિનાં મરણ બાદ આઇસલૅન્ડ અને ગ્રીનલૅન્ડ સહિત નોર્વેને ડેનમાર્કની સાથે જોડયું. ઈ. સ. ૧૪૭૬માં ડેનમાર્કના કોપનહેગનમાં અને ઈ. સ. ૧૪૭૭માં સ્વીડનના ઉપસાલામાં વિદ્યાપીઠો સ્થાપી.

જર્મનીની પૂર્વે બોહેમિયા અને પોલૅન્ડનાં સ્લાવ રાજ્યો અગત્યનાં બન્યાં. બોહેમિયા મુખ્યત્વે સ્વાયત્ત હતું.

હંગેરીનાં મેગિયાર રાજ્યનો સ્થાનિક રાજવંશ ઈ. સ. ૧૩૦૮માં ચાલી જતાં એક સૈકા સુધી એન્જેવીન, લગ્ઝમ્બર્ગ, હેબ્સબર્ગ અને પોલૅન્ડના રાજવંશોએ તે માટે સ્પર્ધા કરી. તુર્કોનાં આક્રમણોનાં કારણે મેગિયારોમાં રાષ્ટ્રભાવના જાગી.

બારમી અને તેરમી સદીમાં રશિયામાંના કીવ રાજ્યની પડતી થતાં સંખ્યાબંધ જાગીરો ઊભી થઈ. મોંગોલોએ રશિયાનો ઘણો પ્રદેશ કબજે કર્યો હતો. કીવના સ્લાવ જાગીરના વતનીઓ ઉત્તરમાં ગયા. ત્યાં તેમણે વ્હાઈટ રશિયાની સ્થાપના કરી. રશિયામાં તાર્તરોની હકૂમત લાંબી ચાલી. નોવાગોરોદને બાદ કરતાં મોટા ભાગનું રશિયા મોંગોલો હસ્તક ગયું. પણ તેઓ મધ્યસ્થ સત્તા જમાવી શક્યા નહિ. ઘણા રશિયનો ઉત્તર તરફ વળ્યા. પરિણામે મોસ્કોની આસપાસ નવી જાગીરો ઊભી થઈ. જોકે બાઈઝેન્ટાઈન અને બાલ્કનના પ્રદેશો પર આગળ વધી રહેલા તુર્કોનાં આક્રમણોથી રશિયા બચી જવા પામ્યું. રશિયાના વેરણછેરણ વિસ્તારો મોસ્કોના ડયૂકના હાથ નીચે સંગઠિત બન્યા. ઈવાન–૩(ઈ. સ. ૧૪૬૨–૧૫૦૫)એ નોવાગોરોદ અને અન્ય પ્રદેશો કબજે કર્યા.

બાઈઝેન્ટાઈનના છેલ્લા સમ્રાટ કૉન્સ્ટૅન્ટાઈન–૧૧(ઈ. સ. ૧૪૪૮–૫૩)ની દીકરી સોફિયા ઈવાન–૩જાને પરણી. ઈવાને ક્રેમલિન બાંધ્યું અને સમગ્ર રશિયાનો તે રાજવી ગણાયો. પશ્ચિમમાં રોમનો નાશ થતાં કૉન્સ્ટૅન્ટાઈન જેમ 'બીજું રોમ' બન્યું તેમ કૉન્સ્ટૅન્ટિનોપલ પડતાં(ઈ. સ. ૧૪૫૩) મોસ્કો 'ત્રીજું રોમ' બન્યું. કૉન્સ્ટૅન્ટિનોપલમાં જેમ રોમન સામ્રાજ્ય ચાલુ રહ્યું, તેમ મોસ્કોમાં બાઈઝેન્ટાઈન સામ્રાજ્યની પરંપરા ચાલુ રહી. ઉપરાંત, રોમના કૅથલિક ખ્રિસ્તી ધર્મમતની સામે બાઈઝેન્ટાઈનનો 'ઑર્થોડૉક્સ' ધર્મમત રશિયામાં ચાલુ રહ્યો. રશિયા ઈ. સ. ૧૫૦૦ સુધી પૂર્વ યુરોપનું મહાન રાજ્ય બન્યું. યુરોપનાં વિવિધ રાજ્યોના સમ્રાટોને 'સીઝર' બનવાનું સ્વપ્ન છેવટે મોસ્કોના રાજવી 'ઝાર'માં પરિવર્તન પામ્યું.

સ્વિટ્ઝર્લૅન્ડ જર્મનોનું રાજ્ય હતું. મૂળ તે બર્ગન્ડી હેઠળ હતું. તેની પ્રજાઓ ડુંગરો અને વનમાં વસતી અને તેમનાં નિવાસો કેન્ટનો કહેવાતાં. આમાં ઉરી, સ્વાઈઝ અને ઉત્તર વાલ્ડનનાં ત્રણ મુખ્ય કેન્ટનો હતાં. કેન્ટનવાસીઓએ હમેશાં આંતરિક બાબતોમાં બાહ્ય દરમિયાનગીરીનો વિરોધ કર્યો હતો. ઈ. સ. ૧૨૯૧માં ત્રણેય કેન્ટનોએ સંગઠિત પ્રવૃત્તિનો કરાર કર્યો. ઈ. સ. ૧૩૧૫માં તેમણે ઑસ્ટ્રિયા અને હેબ્સબર્ગને હરાવ્યાં. ત્રણ કેન્ટનોની સાથે અન્ય નગરો અને પ્રદેશો ભળ્યાં. સોળમી સદી સુધીમાં તેર કેન્ટનો બન્યાં. ઈ. સ. ૧૪૭૪માં હેબ્સબર્ગ સમ્રાટ ફ્રેડરિક–૩જા(ઈ. સ. ૧૪૪૦–૯૩)એ જાતે સ્વિટ્ઝર્લૅન્ડની સ્વતંત્રતા માન્ય રાખી. બે સદી ચાલેલા સ્વાતંત્ર્ય સંગ્રામોમાં સ્વિસ લોકોએ સૈનિકો તરીકેની કીર્તિમાં વધારો કર્યો. આ પછી ફ્રેન્ચ સૈન્યોમાં સ્વિસ સૈનિકોની ભરતી થવા લાગી. આજે પણ પોપના રક્ષક તરીકે સ્વિસ સૈનિકો ફરજો બજાવી રહ્યા છે.

ઈસ્લામનાં કેન્દ્રસ્થાનો પર ખ્રિસ્તીઓ ધર્મયુદ્ધો ખેલીને જે મેળવી ન શક્યા તે તેમણે સ્પેનની ભૂમિ પર મુસ્લિમો સામે ધર્મયુદ્ધો ખેલી મેળવ્યું. સ્પેનમાં ખ્રિસ્તીઓએ મુસ્લિમો સામે કેવળ ધર્મના હેતુ ખાતર જ ધર્મયુદ્ધો ખેલ્યાં ન હતાં. સ્પેનની ગરીબ અને ખરબચડી ભૂમિને મુસ્લિમોએ હરિયાળી બનાવી હતી. તેમાં તેમણે નગરો અને મહેલાતો ઊભી કરી હતી. મુસ્લિમોએ ઊભી કરેલી સમૃદ્ધિ પડાવવા સ્પેનવાસી ખ્રિસ્તીઓની દાનત બગડી. રોમન સામ્રાજ્ય પરના 'જંગલી' હુમલાની તોલે આવે તેવો ઈસ્લામી સ્પેન ઉપરનો આ હુમલો ગણાય. ફરક માત્ર એટલો જ હતો કે આ 'જંગલીઓ' ખ્રિસ્તી હતા એટલા માટે પણ જિતાયેલી પ્રજા સાથે તેઓ એકરૂપ બન્યા નહિ. તેઓ 'પેગન' હોત તો તુર્કોની માફક ઈસ્લામની સાથે એકરૂપ બન્યા હોત. આવાં કર્તવ્ય, લાગણી અને સ્વાર્થ ત્રણેયને આ ખ્રિસ્તીઓએ ધર્મયુદ્ધમાં સંગઠિત કર્યાં. જોકે આ સાચું ધર્મયુદ્ધ ન હતું કેમ કે તેનો આશય ધર્મપરિવર્તન નહિ પણ વિધર્મીઓનો વિધ્વંસ કરવાનો હતો. ખ્રિસ્તી બનવા તૈયાર મુસ્લિમોનો તેમને ખપ ન હતો — ખ્રિસ્તી બનવા માટે ખ્રિસ્તી બનનારના વડવા સ્પેનવાસી હોવા જોઈએ. તેથી સ્પેન પરની મુસ્લિમ હકૂમત દૂર કરવા ખ્રિસ્તી રાજકર્તાઓએ ભયંકર જુલમો કરીને મુસ્લિમોને જ નહિ, પરંતુ યહૂદીઓને પણ સામૂહિક રીતે સ્પેન બહાર ધકેલી દીધા. કોઈ પણ દેશે પોતાની એક-

દારની માલિક પ્રજા પ્રત્યે આવો વર્તાવ દાખવ્યો નહિ હોય. જોકે મુસ્લિમો પોતાની હકૂમત હેઠળ બિન-મુસ્લિમોને સમાન નાગરિક રહેવા દેતા નહિ, પરંતુ તેમના આવા વર્તાવને પણ ટપી જાય એવો હવે તેમને સ્પેનમાં મળ્યો.

મુસ્લિમો સામેનાં ધર્મયુદ્ધોની પ્રેરણા પોપે આપી પરંતુ તેમાં ઓછામાં ઓછો ભાગ ઇટલીએ લીધો. પોપ, જર્મન સમ્રાટો અને નોર્મનોના સંઘર્ષોમાં ઇટલી પોતાનું સ્વતંત્ર રાજકીય એકમ કે વ્યક્તિત્વ ઊભું કરી શક્યું નહિ. પરંતુ ચૌદમી અને પંદરમી સદીઓમાં સાહિત્ય અને કલાના પુનરુત્થાનમાં સમસ્ત યુરોપમાં તે અગ્રણી બન્યું. 'પવિત્ર રોમન સામ્રાજ્ય' વેરવિખેર થતાં તે જર્મન વર્ચસ હેઠળથી મુક્ત બન્યું. પોપના રાજ્ય પરનો સમ્રાટોનો ભય ટળ્યો. ઈ. સ. ૧૩૦૦ પછી લોમ્બાર્ડ નગરો સ્વતંત્ર બન્યાં. સામ્રાજ્ય જતાં ઇટલીમાં રાજકીય એકતા સાધે તેવો કોઈ રાજવંશ ન હતો. તેથી નાની ઠકરાતો ઊભી થઈ. એકંદરે, ત્રણ પ્રકારની રાજસત્તા ઊભી થઈ : ૧. ઉત્તરમાં સ્વતંત્ર નગર રાજ્યો; ૨. પોપની હકૂમત હેઠળના રોમની આસપાસનાં રાજ્યો; ૩. એરેગોન અને ફ્રાન્સની સ્પર્ધાવાળાં દક્ષિણનાં સિસિલીનાં બે રાજ્યો.

ઇટલીનાં નગર રાજ્યો મધ્ય યુગમાં તેમની આસપાસનાં રાજ્યો કરતાં અનોખી ભાત પાડતાં રાજકીય એકમો હતાં. આ નગર રાજ્યોમાં એક સરખી રાજ્યવ્યવસ્થા ન હતી. મિલાનમાં રાજાશાહી, વેનિસ અને જીનોઆમાં અમીરશાહી પ્રજાસત્તાક, જ્યારે ફ્લૉરેન્સમાં લોકશાહી પ્રજાસત્તાકની રાજકીય વ્યવસ્થા હતી. આ નગરરાજ્યો વેપારી અને રાજકીય સ્પર્ધા કરી પરસ્પર મોટાં નાનાંને ગળવાં હંમેશાં તત્પર રહેતાં. પરિણામે વેનિસ, મિલાન અને ફ્લૉરેન્સની આસપાસના ઘણા મુલકોએ સમૃદ્ધિ અને શક્તિ મેળવ્યાં. જોકે ત્રણેયમાં આપખુદ સરકારો હતી. રાજસત્તા વંશપરંપરાગત ન હોઈ સત્તાપ્રાપ્તિ અને સફળતા એકમાત્ર કસોટી બની. પરિણામે, તેના બહુ થોડા જ સત્તાધીશો કુદરતી મોતે મર્યા હતા.

મૅકિયાવેલી ફ્લૉરેન્સ રાજ્યનો પ્રધાન હતો. ઈ. સ. ૧૫૩૨માં પ્રગટ થયેલા તેના 'પ્રિન્સ' પુસ્તકમાં તે સમયના રાજકારણનું પ્રતિબિંબ પડે છે. તેણે રાજ્યની જરૂરિયાત આગળ ન્યાય, નીતિ, દયા, માયા અને માનવતાના સિદ્ધાંતને ગૌણ લેખ્યાં. એક રાજ્યશાસન હેઠળ તે ઇટલીને સંગઠિત જોવા માગતો હતો. આ નગરરાજ્યોના આપખુદ સત્તાધીશો કુશળ વહીવટકર્તાઓ હતા અને કલાકારોના પુરસ્કર્તા હતા. આ રાજ્યોમાં આર્થિક કારણો વર્ગ વર્ગ વચ્ચેનાં ઘર્ષણોનાં જનક બન્યાં. મૂડીવાદ પર રચાયેલા મોટા ઉદ્યોગોએ વેપારીઓ અને કારીગરો વચ્ચે, ગરીબો અને પૈસાદારો વચ્ચે ઘર્ષણો ઊભાં કર્યાં. આ ઘર્ષણોના પક્ષકારો ભાડૂતી સૈનિકોની મદદથી લડયા.

મિલાન નગરીને તેના વ્યાપારી અને ઔદ્યોગિક વિકાસ માટે બીજા વિસ્તારો પર આધાર રાખવો પડતો. તેને સંસ્થાનો ન હતાં. નાનામોટા ઉમરાવો મધ્યમવર્ગ અને મહાજનો વચ્ચે ચાલતા સંઘર્ષોના પરિણામે શેરે અને વિસ્કૉંતી કુટુંબો વચ્ચેની સ્પર્ધામાં વિસ્કૉંતી સફળ બન્યા. વિસ્કૉંતી રાજા ઑટો ખૂબ ક્રૂર હતો. પોપ પર પણ અત્યાચાર ગુજારવાનું તે ચૂકતો નહિ. વિસ્કૉંતી ગિયાન ગેલિયાઝો રાજવીએ રાજકીય દુશ્મનોને પીડવા શિકારી કૂતરા પાળ્યા હતા. ફ્લૉરેન્સ ઔદ્યોગિક અને શરાફી કેન્દ્ર તરીકે વિકસ્યું. સ્થાનિક ઊનના ઉદ્યોગ ઉપરાંત ફ્લાન્ડર્સથી આયાત થતા ઊની કાપડને રંગવાની કલા તેણે ખીલવી. તેના ધનાઢ્યો પોપ અને રાજાઓને નાણાં ધીરતા. મેડિસી કુટુંબે રાજકારણમાં પ્રમુખ સ્થાન મેળવ્યું. તેણે ટસ્કની અને પિઝા કબજે લીધાં. ઈ. સ. ૧૩૭૮ની કામદાર ક્રાંતિએ અમીર વર્ગના મહાજનો માટે ભય ઊભો કર્યો. ઈ. સ. ૧૪૯૨માં લોરેન્ઝો મેડેસીએ બંધારણમાં ફેરફાર કરી તેને આપખુદ બનાવ્યું. ડોમિનિકલ સાધુ સાવો નારોલા નગરનો આપખુદ સત્તાધીશ બન્યો. પોપ ઍલેક્ઝાંડરનો તેણે વિરોધ કર્યો; તેને જીવતો સળગાવી દેવામાં આવ્યો. મેડેસી કુટુંબના બે નબીરા પોપ બન્યા અને બે ફ્રેન્ચ રાજકુટુંબો સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

હૂણ સરદાર એટિલાએ ૪૫૧માં ઍક્વિલિયાનો સંપૂર્ણ નાશ કર્યો ત્યારે તેના નગરજનો હૂણોના ત્રાસથી બચવા ભાગી ગયા અને આ નિરાશ્રિતોએ વેનિસ વસાવ્યું. લોમ્બાર્ડો અને ફ્રાન્કોના અમલ દરમિયાન પૂર્વના સમ્રાટોને તેમણે તેમના અધિપતિ તરીકે ગણ્યા. વેનિસ ઇટલીના જીવનથી તદ્દન નિરાળું રહ્યું. 'પવિત્ર રોમન સામ્રાજ્ય'માં તે ભળ્યું નહિ. બાદ તેણે લાંબા સમય સુધી કૉન્સ્ટેન્ટિનોપલ સાથેના સંબંધો જાળવ્યા. તે

ઔદ્યોગિક કરતાં વિશેષે વેપારી કેન્દ્ર હતું. તેથી તે આંતરિક સંઘર્ષોથી મુક્ત રહેવા પામ્યું. તેનો રાજકર્તા ડયૂક 'ડોજ' કહેવાતો. લોકસભાની વરણી દ્વારા તે સત્તા પર આવતો. ક્રમે ક્રમે લોકોનું નિયંત્રણ ઘટયું. ઈ. સ. ૧૧૧૭થી લોકોના નહિ પણ પૈસાપાત્રોના પ્રતિનિધિઓ લોકસભામાં બેસવા લાગ્યા અને તેની સંખ્યા ૧૦૦ની બની. વેનિસના હરીફ જીનોઆની સત્તા ઈ. સ. ૧૩૭૮–૮૦ના વિગ્રહમાં તૂટી. ઈ. સ. ૧૨૦૪ના ચોથા ધર્મયુદ્ધ પ્રસંગે ખ્રિસ્તી ધર્મી વેનિસે મહત્ત્વનો ભાગ ભજવ્યો અને તેના કારણે કૉન્સ્ટૅન્ટિનોપલ પર હલ્લો લઈ જવાયો. ઈ. સ. ૧૭૯૭માં ફ્રાન્સ અને ઑસ્ટ્રિયાએ તેની સ્વતંત્રતાનો નાશ કર્યો ત્યાં સુધી તેના પર પશ્ચિમની કોઈ પણ સત્તાએ આધિપત્ય જમાવ્યું ન હતું.

ઑટોમન તુર્કોએ ઈ. સ. ૧૪૫૩માં કૉન્સ્ટન્ટિનોપલ પર હકૂમત સ્થાપી અને સ્પેન તથા પોર્ટુગાલે ભારત અને અમેરિકા પહોંચવાના નવા જળમાર્ગો શોધ્યા ત્યાર પછી પૂર્વ ભૂમધ્ય પરથી વ્યાપાર કેન્દ્ર ઉત્તર સમુદ્ર અને ઍટલૅંટિક મહાસાગર તરફ ખસ્યું. પરિણામે મધ્ય યુગમાં સમૃદ્ધ બનેલાં ઇટલીનાં આ નગર રાજ્યોની સત્તા અને સમૃદ્ધિ ઓસર્યાં.

દક્ષિણ ઇટલીનાં રાજ્યોની સમૃદ્ધિએ પરદેશી આક્રમણો અને આધિપત્યને આકર્ષ્યાં. જર્મન સમ્રાટો વિદાય થતાં ફ્રાન્સ અને સ્પેને દરમિયાનગીરી કરી. ઈ. સ. ૧૪૯૪માં ફ્રાન્સના ચાર્લ્સ–૮મા(ઈ. સ. ૧૪૮૩–૮૯)એ તુર્કો સામે લડી કૉન્સ્ટૅન્ટિનોપલને સર કરવા ઇટલી પર આક્રમણ કર્યું અને તેનાં સૈન્યો નેપલ્સ પહોંચ્યાં. ઈ.સ. ૧૪૯૫માં ચાર્લ્સ ભાગી ગયો. આ પછી ઈટલી પર સ્પેન અને ઑસ્ટ્રિયાનું આધિપત્ય સ્થપાયું. ફ્રાન્સના લૂઈ–૧૨મા(ઈ. સ. ૧૪૯૮–૧૫૧૫)એ મિલાન અને નેપલ્સ પર દાવો કર્યો. સોળમી સદીના મોટા રાજવી તરીકે ચાર્લ્સ–૫(ઈ. સ. ૧૫૧૯–૫૬)મો રણસંગ્રામોના વિજયો દ્વારા નહિ, પણ સગાઈ સંબંધોથી યુરોપનાં ઘણાંખરાં રાજ્યોનો ધણી બન્યો. ફ્રાન્સના ફ્રાન્સિસ (ઈ. સ. ૧૫૧૫–૪૭) અને ચાર્લ્સ–૫મા વચ્ચે વૈમનસ્ય જામ્યું.

અનેક નાની નાની ઠકરાતોમાં વહેંચાયેલા જર્મનીમાં માર્ટિન લ્યૂથરે કૅથલિક સંપ્રદાય સામે જગાવેલા બળવાનો નિકાલ કરવા માટે ઈ. સ. ૧૫૨૦માં ચાર્લ્સ–૫માએ જર્મન સંસદ 'ડાયટ'ની બેઠક બોલાવી, અને તેની સમક્ષ હાજર થવાનું લ્યૂથરને ફરમાન કર્યું. ચાર્લ્સ તેના પર પ્રતિબંધ મૂકયા, પણ તે ધર્મસુધારણાને દબાવી શકયો નહિ. ચાર્લ્સ–૫મો ખૂબ જ શક્તિશાળી, સાધન-સંપન્ન અને ધનાઢય રાજવી હોવા છતાં નિષ્ફળ નીવડયો, કારણ કે તેનો ઉછેર મધ્ય યુગના આદર્શો પર થયો હતો.

ચાર્લ્સ મધ્ય યુગનો મોટામાં મોટો અને છેલ્લો રાજવી હતો. સંસાર છોડી તેણે વિદાય લીધી તેની સાથોસાથ યુરોપમાં મધ્ય યુગે પણ વિદાય લીધી.



**દ્વન્દ્વ-યુદ્ધ** : હાથીદાંતની નકશી-કલામાં મધ્ય યુગના બે ઘોડેસવાર સૈનિકોના ભાલા-યુદ્ધનું એક દૃશ્ય.

# ૯ : બાઇઝેનટાઇન

બાઈઝેન્ટિયમ પ્રદેશ એટલે મધ્ય યુગનું કૉન્સ્ટૅન્ટિનોપલ અને વર્તમાનયુગી ઈસ્તંબૂલ. ઈ. સ. 330માં વિખ્યાત રાજા કૉન્સ્ટૅનાઇને કૉન્સ્ટૅન્ટિનોપલની સ્થાપના કરી, ત્યારથી તે 'નૂતન રોમ' તરીકે વિખ્યાતિ પામ્યું અને પૂર્વ-રોમન સામ્રાજ્યનું તે મુખ્ય કેન્દ્ર બની રહ્યું. આ પ્રદેશ(કૉન્સ્ટૅન્ટિનોપલ તથા એશિયામાઇનોર)માં જે વિશિષ્ટ સંસ્કારિતા વિકસી તે બાઈઝેનટાઇન તરીકે મશહૂર છે.

બાઈઝેનટાઇન શાસન (સામ્રાજ્ય) ઍલેક્સિયસ-૧(ઈ. સ. ૧૦૮૧-૧૧૧૮)ના અમલ સુધીમાં લગભગ ખખડી ગયું. એશિયામાંથી તેનો અમલ પરવારી ગયો. ઇટલીમાંના તેના મુલકો ચાલી ગયા. બાલ્કનમાં તેની સત્તા નબળી પડી. દરિયાપારની તેની સર્વોપરીતાનું સ્થાન ઇટલીનાં સ્વાયત્ત નગરોએ લીધું. નોર્મનો સામેના યુદ્ધમાં મદદ કરવાના બદલામાં વેનિસે વેપારી હક મેળવ્યા. તેણે વેનિસની સત્તાનો પાયો નાંખ્યો. ઈ. સ. ૧૦૭૭માં સેલજુક તુર્કોએ જેરુસલેમ લીધું. ઍલેક્સિયસે ગુમાવેલા મુલકો મેળવવા પશ્ચિમની સહાય માગી.

આઇઝેક-૨જાની (એન્ગેલસ)(ઈ. સ. ૧૧૮૫-૯૫)ને અંધ બનાવી ઍલેક્સિયસ-૩ (ઈ. સ. ૧૧૯૫-૧૨૦૩) સમ્રાટ બન્યો. તેના પરિણામે આઇઝેકના પુત્ર ઍલેક્સિયસ-૪થાએ અન્ય પિતાને મુક્ત કરવા ક્રુઝેડર્સની મદદ માગી, તેમાંથી ચોથી ક્રુઝેડ જાગી. ક્રુઝેડર્સ પેલેસ્ટાઇન જવાને બદલે કૉન્સ્ટૅન્ટિનોપલ પર તૂટી પડયા અને જંગલીઓની જેમ આગ, લૂંટ અને કતલકાંડ રચ્યું — કદાચ વિશ્વની ઉત્પત્તિ પછી આવી વિશાળ લૂંટ ક્યારેય થઈ ન હતી. આ બધું આપણે અન્ય પ્રકરણમાં જોઈ ગયા છીએ.

કૉન્સ્ટૅન્ટિનોપલમાં ગ્રીક સમ્રાટોની સત્તાનો અંત આવ્યો (ઈ. સ. ૧૨૦૪) અને લૅટિન રાજ્યની સ્થાપના થઈ. આ નવા રાજકીય પરિવર્તનથી ભાગી ઉમરાવોએ નિસિયામાં નિર્વાસિત બાઇઝેનટાઇન સરકારની સ્થાપના કરી. ૧૨૦૫માં બલ્ગરો અને કુમાનોએ લૅટિન રાજ્યને હરાવ્યું. લૅટિન રાજ્ય કૉન્સ્ટૅન્ટિનોપલ પૂરતું મર્યાદિત રહ્યું. ૧૨૬૧માં નિર્વાસિત બાઇઝેનટાઇન સરકારે કૉન્સ્ટૅન્ટિનોપલ લીધું અને લૅટિન રાજ્યનો અંત આવ્યો. ફરી જ્યારે બાઇઝેનટાઇન મહાસત્તા બન્યું ત્યારે પૂર્વ દિશાએ રશિયામાં મોંગોલોની સત્તા હતી. પશ્ચિમે એશિયામાં હુલાગુના મોંગોલો આગળ વધી રહ્યા હતા. ઇજિપ્તના બાહરી મામલુક સુલતાનના સરદારે ૧૨૬૦માં અઇનજાલુહતમાં મોંગોલોને હરાવ્યા.

બાઇઝેનટાઇનના બાહ્ય શત્રુઓ વધ્યા. તેને પૂર્વમાં ઑટોમન તુર્કોનો અને પશ્ચિમમાં બાલ્કનોનો વિરોધ વેઠવો પડયો. મોંગોલોનાં આક્રમણોના ધક્કાથી તુર્કો એશિયામાઇનોર તરફ વધ્યા અને ઈ. સ. 1300 સુધીમાં સમગ્ર એશિયામાઇનોર લીધું.

તુર્કોએ ગોલિપોલી લઈ રીતસરની બાલ્કનની લડાઈઓ શરૂ કરી. ઈ. સ. ૧૩૫૯માં તેઓ કૉન્સ્ટૅન્ટિ-નોપલની દીવાલો સુધી પહોંચી ગયા. ઈ. સ. ૧૩૬૨માં એડ્રિયાનોપલ પડયું. તુર્ક સુલતાન મુરાદે (ઈ. સ. ૧૩૬૨-૮૯) ૧૩૭૫માં બાલ્કનમાં થાણું ફેરવ્યું. ઈ. સ. ૧૩૬૪માં બાઇઝેનટાઇન અને બલ્ગેરિયા વચ્ચે સંઘર્ષ શરૂ થયો. તેમાં રોમ તરફથી મદદ ન મળી. ઈ. સ. ૧૩૬૯માં સમ્રાટ જૉન-૭મો રોમ ગયો, પણ મદદ ન મળી. ઈ. સ. ૧૩૭૧માં તુર્કોએ મેસેડોનિયા લીધું. ઈ. સ. ૧૩૮૯માં કોરોસાની લડાઈમાં મુરાદ મરાયો. તેનું સ્થાન બજેઝિદ-૧લા(ઈ. સ. ૧૩૮૯-૧૪૦૨)એ લીધું. કૉન્સ્ટૅન્ટિનોપલ આસપાસના તુર્ક પ્રદેશોથી ઘેરાઈ ગયું. ૧૩૭૩માં બલ્ગેરિયન સામ્રાજ્ય પડયું. હંગેરીના રાજવી સિજિસમંડ (ઈ. સ. ૧૩૮૭-૧૪૩૭) તુર્કોની સામે ધર્મયુદ્ધ જાહેર કર્યું. પશ્ચિમનાં રાજ્યો અને વેનિસ આમાં જોડાયાં. ઈ. સ. ૧૩૯૬માં નિકોપૉલિસના યુદ્ધમાં યુરોપીય સૈન્યો હાર્યાં, ઈ.સ. ૧૩૯૭માં તુર્કોએ ઍથેન્સ લીધું.

મુરાદ–૨(ઈ. સ. ૧૪૨૧–૫૧)એ આક્રમણ શરૂ કર્યું. ૧૪૨૨માં કૉન્સ્ટૅન્ટિનોપલને ઘેરો ઘાલવામાં આવ્યો. સમ્રાટ જૉન–૮ (ઈ. સ. ૧૪૨૫–૪૮) કૉન્સ્ટૅન્ટાઇન–૯માને રિજન્ટ બનાવી ઈ. સ. ૧૪૩૭માં મદદ મેળવવા યુરોપ ગયો. ફ્લૉરેન્સમાં સભા મળી. પડતીના સમયે બાઇઝેનટાઇન રોમને શરણે ગયું, અને રોમન અને ગ્રીક ધર્મતંત્રોની એકતાની દરખાસ્ત કરી પણ તેને મદદ ન મળી. તુર્ક રાજવી મહમ્મદ–૨જા(ઈ. સ. ૧૪૫૧–૮૧)એ લશ્કરી પ્રવૃત્તિ શરૂ કરી. ઈ. સ. ૧૪૫૩ના એપ્રિલમાં તેણે કૉન્સ્ટૅન્ટિનોપલની દીવાલ આગળ લશ્કર એકઠું કર્યું. તુર્ક અને છેલ્લા બાઇઝેનટાઇન સમ્રાટ કૉન્સ્ટૅન્ટાઇન–૧૧(૧૪૪૯–૫૩)ના સૈન્યનું પ્રમાણ ૨૦ : ૧નું હતું. નૌકાયુદ્ધ થયું. રોમન સામ્રાજ્યનો આ છેલ્લો બહાદુર સમ્રાટ છેલ્લી ક્ષણ સુધી રણભૂમિ પર જ રહ્યો. રાતના દેવળોમાં પ્રાર્થનાઓ થઈ. સાત અઠવાડિયાંના સતત મારા બાદ દીવાલોમાં ગાબડાં પડયાં. મેની ૨૯મીએ જોરદાર આક્રમણ શરૂ થયું. નાતાલના ટાંકણે ત્રણ બાજુઓથી થયેલા હલ્લામાં આખરે આ મહાન નગરી દુશ્મનોના હાથમાં ગઈ. યુરોપમાં તે સમયનાં રાજ્યો માટે જુઓ નકશો પાનું ૩૭.

ઉમૈયા વંશના પ્રથમ ખલીફ મુઆવિયાના યુવરાજ યઝિદની સરદારી હેઠળ ઈ.સ. ૬૬૯માં આ નગર પર મુસ્લિમોનો પહેલો હલ્લો થયેલો, ત્યાર પછી આરબો, બલ્ગરો, અવારા અને તુર્કોનાં સતત આક્રમણો પછી ઈ. સ. ૧૪૫૩ના મે માસમાં કૉન્સ્ટૅન્ટિનોપલ તુર્ક મુસ્લિમોને કબજે પડયું પશ્ચિમમાંથી રોમન સામ્રાજ્ય જતાં શેષ રહેલું પૂર્વનું આ રોમન સામ્રાજ્ય, એક હજાર વર્ષ સુધી, જંગલીઓના સતત હુમલાઓનો માર ખાઈ ખાઈને ખખડી જતાં અદૃશ્ય થયું.

રોમ પર વિજય મેળવનાર જર્મનો અને કૉન્સ્ટૅન્ટિનોપલ પર વિજય મેળવનાર તુર્કો બંને સંસ્કારની દૃષ્ટિએ લગભગ જંગલી અવસ્થામાં હતા. પરંતુ બંને વચ્ચે તાત્ત્વિક ભેદ હતો. જર્મનોએ ઈ.સ. ૪૭૬માં રોમ પર વિજય મેળવ્યો ત્યાં સુધી તેઓ જંગલી અવસ્થામાંથી નીકળી ઘણા આગળ વધી ગયા હતા. તેમને રોમન રાજ્યપ્રણાલી, ભાષા, સંસ્કાર, પરંપરા અને રોમનોની ધર્મભાવનાનો પરિચય થઈ ગયો હતો, અને તેઓ તેના પ્રશંસકો બની ગયા હતા. ત્યારે, કૉન્સ્ટૅન્ટિનોપલ પર સતત હલ્લો કરનારા ફિન વંશના બલ્ગરો, અવારો તાર્તરો અને અન્ય જંગલી ટોળીઓ જર્મનો કરતાં ઘણી જ પછાત હતી. તેમને બાઇઝેનટાઇનની કોઈ પણ પરંપરામાં રસ ન હતો. લાંબા સંપર્કો પછી વિજયો મેળવ્યા બાદ અને બાઇઝેનટાઇન સમાજનાં કુટુંબો સાથે લગ્ન સંબંધોથી જોડાયા પછી આ ટોળીઓના સરદારોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો ખરો અને તુર્કોના વિજયો પછી જેટલે અંશે પોતાની રાજ્યવ્યવસ્થા જાળવી શકયા તેટલે અંશે બાઇઝેનટાઇનના ધર્મતંત્ર સાથે સંકળાયા અને કૉન્સ્ટૅન્ટિનોપલનું કેન્દ્ર બંધ થતાં આ ધર્મપરંપરાને જાળવી શકયા. પરંતુ જર્મનોની માફક બાઇઝેનટાઇનના નવા સ્વરૂપમાં પ્રગટ થયેલી સાંસ્કૃતિક રોમન પરંપરાની સાથે એકરૂપ બની શકયા નહિ.

બાઇઝેનટાઇનનો નાશ કરનારા તુર્કો જુદી જ પરંપરા લઈને આવ્યા હતા. એકંદરે તુર્કો સલજુકો હોય કે ઓટોમન હોય પરંતુ ઈસ્લામ અંગીકાર કરવા છતાં અન્ય જાતિ તત્ત્વ ધરાવનાર અન્ય મુસ્લિમો– આરબો, ઈરાનીઓ, સીરિયનો, આર્મેનિયનો કે ઇજિપ્તવાસીઓ કરતાં સંસ્કાર કક્ષામાં ખૂબ જ પછાત હતા. ઇસ્લામનો અંગીકાર કરવાથી ઊલટા તેઓ વધારે ઝનૂની બન્યા હતા. તેમને બીજી કોઈ સંસ્કાર-પરંપરામાં રસ હતો નહિ. એટલું જ નહિ, તેનો નાશ કરવામાં જ તેમણે પોતાનું કર્તવ્ય માન્યું હતું. ઈસ્લામ અંગીકાર કરવા છતાં પૂર્વમાં મુસ્લિમોએ જ ઊભાં કરેલાં રાજતંત્રો અને સંસ્કાર પરંપરાનો તેમણે ઉચ્છેદ કર્યો.

બાઇઝેનટાઇનનો ઇતિહાસ ચીન અને જાપાનની રાજાશાહીને બાદ કરતાં લાંબામાં લાંબો છે. બાઇઝેન-ટાઇનનું એક પણ સૈકું એવું પસાર નથી થયું જેમાં તેને પૂર્વ કે ઉત્તરની જંગલી ટોળીઓનો માર સહન કરવો પડયો ન હોય. દા. ત., સીરિયામાંથી શકોની ટોળીઓ આવી, સ્લાવો આવ્યા, બલ્ગરો આવ્યા, તાર્તરો અને મોંગોલો આવ્યા. આ પછી, નવા ધર્મનો વાવટો લઈ આરબો અને તેમની પછવાડે સલજુક અને ઓટોમન તુર્કો આવ્યા. જાણે રહી-સહી ગ્રીક-રોમન સંસ્કૃતિનો દીવો ઓલવવા આક્રમણોની વણઝાર ચાલુ રહી

ન હોય! બાઈઝેન્ટાઈને આક્રમકોને એશિયાના એક પછી એક પ્રદેશોની આહુતિ આપી. પશ્ચિમમાં પણ તેના પ્રવાહમાં ભળી ગયેલા બલ્ગરો, અવારો, હંગેરિયનો, મેરોવિયનો વગેરેએ પોતાનો રાજભાગ માંગ્યો. દીવાની ટમટમતી જ્યોત જેવું છેવટે જે કંઈ બચ્યું તે કૉન્સ્ટેન્ટિનોપલ—રોમન પરંપરાએ તેને તાકાત બક્ષી; પોતે ગ્રીક કે રોમન બેમાંથી એક પણ ન હોવા છતાં બંને પરંપરાના અડીખમ વારસ તરીકે ગર્વ લઈ તેણે રણમોરચો સંભાળ્યો. ઘરઆંગણાનાં બળવા, પ્રપંચો અને કાવતરાંની સામે પણ રાજ્યશાસન સંગઠિત—અખંડિત રહ્યું. અહીં પશ્ચિમની માફક ધર્મતંત્રે તેને પીઠબળ આપ્યું, પણ પોપના જેવું તે સ્વાયત્ત અને પ્રભાવશાળી ન હતું. રાજતંત્રની સાથે તેના છેડાછૂટકા થઈ શકયા નહિ. પશ્ચિમમાં બન્યું તેમ અહીં રાજતંત્ર તૂટયું ત્યારે તેની લગામ લેનાર કોઈ તળપદું તંત્ર ઊભું થયું નહિ.

મહા રાજવી કૉન્સ્ટેન્ટાઈનના અમલ પછી સળંગ રાજવીઓ મેળવવાનું તેને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. આ સમ્રાટોએ રોમન પરંપરા, રોમન પદવીઓ, વિધિ-વિધાન અને આડંબર જાળવ્યાં. પૂર્વ યુરોપ અને પશ્ચિમ યુરોપમાં રાજતંત્રો અને ધર્મતંત્રો સામસામે સૂત્ર ધરાવતાં હોઈ એકબીજાંનાં સંકટ સમયે સમાન બંધુભાવથી પરસ્પરની મદદે ગયાં નહિ. ધર્મતંત્રની એકતાની અનેક વાતો થઈ, કાગળ પર તેના કરાર થયા, પણ શાહી સુકાય તે પહેલાં તેને ફગાવી દેવામાં આવ્યા. કૉન્સ્ટેન્ટિનોપલ પડયું તેના ગણ્યાગાંઠયા દિવસો અગાઉ આ એકતા થઈ, પરંતુ મર્યા પછી વૈદ્યરાજ આવ્યા જેવું થયું! પશ્ચિમના જેવા કલ્પનાશીલ અને ભાવનાશાળી મહાનુભાવો બાઇઝેનટાઇનને મળ્યા નહિ.

પશ્ચિમના રોમન સામ્રાજ્યે જે કલ્પના જગાડી હતી તેમાં મૌલિકતા હતી — તે ઈશ્વરનિર્મિત મનાતું હતું. પણ બાઈઝેનટાઈન તેની સમૃદ્ધિ અને ઝાકઝમાળ છતાં મર્ત્ય માનવીનું સર્જન હતું. પૂર્વના રોમનોની બુદ્ધિ સર્જનાત્મક ન હતી જયારે પશ્ચિમમાં જંગલીઓ સાથેના સંપર્કમાં સમન્વયો થયા, જેણે નવું બળ, નવું જોમ અને નવી સર્જકતા આપ્યાં. પૂર્વમાં લોકો એવા એકલવાયા બન્યા કે બીજી પ્રજાઓની સાથે એકરૂપ બની નવી શક્તિ મેળવી શકયા નહિ તેઓ બુદ્ધિશાળી અને ઉદ્યમી હતા. તેમણે જ્ઞાનભંડારો ઊભા કર્યા પણ તેનો ઉપયોગ તેમણે રચનાત્મક પ્રતિભાને ખીલવવામાં કર્યો નહિ. પૂર્વમાં જ્ઞાન હતું, પણ સર્જન શક્તિ ન હતી. પશ્ચિમમાં જ્ઞાન કરતાં સર્જનશક્તિ વિશેષ હતી. કૉન્સ્ટેન્ટિનોપલનો નાશ થયો ત્યાર પછી તેના (પૂર્વના) જ્ઞાનભંડારોમાં જળવાયેલો જ્ઞાનરાશિ પશ્ચિમને મળ્યો અને તેમાંથી તેણે વિદ્યા અને સંસ્કૃતિનું પુનરુત્થાન કર્યું. મધ્ય યુગને દૂર કરી અર્વાચીનનાં મંડાણ કરવાની ભૂમિકા રચાઈ.

બાઈઝેનટાઈને મિત્ર વિના પોતાનાં પગ પર ઊભા રહી, અડીખમ રજપૂત યોદ્ધાની માફક, સતત પ્રહારો ઝીલ્યે રાખ્યા. ભયંકરમાં ભયંકર શત્રુઓને સતત લડાઈઓ આપ્યે રાખી. પણ અંતે આ રણયોદ્ધો રણમાં ઢળી પડયો ત્યારે તેની તલવાર લઈ તેની શૌર્ય પરંપરા કોઈએ આગળ ચલાવી નહિ. તેની કબર રચી કોઈએ તેની શૌર્યગાથા પણ ગાઈ નહિ!

## મધ્યયુગની સમાપ્તિ

યુરોપ માટે ચૌદમી અને પંદરમી સદીનો સમય મહાવિસંવાદોનો બન્યો. સમસ્ત સમાજ ટોચથી તળિયા સુધી મહામંથનો અનુભવી રહ્યો. ધર્મતંત્રમાં પણ ખળભળાટ મચી રહ્યો. પોપ (ધર્માચાર્ય) ફ્રાન્સના રાજવીઓનો આશરો શોધતો એવિગ્રોન ભાગી ગયો. ધર્મતંત્રમાં મોટું ભંગાણ પડયું. પોપ અને પ્રતિ-પોપ બંને પીટરની ગાદીનો દાવો કરવા લાગ્યા. ધર્માચાર્યોની પરિષદોમાંય ભંગાણ પડયું, જૉન વિક્લિફ અને જૉન હસે ધર્મભાવના, ધર્મતંત્ર અને ધર્મશાસનની સામે બળવો પોકાર્યો. ઈન્ક્વિઝીશનની અગ્નિજ્વાળાઓ સ્વતંત્ર મત-પ્રદર્શનને નિર્મૂળ કરી ન શકી. નવાં ઊભાં થઈ રહેલાં રાજ્યો ઇંગ્લંડ અને ફ્રાન્સ સો વર્ષના વિગ્રહોમાં એકબીજાંને નાગચૂડમાં લઈ રહ્યાં. મધ્ય યુગની મહાસંસ્થા 'પવિત્ર રોમન સામ્રાજ્ય' મધ્ય દરિયામાં સઢ

વિનાના વહાણ માફક દિશા ભૂલી ઝોલાં ખાવા લાગ્યું. ઈટલી વેરવિખેર બનવા લાગ્યું. નાનાં નાનાં રાજ્યો હસ્તીમાં આવવા લાગ્યાં. પૂર્વનાં સ્લાવ રાજ્યો જર્મન સાંસ્થાનિકોની આગેકૂચ રોકવા અડીખમ ખડાં થયાં, ત્યારે પશ્ચિમના આંતરિક ઝઘડાનો લાભ ઉઠાવી ઑટોમન તુર્કો બાલ્કનમાં હલ્લા લાવી શાખા-પ્રશાખા ગુમાવી બેઠેલા બાઇઝેનટાઇન વટવૃક્ષને નિર્મૂળ કરવા પ્રયત્નો કરવા લાગ્યા.

વિશાળ જનસમૂહ સામાજિક ઊથલપાથલોનાં વમળોમાં ગૂંચવાવા લાગ્યો. વિવિધ પક્ષો આપસઆપસમાં લડવા લાગ્યા અથવા સર્વ સામાન્ય બેચેની અનુભવવા લાગ્યા શક્તિશાળીઓ નિર્બળોનું શોષણ કરવા પ્રવૃત્ત બન્યા. સર્વવ્યાપી બેચેની લોકોનાં મન અને નીતિ પર અસર પાડવા લાગી. યુરોપની દુનિયા ઊંડી વેદના વેઠવા લાગી — આ વેદનામાંથી પાર ઊતરવા મથામણ કરવા લાગી, પણ તેમાંથી એક ડગલુંય આગળ ભરી શકી નહિ. માત્ર એક જ વાત તે જાણતી હતી કે બધું બરાબર નથી; તેને જે બીમારી લાગુ પડી હતી તેમાંથી તે નીકળવા તલસતી હતી, પણ તે માટેનો કોઈ ઇલાજ તેને સૂઝતો ન હતો. તેના પર પરંપરાનો ઓથાર સવાર થઈ બેઠો હતો. તેને દૂર કરી કોઈ નવાં મૂલ્યો આપતું ન હતું.

જૂનાં મૂલ્યો હચમચી ગયાં હતાં પણ હજુય તે ટક્યાં હતાં; ક્યાંક ક્યાંક સુધર્યાં છતાં મૂળભૂત પરિવર્તન વિના ચાલુ રહ્યાં હતાં. ધર્મતંત્ર, રાજ્ય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ તત્ત્વતઃ જેમનાં તેમ હતાં. કલા અને વિજ્ઞાનની પણ એ જ અવસ્થા હતી. જોકે ગૉથિક સ્થાપત્ય અને પંડિતયુગની ફિલસૂફીમાં હજુય તાકાત રહી હતી, પણ તેણે મૌલિકતા ગુમાવી હતી. દુનિયા પ્રસૂતિની વેદના અનુભવી રહી હતી પણ પરિણામ કસુવાવડમાં આવતું હતું. લોકો ગભરાયેલા, બેચેન અને ગમગીન હતા. આમ છતાં, કંઈક નવું આવી રહ્યાનાં એંધાણ વર્તાતાં હતાં. રાત્રિ પૂરી થવા આવી હતી, અરુણોદય ધીમે ધીમે આવી રહ્યો હતો. ક્યાંક ક્યાંક અંધકારને ભેદીને પ્રકાશનાં કુમળાં કિરણો દેખાવા લાગ્યાં હતાં.

ક્રાંતિકારી વલણ આ સમયનું વિશિષ્ટ લક્ષણ હોવા છતાં ક્રાંતિ સફળ બનતી ન હતી. પણ જીવનનાં પ્રત્યેક ક્ષેત્રમાં તેનો ઇશારો થતો હતો. આગલા સમયમાં આટલા બધા ચળવળિયા, ભાષણબાજો કે સુધારકોના પક્ષ ન હતા. જોકે મોટા મોટા પોકારો ઊઠતા, પણ ક્ષણમાં સમાઈ જતા. પરંતુ પંદરમી સદી પૂરી થવા આવી ત્યારે પરિસ્થિતિમાં ફેર પડતો જણાવા લાગ્યો. વેપાર અને ઉદ્યોગોને કારણે સમૃદ્ધિ દેખાવા લાગી, નાણાંની સાથે શાખ અને હૂંડીઓ ફરવા લાગી, પણ આર્થિક પરિવર્તન થયું નહિ. મધ્યમવર્ગ ઊભો થયો. રાજકાજમાં તેણે ભાગ લેવા માંડયો, પણ હજુએ આપખુદ રાજાઓ, ઉમરાવો સામંતો અને ધર્માચાર્યો વગોવાઈ ગયા છતાં સ્થાન છોડતા ન હતા. દક્ષિણમાં ઇટલીનું વેનિસ અને ઉત્તરમાં બ્રુર્જીસ ગેંડ વગેરે ધમધમતાં વેપારી મથકો બન્યાં, વેનિસ પૂર્વપશ્ચિમના સંગમ સ્થાને હતું. જ્યારે બ્રુર્જીસ ઉત્તર પ્રદેશ અને ઇટલીનો સંપર્ક સાધતું. ફ્લાન્ડર્સનો વણાટઉદ્યોગ વિકસવા લાગ્યો. પણ તેમાં એનાં એ જ યંત્રો અને ઓજારો ચાલુ હતાં. માણસો અને વસ્તુઓ ફરવા લાગ્યાં. દરિયાઈ સફરો વધી, તૈયાર માલ કરતાં પૈસો વધારે ફરવા લાગ્યો. ફ્રાન્સ, ફ્લાન્ડર્સ, પોલૅન્ડ અને હંગેરીમાં સોનાના સિક્કા પડવા લાગ્યા. કારીગરો મહાજનો રચવા લાગ્યા. આ મહાજનો વચ્ચે ધંધાના માલિક કારીગરો અને તેમની પાસે શીખવા ગયેલા ઉમેદવારો વચ્ચે ઘર્ષણો ઊભાં થવા લાગ્યાં. હડતાલો પડવા લાગી. ગેંડ, બ્રુર્જીસ વગેરે નગરોમાં વણકરો તથા કાપડ-કામદારોને મૂડી પૂરી પાડનારા વર્ગની સામે સંઘર્ષ જાગ્યો, તોફાનો થયાં. ગેંડમાં હિંસા ફાટી નીકળી. છ વર્ષ સુધી કામદારોએ રાજા, ઉમરાવો અને જેમને જેમને કંઈ ને કંઈ ગુમાવવાનું હતું તે સૌને લડતો આપી. યુરોપભરના કામદારોની નજર ગેંડ પર મંડાઈ. ગેંડના કામદારોના વિજયના નારા ફ્લૉરન્સ અને પૅરિસમાં ઊઠયા પણ તેમને ફ્રાન્સના રાજાએ ફટકો માર્યો. કામદારોએ સતત બળવા કર્યા અને સતત માર પણ ખાધો.

શહેરોમાં આંતરિક સંઘર્ષો અને પરિવર્તનો શરૂ થયાં. યુદ્ધના ખર્ચને પહોંચી વળવા નાણાં મેળવવાનાં જૂનાં સાધનો અપૂરતાં થઈ પડતાં શાસકોએ શરાફો પાસેથી નાણાં મેળવવા પ્રયત્નો કર્યા, પણ એ રસ્તે પૂરતા

પ્રમાણમાં નાણાં નહિ મળતાં સત્તાવાળાઓ નવા મધ્યમવર્ગ તરફ વળ્યા. મધ્યમવર્ગ મદદ કરવા તૈયાર થયો, પણ તેનું મૂલ્ય માગ્યું. ફ્રાન્સમાં 'એસ્ટેટ-જનરલ', ઇંગ્લંડમાં 'પાર્લમેન્ટ' અને સ્પેનમાં 'કૉર્ટિસ'ના રાજકાજમાં મધ્યમવર્ગે ભાગીદારી માંગી. નગરોના વિકાસની સાથે સામંતશાહી લુપ્ત થવા લાગી હતી, ઉમરાવો, સામંતો અને ધર્માચાર્યોના બનેલા દરબારીઓનું સ્થાન વહીવટી ક્ષેત્રમાં નિષ્ણાત પગારદાર હોદ્દેદાર દરબારીઓ લેવા લાગ્યા હતા. અર્થકારણ અને સમાજવ્યવસ્થામાં થઈ રહેલાં પરિવર્તનોની ધર્મતંત્ર પર અસર પડવા લાગી.

રાજ્યો રાષ્ટ્રીય બનતાં પોપ પ્રત્યેનું તેમનું બંધન ઢીલું બનવા લાગ્યું. જીવનની ચિંતામાં ડૂબેલા પ્રવૃત્તિ-શીલ અને શ્રમજીવી લોકો ધર્મની પકડમાંથી બહાર નીકળવા લાગ્યા. રાજકીય અને સામાજિક જીવન પરનો ધર્મનો પ્રભાવ ઘટવા લાગ્યો. સત્તા ઘટવા છતાં પોપ આડંબર અને ઘમંડને વળગી રહ્યા. ઈ.સ. ૧૩૨૪માં બેવેરિયાના લૂઈને પોપે ધર્મબહિષ્કૃત કર્યો; પણ ધીમે ધીમે હવા બદલાવા માંડી. સાધુઓ, કાયદાપંડિતો અને ધર્મશાસ્ત્રીઓ વિવાદમાં પડયા. પ્રેદુઆના (ઇટલી) માર્સિલિયસે તેના 'ડિફેન્સર પેસિસ'માં લખ્યું : "પોપ પોતાના વિશે જે ખ્યાલ રાખી બેઠો છે તે એક મિથ્યા આડંબર છે જેનો ધર્મશાસ્ત્રની સાથે કોઈ મેળ નથી. પોપ અન્ય કોઈ બિશપ જેવો માત્ર એક બિશપ જ છે. તેનું કર્તવ્ય ધર્મનો ઉપદેશ આપવાનું અને સેક્રામેન્ટોની વિધિ કરાવવાનું છે. દુન્યવી બાબતોમાં તેની દરમિયાનગીરીનો વિરોધ કરવો ઘટે... ધર્મતંત્રના અધિકારો રાજસત્તાને આધીન છે."

ચૌદમી સદીમાં ધર્માચાર્યોની દરમિયાનગીરી વિના લોકો સીધા જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાના વિચારો અપનાવવા લાગ્યા. સંસારનો ત્યાગ કરી એકાંતમાં મઠનું જીવન જીવવાનો આદર્શ વિસરાવા લાગ્યો. સામાન્ય લોકો અગમ્યવાદ તરફ વળવા લાગ્યા. ચૌદમી સદીમાં યુરોપમાં ફેલાયેલા પ્લેગે લોકોને આ અગમ્યવાદ તરફ ધકેલ્યા. ગામે ગામે ફરી પ્રચારકો લોકોને પોતાના તરફ વાળવા લાગ્યા. પરિણામે, સ્થાપિત ધર્મમાન્યતા અને પોપની સત્તાની મર્યાદાની ખુલ્લી ચર્ચા થવા લાગી. બીજી તરફ પોપનો આડંબર અને ખર્ચ વધ્યાં જેને પહોંચી વળવા માટે લાગા વધ્યા, તેમના હોદ્દાઓનાં વેચાણ થવા લાગ્યા. તથા મર્યા પછી સ્વર્ગમાં આગલાં સ્થાન મેળવવા પોપ પાસેથી 'પાસપૉર્ટ' લેવાની પ્રવૃત્તિ વિકસી. દરમિયાન, ઑક્સફર્ડના પ્રોફેસર જૉન વિક્લિફનો પ્રચાર શરૂ થયો. તેના પોકારે ધર્મસુધારણાનો માર્ગ મોકળો બનાવ્યો. ધર્મ-સિદ્ધાંત કે ધર્મ-નીતિનો વિરોધ કર્યા વિના તેણે ધર્મ-તંત્ર સામે બળવો કર્યો. ધર્માચાર્યો અને સામાન્ય માનવીઓ વચ્ચેના સઘળા પ્રકારના દલાલોનો તેણે વિરોધ કર્યો. સાચો ધર્મ લોકો સમજે તે માટે લોકો જે ભાષા સમજતા હતા તેમાં તેણે બાઈબલનો અનુવાદ કર્યો. લોકોનો ટેકો મળતાં તે વધારે હિંમતવાન બન્યો.



પ્રો. જૉન વિક્લિફ



જૉન હસ : ધર્મતંત્ર વિરોધી પરિષદમાં

મધ્ય યુગનાં ધર્મતંત્રો સામે ધર્મસુધારણાનાં આંદોલનોના પુરસ્કર્તાઓ.

ઈ. સ. ૧૩૮૧ના કિસાન બળવાની ઉશ્કેરણી કરનાર તરીકે તે સંડોવાયો. પણ પાર્લમેન્ટે તેની સામે કોઈ પગલાં લીધાં નહિ. ઈ. સ. ૧૩૮૪માં તે અવસાન પામ્યો. તેના મતધારીઓ લોલાર્ડો કહેવાયા.

આ પછી નાસ્તિકોને બાળી મૂકવાનો કાયદો કરવામાં આવ્યો. બોહેમિયામાં જૉન હસ આગળ આવ્યો. ત્યાં જર્મનો સામે ભારે રોષ હતો. હસે જર્મનો સામેના રાષ્ટ્રવાદની લાગણીમાં ધર્મતંત્ર સામેના વિરોધને ભેળવ્યો. ધર્મતંત્રમાં પડેલા ભંગાણને દૂર કરવા સમ્રાટ સિજિસમંડે(ઈ. સ. ૧૪૧૯-૩૭) કૉન્સ્ટન્સમાં બોલાવેલી પરિષદમાં હસને હાજર રહેવાનું ફરમાન કર્યું અને સલામતીની ખાતરી આપી. આમ છતાં, હસની સામે કામ ચલાવવામાં આવ્યું અને ઈ. સ. ૧૪૧૫માં તેને બાળી મૂકવામાં આવ્યો. ઈ.સ. ૧૪૧૬માં પ્રાગના જેરોમને પણ બાળી મૂકવામાં આવ્યો. વિશ્વસત્તા તરીકે પવિત્ર રોમન સામ્રાજ્યનો સમ્રાટ જેમ અદૃશ્ય થવા લાગ્યો, તેમ વિશ્વધર્મ સત્તાનો વડો પોપ પણ અદૃશ્ય થવા લાગ્યો.

મધ્ય યુગનો અંધકાર ધીમે ધીમે દૂર થવા લાગ્યો. મધ્ય યુગનાં પ્રમુખ બળો : આપખુદ સત્તા, આપખુદ ધર્મતંત્ર, ગ્રામનિર્ભર અર્થવ્યવસ્થા, સામંતશાહી, નિરક્ષરતા, અજ્ઞાન અને વહેમ, આ સૌ ધીમે ધીમે અદૃશ્ય થવા લાગ્યાં. સમ્રાટો સામેના સતત સંઘર્ષો, ધર્મતંત્રમાં ભંગાણ, પોપ અને પ્રતિપોપના વિવાદોમાં પોપની સત્તા નબળી પડી. તેમાં બ્રુસિયાન, આર્નોલ્ડ, જૉન વિક્લિફ અને જૉન હસના બળવાએ ધર્મશ્રદ્ધા ડગમગાવી મૂકી. તેણે રીતસરની અને આમૂલ ધર્મસુધારણા માટે માર્ટિન લ્યૂથરનો માર્ગ મોકળો કર્યો. વિશ્વ સામ્રાજ્યનાં સ્વપ્નાં સેવતાં, પવિત્ર રોમન સામ્રાજ્યના છેલ્લા મહાન સમ્રાટ અને યુરોપનાં સંખ્યાબંધ રાજ્યોના રાજવી ચાર્લ્સ ૫માને છેવટે ગાદી ત્યાગ કરી મઠજીવનનો આશરો લેવો પડયો.

ઉમરાવો અને સામંતોના વર્ચસમાંથી મુક્ત થતા ખેત-મજૂરો શહેરોમાં વિકસતા વેપાર-ઉદ્યોગો સાથે સંકળાવા લાગ્યા. તેમણે તેમનાં મહાજનો રચ્યાં, પોતપોતાનાં નગરો અને વર્ગો માટે સ્વતંત્રતા મેળવી. ગ્રામનિર્ભર અર્થતંત્રમાં ક્રાંતિ આવી અને શહેરના મૂડીવાદને આગળ આવવાનો માર્ગ મોકળો બન્યો. ભૂમધ્ય અને ઉત્તર સાગર પરથી વેપારી કેન્દ્રો ફેરવાયાં અને ઍટલૅન્ટિકના વિશાળ રાજમાર્ગોએ સાહસ અને સમૃદ્ધિનાં દ્વાર ખોલ્યાં.

મધ્ય યુગમાં અક્ષરજ્ઞાન ધરાવતા પાદરીઓનું સંસ્કાર ક્ષેત્રનું વર્ચસ નવી વિદ્યાપીઠોમાંથી બહાર પડતા સ્નાતકોએ દૂર કર્યું. ખ્રિસ્તી ધર્મે ગ્રીસ અને રોમની પ્રાચીન વિદ્યા પર જે પિછોડો પાથર્યો હતો તે દૂર થયો અને જ્ઞાન વ્યાપક બન્યું. તેણે મધ્ય યુગનાં ઘણાં જાળાં સાફ કર્યાં. જીવન અને ધર્મતત્ત્વની પંડિતાઈ પછી નવો ઉદારમતવાદ ઊભો થયો જેણે જ્ઞાન અને સંસ્કારની ક્ષિતિજોને વિશાળ બનાવી અને આ સૌના પરિણામે મધ્ય યુગે વિદાય લીધી.

મધ્ય યુગના યુરોપનો કારીગર વર્ગ


દરજી


મોચી


ભઠિયારો


વણકર



જૂના કરારનામા મુજબ
પ્રાચીન કુળના – ચર્ચના
વડા – પેટ્રિઆર્ક

જેરૂસલેમ

ગ્રીસ





ધર્મયુદ્ધો

# ખંડ ૨ : યુરોપ (સાંસ્કૃતિક)


યુરોપ-આશરે ઇ.સ.૧૩૫૦
એટલાન્ટિક મહાસાગર
નોર્વે
સ્વીડન
સ્કોટલેન્ડ
ઉત્તર સમુદ્ર
આયર્લૅન્ડ
ઇંગ્લંડ
લંડન
બાલ્ટિક સમુદ્ર
ટ્યૂટોનિક હકૂમત
રશિયા
મોસ્કો
લિથુઆનિયા
પોલેન્ડ
પવિત્ર રોમન સામ્રાજ્ય
ફ્રાન્સ
પેરિસ
બર્લિન
તાર્તર-મોંગોલો
મોલ્ડેવિયા
હંગેરી
પોર્ટુગલ
કેસલનું રાજ્ય
વેનિસ
વાલેકિયા
કાળો સમુદ્ર
સર્બિયા
બલ્ગેરિયા
નેપલ્સનું રાજ્ય
સેલ્જુક તુર્કો
મોરોક્કો
અલ્જીરિયા
ટ્યૂનિસ
ભૂમધ્ય સમુદ્ર
સાયપ્રસનું રાજ્ય
મામલુક સુલતાનો

# ૧ : ધર્મ, ધર્મશાસન અને ધર્મતંત્ર

મહાન રાજવી કૉન્સ્ટેન્ટાઈને (ઈ. સ. ૩૨૪–૭૭) ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધી. પરિણામે આ ધર્મ રાજ્ય અને પ્રજામાન્ય ધર્મ બન્યો. ત્યાર પૂર્વે ખ્રિસ્તી ધર્મને પેગનધર્મી (અનેક દેવદેવીઓની માન્યતા ધરાવનાર મૂર્તિપૂજક) સમ્રાટોની અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડયું હતું. વળી, પેગન સમ્રાટોના શાસનમાં સર્વ સાધારણ જે સહિષ્ણુતા હતી તેનો લાભ ખ્રિસ્તીઓ લઈ શકયા નહિ. તેઓ રોમનોનાં પેગન દેવ-દેવીઓની પૂજા-અર્ચના અને તે અંગેની વિધિઓમાં ભાગ લેતા નહિ. ઉપરાંત, ગુપ્ત પૂજા-વિધિના કારણે તેઓ શંકાનું કારણ બન્યા. પરિણામે તેમના પર ભારે દમન શરૂ થયું. પણ દમનની સામેની શહાદતે ખ્રિસ્તી ધર્મને નવી શક્તિ આપી.

પેગનો આ જીવનનું સુખ મેળવવા દેવ-દેવીઓની પૂજા કરતા. ખ્રિસ્તી ધર્મે આ સંસારી જીવનમાં સુખ-દુ:ખ પર આધારિત પેગન ધર્મનો વિરોધ કર્યો. ઐહિક જીવન કરતાં મરણ બાદના જીવનનું પાથેય તેઓ એકઠું કરવા લાગ્યા. અરબસ્તાન, પેલેસ્ટાઈન અને ઈજિપ્તમાં ભારતના હઠયોગીઓ જેવા ઘણા સાધુ-ચરિત ખ્રિસ્તીઓએ સંસારનું સુખાદિ છોડી દેહ-કષ્ટનું જીવન શ્રેયસ્કર લેખ્યું. દૃષ્ટાંત રૂપે સંત પેથિમિયસ લગાતાર ૫૦ વર્ષ સુધી અને બેસેરિયસ ૪૦ વર્ષ સુધી સૂવા માટે જમીન પર આડા પડયા નહિ. વૂલ ફિયાકે ટાઢ અને તડકામાં ખુલ્લા પગે એક થાંભલા પર જીવન વ્યતીત કર્યું. સંત સેનેક એવી તો સાંકડી ઓરડીમાં રહ્યો કે તેના શરીરનો નીચલો ભાગ હલનચલનના અભાવે તદ્દન જૂઠો પડી ગયો. મૅકેરિયસ મચ્છરોથી ખદબદતા ખાબોચિયામાં પડી રહ્યો જેથી મચ્છરો તેના લોહી પર પુષ્ટ બને. સંત સીનિયને પણ ૪૦ વર્ષ થાંભલા પર ગાળ્યાં. સંત એન્થનીએ તેની માલ-મિલકત વેચી મારી, ઊપજેલાં નાણાં ગરીબોને વહેંચી દઈ ઈજિપ્તના રણમાં ચાલી ગયો, જ્યાં છ મહિને મળતા રોટલા પર તે ગુજારો કરવા લાગ્યો.



બૅપ્ટિઝમ : ખ્રિસ્તી ધર્મના સાત પવિત્ર સંસ્કારો પૈકીનો પહેલો સંસ્કાર. બાળકના વાલી અને સ્નેહીઓ ખ્રિસ્તી ધર્મના વડા પાદરી પાસે આ સંસ્કાર દ્વારા બાળકને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવે છે તે સમયની ધાર્મિક સંસ્કાર વિધિનું એક દૃશ્ય.

તપશ્ચર્યા, પાપનો ભય અને દેવળ દ્વારા પાપની મુક્તિ તથા દુન્યવી સુખ-દુઃખ પ્રત્યે ઉદાસીનતા — આ સૌના કારણે રોમમાં પેગન સત્તાધારીઓનાં દમન છતાં ખ્રિસ્તી ધર્મ વિસ્તરવા લાગ્યો. ઉપરાંત આ ધર્મમાં દીન-દલિતો માટેની અઢળક મમતા અને ધનિકો તથા દુન્યવી સત્તાધારીઓ સામે ઘૃણા હતી. ખાસ કરીને ગુલામો અને શ્રમજીવીઓએ આ ધર્મમાં સાંત્વન મેળવ્યું. પોતાના પુરોગામી સમ્રાટો ટ્રાજન અને ગેલિરિયસની ઉદાર નીતિ બાદ કૉન્સ્ટેન્ટાઈને ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો ત્યાર પછી ખ્રિસ્તી ધર્મ સામેના સઘળા અંતરાયો દૂર થયા.

ખ્રિસ્તી બનનારે સાત સંસ્કારો કરવાના હોય છે : (૧) 'બૅપ્ટિઝમ', આ સંસ્કાર સૌપ્રથમ છે. આથી આદિ પિતાએ કરેલા પ્રથમ પાતકનું જન્મજાત કલંક દૂર થાય છે; (૨) 'કન્ફર્મેશન' સંસ્કાર બાર વર્ષની વયે લેવાય છે, અને તેથી 'બૅપ્ટિઝમ'નો પુનઃ સંસ્કાર થાય છે; (૩) 'યૂકરિસ્ટ' સંસ્કાર ખ્રિસ્તીઓ માટે મહત્ત્વનો છે. ઈશુએ છેલ્લું ભોજન લેતાં રોટી અને દારૂમાં પોતાનાં દેહ અને લોહીનાં દર્શન કરાવ્યાં હતાં, તેની આ પુનરાવૃત્તિ છે; (૪) 'પ્રાયશ્ચિત્ત'ના ચોથા સંસ્કાર દ્વારા ખ્રિસ્તીએ પોતાના પાપનો એકરાર કરવાનો હોય છે; (૫) 'એક્સ્ટ્રીમ ઍંક્શન' મરણ અગાઉનો આ જીવનનો છેલ્લો સંસ્કાર છે, જે દેહ સાથે જોડાયેલા પાપ-કલંકને દૂર કરે છે; (૬) આ છઠ્ઠા સંસ્કાર દ્વારા ખ્રિસ્તીને ધર્માધિકારી તરીકે અન્ય ખ્રિસ્તીઓને ધાર્મિકવિધિ કરાવવાની પાત્રતા મળે છે; (૭) 'વિવાહ', આ સંસ્કાર દ્વારા પતિપત્ની દામ્પત્યના બંધનથી જોડાય છે અને સંસારનાં કર્તવ્યો બજાવવાની અનુમતિ મેળવે છે.

પિતા ઈશ્વર, પુત્ર ઈશુ અને પવિત્ર આત્મા, એવી ત્રિગુણમયી ઈશ્વરી શક્તિમાં પ્રત્યેક ખ્રિસ્તીને શ્રદ્ધા હોવી જોઈએ. તદુપરાંત, ઈશ્વર મનુષ્યોનાં પાપ ધોવા મનુષ્યરૂપે અવતર્યો હતો એમાં પણ શ્રદ્ધા ધરાવવી એ પ્રત્યેક ખ્રિસ્તી માટે આવશ્યક છે. જ્ઞાનવૃક્ષનું ફળ નહિ ખાવાની ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી આદમે જે પ્રાપ્ત કર્યું તેનું તેના સન્તાનરૂપ માનવજાતને કલંક લાગ્યું. આ કલંક ધોવા માણસોના દેહ અને તેના ગુણ ધરાવનાર ઈશુનું વધસ્તંભ પર મૃત્યુ થયું. આ પાપમાંથી મુક્તિ ઈશ્વરની અસીમ કૃપા હોય તો જ મળે. ખ્રિસ્તી ધર્મશાસનની સ્થાપના માણસે નહિ પણ ઈશ્વરે કરી છે. ક્રૂસ પર ચડયા પછી ઈશુ પુનઃ જીવન ધારણ કરી પાછા પધાર્યા હતા, એવું ચુસ્ત ખ્રિસ્તીઓ માને છે.

ખ્રિસ્તી ધર્મ વ્યાપક બનતો ગયો તેમ તેમ ધર્મતત્ત્વ અંગે વિવાદો ઊભા થવા લાગ્યા. તેમાં ખાસ કરીને ઈશુના માનવી તરીકેના તથા દૈવી ગુણોએ જગાવેલો વિવાદ મહત્ત્વનો બન્યો છે. આમાંથી (૧) એરિયન, (૨) નેસ્ટોરિયન, (૩) મોનોફાઈસાઈટ, (૪) ડૉનિસ્ટ, (૫) મેનિચિયન જેવા અનેક સંપ્રદાયો ઊભા થયા. પાંચેનાં મુખ્ય લક્ષણો જોઈએ :

(૧) ઈશુના દૈવી અને માનવી ગુણો એક જ હતા કે બંને જુદા હતા; ઈશુ કેવળ માનવી હતો કે માનવ સ્વરૂપે સ્વયં ઈશ્વર હતો. આ વિવાદે ચોથી સદીમાં ખ્રિસ્તી જગતને હચમચાવી મૂક્યું. એરિયસ નામના એક ધર્માચાર્યે પ્રતિપાદન કર્યું કે પુત્ર અર્થાત્ ઈશુ ઈશ્વર જેવો હતો, ઈશ્વર સ્વરૂપ ન હતો. પિતા અને પુત્ર વચ્ચે આ તાત્ત્વિક ભેદ હતો. ઍલેક્ઝાન્ડ્રિયાના ધર્માચાર્યે ઍથેનેસિયસે એરિયન (એરિયસપ્રણીત) ધર્મમત સામે પ્રચંડ આંદોલન ઊભું કર્યું. ઍથેનેસિયસના પુરુષાર્થના પ્રતાપે પિતા, પુત્ર અને પવિત્ર આત્માની ત્રિગુણમયી શક્તિની માન્યતાનો વ્યાપક સ્વીકાર થયો; જે ચુસ્ત ખ્રિસ્તી ધર્મમતનો પાયો બન્યો. ઈ. સ. ૩૨૫માં કૉન્સ્ટેન્ટાઈનના અધ્યક્ષપદ હેઠળ નીસિયામાં મળેલી ધર્મ-પરિષદે એરિયન મત વિરુદ્ધ નિર્ણય લીધો.

(૨) નેસ્ટોરિયસે એવો મત પ્રગટ કર્યો કે ઈશુની માતા (મેરી) માનવી તરીકે જન્મેલા ઈશુની માતા હતી; તે ઈશ્વરની જનેતા ન હતી. આની વિરુદ્ધ ઍલિગ્ઝાંડ્રીયાના સાઈરિયસે મેરી ઈશ્વરની જ માતા હતી તેવું પ્રતિપાદન કર્યું. ઈ. સ. ૪૩૦માં રોમમાં મળેલી ધર્મ-પરિષદે નેસ્ટોરિયસને તેનો મત પાછો ખેંચી લેવાની

# ખ્રિસ્તી ધર્મના પ્રણેતા ઈશુના જીવન–પ્રસંગો



૧



૨



૩



૪

૧. સાયમન : ઈશુના ૧૨ ચુનંદા શિષ્યો પૈકીનો એક ધર્મદૂત ૨. મેરી મેગ્ડાલેની : (લ્યૂક–૭ : ૩૭–૫૦) મેગ્ડાલાની રાણી મેરીને ઈશુએ મોકલેલ ધર્મદૂત સાયમન ખ્રિસ્તી ધર્મ અંગીકાર (બૅપ્ટિઝમ) કરાવી ચોથા ખ્રિસ્તી ધર્મ સંસ્કાર 'પ્રાયશ્ચિત્ત'ની વિધિ કરાવે છે. ૩. વધ-સ્તંભ પહેરેલ ઈશુ ૪. વધસ્તંભ પર ખીલાથી જડી દેવાયેલ ઈશુ.

આજ્ઞા કરી, જેનો તેણે ઇન્કાર કરતાં ઈ. સ. ૪૩૧માં એફિસસમાં મળેલી ધર્મ-પરિષદે તેને ધર્મબહિષ્કૃત કર્યો. નેસ્ટોરિયસે શેષ જીવન લીબિયાના રણમાં રખડી વ્યતીત કર્યું.

(૩) મોનોફાઇસાઇટ ધર્મમતના પ્રવર્તક યુટાઈકીસે જણાવ્યું કે ઈશુમાં માનવી અને દૈવી એવા બે ગુણો ન હતા. ઈશુમાં કેવળ એક જ અને તે દૈવી ગુણ હતો. આ ધર્મમત ઇજિપ્ત અને સીરિયામાં વ્યાપક બન્યો.

(૪) કાર્થેજના ધર્માચાર્ય ડૉનિસ્ટે સાત ખ્રિસ્તી સંસ્કારનો વિરોધ કર્યો. તેણે પ્રવર્તાવેલા ધર્મમતને ગરીબોમાંથી મોટો અનુયાયી વર્ગ મળી ગયો, જેમણે સ્થાપિત હિતો સામે ભય ઊભો કર્યો. તેમણે ગરીબી અને ગુલામી સામે જેહાદ જગાવી. માલિકના સ્થાને ગુલામોને ગાડીમાં બેસાડી તેઓ માલિકો દ્વારા ગાડી હંકારાવવા લાગ્યા. તેઓ પૈસાપાત્રને લૂંટતા, તેમની આંખોમાં ચૂનો ચોપડી તેમને અંધ બનાવતા. મૃત્યુને સ્વર્ગનું દ્વાર સમજી તેઓ આનંદપૂર્વક તેને ભેટવા સજ્જ રહેતા. વટેમાર્ગુને ઊભો રાખી તેના હાથે મૃત્યુ માગતા.



સંત જેરોમ : (મૃત્યુ ૪૨૦) સંત અને મહાપંડિત. હિબ્રૂ ભાષામાંથી લૅટિનમાં બાઈબલનો અનુવાદ કરનાર.



સંત ઑગસ્ટસ ઑફ હિપ્પો : (ઈ. સ. ૩૫૪–૪૩૦) ખ્રિસ્તી ધર્મનો પુરસ્કર્તા, પ્રખર ધર્મશાસ્ત્રી અને દાર્શનિક સંત રોમમાં ધર્મશિક્ષણ આપે છે તે સમયનું દૃશ્ય.

(૫) જરથુસ્ત્રના ધર્મમત અનુસાર પ્રકાશ અને અંધકાર, શુભ અને અશુભ, ઈશ્વર અને શેતાન એવાં બે વિરોધી તત્ત્વોનો ખ્રિસ્તી ધર્મમત સાથે મેળ બેસાડવાનો પ્રયાસ કર્યો. પણ તેનો, ખ્રિસ્તીઓ અને જરથુસ્ત્ર, બંને મતધારીઓ તરફથી વિરોધ થયો. બેઉ સમ્રાટોએ તેની સામે દમનનાં પગલાં લીધાં.

વિવિધ ધર્મમતની ચર્ચા અને વિવાદથી પૂર્વનું પાટનગર કૉન્સ્ટૅન્ટિનોપલ એવું તો ગાજવા લાગ્યું કે ભઠિયારાની પાસે જઈ કોઈ રોટલાનો ભાવ પૂછતો ત્યારે ભઠિયારો પણ ઈશુના દૈવી અને માનવી ગુણોની પૃચ્છા કરતો. પૂર્વમાં ઘણા વિવાદો જાગ્યા અને તેમાંથી ઘણા સંઘર્ષો પણ થયા.

સમ્રાટ પદે લિયો–૩જો (ઈ. સ. ૭૧૭–૪૧) આવતાં તેણે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો, તેથી વિરોધનો જબરો વંટોળ ઊભો થયો. કૉન્સ્ટૅન્ટિનોપલનાં દેવળોમાંથી ઈશુ, મેરી અને ખ્રિસ્તી સંતોની પ્રતિમાઓને દૂર કરવામાં આવી. એક સ્થાન પરથી ઈશુની મૂર્તિ ખસેડાતી હતી ત્યારે લોકોએ રોષે ભરાઈ મૂર્તિ ખસેડનારને મારી નાખ્યો.

સમ્રાટે મૂર્તિપૂજા વિરુદ્ધ હુકમો છોડયા અને વિશાળ પાયા પર દમન ચલાવ્યું. મૂર્તિ-ખંડનની નીતિ પાછળ અનેક દેવ-દેવીઓની માન્યતા ધરાવનાર પ્રાચીન પેગનવાદ પુનઃ સત્તારૂઢ થવાની બીક હતી. મૂર્તિ-

પૂજાની સાથે અનેક પ્રકારના વહેમ, સંતોની પૂજા અને તેમના ચમત્કારોની વાતો પ્રચલિત બની હતી, અને અનેક પ્રકારના સાચા-ખોટા અવશેષોનો વેપાર શરૂ થયો હતો. પેગનવાદ સામે સમ્રાટ દ્વારા ક્રૂરતાથી ઝુંબેશ ચલાવવા છતાં લોકોની ધર્મમાન્યતા પલટાવી શકાઈ નહિ. બે સદીના વાવાઝોડા પછી મૂર્તિપૂજાનો વિરોધ શમ્યો, પરંતુ તેણે પૂર્વ અને પશ્ચિમનાં ધર્મશાસનો વચ્ચે કાયમી ભંગાણ કર્યું, એટલું જ નહિ પણ પશ્ચિમના ધર્મશાસને રોમન સામ્રાજ્યનો નાશ કરનાર જર્મનોનું શરણું શોધ્યું.

ખ્રિસ્તી ધર્મને રાજમાન્યતા મળી અને તેણે તેના પ્રસારને વેગ આપ્યો. પરંતુ પ્રજામાન્ય કરાવવામાં તો શરૂઆતની સદીઓમાં થઈ ગયેલા સાધુચરિત ખ્રિસ્તીઓ, ધર્માચાર્યો, પોપ, મઠો અને મહાનુભાવોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ મહાનુભાવોમાં સંત જેરોમ, સંત ઑગસ્ટાઈન, સંત પેટ્રિક, સંત ઍમ્બ્રોઝ, સંત માર્ટિન, સંત ક્રિસ્ટોફર, સંત બોનિફેસ, સંત બેનિડિક્ટ, આસિસિના સંત ફ્રાન્સિસ, સંત ડૉમિનિક, સંત સાઈરિલ, પોપ સિલ્વેસ્ટર–૧, લિયો–૧ – મહાન ગ્રેગરી, લિયો–૩ – ગ્રેગરી–૭ આદિ ગણાવી શકાય.

જેરોમે (ઈ. સ. ૩૪૦–૪૨૦) ઍકિવનિયાના સમાજથી કંટાળી એન્ટિયૉક આગળ કાલ્સિસના રણમાં



સંત ઍમ્બ્રોઝ

સંત પેટ્રિક



(ડાબે) ખ્રિસ્તી ધર્મનો મોટો સંત અને મિલાનનો આર્કબિશપ થિઑડોસિયસને ચોથા ખ્રિસ્તી ધર્મ સંસ્કાર 'પ્રાયશ્ચિત્ત'ની વિધિ કરાવી પાપવિમોચનની માફી આપે છે. (જમણે) આઇરિશને ખ્રિસ્તી ધર્મ-સંસ્કાર (બૅપ્ટિઝમ) આપી ધર્મ અંગીકાર કરાવે છે.

મઠ સ્થાપી શિષ્ટ ગ્રંથોનું અધ્યયન શરૂ કર્યું. તે દરમિયાન તેને મૃત્યુ આવી રહ્યાનો અનુભવ થયો. તેને ઈશ્વરના દરબારમાં લઈ જવામાં આવ્યો. તે પેગન ગ્રંથો વાંચતો હોઈ પૂરો ખ્રિસ્તી બન્યો નથી, એમ જણાવી તેને ફટકાની શિક્ષા કરવામાં આવી. પેગન ગ્રંથો નહિ વાંચવાની શરતે તેને ક્ષમા મળી. જેરોમ જાગ્યો ત્યારે તેણે શરીર પર ચાબુકના ફટકાનાં ચકામાં જોયાં. રોમ પાછો ફરી પોપનો મંત્રી બન્યો. ધર્મગુરુઓના લગ્નનો અને મઠોમાં સાધુ-સાધ્વીઓની સહઉપસ્થિતિનો તેણે વિરોધ કર્યો. બેથલેહેમમાં તેણે એક શાળા ખોલી. હિબ્રૂનો અભ્યાસ કરી તેણે બાઈબલનો લૅટિનમાં અનુવાદ કર્યો; જે 'વલ્ગેટ'ના નામે ઓળખાય છે.

સંત ઑગસ્ટાઈન (ઈ. સ. ૩૫૪–૪૩૦) ખ્રિસ્તી સમાજનો અને ચુસ્ત ખ્રિસ્તી મતનો મોટામાં મોટો સંત, ધર્મશાસ્ત્રી અને દાર્શનિક હતો. યુવાન વયે તે છેલબટાઉ અને શિથિલ ચારિત્ર્યનો હતો. કાર્થેજ જઈ તે લૅટિન વ્યાખ્યાનશાસ્ત્ર, ગણિત, સંગીત અને દર્શનશાસ્ત્ર ભણ્યો. સોળ વર્ષની વયે રીતસરનો સંસાર માંડવાને બદલે તે સમયના રિવાજ અનુસાર તેણે ઉપ-પત્ની પ્રથાનો અંગીકાર કર્યો. અઢાર વર્ષની વયે તેને પુત્ર થયો. ૨૯ વર્ષની વયે તે રોમ જવા તૈયાર થયો. ધર્મભીરુ માતા મૉનિકાએ તેને વાર્યો. પુત્રની સાથે જવા તૈયાર થયેલી માતાને દેવળમાં પ્રાર્થના કરતી છોડી ઑગસ્ટાઈન ભાગી ગયો. રોમથી મિલાન ગયો. અહીં

માતા આવી પહોંચી. તેની સલાહથી તે સંત ઍમ્બ્રોઝનાં ધર્મ-વ્યાખ્યાનો સાંભળવા લાગ્યો. બાદ, તે મેનિસિયન સંપ્રદાય તરફ ઢળ્યો. બુદ્ધિવાદી નૂતન પ્લેટોવાદનો તે પુરસ્કર્તા બન્યો. એક સમયે મિત્રની સલાહને વશ થઈ બાઈબલ ખોલતાં સંત પૉલની વાણી તરફ તેની નજર ગઈ. આ વાણીમાં વિકારોનો ત્યાગ કરી ઈશુમાં શ્રદ્ધા પરોવવાનો અનુરોધ હતો. આ વાણી તેના જીવનમાં મહાપરિવર્તનરૂપ નીવડી. બુદ્ધિવાદનો ત્યાગ કરી ધર્મશ્રદ્ધા તરફ તે ઢળ્યો. તેને ખ્રિસ્તી ધર્મમાં આત્મિક આનંદ જણાયો. સંત ઍમ્બ્રોઝના હાથે તેણે ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધી. માલમિલકત વેચી મારી ઈ. સ. ૩૮૮માં મઠની સ્થાપના કરી. ઉત્તર આફ્રિકાના હિપ્પોનો તે વડો ધર્માધિકારી બન્યો. ધર્મના સિદ્ધાંતોનો બુદ્ધિથી સમન્વય કરવાનો તેણે પ્રયત્ન કર્યો. તેણે માનવીની સ્વતંત્ર ઇચ્છાશક્તિ અને ઈશ્વર વિશેના જ્ઞાનનો મેળ બેસાડવાનો પ્રયત્ન કર્યો. ઈશ્વરની ત્રિગુણમયી શક્તિના સિદ્ધાંતનો અભ્યાસ કરી તેણે 'દ ટ્રિનિટેટ' પુસ્તક લખ્યું. સ્વતંત્ર ઇચ્છાશક્તિની ચર્ચાના પુસ્તકમાં તેણે જણાવ્યું કે સ્વતંત્ર ઇચ્છાશક્તિ અનિષ્ટનું મૂળ છે. માત્ર ઈશ્વરની કૃપા જ માણસને અનિષ્ટથી ઉગારે છે. 'કન્ફેશન્સ' નામનો તેનો આત્મકથારૂપ ગ્રંથ ખ્રિસ્તી ધર્મસાહિત્યનો એક ઉત્તમગ્રંથ ગણાય છે. રોમના પતન માટે ખ્રિસ્તી ધર્મમત જવાબદાર છે, તેવા મતનું ખંડન કરતાં તેણે 'દ સિવિતેત' નામનો ગ્રંથ લખ્યો. વેન્ડાલ સરદાર ઉત્તર આફ્રિકા પર વિજય મેળવતો હિપ્પો તરફ આવી રહ્યો હતો, ત્યારે તેણે સ્વ-સ્થાન છોડયું નહિ. હિપ્પો પરના ઘેરાના ત્રીજા મહિનામાં ૭૬ વર્ષની વયે આ મહાન દાર્શનિકનું અવસાન થયું.

સંત પેટ્રિક (જન્મ ૩૮૯) પશ્ચિમ ઈંગ્લંડમાં જન્મેલો. ૧૬ વર્ષની વયે ધાડપાડુઓ તેને ગુલામ બનાવી આયર્લૅન્ડ લઈ ગયા. ત્યાં તેણે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો. ઈશુના જેવી ચમત્કારિક વાતો તેના જીવનની સાથે ગૂંથાયેલી છે. ઈ. સ. ૪૬૧માં તેનું અવસાન થયું ત્યારે મોટા ભાગનું આયર્લૅન્ડ ખ્રિસ્તી બન્યું હતું. સંત પેટ્રિક આયર્લૅન્ડનો ઇષ્ટ સંત બન્યો. આયર્લૅન્ડનો વતની દુનિયામાં ગમે ત્યાં હોય પણ તે સંત પેટ્રિકનો દિવસ આદરપૂર્વક પાળે છે. શરૂઆતના સમયમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવામાં અને સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવનારા મિશનરીઓ જેવો પ્રથમ સંદેશો આપનાર સંત પેટ્રિક હતો. આવો જ એક આઈરિશ મિશનરી સંત કોલમ્બસ (ઈ. સ. ૫૧૨–૯૭) ઉત્તર ઈંગ્લંડ ગયો; ત્યાં તેણે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો. આ સંતનું આઈરિશ નામ સ્કૉટી હતું, જે પરથી ઉત્તર ઈંગ્લંડનો પ્રદેશ સ્કૉટલૅન્ડના નામે ઓળખાયો.



સંત માર્ટિન : રોમન સૈનિકમાંથી તુર્સ (ફ્રાન્સ)નો બિશપ બનનાર આ સંત પોતાનો ઝભ્ભો એક ગરીબને આપે છે.

સંત ઍમ્બ્રોઝ (ઈ. સ. ૩૪૦–૯૮) એક સફળ વહીવટકર્તાનો સ્વાંગ છોડી ધર્માધિકારી બન્યો. તેણે માલ-મિલકત ગરીબોમાં વહેંચી સાચા ખ્રિસ્તીનું જીવન શરૂ કર્યું. નીસિયાની ધર્મપરિષદના ઈશ્વરી ગુણનો તેણે પ્રચાર કર્યો. તેના જ પ્રભાવથી સંત ઑગસ્ટાઈન ખ્રિસ્તી ચુસ્ત-ધર્મમત તરફ વળ્યો હતો.

સંત માર્ટિન (ઈ. સ. ૩૧૬–૯૭) બાર વર્ષની વયે સંસાર છોડી સાધુ બન્યો. આ મહાપુરુષે પિતાના આગ્રહને વશ બની સૈનિકની કારકિર્દી સ્વીકારી, પરંતુ પોતાનો પગાર તે ગરીબોને વહેંચી દેતો. ઈ. સ. ૩૬૨માં તેણે પ્રથમ મઠની સ્થાપના કરી, ત્યાર પછી તુર્સ (ફ્રાન્સ)માં મઠોની હારમાળા શરૂ થઈ. ફ્રાન્સમાં ૩૬૭૫ દેવળો અને ૪૨૫ ગામો આ સંતનું નામ ધરાવે છે.

નવજાગૃતિ (રિનેસાંસ) યુગનો
પ્રખર સાહિત્યક અને તત્ત્વચિંતક : ઇરેસ્મસ →






← ઇટાલિયન ચર્ચની સંગીત-પોથીનું એક પાનું (ઈ.સ. ૧૫૭૦)



# યુરોપમાં નવજાગૃતિ

## (સાહિત્ય-સંગીત-કલા-વિજ્ઞાન)

**રાસાયણિક દ્રવ્યોની શોધ**

મધ્યયુગની એક પ્રયોગશાળામાં વપરાતાં સાધનો અને પ્રયોગકર્તાઓની લાક્ષણિકતાઓ



૧



૨



૩



૪



૫




૬

# ચિત્રકામ અને મોઝેક

૧. ચિત્રકાર ઍન્જલિકો ફ્રા
(ઈ. સ. ૧૩૮૭-૧૪૫૫)
ઇટાલીનો માનીતો ચિત્રકાર

૨. ઍન્જલિકો ફ્રાનું જાણીતું ચિત્ર 'નેટિવિટિ'-
ઈશુ ખ્રિસ્તનો જન્મ

૩. ઍન્જલિકો ફ્રાનું જાણીતું ચિત્ર 'વરજિન
ઍન્ડ ચાઇલ્ડ'

૪. રૅવન્નાના સાન એપોલિનેર ચર્ચમાં છઠ્ઠી
સદીના જડાવ(મોઝેક)કામનું ચિત્ર

૫. (જમણે) લંડનમાંથી મળેલો રોમન જડાવ-
કામનો એક નમૂનો
(ડાબે) વેટિકન મ્યુઝિયમમાં સચવાયેલો
રોમન જડાવકામનો એક નમૂનો

૬. (ડાબે) જડાવ કામમાં રાણી થિયોડોરા (વચ્ચે)
પ્રાચીન-ગ્રીક જડાવ કામનો એક નમૂનો
(જમણે) જડાવકામમાં રાજા જસ્ટિનિયન

**સંત જૉન ક્રિસ્ટોફર** (જન્મ-૩૪૫) પેગન સાહિત્ય અને વિદ્યા પર પ્રભુત્વ ધરાવતો હતો. એન્ટિયૉકમાં તે ધર્માચાર્યની જવાબદારી સંભાળતો હતો. હિપોડ્રોમના સરકસો અને નાટયશાળાનાં નાટકોને તે વિકારનાં સાધનો ગણતો. વળી તે કહેતો : "શા માટે ગણ્યાગાંઠયા લોકોને ૨૦ મકાનો, ૨૦ સ્નાનગૃહો, હજાર ગુલામો, હાથીદાંતનાં દ્વાર, સંગેમરમરની દીવાલો અને સોનું મઢેલી છત હોવી જોઈએ ?" તે ધર્માચાર્યોની આવી બાદશાહી રહેણીકરણીની ઝાટકણી કાઢતો. સમ્રાટ આર્કેડિયસની સામ્રાજ્ઞીએ બોલાવેલ ધર્મ-પરિષદમાં હાજર ન રહેવા માટે તેને પદભ્રષ્ટ કર્યો, પણ લોક-વિરોધના પરિણામે તેને પાછો બોલાવવો પડયો. બબ્બે વાર તેને હદપાર કરતાં લોકોએ બંડ-બળવા કર્યા. આખરે રણમાંથી પસાર થતાં ૬૨ વર્ષની વયે તે મૃત્યુ પામ્યો.

**સંત બેનિડિક્ટે** (ઈ. સ. ૪૮૦–૫૪૩) મધ્ય યુગમાં જે મઠો ઊભા થઈ રહ્યા હતા, તેમાં જોડાનારા સાધુઓના જીવનને નિયમિત કરી મઠના નિયમો બનાવ્યા. તેણે પોતે દક્ષિણ ઇટલીમાં મોન્ટે કાસિનોના પહાડ પર મઠની સ્થાપના કરી. રોમના અનૈતિક જીવનથી કંટાળી પંદર વર્ષની વયે સેબાઈનના ડુંગરોમાં ગુફા બનાવી કેટલાંક વર્ષ રહ્યો. અહીં પણ મનમાં આવતા દુષ્ટ વિચારોને દૂર કરવા કાંટાની વાડમાં પડયો. શરીરના ઘાથી મનના ઘાને તેણે શાંત કર્યા. સાધુઓ તેને મઠમાં લઈ ગયા. જ્યાં તેના કડક આચરણથી ભડકી સાધુઓએ તેને ઝેર આપ્યું. તે ભાગ્યો. કેટલાક જુવાન ભક્તો તેની પાછળ પાછળ ગયા. તેની આસપાસ ડઝનેક મઠો ઊભા થયા. મોન્ટે કાસિનોના પેગન મંદિરનો નાશ કરી તેણે મઠ બાંધ્યો. આ મઠ માટે જે નિયમો ઘડયા તે પશ્ચિમના મઠો માટે નમૂનારૂપ બન્યા. તેણે સાધુજીવનને સમૂહગત બનાવ્યું. તેના આ નિયમોમાં શિસ્ત હતી, પણ અર્થ વિનાનું દેહદમન ન હતું. આક્રમણો, યુદ્ધો, અવ્યવસ્થા અને અરાજકતાના મધ્ય યુગમાં બેનિડિક્ટના મઠો જિંદગીથી કંટાળેલા સંસારીઓ, યુદ્ધોથી પાયમાલ થયેલા નાગરિકો તથા વિદ્યાવ્યાસંગી યુવાનો માટે આશ્રય-સ્થાન બન્યા. આ મઠોએ સાધુજીવનને શુદ્ધ કર્યું એટલું જ નહિ, પરંતુ શરીરશ્રમ કરીને જંગલોને સાફ કર્યાં; ખેતીવાડીના અખતરા કરી તેમાં સુધારણા કરી; પશુપાલન અને સંવર્ધનનું કામ કર્યું; હસ્તપ્રતોની નકલો બનાવી પ્રાચીન વિદ્યાનું સંરક્ષણ કર્યું; દુષ્કાળ અને અન્નસંકટના દિવસોમાં ગરીબો અને ભૂખ્યાંને રોટલો આપ્યો. તેના સાધુઓએ મઠો, આશ્રમો, દેવળો, રસ્તા, પુલો બાંધ્યાં; કળણો અને ભેજવાળાં સ્થાનો સાફ કર્યાં અને અનેક પ્રકારના હસ્તઉદ્યોગો વિકસાવ્યા. આ મઠોએ હજારો સમાજસેવકો, વિદ્વાનો, વહીવટકર્તાઓ દાર્શનિકો અને વિજ્ઞાનીઓ આપ્યા. આમાંથી ૨૪ પોપ, ૪૬૦૦ બિશપો અને આર્ક-





**સંત બૉનિફેસ** : ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે ધર્મદૂત બનીને ઇંગ્લંડ છોડી જર્મની જતી વેળાનું દૃશ્ય.

**સંત બેનિડિક્ટ** : સાધુઓ માટે મઠો સ્થાપીને મઠજીવનના નિયમો બનાવ્યા.

બિશપો, ૧૬ હજાર લેખકો નીપજ્યા. આમાં બીડ, બોનિફેસ, ટૉમસ, ઍક્વિનાસ, રોજર બેકન, ફ્રા એન્જેલિકો, માર્ટિન લ્યૂથર, ઈરેસ્મસ જેવાં મહારત્નો પેદા થયાં. ઈ. સ. ૫૮૯માં લોમ્બાર્ડોએ મોન્ટે કાસિનોના મઠનો નાશ કર્યો. સાધુઓએ ફરી એ મઠ ઊભો કર્યો. ઈ. સ. ૮૮૮માં મુસ્લિમોએ એ મઠ તારાજ કર્યો; ફરી સાધુઓએ તેનો જીર્ણોદ્ધાર કર્યો. (૧૯૪૪માં બીજા વિશ્વયુદ્ધે તેના પર બૉમ્બવર્ષા કરી અને ૧૯૪૯માં ફરી તેને બાંધવામાં આવ્યો.)

જતે દિવસે મઠજીવન શિથિલ થવા લાગ્યું. બીજી ક્રૂઝેડના પ્રણેતા સંત બર્નાર્ડે આત્મશુદ્ધિનું જબરું આંદોલન ઉપાડયું, જેના પરિણામે વ્યકિતગત જીવનમાં અને મઠોના સમૂહ-જીવનમાં શુદ્ધિ લાવવાનો પ્રયાસ થયો. યુરોપનું જીવન સમૃદ્ધ થતાં તેની સમૃદ્ધિ મઠો તરફ વહેવા લાગી. સેંટ રિક્વિયસના મઠના કબજામાં ૧૧૭ જમીનધારી ખેડૂતો, ૨૫૦૦ મકાનો, ૧૦ હજાર મરઘાં-બતકાં હતાં. મોન્ટે કાસિનો, ક્લૂની, ફૂલ્ક, સેંટ ગોલ તથા સેંટ ડેનિસના મઠો ખૂબ જ ધનાઢ્ય હતા. તેના અધિપતિઓ પારાવાર સાહ્યબી ભોગવતા. ફ્રાન્સનો છેલ્લો ધર્માચાર્ય આમાત્ય સુગેર સાધુઓને પોષવા છતાં અને દેવળો બાંધવા છતાં ક્રૂઝેડનું અર્ધું ખર્ચ ઉપાડવા સમર્થ હતો. મઠોમાં પૈસો પ્રવેશતાં નૈતિક ધોરણ નીચું જવા લાગ્યું. ઉમરાવો મઠોના વહીવટમાં



← સંત ફ્રાન્સિસ આસિસિ



સંત બર્નાર્ડ



સંત બર્નાર્ડ બીજી ક્રૂઝેડ (ધર્મયુદ્ધ) માટે સૈનિકોની ભરતી કરે છે →

હસ્તક્ષેપ કરી મઠાધિપતિઓની નિમણૂકો કરતા. આ મઠાધિપતિઓ શિકાર ખેલતા, રમત-ગમતો માણતા અને રાજકારણમાં ભાગ લેતા. તેઓ લોકનિંદાનો ભોગ બનવા લાગ્યા. આથી અગિયારમી સદીમાં આત્મ-શુદ્ધિનો જુવાળ ચડયો અને મઠજીવનમાં સુધારણા શરૂ થઈ. ઈ. સ. ૧૦૯૧માં જન્મેલા સંત બર્નાર્ડે નવું સમૂહ-જીવન શરૂ કર્યું. તેમાં તેના ભાઈઓ કાકા, પિતા, માતા અને મિત્રો સમેત અઢી ડઝન વ્યકિતઓ જોડાઈ. દૂર એકાંત સ્થાનમાં શરીર-શ્રમથી મઠ બાંધ્યો. તેનું ઈ. સ. ૧૧૫૩માં અવસાન થયું ત્યારે ૧૧૩૪માં તેના આશ્રમોની સંખ્યા જે ૩૦ જેટલી હતી તે વધીને ૩૪૩ જેટલી થઈ હતી. બાદ, ઈ.સ. ૧૩૦૦ સુધીમાં તો ૬૯૩ મઠોમાં ૬૦ હજાર સાધુઓ રહેતા થઈ ગયા હતા.

મઠજીવને એકંદર વ્યકિતગત નીતિમત્તાનું ધોરણ ઊંચું આણ્યું. ખ્રિસ્તી સાધુસમાજ બિશપો, આર્કબિશપો અને પોપ સુધ્ધાંના જીવનમાં તેણે ઘણી સુધારણા કરી. આર્થિક જીવનને સમૃદ્ધ કર્યું. મઠજીવન એકાંતિક હોઈ નાગરિકોને માટે દુષ્પ્રાપ્ય હતું, એટલું જ નહિ પણ તેમના નિત્યના જીવનને તે સ્પર્શી શકયું નહિ. બારમી સદી બાદ ખ્રિસ્તી સમાજમાં એવા સાધુચરિત મહાનુભાવો થઈ ગયા જેમણે નાગરિક જીવનથી ભાગી ગયા વિના સામાન્ય માનવી માટે જીવન જીવવા જેવું બનાવ્યું. સંત આસિસિ ફ્રાન્સિસનું સ્થાન

સંત મહાનુભાવોમાં ઘણું જ ઊંચું છે. ઈ. સ. ૧૧૮૨માં ધનાઢ્ય વેપારી પિતાને ત્યાં જન્મેલા તેને યુવાનીમાં રખડવા કરતાં ખર્ચવાનો ભારે શોખ હતો. ઈ. સ. ૧૨૦૪માં એક લડાઈમાં ભાગ લેવા જતાં તે કેદ પકડાયો. બાદ, પોપ લિયો-૩જાના લશ્કરમાં તે સૈનિક બન્યો. દરમિયાન બીમારી લાગુ પડતાં જીવનનો અંત સમીપ દેખાયો. આ સમયે તેણે કોઈ દૈવી અવાજ સાંભળ્યો. તે આસિસિના પાછો ફર્યો અને સંત ડેમિનિયનના દેવળમાં એકવાર પ્રાર્થના કરતાં ખુદ ઈશુની વાણી સાંભળ્યાનો તેને ભાસ થયો. પોતાની પાસેનું સઘળું દ્રવ્ય દેવળના પાદરીને સુપરત કરી તે ઘેર ગયો. ત્યાં એક સમયે રક્તપિત્તિયાને જોતાં શરૂમાં તેને ઘૃણા થઈ, પણ પછી શરમ આવી. તેને પૈસા આપી ભેટયો. ત્યારથી જીવનમાં મહાપરિવર્તન આવ્યું. ફ્રાન્સિસના રંગઢંગ જોઈ પિતાએ ઠપકો આપતાં, શરીર પરનાં સઘળાં કપડાં કાઢી તેનું પોટલું પિતાને સોંપી તે બોલ્યો : “આજ સુધી આપને મેં પિતા કહ્યા હતા; હવે સ્વર્ગમાં બિરાજતો પ્રભુ મારો પિતા છે.” ઈશુનો બંદો બનેલો ફ્રાન્સિસ જગતમાં દીન, દુખિયા અને અનાથોની સેવાના રાજમાર્ગે વિદાય થયો. માનવ-સેવાની ઈશુની વાણીનું તેણે અક્ષરશઃ પાલન કર્યું અને લોકનિંદાની પરવા કર્યા વિના ઉપદેશ આપવો શરૂ કર્યો. તેને બાર શિષ્યો સાંપડયા ઝાડનાં ડાળાં-પાંદડાંનું નિવાસ સ્થાન બનાવી તે રહેવા લાગ્યો. નિત્ય ખુલ્લા પગે, પાસે દમડી પણ રાખ્યા વિના, લોકોની વચ્ચે જઈ ઉપદેશ આપવા લાગ્યો. સંયમ, શ્રમ અને ધર્મમય જીવન ગાળવા લાગ્યો. જે જ્ઞાન માણસને સાચું આચરણ શીખવે નહિ, તે જ્ઞાનનો તેણે ત્યાગ કર્યો. તેણે પ્રાર્થના-પોથી જેવું પુસ્તક પણ પાસે રાખ્યું નહિ. માણસ પરની દયા અને અનુકમ્પાની લાગણી વિસ્તારી સમસ્ત જીવસૃષ્ટિ અને વનસ્પતિને તેમાં તેણે સમાવી લીધી. એકવાર તેણે શરીર પરનો ડગલો એક ગરીબને ઓઢાડતાં સાથીએ ટકોર કરી, ત્યારે ફ્રાન્સિસે જવાબ આપ્યો : “માલિકે આ ડગલો આપણને ઊછીનો આપ્યો હતો, આપણા કરતાં વધુ ગરજુ ગરીબને આપણે આપી દેવો જોઈએ.” ઈ.સ. ૧૨૧૦માં પોપ ઈનોસન્ટ-૩જા તરફથી ફ્રાન્સિસને તેના સમાજની અનુમતિ મળી. ફ્રાન્સિસે સંત બેનિડિક્ટના મઠોના નિયમોનું અનુસરણ કર્યું. તેના આશ્રમજીવનથી આકર્ષાઈ ૧૮ વર્ષની એક પૈસાપાત્ર યુવતી ક્લારાએ ફ્રાન્સિસ પાસે મહિલાઓ માટે મઠ સ્થાપવાની અનુમતિ માગી. આજ્ઞાપાલકતા, સ્વૈચ્છિક-ગરીબાઈ અને બ્રહ્મચર્યનું વ્રત લઈ ક્લારાએ મહિલાઓ માટે કૉન્વન્ટની સ્થાપના કરી.

ઈજિપ્તના સુલતાન અલ-કામીલ મહમ્મદ(ઈ. સ. ૧૨૧૮-૩૮)ને ખ્રિસ્તી ધર્મની દીક્ષા લેવાનું સમજાવવા ફ્રાન્સિસ ઈજિપ્ત ગયા. પરમ સાધક અવસ્થામાં તેમને ઈશુ અને માતા મેરીનાં દર્શન થતાં ઈ. સ. ૧૨૨૪ના સપ્ટેમ્બરની ૧૪મીના રોજ અનશન અને પ્રાર્થનાના ઉજાગરા બાદ સ્વર્ગમાંથી કોઈ દેવદૂત આવતો જણાયો. દેવદૂતના હાથમાં વધસ્તંભ પર ચઢેલા ઈશુની પ્રતિમા હતી. દૃશ્ય અલોપ થતાં તેમના શરીર પર વેદના થવા લાગી. તેમણે પોતાના શરીર તરફ નજર કરતાં વધસ્તંભ પર ચઢેલા ઈશુને જે વ્રણ થયા હતા તેવા વ્રણ જોયા. ઈશુના પડખામાં જ્યાં ભાલાનો ઘા હતો, તેવો ઘા પણ પડખામાં દેખાયો. વર્ષેક બાદ તેણે લગભગ દૃષ્ટિ ગુમાવી પણ ક્લારાની શુશ્રૂષાથી થોડું થોડું દેખતા થયા. છેલ્લી અવસ્થામાં દેહદમન કરી શરીરને કષ્ટ આપવા માટે શરીરની ક્ષમા માગી. ઈ. સ. ૧૨૨૬ના ઑક્ટોબરની ૩જીના રોજ ઈશુનું સ્મરણ કરતાં ૪૫ વર્ષની વયે પ્રાણ છોડયા. બે વર્ષ બાદ ધર્મશાસને તેમને સંત જાહેર કર્યા. સંત ફ્રાન્સિસના બે સમકાલીનો પોપ ઇનોસન્ટ-૩જો અને જર્મન સમ્રાટ ફ્રેડરિક-૨જો પોતપોતાના ક્ષેત્રમાં મહાન હતા, પરંતુ કરોડો લોકોના હૃદયમાં તો ફ્રાન્સિસે જ વાસ કર્યો હતો.

સંત ડોમિનિક પણ સંત ફ્રાન્સિસ જેવો; તેનાથી વધારે વિદ્વાન, વધારે વ્યવહારુ અને વધારે મજબૂત હૃદયનો સંત હતો. સ્પેનના કૅસ્ટાઇલના કલારૂએગામાં ૧૧૭૦માં ડોમિન્ગો દ' ગુઝમાનના નામે તેનો જન્મ થયો હતો. પેલેન્શિયામાં દુષ્કાળ પડતાં તેણે માલમિલકત અને પુસ્તકો સુધ્ધાં વેચી ગરીબોને રોટલો આપ્યો. સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારી ખુલ્લા પગે ઉપદેશ આપવો શરૂ કર્યો. સાહ્યબી ભોગવતા પોપના પ્રતિનિધિ-

ઓને તેણે ઠપકો આપ્યો. પોપ હૉનોરિયસ-૩જા(મૃત્યુ-૧૨૧૬)એ ડૉમિનિક સમાજ અને તેના નિયમોને સંમતિ આપી. ધર્મની તાલીમ પામેલા શિષ્યોને વિધર્મીઓને ખ્રિસ્તી બનાવવા દૂર દૂર મોકલી આપ્યા. તે સમયમાં નાસ્તિકતાને નિર્મૂળ કરવા ડૉમિનિક અનુયાયીઓએ આગળ પડતો ભાગ લીધો. તેઓ 'ઈન્ક્વિઝિશન' (ધર્મઅદાલતો)ની તપાસમાં સામેલ બન્યા. પોપના પ્રતિનિધિઓ તરીકે દેશ-વિદેશ ગયા. ડૉમિનિક અનુયાયીઓ ફ્રાન્સિસના અનુયાયીઓ કરતાં વિદ્વાન હતા. આ વિદ્વાનોએ ઍરિસ્ટૉટલના દર્શનમાં ગૂંચવાયેલા યુરોપને ધર્મ તરફ વાળ્યું. ફ્રાન્સિસના તથા ડૉમિનિકના સમાજોએ યુરોપને મહાનુભાવો આપ્યા, જેમાં ફ્રાન્સિસ સમાજના રોજર બેકન અને ડૉમિનિક સમાજના ટૉમસ એક્વિનાસ અને આલ્બર્ટસ મૅગ્નસ પ્રખર વિદ્વાનો હતા.

પુરુષોની માફક મહિલાઓ પણ સંસારનો ત્યાગ કરી સ્વૈચ્છિક ગરીબાઈ, આજ્ઞાપાલકતા અને બ્રહ્મચર્યનું વ્રત લઈ એકાંતમાં અને સમૂહગત પવિત્ર અને સેવામય જીવન ગાળવા લાગી. આવી મહિલાઓમાં સંત બેનિડિક્ટની બહેન સ્કૉલેસ્ટિકા હતી. સાધવીઓ માટે સિસ્ટર્સિયન સમાજે કૉન્વન્ટો ખોલી. આ મઠોમાં મોટા ભાગે અનાથ વિધવાઓ કે ત્યક્તાઓ આશરો લેતી.



સંત ડૉમિનિક



સંત આલ્બર્ટસ મૅગ્નસ

આવા સાધુ સંતોએ નાસ્તિકો, વિધર્મીઓ, પેગનો તથા જંગલીઓ વચ્ચે જઈ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો. આયર્લૅન્ડના સંત પેટ્રિક, સ્કોટલૅન્ડના સંત કોલમ્બસ, પોપ ગ્રેગરીએ ઈંગ્લંડ મોકલેલા ઑગસ્ટાઈન અને સેક્સન જર્મનો વચ્ચે જઈ વસેલા બૉનિફેસ આવા પ્રકારના મિશનરીઓ હતા. આ મિશનરીઓએ વિધર્મીઓને ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષ્યા એટલું જ નહિ, પણ શિક્ષણ, ભાષા અને સાહિત્યના સંસ્કાર પણ પછાત લોકોને આપ્યા. મધ્ય યુગના સાર્વત્રિક અંધકારમાં તેમણે લોકોની શ્રદ્ધા ટકાવી, તેમનામાં આત્મ-વિશ્વાસ પ્રગટાવ્યો, જ્ઞાન અને સંસ્કાર આપ્યાં. વળી, વ્યવહારુ જીવન જીવવાની કલા આપી. જંગલીઓના હલ્લાઓ દરમિયાન યુરોપ જો સૈકાંઓની અગ્નિપરીક્ષામાંથી નીકળી શક્યું હોય તો તે આવા સાધુચરિત મહાનુભાવોના પુરુષાર્થના કારણે બન્યું.

મધ્ય યુગમાં આવા મહાનુભાવો લોકોની ધર્મભાવના જાગ્રત રાખી રહ્યા હતા, ત્યારે રોમમાં બેઠેલા પીટર અને પોલના વારસદાર પોપો ખ્રિસ્તી ધર્મની ઈમારતને સંગીન પાયા પર મૂકી રહ્યા હતા. જંગલીઓનાં આક્રમણોના પ્રહારો હેઠળ રોમન રાજતંત્રનો નાશ થઈ રહ્યો હતો, ત્યારે પીટરના અનુગામી પોપો 'વિશ્વની રાજધાની' રોમમાં ધર્મશાસન અને ધર્મસત્તાની પ્રસ્થાપના કરી રહ્યા હતા.

**સંત પોલ** : (જેઓ સંત સોલ તરીકે પણ જાણીતા છે.) એશિયામાઈનોરના તારસ ગામના આ રોમન નાગરિક મૂળે યહૂદી હતા. ગ્રીક અને રોમન સભ્યતાના તેઓ પ્રખર અભ્યાસી હતા. તેઓ ખ્રિસ્તી ધર્મના વિરોધી હતા અને બાઈબલના કરારનામા(ટેસ્ટામેન્ટ)ને જૂઠું અને ફરેબી ગણાવી એ ધર્મમતમાં માનનારાઓનું નિકંદન કાઢી નાખવા માટે દામાસ્કસમાં વસતા ખ્રિસ્તીઓ પર હલ્લો લઈ ગયા.

પરંતુ આ ચડાઈ દરમિયાન રસ્તામાં જ તેમણે એક દિવ્ય તેજનો ઝબકારો જોયો અને ઈશુની પ્રતિમાનાં દર્શન થયાં. આ ઝબકારા સાથે એક ગેબી અવાજ પણ સંભળાયો : "સોલ, સોલ, તું શા માટે મારું નિકંદન કાઢવા માગે છે."

આ અવાજ સાંભળ્યા પછી ત્રણ દિવસ સુધી પોલની આંખોનું તેજ હણાઈ ગયું. અને ત્યાર બાદ તેમનું એવું તો હૃદય-પરિવર્તન થયું કે તેમણે ખ્રિસ્તી ધર્મીઓનું નિકંદન કાઢી નાખવાને બદલે ઈશુના એક ધર્મદૂત બનીને ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે પોતાનું જીવન સમર્પિત કરી દીધું.





**સંત પીટર : મોક્ષ મેળવવાના દ્વારની ચાવી સાથે**

ઈશુના બાર શિષ્યો પૈકાના એક પ્રમુખ ધર્મદૂત, જેમને ઈશુએ 'કેફસ' અથવા પીટર (ખડક) નામે સંબોધ્યા. ઈશુના જીવન વૃત્તાન્તોમાંના એક ગોસ્પેલ(ઈશુનો ઉપદેશ)માં તેમનો ખ્રિસ્તી ધર્મના એક પ્રવર્તક બળ (ઇન્ફ્લ્યુઅન્સ) તરીકે ઉલ્લેખ થયો છે.

## રોમના બે મહાન સંતો







રોમના દેવળની સ્થાપના પીટર અને પોલે કરી હતી અને રોમમાં જ તેઓ શહીદ બન્યા હતા એ માન્યતાએ રોમના બિશપને સૌ બિશપોમાં વડપણ આપી તેની મહત્તા વધારી. આથી રોમનું દેવળ માતૃદેવળ બન્યું. તેના સિદ્ધાંતો શુદ્ધ ગણાયા. તેના બિશપની સલાહ અને માર્ગદર્શનને ધર્મસંમત ગણવામાં આવ્યાં. અહીં હવે, ખ્રિસ્તી ધર્મ-શાસનની મહાન 'પોપ પરંપરા વિશે થોડું જોઈ લઈએ.

પોપની સત્તાને બળવાન બનાવવામાં અને તેને ધર્મસત્તા ઉપરાંત દુન્યવી સત્તા આપવામાં, મહાન કૉન્સ્ટન્ટાઈન (ઈ. સ. ૩૦૬–૩૭) મુખ્ય જવાબદાર છે. તેણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી બાંધેલા 'નવા રોમ'–કૉન્સ્ટૅન્ટિનોપલમાં પાટનગર ખસેડયું, ત્યારે તેણે રોમ અને તેની આસપાસનો પ્રદેશ પોપને દાન કર્યો હતો.

આ પછી, સમ્રાટ વેલેન્ટિયન–૩જાએ ઈ. સ. ૪૪૫માં એક હુકમ જાહેર કરી રોમના બિશપની સત્તાને સર્વોપરી ઠરાવી.·તેને કાયદાના જેટલુ જ અધિકૃત ગણવાનો–કરવાનો હુકમ કર્યો. જતે દિવસે આ બિશપ 'પોપ' એટલે પિતા કહેવાયો.

ચોથી અને પાંચમી સદીઓમાં ઈટલી પર જંગલીઓનાં આક્રમણોના પ્રહારો થવા લાગ્યા ત્યારે રોમનો બચાવ પૂર્વ(સામ્રાજ્ય)ના સમ્રાટો અને તેમના પ્રતિનિધિઓ કરી શકયાં નહિ. ગોથ સરદાર એલેરિક અને હૂણ સરદાર ઍટિલ્લા અને લોમ્બાર્ડ રાજા લ્યુતપાન્ડની સામે રોમની રક્ષા નિ:શસ્ત્ર પોપ લિયો–૧લા(ઈ. સ. ૪૪૦–૬૧)એ કરી અને જંગલી સરદારોને ભય અને ભક્તિની વાણીથી વિદાય કર્યા.

શાર્લમનના માથે મુગટ પહેરાવી પોપ માનવા લાગ્યો કે સમ્રાટને બનાવવા અને તેમને રુખસદ આપવાની પોતાને સત્તા છે. પોપ ગેલેરિયસ–૧લા(મૃત્યુ–૪૯૬)એ કહ્યું : "દુનિયા પર ધર્મગુરુઓની અને રાજાઓની એમ બે સત્તા છે : આમાં ધર્મગુરુની સત્તા વરિષ્ઠ છે, કેમકે ખુદ સમ્રાટના વર્તન માટે ધર્મગુરુને જવાબ આપવો પડે છે.

---

**ઘુંમટ આકારનાં પ્રખ્યાત ખ્રિસ્તી દેવળો**
ઉપર : લંડનમાં આવેલું સંત પોલનું દેવળ.
વચ્ચે : કૉન્સ્ટૅન્ટિનોપલનું સંત સોફિયાનું દેવળ.
નીચે : રોમમાં આવેલું સંત પીટરનું દેવળ.

પોપની ખરી કારકિર્દીનો પાયો ગ્રેગરી–૧લા(૫૪૦–૬૦૪)એ તેની નિષ્ઠા, કર્તવ્યપાલનવૃત્તિ, પ્રતિભા, વહીવટી શકિત અને ધર્મપ્રચારની ઉત્સુકતા દ્વારા નાખ્યો. ગ્રેગરીનો જન્મ ધનાઢય કુટુંબમાં થયો હતો. પિતાના અવસાન બાદ પૈતૃક જાગીરનો વહીવટ કરતો કરતો એક પછી એક મોટા હોદ્દા મેળવતો તે ૩૩ વર્ષની વયે પ્રિફેક્ટ પદે પહોંચ્યો પણ આમાં શાંતિ ન મળી. મિલકતનો ઉપયોગ તેણે મઠો સ્થાપવામાં કર્યો. પોતાના જ મહાલયમાં સંત ઍન્ડ્રૂઝનો મઠ સ્થાપી તે સાધારણ ધર્માચાર્યનું સાદું સંયમી અને કષ્ટમય જીવન ગુજારવા લાગ્યો. કૉન્સ્ટૅન્ટિનોપલમાં પોપના પ્રતિનિધિ તરીકે તેણે નિષ્ઠાપૂર્વક ફરજો બજાવી. ૫૯૦માં રોમમાં પ્લેગ ફાટી નીકળ્યો અને તે વખતનો પોપ પોતે જ તેનો ભોગ બન્યો, ત્યારે ગ્રેગરીના નામની સૂચના થઈ. પરંતુ, આ અંગેની દરખાસ્ત સમ્રાટ પર જતી ગ્રેગરીએ રોકી. ગ્રેગરી ભાગી છૂટવા તૈયાર બન્યો ત્યારે બળજબરીથી પકડી તેને પોપની ગાદી પર બેસાડવામાં આવ્યો. આ દરમિયાન તેણે જિંદગીનાં ૫૦ વર્ષ પસાર કરી દીધાં હતાં અને તે અકાળે વૃદ્ધ બની ગયો હતો.

પોપ બન્યા બાદ પોપની જાગીરોની આવકનો ઉપયોગ આલિશાન મહાલયો કે દેવળો બાંધવાને બદલે તેણે ગરીબો, અનાથો અને નિ:સહાયોને સહાય કરવામાં કર્યો. પ્રત્યેક ગરીબ કુટુંબને મહિનો થાય ત્યારે જરૂરી અનાજ, દારૂ, પનીર, શાકભાજી, તેલ, માછલાં, કાપડ અને રોકડ નાણું તે પહોંચાડતો. અશક્ત હોવા છતાં જાગીરનો કુશળ વહીવટ કરી તેણે આવકમાં વધારો કર્યો.



લિયો–૨



લિયો–૩



ગ્રેગરી–૧

સેન્ટ ઍન્ડ્રૂઝના ધર્માધિકારી પદે તે હતો ત્યારે ગુલામ બજારમાં એક રૂપાળા ઍંગલ છોકરાને જોતાં ઇંગ્લંડના પેગનોને ખ્રિસ્તી બનાવવાના તેને મનોરથ જાગ્યા. આ માટે તે જાતે જઈ શકયો નહિ. પણ આ ગુલામ કિશોરને ઑગ્સ્ટાઇન મોકલી ઇંગ્લંડમાં ખ્રિસ્તી ધર્મનો પાયો નાખ્યો. તેનાં પુસ્તકોમાં 'ડાયલોગ્સ' અને 'મેગ્ના મોરેલિયા' ખૂબ જ મહત્ત્વનાં છે. ઈ. સ. ૬૦૪માં તે મરણ પામ્યો.

ખાસ તો પોપ લિયો–૩જાએ શાર્લમન(૭૪૨–૮૧૪)ને શિરે મુગટ મૂકી રાજસત્તા ઉપરનો ધર્મસત્તાનો હક સ્થાપિત કર્યાનું માન્યું. ત્યાર પછી બેઉ સત્તા વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર બની ગયો. આ ઘટના પછી રાજવીઓએ એમ માન્યું કે બાહુબળના જોરે જે તેને મળવું જોઈતું હતું તે તેને મળ્યું હોઈ તે તેના વારસોને આપી શકે છે; બલ્કે સમ્રાટે હકનું મેળવ્યું હોઈ તેમાં પ્રજા કે પોપનો કશો જ હિત-હક નથી. આવા બેવડા અને વિરોધી અર્થઘટનવાળા ઐતિહાસિક પ્રસંગે રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે સંઘર્ષો ઊભા કર્યા, જેની વિગતો અગાઉનાં પ્રકરણોમાં આપણે જોઈ ગયા છીએ.

પોપ ધીમે ધીમે ધર્મની અને દુન્યવી સત્તા મેળવતા ગયા, સમૃદ્ધિ મેળવતા ગયા અને સમૃદ્ધિની સાથે સાથે ભ્રષ્ટાચાર પણ આચર્યો. રોમનોએ પીટરના આ વારસદારોમાં કોઈ દૈવી ગુણો જોયા નહિ. પોપની વરણી ધર્માચાર્યો, ઉમરાવો અને સાધારણ જનસમાજ કરતો અને આ સૌ વર્ગો પોતાની પસંદગીનો ઉમેદવાર પોપ બને તેવી કોશિશ કરતા. એમાંથી સંઘર્ષો ઊભા થતાં બધી ચૂંટણીઓની માફક પોપની વરણીમાં પણ અનિષ્ટ પ્રવેશ્યું. ઈ. સ. ૮૭૮માં સ્પોલેટોના ડયૂકે પોપ જૉન–૮માને ગિરફતાર કરી ભૂખે-તરસે ટટળાવ્યો. ઈ. સ. ૮૯૭માં પોપ સ્ટીફન–૬ઠ્ઠાના મૃતદેહને કબરમાંથી કાઢી ટાઈબર નદીમાં ફેંકી દેવામાં આવ્યો. પોપની

વરણીમાં લાંચ-રુશવત ઉપરાંત અનીતિ અને વેશ્યાગીરી પણ પ્રવેશ્યાં. અનૈતિક જીવન ગુજારનાર મેરોઝિયા અને તેના અનૌરસ પુત્રો અને પતિઓનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે. પોપ પદની ભ્રષ્ટતા અને હીનતાને નાબૂદ કરવાના ઈરાદે ઑટો–૩જા(ઈ. સ. ૯૮૦–૧૦૦૨)એ તેના શિક્ષા-ગુરુ ગર્બર્ટને સિલ્વેસ્ટર–૨જા તરીકે પોપ બનાવ્યો. સિલ્વેસ્ટર–૨જા પછી દશેક નિર્બળ અને ભ્રષ્ટ પોપ આવી ગયા. પછી વળી, શક્તિશાળી પોપ આવ્યા.

ધર્માચાર્યો હસ્તકની જમીન-જાગીરો સંબંધના ધર્માચાર્યોના વર્તાવ અને તેમાંથી સમ્રાટો સાથે ઘર્ષણો જાગ્યાં (વિગતો આ અગાઉ જણાવવામાં આવી છે.) આમાં ખાસ કરીને સમ્રાટ હેનરી–૪ અને પોપ–ગ્રેગરી–૭ (ઈ. સ. ૧૦૨૦–૮૫) વચ્ચે જાગી પડેલા ઝઘડાએ સમ્રાટ અને પોપ વચ્ચેના સંબંધોમાં ગંભીર સ્વરૂપ પકડ્યું. અગાઉ જોઈ ગયા તે પ્રમાણે સમ્રાટ અને પોપના સંઘર્ષમાં પોપ વિજયી બન્યો. પરંતુ સમય બદલાતાં ફ્રાન્સના રાજવી ફિલિપ–૪થા (ઈ. સ. ૧૨૬૮–૧૩૧૪) અને બોનિફેસ–૮મા (ઈ. સ. ૧૨૩૫–૧૩૦૩) વચ્ચેના સંઘર્ષમાં પોપનો પક્ષ ચોક્કસ રીતે નિર્બળ પુરવાર થયો અને એકંદરે ધર્મસત્તાની રાજ્યના સત્તાધારીઓ અને પ્રજા ઉપરની પકડ ઢીલી બની. બોનિફેસ–૮માના મરણ બાદ, પોપને તેમનું વડું મથક રોમથી ફેરવી, ફ્રાન્સની કૃપા-છાયા હેઠળ એવિગ્નોનમાં ફેરવવું પડ્યું.

મધ્ય યુગનો સમય ઝડપથી બદલાવા લાગ્યો. આ યુગનો પ્રભાવ જેમ જેમ ઓસરતો ગયો, અર્થતંત્ર જેમ જેમ વધારે ગતિમાન બનવા લાગ્યું, બહારની દુનિયા સાથેનો સંપર્ક જેમ જેમ જીવંત અને ફળદાયી બનવા લાગ્યો, નવી નવી પ્રજાઓ અને નવા નવા વિચારોનો જેમ જેમ વધારે પરિચય થવા લાગ્યો અને ધર્મતંત્રના કાર્યવાહકો જેમ જેમ વધારે ને વધારે પોકળ જણાવા લાગ્યા તથા રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચેના સંઘર્ષોમાં જેમ જેમ ધર્મસત્તાને પીછેહઠ કરવી પડી તેમ તેમ લોકોની ધર્મશ્રદ્ધામાં પરિવર્તનો આવવા માંડ્યાં; ધર્મના પાયાના સિદ્ધાંતો અને સંસ્કારો, તે અંગેનાં વિધિ-વિધાન તથા ધર્મશાસ્ત્રો વિશે એક પ્રકારની શંકા જાગવા માંડી; અને આ શંકા વ્યક્તિગત મટી વ્યાપક રૂપ પકડવા લાગી; તેણે ટીકાનું સ્વરૂપ પકડ્યું અને ટીકામાંથી આંદોલનો જાગ્યાં.

મધ્ય યુગના ગાઢ અંધકારમાં પણ બ્રેસિયાના આર્નોલ્ડ જેવા વીરલા જાગ્યા હતા. અગિયાર અને બારમી સદીઓ દરમિયાન યુરોપભરમાં નવી નવી વિદ્યાપીઠો સ્થપાઈ, જેમાં ધર્મશાસ્ત્ર ઉપરાંત દર્શનશાસ્ત્રો



પોપ સિલવીસ્ટર–૧
(ઈ. સ. ૩૧૪–૩૩૫)



બીડ ધ વેનરેબલ
(ઈ. સ. ૬૭૩–૭૩૫)

પોપ સિલવીસ્ટર–૧લો અને ૨જો રોમના જાણીતા પોપ હતા. જેમાં પહેલાને રાજા કૉન્સ્ટેન્ટાઇન ધ ગ્રેટ દેવળો માટે ઘણી ભેટો આપી હતી. બીડ ધ વેનરેબલ ઇંગ્લંડના બંદરી શહેર જારોનો વિદ્વાન સંત હતો. તે મોટો દાર્શનિક અને ઇતિહાસકાર પણ હતો. તેણે ઇંગ્લંડનો પ્રાચીન ઇતિહાસ લખ્યો હતો.

અને દુન્યવી શાસ્ત્રોનું શિક્ષણ મળવા લાગ્યું હતું. સ્પેન અને પશ્ચિમ એશિયામાંથી અને ઉત્તર આફ્રિકામાંનાં મુસ્લિમ રાજ્યોના વિદ્વાનોના ગ્રંથો મળવા લાગ્યા હતા. આ સૌની એકંદર અસર હેઠળ જૂના ધર્મમત અને જૂની ધર્મશ્રદ્ધા વિશે શંકા જાગવા લાગી. વિદ્યાપીઠોના ખંડોમાં અને ત્યાર બાદ જાહેર મંચો પર નવા પંડિતો ધર્મશાસ્ત્રો અને દર્શનશાસ્ત્રની ખુલ્લી ચર્ચા કરી ધર્મશ્રદ્ધાનો બુદ્ધિની સાથે મેળ બેસાડવા લાગ્યા. મુસ્લિમો સામે બે સદી લડાયેલાં ધર્મયુદ્ધો નિષ્ફળ જતાં ધર્મ પરની શ્રદ્ધા વધુ ડગવા લાગી. સામાન્ય પ્રજા, ઉમરાવો, સામંતો અને ધર્માચાર્યોનાં બંધનોમાંથી નીકળી જવા લાગી હતી. જોકે પરાપૂર્વનાં આ બંધનો-માંથી નીકળી જવાથી કાંઈ મોટો ઉલ્કાપાત થવાની વાયકાઓ – અમુક સૈકાં વટાવતી વખતે દુનિયાનો વિનાશ થશે તેવી આગાહીઓ-વરતારા ભ્રામક નીવડ્યા હતા. દુનિયાનો નાશ થયો નહિ પણ જૂનાં બંધનોથી મુક્ત બની તે નવી તાજી હવા લેવા લાગી. રાજવીઓ, સમ્રાટો, સામંતો અને ધર્માચાર્યોનાં બંધનો જતાંય કોઈ ઉલ્કાપાત ન થયો. આ વર્ગોની આગેવાનીમાં નવા મધ્યમવર્ગે ભાગીદારી પણ મેળવવા માંડી.

ઈ. સ. ૧૦૦૦ના અરસામાં દક્ષિણ ફ્રાન્સના તુલાઉસમાં એક એવો વર્ગ ઊભો થયો જેણે ચમત્કારો તથા બૅપ્ટિઝમ અને યૂકરિસ્ટ જેવા ખ્રિસ્તી સંસ્કારોની કાર્યસાધકતા વિશે શંકા વ્યક્ત કરી. ૧૦૨૩માં આવી માન્યતા ધરાવતા ડઝનેક માણસોને જીવતા સળગાવી દેવામાં આવ્યા. પણ આ આંદોલન બંધ પડવાને બદલે, તેમાંથી અનેક ફણગા ફૂટવા લાગ્યા. ઠેકઠેકાણે ધર્મસત્તા સામે મોટા પાયા પર વિરોધ અને બળવા થવા લાગ્યા. ધર્મસત્તાને પડકાર કરનારને નાસ્તિક (હેરેટિક) ગણી તેમની સામે કામ ચલાવવામાં આવ્યું. તેરમી સદીમાં આવા લગભગ દોઢસો નાસ્તિક સંપ્રદાયો જાગ્યા. આ બધા ઉપદ્રવ કરનારા હતા એવું પણ નથી. કેટલાક લોકો તો સ્વ-ભાષામાં બાઈબલનો અભ્યાસ કરવા લાગ્યા અને બાઈબલની કેટલીક વાતોના તેઓ સમજ્યા તેવા અર્થો કરવા લાગ્યા, જેનો મેળ ધર્માચાર્યોએ અત્યાર સુધી કરેલા અર્થો સાથે બેસતો નહિ. ગ્રીક લૅટિન અને હિબ્રૂ ભાષામાં બાઈબલ અને ધર્માચાર્યોના અર્થોનો ઇજારો, સ્થાનિક ભાષામાં રચાયેલાં બાઈબલો અને ધર્મશાસ્ત્રોથી તૂટયો અને ધર્મના તત્ત્વને સમજવા માટે સામાન્ય પ્રજા-જનોને ધર્માચાર્યો પર આધાર રાખવો પડતો તે આધાર કે પરાવલંબન પણ ચાલ્યું જવા લાગ્યું. આથી પ્રસ્થાપિત ધર્મપ્રણાલી અને ધર્મમત સામેના વિરોધ અને પ્રકારની માત્રા વ્યાપક બનવા લાગી. ફ્રાન્સના લિયોના એક પૈસાપાત્ર વેપારી પીટર વાલ્ડોએ ઈ. સ. ૧૧૭૦માં કેટલાક વિદ્વાનોની સેવા લઈ દક્ષિણ ફ્રાન્સની પ્રચલિત ફ્રેન્ચ ભાષામાં બાઈબલનો અનુવાદ કરાવ્યો. આમાંથી જાગેલાં આંદોલનોએ ધર્મસત્તાનું ધ્યાન ખેંચ્યું. વાલ્ડોએ ધર્માચાર્યોના વૈભવની સામે સ્વૈચ્છિક ગરીબાઈ અને સંયમી જીવનની વાતો કરી. પોતાની મિલકતનો થોડો હિસ્સો પત્નીને આપી બાકીનો હિસ્સો ગરીબોને વહેંચી દીધો. તેના અનુયાયીઓ

---

## ધર્મસુધારણાના આંદોલનનો પ્રહરી



**જૉન હસ**
(મૃત્યુ–૧૪૧૫)



**જૉન હસ** : પાદરીના લેબાસમાં

ધર્મની અંધશ્રદ્ધા અને સામાજિક કુરિવાજોમાં ન માનનાર (બોહીમીઅન) આ ધર્મ સુધારકને કૉન્સ્ટન્સની ધર્મ-અદાલતે નાસ્તિક ઠરાવીને જીવતો બાળી દીધો હતો.

# નાસ્તિકવાદનો નાશ કરવા રચાયેલી ખ્રિસ્તી ધર્મ-અદાલત
## (ઇન્કિવઝિશન)



રોમન કેથલિક ચર્ચની ઈ. સ. ૧૨૪૮માં સ્પેનમાં સ્થપાયેલી ધર્મ-અદાલતમાં ભરાયેલી એક સભા.



**સામે :** ૧. કેથલિક ધર્મમાં અશ્રદ્ધા ધરાવનારા(હેરેટિક)ને થાંભલા પર જીવતા જડી દેવાય છે. ૨. હેરેટિકોને જીવતા સળગાવી દેવામાં આવે છે.



ધર્મ-અદાલતની વડી કચેરીમાં ધર્મ વિરોધીઓને તથા ધર્મવિરુદ્ધ અફવાઓ ફેલાવનારાઓને શોધી કાઢી તેમની સામે કાર્યવહી કરવા માટે નિમાયેલા તપાસ-સમિતિના અધિકારી સાધુની કચેરી.

સાધુનો વેશ પહેરી ગરીબાઈ બરદાસ્ત કરી, ખુલ્લા પગે ઉપદેશ આપવા નીકળી પડયા. વાલ્ડોએ સ્થાનિક ધર્માચાર્યની રજા મેળવવાની શરતે બાઈબલ વાંચવાની રજા પોપ પાસેથી મેળવી. પરંતુ તેના અનુયાયીઓએ સ્થાનિક રીતે અનુમતિ મેળવ્યા વિના જ પોતાનો પ્રચાર ચાલુ રાખ્યો. આ નાસ્તિકવાદ જર્મની અને સ્પેનમાં પણ પ્રવેશ્યો. ઈ. સ. ૧૨૨૯માં તુલાઉસની પરિષદે સામાન્ય પ્રાર્થના-પોથી સિવાયના અન્ય ધર્મગ્રંથોના જાહેર વાચન પર પ્રતિબંધ મૂકયો. આમ છતાં, આંદોલન ચાલુ રહેતાં વાલ્ડોના અનુયાયીઓને સળગાવી દેવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી.



કુમારી મેરી અને બાળક

બારમી સદીમાં યુરોપના કૅથલિકોના કહેવા પ્રમાણે ઠેકઠેકાણે 'લેભાગુ પેગંબરો' ઊભરાવા લાગ્યા—એકલા મિલાન શહેરમાં ૧૭ નવા સંપ્રદાયો ઊભા થયા. આ સૌ નાસ્તિક મતોમાં ધર્માચાર્યોના વૈભવ, લગ્ન, ઉપ-પત્નીની પ્રથા જેવાં અનિષ્ટો સામેનો વિરોધ સર્વસામાન્ય હતો. આ વિરોધીઓ નગરસભા ખંડોનો કબજો લેતા, નગરની સુવિધા માટે ધર્માચાર્યો અને દેવળોની મિલકતો પર વેરો નાખતા. આ નાસ્તિક સંપ્રદાયોમાં 'કૅથારી' અને 'આલ્બેજેન્સ' વધારે ઉગ્ર બન્યા. ગ્રીક શબ્દ 'કૅથારી'નો અર્થ પવિત્ર થાય છે, જ્યારે આલ્બી નગર પરથી ત્યાં પ્રચલિત બનેલા મતને આલ્બેજેન્સ કહેવામાં આવતો. આ સંપ્રદાય ફ્રાન્સમાં તુલાઉસ, ઑર્લિયન્સ, આરાસ, રેઈમ્સ વગેરે નગરોમાં પ્રસર્યો. કૅથારી સંપ્રદાયના પાદરીઓ કાળા ઝભ્ભા પહેરતા અને ગરીબાઈ તથા બ્રહ્મચર્યનું વ્રત લેતા. આલ્બેજેન્સના વિરોધીઓ કહેતા કે એ નાસ્તિકો ખ્રિસ્તી સંસ્કારો, મૂર્તિપૂજા, ઈશ્વરની ત્રિગુણમયી શક્તિ અને કુમારી પેટે ઈશુના જન્મનો તિરસ્કાર કરે છે. વાસ્તવમાં આ લોકો ખાનગી મિલકતનો વિરોધ કરતા અને બાઈબલના ગિરિપ્રવચનને નીતિશાસ્ત્રનો પાયો કહેતા. કૅથારીઓએ ધર્મતંત્ર સામે સીધા પ્રહારો ન કર્યા હોત તો તેમની ઉપેક્ષા કરવામાં આવત. સંત પીટર રોમ આવ્યો હતો અને તેણે જ પોપની પીઠની સ્થાપના કરી હતી તેવા ધર્મસિદ્ધાંતોનો વિરોધ કરી કૅથારીઓ કહેતા કે પોપ પીટર ઈશુનો નહિ પણ દુન્યવી સમ્રાટનો અનુગામી છે. ઈશુને પોતાને તો આરામ લેવા પૂરતુંય કોઈ આશ્રયસ્થાન ન હતું. તે કેવળ નિષ્કિંચન હતો, પણ ધર્માચાર્યો મહેલાતો બાંધી ધનાઢય બન્યા છે. ખુદ ધર્માચાર્યો જ ધર્મવિમુખ બની નાસ્તિકો થયા છે. પોપના ક્ષમા-પત્રો અને સંતોના ચમત્કારજનક અવશેષોની તેઓ મશ્કરી કરતા. કૅથારીઓની કેટલીક વાતો દક્ષિણ ફ્રાન્સમાં કથાગીત ગાયકો (મુબાદુરો)નાં ગીતોમાં વણાઈ પ્રચાર પામી.

આ સૌ નાસ્તિકવાદો સામે સ્થાનિક ધર્માચાર્યો તરફથી જોઈતી મદદ ન મળતાં 'સિસ્ટર્સિયન' સાધુ સંપ્રદાયના વડાએ ધર્મઅદાલત(ઇન્કિવઝિશન)ની રચના કરી જેને નાસ્તિકવાદને નિર્મૂળ કરવાની અબાધિત સત્તા આપવામાં આવી. નાસ્તિકમતની સામેની ઝુંબેશમાં નહિ જોડાનારની જમીન-જાગીર, માલમિલકત પડાવી લેવાનું પોપે ફ્રેન્ચ રાજવી ફિલિપ ઑગસ્ટસને વચન આપ્યું. આ અંગે તુલાઉસના રેમન્ડને ધર્મબહિષ્કૃત કરવામાં આવ્યો. સ્પેનના સંત ડોમિનિકે નાસ્તિકમત વિરુદ્ધ પ્રચાર કરી, ઇન્કિવઝિશનને મદદ કરી. પોપના પ્રતિનિધિના ખૂનીને રેમન્ડે રક્ષણ આપવાથી પોપે રેમન્ડના પ્રજાજનોને તેના પ્રત્યેની વફાદારીમાંથી મુક્ત કર્યા. અને કૅથલિકમત નહિ સ્વીકારાવનારને ધર્મસંસ્કાર કરવાનો ઇન્કાર કર્યો. રેમન્ડે ક્ષમા માગી. ૧૨૦૯માં

નાસ્તિકો સામેના ધર્મયુદ્ધમાં તે જોડાયો. 'ક્રુઝેડરો' બેઝિયર નગરને ઘેરો ઘાલી દીવાલ ઠેકી નગરમાં પ્રવેશ્યા અને ૨૦ હજાર સ્ત્રી-પુરુષો અને બાળકોની કતલ કરી, નગરને સળગાવી દીધું. આ 'ધર્મયુદ્ધ'ની આગેવાની ઈંગ્લંડમાં પાર્લમેન્ટનો પાયો નાખનાર સાયમન દ મૉન્ટફર્ડે લીધી. તેણે રેમન્ડના સમગ્ર પ્રદેશને તારાજ કર્યો. ૧૨૧૫માં તુલાઉસ પડયું. રેમન્ડને પદભ્રષ્ટ કરી તેની જમીન-જાગીર સાયમને આંચકી લીધી. ઉત્તરના ઉમરાવો આ ધર્મયુદ્ધમાં દક્ષિણ ફ્રાન્સની જમીન-જાગીરોના માલિકો બનવાના હેતુથી જોડાયા હતા.

નાસ્તિકવાદનો નાશ કરવા રચાયેલી ધર્મ-અદાલત ઇન્કિવઝિશન નામે ઓળખાય છે. ચુસ્ત મત પ્રમાણે ધર્મશાસન–ચર્ચની સ્થાપના ઈશ્વરના પુત્ર ઈશુએ કરી હતી. આથી તેની સામે થનાર ઈશ્વરનો દુશ્મન બને છે અને તે શેતાનનો આડતિયો બને છે. આથી, રાજસત્તા રાજદ્રોહ સામે જે પ્રકારનાં પગલાં લે તેવા પ્રકારનાં પગલાં, ધર્મદ્રોહ કરનારની સામે ધર્મશાસને લેવાં જોઈએ. મધ્ય યુગમાં રાજસત્તા અને ધર્મસત્તા સિક્કાની બે બાજુ જેવી હતી, માટે રાજદ્રોહ અને ધર્મદ્રોહના ગુનાનો ન્યાય તોળવામાં આ બે સત્તાઓ પરસ્પરને સહાય કરતી. પોપ ઇનોસન્ટ કહેતો: "રાજસત્તાના વિરોધ કરતાં ધર્મસત્તાનો વિરોધ મહાપાતક બને છે." આ પોપના મતે મુસ્લિમો અને યહૂદીઓ જે પોતપોતાના ધર્મમતને અનુસરે છે તેમના કરતાં ખ્રિસ્તી નાસ્તિકો વધારે પાપી બને છે".

ધર્મદ્રોહની પછવાડે રાજદ્રોહનો પણ ભય લાગતાં રાજ્યે ધર્મદ્રોહીઓ સામેની પ્રવૃત્તિઓમાં સાથ આપ્યો. શરૂઆતમાં નાસ્તિકને કૅથલિક ધર્મમત તરફ વાળવામાં સફળતા મળતી તો તેને મુક્ત કરવામાં આવતો. પરંતુ નાસ્તિક મત નહીં છોડનાર પર જુલમ કરી ગુનો કબૂલ કરાવવામાં આવતો. આમાં જે નાસ્તિકો રીઢા જણાય તો તેમને રાજસત્તાને સુપરત કરી બાળી મૂકવામાં આવતા.

ઇન્કિવઝિશનના કડક અમલના પરિણામે ફ્રાંસમાંથી કૅથારી, વાલ્ડેન્સ અને આલ્બેજેન્સ સંપ્રદાયો નિર્મૂળ થયા. બંને પોપની સત્તાને કાયમનો પડકાર આપી અર્વાચીન યુગનાં મંડાણ કરનાર માર્ટિન લ્યૂથરનો ધર્મ-સુધારણાવાદ પણ ત્રણ ચાર સદી પાછો ઠેલાયો.

દરમિયાન ઇંગ્લંડ અને બોહેમિયામાં જૉન વિક્‌લિફ અને જૉન હસનો નાસ્તિકવાદ પ્રગટ થયો. વિક્‌લિફના પ્રચારમાંથી 'લોલાર્ડ'મત વ્યાપક બન્યો. (વિક્‌લિફ અને હસ વિશે વધુ માહિતી આપણે આગલા પ્રકરણમાં જોઈ ગયા છીએ (જુઓ પાનું ૪૭).



માર્ટિન લ્યૂથર અને તેણે કરેલ બાઇબલના જર્મન ભાષાન્તરની પ્રથમ આવૃત્તિનું મુખપૃષ્ઠ.




પ્રે. જૉન વિક્‌લિફ અને જૉન હસના ધર્મ વિરુદ્ધ બળવાએ ધર્મશ્રદ્ધા ડગમગાવી મૂકી અને તેથી રીતસરની આમૂલ ધર્મસુધારણા માટે માર્ટિન લ્યૂથરનો માર્ગ મોકળો બન્યો.

# ૨ : સમાજવ્યવસ્થા

મધ્ય યુગ અર્થકારણ અને સમાજવ્યવસ્થાની બાબતમાં સંપૂર્ણ રીતે વેરવિખેર હતો. સૈકાંઓ સુધી ચાલેલાં બર્બર જંગલીઓનાં આક્રમણોનાં પરિણામે રોમન સામ્રાજ્યમાં વિકસેલી નગર-પ્રચુર અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે તૂટી ગઈ. મધ્યસ્થ રાજતંત્ર તૂટી જતાં સામ્રાજ્યનાં બીજાં અંગો વિખૂટાં પડયાં અને એક પછી એક તેઓ જંગલીઓનાં આક્રમણોનો ભોગ બન્યાં. સમસ્ત સામ્રાજ્યમાં સમાવિષ્ટ થતાં આ અંગો વચ્ચેના સંપર્કો કપાઈ ગયા. સતત આક્રમણોનાં કારણે સમાજની સલામતીને માટે કાયમનો ભય ઊભો થતાં સ્થિર ઉદ્યોગો અને વેપારવણજમાંથી લોકોનો રસ ઊડી ગયો. મોટાં નગરો તૂટયાં અને લોકો ગામડાં તરફ વળ્યા. આમાંથી ખેતગુલામો ઊભા થયા. જેમને વ્યવસાય કે સલામતી ન મળી તે સંસાર છોડી સાધુસંન્યાસી બન્યા કે સૈન્યોમાં જોડાયા. આમેય રોમન અર્થવ્યવસ્થા ગુલામોની મહેનત પર નિર્ભર હોઈ લગભગ સ્થગિત હતી; પરંતુ વિશાળ સમૃદ્ધ પ્રદેશો પર તેનું શાસન હતું, તેથી આ પ્રદેશો રોમનોને મહેનત માટે ગુલામો, ખાવા માટે અનાજ અને મોજશોખ માટે આનંદ-પ્રમોદની સામગ્રી પૂરી પાડતા. આમાં ઇસ્લામયુગમાં આરબોનાં આક્રમણોનાં પરિણામે રોમનોએ તેના અન્નભંડારસમું ઇજિપ્ત ગુમાવ્યું. ભૂમધ્ય સમુદ્ર સાથેના સઘળા સંબંધો અને સંપર્કો બંધ પડતાં તે દ્વારા અર્થતંત્રને ટકાવતી જીવાદોરી તૂટી — આ બસ ન હોય તેમ ઉત્તરમાંથી આવેલા નોર્સ લોકોએ પણ તેના રાજતંત્ર અને અર્થવ્યવસ્થા પર ફટકા લગાવ્યા. આરબોના હુમલાઓથી જેમ ભૂમધ્યનો માર્ગ બંધ થયો તેમ નોર્સ લોકોનાં આક્રમણોથી ઉત્તરનો માર્ગ પણ બંધ થયો. નોર્સ લોકો યુરોપના આંતરિક પ્રદેશોમાં પ્રવેશ્યા હોઈ નદીઓના જળમાર્ગો પણ બંધ થયા.

શાર્લમને કેવળ તેની બાહોશી અને સામર્થ્યના પ્રતાપે ઊભું કરેલું સામ્રાજ્ય પણ તેના મરણ બાદ તેના પુત્રો અને પૌત્રોના આંતરિક કલહોમાં વેર-વિખેર બન્યું. એક સમ્રાટનું સ્થાન નાના નાના રાજવીઓએ લીધું. આ નાના રાજવીઓ પોતાની જ રક્ષા કરવાનું સામર્થ્ય ધરાવતા ન હતા, ત્યાં પ્રજાની રક્ષાનો સવાલ જ રહેતો નથી. લોકો નાના નાના સમૂહો રચી જાતે શાંતિ અને સલામતી શોધવા લાગ્યા. શાર્લમનના મરણ બાદ જાગેલી અવ્યવસ્થા, અસલામતી અને અરાજકતામાં સ્થાનિક ઉમરાવ અને સામંત વર્ગના શિરે સમસ્ત સમાજની રક્ષા કરવાની જવાબદારી આવી પડી. રાજતંત્ર જેવું રહ્યું ન હોઈ આ પ્રદેશોના વહીવટની પણ જવાબદારી તેમના શિરે આવી. પોતાની રક્ષા કરવાને અસમર્થ બનતો પ્રજાજન આવા ઉમરાવ, સામંત કે જાગીરદાર પાસે રક્ષણ શોધતો જતો અને રક્ષણ મેળવવાના બદલામાં પોતાની સ્વતંત્રતાનો સોદો કરતો. તેને રક્ષણની બાંહેધરી આપનાર માટે ઉત્પાદક શ્રમ કરવા અને તેની સંરક્ષણવ્યવસ્થા માટે સૈનિક તરીકેની સેવા આપવા તૈયાર રહેતો.

સિદ્ધાંતમાં સમ્રાટ કે રાજવી તેના સમગ્ર પ્રદેશની સઘળી જમીનોનો માલિક ગણાતો, પરંતુ તે તેના વિશાળ પ્રદેશને સાચવી શકતો નહીં. તેને પણ લશ્કરી અને વહીવટી સેવાની તૂટ પડતી; આથી તે તેના પ્રદેશોની જમીનો અને જાગીરો તેના ઉમરાવો, ડયૂકો, મારગ્રેવો વચ્ચે વહેંચતો. આ લોકો તેમને મળેલી જાગીરોના બદલામાં સમ્રાટ કે રાજવીને યુદ્ધમાં સેવા આપવાનું બંધન સ્વીકારતા. બીજી બાજુ તેઓ મળેલી જમીનજાગીરોનો વહીવટ કરતા અને તેમાં થતા ટંટા-ફિસાદનો ન્યાય પણ તોળતા. વળી, આ જાગીરદાર સામંતો તેમને મળેલી જમીનજાગીરોના હિસ્સા પાડી, જે શરતોએ સમ્રાટ કે રાજવી પાસેથી તે મેળવી હોય તે શરતોએ પેટા જાગીરદાર સામંતોને આપતા. સમ્રાટ કે રાજવી તરફથી મળતી જાગીરજમીન 'ફિફ'

કહેવાતી; તેને મેળવનારો જાગીરદાર અન્ય પેટાજાગીરદાર કે સામંતને તે આપતો ત્યારે આવો હિસ્સો 'પેટા-ફિફ' કહેવાતો. આમ, ઉત્તરોત્તર જમીનજાગીરના હિસ્સા થતાં સમાજના સૌથી નીચેના થર પર બેઠેલા ખેડૂત સુધી તે પહોંચતા. આ જ રીતે પોપ, ધર્માચાર્યો, બિશપો, મઠાધિપતિ, એબટો પણ 'ફિફ' અને 'પેટા-ફિફ' મેળવતા. આમ, મધ્ય યુગનો સમાજ કોઈ પણ પ્રકારના પૂર્વ-યોજિત બંધારણ અનુસાર નહીં પરંતુ પરિસ્થિતિ જેમ જેમ નિર્માણ થતી ગઈ તેમ તેમ પરસ્પરની ગરજ અનુસાર એક નવા જ પ્રકારની અર્થ અને સમાજ-વ્યવસ્થામાં વહેંચાવા લાગ્યો.

આ વ્યવસ્થા હેઠળ મધ્ય યુગનો સમાજ નાના નાના ગ્રામ એકમોમાં વહેંચાયો. આ પ્રત્યેક એકમ તેની સઘળી જરૂરિયાત પેદા કરી સંતોષ માનવા લાગ્યો. સલામતી ખાતર જાગીરદાર-સામંતો ડુંગરો પર કિલ્લા બાંધી તથા કિલ્લાની આસપાસ ખાઈઓ ખોદી રહેવા લાગ્યા. તેમનો સમગ્ર સમાજ આ કિલ્લામાં સમાઈ જતો.

આ સમયમાં ઘોડેસવાર સૈનિક વધારે ઉપયોગી બનતો, પણ તે પગારદાર ન હોઈ તેણે જાતે જરૂરી અસબાબ અને હથિયારની વ્યવસ્થા કરવી પડતી. તેણે ઘોડો અને બખ્તર પણ રાખવાં પડતાં. ગુજારા અને સેવા માટે મળતી જમીનના બદલામાં માલિકને માટે જરૂર પડયે યુદ્ધે ચડવા તેણે તૈયાર રહેવું પડતું. લશ્કરી સેવા માટે રાજવીને આ જાગીરદાર વર્ગ તરફથી ટેકો મળતો હોઈ તેમને કરવેરામાંથી મુક્ત રાખવામાં આવતા. આવી મુક્તિ આર્ક બિશપો, બિશપો અને એબટોને પણ મળતી. યુદ્ધમાં મદદ કરવા માટે પગાર નહીં પણ જમીનો મળતી હોય તે અવસ્થા સરકારી હોદ્દારૂપ ગણાતી. જમીન પરનો હક માલિક મરતાં તેના પુત્રને વારસામાં મળતો. જમીનના હિસ્સા થઈ શકતા પણ હોદ્દાના ટુકડા થતા નહીં. આથી મોટો દીકરો બાપની સઘળી જવાબદારીઓનો હિસ્સેદાર બનતો.

સમ્રાટ કે રાજવી પાસેથી જમીન-જાગીર મેળવનારાઓ સમ્રાટ કે રાજવીને વફાદાર રહેતા અને આ જમીન-જાગીરોના પેટા-હિસ્સાઓ મેળવનારા પેટા-જમીનદારો તેમની પાસેથી તેઓ પેટા-જમીન-જાગીરો મેળવી તેને વફાદાર રહેતા. જેમ જમીન-જાગીરો, સેવાઓ અને તંત્રની શ્રેણી ઊભી થતી તેમ વફાદારીની પણ શ્રેણી ઊભી થતી. આ વફાદારી દર્શાવવા ચોક્કસ પ્રકારની વિધિમાંથી પસાર થવું પડતું, જેને માટે અંગ્રેજી શબ્દ 'હોમેજ' પ્રયોજાયો છે. 'હોમેજ'નો ગુજરાતી અર્થ 'અંજલિ' થાય, પણ અંગ્રેજી શબ્દની વ્યુત્પત્તિમાં આ શબ્દનું એક અંગ 'હોમો' છે, જેનો અર્થ માણસ અર્થાત્ 'સેવક' થાય છે. જમીન-જાગીર મેળવનાર છેવટે સેવક હોઈ તેણે સેવક તરીકે વફાદારી દર્શાવવી પડે તે વિધિ 'હોમેજ' કહેવાઈ. આ શ્રેણીબદ્ધ સમાજમાં ટોચે સમ્રાટ કે રાજવી બેસતો, જ્યારે અગાઉ જોયા પ્રમાણે તેના છેક તળિયે ખેત-ગુલામ-સર્ફ (મૂળ : સર્વસ – સ્લેવ = ગુલામ) રહેતો. વચ્ચે પેટા-શ્રેણીઓ અને આ પેટા-શ્રેણીઓના પેટા-માલિક અને પેટા-સેવકો રહેતા અને પ્રત્યેક શ્રેણીનો સેવક તેના પોતાના માલિક પ્રત્યે વફાદારી દર્શાવતો.

આ સમસ્ત આર્થિક-સામાજિક વ્યવસ્થા પરસ્પરની ગરજ અને જવાબદારીમાંથી ઊભી થઈ. તેને સામંતશાહી (ફ્યૂડલિઝમ) કહેવામાં આવે છે. આ વ્યવસ્થામાં વ્યવહારુ દૃષ્ટિએ કેન્દ્રમાં જાગીરદાર – સામંત હોઈ તે યુદ્ધો લડવાં, વહીવટ ચલાવવો, અદાલતોના ફેંસલા આપવા, ગણોત અને કર ઉઘરાવવા જેવાં રાજાનાં સઘળાં કર્તવ્યો બજાવતો.

આ સમાજમાં મુખ્ય ત્રણ વર્ગો હતા : (૧) સ્વતંત્ર માનવી, (૨) જમીન સાથે જડાયેલો ખેત-ગુલામ, અને (૩) ગુલામ. સ્વતંત્ર માનવીના વર્ગમાં ઉમરાવો, સામંતો, જાગીરદારો, ધર્માચાર્યો, પાદરીઓ, ધંધાદારીઓ, સૈનિકો, સ્વતંત્ર વ્યવસાય કરનારા કારીગરો, વેપારીઓ અને સામંત પ્રત્યે કોઈ ઉપકાર નહીં ચડાવનાર અથવા દ્રવ્યરૂપે ગણોત ચૂકવનાર ખેડૂત-માલિકોનો સમાવેશ થતો. ગુલામીની પ્રથા કોઈ નૈતિક કારણોથી નહીં પણ આર્થિક પરિબળોના દબાણ હેઠળ ક્રમશઃ અદૃશ્ય થતાં તેનું સ્થાન ખેત-ગુલામોએ લીધું. મધ્ય યુગનો રોટલો ગુલામે નહીં પણ ખેતર સાથે જડાયેલા 'સર્ફે' તૈયાર કર્યો.

યુરોપમાં મધ્ય યુગમાં સામંતશાહીએ વિદાય લીધી અને જૂના સામંતો મોટા જમીનદારો બન્યા છતાં સામાન્ય પ્રજાજીવન વધુ કંગાળ બન્યું.

આ સમયનાં ગામડાંની પ્રવૃત્તિઓનો ચિતાર આપતા આ દશ્યમાં હળ ચલાવનાર, ખેતરનો માલિક નહિ પણ ખેત-ગુલામ (સર્ફ), અનાજ દળનાર અને માંસ માટે ભૂંડની કતલ કરનાર ઉપરાંત છેક નીચે જમણે હાથે ભઠિયારાઓ રોટી તથા સેરવો (સૂપ) બનાવી રહ્યા છે.



●

### મધ્ય યુગનો રોટલો રળનાર : સર્ફ
### [ મૂળ સર્વસ = સ્લેવ = ગુલામ ]

ખેત-ગુલામોએ તેમના માલિકોને ઘણા લાગા આપવા પડતા તથા ઘણી જવાબદારીઓ સ્વીકારવી પડતી. દા. ત.,

* વર્ષે ત્રણ પ્રકારનો નાણાંમાં કર : માલિક દ્વારા સરકારને મુંડકાવેરો, માલિક ઠરાવે તે ગણોત, ૧૦મા ભાગની પેદાશ;

* માલિક ઠરાવે તેટલા દિવસો સુધી જંગલો અને કળણો સાફ કરવાં, નહેરો અને બંધો બાંધવા, રસ્તા સમરાવવા જેવી સેવાઓ આપવી;

* ચોક્કસ દરે પોતાનું અનાજ માલિકની ઘંટી પર દળવું, માલિકની ભઠ્ઠી પર રોટી પકવવી, માલિકની ભઠ્ઠીમાં દારૂ ગાળવો; માલિકની જમીન, તળાવ કે પરગણાંમાં ચોક્કસ ફીથી શિકાર કરવો, માછલાં કે ઢોર ચરાવવાં, ઠરાવેલી ફીથી માલિકની અદાલતમાં દાવા લઈ જવા; યુદ્ધ સમયમાં માલિકની ફોજમાં સૈનિક બની યુદ્ધ સેવા આપવી; કેદ પકડાયેલા માલિકની મુક્તિનો દંડ ચૂકવવો; માલિકનો પુત્ર નાઇટ બને તે ટાણે તેને નજરાણું આપવું; માલિકને વેરા આપી બજાર કે ગુજરીમાં માલ વેચવા જવું; માલિકની પૂર્વ-રજા વિના બીઅર કે દારૂ વેચવો નહીં; છોકરાને ભણાવવા કે પાદરી બનાવવા મોકલતી વખતે દંડ આપવો (કેમકે ખેડૂતનો છોકરો ભણે કે પાદરી બને તો માલિક પ્રત્યેની સેવામાંથી છટકી જતો); માલિકની રજા વિના તેની જાગીરની બહાર છોકરા કે છોકરીનાં લગ્ન માટે દંડ આપવો; પત્ની સાથે પ્રથમ રાત્રિનો અધિકાર માલિકને આપવો;

* અપુત્ર મરતાં ખેડૂતની જમીન માલિકની બનતી; ખેડૂત મરતાં પાછળ દીકરી હોય, ને તે પ્રસંગે તે કુંવારી હોય તો જાગીરના જ છોકરાને પરણાવી શકાય; વારસાવેરા તરીકે માલિક ખેડૂતનું કોઈ પણ જાનવર, રાચરચીલું કે કપડું પડાવી જતો. માલિક કે દેવળ તરફથી મળતી રક્ષાનો વેરો આપવો પડતો.

* આવા ખેત-મજૂરનું ખોરડું બે જ ઓરડાનું રહેતું, જેમાં ખેડૂતના કુટુંબની સાથે તેનાં જાનવરોય રહેતાં. તેના ખોરાકમાં રોટલો, ઈંડાં, શાકભાજી અને માંસ.

ખેડૂતથી ભણાય નહીં કેમકે તે ભણે તો નિરક્ષર માલિકનો તેજોવધ થાય.

ખેડૂત કંગાળ, દુ:ખી અને જમાનાનો માર ખાનારો હોઈ સ્વભાવે લોભી, બીકણ અને ક્રૂર બનતો, તેની ધર્મભાવના એટલે વહેમ, રૂઢિ અને રિવાજ. માલિકની જમીનની આસપાસ ખેડૂત તેના નિવાસ બનાવી રહેતો. તે તેનાં શાકભાજી ઉગાડે, ઊન કાંતી કપડું બનાવે, ગામડાંનો લુહાર તેનાં ઓજાર બનાવે, મોચી જોડો સીવે, સુથાર હળ, ઘર, અને ગાડું બનાવે.

આ અર્થવ્યવસ્થામાં ૯/૧૦ ભાગ ખેતીઆધારિત રહેતો. ખેતરના ત્રણ ભાગમાં વારાફરતી ખેતી થતી. ખેડૂત તેનાં બે બાવડાંની મહેનત અને આવડતથી માલિકને, પાદરીને, સૈનિકને, રાજકર્તાને માટે રોટલો રળતો. જંગલો અને કળણો સાફ કરતો; બંધો, રસ્તા, પુલો, નહેરો, ઘર, કિલ્લા, અને દેવળો બાંધતો; જમીન કેળવી હળ ચલાવતો.

કુદરત અને માનવી વચ્ચેના સંઘર્ષનો આ નાયક, આજના યુરોપનો ઘડવૈયો છે. યુરોપનાં આજનાં જનપદો, નગરો અને શહેરો, સુઘડ અને સ્વચ્છ રસ્તા, સાફ ગામડાં; આ ખેડૂતની સૈકાંઓની મજૂરીનો પરિપાક છે. કુદરતની સામે સતત ઝૂઝતા આ ખેડૂતની પડખે તેની પત્ની, ગામના પાદરી અને દુ:ખના દિવસોમાં નીતિનું જ્ઞાન આપતા સાધુ-સંતો રહેતા.

---



બખતર પહેરેલ છઠ્ઠી સદીનો જર્મન નાઇટ

આવા ગ્રામ સમાજમાંના માલિકોને ત્રણ કર્તવ્યો બજાવવાનાં રહેતાં : (૧) પોતાની જમીન-જાગીર અને ખેડૂતને રક્ષણ આપવું, (૨) આ જમીનજાગીરો પર ઉદ્યોગ અને વેપાર વિકસાવવા, અને (૩) યુદ્ધમાં ઉપરી સમ્રાટ, રાજવી, ઉમરાવ કે સામંતને લશ્કરી સેવા આપવી. અગાઉ જોયા પ્રમાણે આ શ્રેણીમાં માલિક અને ચાકર વચ્ચે પારસ્પરિક જવાબદારી રહેતી. માલિકનું નિવાસસ્થાન બનતો તેનો કિલ્લો, ઘર કરતાં સંરક્ષણની ગરજ સારતો. કિલ્લામાં જ તબેલા, રસોડું, કોઠાર, રોટી પકવવા અને દારૂ ગાળવાની ભઠ્ઠીઓ, ધોબીઘાટ, દેવળ અને નોકર-ચાકરોનાં રહેઠાણ રહેતાં. કિલ્લામાં માલિકના ટાવર જેવા નિવાસસ્થાનમાં ભોંયતળિયે કોઠાર ઉપર માલિક અને તેનું કુટુંબ રહેતું. અહીં જ માલિકની અદાલત બેસે; પ્રસંગ પ્રમાણે ભોજનખંડ, આરામખંડ અને શયનખંડની પણ ગરજ સારે. માલિકનો પોશાક સાદો, કમરે પટામાં તલવાર લટકે. માલિક-પત્ની પતિ જેવી જ ઉદ્યમી, ઘણાં સંતાનોને જન્મ આપે, માખણ-ચીઝ બનાવે, દારૂ ગાળે, ઘરનું બધું જ કામકાજ કરે, ભરે, ગૂંથે, કાંતે, વણે, સીવે, પતિ યુદ્ધમાં જાય તો પતિની સઘળી ફરજો બજાવે, યુદ્ધમાં નાણાં મોકલે અને કેદ પકડાય તો દંડભરી છોડાવી લાવે. પતિ મરી જાય તો જાગીરની માલિકણ બની તેનો વહીવટ કરે અને ઉપલા લૉર્ડ કે રાજાની લશ્કરી સેવા બજાવવા સૈનિક આપવા પુનર્લગ્ન કરે. માલિકના પુત્રો ભણવા-લખવા જેટલુંય અક્ષરજ્ઞાન ન ધરાવે. અક્ષરજ્ઞાન તો કારકુનોને શોભે અને પગાર આપીને જોઈએ તેટલા કારકુનો મેળવી શકાય. લૉર્ડનો છોકરો નહીં પણ છોકરી ભણે. કવિતા અને શૌર્ય ગીતો ગાય. લૉર્ડનો છોકરો સાત વર્ષની વયે પહોંચે ત્યારે ઉમરાવ કુટુંબમાં 'પેજ' તરીકે જાય, જ્યાં તે આજ્ઞાધીનતા,

સભ્યતા, લૉર્ડ તરીકેની નીતિ, યુદ્ધકલા ઇત્યાદિ તાલીમ મેળવે. તાલીમ મેળવ્યા બાદ તે પાવરધો બની જાય, ત્યાર પછી ચોક્કસ ધાર્મિક વિધિ કરી તેને 'નાઇટ' બનાવવામાં આવે, તે સમયે બખતર સજી ઘોડા પર બેસે અને બનાવટી પણ પ્રમાણમાં જોખમી કહેવાય તેવી અર્ધ-લશ્કરી ટૂર્નામેન્ટ ખેલે.

ઘણી વાર આવા સમાજમાં ખેત-ગુલામોનો માલિક સ્થાનિક ધર્મતંત્રનો વડો બનતો. નિરક્ષર સમાજમાં ધર્મતંત્રમાં જોડાયેલા માલિકો જ ભણેલા હોઈ, રાજવહીવટમાં તેઓ નાના મોટા હોદ્દા ધરાવતા. આ ધર્માધિકારી-ઓને પણ ઉપલા કે નીચલા ધર્માધિકારીઓ રહેતા. આ ધર્માધિકારીઓ પણ ડ્યૂક, કાઉન્ટ, મારગ્રેવનાં પદ મેળવતા. તેઓ ધર્મ-અદાલતો ચલાવતા. આમ, યુરોપમાં ધર્મતંત્ર જે રાજકીય, આર્થિક, લશ્કરી અને વહીવટી સંસ્થારૂપ બન્યું; તેમાં અનેક અનિષ્ટો ઘૂસ્યાં અને નાસ્તિકો માટે ટીકાનો વિષય બન્યું.

સમ્રાટો અને રાજવીઓએ યુદ્ધ અને યુદ્ધના સમયમાં પૈસાપાત્ર ઉમરાવો પર આધાર રાખવો પડતો. તેઓ રાજાના રાજદ્વારી પ્રતિનિધિઓ, અમાત્યો અને ન્યાયાધીશો બનતા. આ ઉમરાવોને વર્ષમાં ૪૦ દિવસ સમ્રાટ કે રાજાની સેવા માટે હાજર થવું પડતું; પરંતુ આમાં તે અર્ધો સમય સમ્રાટ કે રાજવી સામે કાવતરાં કરવામાં ગાળતો. જર્મની અને ઇટલી જેવા દેશોમાં રાજા વરણીથી આવતો જ્યારે ઉમરાવો અને જાગીરદારો વંશ-પરંપરાના રહેતા હોઈ તેઓ વધારે બળવાન રહેતા. આવા ઉમરાવ-જાગીરદારો તેમની પોતાની પોલીસ રાખતા, અદાલતો સ્થાપતા અને સિક્કા પાડતા.

જેમ રાજા તેના રાજ્યની રક્ષા કરી ન શક્યો અને પરિણામે ફ્યૂડલ સમાજ ઊભો થયો તેમ ઉમરાવ-જાગીરદારો અંદર અંદર વ્યવસ્થા જાળવી ન શક્યા, પરિણામે નબળા પડ્યા ત્યારે સમ્રાટ અને રાજાએ નવા ઊભા થતા મધ્યમવર્ગનો ટેકો મેળવી એ વર્ગનું વર્ચસ ઘટાડ્યું. લશ્કરી સ્પર્ધા, અંદરઅંદરની ખૂનખાર લડાઈઓ, જાહેર યુદ્ધો, ક્રુઝેડ્સ, સો વર્ષના ઇંગ્લૅંડ-ફ્રાન્સના વિગ્રહો, ઇંગ્લંડમાં ગુલામોની લડાઈઓ — આ સૌમાં ઉમરાવ વર્ગ ક્ષીણ થતો ગયો. આમાં યુદ્ધકલા અને યુદ્ધસાધનોની શોધે ઉમરાવોના ઘોડા, બખતરો અને કિલ્લાને નકામાં બનાવી મૂક્યાં. નવી રચાઈ રહેલી અર્થવ્યવસ્થામાં ખેત-ગુલામો તેને છોડીને ચાલવા લાગ્યા. વ્યાપક પ્લેગની મહામારી અને ખેડૂતોના બળવાના કારણે મોંઘવારી વધી અને વસ્તુના વિનિમયનું સ્થાન નાણાંનું માધ્યમ લેવા લાગ્યું. માલિકો આર્થિક રીતે પાયમાલ થવા લાગ્યા. પરિણામે, તે લૂંટફાટ અને બહારવટે ચડ્યા.

આ ગેરવ્યવસ્થામાં મધ્યસ્થ તંત્રની જરૂર ઊભી થઈ. ફ્યૂડલ બંધન અને તેની પકડની બહાર ઊભા થયેલા વેપાર-ઉદ્યોગે નવા પૈસાદાર વર્ગને જન્મ આપ્યો. ફ્યૂડલ કાયદાના સ્થાને તેણે મધ્યસ્થ કાયદાની માગણી કરી. રાજાએ આ વર્ગનો ટેકો મેળવ્યો. એટલું જ નહિ, ધર્માચાર્યોથી માંડીને ખેત-ગુલામોએ સુધ્ધાં રાજા તરફ મીટ માંડી. આ પરિસ્થિતિમાં ફ્રાન્સ અને ઇંગ્લંડમાં રાજાશાહી મજબૂત બની — વંશપરંપરાગતની થઈ.

ફ્યૂડલ સમાજમાં સ્થાનિક પ્રકારનો જ વેપાર રોજગાર રહેતો, ખેતીની પેદાશ કે સ્થાનિક તૈયાર થયેલો માલ વેચાતો. મોજશોખની ચીજવસ્તુઓ બહારથી આવતી. વાહન-વ્યવહારની મુશ્કેલી રહેતી, સતત યુદ્ધો, આક્રમણો, લૂંટફાટો અને બેદરકારીના કારણે રસ્તા બિસ્માર રહેતા. અનેક જાગીરો અને ઠકરાતો હોવાના કારણે ઠેરઠેર નાકાબંધી અને ટોલનાકાં રહેતાં; પરંતુ એ માર્ગો પર ચોરી અને



**ઇંગ્લંડનો શિકારી :** ઈ. સ. ૧૩૪૬ના ક્રેસીના યુદ્ધમાં પ્રથમ દેખા દીધેલા, લાંબી પણછ ખેંચાતા આ ધનુષ્યધારી અંગ્રેજ શિકારી સૈનિકોએ ફ્રાંસ સામે ઇંગ્લંડને વિજય અપાવ્યો અને યુદ્ધ લડવાની નવી વ્યૂહ-પદ્ધતિ સ્થાપી.

લૂંટનો ભય રહેતો. આ સૌ કારણે વેપારવણજ વિકસ્યો નહિ. આ સમયમાં ઇટલીનાં નગર રાજ્યો અને બાઇઝેન્ટાઈનનાં મથકો જ સમૃદ્ધ અને વેપાર-વણજમાં આગળ હતાં.

ઉત્તર યુરોપના નોર્સ લોકો લડવૈયા ઉપરાંત વેપારી હોઈ તેમણે વેપાર વિકસાવ્યો. કાળક્રમે આક્રમક જંગલી ટોળીઓ સ્થિર થઈ, અસલ સમાજમાં એકરૂપ બની. રાજ્યની ધુરા ધારણ કરીને શાંતિ અને વ્યવસ્થા તેમણે ઊભી કરી અને પરિણામે વેપારવણજની આડે આવતા અંતરાય દૂર થવા લાગ્યા.

ફ્યૂડલ સમાજ, આપણે જોઈ ગયા તે પ્રમાણે, એકબાજુએ રાજકર્તાઓ, સામંતો, ઉમરાવો, જાગીરદારો, ધર્માચાર્યોનો અને બીજી બાજુએ ખેત-ગુલામો અને ગુલામો જેવા બે વર્ગોનો બનેલો હતો. આમાં ક્યાંય વેપારી વર્ગ ન હતો. પરંતુ દલિતો, પીડિતો, ગુલામો, ગુનેગારો, લફંગાઓ, નાસ્તિકો, સ્થાનભ્રષ્ટો, નિર્વાસિતો — જેમનો કોઈનો ફ્યૂડલ સમાજે સમાવેશ કર્યો ન હોય તે સૌ સમાજ બહાર ફેંકાઈ ગયા હતા. આ લોકો રખડવા લાગ્યા, વણજારો લૂંટવા લાગ્યા; બીજેથી માલ લાવી ગામેગામ ભટકી તે વેચીને પેટિયું રળવા લાગ્યા. ફ્યૂડલ સમાજના આ ભાગેડુઓમાંથી વેપારી વર્ગ ઊભો થયો. અને શાંતિ સલામતી અને સ્થિરતા મેળવવા તે પ્રતિષ્ઠિત બનવા લાગ્યો. ફ્યૂડલ ગ્રામસમાજમાં તેમને સ્થાન મળતું ન હોઈ તે નગરો તરફ ઢળ્યો, જેમને ફ્યૂડલ સમાજના ખેત-ગુલામો આવી મળ્યા. જમીનમાર્ગની અસલામતીના કારણે વેપાર દરિયા માર્ગે શરૂ થયો. ક્રુઝેડ્સ થઈ તે અગાઉ, વેનિસ, જીનોઆ, પિઝા, મિલાન, ફ્લૉરેન્સ અને અમાલ્ફીના વેપારીઓ તથા ઉત્તર તરફના નોર્સ લોકોએ દરિયો ખેડી મુસ્લિમોનો વેપારી ઇજારો તોડયો હતો. ઇટલીનાં બંદરોના આ વેપારીઓ જ ક્રુઝેડ્સ દરમિયાન સૈનિકો અને યુદ્ધ સરંજામને પશ્ચિમ એશિયામાં પહોંચાડી, પૂર્વમાંથી માલ લાવતા, જે જિબ્રાલ્ટર માર્ગે અને આલ્પ્સ ઓળંગી જમીનમાર્ગે ઉત્તર તરફ જતો. શાંતિ અને સલામતી સ્થપાતાં આ વેપાર વધવા લાગ્યો. સિસિલીના વેપારીઓએ બારમી સદીમાં ટ્રિપોલી અને ટયુનિસ પર પગદંડો જમાવ્યો. જીનોઆના વેપારીઓ કયૂટા અને છેક મોરોક્કો સુધી પહોંચ્યા. બાર્સેલોનાના વેપારીઓએ જિબ્રાલ્ટરની પૂર્વે અને પશ્ચિમમાં વેપાર વિકસાવ્યા, સ્પેનનું ઍરેગોન સમૃદ્ધ દરિયાઈ વેપારનું રાજ્ય બન્યું. તેણે બેલિયારિક ટાપુઓ સાર્ડિનિયા અને સિસિલી સુધી વર્ચસ વિસ્તાર્યું અને ભૂમધ્યના એક છેડાથી બીજા છેડા સુધી યુરોપનાં વહાણોની અવરજવર વધી ગઈ. ઉત્તર યુરોપમાં નેધરલૅન્ડ્ઝ દેશો મહત્ત્વનાં વેપારી મથકો બન્યાં. ઇંગ્લંડનું ઊન ઘેન્ટ, બ્રુજીસ, લીલી અને આરાસમાં જતું. ત્યાં તેનું કાપડ બનતું, જે બીજે નિકાસ થવા લાગ્યું. ફ્લાન્ડર્સના વેપારીઓ છેક સીરિયા સુધી ઉદ્યોગમાં રસ ધરાવતા હોઈ પરદેશીઓ તેમનો માલ લેવા જતા. અંગ્રેજ, સ્કૅન્ડિને-



મધ્યકાલીન યુગના એક મેળાનું દશ્ય જેમાં લોકો આનંદ પ્રમોદની અનેક પ્રવૃત્તિઓ કરતા.

# મધ્યકાલીન યુરોપનો વહાણ બાંધકામનો પ્રખ્યાત ઉદ્યોગ



મધ્યકાલીન યુરોપમાં વહાણ બાંધકામ અને નૌકાયાનની પ્રવૃત્તિ.



વાઇકિંગ (ચાંચિયા) પ્રજાનાં પ્રખ્યાત વહાણો—વાઇકિંગનો આગળના ભાગનો સાંકડો ભાગ (નાળ) કોતર કામની બારીક નકશીમાં.

વિયન, ફ્રેન્ચ, સ્પેનિશ, જર્મન અને ઇટાલિયન વેપારીઓ પણ તે તરફ આકર્ષાયા. બ્રુજીસ, ફ્લાન્ડર્સનું મોટું વેપારી કેન્દ્ર બન્યું.

દરિયાઈ વેપારના વિકાસની સાથે જ વહાણોનાં બાંધકામ અને નૌકાયાનમાં પ્રગતિ થવા લાગી. બંદરોની સગવડમાં વધારો થવા લાગ્યો. દીવાદાંડી અને ઝળહળતી રોશનીની પણ સગવડ થવા લાગી. હોકાયંત્રે નૌકાનયનમાં ક્રાંતિ આણી. ચાંચિયાના ત્રાસની સામે વેપારીઓ શસ્ત્રધારી સૈનિકોને લઈ જતા. દેશમાં રસ્તાઓ, જળમાર્ગો ઇત્યાદિ સારી હાલતમાં ન હોઈ આંતરિક વેપારની પ્રગતિ ધીમી રહી. વેપારી માર્ગોના સંગમ પર દેશપરદેશના વેપારીઓ એકત્ર થાય ત્યાં, સગવડો મળતાં, મેળા અને ગુજરીઓ ભરાવા લાગી. આ મેળા અને ગુજરીઓનો પકાર આંતરરાષ્ટ્રીય રહેતો. તેને કાયદો, રૂઢિ અને પરંપરાથી તથા રાજા અને સામંતો તરફથી રક્ષણ મળતું. તેમાં ઉપસ્થિત થતા ઝઘડાના નિકાલ માટે ખાસ અદાલતો બેસતી. આમાં દેશદેશનાં નાણાંનો વિનિમય થતો. લેવડ-દેવડના દસ્તાવેજો થતા. તેમાં જાદુગરો, ગવૈયા, ભવૈયા વગેરે આવીને મનોરંજન પૂરું પાડતા. શેમ્પેન અને નોવાગોરોદ આવા આંતરરાષ્ટ્રીય મેળાનાં કેન્દ્રો હતાં.

ફ્લાન્ડર્સમાં બનેલું ઊની કાપડ રંગાવા માટે ફ્લૉરેન્સ જતું તેને માટે વેપારીઓ પૂર્વમાંથી રંગ મંગાવતા. ટાઈરોલ, બોહેમિયા, કારિન્થિયા અને સ્વીડનમાં લોખંડની પેદાશ થવા લાગી. બોહેમિયા, હંગેરી, કારિન્થિયા અને સ્પેનમાંથી સોનું મળ્યું અને બોહેમિયા અને હંગેરીમાંથી રૂપું મળ્યું.

પૂર્વનો વેપાર મોજશોખની વસ્તુઓ માટે હતો. પૂર્વના મસાલાનો ઉપયોગ ખોરાકની સાચવણી અને તેમાં સ્વાદ લાવવા માટે થતો. નારંગી, એપ્રિકોટ, અંજીર, રંગ, કાપડ, મલમલ, સુતરાઉ કાપડ, કાચું રેશમ પૂર્વમાંથી આવતું, જેના બદલામાં ઇમારતી લાકડું, લોખંડ અને ઊન અપાતું. વેપાર વધતાં સ્થિર નાણાંની જરૂર પડી. તેરમી સદી ઊતરતાં નાણાંની સ્થિતિ સુધરી. વેનિસમાં ગ્રોટ નામના અને ફ્લૉરેન્સમાં ફ્લૉરિન નામના ચાંદીના સિક્કા પડવા માંડયા. વેપાર માટે જરૂરી આંટ અને શાખનો પણ વિકાસ થયો. ખ્રિસ્તી ધર્મમાં આનો નિષેધ હોઈ, શરૂઆતમાં બિન-ખ્રિસ્તીઓ અને યહૂદીઓના હાથમાં આંટ-શાખ અને વ્યાજનો વ્યવસાય રહ્યો. ધર્મતંત્રને નાણાંની જરૂર ઊભી થતાં તેણે શરાફો પાસેથી નાણાં મેળવ્યાં.

વેપારવ્યાજ સામે ધાર્મિક વિરોધ છતાં વેપાર-રોજગાર વધ્યો. આમાં આ વિરોધ ટાળવા નફામાંથી ભાગ આપવાની અને ધર્માદામાં ભરણાં આપવાની શરૂઆત થઈ. મોટા વેપારીઓ તથા તેમનાં સંગઠનો—મહાજનો, ગિલ્ડો વગેરેએ દેવળો, કેથેડ્રલો જેવાં ધર્મસ્થાનો, નગર-સભાખંડો અને ગિલ્ડ-હૉલ બંધાવ્યાં. કારીગરો, કલાકારો, કવિઓ અને સાહિત્યકારોને તેમના તરફથી ઉત્તેજન મળવા લાગ્યું. સાહસિક વેપારીઓએ સહિયારા વ્યવસાય કર્યા, જેમાંથી નગરો ઊભાં થયાં. બજાર અને સંરક્ષણ તથા સલામતી મળે તેવા સમુદાય તરફ વેપારીઓ વળ્યા. વહાણવટું શક્ય બને તેવી નદીઓનાં સંગમ સ્થાનો, દરિયાકાંઠો, માર્ગસંગમો તરફ વેપારીઓ આકર્ષાયા. વેપારી સ્થાનો વિકસતાં કારીગરો પણ ત્યાં પહોંચી ગયા. આવાં સ્થાનો કાં તો નવાં હતાં અથવા જૂનાં મોટાં નગરોનાં પરાં હતાં, જેનાં પરથી ‘બુર્ગ’ અને ‘બરો’ શબ્દો યોજાયા; અને આવાં સ્થાનોમાં વસનારા વેપારી, ઉદ્યોગપતિ અને મધ્યમવર્ગ ‘બુર્ઝવા’ અને તેની આર્થિક-સામાજિક વ્યવસ્થા ‘બુર્ઝવાઝી’ કહેવાઈ. ફ્યૂડલ નગરોમાં કે તેનાં પરામાં વેપારીઓ અને કારીગરો ભેગા થતાં ફ્યૂડલ સમાજમાં નવું પરિબળ ઉમેરાયું. પરંતુ ફ્યૂડલ સમાજે તેનાં કાનૂન, રૂઢિ-રિવાજ અને પરંપરાના વિરોધી આ પરિબળને જરૂરી સ્વતંત્રતા આપી નહિ. તેમને તેમની જંગમ મિલકત પર માલિકી હક પણ આપ્યો નહિ. આથી નવા વર્ગે તેના માટે જુદા અને વ્યવહારુ કાનૂનો ઘડયા. ઘણાં નગરોએ ભારે વિરોધ અને લાંબી લડાઈઓ બાદ સ્વતંત્રતા મેળવી. ઉમરાવો અને ધર્માચાર્યોને આ નવો વર્ગ દુશ્મન જેવો લાગ્યો; પરંતુ ઉમરાવો અને ધર્માચાર્યોના ભારણથી છૂટવા માગતા સમ્રાટો અને રાજવીઓએ નવા વર્ગને સાથ આપ્યો; બીજી બાજુ વેપારીઓ અને કારીગરોને નગરે મેળવેલી સ્વતંત્રતામાં પોતાની અંગત સ્વતંત્રતા જણાતાં તેમણે તેનો વિસ્તાર કર્યો.



અગાઉ આપણે જોઈ ગયા છીએ (જુઓ પાનું ૨૭) કે ફ્રેડરિક બારબેરોસાની સામે લોમ્બાર્ડ પ્રદેશનાં નગરોએ સંઘ રચી તેનો સામનો કર્યો હતો; હારી જવા છતાં મક્કમ રહ્યાં હતાં અને પરિણામે બારબેરોસાએ તેમની સ્વતંત્રતાને માન્ય રાખવી પડી હતી. નગરવાસીઓએ તેમની કાઉન્સિલો રચી રોજિંદી બાબતોનો વહીવટ સંભાળ્યો; ખોરાક, શિક્ષણ, પોલીસ, સ્થાનિક કરવેરા અને વેપાર-ઉદ્યોગનાં નિયંત્રણોનો ઉકેલ આણ્યો. નગરોની મર્યાદિત સ્વાયત્તતામાં પણ સંગઠન અને સ્વદેશાભિમાનની લાગણી જાગી. નગરો નાનકડાં રાજ્યો બન્યાં, જેમણે આર્થિક અને રાજકીય સંરક્ષણની જવાબદારી ઉઠાવી. નગરમાં જઈ વસેલા કારીગરોએ તેમના હિતની રક્ષા માટે મહાજનો-ગિલ્ડો રચ્યાં. આ મહાજનો ત્રણ સ્તરનાં હતાં: માલિક કારીગર અર્થાત્ 'માસ્ટર', અને તેની પાસે તાલીમ મેળવી નાનકડું કામ કરનાર દાડિયો—'જર્નીમૅન'(ફ્રેન્ચ શબ્દ 'જર્ની' એટલે દિવસ પરથી જર્નીમૅન: દૈનિકપત્ર માટે અંગ્રેજી શબ્દ 'જર્નલ' પણ આ 'જર્ની' પરથી પ્રયોજાયો છે), અને કારીગરીની તાલીમ લેવા આવેલો ઉમેદવાર — 'એપ્રિન્ટિસ'. બાપ દીકરાને તાલીમ લેવા 'માસ્ટર'ને ત્યાં મોકલતો; તે માસ્ટરના ઘેર રહેતો, તેને ત્યાં કામ કરતો, ને સંપૂર્ણપણે તેના હાથ નીચે રહેતો. બદલામાં 'માસ્ટર' તેની જરૂરિયાતો સંતોષતો. તાલીમ મેળવી ચોક્કસ રોજી મેળવી તે 'માસ્ટર'ને ત્યાં 'જર્નીમૅન' કક્ષાનો કારીગર બનતો. છેવટે, પૂરી તાલીમ બાદ, ચોક્કસ કારીગીરીની વસ્તુનો ઉત્તમ નમૂનો – 'માસ્ટરપીસ' -- બનાવી મહાજન સમક્ષ રજૂ કરતો અને એમાં પ્રવીણ બન્યાનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ 'માસ્ટર' બની સ્વતંત્ર વ્યવસાય કરતો.

મહાજનો તેના સભ્યોની રક્ષા કરે, સભ્યોના માલના ધોરણની ચોકસાઈ સાચવે, તૈયાર માલની કિંમત કરાવે, કામના કલાકોનું નિયંત્રણ કરે, રાતના દીવાના પ્રકાશમાં કે પડોશી કારીગરથી છૂપી રીતે કે નિયત સમય કરતાં વધારે કામ કરવા પર પ્રતિબંધ મૂકે, માસ્ટર-માસ્ટર વચ્ચેની સ્પર્ધાનું નિયંત્રણ કરે, મંજૂર થયા હોય તે સિવાયના કારીગરોની સેવાની મનાઈ કરે, માલની ખુલ્લી કે પ્રચ્છન્ન જાહેરાતની પણ મનાઈ કરે, સભ્યોની સંભાળ લે, તેમનાં અનાથ બાળકો કે વિધવાને આર્થિક રક્ષણની જોગવાઈ કરે, પોતાના ઈષ્ટદેવ કે સંતો માટેના ઠરાવેલા દિવસે સંઘભોજન ગોઠવે, પોતાનાં સભાસ્થાનો માટે મકાનો, ટાઉનહૉલ, અને દેવળો સુધ્ધાં બાંધે.

મહાજનોના માસ્ટર-કારીગરો પોતે જ માલિક અને વિક્રેતા હતા. નાના સમાજમાં આ શક્ય હતું પરંતુ ઉદ્યોગ-ધંધા વધતાં તેમાં સ્પર્ધાનું તત્ત્વ ઉમેરાયું. ઉદ્યોગ-ધંધાની પ્રવિધિ સુધરી અને મહાજનોને ફટકો પડવા લાગ્યો.



**શરાફ**

મધ્ય યુગમાં યુરોપમાં વેપાર-વણજ શરૂ થતાં વ્યાજ-વટાવનો ધંધો પણ ધીકતો બન્યો. ૧૩મી સદીના કાર્થેજના દેવળની તીરાડો પડેલી કાચની એક બારીમાં વ્યાજે પૈસા ફેરવતા શરાફનું સચવાયેલું એક ચિત્ર.

માસ્ટરો અને જમીનદારો વચ્ચે હરીફાઈ અને સંઘર્ષો શરૂ થયાં, માસ્ટરો અને તેમને મૂડી પૂરી પાડનાર મૂડીદારો વચ્ચે સંઘર્ષો ઊભા થયા, હડતાલો પડી અને આમાં ક્યારેક મોટાં યુદ્ધો થયાં, જેમાં મોટા મૂડીદારોના પક્ષે મોટાં રાજ્યો ખડાં થયાં !

નગરોની રચનાની સાથોસાથ ખેતીવાડી પણ સુધરવા લાગી. ગામડાંના ખેડૂતે નગર તરફ પ્રયાણ શરૂ કર્યું. ખેતરની પેદાશ ગામની જરૂરત સંતોષવા ઉપરાંત નગરોની જરૂરત સંતોષાવા લાગી, જેથી ખેતીમાં સુધારણા થઈ. નાણાંનો ઉપયોગ વધતાં ગણોત નાણાં દ્વારા અપાવું શરૂ થયું.

વિગ્રહો, જર્મન રાજ્યોનો વેર-વિખેર, બાઇઝેન્ટાઇન રાજ્યનો નાશ, સ્પેનમાંથી મુસ્લિમ સત્તાની વિદાય જેવા બનાવોએ અંતરાયો નાખ્યા હતા. જરૂરી આંટનો અભાવ અને સોના-ચાંદીના સિક્કાની અપૂરતી સગવડો પણ અંતરાયરૂપ બનતી. શરાફી આંટની શરૂઆત ઇટલીના લોમ્બાર્ડોએ કરી. આજે પણ લોમ્બાર્ડ બેન્ક એક મોટી શરાફી પેઢી છે.

દરિયાઈ વેપારમાં ચાંચિયાગીરી સામે રક્ષણ મેળવવા જર્મન વેપારીઓએ હેન્સિયાટિક સંઘની રચના કરી. ‘હેંસા’ એટલે વેપાર. આ સંઘમાં ૭૦ નગરો જોડાયાં, જેમાં મુખ્યત્વે લ્યૂબેક, હામ્બુર્ગ, કલોન, બ્રુન્સવિક ડાન્ઝિગ ઇત્યાદિ હતાં. આ સંઘની પેઢીઓ અને ફેક્ટરીઓ લંડન, બર્જેન અને છેક રશિયાના નોવાગો-રોદ સુધ્ધાંમાં હતાં. સંઘે ઉત્તર મહાસાગર અને બાલ્ટિકનાં નગરોના વેપારનો ઇજારો મેળવ્યો. તેનાં વેપારી વહાણો જાનવારોના રક્ષણ હેઠળ હંકારાતાં. સંઘે ડેનમાર્કના રાજાની સામે યુદ્ધે ચડી ધાર્યું કરાવ્યું. અમેરિકા શોધાયો તે અગાઉ બે સદી સુધી પશ્ચિમ યુરોપના વેપારમાં આ સંઘે મહત્ત્વનો ભાગ ભજવ્યો.

બારમી-તેરમી સદીમાં ઉદ્‌ભવેલો, ચૌદમી-પંદરમી સદીમાં સ્થિર થઈ રહેલો વેપાર વિકસવા લાગ્યો. નગર રાજ્યો સ્વાયત્ત અને સ્વતંત્ર બનવા લાગ્યાં અને રાજાશાહી ઉમરાવો, સામંતો અને ધર્માચાર્યોની પકડ હેઠળથી નીકળી રાષ્ટ્રીય બનતી ગઈ, તેમ તેમ ફ્યૂડલ સમાજની વ્યવસ્થા ઢીલી થવા માંડી, મૂડીવાદ ફેલાવા લાગ્યો. સમય બદલાતાં સામંતશાહી ખેતી વ્યવસ્થા, ઉદ્યોગો, વેપારીઓ અને કારીગરોમાં મહાજનો, ખાનગી નફા, વ્યાજ-વટાવ પરનાં નિયંત્રણો હળવાં બની દૂર થવા લાગ્યાં. આ સૌનાં એકંદર પરિણામે ફ્યૂડલ સમાજ અને તેની અર્થવ્યવસ્થાએ સદા માટે વિદાય લીધી અને નવી મૂડીવાદી વ્યવસ્થા સ્થિર થવા લાગી. તેમાં વેપારનો અનુભવ ધરાવનાર શરાફોએ અગત્યનો ભાગ ભજવ્યો. શરાફી વ્યવસાય અમુક કુટુંબોએ હસ્તગત કર્યો. આ કુટુંબો રાજાની જરૂરિયાતો સંતોષતા, પોપ સુધ્ધાંને નાણાં ધીરતા. ઇટલીનું બાર્ડી કુટુંબ આવો શરાફી વ્યવસાય કરતું મોટું કુટુંબ હતું અને લંડનમાં તેની ચૌદ શાખા હતી. રાજા તરફથી રાષ્ટ્રીયવેપારી-મૂડીવાદને ટેકો મળ્યો. બર્જીસનો જે ક્વિસ નામનો એક મૂડીદાર મોટો નાણાંપતિ વેપારી બન્યો. ઘણાં ફ્રેન્ચ નગરોમાં તેની વખારો હતી. મુસ્લિમોની સાથે વેપાર કરવા તેણે પોપની અનુમતિ મેળવી ને ફ્રેન્ચ રાજવીનો તે સલાહકાર બન્યો. બુર્ઝાસ અને પેરિસની ટંકશાળનો તે વહીવટકર્તા બન્યો. તેની દીકરીઓ મોટાં કુટુંબોમાં પરણી. તેણે ધર્મતંત્ર તરફથી મોટી જાગીરો મેળવી રાજા ઉમરાવો અને પોપને નાણાં ધીર્યાં. ઇંગ્લંડના હાથમાંથી નોર્મન્ડી મેળવવા તેણે મોટી રકમો આપી અને છેવટે રાજાની ઉપ-પત્નીને ઝેર આપવાના આરોપસર દેશનિકાલની સજા પામ્યો, તેની માલ-મિલકત જપ્ત કરવામાં આવી.

પંદરમી સદીમાં ઉત્તર સમુદ્ર અને ઇટલીનાં બંદરો અને નગર રાજ્યો નબળાં પડ્યાં. હેનસિયાટિક સંઘ નબળો પડયો. ભૂમધ્ય, ઉત્તર મહાસાગર અને બાલ્ટિક પરથી વેપાર માટે નવો માર્ગ વિકસ્યો. દરિયા ખેડૂઓએ એક સર્વસામાન્ય આંતરરાષ્ટ્રીય નીતિ અપનાવી. આમાં ફ્રાન્સના નગર ઑલેરોનનો ચુકાદો સૌએ માન્ય રાખ્યો, જેમાંથી આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાનૂન વિકસ્યો. આ કાનૂનના આધારે વેપારીઓ, વહાણવટીઓ, વહાણના માલિકો, ખલાસીઓ, સરકાર ઇત્યાદિ વચ્ચેના ઝઘડાનું નિવારણ શક્ય બન્યું. દરિયાઈ સફરો વધી, દરિયાઈ માર્ગોના નકશા થવા લાગ્યા. રાજ્યઉત્તેજન મળતાં દરિયાખેડૂઓ અને વેપારીઓ દૂર દૂર નજર નાખવા લાગ્યા. જીનોઆએ વેનિસને પરાસ્ત કર્યું અને તુર્કોએ વેનિસને ખલાસ કર્યું. આ નગરોના ખલાસીઓ



**વાસ્કો દ ગામા** : ઈ. સ. ૧૪૯૭માં 'કેપ ઑફ ગુડ હોપ'ની સફરે જતાં પહેલાં પોર્ટુગલથી વિદાય લેતાં પહેલાંનું એક દૃશ્ય.

અને વેપારીઓએ રાજાઓની નોકરીઓ અને આશ્રય મેળવ્યો. ઍટલૅંટિક તો દુનિયાનો છેડો ગણાતો, હવે તેની સામે પડકાર ઊભો થયો. ઈ.સ. ૧૨૭૦માં જીનોઆના માલેસેલો નામક એક ખલાસીએ મેડિરા અને એઝોરા દ્વીપો શોધ્યા. તુલાઉસના એનસેલ્મ દસાલ ક્વિયરે આફ્રિકાનો ઍટલૅંટિક કિનારો શોધ્યો. અને તે છેક ગીની સુધી પહોંચ્યો. ઘણાં વર્ષો નાઈજરના પ્રદેશમાં રહી ૧૪૭૭માં નવી નવી વાતો લઈને પાછો ફર્યો.

વૅનિસ અને જીનોઆ પાસેના અનુભવી અને પીઢ ખલાસીઓનાં શોધ, સાહસ, શ્રમ અને શૌર્યનો લાભ સ્પેન, પોર્ટુગલ અને ઇંગ્લંડની સરકારોએ લીધો. પોર્ટુગલે આમાં પહેલ કરી. ઇટલીનાં બંદરોનો વેપાર સર કરવા તેની મહત્ત્વાકાંક્ષા જાગી. તેનું તથા સ્પેનનું ધ્યાન ભૂમધ્યનો પૂર્વભાગ તુર્કોના હાથમાં જતાં ઍટલૅંટિક તરફ ગયું. ઈ. સ. ૧૪૧૫માં પોર્ટુગલના રાજા જૉન–૧લા(ઈ. સ. ૧૩૮૫–૧૪૮૩)એ જિબ્રાલ્ટરની પેલી પારનું કયુટા લીધું. જૉનનો શાહજાદો હેનરી સાહસિક અને પ્રતિભાશાળી હતો. તે ઇતિહાસમાં હેનરી નાવિક(૧૩૯૪–૧૪૬૦)ના નામે વિખ્યાત છે. તેણે સાહસિક સફરીઓને પ્રોત્સાહન આપ્યું. તે મુખ્યત્વે વિજ્ઞાની અને દેશદાઝ ધરાવનાર હતો. તેણે પોર્ટુગલને ગૌરવ અને સોનું આપ્યાં. તેણે સેંટ વિન્સેંટ ભૂશિર પર થાણું નાખ્યું. ત્યાં તે સમયે ઉપલબ્ધ નકશા અને આલેખોનો અભ્યાસ કર્યો; સફરોનું આયોજન કર્યું.



રાજા હેનરી નાવિક

પોર્ટુગલે ઇ. સ. ૧૪૨૦માં મેડિકા અને ઈ. સ. ૧૪૩૧માં એઝોર કબજે કર્યાં. ઈ. સ. ૧૪૧૮, ૧૪૨૭ અને ૧૪૩૪માં 'કેપ બોનીડોર' પાર કરવામાં આવી. ૧૪૪૫માં 'કેપ વર્ડે' પાર કરી આફ્રિકાના આ પશ્ચિમ કાંઠા પર વેપાર કરવા પેઢીઓ રચવામાં આવી. હબસી ગુલામોનો વેપાર શરૂ થયો. દક્ષિણ અને પૂર્વમાં પોર્ટુગલે જે પ્રદેશો જીત્યા તેની માલિકી પોપે તેને ઈ. સ. ૧૪૪૫માં આપી. ૧૪૬૦માં હેનરી અવસાન પામ્યો. ઈ. સ. ૧૪૮૬માં બાર્ટોલોમિયો ડીઆઝા 'કેપ ઑફ ગૂડ હોપ' સુધી પહોંચ્યો, અને ૧૪૯૮માં વાસ્કો દ ગામા 'કપ ઑફ ગૂડ હોપ' વટાવી સુરતના એક ખલાસીના માર્ગદર્શન હેઠળ ભારતના કાલિકટ બંદર પર ઊતર્યો. આ પ્રસંગે પશ્ચિમના દેશોએ પૂર્વમાં વેપાર અને સંસ્થાનો સ્થાપવાની તક ઊભી કરી. પોર્ટુગલે વેપાર અને સામ્રાજ્ય જમાવ્યું. જીનોઆનો અનુભવી ખલાસી ક્રિસ્ટોફર કોલમ્બસ આયર્લૅન્ડ અને આઇસલૅન્ડ સુધી પહોંચી



ઈ. સ. ૧૫૦૦માં યુરોપની રાજકીય પરિસ્થિતિ દર્શાવતો નકશો

આવ્યો હતો. પૃથ્વી ગોળ હોઈ પશ્ચિમના માર્ગે આગળ વધતાં 'કૈથે' (ચીન) અને ભારત પહોંચાશે તે કલ્પનાને સાકાર કરવા કેસ્ટાઈલની રાણી ઇસાબેલા (૧૪૩૪–૧૫૦૪) તરફથી પ્રોત્સાહન મેળવી, ત્રણ વહાણો 'સાન્ટામારિયા,' 'પિન્ટા,' અને 'નીના' લઈને લા રાબિદાના મઠમાં તેણે પ્રાર્થના કરી. ઈ. સ. ૧૪૯૨ના ઑગસ્ટની ૩જીના રોજ ઍટલૅન્ટિકમાં આગળ વધ્યો, અને ઑક્ટોબરની તા. ૧૨મીએ તેની માન્યતા પ્રમાણે ઈસ્ટ ઇન્ડિઝની ભૂમિ પર તેણે પગ મૂક્યો. આ સ્થાન તે સાન સાલ્વાડોરનો ટાપુ. બાદ, તે ક્યૂબા, સાન્ટો ડો મિંગો તરફ ગયો. સાથે થોડા સ્થાનિક વતનીઓને લઈને સ્પેન પાછો ફર્યો. બાર્સેલોનામાં તેનો શાહી સત્કાર કરવામાં આવ્યો. કોલમ્બસે આવી ત્રણ સફરો કરી. ઈ. સ. ૧૪૯૬માં તે સાન્ટો ડો મિંગોમાં જઈ વસ્યો. ઈ. સ. ૧૫૦૬માં તે અવસાન પામ્યો. ત્યાં સુધી તેને ખબર પણ ન પડી કે તેણે ભારત નહિ પણ એક નવા જ ખંડ—અમેરિકા પર પગ મૂક્યો હતો.

સ્પેન અને પોર્ટુગાલે દરિયાઈ સાહસો દ્વારા મોટા મોટા પ્રદેશો મેળવ્યા હતા. આમાં બંને વચ્ચે સ્પર્ધા થતાં, તેમાં દરમિયાનગીરી કરતાં પોપ ઍલેક્ઝાન્ડર–છઠ્ઠાએ નકશામાં ઉત્તરથી દક્ષિણ ધ્રુવ સુધી એઝોર્સદ્વીપ સમૂહની પશ્ચિમે ૧૦૦ લીગ સુધી રેખા દોરી, તેની પૂર્વે આવેલા સઘળા પ્રદેશોની પોર્ટુગલને અને પશ્ચિમના પ્રદેશોની સ્પેનને (પૃથ્વી જાણે પોતાના બાપની હોય તેમ) નવાજેશ કરી. આ ચુકાદામાં પણ વિરોધ જાગ્યો; છેવટે પરસ્પર સમજી જઈને, સ્પેન અને પોર્ટુગલે આ વિભાજક રેખાને ૨૭૦ લીગ સુધી ખસેડી પ્રદેશની ફરી વહેંચણી કરી. ઈ. સ. ૧૪૯૭માં ઇંગ્લૅન્ડના રાજવી હેનરી–૭મા(૧૪૮૫-૧૫૦૯)ની નોકરીએ રહેલો જીનોઆનો ઇટાલિયન નાયક ચીન સુધી પહોંચ્યો. ૧૫૦૦માં કેબ્રલ નામનો પોર્ટુગિઝ છેક દક્ષિણ અમેરિકાના છેડા સુધી પહોંચ્યો. તેણે બ્રાઝિલને કબજે કરી પોર્ટુગલ સત્તા નીચે આણ્યું.

અમેરિકાની શોધે અને ત્યાં યુરોપીય રાજ્યોનાં સંસ્થાનો સ્થપાતાં યુરોપની કાયાપલટ કરી નાખી. વહાણો ભરી ભરીને તેમાં સમૃદ્ધિ ઠાલવી, જેમાંથી આજના નવા યુરોપનું, તેની અર્થ અને સમાજવ્યવસ્થાનું સર્જન થયું. મધ્ય યુગ પૂરો થયો અને અર્વાચીન યુગનો પ્રારંભ થયો.



ક્રિસ્ટોફર કોલમ્બસના વહાણના ધ્વજ સાથેનું જેકિન સારોલાએ દોરેલું એક 'રફ ચિત્ર'.

# ૩ : સંસ્કૃતિ

જંગલીઓનાં સતત આક્રમણોનાં પરિણામે નગરો તૂટયાં. અને નગરો શિક્ષણ, કલા અને સંસ્કૃતિનાં કેન્દ્રો હોઈ મધ્ય યુગ શિક્ષણ, કલા અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અંધાર યુગ કહેવાયો. પ્રાચીન શિક્ષણ સંસ્થાઓ, વિદ્યાપીઠો, પુસ્તકાલયો અને પુસ્તકોનો નાશ થયો. ખ્રિસ્તી ધર્મનો વ્યાપક પ્રચાર થતાં તેના પ્રભાવ હેઠળ ગ્રીસ અને રોમનાં સાહિત્ય, કલા અને વિદ્યાને 'પેગન' ગણી, તેને શેતાનની પેદાશ સમજી, તેનો સર્વત્ર અસ્વીકાર થયો.

આમ છતાં, આ નિરાશામય સમય દરમિયાન પણ ચોથી અને પાંચમી સદીઓમાં બૌદ્ધિક જિજ્ઞાસા જાગે તેવા ખ્રિસ્તી વિદ્વાનો અને સંતો થઈ ગયા, જેમણે ખ્રિસ્તી ધર્મની ભાવના જગાડી અને ધર્મ-દર્શનને વિકસાવ્યું. આપણે જોઈ ગયા તેમ, સંત ઍમ્બ્રોઝ મિલાનનું ગવર્નરપદ ત્યાગી નગરનો વડો ધર્માધિકારી બન્યો. સંત જેરોમે (ઈ. સ. ૩૪૦–૪૨૦) હિબ્રૂ બાઇબલનો લૅટિનમાં અનુવાદ કર્યો જે 'વલ્ગેટ'ના નામે કૅથલિક સંપ્રદાયમાં પાયાના પુસ્તક તરીકે ગણાયું. હિપ્પોના સંત ઑગસ્ટાઇન(૩૫૪–૪૩૦)ના 'કન્ફેશન્સ' દ્વારા યુરોપને જીવનપ્રસંગો અને ખ્રિસ્તી દર્શનના ચિર-સિદ્ધાંતો પ્રાપ્ત થયા. પોપ મહાન-ગ્રેગરી–૧લા(૫૪૦–૬૦૦)એ પોપની કઠિન ફરજો બજાવવા ઉપરાંત પત્રો અને પુસ્તકો દ્વારા ખ્રિસ્તી ભાવના જાગ્રત કરી. ખ્રિસ્તી યુરોપ પર જે સમયે અજ્ઞાનનો અંધકાર છવાયો હતો, ત્યારે આરબો સીરિયા, ઉત્તર આફ્રિકા સર કરતાં કરતાં સ્પેન દ્વારા યુરોપમાં આવ્યા; અને તેમની દ્વારા ગ્રીસ અને પ્રાચીન પૂર્વની વિદ્યાઓનો અભ્યાસ થતાં તેના પરિપાક રૂપે તેમાં સમાયેલું જ્ઞાન પશ્ચિમને પ્રાપ્ત થયું. પશ્ચિમથી વિખૂટા પડેલા બાઇઝેનટાઇનમાં વિદ્યા અને કલાનો વિકાસ થયો.

**શિક્ષણ :** જસ્ટિનિયન–૧લા(૫૨૭–૬૫)એ ઍથેન્સની વિદ્યાપીઠને બંધ કરી તેમ છતાં મઠો અને દેવળોમાં ખ્રિસ્તી ધર્મસાહિત્ય સંઘરવામાં આવ્યું. લૅટિનનો તૂટયો-ફૂટયો અભ્યાસ કરી પાદરીઓ બાઇબલ અને અન્ય ધર્મગ્રંથો વાંચતા. સાર્વત્રિક નિરક્ષરતાના જમાનામાં ધર્મગુરુઓ રાજ્યના વહીવટમાં મોટા હોદ્દા ધરાવતા. આ યુગનો વિચક્ષણ સમ્રાટ શાર્લમન પોતે નિરક્ષર હતો, પરંતુ પાછલી જિંદગીમાં અક્ષરજ્ઞાન મેળવવા તેણે પ્રયત્ન કર્યો હોઈ શિક્ષણ શું છે તે તે સમજતો હતો. આપણે જોયું તેમ તેણે અમીર-ઉમરાવોનાં બાળકો માટે શાળાઓ સ્થાપી તથા ગ્રામ વિસ્તારોમાં શિક્ષણ માટે શાળાઓ સ્થાપવાનો પાદરીઓને હુકમ કર્યો.

તે સમયની શાળાઓમાં બે પ્રકારનો અભ્યાસક્રમ રહેતો. પહેલા પ્રાથમિક અભ્યાસક્રમમાં વ્યાકરણ, વ્યાખ્યાનકળા અને તર્કશાસ્ત્રનું શિક્ષણ અપાતું. બીજામાં ગણિત ભૂમિતિ, ખગોળ અને સંગીત એમ ચાર વિષયોનું શિક્ષણ અપાતું.

શાર્લમન બાદ, ઓટો–૧લા(૯૩૬–૭૩)એ પુસ્તકાલયો સ્થાપ્યાં. તેના પૌત્ર ઑટો–૩જા(૯૮૩–૧૦૦૨)એ વિદ્વાન શિક્ષાગુરુ ગર્બટને પોપપદે સ્થાપ્યો. ગર્બટે સ્પેનમાં જઈ આરબો પાસેથી પ્રાચીન વિદ્યાનો વારસો મેળવ્યો હતો. ભારતીય અંક તે લાવ્યો હતો. તેણે તેનું પણ પ્રદાન કર્યું. અગિયારમી સદીમાં પ્રમાણમાં સ્થિરતા સ્થપાતાં બૌદ્ધિક વિકાસ ત્વરિત બન્યો. આરબો દ્વારા થતા ગ્રીક વિદ્યાના પરિચયે યુરોપમાં વિદ્યા પ્રત્યેની અભિરુચિને જાગ્રત કરી. યુરોપનાં મુખ્ય નગરોમાં વિદ્યાનાં કેન્દ્રો ઊભાં થવા લાગ્યાં. અગિયારથી તેરમી સદી-ઓમાં રાજતંત્ર, અર્થવ્યવસ્થા અને ધર્મતંત્રમાં જેમ મહાન પરિવર્તનો થયાં, તેમ તેવાં પરિવર્તનો વિદ્યા, સાહિત્ય, ભાષા, કલા અને સ્થાપત્યમાં થવા લાગ્યાં. આ સમયમાં વિદ્યાપીઠોની રચના થવા લાગી. બારમી સદીમાં આર્થિક સગવડ વધી. નગરો ઊભાં થયાં, સ્થિર અને સલામત જીવનની શકયતા વધી, પરિણામે લોકોમાં બૌદ્ધિક ભૂખ જાગી. મઠોની શાખાઓ અને નગરોમાં ઊભી થયેલી કૅથડ્રલ શાળાઓ આ સમયમાં ઊભી થતી વિદ્યા-

પીઠો આગળ ઝાંખી પડવા લાગી. નગરોનાં વિસ્તાર અને વિત્ત વધ્યાં. વેપારીઓ, કલાકારો અને તેમનાં મહાજનોએ બાંધેલાં મોટાં મોટાં કૅથેડ્રલોમાં વિદ્યાપીઠોની શરૂઆત થઈ. આ વિદ્યાપીઠમાં ખ્રિસ્તી જગતના ખૂણેખૂણેથી વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. પૅરિસના નોત્રદામમાં પૅરિસની વિદ્યાપીઠ શરૂ થઈ. આવી રીતે શરૂ થતી વિદ્યાપીઠોને શરૂઆતમાં 'સ્ટુડિયમ જનરેલ' એટલે સામાન્ય શિક્ષણનું કેન્દ્ર કહેવામાં આવતી. બાદ તે 'યુનિવર્સિતાત' એ શબ્દથી ઓળખાઈ, જે શબ્દ પરથી યુનિવર્સિટી શબ્દ પ્રયોજાયો. (અર્થ : કૉર્પોરેશન અથવા પેઢી.) પૅરિસની વિદ્યાપીઠ વિસ્તાર પામે તે અગાઉ બોલોનામાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરવા 'સ્ટુડિયમ જનરેલ' હતું. શરૂઆતમાં નોત્રદામની શાળા સીન ટાપુ પર હતી. પરંતુ અગિયાર અને બારમી સદીમાં તેમાં એટલા બધા વિદ્યાર્થીઓ આવવા લાગ્યા કે સૌને સમાવવાનું મુશ્કેલ થતાં નદીની પેલી પાર જવું પડયું. ત્યાં પૅરિસની વિદ્યાપીઠ ઊભી થઈ. તે સમયે વિદ્યાર્થીઓને શાળા, મહાશાળાનાં મકાનોમાં રસ ન હતો. ભારતની આશ્રમ-શાળાઓની માફક ખુલ્લામાં અભ્યાસ થતો. અધ્યાપનનું કામ કરવા માટે બિશપ પાસેથી લાઇસન્સ લેવું પડતું. શિક્ષણસંસ્થા અને વિદ્યાપીઠોની રચના તે સમયના કારીગર મહાજનોના ધોરણે થતી. મહાજનોના કારીગરો ભૌતિક જરૂરિયાતનો માલ બનાવતા તો વિદ્યાનાં આ કૉર્પોરેશનો (યુનિવર્સિટી) બૌદ્ધિક જરૂરિયાત માટે વિદ્યારૂપી માલ બનાવતા. કારીગરે જેમ 'માસ્તર' બનવા અગાઉ જર્નીમેન અને ઍપ્રેન્ટિસની તાલીમ મેળવી ઉત્તમ નમૂનો (માસ્ટરપીસ) બનાવી તેનો સ્વીકાર કરાવવો પડતો, તેમ બુદ્ધિના કારીગરોએ 'બેચેલર' (bacclaureus) તબક્કામાંથી પસાર થવું પડતું. આ રીતે પસાર થનાર ગ્રેજ્યુએટ કહેવાતો. પણ અધ્યાપનનું કામ કરવા તેણે માસ્ટરપીસ રૂપે પોતાના વિષયનો ખાસ નિબંધ રજૂ કરવો પડતો જે માન્ય બનતાં તે માસ્ટર એટલે 'એમ.એ.' બનતો.



નોત્રદામનું પ્રખ્યાત કૅથિડ્રલ : ફ્રાન્સની પૅરિસ નગરી પાસેનું આ જાણીતું દેવળ (જેની બાંધણી ઈ.સ. ૧૧૬૩માં શરૂ થયેલી) તેની અણીદાર કમાનો, છતો અને મિનારાવાળી કલા. સ્થાપત્ય શૈલી (ગોથિક) માટે વિશ્વભરમાં જાણીતું છે. આ દેવળમાં વિખ્યાત મહાશાળા પણ હતી અને આજે ત્યાંની વિદ્યાપીઠ પણ વિદ્યાજગતમાં જાણીતી છે.



(ડાબે) દેવળનો ભવ્ય પ્રાર્થના સભાખંડ (જમણે) દેવળના પ્રાંગણમાં પાણીના નિકાલ માટેના માર્ગમાં મૂકેલા પ્રાણીનાં મોઢાંવાળું 'ગારગૉઇલ' — ગોમુખ.

પરંતુ આ વિદ્યાર્થીઓ કેવા હતા? નીચે વાંચો :

... મધ્ય યુગમાં કારીગરોની જેમ વિદ્યાર્થીઓનાં મહાજનો (ગિલ્ડ) અભ્યાસક્રમ નક્કી કરતાં; શિસ્ત અને અભ્યાસ માટેના નિયમો ઘડતા; એટલું જ નહિ, અધ્યાપકને કેટલો પગાર મળે અને કયો વિષય કયો અધ્યાપક કેટલો સમય શીખવે તે પણ નક્કી કરતા.

પેરિસનું કલા ઇત્યાદિનું શિક્ષણ આપતું મહાજન (આર્ટ્સ ગિલ્ડ) એટલું મોટું હતું કે તેના રાષ્ટ્રવાર વિભાગો પડાતા. રાષ્ટ્રનો અર્થ અમુક પ્રદેશના વિદ્યાર્થીઓ થતો. આમ ફ્રેન્ચ, પિકાર્ડ, નોર્મન, ઇંગ્લિશ વગેરે સમૂહોના વિભાગો થતા. ઇંગ્લિશ વિભાગમાં જર્મનોનો સમાવેશ થતો, જ્યારે ફ્રેન્ચમાં દક્ષિણ યુરોપના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો. દરેક રાષ્ટ્ર-વિભાગનો વડો 'પ્રોક્ટર' કહેવાતો અને સમગ્ર સંસ્થાનો વડો 'રૅક્ટર' તરીકે ઓળખાતો. આર્ટ્સ વિભાગની કેળવણી લીધા પછી વધુ અભ્યાસની માગણી થતાં ધર્મશાસ્ત્ર, દીવાની અને ધાર્મિક કાનૂનની ફૅકલ્ટીઓ ઉમેરવામાં આવી. આ ઉચ્ચ વિદ્યાઓની શાખાનો વડો 'ડીન' કહેવાયો. ડીન એ ધર્મસંજ્ઞા છે. પ્રત્યેક શાખાનો કુશળ વિદ્યાર્થી 'માસ્ટર', 'માસ્ટર ઑફ આર્ટ્સ' કે 'માસ્ટર ઑફ થિયોલૉજી' કે 'માસ્ટર ઑફ લૉ' કહેવાતો. જતે સમયે 'માસ્ટર' શબ્દનું સ્થાન 'ડૉક્ટરે' લીધું. આપણી યુનિવર્સિટીઓ યુરોપની યુનિવર્સિટીઓના નમૂના પર રચાઈ હોઈ તેણે યુરોપની યુનિવર્સિટીઓની સંજ્ઞાઓ અપનાવી છે.

સૌ વિદ્યાર્થી કંઈ ગંભીર રીતે અભ્યાસ કરવા આવતા નહિ, મોટા ભાગે તેઓ મોટી વયના હોઈ ગમે ત્યાં રહેતા અને ગમે તેવું હીન ચારિત્ર્ય પણ ધરાવતા. આથી વિદ્યાર્થીઓ અને પોલીસો વચ્ચે ઘર્ષણો થતાં. એક મોટું તોફાન થયા બાદ ફ્રેન્ચ રાજવી ફિલિપ ઑગસ્ટસે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વહીવટી તંત્રથી બાકાત રાખ્યા. પરંતુ વિદ્યાપીઠોમાં બિશપો અને ચાન્સેલરો દેખરેખ રાખતા, તેનો પણ વિરોધ થયો. પોપ ઈનોસન્ટ–૩જા તથા ગ્રેગરી–૯માએ વિદ્યાપીઠોને સ્વાયત્તતા આપી તેમનો અભ્યાસક્રમ નક્કી કરવાની સ્વતંત્રતા આપી. તે સમયે પુસ્તકો કે ચોક્કસ વ્યાખ્યાનખંડો ન હતા. પૈસાપાત્ર વિદ્યાર્થીઓ જ હસ્તપ્રતો મેળવી શકતા. અધ્યાપકો વ્યાખ્યાન આપતા, જેની વિદ્યાર્થીઓ નોંધ કરી લેતા. ઈ. સ. ૧૨૫૮માં રોબર્ટ દ' સોર્બોને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'કૉલેજ' ઊભી કરી. કૉલેજનો મૂળ અર્થ 'શિક્ષણ સંસ્થા' નહિ પણ 'છાત્રાલય' થાય. આવાં છાત્રાલયો કે સમૂહ રાત્રિનિવાસ-ગૃહો(ડૉરમૅટરીઓ)માં પુસ્તકાલયો અને વ્યાખ્યાનખંડોનો સમાવેશ થતો. પૅરિસની વિદ્યાપીઠમાં આજે પણ સોર્બોન કૉલેજ મહત્ત્વની છે. રાજ્યનો વહીવટ જેમ વધારે જટિલ બનવા લાગ્યો, તેમ તેનું સંચાલન કરવા ધર્માચાર્યો કરતાં કાયદાના નિષ્ણાતોની જરૂર ઊભી થઈ. એ જ પ્રમાણે વેપાર-ધંધા માટે પણ કાયદાના નિષ્ણાતોની જરૂર ઊભી થઈ. કાયદાની બોલોના



મધ્ય યુગની એક વિલાસી શાળા : પૅરિસ યુનિવર્સિટીના મધ્ય યુગના વિદ્યાર્થીઓની ચર્ચા ત્રણ 'પ્રોક્ટરો'ની રાહબરી નીચે થતી.







**ઑક્સફર્ડ યુનિવર્સિટી :** ઈ. સ. ૧૧૦૦માં ઑક્સફર્ડમાં સ્થપાયેલી પ્રખ્યાત ઇંગ્લિશ યુનિવર્સિટી. (ડાબે) આ વિદ્યાપીઠમાં આવેલું સેંટ મેરીનું પ્રખ્યાત કૅથેડ્રલ. (જમણે ઉપર) વિદ્યાપીઠનું જાણીતું ક્લેરિંડૉન બિલ્ડિંગ અને શેલ્ડોનિયન થિયેટર. (જમણે નીચે) રેવરન્ડ ટેલરનું જાણીતું મકાન.

વિદ્યાપીઠે સંખ્યાબંધ વહીવટકર્તા અને વેપારીઓ આપ્યા. પાછળથી બોલોનામાં આયુર્વિજ્ઞાનની પણ શાખા ઉમેરાઈ. બોલોનાની શાખા જેવી વિદ્યાપીઠ પદુઆમાં શરૂ થઈ.

બારમી સદીમાં કેટલાક માસ્ટરો ઑક્સફર્ડ ગયા અને ત્યાં 'ઑક્સફર્ડ યુનિવર્સિટી' સ્થપાઈ. ઑક્સફર્ડના વિદ્યાર્થીઓને તોફાન કરવાના પરિણામે ભારે સજા કરવામાં આવતી. તેઓ કૅમ્બ્રિજ તરફ ભાગી ગયા. અને ત્યાં 'કૅમ્બ્રિજ યુનિવર્સિટી'ની સ્થાપના કરવામાં આવી. તેરમી સદીમાં કૅસ્ટાઈલના રાજવી અને પોપે સાલામાન્કાની શાળાને અધિકારપત્ર આપતાં તે સ્પેનની પ્રથમ વિદ્યાપીઠ બની. એ જ પ્રમાણે પોર્ટુગલમાં કોઈમ્બ્રાની વિદ્યાપીઠ રચાઈ. ૧૨૨૪માં નેપલ્સમાં અને રોમમાં, અને ૧૨૩૩માં તુલાઉસમાં વિદ્યાપીઠો સ્થપાઈ. સિસિલીમાં સાલેર્નો આરોગ્યધામ હોઈ ત્યાં આયુર્વિજ્ઞાનની વિદ્યાપીઠ શરૂ થઈ. આ અગાઉ કૉન્સ્ટૅન્ટિનોપલમાં ક્યારનીય વિદ્યાપીઠ સ્થપાઈ ચૂકી હતી; જ્યાં ધર્મશાસ્ત્ર, કાયદો, દર્શનશાસ્ત્ર વગેરે વિષયોનું શિક્ષણ અપાતું હતું. સમ્રાટ માઈકલ–૩જા(૮૪૨-૬૭)ના સમયમાં વિદ્યાના પુનરુત્થાનનો યુગ શરૂ થયો અને વિદ્યા-કલા અને સ્થાપત્ય-કલા પૂર્ણ કલાએ વિકસ્યાં. ચૌદમી સદીમાં બોહેમિયાની નગરીમાં, પોલૅન્ડની ક્રેકોન નગરીમાં, ઑસ્ટ્રિયાના વિયેનામાં અને જર્મનીના હાઈડેલબર્ગમાં વિદ્યાપીઠોની સ્થાપના થઈ. પંદરમી સદીમાં ડેનમાર્કના કૉપનહેગનમાં અને સ્વીડનના ઉપસાલા નગરમાં વિદ્યાપીઠો શરૂ થઈ. આમ, બારથી પંદરમી સદીઓ દરમિયાન યુરોપભરમાં વિદ્યાના પુનરુત્થાનનો યુગ મધ્યાહ્ને તપ્યો. આ વિદ્યાકેન્દ્રોમાં ધર્મશાસ્ત્ર ઉપરાંત રોમ અને ગ્રીસની પ્રાચીન વિદ્યાઓ, દર્શનશાસ્ત્ર, ગણિત, તર્કશાસ્ત્ર, વૈદકવિદ્યા, કાયદાશાસ્ત્ર ઈત્યાદિનો અભ્યાસ શરૂ થયો. પેગન સાહિત્ય તરફની ખ્રિસ્તી અસ્પૃશ્યતા દૂર થઈ. ગ્રીક દર્શનશાસ્ત્રો, વૈદકવિદ્યા ઈત્યાદિ પરના આરબોના અનુવાદ યુરોપના પંડિતોને ઉપલબ્ધ બનવા લાગ્યા. આ અનુવાદોમાં યહૂદીઓએ આગળ પડતો ભાગ લીધો. હિબ્રૂ અને અરબી ઉપરાંત લૅટિન પણ તેઓ જાણતા અને પૂર્વનો સમૃદ્ધ વારસો, હજાર વર્ષના અજ્ઞાન અને અંધકાર બાદ યુરોપને મળવા લાગ્યો. સામાન્ય પ્રજામાં પણ વિદ્યાની ભૂખ ઊઘડી. પૅરિસ, બોલોના અને ઑક્સફર્ડની વિદ્યાપીઠો દેશપરદેશના વિદ્યાર્થીઓને આકર્ષવા લાગી. લૅટિન બોધ ભાષા હોઈ યુરોપની ગમે તે વિદ્યાપીઠમાં ગમે તે પ્રદેશના વિદ્યાર્થીને અભ્યાસ કરવામાં ભાષાની કોઈ મુશ્કેલી નડતી નહિ. લૅટિનની સાથોસાથ જ આ સમયે સ્થાનિક બોલીઓ વિકાસ પામી ભાષાનું પ્રૌઢ સ્વરૂપ ધારણ કરવા લાગી. પાઠ્ય પુસ્તકો અને સંદર્ભ ગ્રંથો પણ લૅટિનમાં મળતા થયા. પ્રાચીન પ્રમાણભૂત ગ્રંથો પણ

હવે લૅટિનમાં ઉપલબ્ધ થવા લાગ્યા. પ્લેટો અને ઍરિસ્ટૉટલના દાર્શનિક ગ્રંથો ઉપરાંત ગણિત, ખગોળ અને વૈદકશાસ્ત્રના પ્રાચીન ગ્રંથો પણ મળવા લાગ્યા. આરબો મારફતે ભારતીય અંકો અને દશાંશ પદ્ધતિ પણ યુરોપને મળ્યાં. ખ્રિસ્તીઓનાં ઝનૂન અને જંગલીઓનાં અનવરત આક્રમણોમાં પ્રાચીન વિદ્યાના ગ્રંથોનો નાશ થયો હતો. ખ્રિસ્તી મઠોના સાધુઓએ સર્વનાશમાંથી બચેલા ગ્રંથોની નકલો કરી એ વિદ્યાઓને જીવતી રાખી હતી. જોકે યુરોપને ગ્રીકનો વિદ્યાવારસો ગ્રીક ભાષામાં નહીં, પણ ગ્રીક ગ્રંથોના આરબોએ અરબી ભાષામાં કરેલા અનુવાદો દ્વારા, તથા આ અનુવાદોના જિરાર્ડ, માઇકલ સ્કૉટ, તથા કૉન્સ્ટન્ટેન્ટાઇન આફ્રિકને (મૃ. ૧૦૮૭) લૅટિનમાં કરેલા અનુવાદો દ્વારા પ્રાપ્ત થયો. મુસ્લિમ સ્પેનનું મોટામાં મોટું પ્રદાન દર્શન-શાસ્ત્રનું છે. ૧૦૮૫માં મુસ્લિમોના હાથમાંથી ટૉલિડો ચાલ્યું જવા છતાં ભાષાન્તરનું કામ ચાલુ રહ્યું. ક્રેમેનોના જિરાર્ડ એકલાએ જ ૭૧ અરબી ગ્રંથોના અનુવાદ કર્યા. યહૂદી વિદ્વાન અબ્રાહામ બેન-એઝરાએ અલબિરુની કૃત ખ્વારિઝ્મની ખગોળવિદ્યાના કોઠાની સમાલોચનાનો અનુવાદ કર્યો. ખ્વારિઝ્મના કોઠામાં ભારતીય અંકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. યહૂદી મટી ખ્રિસ્તી બનેલા જૉને વિખ્યાત અરબ વિદ્વાનો : અલફરઘાના, અબુમાશર, અલ-કિંદી, ગેબિરોલ અને અલ-ગઝ્ઝાલીના ગણિતશાસ્ત્ર, ખગોળવિદ્યા, જ્યોતિષશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના ગ્રંથોના અનુવાદ કર્યા. તેરમી સદી પૂરી થવા આવી, ત્યાં સુધીમાં તો, અરબી વિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર યુરોપને મળી ગયાં. સ્પેનની માફક અનેક સંસ્કૃતિઓના સમન્વય જેવા સિસિલી (ઇટલી)એ પણ યુરોપને પ્રાચીન વિદ્યાઓની ભેટ આપી. અહીં મળેલો એક સિક્કો ભારતીય અંક અને અરબી લખાણ ધરાવતો હતો, એની નોંધ અગાઉ કરી ગયા છીએ.

વિદ્યાપીઠો સ્થપાઇ અને તેને પ્રાચીન ગ્રંથોના અનુવાદો મળ્યા એટલે અધ્યયન – અધ્યાપનનો ઝોક ધર્મશાસ્ત્ર પરથી તર્કશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર જેવા વિષયો તરફ વળ્યો. યુરોપમાં તેરમી સદી વિદ્યાપીઠોનો યુગ છે. ગ્રીક દર્શનશાસ્ત્રનો અભ્યાસ વધતાં ખ્રિસ્તી ધર્મશાસ્ત્રીઓએ જગાવેલાં મંતવ્યો વિશે શંકા જાગવા માંડી. તથા જીવનના ગહન પ્રશ્નો પર ગંભીર ચર્ચા-વિચારણા શરૂ થઈ — પ્લેટો અનુસાર ગુલાબ નહીં પણ ફૂલ; સૉક્રેટિસ નહીં પણ માણસ સત્ય છે. વ્યક્તિગત પદાર્થો માણસો નહીં પણ વર્ગવાચક નામો, ગુણો સત્ય છે. વ્યક્તિ-વાચક પદાર્થ દા. ત., માણસ તો નાશ થાય છે, પણ વ્યક્તિવાચક ગુણ કાયમ રહે છે. આ પ્રમાણે વિચારનારા 'યુનિવર્સાલિસ્ટો' કહેવાયા. પરંતુ આરબોએ ઍરિસ્ટૉટલના ગ્રંથો યુરોપને આપ્યા. ઍરિસ્ટૉટલની સત્યની વ્યાખ્યા પ્લેટો કરતાં પણ જુદા પ્રકારની હતી. તે કહેતો કે વર્ગસૂચક સંજ્ઞા તો તેમાં સમાતા પદાર્થોને સમજવા માણસે બુદ્ધિથી ઊભો કરેલો એકમાત્ર વિચાર છે, વર્ગ તો વ્યક્તિગત પદાર્થો દ્વારા જ હસ્તી ધરાવે છે. નદીને અસ્તિત્વ નથી પણ ગંગા કે ટાઇબર દ્વારા નદી સમજાય છે. આ પ્રમાણે વિચારનારા દાર્શનિકો નામવાદીઓ 'નોમિનાલિસ્ટો' કહેવાયા. 'નામવાદીઓ' અને વર્ગવાદીઓ — 'યુનિવર્સાલિસ્ટો' — વચ્ચે વિવાદ થયા. આ યુગમાં તર્કશાસ્ત્રના અભ્યાસે આ વિવાદોમાં પ્રાણ પૂર્યા અને સમસ્ત યુગ 'પંડિતયુગ' કહેવાયો. તેના મહાપંડિત પીટર એબેલાર્ડે (૧૦૭૯–૧૧૪૨) આ વિષયમાં ઝંપલાવ્યું. નામવાદીઓ અને વર્ગવાદીઓ કરતાં જુદું જ નિરૂપણ તેણે કર્યું. તેણે કહ્યું : વર્ગસૂચક નામ કે વ્યક્તિસૂચક સંજ્ઞા આખરે તો કલ્પના જ છે. તેણે નામવાદ અને વર્ગવાદની સામે 'કલ્પનાવાદ' — 'કન્સેપ્ચ્યુઆલિઝ્મ' — રજૂ કર્યો.

એબેલાર્ડ મહાન શિક્ષક હતો. તે સાચો, નિર્ભીક તેજસ્વી પંડિત હતો. તેની વાક્છટા અને તલવારની ધાર જેવી તીક્ષ્ણ બુદ્ધિ અને વિવાદશક્તિની પ્રખરતાથી ખેંચાઈ ચારે બાજુથી વિદ્યાર્થીઓ પૅરિસની વિદ્યા-પીઠમાં ઊભરાવા લાગ્યા. પ્રથમ ગુરુ રોશેલિન (૧૦૫૦–૧૧૨૦) કરતાંય તે સવાયો નીવડ્યો. તેને તેની તેજસ્વિતા અને વિદ્યાનો ગર્વ અને ગુમાન હતાં. તેણે નોત્રદામની કૅથેડ્રલ શાળામાં અધ્યાપન શરૂ કર્યું. દરમિયાન નોત્રદામ કૅથેડ્રલના ધર્માધિકારી ફુલબર્ટની રૂપાળી ભત્રીજી હેલ્વાને ભણાવવાનું કામ મળતાં ફુલ-બર્ટને ત્યાં તે રહેવા લાગ્યો. ગુરુ-શિષ્યા વચ્ચેનો પ્રેમ-સંબંધ થયો. ફુલબર્ટ હેલ્વા સાથેના એબેલાર્ડના લગ્નને ગુપ્ત રાખે તો બંનેનાં લગ્ન માટે એબેલાર્ડ સંમત થયો. પરંતુ, હેલ્વાએ લગ્ન કરવાની એટલા માટે ના પાડી કે પરિણીત વ્યક્તિ ધર્માચાર્ય ન થઈ શકે. તે ઉપ-પત્ની બની રહેવા કબૂલ થઈ. જેથી એબેલાર્ડને



એબેલૉર્ડ અને હેલ્વા

ધર્માચાર્ય બનતાં કોઈ રોકી ન શકે. અંતે, ફુલબર્ટની હાજરીમાં બંને પરણ્યાં. ફુલબર્ટે લગ્નની વાત જાહેર કરી. એબેલૉર્ડે હેલ્વાને કૉન્વૅન્ટમાં મોકલી દીધી. ફુલબર્ટે એબેલૉર્ડ પર એકાએક હુમલો કરી તેને પુરુષાતનવિહીન બનાવી દીધો. એબેલૉર્ડે હેલ્વાને સાધ્વી બનવા સંમતિ આપી. પોતે પણ સાધુનાં ભગવાં ધારણ કર્યાં.

એબેલૉર્ડ હેલ્વાનો પત્રવ્યવહાર વિશ્વના પત્રસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એબેલૉર્ડના ગ્રંથો એ યુગના મહાન ગ્રંથોમાં સ્થાન ધરાવે છે. પાછળથી સંત બર્નાર્ડ એબેલૉર્ડનો વિરોધી બન્યો. છેલ્લા દિવસોમાં તેના પર ધર્મતંત્ર તરફથી અનેક પ્રતિબંધો મુકાયા. ઈ. સ. ૧૧૪૨ના એપ્રિલ માસમાં ૬૩ વર્ષની વયે મધ્ય યુગના આ મહાન પંડિતનું અવસાન થયું. લગભગ એબેલૉર્ડ જેટલું આયુષ્ય અને એટલી જ કીર્તિ ભોગવી હેલ્વા ૧૧૬૪માં અવસાન પામી અને તેના મહાન પતિની પડખે જ તેને દફનાવવામાં આવી.

ફ્રાન્સની ક્રાન્તિ દરમિયાન આ મહાન દંપતીની કબરને ચૂંથવામાં આવી. પરંતુ બંનેના કહેવાતા અવશેષોને ૧૮૧૭માં પૅરિસ લાવી દફનાવવામાં આવ્યા. આજેય તેમની કબર પર લોકો ફૂલ ચડાવી શ્રદ્ધાંજલિ અર્પે છે.

પૅરિસ પછી ફ્રાન્સનું બીજું મહત્ત્વનું વિદ્યાધામ ચાર્ટિસ બન્યું. એબેલૉર્ડ પછી પાંચ દાયકા બાદ આ વિદ્યાપીઠના ત્રણ સ્નાતકો : કૉન્ચિસનો વિલિયમ, ગિલબર્ટ દ'લા પૉરી અને સેલિસબરીનો જૉન પશ્ચિમ યુરોપમાં ઝળકયા. 'આદમની પાંસળીમાંથી ઈવ ઉત્પન્ન થઈ નથી' એ વિધાન વિલિયમને પાછું ખેંચી લેવું પડયું. પરિણામે તેણે નિવૃત્તિનો અંગીકાર કર્યો. ગિલબર્ટે બુદ્ધિવાદનો સફળ પ્રયોગ કર્યો. તેણે કહ્યું : ઈશ્વરને સમજવો એ બુદ્ધિવાદની મર્યાદા બહારની વાત છે, માટે તે વિશેનાં સઘળાં વિધાનોને રૂપક જેવાં ગણવાં. ઈશ્વરની નિર્ગુણ શક્તિને પણ તેણે રૂપક કહી. સેલિસબરીના જૉને એબેલૉર્ડ, વિલિયમ અને ગિલ્બર્ટ પાસે શિક્ષણ મેળવ્યું હતું. તેણે રાજતંત્ર, ધર્મતંત્ર અને પોપની પાસે રહી ઘણો અનુભવ મેળવ્યો હતો. તે તર્કશાસ્ત્રનો જીવન સાથે મેળ બેસાડતો. તેણે ખૂબ જ નમ્રભાવે ધર્મશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રનો સમન્વય કર્યો.

ઍરિસ્ટૉટલના ગ્રંથો યુરોપને પ્રાપ્ત થયા તેને પરિણામે તે સમયના યુરોપીય વિચારપ્રવાહમાં મોટાં પરિવર્તનો આવ્યાં, યુરોપના વિદ્વાનોએ ગ્રીક દાર્શનિકોનાં દર્શન અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે મેળ બેસાડવાના પ્રયત્નો કર્યા. આંતરિક ઝઘડા, સમ્રાટો સાથેના સંઘર્ષો અને બદલાયેલી આર્થિક-સામાજિક પરિસ્થિતિને કારણે ધર્મતંત્ર અને ધર્મસત્તાનું પ્રાબલ્ય ઘટવા લાગ્યું હતું. બરાબર તે જ સમયે યુરોપને ઍરિસ્ટૉટલનું દર્શન સાંપડયું. તેણે મોટી વિચારક્રાંતિ જગાવી અને બુદ્ધિની ક્ષિતિજો વિસ્તૃત કરી. ઍરિસ્ટૉટલનાં વિધાનો પાછળ

કોઈ ધર્મશાસ્ત્રનું પીઠબળ ન હતું. આમ છતાં મુસ્લિમો અને યહૂદી દાર્શનિકોની માફક યુરોપના ખ્રિસ્તી દાર્શનિકો પણ ઍરિસ્ટૉટલને અંજલિ આપવા લાગ્યા.

આ પહેલાં ઘણાં પરિવર્તનો થઈ ગયાં હતાં; શિક્ષણ વિસ્તૃત બન્યું હતું. વિદ્યાપીઠોએ બુદ્ધિવાદના ક્ષેત્રને વિસ્તૃત કર્યું હતું, જેને રોશેલિન, એબેલૉર્ડ, વિલિયમ, કૉન્ચિસ, સેલિસબરી વગેરેએ પ્રોત્સાહન આપ્યું હતું. ક્રુઝેડ્સ દરમિયાન ઈસ્લામનો સંપર્ક થતાં યુરોપના બંધિયાર જીવનમાં સ્વચ્છ અને તાજગીભરી હવા પ્રવેશી હતી. ઍરિસ્ટૉટલનાં 'ફિઝિક્સ' અને 'મેટાફિઝિક્સ' તથા તે પરથી એવરોએસનાં ભાષ્યો વાંચનારા ઘણા વિદ્યાર્થીઓની ધર્મભાવનાને આંચકો લાગ્યો. સૃષ્ટિની ઉત્પત્તિ, ચમત્કારો ઈત્યાદિ જેવા ખ્રિસ્તી ધર્મસિદ્ધાંતો પર શંકા જાગવા લાગી અને તેના પર પ્રહારો શરૂ થયા. દક્ષિણ ફ્રાન્સમાંના આલ્બિજેન્સના નાસ્તિકવાદ પાછળ અરબી-ગ્રીક સાહિત્યની પ્રેરણા હતી. ઈ.સ. ૧૨૧૦ની પૅરિસની ધર્મપરિષદે ગ્રીક ગ્રંથો વાંચવા પર પ્રતિબંધ મૂકયો. બીજી એક પરિષદે ઍરિસ્ટૉટલના તર્કશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર પરના ગ્રંથો સિવાયના ગ્રંથો પર પ્રતિબંધ મૂકયો. આમ છતાં, ૧૨૫૫માં પૅરિસની વિદ્યાપીઠમાં ઍરિસ્ટૉટલના 'ફિઝિક્સ' અને 'મેટાફિઝિક્સ'નો અભ્યાસ ચાલુ થઈ ગયો હતો. ૧૩૬૬માં પોપ અર્બન પાંચમાના પૅરિસના પ્રતિનિધિએ આર્ટ્સની પદવી લેવા માગનારા સઘળા વિદ્યાર્થીઓ માટે ઍરિસ્ટૉટલનો અભ્યાસ ફરજિયાત બનાવ્યો. ઍરિસ્ટૉટલ સામેના વિરોધને છેવટે ધર્મતંત્રે સંકેલી લેવો પડયો. આ પછી ખ્રિસ્તી સાધુઓ અને વિદ્વાનોએ ગ્રીક દાર્શનિકોના ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ શરૂ કર્યો. સંત ડૉમિનિક તથા સંત ફ્રાન્સિસના સમાજના વિદ્વાનો હેલ્સના ઍલેક્ઝાંડર, આલ્બર્ટ મેગ્નસ અને ટૉમસ ઍક્વિનાસને આ અભ્યાસના અંતે ગ્રીક દર્શનનો ખ્રિસ્તી ધર્મભાવના સાથે મેળ બેસાડવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો. યુરોપના શિક્ષિત વર્ગે ધર્મભાવનાની અભેદ્ય દીવાલોમાંથી નીકળી સ્વતંત્ર મતપ્રદર્શનની મોકળાશ મેળવી તે અગાઉ પંડિતયુગની પોણી સદીના સમય દરમિયાન યુરોપની વિદ્યાપીઠો ધર્મરક્ષકો, આસ્તિકો, નાસ્તિકો, જડવાદીઓ, દેવપૂજકો, દાર્શનિકો, તાર્કિકોના વાદ-વિવાદ અને વિતંડાના અખાડા જેવી બની ગઈ હતી.

દક્ષિણ ફ્રાન્સના કેટલાક બુદ્ધિવાદીઓએ એવો સિદ્ધાંત પ્રગટ કર્યો કે ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કરી તેનું સંચાલન કરવાનું કુદરતના નિયમોને આધીન કર્યું. આમાં ચમત્કારો કે પ્રાર્થનાને કોઈ સ્થાન ન હોઈ શકે. ખ્રિસ્તી ધર્મના પાયાના સિદ્ધાંત પર ખુદ ધર્માચાર્યોએ પ્રહારો શરૂ કર્યા. દરમિયાન આર્થિક પરિવર્તનોએ લોકોની ધર્મભાવના ડગાવી દીધી. હેલ્સના ઍલેક્ઝાંડરે (૧૧૩૦–૧૨૪૫) ઍરિસ્ટૉટલની ભાષામાં બૌદ્ધિક રીતે ધર્મતત્ત્વને સમજાવાનો પ્રયત્ન કર્યો. પણ તેણે બુદ્ધિવાદની મર્યાદા સ્વીકારી, ઍરિસ્ટૉટલ કરતાં પ્લેટોને મહત્ત્વ આપ્યું. પરંતુ તેરમી સદીનો યુરોપનો મોટામાં મોટો દાર્શનિક જેણે ધર્મશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર — શ્રદ્ધા અને બુદ્ધિનો સમન્વય કર્યો તે ટૉમસ ઍક્વિનાસ હતો. ઈસ્લામે અલ-ગઝાલી, એવિસિન્ના અને એવરોએસ આપ્યા તો ખ્રિસ્તી ધર્મે ટૉમસ ઍક્વિનાસ આપ્યો.

ટૉમસનો જન્મ ૧૨૨૫માં ઈટલીમાં ઍક્વિનોના કિલ્લામાં થયો હતો. મોન્ટે કાસિનાના મઠમાં તેણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. ૧૪ વર્ષની વયે તે નેપલ્સની વિદ્યાપીઠમાં દાખલ થયો. તેનો એક શિક્ષક ઍરિસ્ટૉ-ટલનો પ્રખર અભ્યાસી હતો. ટૉમસ ૧૨૪૪માં ડૉમિનિક પંથમાં ભળ્યો. પૅરિસમાં તેણે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને ત્યાં અધ્યાપનનું કામ કર્યું. ૧૨૭૦માં તેણે 'ઑન ધ યુનિટિ ઑફ ધ ઈનટૅલેક્ટ અગેઈન્સ્ટ એવેરોએસ્ટસ' નામનો નિબંધ પ્રગટ કર્યો. તેણે શરૂ કરેલ 'સુમ્મા થિયોલૉજિકા' અધૂરું રહ્યું, પણ તે કૅથલિક સંપ્રદાયના પાયાના સિદ્ધાંત રૂપ બન્યું. ૪૯ વર્ષની વયે તેનું અવસાન થયું. કૅથલિક સંપ્રદાયે તેના તરફના ઋણ તરીકે તેને સંત પદ આપ્યું.

ટૉમસ નમ્ર અને ધર્મભીરુ પંડિત હતો. તે નિરભિમાની વિદ્વાન હતો. તેણે પોતાના માટે કોઈ વિશેષ સગવડ, આડમ્બર કે બઢતીની ઈચ્છા દર્શાવી ન હતી. તેણે તેના પુરોગામી ઍવિસિન્ના, એવેરોએસ, અલ-ગઝાલી, આઈઝેક ઈઝરાયેલી, ઈબ્ન-ગેબિરોલ ઈત્યાદિના સંસ્કાર-ઋણનો સ્વીકાર કર્યો. તેની સૌ કૃતિઓમાં 'સુમ્મા થિયોલૉજિકા' મહત્ત્વનું સંપૂર્ણ પુસ્તક છે.



ટૉમસ ઍક્વિનાસ

એબેલૉર્ડે સ્વતંત્ર વિચારનું જે વર્તુળ શરૂ કર્યું તે બે સદી બાદ ટૉમસ ઍક્વિનાસના સમયમાં પૂરું થયું. આ પછી તો યુરોપમાં વિચારપ્રવાહે મોટા નદનું પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું જેમાં ભલભલી અડીખમ મનાતી ઈમારતોય ઢસડાઈ ગઈ. સ્વતંત્ર વિચાર પ્રદર્શને ખ્રિસ્તી ધર્મ-આસ્થા ડગાવી દીધી. અને તેમાં બ્રેસિયાના આર્નોલ્ડથી માંડી જૉન વિક્લિફ, જૉન હસ અને છેવટે માર્ટિન લ્યૂથર જેવાના વિચારપ્રવાહો ભળ્યા, જેણે છેવટે મધ્ય યુગની સમાપ્તિ કરી.

જીવનના પ્રત્યેક ક્ષેત્રે અને જ્ઞાનની પ્રત્યેક શાખામાં મહા પરિવર્તનો આવ્યાં. પ્રયોગશાળાના ટેબલ પરના અખતરામાં યોગ્ય ઠરે તે જ સત્ય, તે સિવાયનાં પૂર્વગ્રહ, રૂઢિ-રિવાજ, માન્યતા, વહેમ, ધર્મશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રી વિદ્વાનોનાં વિધાનો સુધ્ધાં સત્ય નહીં, એવી વિજ્ઞાનની કસોટી સૌ શાસ્ત્રોને માટે સર્વસામાન્ય કસોટી બની. આ કસોટીમાંથી પાર પડી વૈદકશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર તેમ જ ભિષજ-ઔષધ વિદ્યાએ હરણફાળ ભરી.

આ નવા પ્રસ્થાનનો મધ્ય યુગનો મોટામાં મોટો અને છેલ્લો વિદ્વાન પુરસ્કર્તા રોજર બેકન – રજો (૧૨૧૪–૯૨) હતો. ટૉમસ ઍક્વિનાસ ડોમિનિક સમાજનો સાધુ-પંડિત હતો, તો રોજર બેકન ફ્રાન્સિસ સમાજનો સાધુ-પંડિત હતો. તેણે ઑક્સફર્ડ અને પૅરિસમાં અધ્યયન અને અધ્યાપન કર્યું. તે વૈદકશાસ્ત્રનો સ્નાતક બન્યો હતો. ઑક્સફર્ડમાં તેને તેના પુરોગામીઓએ પાડેલી જ્ઞાનની પરંપરાનો વારસો મળ્યો, તેનો તેણે તેની પ્રતિભાથી વિસ્તાર કર્યો. તેણે ખ્રિસ્તી, યહૂદી અને મુસ્લિમ પુરોગામી પંડિતોનું ઋણ સ્વીકાર્યું. કેવળ વિદ્વાનો પાસેથી જ નહીં, પરંતુ સાધારણ કુશળ કારીગર પાસેથી પણ તક મળતાં તે શીખવા પ્રયત્ન કરતો.

ઈ.સ. ૧૨૬૫માં ઉદાર મતવાદી પોપ ક્લેમેન્ટ – ૪થાએ રોજરને તેનાં લખાણોની શુદ્ધ નકલ ખાનગી રાહે અને વિના વિલંબે મોકલવાનો અનુરોધ કર્યો. તેણે તેના વિદ્યાકોશ જેવા મહાન ગ્રંથની નકલ કરવા માંડી; પણ પોતે તે દરમિયાન અવસાન પામે કે તેનો વિચાર બદલાય એ ભયે, તેણે આ ગ્રંથનો સાર તૈયાર કર્યો. આ સાર પણ પોપને લાંબું લખાણ લાગશે તેમ માની તેણે સારનો પણ સાર કર્યો. આ બંને સાર તેણે પોપ પર ૧૨૬૮માં રવાના કર્યા. આ લખાણો માર્ગમાં ગુમ ન થાય તે માટે તેણે એક ત્રીજો સાર પણ તૈયાર કરી ખાસ વિશ્વાસુ સન્દેશવાહક મારફતે પોપ પર મોકલ્યો. પહેલા બે સાર એટલે 'ઓપસ મેયસ', અને 'ઓપસ માઈનસ' નામે જાણીતા છે. આ લખાણો પોપને મળ્યાં કે નહીં તેની કોઈ નોંધ નથી. અને ત્રીજો મળે તે અગાઉ જ પોપ અવસાન પામ્યો હતો. આ પછી તો ધર્મગુરુઓએ તેનાં લખાણોને વર્જ્ય ગણી તેને કેદ પણ કર્યો હતો.

એબેલૉર્ડથી માંડી ટૉમસ ઍક્વિનાસ સુધીના પંડિતોએ તર્કશાસ્ત્ર પર આધાર લીધો હતો, જ્યારે રોજર બૅકને ગણિતશાસ્ત્ર અને વૈજ્ઞાનિક અખતરા પર આધાર રાખ્યો હતો. નેત્રવિદ્યા અને પંચાંગ સુધારાનાં ક્ષેત્રો સિવાય બીજાં ક્ષેત્રોમાં રોજરનું કોઈ મોટું પ્રદાન નથી. તે પંડિત હોવા કરતાં વિશેષે વિજ્ઞાનનો દાર્શનિક હતો. ભૌતિકશાસ્ત્ર પરનાં તેનાં લખાણો અર્વાચીન શોધખોળની આગાહી રૂપ છે. તેણે ઊડતાં યંત્રો (વિમાનો), પશુની મદદ વિના ચાલતાં વાહનો (મોટર ગાડીઓ), હલેસાં વિના હંકારાતાં વહાણો(આગબોટો)ની કલ્પના કરી હતી. તેણે બંદૂકનો દારૂ બનાવવાનું સૂત્ર આપ્યું હતું.

રોજરના પ્રયત્નોના પરિણામે યુરોપની વિદ્યાપીઠોમાં ધર્મશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર ઉપરાંત ગણિત, વૈદકવિદ્યા, ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, પ્રાકૃતિક વિજ્ઞાન ઈત્યાદિ અનેક શાસ્ત્રોનો અભ્યાસ આગળ વધ્યો. ગેલનના વૈદકશાસ્ત્રમાં આરબોનું રસાયણશાસ્ત્ર ઉમેરાતાં વૈદકનો અભ્યાસ વિસ્તૃત બન્યો. અને આ સૌ શાસ્ત્રો માટે આરબોના પ્રમાણભૂત ગ્રંથો ઉપલબ્ધ બનવા લાગ્યા.

જ્ઞાનની ક્ષિતિજો વિસ્તૃત કરવામાં કાગળ અને મુદ્રણકળાની શોધે મહત્ત્વનો ફાળો આપ્યો. આ શોધ થઈ તે અગાઉ ગ્રંથોની નકલો થતી, પરંતુ નકલો કરતી વખતે ઘણી ભૂલો રહી જવા પામતી. આમ છતાં,



“ઈશ્વરનો સાક્ષાત્કાર થયા વિના અંતિમ વસ્તુ શી છે, તે કોઈ પણ જાણી શકે નહીં. કોઈ પણ એમ કહી ન શકે કે તેને સઘળું જ્ઞાન મળ્યું છે: એક નાનકડી આંખના સ્વભાવ અને રચનાનું પણ સંપૂર્ણ જ્ઞાન ઉપલબ્ધ નથી. માણસ જે કંઈ જાણે છે તેની તુલનામાં તે જે નથી જાણતો તેનું પ્રમાણ નિરવધિ છે. જે નમ્ર છે, તે જ જ્ઞાન મેળવવાની પાત્રતા ધરાવે છે. મેં મોટા પંડિતો કરતાં સરળ અને સામાન્ય માણસો પાસેથી ઘણું મેળવ્યું. માટે કોઈ પણ પોતાના જ્ઞાનનો ગર્વ ન કરે.”

*

“એરિસ્ટોટલ ઘણો વિદ્વાન હતો. તેણે માત્ર જ્ઞાનનો છોડ રોપ્યો. હજુ આ જ્ઞાન-વૃક્ષને ડાળાં-પાંદડાં આપવાનાં બાકી છે. એરિસ્ટોટલનું જ્ઞાન લેટિન દ્વારા ડહોળવા કરતાં અખતરા દ્વારા હજાર ગણી સાદી રીતે મેળવી શકાય તેમ છે. મારું ચાલે તો હું એરિસ્ટોટલના ગ્રંથોની હોળી કરું, કેમકે તેનો સ્વીકાર એ સમય બરબાદ કરવા બરાબર છે અને તેથી અજ્ઞાનની માત્રા જ આપણે વધાર્યે જઈએ છીએ.”

*

“જ્ઞાન પ્રાપ્ત કરવાના બે પ્રકારો છે: વિવેચના અને અનુભૂતિ. તુલનાત્મક વિવેચન કરવાથી આપણે કોઈ તારતમ્ય–સારાંશ કાઢી શકીએ છીએ અને તેથી કંઈક મળ્યાનો હાશકારો થાય છે એ ખરું, પરંતુ આ તારતમ્યને અનુભવોની કસોટીએ ચઢાવીને આપણું મન સત્યની ખોજ કરવા માટે જ્યાં સુધી એકાગ્ર થઈને અંતઃપ્રજ્ઞા પર સ્થિર થતું નથી ત્યાં સુધી આપણને ચોક્કસ પરિણામ મળ્યાની પ્રતીતિ કે આપણી બધી આશંકાઓ દૂર થયાની અનુભૂતિ પ્રાપ્ત થતી નથી.”

*

“સત્યને પામવાના માર્ગમાં ચાર મુખ્ય અવરોધો છે, જે દરેક માનવી(તે ગમે તેટલો જ્ઞાની હોય તોપણ)ની આડે આવે છે, અને જવલ્લે જ કોઈને સુરેખ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર બક્ષે છે. આ અવરોધો છે: ૧. અપ્રાણભૂત અને ભૂલ ભરેલી માન્યતાને વળગી રહેવું; ૨. પ્રણાલિકાગત રૂઢિમાં ફસાવું; ૩. પ્રચલિત પૂર્વગ્રહથી અંજાવું; અને ૪. પોતાના અજ્ઞાનને છુપાવવા માટે આડંબરી જ્ઞાનનો દેખાડો કરવો.”

(રોજર બેકનના પ્રખ્યાત ગ્રંથ ‘ઓપસ’માંથી કેટલીક જાણીતી ઉક્તિઓ)

ખ્રિસ્તી મઠોના સાધુઓએ નકલોનુ કામ ધાર્મિક શ્રદ્ધાથી કરી, પ્રાચીન વિદ્યાઓને મહાવિનાશમાંથી બચાવી લીધી હતી.



જૉન ગેટનબર્ગ : પોતે શોધેલા અક્ષરોના બીબાંમાં છાપેલા પ્રથમ કાગળની નકલ સાથે પોતાના પ્રેસમાં.

લૉરેન્ઝોના મૅગ્નિફિસન્ટના પિતાને પુસ્તકાલય ઊભું કરવાનો વિચાર આવ્યો. પુસ્તકાલય માટેનાં પુસ્તકોની નકલો કરવા તેણે ૪૫ નકલ કરનારાઓને કૉન્ટ્રાક્ટ આપ્યો. ૨૦ વર્ષની મહેનતને અંતે ૪૫ નકલ કરનારાઓ માત્ર ૨૦૦ પુસ્તકો જ તૈયાર કરી શકયા.

ચીન પાસેથી કાગળ બનાવવાનો કસબ શીખનાર આરબો આ કસબ સિસિલી અને સ્પેનમાં લઈ ગયા. ત્યાંથી તે ઇટલી અને ફ્રાન્સમાં ગયો. યુરોપમાં કાગળનો પ્રથમ વપરાશ ઈ. સ. ૧૧૦૨માં સિસિલીમાં, ૧૧૫૪માં ઇટલીમાં, ૧૨૨૮માં જર્મનીમાં અને ૧૩૦૭માં ઇંગ્લંડમાં થયો. યુરોપને કાગળ મળતાં પુસ્તકોનો વ્યવસાય શરૂ થયો. યુરોપને કાગળ મળ્યો તે અગાઉ સ્પેનને મળેલો, જેથી ત્યાં પુસ્તકો, પુસ્તકાલય અને પુસ્તક વિક્રેતાઓ ઊભા થયા હતા. ૧૧૯૦માં જર્મની અને ફ્રાંસમાં કાગળનાં કારખાનાં શરૂ થયાં અને સાથે સાથે મુદ્રણકળા પણ શરૂ થઈ. યુરોપમાં જૉન ગેટનબર્ગે ફેરવી શકાય તેવાં બીબાં દ્વારા છાપવાની શરૂઆત કરી અને ૧૪૦૫માં તેણે મેઇન્ઝ(જર્મન લિપિ)માં બાઈબલની આવૃત્તિ પ્રગટ કરી. ૧૪૫૬માં ઇટલીમાં પહેલું મુદ્રણાલય સ્થપાયું અને ૧૫૦૦ સુધીમાં ફ્રાન્સ, ઇંગ્લંડ અને નેધરલૅંડ્ઝ સહિતના દેશોમાં કુલ ૫૦ મુદ્રણાલયો ઊભાં થયાં. આ મુદ્રણાલયોમાં ૮૦ લાખ પુસ્તકો પ્રગટ થયાં.

યુરોપમાં લોકભાષા અને સાહિત્ય શિક્ષણક્ષેત્રે લૅટિન બોધભાષા હતી. વિદ્વાનો લૅટિનમાં ગ્રંથો લખતા. ધર્મચર્ચા લૅટિનમાં જ થતી. આમ છતાં, લૅટિનથી ભિન્ન ઘણી બોલીઓ હતી, અને આ સ્થાનિક બોલીઓમાં નિત્યના જીવનનો વ્યવહાર ચાલતો. આમાંથી ઘણી સ્થાનિક બોલીઓ લૅટિનના સંસર્ગથી વિકાસ પામી ભાષાનું સ્વરૂપ પામવા લાગી. લોક-લૅટિનમાંથી જે ભાષાઓ વિકાસ પામી તે જતે દિવસે ફ્રેન્ચ, ઇટાલિયન, પ્રોવૅન્કલ, કાસ્ટિલિયન, પોર્ટુગીઝ, સ્પૅનિશ અને રોમાનિયન ભાષઓ તરીકે વિકસી. જર્મનોના સંપર્કથી જે ટ્યુટૉનિક ભાષાઓ વિકસી તેમાંથી લો-જર્મન, હાઇ-જર્મન, ઍંગ્લો-સૅક્સન, સ્કૅન્ડિનેવિયન ભાષાઓ બની. બ્રિટનના મૂળ વતનીઓની કેલ્ટ ભાષામાંથી વેલ્સ, સ્કૉચ, આઇરિશ, અને આઇસલૅન્ડની ભાષાઓ બની. મધ્ય યુગમાં બાઇબલના અનુવાદો સિવાય આ લોકભાષાઓમાં કોઈ લખાણ થયું નહિ, પરંતુ ધીમે ધીમે લોક-ભાષાઓમાં લોકસાહિત્ય વિસ્તરવા લાગ્યું. મોટા ભાગે આ સાહિત્ય મનોરંજન પ્રકારનું હતું તેમાં ટૅક્નિકલ ધાર્મિક અને બૌદ્ધિક વિષયો ચર્ચાતા નહિ. આ લોકસાહિત્યમાં સામાન્ય માણસોનો રસ પ્રતિબિમ્બિત થતો અને તેમાં મુખ્યત્વે શૌર્ય અને પ્રેમનાં કથાગીતો-કાવ્યો અને મહાકાવ્યો રચાતાં. આવા પ્રકારના સાહિત્યનો પ્રચાર કરતા બાર્ડ્ઝ(ભાટ-ચારણો) સર્વત્ર ફરતા. મોટા મેળા, ગુજરીઓ અને યાત્રાઓના પ્રસંગોએ આ ફરતા કવિગાયકો તેમની કથાઓ અને મહાકાવ્યો ગાઈ સંભળાવતા. આ લોકસાહિત્યમાં બ્રિટન માટે જૂનામાં જૂનું કથાગીત 'બુવૂલ્ફ' ગણાય છે. તેની રચના સાતમી કે આઠમી સદીમાં થઈ લાગે છે. તેની ઈ. સ. ૧૦૦૦ની એક હસ્તપ્રત બ્રિટિશ મ્યુઝિયમમાં છે. આઇસલૅન્ડમાં પણ વાઇકિંગોના જમાનાનું લોકસાહિત્ય વિપુલ છે. રાજકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ યુરોપમાં ફ્રેન્ચ પ્રમુખ ભાષા હતી અને સૌ લોકસાહિત્યમાં તેનો વિકાસ વધારે થયો હતો. ફ્રાન્સમાં પણ ઉત્તર અને દક્ષિણની એમ બે પ્રકારની ફ્રેન્ચ લોકભાષાઓ હતી. ઉત્તર ફ્રાન્સની લોકભાષા ૧૦૬૬માં નોર્મનોના વિજયની સાથે ઇંગ્લિશ ખાડી ઓળંગી ઇંગ્લંડમાં પહોંચી અને ત્યાંની ઍંગ્લો-સૅક્સન ભાષાની સાથે ભળી, આજની અંગ્રેજી ભાષામાં તેનો વિકાસ થયો. દક્ષિણ ફ્રાન્સની લોકભાષા અને ઉત્તર-પૂર્વ સ્પેનની લોકભાષામાં ઘણું લોકસાહિત્ય પ્રગટ થયું.

ફ્રેન્ચ સાહિત્યમાં થાંસોં(ચેન્સમ) નામે જાણીતું બનેલું સાહિત્ય પરાક્રમ-કથાનાં લોક-કાવ્યરૂપે છે. 'શાંસોં રોલૅન્ડ'નો ઉલ્લેખ અગાઉ (પૃ. ૧૮ પ૨) આવી ગયો છે. લોકકથાગીતો અને કાવ્યના પ્રચારકો 'ત્રુબાદુર્સ' નામના ચારણો હતા. આમાં ઉમરાવો પણ ભળતા. દક્ષિણ ફ્રાન્સ અને ઉત્તર સ્પેનના ઉપલા સમાજમાં નવા પ્રકારનું સાહિત્ય વિકસવા લાગ્યું; એમાં પ્રેમપ્રસંગોનાં ઊર્મિગીતો હતાં.

આમ, ધીમે ધીમે યુરોપમાં વિવિધ દેશોની ભાષાઓ વિકસવા લાગી. મધ્ય યુગના પ્રતિનિધિ રૂપ કવિ દાન્તે (૧૨૬૫–૧૩૨૧) પ્રમુખ સ્થાન ધરાવે છે. તેના પિતાનું નામ આલિગીએરો હતું અને માતાનું નામ બેલી આલિગીએરી હતું. પિતાએ બાળકનું નામ ડુરાન્ટે આલિગીએરો રાખેલું. નાનપણમાં માતાનું મૃત્યુ થયું અને પંદર વર્ષની વયે પિતા પણ સાવકી માતા અને સાવકાં ભાઈબહેન મૂકીને મરી ગયા. ફ્લૉરેન્સના એક નાગરિકને ત્યાં મે-દિનની ઊજવણી પ્રસંગે તેની નવ વર્ષની પુત્રી બિઍટ્રિસ પર દાન્તેની નજર પડી અને એ બાલિકાએ તેના સમસ્ત જીવનને આવરી લીધું. ત્યાર પછીના નવ વર્ષના ગાળામાં તેણે સોનેટો રચ્યાં. ૧૨૮૯માં પેલી બાળકીનું સાયમન દ બાર્ડી સાથે લગ્ન થયું. પણ બિઍટ્રિસ પ્રત્યેના દાન્તેના પ્રેમમાં કંઈ જ ઓટ આવી નહીં. સ્થાનિક રાજકારણના સંઘર્ષોમાં દાન્તે દેશનિકાલ થયો (ઈ. સ. ૧૩૦૨) અને તેની માલ-મિલકત જપ્ત થઈ. ત્યાર પછીનાં ૧૯ વર્ષ રઝળપાટનાં બન્યાં અને આ રઝળપાટમાં તેના મહાકાવ્ય 'ધ ડિવાઇન કૉમેડી 'નાં બીજ રોપાયાં. આ દિવસોમાં તેણે ઇટલીનો વેર-વિખેર જોયો. અને 'પવિત્ર રોમન સામ્રાજ્ય'ની પુનઃપ્રતિષ્ઠાનાં સ્વપ્ન સેવ્યાં. લેટિન જ્યારે પ્રતિષ્ઠિત અને વિદ્વદ્‌માન્ય ભાષા હતી, ત્યારે વિકાસ પામી રહેલી દેવીભાષાના યુગમાં સ્ત્રીઓ પણ સમજી શકે તેવી ઇટાલીયન ભાષામાં દાન્તેએ સ્વર્ગ-નર્કની કલ્પનાનું મહાકાવ્ય 'ડિવાઇન કૉમેડી' લખ્યું.



**દાન્તે** : મહાકાવ્ય 'ધ ડિવાઈન કૉમેડી'ના સર્જક

આ મહાકાવ્ય ત્રણ ભાગમાં છે. પહેલા ભાગમાં સાત પ્રકારનાં નર્ક અને તેની યાતનાઓ કવિ વર્ણવે છે. બીજા ભાગમાં નર્ક અને સ્વર્ગ વચ્ચેના અંતરિયાળ કાલ્પનિક પ્રદેશમાં પાપીઓ પાપ ધોઈ સ્વર્ગ તરફ પ્રયાણ કરી શકે તેવા પર્ગેટરીનું (પાપ-પ્રક્ષાલન-લોકનું) કવિ વર્ણન કરે છે. વર્જીલને નર્ક અને પર્ગેટરીમાં ફેરવી છેવટે સ્વર્ગના આરોહણના ઉંબરે લાવે છે. ત્યારે જીવનભર છવાઈ રહેલી પ્રેમમૂર્તિ બિઍટ્રિસ તેનો હાથ પકડી એક પછી એક સાત સ્વર્ગના લોકમાં ફેરવી, છેવટે ઈશ્વરની સમીપ લઈ જાય છે. નર્કલોકમાં કવિ હોમર, હોરેસ, ઓવિડ, હેલન, પૅરિસ, ક્લીઓપેટ્રા, પોપ નિકોલસ – ૩જો, ક્લેમન્ટ – ૫મો ઇત્યાદિને સબડતા જુએ છે. એક પછી એક સ્વર્ગ લોક વટાવતાં તે ચોથા સ્વર્ગમાં પ્રવેશે છે. ત્યાં તેને બીથિયસ, ઈસાડૉર, બીડ, પીટર, લૉમ્બાર્ડ, આલ્બર્ટસ મેગ્નસ, ટૉમસ ઍક્વિનાસ ઇત્યાદિનાં દર્શન થાય છે. છેલ્લા સ્વર્ગના પ્રત્યેક પગથિયે બિઍટ્રિસ અનન્યરૂપ ધારણ કરે છે. છેલ્લા સ્વર્ગમાં તે નિષ્ઠાવાન જીવન જીવનાર મહાપુરુષોને જુએ છે. સંત પીટર ડેમિયનને દાન્તે પૂછે છે : "ઈશ્વરની પૂર્વ નિર્મિતિ અને માનવની સ્વતંત્ર ઇચ્છાશક્તિનો કેમ

મેળ બેસે?" પીટર જવાબ આપે છે: "ઈશ્વરના સાન્નિધ્યમાં બેઠેલા મહાન આત્માઓ પણ આ સવાલનો જવાબ આપવા સમર્થ નથી." દાન્તેનો આ સવાલ મધ્ય યુગનો શિરોમણિ સવાલ હતો. ધર્મશ્રદ્ધા અને સ્વતંત્ર બુદ્ધિના દ્વંદ્વનો એ યુગ હતો. મધ્ય યુગની ઈશ્વર અને ધર્મ ઉપરની શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વહેમ તથા સમ્રાટો, રાજવીઓ, ધર્મગુરુઓ અને ખુદ પોપના પ્રપંચો ઉપરાંત સામાજિક અને નૈતિક અધોગતિ અને આમાંથી નીકળવાના પુરુષાર્થ-સંઘર્ષો; માનવસમાજને સ્થિર કરે તેવા મહાપરાક્રમી સમ્રાટ માટેની અપેક્ષાઓ — મધ્ય યુગનાં આ સૌ પરિબળોને તેની આ 'ડિવાઇન કૉમેડી'માં આલેખ્યાં છે. માટે તે ખરે જ મધ્ય યુગનું પ્રતિનિધિ મહાકાવ્ય છે. નર્ક અને પર્ગેટરીની યાતનાઓમાંથી પસાર થઈ કવિ છેવટે ઈશ્વરના સાન્નિધ્યમાં જાય છે. તેથી કાવ્યનું 'ડિવાઈન કૉમેડી' શીર્ષક સાર્થક બને છે. એક વિશાળ યુગને સમગ્ર રીતે આવરી લેતું, તેની આશા-નિરાશા અને મહત્ત્વાકાંક્ષાને રજૂ કરતું વિશ્વ સાહિત્યમાં કોઈ કાવ્ય હોય તો તે દાન્તેની 'ડિવાઇન કૉમેડી' છે. મધ્ય યુગ દ્વેષ, ઈર્ષા અને ધિક્કારનો યુગ હતો. તો તે પ્રેમનો પણ યુગ હતો, એ હકીકત પણ સમગ્ર મહાકાવ્યમાં કવિના બિઍટ્રિસ પ્રત્યેના નિર્મળ પ્રેમમાં પ્રતિબિમ્બિત થાય છે અને બિઍટ્રિસને ગુલાબની પાંદડીઓમાં સ્થાન આપી કવિ તેની પૂર્ણાહુતિ કરે છે.

## સ્થાપત્ય — લલિતકલાઓ

દસમી અને અગિયારમી સદીમાં શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રમાં જે ઉત્થાન થયું તેવું ઉત્થાન સ્થાપત્ય, શિલ્પ-કલા અને સંગીતમાં પણ થયું. પ્રાચીન રોમમાં સાર્વજનિક કામ માટે નગરના આગેવાનો બજાર જેવા



ચાર્ટિસનું કૅથેડ્રલ : ફ્રાન્સનું આ પ્રખ્યાત દેવળ 'ગૉથિક' પ્રકારની બાંધણીના સ્થાપત્યમાં ભવ્ય અને સુંદર ગણાય છે.



**સંત બેસિલનું કેથેડ્રલ :** મોસ્કોમાં આવેલું આ જાણીતું દેવળ 'ઇવાન ધ ટેરિબલે' બંધાવેલું છે. આ દેવળની બાંધણી રશિયન સ્થાપત્યની વિશિષ્ટતાનો આગવો ખ્યાલ આપે છે.

મધ્યસ્થ સ્થાનમાં ભેગા મળતા. આ સ્થાને જતા દિવસે અત્યારના નગરખંડ અને મ્યુનિસિપલ હૉલનું મહત્ત્વ મેળવ્યું અને તે બેસેલિકા તરીકે ઓળખાવા લાગ્યા. આ બેસેલિકામાં થોડો ફેરફાર કરી ખ્રિસ્તીઓએ તેમના ધર્મસ્થાનની રચના કરી. આ અગાઉ તેમના પર રોમન સમ્રાટો તરફથી જુલમો થતા, ત્યારે તેઓ ભોંય ભીતર જઈ કેટેકોમ્બ રચી પ્રાર્થના અને ધર્મવિધિ કરતા. પરંતુ ખ્રિસ્તી ધર્મ રાજ્ય અને પ્રજામાન્ય થતાં ઝડપથી ખુલ્લાં ધર્મસ્થાનો ઊભાં થવા લાગ્યાં.

રોમન બેસેલિકાનો 'ગ્રાઉન્ડ-પ્લાન' ક્રૂસ આકારનો રહેતો. શરૂઆતમાં આ બેસેલિકા લાકડાનાં બનાવવામાં આવતાં. પરંતુ પથ્થરોનો પણ તે માટે ઉપયોગ શરૂ થયો. ખ્રિસ્તી સમાજ વિસ્તૃત બનતાં, રોમન બેસેલિકા નાનાં પડવા લાગ્યાં. તેના મૂળ આલેખની મર્યાદામાં તેનો વિસ્તાર કરવાનું શક્ય ન હતું. પરંતુ પંદરમી સદીમાં રોમન સામ્રાજ્યનો નાશ કરનાર ગૉથ પ્રજાએ જે જે પ્રદેશો કબજે કર્યા ત્યાં જે નવા પ્રકારનાં દેવળોનું સ્થાપત્ય વિકસ્યું તે 'ગૉથિક' સ્થાપત્ય તરીકે ઓળખાયું. તેને 'ગૉથિક' લોકની કળા સાથે કશો જ સંબંધ ન હતો. તેની વિશેષતા એ હતી કે પથ્થરના દેવળના છાપરાનો ભાર ઝીલી શકે તેવો તેનો વિસ્તાર વધારવા શંકુ આકારની કમાનની રચના કરવામાં આવી. તેનાં કારણે દેવળની ઊંચાઈ પણ બાજુની દીવાલોમાં ઉપરની છતને ટેકો આપી શકે અને દેવળમાં પ્રકાશ લાવી શકાય તેવા પણ તેમાં ફેરફાર કરવામાં આવ્યા. ફ્લાઈન્ગ બટ્રેસિસથી બાજુની દીવાલો પર બોજ વધાર્યા વિના વિસ્તાર નિપજાવી શકાયો, મોટી બારીઓ મૂકી શકાઈ, જેણે પ્રકાશ આણ્યો; એટલું જ નહીં, પણ આ બારીઓએ, રંગીન કાચની ગોઠવણીને શક્ય બનાવીને સૌન્દર્યમાં વધારો કર્યો. એકંદરે દેવળો વિશાળ બન્યાં. વિસ્તરતા ખ્રિસ્તી સમાજની જરૂરિયાત સંતોષાઈ.

આ પ્રકારનું નવું સ્થાપત્ય ઇટલીની બહાર ફ્રાન્સ, ઇંગ્લંડ વગેરે દેશોમાં અગિયારમી સદી બાદ વિકસ્યું અને ધર્મસ્થાનો પરથી તે ગિલ્ડહૉલ, કૉમ્યુનોના સભાખંડો જેવાં સાર્વજનિક મકાનો સુધી વિસ્તર્યું. આ શૈલીનાં દેવળોમાં પૅરિસનું નોત્રદામ, ચાર્ટિસનું કૅથેડ્રલ, સ્ટ્રાસબર્ગનું કૅથેડ્રલ તથા રેઈમ્સ, કેન્ટરબરી, સેલિસબરી વગેરેના કૅથેડ્રલોનો સમાવેશ થાય છે.

બારમી અને તેરમી સદીમાં બંધાયેલા આ સ્થાપત્ય-નમૂનાઓ સમયનો માર ખાઈને પણ તે સમયની કલા, ધર્મભાવના અને સાર્વજનિક હેતુ પ્રત્યેના ઉત્સાહની સાક્ષી પૂરે છે. (ભારતમાં મુંબઈના વિક્ટોરિયા ટર્મિનસ રેલવે સ્ટેશનનું મકાન ગૉથિક સ્થાપત્ય શૈલીના નમૂના રૂપ છે. (આ દેવળો બંધાયાં એ સમય ધર્મઆસ્થાનો હતો; અને લોકો અપવાદ વિના ધર્મસ્થાનોમાં ભેગા મળતા. ઘણી વાર સમસ્ત ગામ કે નગર તેમનાં ધર્મસ્થાનોમાં ઊભરાતું. સેંટ ડૅનિસના સુગેરના કહેવા મુજબ આ દેવળોમાં એવી તો ભીડ જામતી કે વેદી તરફ જવા માટે સ્ત્રીઓએ પુરુષોના માથા પર થઈને જવું પડતું! આ દેવળો બંધાયે સેંકડો વર્ષ વીતી ગયાં છતાં અને વસ્તી અનેક ગણી વધી ગઈ હોવા છતાં, રવિવારના સમૂહસ્તવન પ્રસંગેય આ દેવળો ખૂબ જ મોટાં લાગે છે.



**સ્ટેવ ચર્ચ :** મધ્ય યુગમાં સ્કેન્ડિનેવિયાના નૉર્વેમાં લાકડાંનાં આવાં અસંખ્ય દેવળો બંધાયેલાં જેની ભવ્ય બાંધણીમાંથી પ્રેરણા લઈને ત્યાર બાદ યુરોપમાં 'ગૉથિક' બાંધ-કામનાં દેવાળો બંધાયાં. આવાં લાકડાંનાં કેટલાંક દેવળો હજુ પણ હયાત છે.

તે યુગ ગરીબાઈનો હતો, પણ ધર્મશ્રદ્ધા ધરાવતા ગરીબ લોકો પણ તેમનાં ધર્મસ્થાનો બાંધવા પાછળ તેમની નાની બચતોને ખર્ચી નાખવા મુદ્દલે અચકાતા નહીં. મોટે ભાગે દેવળોમાં જમા થયેલી રકમોનો દેવળો બાંધવા પાછળ ખર્ચ કરવામાં આવતો. આ ઉપરાંત રાજવીઓ, ઉમરાવો, શ્રેષ્ઠીઓ, મહાજનો અને વ્યક્તિગત ધર્મશ્રદ્ધાળુઓ ખુશીથી પોતાના ગામના ધર્મસ્થાનના ફાળામાં દ્રવ્ય આપતા. નગર-નગર અને ગામ-ગામ વચ્ચે ધર્મસ્થાન બાંધવા માટે તંદુરસ્ત સ્પર્ધા થતી. આમ, ધર્મશ્રદ્ધાળુ લોકો અને મહાજનોના પુરુષાર્થ અને સ્થપતિઓની કલામાંથી ગૉથિક દેવાલયો અને નગરખંડો ઊભાં થયાં.



**એમ્બૉસી :** ફ્રાંસના રાજાઓના મહેલમાંના એક દેવળના પ્રવેશદ્વાર પર 'ગૉથિક' સ્થાપત્ય શૈલીમાં બારીક શિલ્પ કામ.

સ્થાપત્યની સાથોસાથ શિલ્પનો પણ વિકાસ થયો. સ્ત્રીને નીચું સ્થાન આપનાર મધ્ય યુગે ઈશુની માતાની ભક્તિ કરી સ્ત્રી પ્રત્યેનું ઋણ અદા કર્યું. નવાં દેવળોમાં ઈશુ, માતા મૅરી, બાઈબલના પ્રસંગો, ઈશુના પરમ શિષ્યો-સંતોએ શિલ્પીઓ, સ્થપતિઓ અને કલાકારોને તેમની કલાને

ખીલવવાની ભરપૂર સામગ્રી આપી અને દેવળોના સ્તંભો, બારસાખો, ગોખલા, કાંગરી વગેરે સ્થાનો પર અનેક પ્રકારની વનસ્પતિથી માંડી માનવ આકૃતિઓનાં પથ્થરનાં સુશોભનો ઊભાં થયાં, એટલું જ નહિ પણ અનેક પ્રતિમાઓ વિવિધ રૂપે વિરાજમાન બની.







સ્થપતિ-શિલ્પીઓની સાથે ચિત્રકારો પણ ધર્મકાર્યમાં જોડાયા. મધ્ય યુગમાં ચિત્રકલા મહત્ત્વની કલા ગણાતી નહિ. તે સમયના મોટા ભાગના કલાકારો ભીંત પરનાં પ્લાસ્ટર પર ચિત્રો દોરતા; પરંતુ ફ્લાન્ડર્સમાં ૧૫મી સદીમાં વાન આઈક નામના બે ચિત્રકાર બંધુઓએ રંગમાં તેલનું મિશ્રણ કરી નવા પ્રકારની ચિત્રશૈલી વિકસાવી તેથી ભીંતચિત્રોનો રંગ ઊડી જતો તેના બદલે તૈલ ચિત્રોના રંગો કાયમી સ્વરૂપના બન્યા.

તે સમયે થઈ ગયેલા લિયોનાર્દો દ વિન્ચી (૧૪૫૨–૧૫૧૯) સર્વતોમુખી પ્રતિભાસંપન્ન કલાકાર હતો. તે કલાકાર હોવા ઉપરાંત વિજ્ઞાની, શોધક, સંગીતજ્ઞ, દાર્શનિક, લશ્કરી ઇજનેર અને શરીરરચનાશાસ્ત્રનો વિદ્યાર્થી હતો. માનવશરીરને યોગ્ય રીતે આલેખવા માટે તેણે માનવ અંગોનો અભ્યાસ કર્યો; એટલું જ નહીં પરંતુ, ફાંસીને માંચડે મરણ પામેલા ગુનેગારના શબને ચીરી માનવ દેહનાં અંગોનાં રેખાંકનો બનાવ્યાં. 'મોનાલીસા' અને 'છેલ્લું વાળુ' (લાસ્ટ સપર) સર્વકાળ માટેનાં ઉત્તમ ચિત્રની કૃતિઓ છે. તેણે નહેરો, પુલો, ગટરો અને અનેક પ્રકારનાં ઇજનેરી કામોનાં રેખાંકનો અને આલેખો તૈયાર કર્યાં છે. તેનાં રેખાંકનોમાં હેલીકૉપ્ટરની કલ્પના પણ અંકિત થઈ છે.

તે સમયનો બીજો મહાન ચિત્રકાર માયકલ એન્જેલો (૧૪૭૫–૧૫૬૪) હતો. પોપના મહેલ વેટિકનના સિસ્ટાઈન દેવ-ઘરની છત પર તેણે સૃષ્ટિની ઉત્પત્તિથી માંડીને મહાપ્રલય સુધીની બાઈબલની કથા આલેખી છે. કમર તોડી નાંખે તેવા પાંચ વર્ષના લગાતાર શ્રમ પાછળ તેણે આંખનું નૂર લગભગ ગુમાવ્યું હતું. તેનું 'છેલ્લો ન્યાય' સુખ્યાત ચિત્ર એ જ દેવ-ઘરમાં છે.





(ઉપર) મોનાલીસા : લિયોનાર્દોની ઉત્તમ ચિત્રકૃતિ (વચ્ચે) રાફાયલની ત્રિકોણાત્મક ચિત્રશૈલીનું શ્રેષ્ઠ ચિત્ર મેડોના ઑફ ધ ગોલ્ડફિન્ચ' (નીચે) ઇટાલિયન ચિત્રકાર એન્જલો ફ્રાનું પ્રખ્યાત ચિત્ર 'એન એન્જલ'.

બાઇઝેન્ટાઇન બાંધણીનાં સ્થાપત્યો ઉપરાંત (ડાબે) ચાંદીની રકાબી પરનું 'ડેવિડ અને ગોલિયાથ'નું ચિત્ર અને (જમણે) ચિનાઈ માટી પરની નકશીદાર તકતીમાં જીસસ ક્રાઈસ્ટના ચિત્રકામની કલાત્મક કૃતિઓ જેવી અસંખ્ય કલાકૃતિઓ પણ તે સમયની ભવ્ય કલા-કારીગરીનો પરિચય આપે છે.



મધ્ય યુગમાં ફ્રાંસના સંતોના આવા મઠ-વિહારોની બાંધણી-રચના પણ ઉત્તમ સ્થાપત્ય કલાના નમૂના રૂપ દેખાય છે.

ઉપરાંત, રફાયલ (૧૪૩૩–૧૫૨૦) પોપનો માનીતો કલાકાર હતો; અને ટિશિયને (૧૪૭૭–૧૫૯૫) તેની ચિત્રકલામાં સાંસારિક વિષયો ઉમેરી ખ્રિસ્તીઓ, પેગનો, ઉમરાવ સ્ત્રી-પુરુષોના ચિત્રો દોર્યાં. તે સમયે કુશળ અને પ્રતિભાસંપન્ન સ્થપતિઓ અને કલાકારો હતા, તેવા જ કલાકારો અને સ્થપતિઓને પ્રોત્સાહન અને આશ્રય આપે તેવા સંસ્કારી શ્રેષ્ઠિઓ પણ હતા. ફ્લૉરેન્સ નગરી આવા કલાકારો અને તેમને પ્રોત્સાહન આપનાર સંસ્કારી શ્રેષ્ઠિઓની નગરી હતી. તે નગરના જાહેર-જીવનની ટોચે બેઠેલા મેડિચી કુટુંબનો ફાળો આ ક્ષેત્રે અનન્ય છે. ૧૪૯૨માં મૃત્યુ પામનાર લોરેન્ઝોએ સત્તા કબજે કરવા ગમે તેવી કુટિલ નીતિરીતિ અખત્યાર કરી હશે, તેમ છતાં સુંદર અને ભવ્ય ઈમારતોને બંધાવીને તેણે સ્થપતિઓ, શિલ્પીઓ, લેખકો, કવિઓ અને કલાકારોને ઉદાર હાથે સહાય પણ આપી. ઈતિહાસ તેને એક આપખુદ સત્તાધારી કરતાં કલાના ઉપાસક તરીકે વિશેષ ઓળખે છે.

એ જ પ્રમાણે અનેક પોપ પણ કલા અને સ્થાપત્યના ઉપાસક બન્યા. તેમણે રોમમાં લેખકો અને કલાકારોને બોલાવ્યા અને ઉત્તમ કૃતિઓનાં સર્જન માટે તેમને પ્રેરણા આપી. પોપ નિકોલસ પાંચમાએ દુનિયામાં સમૃદ્ધ ગણાય તેવું વેટિકનનું પુસ્તકાલય ઊભું કર્યું અને હાલ હયાત છે તે સેંટ પીટરના દેવળનું સંયોજન કર્યું હતું.

આમ, સઘળાં ક્ષેત્રો — શિક્ષણ, ભાષા, સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ અને કલામાં નવું પ્રસ્થાન શરૂ થયું અને મધ્ય યુગે વિદાય લીધી.



ધર્માચાર્ય (બિશપ) : શેતરંજની રમતના સોગઠામાં હાથીદાંતની નકશીમાં (૧૨મી સદી) ●

## અરબ ઇતિહાસની મહત્ત્વની વ્યક્તિઓ–રાજાઓ–ખલીફો ઇત્યાદિ

### મહમ્મદનું કુળ




# ખંડ ૩ : અરબ (રાજકીય)

## ઉમૈયા ખલીફો

| | |
|---|---|
| મુઆવિયા | ૬૫૧–૬૮૦ |
| યઝિદ–૧ | ૬૮૦–૬૮૩ |
| મુઆવિયા–૨ | ૬૮૩– |
| મારવાન–૧ | ૬૮૩–૬૮૫ |
| અબ્દુલ મલિક | ૬૮૫–૭૦૫ |
| અલવાલિદ | ૭૦૫–૭૧૫ |
| સુલેમાન | ૭૧૫–૭૧૭ |
| ઉમર–૨ | ૭૧૭–૭૨૦ |
| યઝિદ–૨ | ૭૨૦–૭૨૪ |
| હિશામ | ૭૨૪–૭૪૩ |
| અલવાલિદ–૨ | ૭૪૩–૭૪૪ |
| યઝિદ–૩ | ૭૪૪– |
| ઇબ્રાહીમ | ૭૪૪– |
| મારવાન–૨ | ૭૪૪–૭૫૦ |

## અબ્બાસી ખલીફો

| | |
|---|---|
| અલ–સફાહ | ૭૫૦–૭૫૪ |
| અલ મનસૂર | ૭૫૪–૭૭૫ |
| અલ મહદી | ૭૭૫– |
| અલ હાદી | ૭૭૫–૭૮૫ |
| અલ રશીદ | ૭૮૬– |
| અલ અમીન | ૭૮૬–૮૦૯ |
| અલ મામુન | ૮૦૯–૮૧૩ |
| અલ મુતાસિમ | ૮૧૩–૮૩૩ |
| અલ વાથિક | ૮૩૩–૮૪૨ |
| અલ મુત્તવક્કીલ | ૮૪૨–૮૪૩ |
| અલ મુન્તસીર | ૮૬૧–૮૬૨ |
| અલ મુસ્તેન | ૮૬૨–૮૬૬ |
| અલ મુતાઝ | ૮૬૬–૮૬૯ |
| અલ મુહતદી | ૮૬૯–૮૭૦ |
| અલ મુતામિદ | ૮૭૦–૮૯૨ |
| અલ મુતાદિદ | ૮૯૨–૯૦૨ |
| અલ મુક્તફી | ૯૦૨–૯૦૮ |
| અલ મુક્તદિર | ૯૦૮–૯૩૨ |
| અલકાહિર | ૯૩૨–૯૩૪ |

## ખલીફા (સ્પેન)

| | |
|---|---|
| અબ્દલ રહમાન–૫ | ૧૦૨૩– |
| મહમ્મદ–૩ | ૧૦૨૩–૧૦૨૫ |
| હિશામ–૩ | ૧૦૨૭–૧૦૩૧ |

## ફાતિમા ખલીફા

| | |
|---|---|
| અલ મહદી | ૯૦૯–૯૩૪ |
| અલ કાઈમ | ૯૩૪–૯૪૬ |
| અલ મનસુર | ૯૪૬–૯૫૨ |
| અલ મુઈઝ | ૯૫૨–૯૭૫ |
| અલ અઝિઝ | ૯૭૫–૯૯૬ |
| અલ હાકિમ | ૯૯૬–૧૦૨૧ |
| અલ ઝહિર | ૧૦૨૧–૧૦૩૧ |
| અલ મુસ્તનસિર | ૧૦૩૫–૧૦૯૪ |
| અલ મુસ્ત અલી | ૧૦૯૪–૧૧૦૧ |
| અલ અમીર | ૧૧૦૧–૧૧૩૦ |
| અલ હાફિઝ | ૧૧૩૦–૧૧૪૯ |
| અલ ઝાફીર | ૧૧૪૯–૧૧૫૪ |
| અલફૈઝ | ૧૧૫૪–૧૧૬૦ |
| અલ અદિદ | ૧૧૬૦–૧૧૭૧ |

## સીરિયાના સેલજુક સુલતાનો

| | |
|---|---|
| તુતુશ ઇબ્ન અલપ | |
| અર્સ્તાન | ૧૦૯૪–૧૦૯૫ |
| રિદવાન | ૧૦૯૫–૧૧૧૩ |
| અલપ અર્સ્તાન અલ | |
| અખ્રાસ | ૧૧૧૩–૧૧૧૪ |
| સુલતાન શાહ | ૧૧૧૪–૧૧૧૭ |

## અય્યુબ વંશના સુલતાનો

| | |
|---|---|
| સાલાહ અલદીન | ૧૧૬૯–૧૧૯૩ |
| અલ અઝિઝ | ૧૧૯૩–૧૧૯૮ |
| અલ મનસૂર મુહમ્મદ | ૧૧૯૮–૧૧૯૯ |
| અલ અદિલ સૈફલદીન | ૧૧૯૯–૧૨૧૮ |
| અલ કામિલ મુહમ્મદ | ૧૨૧૮–૧૨૩૮ |
| અલ અદિલ–૨ | ૧૨૩૮–૧૨૪૦ |
| અલ સાલિહ નજમદિ | ૧૨૪૦–૧૨૪૮ |
| અલ અશરફ મુસી | ૧૨૫૦–૧૨૫૨ |

## મામલુક (બાહરી સુલતાનો)

| | |
|---|---|
| પહેલો ઐબક | ૧૨૫૦–૧૨૫૭ |
| ૨૪ મો અને છેલ્લો | |
| ઐબક | ૧૩૮૧–૧૩૮૨ |
| અલ સાલિહ હાજી | ૧૩૮૮–૧૩૯૦ |

## ઓટોમન સુલતાનો

| | |
|---|---|
| ઉસ્માન–૧ | ૧૨૯૯– |
| ઓર્ખાન | ૧૩૯૯–૧૩૨૬ |
| મુરાદ–૧ | ૧૩૨૬–૧૩૫૯ |
| બાયાઝિદ–૧ | ૧૩૮૯–૧૪૦૧ |
| મુહમ્મદ–૧ | ૧૪૦૩– |
| | (૧૪૧૦) |
| મુરાદ–૨ | ૧૪૧૦–૧૪૨૧ |
| મુહમ્મદ–૨ | ૧૪૨૧–૧૪૫૧ |
| બાયાઝિદ–૨ | ૧૪૫૧–૧૪૮૧ |
| સલિમ–૧ | ૧૪૮૧–૧૫૧૨ |
| સુલેમાન–૧ | ૧૫૧૨–૧૫૨૦ |
| સલિમ–૨ | ૧૫૨૦–૧૫૬૬ |
| મુરાદ–૩ | ૧૫૬૬–૧૫૭૪ |

# ૧ : પ્રવેશક

યુફ્રેટિસ-ટાઈગ્રિસથી છેક ટ્રિપોલી સુધીનો વિસ્તાર ધરાવતા ઈરાનના શક્તિશાળી સમ્રાટ ચોસરોઝ (ઇ. સ. ૫૩૧–૫૭૯ શાસનકાળ) પાસે ૯૬૦ હાથી, ૨૦ હજાર ઊંટ, છ હજાર ખચ્ચર અને ઘોડા હતા. તેના મહેલોની ચોકી છ હજાર રક્ષકો કરતા. ૧૨ હજાર ગુલામો તેની તહેનાતમાં રહેતા. જનાનામાં ત્રણ હજાર યુવાન પત્નીઓ હતી. તેના સૅંકડો ભૂગર્ભ ભંડારોમાં અઢળક સોનું, રૂપું, ઝવેરાત, રેશમ, સુગંધી દ્રવ્યો રહેતાં. મહેલની દીવાલો પર ત્રણ હજાર પડદા લટકતા. તેના છાપરાને ચાંદીના થાંભલા ટેકો આપતા. ઘુમ્મટમાં આકાશનાં તારા અને નક્ષત્રો દર્શાવતા સોનાના હજારો ગોળા લટકતા. ઈરાનનો આ મહાન સમ્રાટ ઇજિપ્ત પર વિજય મેળવી સાહ્યબી માણી રહ્યો હતો તે સમયે તેને મક્કાથી એક પત્ર મળ્યાનું કહેવાય છે.* તે મુજબ તેમાં આ સમ્રાટને મહમ્મદને ખુદાના પયગમ્બર તરીકે માન્ય કરી, ઈસ્લામનો અંગીકાર કરવાની વિનંતી કરવામાં આવી હતી. શાહના પણ શાહ એવા ઈરાનના આ શહેનશાહે આ પત્રના ટુકડા કરી ફંગોળી દીધા. મહમ્મદને તેની જાણ થઈ ત્યારે તેમણે કહ્યું : “ઈરાનના બાદશાહે મારા પત્રના જેવા ટુકડા કર્યા તેવા તેના સામ્રાજ્યના ટુકડા થશે!”

દુનિયા પર સાર્વભૌમ આધિપત્ય મેળવવાની હોડમાં રોમનો અને ઈરાનીઓએ સૈકાંઓ સુધી યુદ્ધો ખેલ્યાં હતાં પણ કોઈને એકચક્રી પ્રભુત્વ સાંપડ્યું ન હતું. પરંતુ આ બે મહાસત્તાઓના સંગમ પર આવેલા વેરાન અફાટ રણના મુલકમાં જન્મેલા નિરક્ષર આદમી મહમ્મદે નવો ધર્મ સ્થાપી નવી શક્તિનું નિર્માણ કર્યું, જેમાં આખરે આ બંને મહાસામ્રાજ્યોનો અસ્ત થયો. પોતાની જન્મભૂમિ મક્કાથી મદીનાની હિજરત કરી ગયા બાદ ત્યાં કાબૂ જમાવ્યા પછી, ઈ. સ. ૬૨૯માં મહમ્મદે બે હજાર અનુયાયીઓ સાથે મક્કામાં પાછો પ્રવેશ કર્યો ત્યારે ઈરાનના શહેનશાહ પર આ પત્ર પાઠવ્યો હોવાનું મનાય છે. ત્યાર પછી માંડ પચ્ચીસ વર્ષ વીત્યાં હશે ત્યાં સુધીમાં ઈરાની મહાન સામ્રાજ્ય કાગળના ટુકડાની માફક ક્યાંય વિલીન થઈ ગયું!

મધ્ય યુગની સંસ્કૃતિમાં મહમ્મદે સ્થાપેલ ધર્મ અને સામ્રાજ્યનો મોટો હિસ્સો છે. ગ્રીક અને રોમન સંસ્કૃતિનો વારસો ગ્રહણ કરી મહમ્મદની અરબ સંસ્કૃતિએ માનવ વિકાસમાં અનોખું પ્રદાન કર્યું છે. ખાસ કરીને, યુરોપના દેશોએ વિદ્યા, કલા અને વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં આરબો પાસેથી ઘણું ઘણું મેળવ્યું છે.

પશ્ચિમે રાતો સમુદ્ર (રેડ-સી), દક્ષિણે અરબ સાગર અને પૂર્વમાં ઈરાનનો અખાત (પર્શિયન ગલ્ફ) એમ ત્રણ બાજુ પર પાણીના સીમાડાવાળા ૧,૪૦૦ માઈલ લાંબા, ૧,૨૫૦ માઈલ પહોળા અને થોડા રણદ્વીપોને બાદ કરતાં મોટા ભાગે રણનો મુલક ધરાવતા અરબસ્તાનની દક્ષિણે આવેલા યમન અને ઉત્તરે હેજાજના પ્રદેશોમાં મક્કા અને મદીના આવેલાં છે.

આ પ્રદેશની રખડુ બદ્દુ ટોળીઓ સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ જ પછાત હતી. ઈસ્લામ અગાઉ તેમને સાંકળે તેવો કોઈ કાનૂન કે પરંપરા ન હતી. કોઈ સ્થિર સામાજિક આર્થિક વ્યવસ્થા ન હતી. તેમની સામાજિક-આર્થિક વ્યવસ્થાના પાયામાં ઊંટ હતું. તેનું દૂધ આ બદ્દુઓને ખોરાક આપે, છાણ-બળતણ આપે, વાળ-કામળા અને તંબુનો સરંજામ આપે અને મરે ત્યારે તેનું માંસ ખોરાક તરીકે અને હાડકાં તથા વાળ પણ કપડાં અને તંબુનું રાચરચીલું બનાવવામાં કામ લાગે. ખજૂર અને ઊંટના દૂધ પર ગુજારો કરનાર બદ્દુ

*જ્યોર્જ ઈ કર્ક તેના 'એ શૉર્ટ હિસ્ટરી ઑફ ધ મિડલ ઇસ્ટ'માં જણાવે છે (પા. ૨૦) તે મુજબ આવો કોઈ પત્ર લખાયો ન હતો. પરંતુ એ જ લેખક ઉમેરે છે કે બાઇઝેન્ટાઇનના સમ્રાટ ફેરાક્લિયસે આવો પત્ર સંઘરી રાખ્યો હતો; જેથી ઇસ્લામે તેની સ્વતંત્રતાને લાંબા વખત સુધી નભાવી હતી.

અપમાનનો બદલો ખૂનથી લેતો. તેના જીવનનો મોટો ભાગ વેર અને ખૂનમાં વ્યતીત થતો. પ્રેમાળ અને ખૂની, ઉદાર અને લોભી, વફાદાર અને અપ્રમાણિક, શૂરવીર અને ગણતરીબાજ એવો આ રખડુ આરબ ગૌરવપૂર્વક સમસ્ત વિશ્વનો સામનો કરતો. તેને પ્રેમ અને શૌર્યનાં કથાગીતો સાંભળવાનો ભારે શોખ હતો. તેનો લોક-કવિ શૂરાતનનો પાનો ચડાવનાર ભાટ-ચારણ હતો, ઈતિહાસકાર હતો, વંશાવળી પરંપરાનો સંરક્ષક હતો; કટાક્ષકાર હતો, નીતિનો પ્રચારક અને જીવતુંજાગતું વર્તમાનપત્ર તથા જ્યોતિષી હતો. એકંદરે, તે આરબ સાંસ્કૃતિક પ્રણાલિકાને જીવંત રાખનાર સંસ્થારૂપ હતો.

આરબ ચંદ્ર, તારા અને નક્ષત્રોને પૂજતો, ભૂત-પ્રેત અને જીનની અવકૃપા ટાળવા કાળજી રાખતો. મરણ બાદ પણ અગોચર દુનિયામાં તેને દોરી જવા માટે ભૂખ્યા-તરસ્યા જીવનસાથી ઊંટને પોતાની કબર પાસે બાંધી રખાવતો. પોતાનાં દેવ-દેવીઓને ક્યારેક તે નર-બલી ધરાવતો. વૃક્ષ, ઝરા અને કૂબાની તે પૂજા કરતો. આ સૌમાં મક્કાનું કાબા (અનેક દેવ-દેવીઓનું પૂજાસ્થાન) ઈસ્લામની સ્થાપના પૂર્વે તેનું સૌથી મહત્ત્વનું અને પવિત્ર યાત્રાધામ હતું. (કાબાનો અર્થ ચોરસ ઈમારત થાય છે. અંગ્રેજી ભાષાનો 'ક્યૂબ' શબ્દનો 'કાબા'ની સાથે સંબંધ હોવાનો સંભવ છે.) કાબાનું પ્રથમ મંદિર સ્વર્ગના ફિરસ્તાએ બાંધેલું. બીજું માનવજાતના આદિપિતા આદમે, ત્રીજું સેટના દીકરાએ, ચોથું અબ્રાહમ અને ઈસ્માઈલે, સાતમું અને આઠમું કુરેશ કોમના અગ્રણીઓએ અને દસમું ઈ. સ. ૬૯૬માં ઈસ્લામધર્મી આગેવાનોએ બંધાવ્યું, જે હયાત છે. ૪૦ ફૂટ લાંબી, ૩૫ ફૂટ પહોળી અને ૫૦ ફૂટ ઊંચી આ મસ્જિદ-અલ-હરમ(એટલે પવિત્ર મસ્જિદ)ના નામે જાણીતી છે. તેના અગ્નિખૂણા પર જમીનથી આશરે ૫ ફૂટ ઊંચાઈ પર લંબગોળ આકારનો, ઘેરા રાતા રંગનો અને ૭ ઈંચના વ્યાસવાળો પથ્થર ભીંતમાં જડાયેલો છે. તેને પરાપૂર્વથી પવિત્ર માનવામાં આવે છે. અબ્રાહમના સમયથી તેની પૂજા થાય છે.







ઉપર : ઇજિપ્તની બદુ સ્ત્રીઓ.
વચ્ચે : બદુ હડહૈયા.
નીચે : રખડુ બદુનો રણમાં તંબુ-નિવાસ.

ઈસ્લામની સ્થાપના અગાઉ કાબામાં અનેક દેવ-દેવીઓની મૂર્તિઓ રહેતી. આમાં 'અલ્લાહ' પણ એક દેવ હતો. કુરેશો કાબા તથા મક્કાનો વહીવટ કરતા.

છઠ્ઠી સદીમાં કુરેશોમાં બે પક્ષો પડયા. એકનો આગેવાન હાશીમ અને બીજાનો હાશીમનો ભત્રીજો ઉમૈયા હતો. હાશીમ પછી તેનો દીકરો અબદુલ મુત્તાલિબ આગેવાન બન્યો. મુત્તાલિબના દીકરા અબદુલ્લાએ અમીનાની સાથે લગ્ન કર્યું અને થોડા જ સમયમાં વેપાર અર્થે નીકળી પડયો. માર્ગમાં તેનું અવસાન થયું. બાદ માત્ર બે જ મહિનામાં–૫૬૯માં અમીનાએ મહમ્મદને જન્મ આપ્યો.

બાપ તરફથી મહમ્મદને પાંચ ઊંટ, થોડાં ઘેટાં-બકરાં, નાનકડું ઘર અને એક ગુલામ મળ્યાં. છ વર્ષનો માંડ થયો ત્યારે માતાનું પણ અવસાન થયું અને આ અનાથ બાળકને ઉછેરવાની જવાબદારી ૭૬ વર્ષની વયે પહોંચેલા પિતામહ અબદુલ મુત્તાલિબ અને કાકા અબુતાલીબના શિરે આવી. મહમ્મદને પ્રેમ મળ્યો પણ તે અક્ષર-

જ્ઞાનથી વંચિત રહ્યા. એમ છતાં, નવો પ્રાણવાન ધર્મ અને પ્રેરક જીવનપ્રણાલીનો પુરસ્કાર કરવામાં નિરક્ષરતા તેમને બાધારૂપ ન નીવડી. બાર વર્ષની વયે કાકાની સાથે વેપારના કામકાજ અર્થે તે સીરિયા ગયા. ૨૫ વર્ષની વયે તેમણે પોતાનાથી ૧૫ વર્ષ મોટી, પૈસાપાત્ર વિધવા ખદીજાની સાથે લગ્ન કર્યું. એની સાથે મહમ્મદે છવીસ વર્ષ સુધી પ્રેમપૂર્વક જીવન વ્યતીત કર્યું. ખદીજાથી થયેલા પુત્રો તથા પાછળથી ખ્રિસ્તી પત્ની મેરીથી અવતરેલ પુત્ર ઈબ્રાહિમ પણ ગુજરી ગયા. અપુત્ર મહમ્મદે પિતાતુલ્ય કાકાના દીકરા અલીને પુત્રના સ્થાને સ્થાપ્યો અને વહાલી પુત્રી ફાતિમા તેને લગ્નમાં આપી.

ખદીજા સાથેના જીવનમાં મહમ્મદને દૈવી પ્રેરણા મળવા લાગી અને એ પ્રેરણાની સૌપ્રથમ ભાગીદાર પણ ખદીજા બની. ઈસ્લામની સ્થાપનામાં પણ ખદીજા જ તેમની પ્રથમ અનુયાયી બની. જીવનના છેલ્લા શ્વાસ સુધી સુખ અને દુઃખમાં તેણે એકનિષ્ઠ પત્ની તરીકે મહમ્મદની ખિદમત કરી.



**ઉપર :** મુસલમાનોના પવિત્ર ધર્મનગરી મક્કા.
**નીચે :** મક્કામાં આવેલ કાળા પથ્થરની 'કાબા' નામે સમસ્ત મુસ્લિમ જગત માટે પવિત્ર મનાતી મસ્જિદ.

## વિશ્વની ધર્મત્રિવેણી

**વિશ્વની ત્રણ પ્રમુખ ધર્મપ્રણાલીઓ**

(૧) આર્ય ધર્મપ્રણાલી (બ્રાહ્મણ કે વૈદિક, બૌદ્ધ અને જૈન),
(૨) મોંગોલ ધર્મપ્રણાલી (કન્ફ્યુસિયસ, તાઓ અને શિંટો),
(૩) સેમેટિક ધર્મપ્રણાલી (યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામ).

આ સૌપૈકી
કર્મકાંડ, વિધિવિધાન, પુરોહિતવાદ અને મૂર્તિપૂજા વિનાની નૂતનતમ

**ઈસ્લામ પ્રણાલીના પાંચ સ્તંભો**

(૧) અલ્લાહ અને મહમ્મદ પયગમ્બર પ્રત્યેની નિષ્ઠા : (લા ઈલાહા ઈલ્લલ્લાહો, મોહંમદુર્ રસુલ્લાહ).
(૨) નમાજ : સૌ કામ પડતા મૂકી પ્રત્યેક મુસલમાને દિવસમાં પાંચ વાર કરવો પડતો અલ્લાહનો નામોચ્ચાર.
(૩) દાન-ધર્મ : ગરીબો પ્રત્યેની હમદર્દીનો પ્રતીક આવિષ્કાર.
(૪) રોજા : રમજાન માસના ૨૯ દિવસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અન્નપાણીનો ત્યાગ.
(૫) હજ : જિંદગીમાં ઓછામાં ઓછા એક વાર મક્કાની યાત્રા.

ચાલીસ વર્ષની વયે મહમ્મદ ધર્મમય બનવા લાગ્યા. રમઝાનમાં ઘણી વાર તેઓ હીરા પહાડની ગુફામાં જઈ ધ્યાનમગ્ન બની જતા. માત્ર દ્રષ્ટાઓ, યોગીઓ, ઋષિઓ અને પયગમ્બરોને લાધે તેવી એક આધ્યાત્મિક અનુભૂતિ તેમને ઈ.સ. ૬૧૦માં લાધી. ગેબ્રિયલ ફિરશ્તાએ તેમને દર્શન આપ્યાં, અલ્લાહના રસૂલ તરીકે તેમને સંબોધ્યા અને ઓછાડ પરનો મંત્ર વાંચવાનો આદેશ આપ્યો. ગેબ્રિયલની કૃપાથી નિરક્ષર મહમ્મદે આ મંત્ર વાંચ્યો. ઘેર આવી મહમ્મદે ખદીજાને આ ઘટના કહી સંભળાવી. ત્યાર પછી તો તેમને આવા અનુભવો વારંવાર થવા લાગ્યા, જેમાંથી ઈસ્લામનો ઉદ્‌ભવ થયો. તેમણે ઉપદેશ આપતા જણાવ્યું કે પોતે ખુદાના પયગમ્બર છે. આરબોમાં એક ઈશ્વરની નિષ્ઠા જગાવવા પોતે અવતર્યા છે. જોકે અનેક વહેમો અને દેવ-દેવીઓની પૂજા કરનાર અને દુન્યવી વ્યવહારમાં રચ્યાપચ્યા રહેનાર આરબોમાં નવા ધર્મનો પ્રચાર કરવાનું ઘણું કપરું હતું.

તેમના આ નવા ધર્મમાં, સર્વપ્રથમ, પત્ની ઉપરાંત પિત્રાઈ ભાઈ અલી, મુક્ત કરાયેલો તેમનો ગુલામ ઝેદ અને વયોવૃદ્ધ અબુબકર (પાછળથી મહમ્મદનો સસરો) જોડાયા. અબુબકરના પગલે મક્કાના પાંચ આગેવાનોએ પણ દીક્ષા લીધી. આ બધાં મહમ્મદના 'સાથીઓ' તરીકે ઓળખાયા, જેમની સ્મૃતિએ એક આગવી પ્રણાલીનું નિર્માણ કર્યું.

પોતાના જ કુરેશ વંશના આગેવાનોનો પ્રખર વિરોધ અને હાંસી છતાં મહમ્મદે નવા ધર્મનો પ્રચાર કરવાનું ચાલુ રાખ્યું. કાબાની યાત્રા અને અનેક દેવ-દેવીઓની પૂજાની કમાણી પર આધાર રાખતા કુરેશ આગેવાનો ભડકી ઊઠ્યા અને કાકા વચ્ચે પડ્યા ન હોત તો મહમ્મદ કુરેશોની હિંસાનો ભોગ પણ બન્યા હોત. આ આગેવાનોએ નવા ધર્મનો અંગીકાર કરનાર ગુલામો અને ગરીબો પર સખતાઈ આચરવા માંડી. વિરોધની આગેવાની મૂળ ઉમૈયા પક્ષના અબુ સુફિયાને લીધી. ઈ. સ. ૬૧૫માં મહમ્મદે ૧૧ કુટુંબોને કુરેશના ત્રાસથી બચી જવા એબિસિનિયા જવાની રજા આપી. તેમની પૂંઠે ૮૩ બીજા પણ ગયા. મહમ્મદના અનુયાયીઓની સંખ્યા વધવા લાગી. રૂઢિચુસ્તોએ હાશીમ(મહમ્મદના વડદાદા)ના પક્ષકારો સાથેનો વ્યવહાર બંધ કર્યો. ઈ. સ. ૬૧૯માં પત્ની અને કાકાના અવસાન બાદ મહમ્મદે ૬૦ માઈલ પર આવેલા તઈફમાં જઈ વસવાનો વિચાર કર્યો પણ તેમને ત્યાંથી જાકારો મળ્યો. એક રાતના તેમને ચમત્કારી અનુભવ થયો : જાણે કે તેઓ જેરુસલેમ પહોંચ્યા ! અહીં યહૂદીઓના મંદિર ફરતી દીવાલ આગળ તેમને સ્વર્ગમાં લઈ જવા માટે બુરાક નામનો ઘોડો સજ્જ બની ખડો હતો. બુરાક પર સવાર બની તેઓ સ્વર્ગમાં જઈ ખુદાની સમીપ પહોંચ્યા. પાછા તેઓ મક્કા આવી પહોંચ્યા.

આ ચમત્કારી અનુભવ સાથે જેરુસલેમ સંકળાયેલું હોઈ ઈસ્લામમાં મક્કા, મદીના પછી જેરુસલેમ પણ ત્રીજું પવિત્ર સ્થાન બન્યું. (શરૂઆતમાં મુસ્લિમો જેરુસલેમની દિશા તરફ ફરીને નમાજ પઢતા હતા).

મક્કાના આગેવાનોનું વિરોધી વલણ ચાલુ રહેતાં મદીનાના ૭૩ નાગરિકોએ મક્કા જઈ મહમ્મદને મદીના આવી ત્યાં સ્થિર થવાની વિનંતી કરી અને તેમની રક્ષાની બાંયધરી આપી. મહમ્મદ અબુબકરની સાથે મદીના તરફ હિજરત કરી ગયા. (મહમ્મદ જે દિવસે મદીના જવા રવાના થયા — હિજરત કરી તે દિવસ — અર્થાત્ ઈ. સ. ૬૨૨ના જુલાઈની ૧૬મી, નવા હિજરી સંવતના પ્રથમ દિવસ તરીકે ગણાય છે.)

મદીનાનું મૂળ નામ યાથ્રીબ હતું પરંતુ મહમ્મદ ત્યાં જઈ વસ્યા માટે તે મદીનાત અલ-નબી એટલે 'પયગમ્બરનું નગર' બન્યું અને મદીનાના ટૂંકા નામથી વિખ્યાત બન્યું. જે ઊંટ પર બેસી મહમ્મદે મદીનામાં પ્રવેશ કર્યો અને તે જે સ્થાને થંભ્યું તે મુસલમાનો માટે ખુદાએ મંજૂર કરેલું પવિત્ર સ્થાન ગણાયું. મહમ્મદની સાથે જે મક્કાવાસીઓ મદીના ગયા તે 'મુહાજરિન' કહેવાયા અને મદીનામાં જેમણે મહમ્મદના ધર્મને આવકાર આપ્યો તે 'અનસાર' બન્યા. અહીં તેમના નવા ધર્મમતનો સિદ્ધાંત 'ઈસ્લામ'(ઈશ્વરને અધીન)ના નામે ઓળખાયો અને આ સિદ્ધાંતને અનુસરનારા 'મુસલમિન' અર્થાત્ મુસ્લિમો કહેવાયા.

મદીનામાં પ્રથમ દિવસે મહમ્મદે જે ઢબે નમાજ પઢી તે ઢબ દુનિયાના મુસ્લિમો માટે નમાજના એક ધોરણરૂપ બની. મુસલમાન પ્રવાસમાં કે રણક્ષેત્ર પર હોય કે નાગરિક તરીકેનું જીવન ગુજારતો હોય, ગમે તે અવસ્થા, ઋતુ કે સ્થાનમાં હોય તોપણ આ ઢબ અનુસાર જ તે નમાજ પઢે છે. આજે સાડા તેર સૈકા વીત્યાં છે, તેમ છતાં, ઇન્ડોનેશિયાથી માંડી છેક મોરોક્કો સુધી, અનેક ભાષાઓ બોલતા, અનેક સાંસ્કૃતિક સંસ્કાર ધરાવતા, અનેક પ્રકારની રાજવ્યવસ્થા હેઠળ નાગરિકનું જીવન જીવતા મુસલમાનો મક્કા તરફ નજર રાખી, એક જ ઢબે નમાજ પઢતા હોય છે. મુસ્લિમોમાં બંધુભાવ અને એકતા જગાવવામાં આ પ્રથાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

મદીના-વાસ દરમિયાન ત્યાંના યહૂદી સમુદાયનો સહકાર મેળવવા મહમ્મદે ઘણો પ્રયાસ કર્યો. પોતે આદિ યહૂદી પયગમ્બર અબ્રાહમના વારસદાર છે એમ માનતા હતા. તથા તેમણે પ્રાર્થનાના કેટલાક યહૂદી ધર્મના પ્રકારો અપનાવ્યા પણ ખરા; શરૂઆતમાં ખાસ કરીને જેરુસલેમ તરફ નજર રાખીને નમાજ પઢવાની પદ્ધતિ અપનાવી. પરંતુ યહૂદી પ્રજાએ ઇસ્લામનો અંગીકાર ન કર્યો અને વિખવાદ જાગ્યો. આથી, મક્કા તરફ મોં રાખી નમાજ પઢવાની મૂળ પદ્ધતિ પાછી અપનાવી, જે હજી ચાલે છે.

મહમ્મદે મદીનામાં ધર્મ અને નીતિનો ઉપદેશ આપવા ઉપરાંત તેમની સામે ઉપસ્થિત થતા સામાજિક અને રાજકીય જીવનને સ્પર્શતા, યુદ્ધ અને વહીવટને લગતા અનેક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપ્યું. પરિણામે મદીનામાં મહમ્મદની સત્તા જામવા લાગી.

અનેક પાયાની વાતોમાં યહૂદીઓ સાથે એકરાગિતા હોવા છતાં મદીનાના યહૂદી વતનીઓએ નવો ધર્મ સ્વીકાર્યો નહિ. તેમને મનાવી લેવા મહમ્મદે તેમની ધાર્મિક સ્વતંત્રતાની અને તેમના રક્ષણની ખાતરી આપવા છતાં ધર્મ સિદ્ધાંત અંગે તેમની સાથે મતભેદો જાગ્યા અને ઝઘડો થતાં, યહૂદીઓને મદીના છોડી ચાલ્યા જવાનું ફરમાવ્યું. પરંતુ એક સમૂહ મક્કાના 'દુશ્મનો' સાથે ભળી ગયેલો હોવાનું જણાતાં રાજદ્રોહ માટે લગભગ

## યહૂદી ધર્મના પ્રણેતા : મોસીસ



૧



૨



૩

૧. મોસીસનું પ્રખ્યાત ચિત્રકાર માઇકલ ઍન્જલોએ દોરેલું ચિત્ર. ૨. બાળ-મોસીસની શોધ. ૩. હિબ્રૂ ન્યાયદાતા મોસીસ.

૬૦૦ જણાની કતલ કરવામાં આવી. સાથોસાથ દુશ્મની ખેલી રહેલા મક્કાવાસીઓનીય સામે પવિત્ર 'જેહાદ'ની નીતિ અપનાવી. ઈ. સ. ૬૨૩માં સીરિયાથી મક્કા જતી અબુ સુફિયાનની પોઠ પર હુમલો કરવાનું મહમ્મદે આયોજન કર્યું. સુફિયાને મક્કાથી કુમક મંગાવી. મદીનાથી ૨૦ માઈલ પર વાડી બંદર આગળ ઈ. સ. ૬૨૪ના રમઝાન માસમાં બંને પક્ષો વચ્ચે મુકાબલો થયો. મહમ્મદના પક્ષે માત્ર ૧,૦૦૦ સૈનિકો હતા, છતાં તેનાથી ત્રણ ગણા બળવાન સુફિયાનને શિકસ્ત આપી. આ ઘટના મહાન પરિવર્તનસર્જક બની. મહમ્મદે આના અંતે દુન્યવી રાજકીય સત્તાનો પાયો નાખ્યો.

ઈસ્લામનો આ નાનકડો વિજય તેના ચમત્કારી અને વીજળીક વિજયોની પરંપરાના પ્રથમ પગલા જેવો બન્યો.

મુહાજરિનો અને અનસારોની મક્કાની યાત્રા કરવાની ઈચ્છાને માન આપી મહમ્મદે મક્કાના કુરેશો પર શાંતિનું કહેણ મોકલ્યું. અને ૨,૦૦૦ મુસ્લિમોની સાથે મહમ્મદે મક્કામાં પ્રવેશી યુદ્ધ-વિરામ કરાર કર્યો. કુરેશો સંઘર્ષ ટાળવા પહાડ પર ચાલ્યા ગયા. મહમ્મદ અને તેમના અનુયાયીઓએ કાબાની પ્રદક્ષિણા કરી. આથી પ્રભાવિત બનેલા સંખ્યાબંધ કુરેશોએ ઈસ્લામનો અંગીકાર કર્યો. આમાં ઈસ્લામનો પ્રદેશવિસ્તાર વધારવામાં અગ્રભાગ ભજવનારા ખાલિદ-ઈબ્ન-અલ-વાલિદ અને અમર-ઈબ્ન-અલ-આસનો સમાવેશ થાય છે. આ પછી કુરેશોના એક વિભાગે હુમલો કર્યાના આરોપસર ૧૦ હજારના સૈન્ય સાથે મહમ્મદે ઈ.સ. ૬૩૦માં મક્કા પર આક્રમણ કર્યું. અબુ-સુફિયાને તેમને શાંતિથી પ્રવેશવા દીધા. મહમ્મદે સૌને માફી આપી. પરંતુ કાબાના પથ્થરને બાદ કરતાં લગભગ ૩૬૦ મૂર્તિઓનું તેમણે ખંડન કર્યું અને મક્કાને 'હરમ' એટલે પવિત્ર જાહેર કર્યું, જેમાં બિનમુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો.

આ વિજય બાદ લગભગ સમસ્ત અરબસ્તાને ઈસ્લામનો અંગીકાર કર્યો. ખ્રિસ્તીઓ અને યહૂદીઓ સાથેના ઝઘડાના કારણે તેમની પરમ્પરાનો ત્યાગ કરી મહમ્મદે શુક્રવારને પવિત્ર દિવસ ગણ્યો, મિનારા પરથી 'આઝાન' દ્વારા મુસ્લિમોને નમાજનો કોલ આપવો શરૂ કર્યો. રમઝાનને ઉપવાસનો મહિનો બનાવ્યો અને મક્કાને યાત્રા અને નમાજનું કેન્દ્ર બનાવ્યું.

જીવનનાં શેષ બે વર્ષો તેમણે મદીનામાં મુલ્કી અને લશ્કરી વહીવટ સ્થાપવામાં અને ઈસ્લામને સ્થિર કરવામાં ગાળ્યાં. પ્રચલિત પંચાંગમાં સુધારો કરી વારાફરતી ૩૦ અને ૨૯ દિવસના બાર માસનું ચાંદ વર્ષનું પંચાંગ બનાવ્યું. આથી દર ૩૨½ વર્ષે એક આખા વર્ષનો ફેર પડવા લાગ્યો. વિકાસની દૃષ્ટિએ પછાત, સામાજિક દૃષ્ટિએ વેરવિખેર, ધાર્મિક દૃષ્ટિએ જાદુ, મંત્ર-તંત્ર અને વહેમમાં માનનાર આરબોમાં તેમણે એકતા, સંગઠન અને ધર્મભાવના જગાડી. દેશકાળના રિવાજ મુજબ અનેક પત્નીઓ કરનાર આરબોને ચાર પત્ની કરવાની મર્યાદા બાંધી આપી.

પોતે અનેક પત્નીઓ કરવા છતાં તેમનું જીવન પવિત્ર અને સાદું જ હતું. તેમનું ઘર સાધારણ ગરીબ આરબ કરતાં કોઈ રીતે વધારે સારું ન હતું. તેઓ પોતાનાં કપડાં સાંધતા, દેવતા પેટાવતા, આંગણું સાફ કરતા, બકરીને દોહતા, બજારમાં જઈ જીવન-જરૂરની વસ્તુઓ ખરીદી લાવતા. નિત્યનાં ખજૂર અને જવના રોટલા ઉપરાંત મીઠાઈ તરીકે કયારેક તેઓ દૂધ અને મધનો સ્વીકાર કરી લેતા. વડીલો પ્રત્યે આદર-ભાવ, નાનેરાં પ્રત્યે સ્નેહ અને સમોવડિયા પ્રત્યે સમભાવ રાખતા. અનુયાયીઓ પ્રત્યે પ્રેમાળ અને વિરોધીઓ પ્રત્યે તેઓ કડક બનતા. માંદાની માવજત અને ગમે તેની સ્મશાનયાત્રામાં જનાજાને ખાંધ આપવી એ તેમનો નિયમ હોવા છતાં, સત્તાના પ્રદર્શનરૂપે તેઓ કોઈ આડંબર કે ભભકો રાખતા નહીં. નાચીઝમાં નાચીઝ ગુલામની પડખે બેસીને એક ભાણે ભોજન લેવા તેઓ હમેશાં તત્પર રહેતા. નવા ધર્મની સ્થાપના તથા પ્રસાર માટે તેમને ઘણાં આક્રમણો કરવાં પડયાં. પરંતુ, વિરોધીઓની કબજે કરેલી માલમિલકતનો મોટો ભાગ સખાવત અને સાર્વજનિક હિત માટે તેમણે ખર્ચ્યો. સેનાપતિ તરીકે તેઓ બહાદુર અને લવાદ તરીકે ન્યાયી હતા. ઘણી વાર મધરાતના પણ કબ્રસ્તાનમાં જઈ મૃત માનવીઓની ક્ષમા માગતા અને તેમના આત્માની શાંતિ માટે બંદગી કરતા.

૬૩ વર્ષની વયે પહોંચતાં મરણના ત્રણ દિવસ અગાઉ તેમણે અબુબકરને પોતાના સ્થાને નમાજ પઢાવવા સૂચવ્યું અને તેઓ ચૂપચાપ તેમની પડખે બેસી ગયા. ઈ. સ. ૬૩૨ના જૂનની ૭મીના રોજ પ્રિય પત્ની આયેશ(અબુબકરની દીકરી)ના ખોળામાં માથું રાખી અવસાન પામ્યા.

ઈતિહાસના ફલક પર વિચાર કરતાં જણાશે કે મહમ્મદ પ્રચંડ શક્તિ ધરાવનાર મહામાનવ હતા. પ્રખર ઋતુઓ અને કંજુસ ધરતીનો માર ઝીલી વિભક્ત બની રહેનારા, વહેમ અને જાદુમાં રાચનારા, અનેક દેવ-દેવીઓની પૂજા કરનારા આરબોને તેમણે સંગઠિત કર્યા અને ધર્મ અને નીતિથી સાંકળી લઈ તેમનામાં એવી શક્તિ જન્માવી કે જેણે મધ્ય યુગના અંધકારમાં જ્ઞાનનો દીવો પ્રગટાવ્યો અને આજની દુનિયાનું ઘડતર કરવામાં અસાધારણ હિસ્સો આપ્યો. તેમણે તદ્દન સાધારણ માનવસામગ્રીમાંથી શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કર્યું. તેમણે એવા ધર્મની સ્થાપના કરી જેણે યુરોપના અનેક પ્રદેશોમાં ખ્રિસ્તી અને યહૂદી ધર્મોનું સ્થાન લીધું અને મરણ બાદ માત્ર એક જ સૈકામાં પશ્ચિમની સુધરેલી દુનિયાના ઉત્તમ કહી શકાય તેવા પ્રદેશો પર સામ્રાજ્યનો પાયો નાખ્યો. નિરક્ષર હોવા છતાં તેમના થકી એક એવા મહાગ્રંથ કુરાનનું નિર્માણ થયું જેમાં ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ન્યાય અને વિજ્ઞાનનાં મૂળ તત્ત્વોનો સમાવેશ થયો છે. અનેક ભાષાઓ અને સાંસ્કૃતિક કક્ષાએ પહોંચેલા સામ્રાજ્યના પ્રજાજનોને આ ગ્રંથે એક અને અવિભાજ્ય અરબ સંસ્કૃતિના તાંતણે ગૂંથ્યા.

અરબ વિસ્તારમાં જે સંઘર્ષો જાગ્યા તેમાં ઈરાન, રોમ અને બાઈઝેનટાઈનનાં સામ્રાજ્યોમાં તેમણે ઘડેલા આદર્શો, તેમણે સ્થાપેલી રાજકીય, સામાજિક, આર્થિક અને નૈતિક સંસ્થાઓનો નવો જન્મ થયો. આ સંઘર્ષમાં પ્રાચીન સંસ્કૃતિ અસ્ત પામી અને અર્વાચીન યુગનાં બીજ વવાયાં.

ઈતિહાસે અનેક અવતારો, દ્રષ્ટાઓ, ઋષિઓ, ધર્મસંસ્થાપકો, પયગમ્બરો, સમાજસુધારકો અને સામ્રાજ્યના ઘડવૈયા નોંધ્યા છે. પરંતુ જે સમય અને સમાજમાં મહમ્મદ જન્મ્યા હતા અને જે સંસ્કૃતિનો તેમને વારસો મળ્યો હતો તેમાં પોતાના આદર્શોને મૂર્ત કરવામાં તેમણે વિરલ સફળતા મેળવી હતી. માનવી તરીકેની મર્યાદા અને ક્ષણભંગુરતામાં તેમણે મેળવેલી આ સફળતા નાનીસૂની ન હતી.

તેમણે એક મહાન વિશ્વ-ધર્મની સ્થાપના કરી, અને પોતે પયગમ્બર હોવા છતાં કોઈ ચમત્કારી શક્તિ કે ભાવિ જાણવાની અગમ્ય વિદ્યાનો દાવો નથી કર્યો. આજસુધીના સૌ ધર્મસ્થાપકો અને પયગમ્બરોમાં મહમ્મદ એવા ધર્મસ્થાપક અને પયગમ્બર હતા જેમનો જન્મ ઈતિહાસના પૂર્ણ પ્રકાશમાં રચાયો છે.



ઇસ્લામ ધર્મના મહાન ગ્રંથ કુરાનનું એક પાનું (આઠમી સદી).



મુસલમાનોના પ્રમુખ રાજવંશો : સ્થળ અને કાળ

# ૨ : અરબ સામ્રાજ્ય

## ચાર ખલીફા : ચાર દાયકા (૬૩૨–૬૭૨)

મહમ્મદે અવસાન અગાઉ પોતાના અનુગામીની વરણી કરી ન હતી. આથી તેમના અવસાન બાદ આ સ્થાન માટે ત્રણ પક્ષો પડયા. પરંતુ મદીનામાં નમાજ પઢાવવા તેમણે અબુબકરની પસંદગી કરી હતી. આથી તેઓ જ મહમ્મદે સ્થાપેલા ધર્મ અને રાજ્યના પ્રથમ વારસદાર બન્યા અને પહેલા ખલીફા કહેવાયા. ('ખલીફ'નો અર્થ જ 'વારસદાર' થાય છે). વાસ્તવમાં, અબુબકરની પદવી અમીર-અલ-મુમિનિન હતી જેનો અર્થ 'ઇસ્લામને માન્ય રાખનાર' થાય છે.

૫૯ વર્ષની વયે ખલીફા (૬૩૨–૬૩૪) બનનાર અબુબકર સરળ સ્વભાવના, નિરાડંબરી, ન્યાયપરાયણ અને બાહોશ વહીવટકર્તા હતા. તેમના શાંત અને નિરાડંબરી સ્વભાવને મદીનાવાસીઓએ નિર્બળતા માની કર આપવાનો ઇન્કાર કરી બળવો કર્યો. ખાલિદ ઇબ્ન-વાલિદની મદદથી આ બળવો શમાવવામાં આવ્યો. આ ઘટનાથી ખાલિદની કારકિર્દી શરૂ થઈ.

ઈરાન અને બાઇઝેન્ટાઇન (પૂર્વ રોમન) સામ્રાજ્યોએ સતત યુદ્ધોને નભાવવા પોતાની પ્રજા ઉપર નાખેલા ભારે કરવેરા અને સ્થાનિક પ્રજાજનો પર જુદા ધર્મમતની સ્થાપના માટે તેમણે કરેલા જુલમોને કારણે, આ સામ્રાજ્યોની પ્રજાઓની તેમના શાસન પ્રત્યેની નિષ્ઠા મોળી પડી હતી. આથી અરબ-વિસ્તારવાદ માટે અનુકૂળતા થઈ. આનો લાભ લઈ સીરિયાની કેટલીક આરબ ટોળીઓએ ખ્રિસ્તી ધર્મ અને બાઇઝેન્ટાઇન સત્તાને ફગાવી દીધી અને મુસ્લિમોની મદદ માગી. અબુબકરે મદદ મોકલી. સીરિયાના પ્રજાજનોને તેમના રાજકર્તાઓ કરતાં, લોહીના સંબંધથી, આરબો નજીક લાગ્યા. સતત ભૂખમરાથી ત્રાસેલા અને ખુનામરકીથી ટેવાયેલા આરબ બદુઓને મોંમાંગી તક મળી અને તેમને ખ્યાલ સુધ્ધાં આવે તે અગાઉ જ તેઓ ઇસ્લામ અને અરબ રાજસત્તાનો વિસ્તાર વધારનાર અડીખમ સૈનિકો બન્યા. ધર્મ માટે મરી ફીટવાનું ઝનૂન, જેહાદમાં મરણને ભેટનારને મળનાર સ્વર્ગના સુખની કલ્પના, ઇસ્લામનો અંગીકાર કરનારની બંધુભાવના — આ સૌ હતાં ઇસ્લામ અને અરબ રાજસત્તાના વિસ્તારને સફળ બનાવનારાં કારણો. પરંતુ કોઈ પણ ક્રાંતિ કેવળ ધર્મભાવના કે આદર્શવાદથી સફળ બનતી નથી. માનવજીવનને ટકાવવાની પ્રાથમિક આવશ્યકતાની સાથે આદર્શવાદ અને ધર્મભાવના સંલગ્ન થતાં તેમાંથી નીપજતી શક્તિ જ ક્રાંતિનું પ્રેરક બળ બને છે. વેરાન રણમાં રહેતા બદુ આરબોની ભૂખ સંતોષવા જ્યારે દિશા સાંપડી અને ધર્મભાવનાની પ્રેરણા સહાયમાં આવી ત્યારે ઇસ્લામ અને અરબ રાજસત્તાના વિસ્તારની શક્યતા જાગી.

રોમ અને ઈરાનનાં સામ્રાજ્યો તેમનાં વિસ્તારયુદ્ધોમાં લગભગ ખલાસ થઈ ગયાં હતાં. સુખ-ચેન ભોગવતા તેમના નાગરિકોમાંથી સંગઠન અને લડાયક ખમીર પરવારી ગયું હતું; બરાબર આ જ સમયે આ બે સામ્રાજ્યોની વચ્ચે બેઠેલો અરબસ્તાનનો ભૂખ્યો અને ઇસ્લામના રંગે રંગાયેલો બદુ જાગ્યો. સીરિયાના આરબોને મોકલવામાં આવેલી લશ્કરી મદદની સાથે સાથે ઇસ્લામ પણ ત્યાં પહોંચ્યો. દુશ્મનની સામે ઇસ્લામ ખંડણી કે તલવારનો વિકલ્પ મૂકતો — એ માન્યતા ઇતિહાસસિદ્ધ નથી. પરંતુ વિજય મેળવવાથી જ કામ પતી જતું નથી એ મહત્ત્વની વાત છે. એક સીમાડો નક્કી કર્યા પછી તેની રક્ષા કરવા નવો સીમાડો ઊભો કરી વિસ્તાર વધારવાની લશ્કરી જરૂર ઊભી થતી. એટલું જ નહિ, વિજય મેળવનાર આરબ લશ્કરોનું સંખ્યાબળ, ભૂખ્યા અને લોભી સૈનિકોની ભરતી દ્વારા વધતું હોઈ, તેમનાં ભૂખ અને લોભને સંતોષવા પણ નવા

નવા વિસ્તારો મેળવી ભૂમિ વહેંચવાની પણ જરૂર ઊભી થતી અને તેની જ ગતિ ઉત્તરોત્તર ઝડપી બનતી. રોમનો કરતાં વધારે ઝડપથી અને મોંગોલો કરતાં વધારે સંગીન રીતે આરબોએ વિજયો મેળવ્યા.

ઈસ્લામ વિસ્તારનાં ત્રણ પાસાં છે : મૂળધર્મ, ત્યાર બાદ રાજ્ય અને છેવટે સંસ્કૃતિ. ઉત્તરમાં આરબોએ વિજયો મેળવ્યા તે ધર્મે નહિ પણ રાજ્યે મેળવ્યા. આરબ હકૂમત હેઠળ આવેલાં સીરિયા, મેસોપોટેમિયા (ઈરાક) અને ઈરાનના લોકો ઈસ્લામ સ્થપાયા બાદનાં બે-અઢી સૈકાં બાદ મુસ્લિમો બન્યા. આમ, આ પ્રદેશો પરના રાજકીય વિજય અને ધર્મ-પરિવર્તન વચ્ચે લાંબો સમય વીત્યો. ત્યાંના ઘણા બધા પ્રજાજનોએ તો પરાજિત પ્રજા તરીકે આપવી પડતી ખંડણીમાંથી બચવા મુસ્લિમ બનવાનો માર્ગ સ્વીકાર્યો હતો.

ઈ. સ. ૬૩૩માં ઈરાકની સરહદ પરની ટોળી તથા પોતાના સૈનિકોની સહાયથી અબુબકરના સેનાપતિ ખાલિદ-ઈબ્ન-વાલિદે ઈરાન પર હલ્લો કર્યો અને હિરા કબજે કર્યું. તરત જ અબુબકરે તેને ગ્રીકોની સામે આરબોને સહાય કરવા દમાસ્કસના મોરચે જવાનો આદેશ આપ્યો. પાંચ દિવસની રણની નિર્જળ મુસાફરી વટાવી ખાલિદ સીરિયા પહોંચ્યો ત્યારે અબુબકર અવસાન પામ્યાનો અને સેનાપતિપદ અબુ ઓબેઈદાને સુપરત કરવાનો નવા ખલીફા ઉમર ઈબ્ન-અલ-ખતબ(ઈ. સ. ૬૩૪–૪૪)નો સંદેશો તેને પહોંચાડવામાં આવ્યો. વિજય મળે ત્યાં સુધી ખાલિદે આ સંદેશાને છુપાવી રાખ્યો.



**ડોમ ઑફ રૉક :** જેરુસલેમમાં આવેલી ઉમરની મસ્જિદ, જેનું બાંધકામ ઈ. સ. ૬૯૧માં પૂરું થયેલું. ઇસ્લામ ધર્મની આ સૌથી જૂની મસ્જિદ છે અને 'ઉમરના ગુંબજ'–(Dome of Rock) તરીકે જાણીતી છે.

ઈ. સ. ૬૩૩ થી ૬૪૦ સુધીમાં ગ્રીક સામ્રાજ્યનો સમસ્ત સીરિયા પ્રાંત મુસ્લિમોની હકૂમત હેઠળ આવી ગયો. તેનાં કારણોમાં : (૧) ગ્રીક વર્ચસે તેનાં મૂળ ઊંડાં નાખ્યાં ન હતાં; (૨) સીરિયાની સેમેટિક પ્રજા અને ગ્રીક રાજકર્તાઓ વચ્ચે વૈમનસ્ય હતું; (૩) ત્યાંના મોનોફાઈસાઈટ ધર્મમત ધરાવતા ખ્રિસ્તી પ્રજાજનો ગ્રીક સામ્રાજ્યે સ્વીકારેલા ધર્મમતથી અસંતુષ્ટ હતા; (૪) સીરિયનોને આરબો સ્વજનો લાગતા. આ સૌ ઉપરાંત, મુસ્લિમોની વ્યૂહરચના અને લશ્કરી સામર્થ્ય નિર્ણાયક બન્યાં. જેરુસલેમ પડતાં ત્યાંના વડા ખ્રિસ્તી ધર્માચાર્યો ખલીફ ઉમરને, જો તે જાતે આવે તો, જેરુસલેમ સુપરત કરવાની ખ્વાહિશ દર્શાવી. ઉમર અનાજનો થેલો, ખજૂરનો કોથળો, પીવાના પાણીનું તૂમડું લઈને જેરુસલેમની શરણાગતિનો સ્વીકાર કરવા મદીનાથી ઊપડયા. જેરુસલેમના ખ્રિસ્તી ધર્માચાર્યે ખલીફ પ્રત્યે આદર દર્શાવ્યો. ખલીફે નજીવી ખંડણીના બદલામાં ખ્રિસ્તી ધર્મ-સ્થાનો પરની ખ્રિસ્તી હકૂમતને મંજૂર રાખી. દસ દિવસના અહીંના નિવાસ દરમિયાન ઉમર એક મસ્જિદમાં જ રહ્યા. તેમના આ નિવાસની યાદમાં એક શૈલ પર 'ઉમરનો ગુંબજ' (Dome of Rock) ઊભો થયો.

ઉમર એક ચુસ્ત મુસ્લિમ તરીકે કડક ધર્મપાલનમાં માનતા. હમેશાં તેઓ ચાબુક લઈને ફરતા અને કોઈને પણ કુરાનની આજ્ઞાની અવગણના કરતો જોતાં તેને ચાબુકે ચાબુકે ફટકારવાનું ચૂકતા નહિ. આમાં ખુદ પોતાનો દીકરો પણ અપવાદ ન રહ્યો. સાદું જીવન જીવનાર આ ખલીફના પોશાકમાં અનેક ઠેકાણે થીંગડાંવાળો એક ડગલો રહેતો. તેમને મળવા માટે ઈરાનનો પ્રતિનિધિ ગયો ત્યારે તેણે ઉમરને એક મસ્જિદના ઓટલે ભિખારીની પડખે સૂતેલા જોયા. અંતે મસ્જિદમાં નમાજ પઢવા જતાં ઉમર પર ઈરાનના એક ખ્રિસ્તી ગુલામે જીવલેણ હુમલો કર્યો. મરણપથારી પરથી ઉમરે પોતાના અનુગામીની વરણી કરવા સારુ છ વ્યક્તિઓને પસંદ કરી. જેમણે પોતાનામાંથી સૌથી નિર્બળ અને જઈફ વયે પહોંચેલા મહમ્મદના જમાઈ, કુરેશી ઉમૈયાવંશના ઉસમાન(૬૪૪–૫૬)ને ખલીફ જાહેર કર્યો.

ઉમરના અમલ દરમિયાન ઈરાક વશ થયું (ઈ.સ. ૬૩૫ થી ૬૩૭માં) હતું; ઈરાનનો બાદશાહ યઝ દરગર્દ–૩જો ઉત્તર તરફ ભાગ્યો હતો; ઈ. સ. ૬૪૧માં મોસલ પડયું હતું. ઉસ્માનના અમલ દરમિયાન પર્સ-પૉલિસ પડયું (૬૪૯–૫૦માં) અને આરબો લગભગ ભારતના સીમાડા નજીક આવી પહોંચ્યા. ઈ. સ. ૬૫૧–૫૨માં ઈરાનનો શહેનશાહ આંતરિક વિદ્રોહનો ભોગ બન્યો અને તેના મૃત્યુથી વિશ્વ પર વર્ચસ સ્થાપવાનાં સ્વપ્નો સેવતા મહાન ઈરાની સામ્રાજ્યનો અસ્ત થયો. ઈરાનને સંપૂર્ણ રીતે જીતતાં આરબોને એક દસકો લાગ્યો.

રાજકીય રીતે આરબો વિજયી બન્યા પરંતુ સાંસ્કૃતિક દૃષ્ટિએ ઈરાને આરબો પર પ્રભુત્વ જમાવ્યું. અરબ સંસ્કૃતિ પરાકાષ્ઠાએ પહોંચી તે ઈરાનના સાંસ્કૃતિક પ્રદાનના સમન્વયથી જ બન્યું. ઈરાનમાં કલા, સાહિત્ય, આયુર્વિજ્ઞાન, દર્શનશાસ્ત્ર અને વિજ્ઞાન અરબ-જગતની સર્વસામાન્ય મૂડી બન્યાં.

એક તરફ પૂર્વમાં (ખાલિદ ઈબ્ન વાલિદ) આરબ સેનાપતિ આગળ વધી રહ્યો હતો ત્યારે બીજી તરફ પશ્ચિમમાં સીરિયાના ગવર્નર મુઆવિયાનો સરદાર અમર ઈબ્ન-અલ-આસ ઈજિપ્ત(નાઈલ) અને ઉત્તર આફ્રિકાના મુલકો વશ કરતો આગળ વધી રહ્યો હતો. બંને તરફના અરબ હકૂમત હેઠળ આવેલા પ્રદેશોની ખંડણી-ઓનો એકધારો પ્રવાહ મક્કા અને મદીના તરફ વહેવા લાગ્યો. પરિણામે નવી સમૃદ્ધિના પ્રતીક સમી ભવ્ય ઈમારતો ઈસ્લામનાં આ બે નગરોમાં ઊભી થવા લાગી. સમૃદ્ધિ આવતાં આંતરિક વિગ્રહ વધ્યો. સાથોસાથ અરબ-મુસ્લિમ સામ્રાજ્ય વિસ્તર્યું; જૂનાં વેર-ઝેર તાજાં થવા લાગ્યાં. ઉસમાન એનો ભોગ બન્યો. તે મહમ્મદનો એક વાર વિરોધ કરનાર કુરેશી-ઉમૈયા વંશનો નબીરો હોઈ તેનો વિરોધ શરૂ થયો. ૫૦૦ વિરોધી યહૂદીઓએ મદીના પહોંચી ઉસમાનને ખલીફપદ છોડવા માગણી કરી. આ માગણીનો ઈન્કાર થતાં તેઓ ખલીફના કમરામાં ઘૂસી ગયા અને ઉસમાન કુરાન પઢતા હતા ત્યારે અબુબકરના દીકરાએ તેમની હત્યા કરી. હાશિમ-વંશીઓએ અલીને ખલીફ બનાવ્યો. વળી, મહમ્મદ પછી તેમની સૂચનાથી અબુબકર વારસદાર ખલીફ તરીકે આવ્યા ત્યારેય અલીએ નાપસંદગી જણાવી હતી. હવે, અલી ખલીફ (૬૫૬–૬૦) બનતાં કૌટુંબિક સંઘર્ષો

વધી પડયા. ઉમૈયા સરદાર મુઆવિયાએ પોતાનો હક આગળ ધરી અલીનો વિરોધ કર્યો અને અલીની સામે લોકોને ઉશ્કેરવા ઉસમાનના ખૂનથી ખરડાયેલો તેનો ડગલો, અને ઉસમાનની પત્નીની કપાઈ ગયેલી આંગળીઓ દમાસ્કસની મસ્જિદમાં રજૂ કરી. અલી સામેના બળવામાં મહમ્મદની વિધવા આયેશા પણ ભળી. ઇસ્લામમાં મોટું ભંગાણ પડયું. મુઆવિયા અને ઉસમાન બંનેનાં સૈન્યોનો યુફ્રેટિસ પર ભેટો થયો. મુઆવિયાના સરદાર અમરે ભાલાની અણી પર કુરાનની નકલ પરોવી જંગનું પરિણામ તલવારના બળે નહિ પણ કુરાનના આધારે મેળવવાનો સંકેત કર્યો. આથી બંને પક્ષોએ અંતિમ નિર્ણય માટે અમર અને મુસાને નીમ્યા. કટ્ટર ધર્મવાદીઓએ ખલીફ જ ન જોઈએ, ચુસ્ત ધર્માધિકારી હસ્તક જ શાસન રહેવું જોઈએ એવો આગ્રહ રાખી અલી, મુઆવિયા અને અમરનું કાસળ કાઢવા ખેલ રચ્યો. તેમાં અલીની હત્યા થઈ. કુફામાં જે સ્થાન પર અલીનો દેહ પડયો તે સ્થાન અલીના પક્ષકારો–શિયા સંપ્રદાયનું યાત્રાધામ બન્યું. મહમ્મદને સુન્નીઓ પયગમ્બર કહે છે, તો શિયાઓ અલીને અલ્લાહનો વલી એટલે મિત્ર કહી તેના અનુગામીઓને ઇમામ કહે છે. મુસ્લિમ સમાજમાં અલીનું સ્થાન મહમ્મદ પછીનું છે. પોતાનું મેદાન સાફ કરવા ઇરાકના મુસ્લિમોએ અલીના પુત્ર હસનને અલીના અનુગામી તરીકે જાહેર કર્યો પણ મુઆવિયાએ હસનને પેન્શન બાંધી આપી મદીના મોકલી આપ્યો.

## વારસાનો વિખવાદ

મહમ્મદના વારસાનો સવાલ શરૂઆતથી ગૂંચવાતો રહ્યો હતો. પ્રથમ ખલીફ અબુબકર મહમ્મદનો સસરો (આયેશાનો બાપ) હતો; અને છેલ્લો અલી મહમ્મદનો જમાઈ હતો. આ બંને મહમ્મદના સર્વ પ્રથમ અનુયાયીઓ હતા. તે જ રીતે ઉમર અને ઉસમાન પણ મહમ્મદના નિકટના અનુયાયીઓ હતા. આથી આ ચાર ખલીફો મહમ્મદના સાચા વારસદારો (ખલીફ) મનાયા. પરંતુ, ત્યાર બાદ ત્રણ પ્રકારના દાવાદારો મેદાને પડયા. એક તો, મહમ્મદના કુરેશ વંશના ઉમૈયાઓ. જોકે, મહમ્મદની હયાતીમાં આ કુરેશોએ તેમને સતાવવામાં બાકી રાખી ન હતી. પરંતુ તેમનો દાવો એવો હતો કે મહમ્મદના જન્મ પૂર્વે–ઇસ્લામનાય જન્મ પૂર્વે–કુરેશો જ એ પ્રદેશમાં સત્તા સંભાળતા હતા. આથી સત્તા તો તેમને હસ્તક જ રહેવી જોઈએ. બીજા હકદાર હતા મદીનાના ટેકેદારો, જેમણે મહમ્મદને સૌથી પ્રથમ અને સૌથી વધુ આવકાર આપીને ઇસ્લામની સ્થાપનાનો રાહ સરળ બનાવ્યો હતો. ત્રીજા હતા ઉગ્રમતવાદી 'ખરજીઆ' (ઈ. સ. ૬૫૮). તેઓ રાજસત્તા માત્ર ધર્મસંસ્થાને હસ્તક હોવાનું માની કેવળ રાજ્યગાદીના વારસાનો જ વિરોધ કરતા હતા.

ખલીફ પદના સંઘર્ષો દરમિયાન ઉત્તર આફ્રિકા પરની આગેકૂચ ચાલુ જ રહી હતી. પૂર્વમાં કાબૂલ, બલ્ખ, હેરાત અને તિફ્લિસ સર થઈ ગયાં હતાં અને ઉત્તરમાં મુસ્લિમ સૈનિકો એશિયામાઇનોર (પૂર્વ રોમન સામ્રાજ્યનો પ્રદેશ) પાર કરી છેક કાળા સમુદ્ર સુધી પહોંચી ગયા હતા. હવે ઇજિપ્ત પરના રીતસરના આક્રમણની શરૂઆત થઈ. મહમ્મદના અવસાનને પૂરાં સાત વર્ષ વીતી જાય ત્યાં સુધીમાં તો મુસ્લિમ સરદારે ગાઝા પાર કરી ઇજિપ્તનું પ્રાચીન પાટનગર મેમ્ફિસ સર કર્યું અને તે ઍલેક્ઝાંડ્રિયા તરફ આગળ વધ્યો. બાઇઝેન્ટાઇનના આરબ પલેરેગીરોએ અમરની આગેકૂચમાં હરકત ન કરી અને બાઇઝેન્ટાઇનના દમનથી બચવા મોનોફાઇસાઇટ ધર્મ સંપ્રદાયના સ્થાનિક પ્રજાજનોએ મુસ્લિમોને મદદ કરી. અમરે ઍલેક્ઝાંડ્રિયા જીત્યું (ઈ. સ. ૬૪૨), ત્યારે તેમાં ૪,૦૦૦ મહેલો ૪,૦૦૦ સ્નાનાગારો, ૪૦૦ નાટ્યગૃહો હતાં. અમરે લશ્કરના પડાવ નાખવા અત્યારના કૈરોના સ્થાને અલસ્તાન વસાવ્યું. આ નગરમાંથી મુસ્લિમ સુબાઓએ (મુખ્યત: મુઆવિયા) બે સદી સુધી દમાસ્કસ, સીરિયા અને બગદાદ(ઇરાક)ના ખલીફો વતી કારભાર કર્યો. બાઇઝેન્ટાઇન તરફના શકય પ્રતિઆક્રમણો રોકવા મુસ્લિમો બરકાના રણમાં થઈ કાર્થેજ તરફ આગળ વધ્યા (ઈ. સ. ૬૬૩) અને અત્યારના ટ્યૂનિસની દક્ષિણે ૮૦ માઈલ પર કૈરવાનની સ્થાપના કરી.

## મુસલમાનોનું મૂળ વતન : અરેબિયા




કૉન્સ્ટૅન્ટિનોપલની બાઈઝેન્ટાઈન હકૂમતના શક્ય મુકાબલા માટે મુસ્લિમ ગવર્નર અબદુલ્લાએ પહેલો મુસ્લિમ નૌકા કાફલો રચ્યો, જેણે ભૂમધ્ય પરનું આધિપત્ય હાંસલ કરવામાં મોટો ભાગ ભજવ્યો. મુઆવિયાએ બાઈઝેન્ટાઈનના કબજા હેઠળનું ભૂમધ્ય પરનું સાયપ્રસ મથક લીધું (ઈ.સ. ૬૪૯). મુસ્લિમોએ ઈ.સ. ૬૫૯માં રોડ્ઝ પર આક્રમણો કર્યા. છેવટે ૬૭૨–૭૪માં રોડ્ઝ અને ક્રીટ પડયાં. રોડ્ઝ પરના કોલોસસના વિખ્યાત પ્રચંડ બાવલાને આરબોએ ભંગાર ગણી વેચી માર્યું.

મહમ્મદના અવસાન બાદ ત્રણ દાયકામાં તો ઉત્તર આફ્રિકા અને ભૂમધ્યનાં મહત્ત્વનાં બાઈઝેન્ટાઈન મથકો પર મુસ્લિમોની હકૂમત સ્થપાઈ અને ખુદ કૉન્સ્ટૅન્ટિનોપલ પર ભય ઊભો થયો.


ઇસ્લામનો ફેલાવો અને ક્રુઝેડ સમયે અરબ સામ્રાજ્ય
ફ્રાન્કસનું રાજ્ય
અવર્સ
મેગ્યાર્સ
કાળો સમુદ્ર
કાસ્પિયન સમુદ્ર
સ્પેન
ટોલેડો
કોર્ડોવા
કાડિઝ
કોર્સિકા
સાર્ડિનિયા
નેપલ્સ
સિસીલી
બલ્ગેરિયનો
કોન્સ્ટેન્ટિનોપલ
બાઇઝેન્ટાઇન સામ્રાજ્ય
ભૂમધ્ય સમુદ્ર
જિબ્રાલ્ટર
બર્બર્સ
ટ્રિપોલી
એલેક્ઝાંડ્રિયા
ઇજિપ્ત
કેરો
જેરુસલેમ
દમાસ્કસ
બગદાદ
પર્શિયા
ઇરાનનો અખાત
મદિના
અરેબિયા
મક્કા
રાતો સમુદ્ર
નાઇલ નદી
ઇસ્લામનો વિસ્તાર
આરબોનું મૂળ વતન
પહેલા ચાર ખલિફા (ઇ.સ. ૬૩૨-૬૬૧)નો વિજય વિસ્તાર
ઉમૈયા (ઇ.સ. ૬૬૧-૭૫૦)નો વિજય-વિસ્તાર
બાઇઝેન્ટાઇન સામ્રાજ્ય

# ૩ : ઉમૈયા ખલીફો (૬૬૧–૭૫૦)

અલી પછી મુઆવિયા તલવારના બળે નહીં પણ મેલી મુત્સદ્દીગીરીથી ખલીફ બન્યો. (૬૬૧–૬૮૦) તેણે પુરોગામી ચાર ખલીફાઓની નિરાડંબરી સાદાઈનો ત્યાગ કરી બાઈઝેન્ટાઈન સમ્રાટોનો ભભકો અને વિધિ-વિધાન ઊભાં કર્યાં. તેણે સત્તાનું કેન્દ્ર મદીના પરથી દમાસ્કસ પર ખસેડ્યું. હવે લોકમત દ્વારા થતી ખલીફની વરણીની પ્રથાનો ત્યાગ થયો અને ઈસ્લામમાં આ મહત્ત્વનું પદ વંશપરંપરાની રાજાશાહી જેવું બન્યું.

મુઆવિયાનું મૃત્યુ થતાં તેનો પુત્ર યઝીદ પહેલો (૬૮૦–૮૩) ખલીફ બન્યો. તેના સમય દરમિયાન અલીના બીજા પુત્ર હુસેને સંઘર્ષ જારી રાખ્યો. આમાં બંને પક્ષો વચ્ચે કરબલા આગળ મુકાબલો થતાં હુસેન અને તેનાં બાળકો સુધ્ધાં સઘળાં પક્ષકારોની હત્યા કરાઈ. મહોરમ માસમાં બનેલા આ બનાવનો દિવસ દર વરસે મુસ્લિમો શ્રાદ્ધ-દિન તરીકે પાળે છે.

આ સમયે થયેલા બળવા સમાવવા મક્કા, અને મદીના પર લશ્કરો ચડ્યાં. આ સંઘર્ષો દરમિયાન થયેલી ગોલંદાજીમાં કાબાનું મકાન ભસ્મીભૂત બન્યું.

યઝીદ પહેલા બાદ આવેલા ખલીફો મારવાન–૧ (૬૮૩–૮૫), અને ત્યાર બાદ અબદલ મલિક-(૬૮૫–૭૦૫)ના અમલમાં ટ્રિપોલીના બર્બરો શરણે આવ્યા અને ઈ. સ. ૬૯૮માં કાર્થેજ પડ્યું. થોડા સમયમાં ઍટલૅંટિકના કિનારા સુધીનો સમસ્ત ઉત્તર આફ્રિકા મુસ્લિમ-અંકુશ હેઠળ આવી ગયો અને સ્પેન પહોંચવાનો માર્ગ સરળ બન્યો.

વાલિદ પહેલો (૭૦૫–૧૫), સુલેમાન (૭૧૫–૧૭), ઉમર બીજો (૭૧૭–૨૦), યઝીદ બીજો (૭૨૦–૨૪) અને હિશામ(૭૨૪–૪૩)ના સમયમાં મુસ્લિમ રાજ્ય ઍટલૅંટિકથી એશિયાઈ તુર્કસ્તાન સમેત છેક ચીનના સીમાડા સુધી વિસ્તર્યું. આમાં બુખારા (૭૦૬–૯માં), સમરકંદ અને ખ્વારિઝમ (૭૧૦–૧૨માં), ફરઘાના (૭૧૨–૧૫માં), બલ્ખ સમેત તુખારિસ્તાન (૭૧૧માં) અને કાશગરનો (૭૧૫માં) સમાવેશ થાય છે. બુખારાના હુમલામાં આતશબહેરામનેય ભોંયભેગું કરવામાં આવ્યું. સમરકંદ અને બુખારા અરબ સંસ્કૃતિનાં કેન્દ્ર બન્યાં. તુર્કસ્તાન પર ઈસ્લામની હકૂમત સ્થપાતાં ઈસ્લામ તુર્ક અને મોંગોલના સંપર્કમાં આવ્યો. આ નવા જાતિ તત્ત્વે ઈસ્લામના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

આ આક્રમણોમાં મહત્ત્વનો ભાગ ભજવનાર હિજ્જાજે અરબી લિપિમાં સ્વર સંજ્ઞા ઉમેરી, ધર્મસ્થાનો, શાળાઓ અને ઈસ્પિતાલો ખોલી, રક્તપિત્તિયા, અપંગો અને વૃદ્ધો માટે આશ્રયસ્થાનો ઊભાં કર્યાં. આ ઉમૈયા ખલીફોના અમલ દરમિયાન વહીવટમાં અરબીકરણ થયું. અરબી સિક્કાઓ પાડવામાં આવ્યા, ટપાલનું તંત્ર ગોઠવાયું. મક્કા, મદીના અને જેરુસલેમમાંની મસ્જિદો વિસ્તૃત બનાવાઈ. દમાસ્કસના સેંટ જૉન બૅપ્ટિસ્ટના દેવળના સ્થાને સુંદર મસ્જિદ બાંધવામાં આવી.

ઉમૈયા ખલીફોમાંનો ઉમર બીજો (૭૧૭–૨૦) મહમ્મદના આદર્શ અનુસાર જીવ્યો. પત્નીને પિતા તરફથી મળેલું કીમતી જર-ઝવેરાત તેણે રાજકોષમાં જમા કરાવ્યું અને પોતાની પત્નીઓ અને ઉપ-પત્નીઓને રાજકાજમાં આડે નહીં આવા ફરમાન કર્યું. રાજ્યધન પર નભતા કવિઓ, વ્યાખ્યાતાઓ અને પંડિતોને વિદાય કરી સલાહકાર તરીકે નિષ્ઠાવાન વિદ્વાનોની નિમણૂક કરી. બીજી તરફ ઉત્તર આફ્રિકાના પ્રદેશો પરની આગેકૂચ દરમિયાન સર કરવામાં આવેલા પ્રદેશો પર આ આક્રમણોમાં મહત્ત્વનો ભાગ ભજવનાર મુસાએ કારભાર ચલાવ્યો. રોમે કબજે કરેલા વધારેમાં વધારે વિસ્તાર કરતાં પણ મોટા વિસ્તાર પર ઈસ્લામનો વાવટો રોપાયો. આ વિશાળ વિસ્તારની રાજ્યકાજની, ધર્મની, શિક્ષણ અને સંસ્કૃતિની ભાષા અરબી બની. આ વિશાળ સામ્રાજ્યમાં પ્રદેશ, કોમ, જાતિ અને રંગના ભેદ ભૂંસાયા. આ પ્રદેશમાં અલ્લાહની સાથે મહમ્મદનો નામોચ્ચાર દિવસમાં પાંચ વાર થવા લાગ્યો.

ઉમૈયા ખલીફ વાલિદ-બીજો, કહે છે કે, દારૂ ભરેલા હોજમાં પડયો રહેતો અને દારૂ ઢીંચીને તરસને છીપાવતો; કુરાનને નિશાન બનાવી તે પોતાની નિશાનબાજીની કલાની કસોટી કરતો. સાર્વજનિક નમાજની આગેવાની લેવા તેણે તેના સ્થાને ઉપ-પત્નીઓને મોકલી આપી.

ઉમૈયાના છેલ્લા ખલીફો ઈબ્રાહીમ (ઈ. સ. ૭૪૪) અને મેરવાન(ઈ. સ. ૭૪૪-૫૦)ના સમયમાં ખલીફની ગાદી મેળવવા અંદરોઅંદર કુસંપ, વિદ્રૃપ અને ચાલબાજી શરૂ થયાં, જેનાં પરિણામે આ અસ્થિરતા જાગી. આ અસ્થિરતાનો લાભ લેવા અલીના પક્ષકારો સક્રિય બન્યા. એમાં આર્થિક, રાજકીય અને સામાજિક રીતે અસંતુષ્ટ તત્ત્વો પણ ભળ્યાં. મહમ્મદના એક કાકા અબ્બાસ-ઈબ્ન-અબદલ-મુતાલિબ-ઈબ્ન-હાશિના વંશજોએ ખલીફા પદ માટે પોતાનો દાવો આગળ કરી અલીના પક્ષકારોને જીતી લીધા. પ્રાચીન સંસ્કૃતિની પરંપરાવાળા ઈરાને લોક-અસંતોષને ટેકો આપ્યો. આ સૌના વિસ્ફોટ અબ્બાસના પ્ર-પૌત્ર અલ-અબ્બાસે ઈ. સ. ૭૪૩માં કરેલા બળવામાં થયો. બળવાખોરો એક પછી એક પ્રદેશો કબજે કરવા લાગ્યા. ખુરાસાનની રાજધાની પછી ઈ. સ. ૭૪૯માં કુફા કબજે આવ્યું.

છેલ્લા ઉમૈયા ખલીફ મેરવાન અને અબ્બાસનાં સૈન્યો ઝાબ નદી પર થયેલા મુકાબલામાં મેરવાનનું સૈન્ય હાર્યું. સીરિયા પણ પડયું (ઈ. સ. ૭૫૦) અને મેરવાન પકડાયો, ભાગી છૂટતાં ઈજિપ્તમાં તે માર્યો ગયો. આમ, મહમ્મદનો એક સમયે વિરોધ કરનાર અબુ સુફિયાનના દીકરા મુઆવિયાએ સ્થાપેલા ઉમૈયા વંશનો ૮૯ વર્ષના કારભારનો ૭૫૦માં અંત આવ્યો અને ખલીફની ગાદી મહમ્મદના કાકા અબ્બાસના વંશમાં આવી. ઈસ્લામી રાજ્ય અને ધર્મની સત્તાનું કેન્દ્ર સેમેટિક વર્ચસવાળા દમાસ્કસ પરથી ખસી આર્ય અને સાસન (ઈરાની) સંસ્કૃતિ અને શીઆ પ્રણાલીવાળા ઇરાક-ઈરાન તરફ ખસ્યું અને અરબ અને ઈરાનની સંશ્લિષ્ટ સંસ્કૃતિ હેઠળ ઈસ્લામનું એક પ્રોજ્જ્વળ પ્રકરણ શરૂ થયું.

ઉમૈયા વંશના રહ્યાસહ્યા ૮૦ જેટલા નબીરાઓને મુક્તિ આપવાની જાહેરાત કરી સીરિયાના સુબા અબદુલ્લાએ તેમને એક મિજબાનીમાં નોતર્યા. સૌ મિજબાની માણી રહ્યા હતા ત્યારે સંકેત મળતાં સૈનિકો મહેમાનો પર તૂટી પડયા અને એક એક કરી સૌની કતલ કરી. દ્રોહની તલવારનો ભોગ બનેલા લોહી નીગળતા મહેમાનો પર જાજમ બિછાવી મરણ પામી રહેલા ઉમૈયાઓના આર્તનાદને ડુબાડી દેવા સંગીતના સરોદો છોડવામાં આવ્યા. મિજબાની તો ચાલુ જ રહી! અગાઉ મૃત્યુ પામેલા ઉમૈયાઓનાં હાડપિંજરોને તેમની કબરોમાંથી બહાર કાઢી ફાંસીએ લટકાવવામાં આવ્યાં. આ મહાસંહારમાં માત્ર બે જ બચ્યા : એક ઉમર-બીજાનો મૃતદેહ અને બીજો ખલીફ હિશામનો પૌત્ર અબ્દર રહેમાન, જે દેશ-પરદેશ ભટકતો ભટકતો; પેલેસ્ટાઈન, ઈજિપ્ત અને ઉત્તર આફ્રિકા વટાવતો; ઈ. સ. ૭૫૫માં સ્પેનમાં પહોંચ્યો અને તેણે યુરોપના આ દેશમાં ઈસ્લામની હકૂમત સ્થાપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ઉમૈયા ગવર્નરોએ અબ્દર-રહેમાનને સ્પેનના નગર કોર્ડોવાનો સૂબો બનાવ્યો.







ઉપર : ખલીફા ઉમર અને અબુબકર.
વચ્ચે : ખલીફા અલી અને ઓથમાન.
નીચે : ખલીફા અલી એક પ્રજાજનની અરજી સ્વીકારે છે.

# ૪ : અબ્બાસ વંશના ખલીફા (૭૫૦–૧૦૫૮)

મહાસંહાર કરી ગાદીએ આવેલા અબ્બાસ વંશના સ્થાપક ખલીફ અબુ-અલ-અબ્બાસ (૭૫૦–૫૪), 'અલ-સફાહ' એટલે 'હત્યારા' નામે ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો, અને તે સિંધ, બલૂચિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ઈરાન, મેસોપોટેમિયા (ઇરાક), આર્મેનિયા, સીરિયા, પેલેસ્ટાઇન, સાયપ્રસ, ક્રીટ, ઇજિપ્ત અને સમગ્ર ઉત્તર આફ્રિકાનો સમાવેશ થતો હોય તેવા મુસ્લિમ સામ્રાજ્યનો તેને વારસો મળ્યો.

અબ્બાસ વંશના નબીરાઓને સત્તાસ્થાન પર મૂકનારા અને તેમનો રાજવહીવટ સંભાળનારા મુખ્યત્વે જન્મે અને સંસ્કારે ઈરાની હતા. અલ-સફાહ પછીના તેજસ્વી ખલીફાએ ઈરાનની ભૂમિ પર ઊછરેલી સભ્યતા અને સંસ્કારિતાને કેળવી અને વિકસાવી. એક સૈકાની માનહાનિ અને ગુલામી વેઠયા પછી ઈરાને પોતાના પર ભૌતિક અને રાજકીય વિજય હાંસલ કરનારને પોતાનાં સભ્યતા, પદવીઓ, મદિરા, માનુનીઓ, કાવ્યો અને સંગીત, સાહિત્ય, કલા અને વિજ્ઞાન, પોશાક અને વિધિ-વિધાનના રંગે રંગ્યા. ઉમૈયા હેઠળ અરબ સામ્રાજ્ય હતું, પરંતુ અબ્બાસો હેઠળ તે આંતરરાષ્ટ્રીય બન્યું, જેમાં આરબો અનેકમાંના માત્ર એક જ બની રહ્યા.

અબ્બાસ(અલ-સફાહ)ને સત્તાસ્થાને લાવનાર અલીના પક્ષકારોના મનોરથો ફળ્યા નહીં. અલ-સફાહ ઈ. સ. ૭૫૪માં મૃત્યુ પામ્યો ત્યારે તેનો ભાઈ જાફર (ઈ. સ. ૭૫૪–૭૫) મનસૂરનું નામ ધારણ કરી ખલીફ બન્યો. મનસૂરે વિશ્વવિખ્યાત બનનાર બગદાદ નગરીનો પાયો નાખ્યો, જેને બંધાતાં ચાર વર્ષ લાગ્યાં અને ૪૮,૮૩,૦૦૦ દિરહામ ખર્ચાયા. મનસૂરે તેનું નામ અલ-સલામ અર્થાત 'શાંતિ નગરી' રાખ્યું. અબ્બાસ ખલીફાનું તે પાટનગર બન્યું અને તે જૂજ સમયમાં વેપાર-વણજ અને રાજકારણની દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય મહત્ત્વનું કેન્દ્ર બન્યું. તે સમયના વિશ્વમાં માત્ર કૉન્સ્ટેન્ટિનોપલ જ તેની બરોબરી કરી શકે તેમ હતું.

મનસૂરની મા બર્બર (મૂળ : ઉત્તર આફ્રિકી) ગુલામ હતી. અબ્બાસ વંશના ૩૭ ખલીફાઓમાં માત્ર ત્રણ(અબ્બાસ, મહદી અને અમીન)ને બાદ કરતાં બાકીના સઘળા ઉપ-પત્નીઓ બનેલી ગુલામ માતાઓના ફરજંદ હતા; જ્યારે ઉમૈયા ખલીફામાં માત્ર યઝિદ ત્રીજાની મા જ બિન-આરબ હતી. લગભગ ૨૨ વર્ષના કુશળ રાજઅમલના અંતે મક્કાની હજ પર જતાં ઈ. સ. ૭૭૫માં મનસૂર મરણ પામ્યો. તેનો વારસદાર અલ-મહદી (ઈ. સ. ૭૭૫–૮૫) હતો. તેણે તેના દીકરા હારુનના શિક્ષણની જવાબદારી ખાલિદના દીકરા યાહ્યા(વજીર)ને સુપરત કરી. હારુન યાહ્યાને 'બાપ' કહી બોલાવતો. હારુન અને હાદી : આ બે ભાઈઓ વચ્ચે બાપનો વારસો મેળવવાની સ્પર્ધા જાગી. પરંતુ મહદી મરણ પામતાં હાદી (ઈ. સ. ૭૮૫–૮૬) ખલીફ બન્યો અને હારુનને યુવરાજ પદ આપ્યું. પણ, એક પાથરણા પર દસ દરવેશો સુખેથી સૂઈ શકે પરંતુ એક મોટા સામ્રાજ્યમાં બે રાજવીઓનો સમાવેશ ન થઈ શકે તે ન્યાયે ખલીફ અને યુવરાજ પદ ધારણ કરનાર ભાઈઓ વચ્ચે સંઘર્ષો જાગ્યા. એક જ વર્ષમાં હાદીનું અવસાન થતાં હારુન (ઈ. સ. ૭૮૬–૮૦૯) છેવટે ખલીફ બન્યો. અને 'એરેબિયન નાઇટ્સ'માં વર્ણવેલા રંગદર્શી ચિત્ર જેવા યુગનો ઉદય થયો.

હારુનને સાત રાણીઓ અને સંખ્યાબંધ ઉપ-પત્નીઓ હતી. ગુલામ બાંદીઓથી તેને સાત પુત્રો અને ચૌદ પુત્રીઓ થઈ. એકમાત્ર પુત્ર અલ-અમીનને રાણી ઝુબેદાએ જન્મ આપ્યો હતો. હારુનને કાવ્યનો ભારે શોખ હતો. એક નાનકડા કાવ્ય માટે તેણે એક કવિને કહે છે કે, પાંચ હજાર સોના મહોરો, પોશાક,



હારુન-અલ-રશિદ : બગદાદનો આ ખલીફ પોતાના ન્યાય માટે જાણીતો છે.

દસ ગ્રીક યુવતીઓ અને એક ઘોડો બક્ષિસમાં આપ્યાં હતાં. અકબરના દરબારનાં નવ રત્નોની માફક હારુને તેના દરબારમાં કવિઓ, કાયદાશાસ્ત્રીઓ, વૈદ-હકીમો, વૈયાકરણીઓ, સંગીતજ્ઞો, નૃત્યકારો અને વિદૂષકોને એકત્ર કર્યા હતા. તે કાર્યક્ષમ વહીટવકર્તા, ન્યાયપરાયણ રાજવી અને કુશળ સેનાપતિ હતો. તેની સર્વક્ષેત્રીય સફળતામાં મોટો હિસ્સો તેના વજીર યાહ્યાનો હતો. તેના હાથમાં હારુને રાજકારોબારની સંપૂર્ણ લગામ મૂકી હતી. પોતાની સહીની મુદ્રા પણ તેણે તેને સોંપી હતી અને અંગત ખર્ચ માટે પણ તે તેની પાસે હાથ લંબાવતો.

યાહ્યાએ તેના બે પુત્રો ફઝલ અને જાફરને ઊંચા હોદ્દા આપ્યા. બાપ અને આ બે દીકરાઓએ મળી ધન-દોલત એકઠી કરી મોટી મહેલાતો બંધાવી, જે ઈર્ષાનું નિશાન બની. જાફર હારુનની એક બહેન અબ્બાસાના પ્રેમમાં હતો. પોતાની હાજરી વિના અબ્બાસા અને જાફર મળે તે પર હારુને પ્રતિબંધ મૂકયો, છતાં તેમને બે સંતાનો થયાં; જેની હારુનને જાણ થતાં મુખ્ય ફાંસીગર બોલાવી અબ્બાસા, અને તેમનાં સંતાનોની હત્યા કરવાનો હુકમ કર્યો. યાહ્યા અને ફઝલને કેદખાનામાં નાખ્યા, તેમની સઘળી માલમિલકત, જરઝવેરાત અને જાગીર જપ્ત કર્યાં. બંને બાપ-દીકરો છેવટે કેદમાં જ મરણ પામ્યા.

આ સમયમાં બે મશહૂર સમ્રાટો થયા : પશ્ચિમમાં પોપના હાથે સિઝરનો મુગટ પહેરનાર ફ્રાન્ક સમ્રાટ શાર્લમન (ઈ. સ. ૭૭૧–૮૧૪) અને પૂર્વમાં અબ્બાસ વંશનો હારુન-અલ-રશિદ. બંને મહાપરાક્રમી સમ્રાટો હતા અને તેમનાં પરાક્રમો અને કીર્તિ લોકસાહિત્ય અને દંતકથામાં અમર બન્યાં છે. કૉન્સ્ટૅન્ટિનોપલના હરીફ બાઈઝેનટાઈન સમ્રાટોની સામે શાર્લમને હારુનની; અને સ્પેનની મુસ્લિમ હકૂમત સામે હારુને પવિત્ર શાર્લમનની મૈત્રી કેળવી અને આ મૈત્રીના પ્રતીક તરીકે હારુને શાર્લમન પર કીમતી કાપડ, સુગંધી દ્રવ્યો, મોર, હાથી અને જલ-ઘડિયાળની ભેટ તથા જેરુસલેમના ખ્રસ્તી પવિત્ર-સ્થાન ચર્ચ ઑફ હોલી સેપલ્કરની ચાવી મોકલી.

હારુનના સમયમાં, પુરોગામી ખલીફોએ એકઠી કરેલી સમૃદ્ધિ પૂર્ણ કળાએ પ્રગટી. જનાનખાનાં, તેનાં રક્ષકો સહિત વિશાળ શાહી મહેલાતો અને તેની સાથે સંકળાયેલા આવાસો પાટનગર બગદાદના ત્રીજા ભાગના વિસ્તાર પર પથરાયેલાં હતાં. સોના-ચાંદીનાં ન હોય અને જેમાં હીરા-માણેક જડેલાં ન હોય તેવાં પાત્રોનો રાણી ઝુબેદા સ્પર્શ સુધ્ધાં કરતી નહીં. શાહી નબીરાઓના લગ્નોત્સવો, પરદેશી રાજસત્તાઓના પ્રતિનિધિઓ માટેના સત્કાર સમારંભો, મક્કા-મદીનાની હજ — સૌમાં અઢળક ધન-સંપત્તિની છોળો ઊડતી. શાહજાદા મામુનનું લગ્ન વજીરની ૧૮ વર્ષની કન્યા બુરાન સાથે થયું તે પ્રસંગે કન્યાના પિતાએ યોજેલા સમારંભમાં વર-કન્યા પર હજારોની સંખ્યામાં હીરા-મોતી વેરવામાં આવ્યાં. જાનમાં આવેલા રાજકુંવરો અને અમીર જાનૈયા પર જાગીરોના દસ્તાવેજો, નિશ્ચિત ગુલામોનાં નામ અને કીમતી બક્ષિસવાળા ગોળાઓ ઉડાડવામાં આવ્યા.

હારુન ૪૨ વર્ષે પહોંચ્યો ત્યાં તો બે શાહજાદા : અમીન અને મામુન બગદાદની ગાદીએ બેસવા બાપના મરણની પ્રતીક્ષા કરવા લાગ્યા. બંને ભાઈઓ વચ્ચેની શકય સ્પર્ધા અને સંઘર્ષ ટાળવા હારુને ટાઈગ્રિસની પૂર્વનો મુલક મામુનને અને બાકીનો અમીનને મળે અને બેમાંથી જે કોઈ વહેલું મરે તેનો સઘળો મુલક જીવતા કુંવરને મળે તેવી ગોઠવણ કરી. ખોરાસાનમાં જાગેલા બળવાને શમાવવા બંને શાહજાદાઓને લઈ ઘટના સ્થળે જતાં હારુન તુર્સ નગરીમાં ઈ. સ. ૮૦૯માં અવસાન પામ્યો.

અમીન (૮૦૯–૧૩) અને મામુન (૮૧૩–૩૩) વચ્ચેના સંઘર્ષમાં ચાર વર્ષે મામુન વિજયી બન્યો. હારુન-અલ-રશિદ અને અલ-મનસૂરની કક્ષાનો મામુન અબ્બાસ વંશનો તેજસ્વી ખલીફ થઈ ગયો. તેણે રાજકક્ષાની સમિતિમાં મુસ્લિમો ઉપરાંત ખ્રિસ્તી, યહૂદી, સેબિયન અને જરથુસ્ત સંપ્રદાયના પ્રતિનિધિઓને સ્થાન આપ્યું અને ધર્મપાલન અને પૂજા-બંદગીની સંપૂર્ણ સ્વતંત્રતા સૌ સંપ્રદાયના લોકોને આપી. કાયદા ધર્મ અને નીતિના સવાલોની વિશદ અને મુક્ત ચર્ચા કરવા તે દર મંગળવારે જુદા જુદા ધર્મો અને સંપ્રદાયોના વિદ્વાનોની પરિષદ બોલાવતો. હારુન કરતાં પણ મામુનના અમલમાં વિદ્યા, કલા, વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રને વધારે પ્રોત્સાહન સાંપડયું. તેણે કૉન્સ્ટેન્ટિનોપલ, ઍલેક્ઝાંડ્રિયા, ઍન્ટિયૉક ઇત્યાદિ સ્થળોએથી ગ્રીક વિદ્વાનોને બોલાવી ગ્રીક પ્રાચીન ગ્રંથોના અરબીમાં અનુવાદ કરાવ્યા. તેણે પગારદાર ભાષાન્તરકારોને રોકયા. બગદાદમાં તેણે વિજ્ઞાનની જ્ઞાનપીઠની સ્થાપના કરી. ઉપરાંત, ખગોળવિદ્યાના અભ્યાસ માટે પાટનગર અને ટેડમૉરમાં વેધશાળાઓ સ્થાપી. ઉદાર હાથે તેણે વૈદ-હકીમો, કાયદાશાસ્ત્રીઓ, સંગીતજ્ઞો, કવિઓ, તથા ગણિતીઓ અને ખગોળવેત્તાઓને નવાજ્યા. પ્રત્યેક આરબ ભલે નિરક્ષર કે નિષ્કિંચન હોય તોપણ તે અવશ્ય કવિ તો હોવો જ જોઈએ એ ઉક્તિ તેણે સાચી પાડી. ધર્મની બાબતમાં ઉદારમતવાદી આ ખલીફે કાયદો કરી ઉદારમતવાદી હોય તેની જ ન્યાયતંત્રમાં નિમણૂક કરવાની પ્રથા પાડી. હારુન અબ્બાસ વંશના ખલીફોની સમૃદ્ધિનો પ્રતીક હતો; તો તેનો પુત્ર મામુન અબ્બાસોમાં વિદ્યાવ્યાસંગ અને ઉદારમતવાદનો પ્રતીક બન્યો. હારુન કરતાં મામુનનો સમય વધારે ઉજ્જવળ હતો.

મામુન પછી અલ-મુત્તસીમ (ઈ. સ. ૮૩૩–૪૨) આવ્યો. બાદ, અબ્બાસ વંશનાં વળતાં પાણી શરૂ થયાં. મુત્તસીમે અંગરક્ષકો તરીકે તુર્કોની નિમણૂક કરી. આ જ તુર્કો આખરે અબ્બાસ વંશને ભરખી ગયા. અંગરક્ષકો બનેલા તુર્કો સમ્રાટને રમાડનાર અને બનાવનાર થઈ પડયા. ખલીફ અલ-મુતવિક્કલ(૮૪૭–૬૧)ના દીકરા અલમુન્તસિરે અંગરક્ષકોની સહાયથી પિતાની હત્યા કરાવી ગાદી (૮૬૧–૬૨) મેળવી.

એશઆરામ, મોજશોખ, દારૂ અને વ્યભિચારનું જીવન અબ્બાસ વંશના છેલ્લા ખલીફોનો નિત્યક્રમ બન્યું. આ ખલીફોના રાજઅમલ દરમિયાન આરબો, ઈરાનીઓ, સીરિયાવાસીઓ, બર્બરો, ખ્રિસ્તીઓ, યહૂદીઓ અને તુર્કો વચ્ચે સંઘર્ષો શરૂ થયા. એક સંગઠિત ધર્મભાવનાએ દબાવી રાખેલા સમૂહ-સમૂહ વચ્ચેનાં, કોમ-કોમ વચ્ચેનાં અને પ્રદેશ-પ્રદેશ વચ્ચેનાં વેર-ઝેર પ્રગટી નીકળ્યાં. મોજશોખમાં પડેલા ખલીફો પ્રજાની સુખાકારી તરફ બેદરકાર બનતાં ખેતી-વેપાર-વણજ અને એકંદરે આર્થિક વ્યવસ્થા તૂટવા લાગી. મરણની સાથે હોડમાં ઊતરેલું જન્મપ્રમાણ વિજયી બનતાં દારિદ્ય અને ભૂખમરો, દુષ્કાળ અને રોગચાળો વ્યાપક બન્યાં. કેન્દ્ર નબળું પડતાં પ્રાંતોના સુબાઓ સત્તાધીશ બન્યા. ઈ. સ. ૭૫૬માં ઉમૈયા વંશના ખલીફો સ્પેનમાં, ઈ. સ. ૭૮૯માં અદ્રીસી વંશના રાજવીઓએ મોરોક્કોમાં, ઈ. સ. ૮૦૧માં અઘલાબીડ વંશના રાજવીઓએ ટયૂનિસમાં અને ઈ સ. ૮૬૯માં તુલૂન વંશના રાજવીઓએ ઇજિપ્તમાં મધ્યસ્થ સત્તાને ફગાવી દીધી.

મામુને સેનાપતિ બનાવેલા ઇબ્ન અલ-હુસાયાના તાહીર વંશના વારસોએ ઈ. સ. ૮૨૦થી ૮૭૨ સુધી મોટા ભાગના ઈરાન ઉપર સાર્વભૌમ સત્તા ભોગવી. ઈ. સ. ૯૨૯માં હમાદાનના શિયાપંથી મુસ્લિમોએ મેસોપોટેમિયા(ઇરાક)નો ઉત્તર પ્રદેશ અને સીરિયા કબજે કર્યાં. આ જ વંશના સૈફુલદૌલાના સમયમાં અલ-ફરબી અને અલ-મુતનબી જેવા દાર્શનિકો અને કવિઓ થઈ ગયા. કાસ્પિયન પહાડના વતની બુવાઈ-યાના દીકરાએ ઇસ્ફહાન, શિરાઝ અને છેવટે બગદાદ કબજે કર્યાં અને એક સૈકા સુધી આ વંશના નબીરાઓએ ખલીફ પર વર્ચસ ભોગવ્યું. આ જ વંશના અદદૌલાના સમયમાં શિરાઝે (ઈરાન) હારુનની સ્મૃતિ તાજી કરે તેવી જાહોજલાલી નિહાળી. ઈ. સ. ૮૭૪માં સમન વંશના વંશજોએ સત્તા સ્થાપી અને તેમના અમલ હેઠળ સમરકંદ અને બુખારા બગદાદની માફક વિદ્યા અને કલાનાં કેન્દ્ર બન્યાં. તેમના જ સમયમાં ફારસીમાં ઉત્તમ સાહિત્ય પ્રગટ થયું. મહાન આરબ દાર્શનિક એવિસિન્ના અને આયુર્વિજ્ઞાનમાં પ્રવીણ અલ-રાઝી તેમના સમયમાં થઈ ગયા. અલ-રાઝીએ ‘અલ-મનસૂરી’ નામનો આયુર્વિજ્ઞાન પરનો તેનો મહાન ગ્રંથ આ જ વંશના એક રાજવીને અર્પણ કર્યો. ઈ. સ. ૯૯૦માં તુર્કોએ બુખારા કબજે કરતાં આ સમન વંશનો અંત આવ્યો.

ભૂખ્યા તુર્કો પશ્ચિમ તરફ આગળ વધવા લાગ્યા. મુસ્લિમોએ તેમનો સામનો કર્યો; પરંતુ કાળક્રમે ઈસ્લામ અંગીકાર કરનાર આ તુર્કો મુસ્લિમોની સત્તા ગળી ગયા.

---

ઈતિહાસના ઘટચક્રમાં સ્થિર અને સંતુષ્ટ પ્રજાઓએ તેમના સીમાડા પર વસતા રોટી અને જમીનની ભૂખ ધરાવતી અસંતુષ્ટ જાતિઓ અને ટોળીઓનો સામનો કરવો પડયો છે. માથા પર આકાશ અને નીચે ધરતી વચ્ચે ઊછરતી અને સતત નિષ્ઠુર કુદરતની સાથે કુસ્તી કરતી આ ભટકતી જાતિઓ અને ટોળીઓમાં સંગઠન અને શરીરની તાકાત અને નાયક પ્રત્યેની નિષ્ઠા અણનમ હોય છે. સ્થિર સંસ્કૃતિ અને આ ભૂખી માનવતા વચ્ચેના સંઘર્ષમાં આખરે સ્થિર સંસ્કૃતિએ નવી પ્રજાને માર્ગ કરી આપવો પડયો છે. વખત જતાં નવી અને જૂની પ્રજા વચ્ચે સમન્વય થયો છે અને આ સમન્વયથી નવી સંશ્લિષ્ટ પ્રજાનું સર્જન થયું છે અને તે વિદ્યા, કલા અને સંસ્કૃતિ વિકસાવી સ્થિર બને ત્યાં વળી તેને નવી અને સીમાડે બેઠેલી બીજી ભૂખી પ્રજાનો સંઘર્ષ વહોરવો પડયો છે અને આગલા અનુભવનું સ્થળ અને કાળની વિવિધતા અનુસાર, પુનરાવર્તન થયું છે : ભારત, ચીન, ઈરાન, રોમ અને છેવટે અરબ અથવા વિશાળ અર્થમાં મુસ્લિમ ઈતિહાસની ચડતી પડતીનો આ ક્રમ ઈતિહાસના ઘટચક્ર પ્રમાણે ચાલ્યો છે.

---

અંગરક્ષક તુર્કોની જોરતલબી હેઠળ પાટનગર બગદાદ સિવાય અબ્બાસ-સામ્રાજ્યનો બધો પ્રદેશ ખલીફોના સીધા અંકુશ હેઠળથી ચાલી ગયો. ખલીફ લગભગ કેદીની અવસ્થામાં મુકાઈ ગયો. ઈ. સ. ૮૬૧માં ખલીફ મુતવક્કિલનું ખૂન થયું. આમાં રાજદરબારના જનાનખાનાંની સ્ત્રીઓ, વ્યંઢળો અને ગુલામોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ પછીનાં વરસોમાં ખલીફ મુક્તદીર(ઈ. સ. ૯૦૮–૩૨)ના શાસન દરમિયાન ફાતિમા વંશનો ઓબેદુલ્લા (ઈ. સ. ૯૦૯) ઉત્તર આફ્રિકામાં અને અબદુર રહેમાન-ત્રીજો (ઈ. સ. ૯૨૯) સ્પેનમાં સ્વતંત્ર થયા. ખલીફ મુસ્તકફી(ઈ. સ. ૯૪૪–૪૬)ની આંખો ફોડી અલમુતી (ઈ. સ. ૯૪૬–૭૪) ખલીફ બન્યો. અલ-મુસ્તકફીએ વજીર બનાવેલા બુવાયિયાઓ ઈ. સ. ૯૪૫–૧૦૫૫ સુધી ખરા સત્તાધીશો બન્યા.

તુર્કો અને ત્યાર પછી મોંગલો અને તાર્તરો મુસ્લિમ સામ્રાજ્યમાં પ્રવેશ્યા ત્યાં સુધી તેઓ આરબ સંસ્કૃતિથી અસ્પૃશ્ય રહ્યા હતા. તેઓ આ સામ્રાજ્યને સર કરી, મુસ્લિમ બન્યા ખરા અને ઈસ્લામનો પ્રચાર તેમણે ઝનૂનપૂર્વક કર્યો, પણ તેમના પ્રવેશે પરાકાષ્ઠાએ પહોંચેલી અરબ સંસ્કૃતિનો નાશ કર્યો. મધ્ય અને પશ્ચિમ એશિયાનાં સમૃદ્ધિ ધામો તુર્કોનાં આક્રમણો અને વિનાશ બાદ કદીય ઊભાં થઈ શક્યાં નહીં અને એક વાર તો આ સમગ્ર સમૃદ્ધ પ્રદેશ વેરાન બની ગયો.

મધ્ય-ઉત્તર એશિયામાં બૈકલ સરોવરના કાંઠે રહેતા તુર્કો, તેમના આગેવાન ખાન અથવા મોગલ હેઠળ, પોતાના માટે રોટી, પોતાના ઘોડા માટે ઘાસચારો અને આગેવાનો માટે સાહસની ભૂમિની શોધમાં પશ્ચિમ તરફ આગળ વધ્યા. પહાડોમાંથી મળતા લોઢાનો ઉપયોગ તેઓ પાણીદાર હથિયારો બનાવવા માટે કરતા. દ્રોહ અને ખૂન, વ્યભિચાર અને કાયરતાનાં કૃત્યો માટે તેમના કાયદામાં એકમાત્ર મોતની સજાની જોગવાઈ હતી, જેનો તેઓ ચુસ્તપણે અમલ કરતા. ઈ. સ. ૧૦૦૦માં તેમણે તેમના આગેવાન સેલજુક બેગની સરદારી હેઠળ આજના એશિયાઈ તુર્કસ્તાનનો કબજો લીધો. મેહમૂદ ગઝનીએ સેલજુક તુર્કોનો પ્રવાહ રોકવા સેલજુકના દીકરાને કેદ કર્યો. આથી રોષે ભરાયેલા તુર્કોએ તુઘરિલ બેગ(ઈ. સ. ૧૦૩૭–૬૩)ની સરદારી હેઠળ મોટા ભાગના ઈરાનનો કબજો લીધો અને ખલીફ કાસિમ (ઈ. સ. ૧૦૩૧–૭૫) પર શરણે આવવાનું કહેણ મોકલ્યું. બુવાઈદોના વર્ચસ હેઠળથી મુક્ત થવા ખલીફ તુઘરિલ બેગની મદદ માગી. તુઘરિલ ઈ. સ. ૧૦૫૫માં બગદાદ પહોંચ્યો. બુવાઈદો ભાગી ગયા. ખલીફે તુઘરિલની ભત્રીજી સાથે લગ્ન કર્યું.

સેલજુક તુર્કોની તલવાર આગળ એશિયાઈ મુસ્લિમ સત્તાઓ એક પછી એક પડવા લાગી. ખલીફના હાથમાં માત્ર ધાર્મિક વડા તરીકેનું જ પદ રહેવા પામ્યું. મુસ્લિમોમાં તુર્ક લોહી ભળતાં તેમનામાં નવો જ જુસ્સો, ઝનૂન અને દીનપરસ્તી (ધર્મપૂજા) આવ્યાં. ઈસ્લામનો અંગીકાર કરનાર આ તુર્કોએ નવા જમાવેલા સામ્રાજ્યને સંગઠિત કર્યું.

ઈ. સ. ૧૦૬૦માં સેલજુક તુર્કોએ આર્મિનિયા લીધું. એશિયા અને યુરોપના સીમાડા પર આવેલા આ પહાડી પ્રદેશનો કબજો મેળવવા માટે ગ્રીસ, ઈરાન, રોમ, કૉન્સ્ટેન્ટિનોપલ અને અર્વાચીન સમયમાં રશિયા અને બ્રિટનનાં હરીફ સામ્રાજ્યોએ જંગ ખેલ્યા છે. આ મહાસત્તાઓ વચ્ચેના ખુનખાર જંગની મધ્યમાં આવેલા આ નાનકડા પ્રદેશે (આર્મિનિયાએ) તેની સ્વતંત્રતા, તેની આગવી આર્થિક અને સામાજિક વ્યવસ્થા, સાહિત્યિક, કલાવિષયક અને સાંસ્કૃતિક સ્વાયત્તતા જાળવી રાખી હતી. ઈ. સ. ૬૪૨ થી ૧૦૪૬ સુધી ખલીફની નામની સત્તાનો સ્વીકાર કરવા છતાં તેણે ખ્રિસ્તી ધર્મ જાળવી રાખ્યો હતો. પરંતુ સેલજુકનાં આક્રમણોના પ્રવાહમાં તેમની સ્વાયત્તતા, સંસ્કૃતિ અને ધર્મ ઢસડાઈ ગયાં.

ઈ. સ. ૧૦૬૩માં તુઘરિલના અવસાન બાદ તેનો ભત્રીજો અલપ અર્સલાન (ઈ. સ. ૧૦૬૩–૭૨) સેલજુક સુલતાન બન્યો. તેણે હેરાત (ઈરાન), આર્મેનિયા, જ્યૉર્જિયા અને સીરિયા લીધાં. બાઈઝેન્ટાઈન સમ્રાટ રોમેનસ ચોથો મૅન્ઝિકર્ટના યુદ્ધમાં ઈ. સ. ૧૦૭૧માં સેલજુકોના હાથે હાર્યો ને કેદ પકડાયો. બાનની કિંમત આપીને તે છૂટો થયો. મેંઝિકર્ટનું યુદ્ધ ઈતિહાસમાં યુગપ્રવર્તક નીવડયું. તેથી તુર્કોના હાથે કૉન્સ્ટેન્ટિનોપલના આખરી વિજય માટેનો માર્ગ મોકળો બન્યો. આ પછી સેલજુકોની આગેકૂચ ઝડપી અને સર્વગ્રાહી બની.

ઈ. સ. ૧૦૭૨માં અર્સલાનની હત્યા થતાં મલિકશાહ (ઈ. સ. ૧૦૭૨–૯૨) સુલતાન બન્યો. તેના સેનાપતિ સુલેમાને એશિયામાઈનોર કબજે કર્યું અને બુખારા અને કાશગર સુધી તે આગળ વધ્યો. તેના વડાપ્રધાન નિઝામ-ઉલ-મુલ્કે ૩૦ વર્ષના કારોબારમાં વહીવટ, નીતિ અને નાણાંની સુંદર વ્યવસ્થા કરી, ઉદ્યોગ અને વેપાર-વણજ વિકસાવ્યાં; રસ્તા, પુલો બંધાવ્યા; કવિઓ, કલાકારો અને વિજ્ઞાનીઓને ઉદાર હાથે નવાજ્યા. વિખ્યાત ગણિતી, કવિ અને પંચાંગ-સુધારક ઉમર ખય્યામ તેની ઉદારતા મેળવવા ભાગ્યશાળી બન્યો.

મલિકશાહના એક કુર્દ ગુલામ – ઝંગીએ ઈ. સ. ૧૧૨૭માં મોસલમાં આતાબેગ વંશની સ્થાપના કરી મેસોપોટેમિયા સુધી પોતાની સત્તા વિસ્તારી. ઝંગીના દીકરા નુરુદ્દીન મહમૂદે ઈ. સ. ૧૧૪૬માં સીરિયા લીધું. દમાસ્કસને પાટનગર બનાવ્યું. ફાતિમા ખલીફો પાસેથી ઈજિપ્ત જીત્યું. બગદાદની માફક કેરોમાં નિર્વીર્ય અને વ્યંઢળોથી વીંટળાયેલા ફાતિમા ખલીફો તેમના વજીરોને પરાધીન બન્યા. ઈ. સ. ૧૧૪ામાં એક શવારે નામના વજીરે નુરુદ્દીનની મદદ માગી. નુરુદ્દીને શિરકુને મોકલ્યો, જે શવારને મારી વજીર બન્યો. શિરકુ મરણ પામતાં સલાઉદ્દીન નામે ઈતિહામાં પ્રસિદ્ધ થનાર તેનો ભત્રીજો (અલ-મલિક-અલ-નાસીર-સલાહેદ્દીન-યુસુફ-ઈબ્ન અય્યુબ) વજીર બન્યો.

સલાઉદ્દીન કુર્દ હતો અને તેનો જન્મ ઈ. સ. ૧૧૩૮માં ટાઈગ્રિસ નદીના ઉપરવાસ પર આવેલા ટેકરિસમાં થયો હતો. તે ધર્મચુસ્ત, પવિત્ર જીવન ગાળનાર સાધુચરિત મુસ્લિમ હતો. તેનો ડગલો બરછટ ઊનનો હતો, પાણી તેનું એક માત્ર પીણું હતું. ૩૦ વર્ષની વયે તે વજીર બન્યો. ઈ. સ. ૧૧૭૧માં તેણે જુમ્માની સાર્વજનિક નમાજમાં ઈજિપ્તના શિયા ખલીફના બદલે પોતાનો ખુતબો પઢાવી, સુલતાન બની ઈજિપ્તમાં અય્યુબ વંશની સ્થાપના કરી. સલાઉદ્દીન મહેલમાં પ્રવેશ્યો ત્યારે ખલીફના જ સગા પુરુષો સિવાય ૧૨,૦૦૦ સ્ત્રીઓ અને કીમતી જર-ઝવેરાત તેણે જોયાં. આમાંથી કશાયનો તેણે સ્પર્શ સુધ્ધાં કર્યો નહીં. નુરુદ્દીનના અવસાન બાદ તેના નિર્બળ અનુગામી પુત્ર પાસેથી સલ્લાઉદ્દીને ઈ. સ. ૧૧૭૫માં સીરિયા પણ લીધું અને સીરિયા અને ઈજિપ્ત બંનેનો તે સુલતાન બન્યો. તે જ સાલમાં બગદાદના ખલીફ અલ મુસ્તદાએ સલાઉદ્દીનને સીરિયા, ઈજિપ્ત, અલ-મગરિબ (મોરોક્કો), ન્યૂબિયા, અરબસ્તાન અને પેલેસ્ટાઈનના સુલતાન તરીકે માન્ય કર્યો.



સલાઉદ્દીન ધ ગ્રેટ

યુરોપના ખ્રિસ્તીઓએ તેમનાં પવિત્ર સ્થાનોના રક્ષણના નિમિત્તે કરેલાં ધર્મયુદ્ધો(ક્રુઝેડ્સ)માં, પહેલા યુદ્ધમાં જેરુસલેમ જીતી

લૅટિન રાજ્યની સ્થાપના કરી હતી. [જુઓ ખંડ-૧, પ્રકરણ-૧ પાનું ૨૯] સલાઉદ્દીને ઈ.સ. ૧૧૮૫માં લૅટિનો સાથે ચાર વર્ષના કરાર કર્યા હતા, પરંતુ ઈ.સ. ૧૨૦૬માં રેજિનાલ્ડે એક મુસ્લિમ દરવાન પર હલ્લો કરી, સલાઉદ્દીનની બહેનનું અપહરણ કર્યું. આથી છંછેડાઈ સલાઉદ્દીને ધર્મયુદ્ધમાં ઝંપલાવ્યું. સલાઉદ્દીન જેરુસલેમ પહોંચ્યો અને તેને ખુદાનું ઘર માની ઘેરો નહીં ઘાલવાનો સવિચારો આપ્યો. જેરુસલેમ શરણે આવતાં મુક્તિની શરત તરીકે તેને પ્રત્યેક પુરુષદીઠ દસ, પ્રત્યેક સ્ત્રીદીઠ પાંચ અને પ્રત્યેક બાળક-દીઠ એક સોનાના સિક્કા મળ્યા. ઘણાને તેણે એમ જ મુક્ત કર્યા. પૈસા આપી ન શકે તેવાં વૃદ્ધોને પણ તેણે મુક્ત કર્યાં. કેદ પકડાયેલા કુલ ૬૦ હજાર ખ્રિસ્તીઓ પૈકી મુક્તિ નહીં મેળવનાર માત્ર ૧૫ હજાર જ રહી જવા પામ્યા. ઉમરાવોની પત્નીઓ અને દીકરીઓને મુક્તિની કિંમત તરીકે નાણું મેળવી મુક્ત કરવામાં આવી. કેદ કરાયેલી પત્નીઓ અને દીકરીઓનાં આંસુથી તે પીગળ્યો અને તેમના પતિઓ અને પિતાઓને મુક્ત કર્યા. જેમનું કોઈ વાલી ન મળ્યું તેમને તેણે પોતાના ખર્ચે મુક્ત કર્યા. ભાઈની વિનંતીથી તેણે બીજા એક હજાર ખ્રિસ્તીઓને મુક્ત કર્યા.

શરૂઆતમાં જેરુસલેમનો કબજો લેતાં ખ્રિસ્તીઓએ મુસ્લિમો પ્રત્યે જે ક્રૂર અને અમાનુષ વર્તાવ કર્યો હતો તેની સાથે સલાઉદ્દીને જેરુસલેમ લેતાં ખ્રિસ્તીઓ પ્રત્યે કરેલા અતિ ઉદાર વર્તનની તુલના થવી ઘટે. ખ્રિસ્તી યાત્રીઓને વગર હથિયારે જેરુસલેમમાં જવાની તેણે છૂટ આપી. જેરુસલેમ લીધા પછી ડોમ ઑફ રૉક પર તેણે સોનાનો ચાંદ ચડાવી ગુલાબજળથી તેને પવિત્ર બનાવ્યો અને અલઅક્સા મસ્જિદમાં નમાજ પઢી. આ પછી ખેલાયેલા ત્રીજા 'ધર્મયુદ્ધ'માં ફ્રાન્સનો ફિલિપ-ઑગસ્ટસ, ઈંગ્લંડનો રિચાર્ડ અને 'પવિત્ર રોમન' સમ્રાટ ફ્રેડરિક બારબેરોસા જોડાયા. ફ્રેડરિક એક નદી પાર કરતાં ડૂબી મર્યો. આ યુદ્ધમાં બંને પક્ષના આગેવાનોએ તેમના ઉત્તમ ગુણો દર્શાવ્યા. રિચાર્ડને ઘોડા વિનાનો જોતાં સલાઉદ્દીને ઘોડો મોકલી આપ્યો. ભયમાં સપડાયેલા રિચાર્ડ માટે સલાઉદ્દીને બરફ અને પીચ લઈને પોતાના હકીમને મોકલી આપ્યો. સલાઉદ્દીનનાં નમ્રતા અને ન્યાયપ્રિયતા આગળ રિચાર્ડની તેજસ્વિતા, હિંમત અને લશ્કરી કુશળતા ઝાંખી પડી. સલાઉદ્દીન ધર્મનિષ્ઠ, નિર્બળ આગળ નમ્ર, પરાજિતો પ્રત્યે દયાળુ, અનુચરો પ્રત્યે ઉદાર હતો. નિષ્ઠામાં દુશ્મન ખ્રિસ્તીઓ કરતાં તે ચડિયાતો નીવડ્યો. પરધર્મીઓ આટલા બધા ગુણો ધરાવતા હશે તેનો અનુભવ ખ્રિસ્તીઓ માટે નવાઈરૂપ બન્યો. સલાઉદ્દીન જાતે રૈયતની ફરિયાદ સાંભળીને ન્યાય ચૂકવતો, પૈસાને તે 'લોષ્ટવત્' ગણતો.

૫૫ વર્ષની વયે ઈ.સ. ૧૧૯૩માં તે અવસાન પામ્યો ત્યારે તેના અંગત ખજાનામાં માત્ર એક જ દીનાર (સિક્કો) હતો. તેના અનુગામીઓ નિર્બળ પુરવાર થતાં માત્ર ત્રણ જ પેઢીમાં ઈ.સ. ૧૨૬૦માં સીરિયામાં અબ્બાસી વંશનો અંત આવ્યો.

એશિયામાં મુસ્લિમ રાજસત્તાની પડતીના આ સમયમાં પણ કાવ્ય, વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રમાં ઈસ્લામ અગ્રસ્થાને હતું. તુઘરિલ બેગ, અલપ અર્સલાન, મલિકશાહ — આ હતા કુશળ સેલજુક સુલતાનો. નિઝામ-ઉલ-મુલ્ક, નુરદ્દીન, સલાઉદ્દીન અને કામીલ તે સમયના યુરોપના કોઈ પણ રાજા કરતાં વધારે કુશળ હતા. અબ્બાસી ખલીફોએ વિદ્યા, કલા અને વિજ્ઞાનને ઉત્તેજન આપવાની પાડેલી પ્રણાલી નાના રાજવીઓના અમલ દરમિયાન પણ ચાલુ રહી હતી. આ સમયમાં ઉમરખય્યામ, નિઝામી, સાદી, જલાલુદ્દીન રુમી જેવા કવિઓ થઈ ગયા. આ સમયનાં સમૃદ્ધ નગરોમાં દમાસ્કસ, એલેપ્પો, મોસલ, બગદાદ, ઈસ્ફહાન, હેરાત, અમિદ, સમરકંદ, બુખારા, ગઝની, નિશાપુર ઈત્યાદિનો સમાવેશ થતો.

આમ છતાં, રાજકીય રીતે વેરવિખેર એવા આ મુસ્લિમ સમયમાં જંગીઝખાન ચડી આવ્યો.

●

# ૫ : મોંગોલ આક્રમણો

સેલજુક સુલતાનો સ્થિર થતાં એશ-આરામમાં પડયા. ધાર્મિક ઝનૂન અને પ્રાદેશિક તથા જાતિગત વિરોધોના પરિણામે તેમનામાં નાના નાના ફાંટા પડી ગયા. દરમિયાન મધ્ય એશિયામાં નવા હૂણો-મોંગોલો ઊભા થયા. આ રખડતા મોંગોલો નવાં નવાં ચરાણની શોધમાં ઢોર સાથે મધ્ય એશિયામાંનાં તેમનાં વતન-માંથી આગળ વધ્યા. તલવાર અને તીર ચલાવવામાં તેઓ કુશળ હતા. ખાઈ શકાય તેવી કોઈ પણ વસ્તુ– માથાની જૂ, ઉંદર, બિલાડાં, કૂતરાં અને માણસનું લોહી સુધ્ધાં તેમનો ખોરાક બનતાં. ઈયળ અને ગોકળ-ગાયને પણ તેઓ છોડતા નહિ. તરસ લાગે ત્યારે ઘોડાની નસ કાપી ખોબો ધરી તેનું લોહી પીતા. જીવતો ઘોડો તેમનું વાહન અને મૂએલો ઘોડો તેમનો ખોરાક બનતો. તેમનો બધો વ્યવહાર ઘોડા પર જ ચલાવતા. તેઓ ભાગ્યે જ ઘોડા પરથી ઊતરતા. રાત્રિની ઊંઘ અને દિવસના શ્રમનો આરામ પણ તેઓ ઘોડા પર જ લઈ લેતા. મોંગોલ બાળક ચાલવા લાગે ત્યારથી ઘોડાનો સવાર બનતો. આ ટેવથી મોંગોલોના પગ રાંટા બન્યા હતા.

આવા મોંગોલોના સરદાર તેમુલ જિન જે ઈતિહાસમાં જંગીસખાન(ઈ. સ. ૧૧૬૨-૧૨૨૭)ના નામે પ્રસિદ્ધ થયો, તેણે પશ્ચિમમાં વોલ્ગાથી માંડી ચીનના સીમાડા સુધી વિજયો મેળવી દુનિયાનું મોટામાં મોટું રાજ્ય ઊભું કર્યું.

જંગીસખાનનો એક નાયક બળવો કરી ખ્વારિઝમના સ્વતંત્ર રાજવી અલાઉદ્દીન મહમ્મુદની સાથે ભળી ગયો. જંગીસે બળવો શમાવ્યો અને અલાઉદ્દીન પર સુલેહનું કહેણ મોકલ્યું. દરમિયાન અલાઉદ્દીનના એક ગવર્નરે બે મોંગોલ વેપારીઓને જાસૂસ માની લઈ ફાંસી દીધી. જંગીસે આ ગવર્નરનો હવાલો સોંપવાની માગણી કરી. અલાઉદ્દીને આનો ઈન્કાર કર્યો અને મોંગોલ પ્રતિનિધિ મંડળના વડાને મારી નંખાવ્યો, બાકીના પ્રતિનિધિઓની દાઢી બોડાવીને પાછા મોકલ્યા. આના જવાબમાં જંગીસે યુદ્ધ જાહેર કર્યું અને જંગીસના મહાપ્રલયકારી યુદ્ધોની પરંપરા સર્જાઈ. જંગીસના એક દીકરા હસ્તકના સૈન્યે અલાઉદ્દીનના ચાર લાખના સૈન્યને જંદ આગળ પરાજિત કર્યું. શાહ રણક્ષેત્ર પર દોઢ લાખ ઉપરાંત સૈનિકોને મૂએલા છોડી સમરકંદ ભાગી ગયો. જંગીસના બીજા દીકરા જગતાઈ હસ્તકના બીજા સૈન્યે ઓતરાર લીધું અને ખુદ જંગીસના ત્રીજા સૈન્યે બુખારાને જીતી તેને આગ ચાંપી, હજારો સ્ત્રીઓ પર બળાત્કાર કર્યો; અને ૩૦ હજાર માણસોની કતલ કરી. સમરકંદ અને બલ્ખ નગરીઓ શરણે આવી. જંગીસનો ત્રીજો દીકરો ૩૦ હજારનું સૈન્ય લઈને ખુરા-સાન(ઈરાન)થી આગળ વધ્યો અને માર્ગમાં આવતાં સઘળાં નગરોનો વિનાશ કરતો ગયો. દગો રમાતાં મેર્વ (ઈરાન) પડયું. તેને આગ ચાંપવામાં આવી. તેનાં પુસ્તકાલયો ભસ્મીભૂત બન્યાં. નાગરિકોને લૂંટી લઈ મારી નાખવામાં આવ્યા. કતલ ૩૦ દિવસ ચાલી, જેમાં ૩૦ લાખ માણસો મોંગોલની તલવારના શિકાર બન્યા. ઈ.સ. ૧૨૨૧માં નિશાપુર (ઈરાન) પડયું. લગભગ તેના પ્રત્યેક સ્ત્રીપુરુષ અને બાળકની કતલ કરવામાં આવી. માત્ર ૪૦૦ કારીગરોને મોંગોલિયા રવાના કરવામાં આવ્યા. કતલ કરાયેલા માણસોનો જંગ ખડકવામાં આવ્યો. ત્રણ હજાર માનવીઓ અને કુંભારની ભઠ્ઠીઓવાળા એક નગરનો નાશ કરવામાં આવ્યો અને તેની સમસ્ત વસ્તીની કતલ કરવામાં આવી. અલાઉદ્દીનના દીકરા જલાલુદ્દીને તુર્કોનું લશ્કર જમાવી લડત આપી પણ હાર્યો અને દિલ્હી ભાગી ગયો. હેરાત(ઈરાન)માં બળવો જાગ્યો પણ તેને શમાવી તેના ૬૦ હજાર પ્રજાજનોની કતલ કરવામાં આવી.




## જંગીસખાન અને ઇતર મોંગોલોની ચડાઈઓ

આટલું પતાવી જંગીસખાને મોંગોલિયા તરફ પાછાં પગલાં ભર્યાં. ૫૦૦ પત્નીઓ અને ૭૫-૫૮ની વાળો આ મોંગોલ વિજેતા ચીન પર જંગે ચડતાં માર્ગમાં શાશીમાં મરણ પામ્યો. તેની અંત્યેષ્ટિ માટે તેના શબને મોંગોલિયા લઈ જવામાં આવ્યું પણ મરણના ખબર ફેલાય નહિ માટે માર્ગમાં જે કોઈ મળે તેની કતલ કરવામાં આવી. છેવટે તેને દાટવામાં આવ્યો ત્યારે મોંગોલોના ઉમરાવોની ૪૦ કુમારિકાઓ અને ઉત્તમ પ્રકારના અને કીમતી ઘોડાઓનો ભોગ ધરવામાં આવ્યો.

જંગીસખાનનાં આક્રમણોએ વિશાળ પાયા પર વિનાશ વેર્યો, પરિણામે પૂર્વમાં અરબ સંસ્કૃતિનાં કેન્દ્રો નિર્મૂળ બન્યાં. આ આક્રમણોના અંતે બાદબાકી કરવામાં આવે તો મધ્ય અને પશ્ચિમ એશિયાનો એકવારનો સમગ્ર સમૃદ્ધ પ્રદેશ વેરાન બન્યો, નગરોનો નાશ થયો. ખેતીવાડી અને ઉદ્યોગો પાયમાલ થયા. શિક્ષણ, સંસ્કાર અને ધર્મની સંસ્થાઓને સાફ કરી દેવામાં આવી. આર્થિક જીવાદોરી સમા રસ્તાઓ, પુલો અને નગરોનો નાશ કરાયો. જંગીસખાનના નાશમાંથી જે કંઈ બચવા પામ્યું તે તેના પૌત્ર હુલાગુ અને ત્યાર બાદ લાંબા ગાળે, તૈમૂરે પૂરું કર્યું.

જંગીસખાનનાં આ આક્રમણો પછી લગભગ સાડા સાત સદીઓ વીતી ગઈ છે છતાં હજુય આ પ્રદેશ મોંગોલોએ કરેલા વિનાશમાંથી ઊભો થવા પામ્યો નથી. આ પ્રદેશ વેરાન બની ગયો તે ઋતુ કે હવામાનના કોઈ ફેરફારના કારણે નહિ, પણ માનવીએ સર્જેલા સર્વનાશના કારણે!

અબ્બાસી વંશના છેલ્લા વિદ્વાન અને સુંદર અક્ષરો લખનારા ખલીફ અલ-મુસ્ત-સિમ (ઈ. સ. ૧૨૪૨–૫૮) પર બળવાખોરોને આશરો આપવાનો આરોપ મૂકી તેને, પોતાને શરણે આવી બગદાદમાંથી લશ્કરો ખસેડી લેવાની હુલાગુએ માગણી કરી. પરંતુ, ખલીફે તેનો સ્વીકાર ન કર્યો. અંતે, ઈ. સ. ૧૨૫૮માં હુલાગુએ બગદાદ પર હલ્લો કરી તેને ઘેરો ઘાલ્યો. મહિનાના ઘેરાના અંતે ખલીફે શરણાગતિ સ્વીકારવાની તૈયારી બતાવી. દયાના વચન પર વિશ્વાસ રાખી ખલીફ અને તેના બે દીકરા હુલાગુને શરણે ગયા. હુલાગુનું લશ્કર બગદાદમાં પેઠું અને ૪૦ દિવસ સુધી તેણે લૂંટ કરી, આઠ લાખ માણસોની કતલ કરી. હજારો વિદ્વાનો, વિજ્ઞાનીઓ અને કવિ-કલાકારો આ સાર્વત્રિક કતલના ભોગ બન્યા. સૈકાંઓના પરિશ્રમ બાદ એકત્ર કરેલા સાહિત્યના ભંડાર જેવાં પુસ્તકાલયો અને ખજાનાને લૂંટી તેનો નાશ કરવામાં આવ્યો. ખલીફ અને તેના કુટુંબની હત્યા કરવામાં આવી. બગદાદને અગ્નિની જ્વાલાઓને સ્વાધીન કરવામાં આવ્યું. આમ, અબ્બાસ વંશનો અંત આવ્યો.



જંગીસખાન

પોતે કરેલી કતલના ભોગ બનેલા માનવીઓનાં મૂડદાંની દુર્ગંધથી ત્રાસી હુલાગુ મોંગોલિયા પાછો ફર્યો. પાછળ રહેલું લશ્કર સીરિયા તરફ આગળ વધ્યું. આ લશ્કરે એલેપ્પો સર કરી ૫૦ હજારની વસતીનો તલવારથી નાશ કર્યો. ઇજિપ્તના બાહરી મામલુક સુલતાન સઇફુલદ્દીન કુતુઝે (ઈ. સ. ૧૨૫૯-૬૦) હુલાગુના પ્રતિનિધિને ફાંસી આપી અને તેના સૈન્યને અઈન જલુતની લડાઈમાં (ઈ. સ. ૧૨૬૦) હરાવ્યું. આ લડાઈ પણ યુગપ્રવર્તક નીકળી. તેણે સર્વભક્ષી મોંગોલ સૈન્યોની પશ્ચિમ તરફની આગેકૂચને સદાને માટે ખાળી દીધી.

એક સદી પછી ફરી પાછો તૈમૂર લંગ તરફથી મોંગોલ આક્રમણનો ભય ઊભો થયો. તૈમૂરનો વડવો જંગીસખાનનો વજીર હતો. તૈમૂર માનતો કે તે જંગીસનો વંશ જ હતો. તેનું જીવનવૃત્તાંત લખનાર મોચીનો દીકરો તેને કહે છે: ઘેટાંની ચોરી કરતાં માર પડયો, પરિણામે તે જિંદગી ભર લંગડો બન્યો. ઈ. સ. ૧૩૮૦માં તેનાં આક્રમણો શરૂ થયાં જેમાં અફઘાનિસ્તાન, ઈરાન અને કુર્દીસ્તાન પડયાં. ઈ.સ. ૧૩૯૩માં તેણે બગદાદ લૂંટયું. ઈ. સ. ૧૩૯૪માં મેસોપોટેમિયા લીધું. સલાઉદ્દીનના જન્મસ્થાન તુકરીતમાં તેણે આક્રમણનો ભોગ બનેલા માનવીઓની ખોપરીઓનો પિરામીડ બનાવ્યો. મોસ્કો પર એક વર્ષ હકૂમત ચલાવી. ત્રણ વર્ષ બાદ ભારત પર આક્રમણ કરી દિલ્હીમાં કતલ ચલાવી. ઈ. સ. ૧૪૦૦માં તે સીરિયા પર ત્રાટકયો. એલેપ્પોની શાળાઓ અને ધર્મસ્થાનોનો નાશ કર્યો. ઈ. સ. ૧૪૦૧માં દમાસ્કસ લીધું. ઈ. સ. ૧૪૦૨માં એશિયામાઈનોર પર હલ્લો કરી અંકારામાં ઓટોમન તુર્કોને હરાવ્યા અને સુલતાન બાયાઝિદ–૧લાને કેદ કર્યો. બ્રૂસા અને સ્મર્ના સર કર્યાં. ચીન સામેની લડાઈમાં ૧૪૦૨માં તેનું અવસાન થતાં તેનો ભય ટળ્યો.

જંગીસખાન અને તૈમૂરે માનવ સંસ્કૃતિનો જે સંહાર કર્યો તેનો ઈતિહાસમાં કયાંય જોટો મળે તેમ નથી.




તૈમૂરલંગનું સામ્રાજ્ય

# સ્પેનમાં આવેલો, ઉત્કૃષ્ટ બાંધણીવાળો 'અલહમ્બ્રા' રાજમહેલ

## (૧૩મી સદી)



અલહમ્બ્રા : ગ્રેનેડાનો મહેલ



અલબેરિકાનું આંગણું



કોર્ટ ઑફ ધ લાયન્સ



મહેલનો એક ઓરડો



'કૉર્ટ ઑફ ધ લાયન્સ'ની ગેલેરી

૧૩મી સદીના મૂરિશ રાજાઓના સ્પેનના ગ્રેનેડામાં આવેલો ઉત્કૃષ્ટ બાંધણીનો 'અલહમ્બ્રા' મહેલ. એક માઈલના ઘેરાવાની દીવાલવાળો આ મહેલ ઉત્કૃષ્ટ અને નાજુક બાંધણીકળામાં દુનિયાની એક અજાયબી તરીકે લેખાય છે.

# ૬ : સ્પેન પર આરબ હકૂમત

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે મુસાએ ઍટલૅંટિક સુધી ઉત્તર આફ્રિકા સર કર્યા પછી સ્પેન પહોંચવાનો માર્ગ સરળ બન્યો. સ્પેન પરના પ્રથમ વિજેતા આરબો નહિ પણ મૂર લોકો હતા. અને તેનો યશ મુસાના બર્બર સરદાર તારીકને ફાળે જાય છે. ઈ.સ. ૭૧૧માં તેણે સ્પેન પર હલ્લો કર્યો ત્યારે તેના સૈન્યમાં ૭૦૦૦ બર્બરો અને માત્ર ૩૦૦ જ આરબો હતા. તારીકે સાંકડી સામુદ્રધુની ઓળંગી સ્પેનની ભૂમિ પર પગ મૂકયો. અહીંના જિબ્રાલ્ટર કિલ્લાનું નામ આ પ્રથમ બર્બર વિજેતા તારીક પરથી પડયું છે, (અરબીમાં જેબેલ-અલ-તારીક એટલે 'તારીકનો પહાડ') તેણે વિશિગૉથ (મૂળ પશ્ચિમ જર્મનીની ગૉથ ટોળી : છઠ્ઠી સદીમાં સ્પેનમાં શાસન સ્થાપનાર) રાજા રોડરિકને હરાવ્યો અને લગભગ અર્ધું સ્પેન કબજે કર્યું. ઈ.સ. ૭૧૨માં મુસા સ્પેનમાં પ્રવેશ્યો. તેણે તારીકને કેદ કર્યો અને સેવિલ અને મેરિકા લીધાં. દમાસ્કસના ખલીફ વાલિદે મુસાને બોલાવ્યો ત્યારે મુસા તેની સાથે ૪૦૦ રાજમુગટધારી વિશિગૉથ રાજકુમારો, ૪૦૦ કેદી-ગુલામો અને લૂંટમાં મળેલો મોટો ખજાનો લઈ ગયો. મુસાએ પયગમ્બર સોલોમનનું ગણાતું એક પ્રાચીન મેજ ખલીફને ભેટ ધર્યું. પરંતુ ખલીફે મુસાનું અપમાન કર્યું. સ્પેનના આ વિજેતા મુસાએ અલ-હજાજના ગામ–વાડીમાં ભીખ માગી શેષ જીવન પૂરું કર્યું.

અબદલ–રહમાન–ઈબ્ન–અબદુલ્લા–અલગફિકી ઈ. સ. ૭૩૨માં પિરેનિઝ પર્વતમાળા ઓળંગી તુર્સ(ફ્રાન્સ) તરફ આગળ વધ્યો. સાત દિવસની અનિર્ણાયક ઝપાઝપી બાદ અંધકારનો લાભ લઈ મુસ્લિમો ભાગ્યા એ ઘટના એક મહત્ત્વના ઐતિહાસિક વળાંક સમી બની ગઈ.

તુર્સના મેદાનમાં મુસ્લિમો વિજયી બન્યા હોત તો સંભવ છે કે ઉત્તર આફ્રિકા, પશ્ચિમ અને મધ્ય એશિયાની માફક યુરોપ પણ મુસ્લિમોની તલવાર હેઠળ મુકાઈ ગયું હોત અને ક્રૂસનું સ્થાન ચાંદે લીધું હોત.

ઈ. સ. ૭૩૭માં મુસ્લિમોએ એવિગ્નોન લીધું પરંતુ ઈ. સ. ૭૫૯માં ફ્રાન્ક સરદાર પેપિને મુસ્લિમોને દક્ષિણ ફ્રાન્સમાંથી સદાને માટે મારી હઠાવ્યા. આમ છતાં, સ્પેન ખલીફાનો પ્રાંત બન્યો. (સ્પેનનો પ્રદેશ ત્યારે અરબીમાં અન્દાલૂસ કહેવાતો.) ઘણા જ થોડા સમયમાં લગભગ સમગ્ર સ્પેન પર મુસ્લિમોની હકૂમત સ્થપાઈ તેનું એક કારણ વિશિગૉથના અમલથી ત્રાસેલી સ્પેનની પ્રજાએ આરબોને સહાય કરી તે હતું. ઈ.સ. ૬૧૨માં ત્યાંના યહૂદીઓને ખ્રિસ્તી બનવાનું ફરમાન થયું હતું એટલે યહૂદીઓએ મુસ્લિમોને આવકાર્યા હતા. મુસ્લિમો જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ જિતાયેલાં નગરોનો કારોબાર યહૂદીઓને સુપરત કરતા ગયા. છેલ્લા વિશિગૉથ રાજવી રોડરિકે વિટિઝાને પદભ્રષ્ટ કર્યો હોઈ, વિટિઝાના પુત્રે પણ મુસ્લિમોને મદદ કરી હતી.

ઈ.સ. ૭૩૨થી ૭૫૫ના ગાળા દરમિયાન સ્પેનમાં ૨૩ ગવર્નરો થઈ ગયા. પહેલા ગવર્નર બનનાર મુસાના દીકરા અબદલ અઝિઝે રોડરિકની વિધવા-એન્જેલા સાથે લગ્ન કર્યું. ઈ. સ. ૭૧૬માં ખલીફના હુકમથી અબદલ અઝિઝની હત્યા કરવામાં આવી. ચોથા ગવર્નરે કોર્ડોવાને પોતાનું પાટનગર બનાવ્યું.

અગાઉ જોઈ ગયા તે પ્રમાણે પહેલા અબ્બાસ ખલીફની કત્લેઆમમાંથી બચેલો દમાસ્કસનો દસમો ખલીફ હિશામનો પૌત્ર અબદલ રહમાન પહેલો ભટકતો ભટકતો સ્પેન પહોંચ્યો. સ્પેનમાં પગ મૂકતાં દક્ષિણનાં નગરો એક પછી એક તેના વાવટા હેઠળ આવ્યાં. ઈ. સ. ૭૫૬માં અબદલ રહેમાને કોર્ડોવા સર કર્યું. ઈ. સ. ૭૬૪માં ટોલિડો પણ તેની હકૂમત હેઠળ આવ્યું. ખલીફ મનસૂરે (ઈ. સ. ૭૫૪-૭૫) અબદલ રહમાન સામે મોકલેલું સૈન્ય હાર્યું. ઈ. સ. ૭૭૭માં સ્પેનના ઈશાન પ્રદેશના આરબોએ ફ્રાન્ક રાજવી શાર્લમનને મદદે બોલાવ્યો. ઈ. સ. ૭૭૮માં શાર્લમન સારગોસા (ફ્રાન્સનો પ્રદેશ) સુધી આગળ વધ્યો પણ નગરના દરવાજા

મંધ થતાં તેને પાછા ફરવું પડયું. તેના સૈન્યો પર બાસ્ક અને પહાડી લોકો તૂટી પડયા. આ પીછેહઠમાં રોલૅન્ડ મરણ પામ્યો. આ રોલૅન્ડની પરાક્રમ-ગાથા વર્ણવતું 'ચૅન્સમ દ રોલૅન્ડ' નામનું મહાકાવ્ય ફ્રેન્ચ ભાષાનું જ નહિ પરંતુ જગતના મહાકાવ્ય સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. [આ શ્રેણીનો ગ્રંથ–૮ સાહિત્ય દર્શન (વિશ્વ સાહિત્ય–૧)]

અબદલ રહમાને બગદાદના ખલીફોનું વર્ચસ ફગાવી દીધું. તેણે વિદ્યા અને કલાને ઉત્તેજન આપ્યું, નગરો શણગાર્યાં. સ્પેનમાં પીચ અને દ્રાક્ષનાં ફળઝાડ દાખલ કર્યાં. ઈ. સ. ૭૮૮માં કોર્ડોવામાં જેરુસલેમ અને મક્કાનાં ધર્મસ્થાનોની સ્પર્ધા કરે તેવી મસ્જિદ બંધાવી પરસ્પર ઝઘડતા આરબો, સીરિયનો, બર્બરો, ન્યુમીડિ-ડિયનો, ગૉથ લોકો—આ સૌ સમૂહોને એક રાષ્ટ્રીય સંગઠનમાં એકત્ર કર્યા.

અબદલ રહેમાન પહેલાએ સ્થાપેલા વંશે (ઈ. સ. ૭૫૬–૧૦૩૧) લગભગ પોણી ત્રણ સદી સુધી સ્પેનમાં રાજ્ય કર્યું.

અબદલ રહેમાન પહેલાના પૌત્ર અલહકમ પહેલા(ઈ. સ. ૭૯૬–૮૨૨)ના સમયમાં ટોલિડોના ગવર્નરે યોજેલા એક ભોજનસમારંભમાં આમંત્રિતો આવતા ગયા તેમ એક પછી એક તેમની કતલ કરવામાં આવી જેથી અસંતોષ જાગ્યો.

અબદલ રહેમાન બીજો (ઈ. સ. ૮૨૨-૫૨) સત્તા પર આવ્યો ત્યાં સુધી સ્પેનમાં ઉમૈયા ખલીફોનો અમલ સ્થિર થઈ ગયો હતો. તેના સમયમાં રાજકર્તા વર્ગે ભાષા, સાહિત્ય, ધર્મ અને બીજી જે કંઈ પરંપરા સ્થાપી તેને શહેરોમાં વસતા ખ્રિસ્તીઓએ અપનાવી હતી. તેમનું ઈસ્લામીકરણ નહિ તો અરબીકરણ થયું હતું. અરબીકરણ પામેલી આ ખ્રિસ્તીઓની સંખ્યા એટલી તો મોટી થઈ કે તેમને અરબીમાં 'મોઝારબ'ના નામે ઓળખવામાં આવ્યા. અરબીકરણ પામેલા ખ્રિસ્તીઓ અને મૂર લોકોના લાભાર્થે સેવિલના બિશપ મેને બાઈબલનો અરબીમાં ટીકાત્મક ગ્રંથ લખ્યો. ખ્રિસ્તીઓને ધર્મપાલનની છૂટ હોવા છતાં તેમનાં ધર્મસ્થાનો મુક્ત ન હતાં. ખ્રિસ્તી ધર્માચાર્યોની નિમણૂક અને બરતરફી મુસ્લિમ રાજકર્તા કરતા. ખ્રિસ્તીઓ તેમના ધર્મ સિદ્ધાં-તોની ટીકા સામે બચાવ કરી શકતા નહિ. આ અંગે ખ્રિસ્તી સમાજમાં ધૂંધવાઈ રહેલા રોષને યુલેજિયસ નામના પાદરીએ વાચા આપી (ઈ. સ. ૮૫૦). પયગમ્બરની નિંદા કરવા માટે એક પાદરીને ઈ. સ. ૮૫૦માં ફાંસી અપાઈ. આ બનાવે આ અસંતોષને પ્રગટ કર્યો અને આ પાદરીની આગાહી ચમત્કારી રીતે સાચી પડતાં શહીદીની પરંપરા જાગી, જેમાં આઈઝેક તથા ખ્રિસ્તી અને આરબ મિશ્ર લગ્નથી જન્મેલી ફ્લોરા અને એક સાધવી સમેત ૪૪ વ્યક્તિઓએ શહીદી વહોરી લીધી.

અબદલ રહેમાન ત્રીજા(ઈ. સ. ૯૧૨-૬૧)એ આંતરિક બંડબળવા શમાવ્યા, આરબ અમીરોને વશ કર્યા અને પડોશી રાજ્યો અને સત્તાઓ વચ્ચે સમતુલા સ્થાપી. ઈ. સ. ૯૩૯માં તેણે પોતાને ખલીફ જાહેર કર્યો. તેણે બિન-મુસ્લિમ પ્રજાજનોના ધર્મપાલનમાં હસ્તક્ષેપ ન કર્યો. તેમના ધાર્મિક કાનૂનોના અમલને તેણે મંજૂર રાખ્યો. આમ છતાં સંખ્યાબંધ ખ્રિસ્તીઓએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને સ્પેનમાં આ નવા મુસ્લિમોનો એક જુદો વર્ગ ઊભો થયો. બાહ્ય રીતે મુસ્લિમ હોવા છતાં આ લોકો ખ્રિસ્તી ધર્મને અનુસરતા હતા. આરબ મુસ્લિમો તેમને હલકા ગણતા. તેના સમયમાં લગભગ સમસ્ત સ્પેન મુસ્લિમોના હાથમાં આવ્યું.

અબદલ રહેમાન ત્રીજાના આ શાસનના સમયે કોર્ડોવામાં પાંચ લાખની વસતી હતી. તેમાં ૭૦૦ મસ્જિદો, ૩૦૦ જાહેર સ્નાનાગારો હતાં; શાહી મહેલમાં ૪૦૦ કમરા હતા, જેમાં હજારો ગુલામો અને રક્ષકો રહેતા.

અબદલ રહેમાનના બે અનુગામીઓએ અલ-ઝાહરાનો વિસ્તાર વધારી તેને શણગાર્યો. આ મહેલની રક્ષા ૩૭૫૦ સ્લાવ સૈનિકો કરતા.

અલ-હકમ બીજો પુસ્તકપ્રિય રાજવી હતો. તે પુસ્તકો મેળવવા તથા મેળવેલાં પુસ્તકોની નકલો કરાવવા ઍલેક્ઝાંડ્રિયા, દમાસ્કસ અને છેક બગદાદ સુધી પહોંચી જતો. એણે મેળવેલાં પુસ્તકોની સંખ્યા ૪૦ હજારની થવા જાય છે. ડચ વિદ્વાન ડોઝીના જણાવ્યા પ્રમાણે કોર્ડોવાનો પ્રત્યેક નાગરિક લખી-વાંચી જાણતો, જ્યારે તે સમયે યુરોપ માંડ કક્કો ભણવાની શરૂઆત કરતું હતું.

અલ-હકમ બીજાના અવસાન બાદ ગાદીએ આવેલા હિશામ બીજાના સેનાપતિ મહમ્મદ ઈબ્ન અબી અમીરે (૯૮૧ પછી તેનું નામ અલ-મનસૂર) જુમ્માની નમાજની ખુતબામાં પોતાનું નામ દાખલ કરાવ્યું અને રાજાશાહી પોશાક પહેરવા લાગ્યો. ઈ. સ. ૯૯૨ બાદ સરકારી દસ્તાવેજો પર ખલીફને બદલે તેણે પોતાની મુદ્રાનો ઉપયોગ શરૂ કર્યો. તેણે ઉત્તર સ્પેનમાં લિયોન, કેસ્ટાઈલ અને કેરેલોનિયા પર હલ્લા કર્યા. ઈ. સ. ૯૮૧માં ઝમોરા લીધું. ઈ. સ. ૯૮૫માં બાર્સેલોના લૂટયું. ઈ. સ. ૯૯૭માં સાન્ટિયાગો દ કોમ્પાસ્ટેલા નગરનો નાશ કરી દેવળનો નાશ કર્યો. તેણે કેદ પકડાયેલા ખ્રિસ્તી નગરજનોનાં માથે ખ્રિસ્તી દેવળોના દરવાજા અને ઘંટ ઊંચકાવી કોર્ડોવામાં વિજય પ્રવેશ કર્યો. લડતાં લડતાં જ મરણને ભેટવાની ખ્વાહિશ સાકાર થાય તે માટે જ્યારે જ્યારે તે યુદ્ધે ચડતો ત્યારે ત્યારે સાથે પોતાનું કફન લઈને નીકળતો. કેસ્ટાઈલ જીતી, ત્યાંનાં મઠો અને ખેતરોનો નાશ કરી, પાછા ફરતાં તે બીમાર પડયો. દીકરાની આંખમાં આંસુ જોતાં તે બોલ્યો: "સામ્રાજ્યના નાશનાં મને ચિહ્‌નો જણાય છે."

અબદલ રહેમાન ત્રીજા(ઈ.સ. ૯૧૨-૯૬૧)ની અને તેના અનુગામી અલ-હકમ બીજાની (ઈ. સ. ૯૬૧–૭૬) તથા અલ હજીબ અલ-મનસૂર(ઈ. સ. ૯૭૭–૧૦૦૨)ના સમયમાં સ્પેનની મુસ્લિમ હકૂમત જાહોજલાલીની પરાકાષ્ઠાએ પહોંચી. કોર્ડોવા યુરોપમાં વિદ્યા, કલા અને સંસ્કારની દૃષ્ટિએ પ્રથમ પંક્તિનું નગર બન્યું. તેમાં ૧,૧૩,૦૦૦ ઘર, ૨૧ ઉપનગરો, ૭૦ પુસ્તકાલયો, સંખ્યાબંધ પુસ્તક વિક્રેતાઓ, મસ્જિદો અને રાજમહેલો હતાં. માઈલો લાંબા નગર-માર્ગો પર બાજુનાં મકાનોના દીવા રોશની પાથરતા.

આ પછી સાત સદીઓ વીતી ગઈ હોવા છતાં, લંડનના માર્ગો પર સમ ખાવાને એક પણ જાહેર દીવાબત્તી ન હતી! વળી, સૈકાંઓ પછી પણ પૅરિસમાં ઘરની બહાર પગ મૂકતાં પગ કાદવના ખાબોચિયામાં પડતો! તથા ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્નાનને 'પેગન' પૂર્વગ્રહ ગણવામાં આવતો હતો, ત્યારે મુસ્લિમ સ્પેનના આ પાટનગરમાં સંખ્યાબંધ સાર્વજનિક સ્નાનાગારો હતાં!

કોર્ડોવાની વિદ્યાપીઠમાં સ્પેનના જ નહિ પરંતુ યુરોપ, આફ્રિકા અને એશિયામાંથી મુસ્લિમ, ખ્રિસ્તી અને યહૂદી વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવતા.

અલ-મનસૂરના મરણ બાદ ૨૧ વર્ષ સુધીમાં કોર્ડોવોમાં અનેક ખલીફો થયા પછી ૩૦ વર્ષની નિષ્ક્રિયતા બાદ, પદભ્રષ્ટ ખલીફ હિશામ બીજો ફરી ગાદીએ આવ્યો. ફરી પાછો તેને પદભ્રષ્ટ કરી મુહમ્મદ બીજો અલ મહદી ખલીફ બન્યો. તેણે વિરોધીઓનાં માથાં વાઢી તેની ખોપરીઓમાં ફૂલ-ઝાડ ઉગાડયાં. આ પછી ઘણા ખલીફો થયા. હિશામ ત્રીજો જતાં, ૧૦૨ વર્ષના રાજઅમલ બાદ ઉમૈયા ખલીફોના વંશનો અંત આવ્યો (૧૦૩૧) અને સ્પેનમાં લગભગ બે કૂડી જેટલાં નાનાં નાનાં મુસ્લિમ રાજ્યો ઊભાં થયાં, એમાં મુખ્યત્વે સેવિલમાં અબ્બાસ વંશના રાજવી અને ગ્રેનેડામાં બર્બર વંશી અબ્ન ઝિરિનું રાજ્ય હતું. આ રાજયમાં પરિવર્તનોનાં કોઈ કાયમી પરિણામો આવ્યાં નહિ. કોર્ડોવા પછી સેવિલ મહત્ત્વનું બન્યું.

મુસ્લિમ રાજ્યો વિભક્ત બની રહ્યાં હતાં ત્યારે ખ્રિસ્તી રાજવીઓ આંતરિક મુશ્કેલીઓ પાર કરી પ્રવૃત્ત બન્યા. લિયૉન અને કેસ્ટાઈલના ખ્રિસ્તી રાજવીઓ એક બન્યા અને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વચ્ચે સંઘર્ષો શરૂ થયા. દરમિયાન મુરાલિબ સામ્રાજ્યની સ્થાપના કરનાર યુસુફ ઈબ્ન-તાશફિને (૧૦૬૧-૧૧૦૬) સેવિલને પાટનગર બનાવી મોરોક્કો સુધીનો વિસ્તાર કબજે કર્યો. લગભગ અર્ધી સદી સુધી બર્બરોના હાથમાં સત્તા રહી.

બાહ્ય રીતે મુસ્લિમો બનેલા ખ્રિસ્તીઓ અર્થાત્ મોઝારબો પર અંકુશો મુકાયા. મોઝારબોએ અરબીને કાયદા-કાનૂનની અને વેપારની ભાષા તરીકે ચાલુ રાખી. યુસુફે મોઝારબોની કતલ કરી, ગ્રેનેડાનું સુંદર દેવળ તોડી નાંખ્યું. સ્પેનમાં ખ્રિસ્તી સમાજ જાગ્યો હતો. ગ્રેનેડા સિવાય સ્પેનના બાકીના મુસ્લિમ પ્રદેશો પર







**સ્પેનનું પ્રાચીન શહેર કોર્ડોવા :**

**ઉપર :** કોર્ડોવા અને તેનો પ્રાચીન પુલ.
**વચ્ચે :** કોર્ડોવાની મસ્જિદ.
**નીચે :** મસ્જિદની અંદરની નકશીદાર મૂરિશ કમાનો.

સત્તાઓએ ૧૩મી સદીની મધ્ય સુધીમાં વિજય મેળવ્યો. ટોલિડો, કોર્ડોવા અને સેવિલ પણ ખ્રિસ્તીઓએ લીધાં અને સ્પેનમાં ખ્રિસ્તીકરણ અને ખ્રિસ્તી એકતાની પ્રક્રિયા શરૂ થઈ. ઈ. સ. ૧૪૬૯માં કેસ્ટાઈલની રાણી ઈસાબેલાનું એરેગોનના રાજવી ફર્ડિનાન્ડની સાથે લગ્ન થતાં આ બે ખ્રિસ્તી રાજ્યો એક બન્યાં અને તેણે મુસ્લિમ સ્પેનનું ભાવિ નક્કી કર્યું. મુસ્લિમો અને ખ્રિસ્તી રાજકર્તાઓ વચ્ચેના સંઘર્ષોમાં એકબીજાના વારાફરતી થતા જય-પરાજયોમાં સરવાળા બાદબાકીના અંતે ઈ. સ. ૧૪૯૨માં ગ્રેનેડાનો છેલ્લો સુલતાન અબુ-અબદુલ્લા ભાગી ગયો ત્યારે લગભગ આઠ સદીઓ (કુલ ૭૮૧ વર્ષ) ચાલેલા મુસ્લિમ અમલ પર છેવટનો પડદો પડયો.

સ્પેનમાં ખ્રિસ્તી રાજવીઓએ મુસ્લિમો પર જુલમો કરવા માડયાં અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાની તેમના પર ફરજ લાદવામાં આવી. ઈસ્લામ અંગેનાં અરબી પુસ્તકોનો નાશ કરાયો, અરબી હસ્તપ્રતોને આગ ચાંપવામાં આવી. મુસ્લિમો ખ્રિસ્તીઓનું અનુકરણ કરી બાહ્ય દેખાવે ખ્રિસ્તી બન્યા હોવાનો ડોળ કરી અંદરખાને મુસ્લિમ જીવન જીવવા લાગ્યા. ઈ. સ. ૧૫૨૬માં એરેગોનના મુસ્લિમો સમક્ષ ખ્રિસ્તી બનવાનો અથવા સ્પેન છોડી ચાલ્યા જવાનો વિકલ્પ મૂકવામાં આવ્યો ઈ. સ. ૧૫૨૬માં ફિલિપ બીજાએ એક ફરમાન પ્રગટ કરી મુસ્લિમોને તાત્કાલિક તેમની ભાષા, પૂજા-બંદગી, સંસ્થાઓ અને જીવનરીતનો ત્યાગ કરી દેવાનું જણાવ્યું. આ સૌનાં પરિણામે સ્પેનમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમો ચાલ્યા ગયા. ૩૦ લાખ મુસ્લિમોને હદપાર કરવામાં આવ્યા. સેંકડોને ફાંસી આપવામાં આવી.

મુસ્લિમોએ ઘણા દેશોમાં રાજકીય સત્તા હાંસલ કર્યા બાદ સ્થાનિક પ્રજાને મુસ્લિમો બનાવી, મુસ્લિમો ન બને તો (અથવા મુસ્લિમ બન્યાનો ડોળ કરી બચી જનારા સિવાયનાની કતલ કરી કે હદપાર કરી સંપૂર્ણ ઇસ્લામીકરણ કર્યું હતું. તેના મુકાબલે સ્પેન જ એક એવો દેશ હતો જેણે પ્રતિ-પ્રક્રિયા દ્વારા મુસ્લિમ કોયડાનો ઉકેલ આણ્યો.

આરબ અથવા મુસ્લિમ સત્તા પરાકાષ્ઠાએ પહોંચી. હવે તેનાં બધે જ વળતાં પાણી થવા લાગ્યાં. તેની સત્તાનાં કેન્દ્ર જેવા બગદાદ, દમાસ્કસ, કોર્ડોવા અને મધ્ય તથા પશ્ચિમ એશિયાનાં મુસ્લિમ રાજ્યો વિશે આપણે જોઈ ગયાં. હવે આપણે બાકી રહેલાં નાનાં મોટાં મુસ્લિમ રાજ્યો પર ઊડતી નજર નાખી લઈએ.

•

# ૭ : પશ્ચિમમાં મુસ્લિમ રાજ્યો

ઉત્તર આફ્રિકા પર કેરોમાં ઈજિપ્ત, કેરવાનમાં આફ્રિકિયાના અને ફેઝમાં મગરેબી અર્થાત્ મોરોક્કો : એમ ત્રણ પ્રાંતો વખત જતાં ખલીફની કેન્દ્રસ્થ સત્તાથી સ્વતંત્ર બન્યા. અદ્રિસી વંશના રાજવીઓએ ઈ. સ. ૭૮૯થી ૯૭૪ સુધી ફેઝમાં, અઘલાબીડ વંશે ઈ. સ. ૮૦૦થી ૯૦૯ સુધી કેરવાનમાં, અને તુલૂન વંશે ઈ. સ. ૮૬૯થી ૯૦૫ સુધી ઈજિપ્તમાં રાજ્ય કર્યું. ઈ. સ. ૯૦૫માં શિયાપંથી અબુ અબદુલ્લાએ અઘલાબીડ વંશનો અંત આણી અરબસ્તાનમાંથી ઈસ્માઈલ ઈમામ અબદલ્લાના દીકરા આબેદુલ્લા ઈબ્ન મહમ્મદ(ઈ. સ. ૯૦૯–૯૩૮)ને બોલાવી ઈજિપ્તનો રાજવી બનાવ્યો. તે પોતાને મહમ્મદ પયગમ્બરની દીકરી ફાતિમાનો વંશ જ કહેતો, આથી ઈજિપ્તમાં તે રાજવી બનતાં ફાતિમા વંશની સ્થાપના થઈ. તેણે ભૂમધ્યનાં માલ્ટા, સાર્ડિનિયા, કોર્સિકા લીધાં. તેના દીકરા અબુ અલ-કાસિમ મહમ્મદ અલ-કુએને (ઈ. સ. ૯૩૪-૪૬) દક્ષિણ ફ્રાન્સ પર હલ્લો કર્યો. ફાતિમા વંશી રાજવીઓના અમલ દરમિયાન ઈજિપ્ત ઉપરાંત સીરિયા અને અરબસ્તાન સુધી તેમનો અમલ વિસ્તર્યો. અને ફાતિમા રાજવીઓ ખલીફ બન્યા. આ વંશના ખલીફો હેઠળ અલ-અઝહરની મસ્જિદ અને વિદ્યાપીઠ ઊભાં થયાં. ખલીફ અઝિઝ(ઈ. સ. ૯૭૫–૯૬)ના સમયમાં ઈજિપ્તનું સામ્રાજ્ય પૂર્ણ કળાએ વિસ્તર્યું. તેનો વિસ્તાર મક્કાથી મોરોક્કો સુધી પહોંચ્યો. અબુઅલિ મનસૂર અલ-હકિમ(ઈ. સ. ૯૯૬–૧૦૨૧)ના સમયમાં બિનમુસ્લિમો પ્રત્યેની ઉદારતાનો લોપ થયો. જેરુસલેમના ખ્રિસ્તી ધર્મસ્થાન ચર્ચ ઑફ હોલી સેપલ્કરનો તેણે નાશ કર્યો જે ઘટના યુરોપના ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે લગભગ બે સૈકાં (ઈ. સ. ૧૦૯૫-૧૨૯૧) ખેલાયેલાં ધર્મયુદ્ધો (ક્રુઝેડ્સ) માટે કારણભૂત બની. આ યુદ્ધોના અગ્નિમાં મધ્ય યુગ ખતમ થયો. હકિમે ઈ. સ. ૧૦૦૫માં દાર-અલ-હિકમા નામનો વિજ્ઞાનખંડ બાંધ્યો. તેણે વેધશાળા પણ સ્થાપી. ફાતિમા ખલીફોના જુલમો છતાં ઈજિપ્ત સમૃદ્ધ બન્યું. બગદાદની સંપત્તિ અને સત્તા ઓસરવા લાગી. અહીંના ખલીફોએ મસ્જિદો, મહેલો, પુસ્તકાલયો અને વિદ્યાધામો ઊભાં કર્યાં; વિદ્યા, વિજ્ઞાન, કલા-કારીગરીને ઉત્તેજન આપ્યું. અલ-મુસ્તનશિર(ઈ. સ. ૧૦૩૫-૯૪)ના સમયમાં ઈજિપ્ત જાહોજલાલીની ટોચે પહોંચ્યું. શરાબ, સંગીત અને એશ-આરામમાં પડયા રહી તેણે મહેલના પ્રાંગણમાં કાબા જેવી ઈમારત રચી તેમાં દારૂ પીને તે પડી રહેતો. કાબાના કાળા પથ્થર પર ધ્યાન કરવા કરતાં, મુઆઝિનની બાંગ સાંભળવા કરતાં, અને ઝમઝમનું પાણી પીવા કરતાં, શરાબ અને સંગીતમાં તેને અનેરો આનંદ જણાયો.

અલ-મુસ્તન શિરના સમયમાં સીરિયા જુદું થયું. સેલજુક તુર્કો આગળ વધવા લાગ્યા ઈ. સ. ૧૦૬૭માં એક તુર્ક સૈનિકે બળવો કરી મહેલ લૂંટયો અને ૨૫ પોઠો ભરાય એટલાં પુસ્તકો, હસ્તપ્રતો, કલાના કીમતી નમૂના અને જર-ઝવેરાત, સોનાના ખડિયા, પંખીઓ, બનાવટી વૃક્ષો, હીરા-મોતી અને કિનખાબના પડદા ઉપાડી ગયો. પુસ્તકો અને હસ્તપ્રતોનો ઉપયોગ તેણે ઠંડી ઉડાડવા કર્યો. ફાતિમા વંશનો પણ છેવટે અંત આવ્યો. તેના છેલ્લા ખલીફ અલઅદીદ(ઈ. સ. ૧૧૬૦–૭૧)ને સલાઉદ્દીને બરતરફ કરી પોતાના અય્યુબ વંશની સ્થાપના કરી. મુસ્લિમ રાજકર્તાઓએ નૌકાદળ ઊભું કરી ભૂમધ્ય પર પગદંડો જમાવવા માંડયો. તેમણે સાઈપ્રસ (ઈ. સ. ૬૪૯માં), રોડ્ઝ (ઈ. સ. ૬૫૯માં), કોર્સિકા (ઈ. સ. ૮૦૯માં), સાર્ડિનિયા (ઈ. સ. ૮૧૦માં), ક્રીટ (ગ્રીસ) (ઈ. સ. ૮૨૩માં), માલ્ટા (ઈ. સ. ૮૭૦માં) લઈ લીધાં હતાં. હવે તેમણે સિસિલી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરિણામે થયેલી લડાઈઓમાં ઈ. સ. ૮૩૧માં પાલેર્મો, ઈ. સ. ૮૪૩માં મેસિના અને ઈ. સ. ૮૭૮માં સિરેક્યૂસ પડયાં. અઘલાબીડો પછી સિસિલી ફાતિમાઓ હસ્તક આવ્યો. સિસિલીનો ગવર્નર હુસેન અલ-કલબી સ્વતંત્ર થયો. સિસિલી પરથી મુસ્લિમો દક્ષિણ ફ્રાન્સ, ઈટલી અને બાઈઝેનટાઈનનાં મથકો પર હલ્લા કરવા લાગ્યા.

ભૂમધ્યના ટાપુઓ મુસ્લિમોના હાથમાં આવવાથી તથા દક્ષિણ યુરોપનાં સ્થાનો પર હુમલાઓ કરવાથી રોપનો દુનિયા સાથે વ્યાપારી અને સાંસ્કૃતિક સંપર્ક તૂટયો, પરિણામે યુરોપનાં આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવન પર ભારે અસર પડી.

ઈ. સ. ૮૪૬માં મુસ્લિમો છેક રોમની દીવાલ સુધી પહોંચ્યા. રોમનાં ઉપનગરો, સેંટ પૉલ અને સેંટ પીટરનાં દેવળો લૂંટી નિરાંતે પાછા ફર્યા. ઈ. સ. ૯૧૬માં ગ્રીક અને જર્મન સમ્રાટો તથા મધ્ય અને દક્ષિણ ઈટલીનાં નગરોનાં સંયુક્ત દળોએ ગારિગ્લિયાનો આગળ મુસ્લિમોના હુમલાને મારી હઠાવી યુરોપ પરના મુસ્લિમ ભયને ટાળ્યો. આમ છતાં સિસિલી પરનો મુસ્લિમ કબજો ચાલુ રહ્યો. આ નાનકડા ટાપુમાં ગ્રીકો, લોમ્બાર્ડો, યહૂદીઓ, બર્બરો, આરબો અને પાછળથી નૉર્મનો એક સાથે રહી તેમની સંસ્કૃતિઓનાં ઉત્તમ તત્ત્વોનું આદાન-પ્રદાન કરવા લાગ્યા. સિસિલીનું પાટનગર બંદર પાલેર્મો ખ્રિસ્તી યુરોપ અને મુસ્લિમ આફ્રિકાની સંપત્તિ અને સંસ્કૃતિનું વિનિમય કેન્દ્ર બન્યું. અહીં હજારો કવિઓ હતા. અહીંના વિદ્યાધામમાં અધ્યયન અને અધ્યાપન અર્થે વિદ્યાર્થીઓ અને આધ્યાપકો આવવા લાગ્યા. તેના તબીબી વિદ્યાલયે સંખ્યાબંધ તબીબ-વૈદ્યો આપ્યા. અહીંની મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી, ગ્રીક, લોમ્બાર્ડ, બર્બર, અરબ, જર્મન, ઈટાલિયન, નોર્મન, : આમ વિવિધ પ્રકારની સંસ્કૃતિ અને પરંપરાના સુમેળની એક નવી જ સંશ્લિષ્ટ સંસ્કૃતિ ઉદ્‌ભવી, જેનું ઉત્તમ પ્રતીક પવિત્ર રોમન સમ્રાટ ફ્રેડરિક બીજો (૧૧૫૭–૧૨૫૦) કહેવાયો.

ઇજિપ્તમાં સલાઉદ્દીને સ્થાપેલા અય્યુબ વંશનો અંત આવતાં ઐબકે ગુલામોમાંથી બનેલા રાજવીઓના મામલૂક વંશની સ્થાપના કરી (ઈ. સ. ૧૨૫૦). આ વંશમાં બાહરી અને બૂરજી એમ બે પ્રકારના મામલૂક સુલતાનો થયા. તુર્ક અને મોંગોલ વંશના ૨૪ બાહરી મામલૂક સુલતાનોએ ઈ. સ. ૧૨૫૦થી ૧૩૯૦ સુધી જ્યારે સિરકેસિયન વંશના ૨૩ બૂરજી મામલૂક સુલતાનોએ ઈ. સ. ૧૩૮૨ થી ૧૫૧૭ સુધી સત્તા ભોગવી. ત્રીજા બૂરજી મામલૂકના સેનાપતિ અલ-મલિક અલ-ઝહિર રુકનુદ્દીન બૈબરે ઈ. સ. ૧૨૬૦માં અઇન-જાલુત આગળ તાર્તર સૈન્યોને શિકસ્ત આપીને તેમના તરફનો ભય અંતિમ રીતે ટાળ્યો તે આપણે જોઈ ગયા છીએ.

ઈ. સ. ૧૪૯૮માં વાસ્કો દ ગામાએ આફ્રિકા ફરતાં ભારત જવાનો માર્ગ શોધ્યો. પરિણામે સીરિયા અને ઇજિપ્તના હાથમાંથી મરી-મસાલા અને બીજી ચીજવસ્તુઓનો વેપાર આરબોના હાથમાંથી યુરોપિયનોના હાથમાં ગયો. પોર્ટુગીઝ સેનાપતિ આલ્ફોન્ઝો અબુકર્કે એડન પર બૉમ્બમારો કર્યો. (અબુકર્ક શબ્દ અરબી છે અને તેનો અર્થ ચંપલ બનાવનાર છે.)

આ દરમિયાન ઓટોમન તુર્કોનો ભય ઊભો થયો. ઓટોમન સુલતાન મુહમ્મદ પહેલા(૧૪૦૨–૨૧)ના પ્રપૌત્ર બયાઝિદ – ૨ (૧૪૮૧–૧૫૧૨) અને તેના સમકાલીન બૂરજી મામલૂક સુલતાન સૈફુદ્દીન કિતબ (૧૪૬૮–૯૫) વચ્ચે એશિયામાઈનોર અને સીરિયા પર આધિપત્ય મેળવવાની સ્પર્ધા જાગી. આમાં છેવટે ઓટોમન તુર્કો વિજયી બન્યા અને મામલૂકોની સત્તાનો અંત આવ્યો. ઇજિપ્તનો એક સ્વતંત્ર રાજ્ય તરીકે અંત આવ્યો અને તે ઓટોમન તુર્ક સામ્રાજ્યનો એક પ્રાંત બન્યું. અબ્બાસ વંશના છેલ્લા ખલીફાનો અંત આવતાં કૉન્સ્ટૅન્ટિનોપલના ઓટોમન તુર્ક સુલતાને ખલીફપદ ધારણ કર્યું.

●

# ૮ : ઑટોમન તુર્ક સામ્રાજ્ય

મુસ્લિમ રાજકીય વિકાસમાં છેલ્લે આવનાર તુર્કો વિશે આપણે જોઈ લઈએ.

મોંગોલોના હુમલાઓથી મધ્ય એશિયામાંથી એશિયામાઇનોર તરફ ધકેલાયેલા તુર્કો ઈ. સ. ૧૩૦૦ સુધી સમગ્ર એશિયામાઇનોરના ધણી થયા. આ તુર્કોનો આગેવાન ઉસમાન (ઈ. સ. ૧૨૯૯–૧૩૨૬) હતો. યુરોપિયનોએ 'ઉસમાન' શબ્દને ભ્રષ્ટ કરી 'ઑટોમન' શબ્દ બનાવી, તેણે સ્થાપેલી રાજસત્તા તથા તેના અનુયાયીઓને 'ઑટોમન' કહ્યા.

એશિયામાઇનોર તુર્કોના હાથમાં આવતાં કૉન્સ્ટૅન્ટિનોપલના બાઇઝેનટાઇનના ગ્રીક રાજ્ય માટે ભય ઊભો થયો. ઑટોમન તુર્કોએ સેલજુક તુર્કોના પ્રદેશો જીતી લઈ ૧૪મી સદીના પ્રારંભમાં પોતાનાં રાજ્યોની સ્થાપના કરવા માંડી. ઑટોમન વંશની સ્થાપના ઉસમાનના પ્રપૌત્ર બાયાઝિદ પહેલા(ઈ. સ. ૧૩૮૯–૧૪૦૨)એ કરી. તેણે બાલ્કન પર ચડાઈ કરી તે તરફ પોતાનું થાણું ફેરવ્યું અને યુરોપમાં પ્રવેશ કર્યો. ઈ. સ. ૧૩૭૧માં તેના પુરોગામીએ ગ્રીસનો મેસોપોટેમિયા પ્રાંત લીધો અને ઈ. સ. ૧૩૮૮માં બલ્ગેરિયામાં દાખલ થયો. બાયાઝિદ પહેલાના હલ્લાથી બાલ્કન પડયું અને આ સૌનાં પરિણામે તુર્કો બાઇઝેનટાઇન સામ્રાજ્યની ચારે બાજુએ ગોઠવાયા. તુર્કોની આગેકૂચને રોકવા હંગેરીના સિજિસમંડે યુરોપનાં રાજ્યોની મદદ માગી. ઈ. સ. ૧૩૯૬માં પશ્ચિમનાં રાજ્યો અને વેનિસનાં સંયુક્તદળોને તુર્કોએ હરાવ્યાં. ઈ. સ. ૧૩૯૭માં ઍથેન્સ પર તુર્ક આધિપત્ય સ્થપાયું. મુરાદ બીજા(ઈ. સ. ૧૪૨૧–૫૧)એ કૉન્સ્ટૅન્ટિનોપલ પરનું આક્રમણ શરૂ કરી ઈ. સ. ૧૪૨૨માં તેને ઘેરો ઘાલ્યો, પરંતુ ગાદી માટે ભાઈઓ વચ્ચે ઝઘડો થતાં કૉન્સ્ટૅન્ટિનોપલ પરનો ભય એક પેઢી સુધી પાછો ઠેલાયો.

હંગેરીના રાજવી વ્લાડિસ્લાવ ત્રીજાએ ઈ. સ. ૧૪૪૩માં તુર્કો સામે ધર્મયુદ્ધની હાકલ કરી. ૨૫,૦૦૦નું સૈન્ય લઈ તે બલ્ગેરિયામાં પ્રવેશ્યો અને તુર્કોને હાર આપી. ધર્મયુદ્ધના સૈનિકો આગળ વધ્યા, પરંતુ વર્ના આગળ ખેલાયેલી લડાઈમાં ખ્રિસ્તીઓ હાર્યા; વ્લાડિસ્લાવ મરાયો.

મહમ્મદ બીજા(ઈ. સ. ૧૪૫૧–૮૧)એ કૉન્સ્ટૅન્ટિનોપલ પરના આખરી હુમલાની તૈયારી કરી અને ઈ. સ. ૧૪૫૩ના એપ્રિલમાં તેને ઘેરો ઘાલ્યો. લશ્કરી વ્યૂહ અને કુશળતામાં તુર્કો ચડિયાતા પુરવાર થયા. નાતાલના દિવસે જંગી હુમલો કરવામાં આવ્યો અને તુર્કો દીવાલ ઠેકી નગરમાં પ્રવેશ્યા અને કૉન્સ્ટૅન્ટિનોપલ તુર્કોના હાથમાં ગયું (ઈ. સ. ૧૪૫૩). છેલ્લો બાઇઝેનટાઇન સમ્રાટ કૉન્સ્ટૅન્ટિનોપલ ૧૧મો લડતાં લડતાં મરાયો. ત્રણ રાત અને ત્રણ દિવસ તુર્કોએ લૂંટ ચલાવી. અઢળક સંપત્તિ અને કલાના અમૂલ્ય નમૂનાઓ, પ્રાચીન હસ્તપ્રતો, પવિત્ર મૂર્તિઓનો નાશ કરવામાં આવ્યો.

જસ્ટિનિયને બંધાવેલા બાઇઝેનટાઇન શૈલીના સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂના જેવા હેગિયા સોફિયાના દેવળ પરથી ક્રૂસને ઉતારી ઇસ્લામના પ્રતીક ચાંદને મૂકવામાં આવ્યો. દેવળની દીવાલ પરનાં ખ્રિસ્તી ધર્મના ઇતિહાસની યાદ આપે તેવાં ભીત્તિચિત્રો (મ્યુરલ્સ) પર ચૂનો ફેરવવામાં આવ્યો.

ઈ. સ. ૪૭૬માં પશ્ચિમમાં રોમન સામ્રાજ્યનો નાશ થયા પછી લગભગ એક હજાર વર્ષ બાદ કૉન્સ્ટૅન્ટિનોપલમાં બચેલા રોમન સામ્રાજ્યનો નાશ થયો અને તુર્કોના હાથમાં સર્બિયા અને બોસ્નિયા આવતાં તુર્ક સામ્રાજ્ય, સેલજુક સામ્રાજ્ય, મામલૂક સામ્રાજ્ય અને બાઇઝેનટાઇન સામ્રાજ્યને પોતાનામાં સમાવી લઈ તેનો એક પગ યુરોપ પર અને બીજો એશિયા પર રોપાયો. ક્રમેક્રમે ઉત્તર આફ્રિકાનાં મુસ્લિમ રાજ્યો પર પણ તેની હકૂમત પ્રસરી. પશ્ચિમમાં ડાન્યૂબ પરના બુડાપેસ્ટથી પૂર્વમાં ટાઇગ્રિસ પરના બગદાદ સુધી અને ક્રીમિયાથી નાઇલના પહેલા ધોધ સુધી આ સામ્રાજ્ય વિસ્તર્યું. ઈ. સ. ૧૩૦૦ થી ૧૯૨૨માં (જ્યારે




કમાલ પાશાની આગેવાની નીચે પ્રજાસત્તાકની સ્થાપના થઈ અને છેલ્લા સુલતાન અને ખલીફ અબદુલ મજીદને પદભ્રષ્ટ કરવામાં આવ્યો ત્યાં સુધીમાં) ઓટોમન સામ્રાજ્યના સ્થાપક ઉસમાનના જ વંશના ૩૬ સુલતાનો થઈ ગયા. આમાંના, સુલેમાન સુલતાને મુસ્લિમ ધારાઓને સંશોધિત કરાવી તેને ગ્રંથસ્થ કર્યા. તેણે મસ્જિદો, શાળાઓ, ઇસ્પિતાલો, મહેલો, આરામગૃહો, પુલો, જલાગારો, ધર્મશાળાઓ અને સાર્વજનિક સ્નાનાગારો બંધાવી તેમને શણગાર્યાં. હેગિયા સોફિયાની ઇમારતી સ્પર્ધા કરી શકે તેવી વિખ્યાત સુલેમાનિયા નામની મસ્જિદ બંધાવી.

ઈરાન સાથેના સંપર્કના પરિણામે તુર્કોએ કલાની સૂઝ મેળવી, અને રાજકારણમાં આપખુદ પ્રણાલીની પ્રેરણા મેળવી. લશ્કરી અને વહીવટી તંત્રના આદર્શો તેમણે બાઇઝેન્ટાઇન પાસેથી મેળવ્યા. આરબો પાસેથી તેમણે વિજ્ઞાન, આર્થિક-સામાજિક સિદ્ધાંતો તથા ધાર્મિક કાનૂન મેળવ્યા. મધ્ય એશિયામાં રહ્યા ત્યાં સુધી તેમની પાસે પુસ્તકરૂપે કોઈ સાહિત્ય ન હતું, પરંતુ સુધરેલી પ્રજાઓના સંપર્કમાં આવ્યા પછી લિખિત સાહિત્યની જરૂર ઊભી થતાં તેમણે સીરિયન લિપિનો સ્વીકાર કર્યો; પરંતુ ઇસ્લામીકરણ થતાં તેમણે અરબી લિપિ ગ્રહણ કરી. ધર્મ, વિજ્ઞાન, કાયદો અને સાહિત્ય અંગેના હજારો શબ્દો તેમણે અરબી-ફારસીમાંથી અપનાવ્યા. મુત્સદ્દીગીરી, સ્થાપત્ય અને કાવ્યમાં તેમનું અનોખું પ્રદાન છે.

પુરોગામી બાઇઝેન્ટાઇન અને અબ્બાસી સામ્રાજ્યોની માફક ઓટોમન સામ્રાજ્ય મોટા ભાગે લશ્કરી અને વંશપરંપરાગત નીવડ્યું, જેનો મુખ્ય આદર્શ પ્રજા કરતાં સુલતાન – ખલીફમાં મૂર્ત થતો. ઓટોમન સામ્રાજ્યનાં પ્રજાજનોમાં આરબો, સીરિયનો, ઇરાકીઓ, ઇજિપ્તવાસીઓ, બર્બરો, તુર્કો, આર્મિનિયનો, સ્લાવો, ગ્રીક અને આલ્બેનિયનો હતા. અનેક ભાષા, ધર્મભાવના અને જીવનપ્રણાલીવાળી આ વિવિધ પ્રજાઓને ઓટોમન તુર્ક સુલતાનોએ તેમની તલવારના બળે એકત્ર રાખી.



અલ અક્સા (જેરૂસલેમ)



ઉમરની મસ્જિદ (જેરૂસલેમ)

# ઇસ્લામ ધર્મનાં પવિત્ર ધર્મ-સ્થાનો



કેરોની બ્લ્યૂ મસ્જિદ



સુલતાન હસનની મસ્જિદ (કેરો)



અલ-અઝહરની મસ્જિદ (કેરો)



સુલતાન હસનની મસ્જિદ-(કેરો)નો અંદરનો ભાગ

## ખંડ ૪ : અરબ (સાંસ્કૃતિક)




મધ્યકાલિન સામ્રાજ્યો
(આશરે ઈ.સ. ૮૦૦ માં)

# ૧ : ધર્મ—ધર્મગ્રંથ—દર્શન

મહમ્મદે સ્થાપેલા ઇસ્લામની ધર્મમાન્યતા, દર્શન, ન્યાય, નીતિ, સમાજવ્યવસ્થા, અર્થકારણ, વહીવટ તથા દંડનીતિનો પાયો પવિત્ર ગ્રંથ કુરાન છે. દુનિયાના સૌ ધર્મગ્રંથોમાં તે ખૂબ જ અર્વાચીન છે. આવા સર્વાંગી જીવનના આધાર ગ્રંથની વિશેષતા એ છે કે તે યહૂદી કે ખ્રિસ્તી ધર્મગ્રંથો અને શાસ્ત્રો જેવો અનેક પયગમ્બરો કે સંતોએ ઉપદેશેલો, લખેલો કે લખાવેલો પવિત્ર ગ્રંથ નથી. તે મહમ્મદ સાહેબ એકલાની જ કૃતિ છે. જીવનને સ્પર્શતી બધી જ વિદ્યાઓનો તે એક પ્રમાણગ્રંથ હોઈ મુસ્લિમો માટે તે વિશ્વકોશ જેવો છે. મુસ્લિમો તેને ઈશ્વરપ્રેરિત પવિત્ર ગ્રંથ માને છે. તેથી કોઈ પણ પ્રકારનો તાત્ત્વિક કે ભાષા સુધ્ધાંનો ફેરફાર થાય નહીં એ હેતુથી મૂળ અરબી ગ્રંથને જ પ્રમાણભૂત કુરાન ગણવામાં આવે છે. આ ગ્રંથની પ્રત્યેક સુરા, તેની પ્રત્યેક કંડિકા, પ્રત્યેક વાક્ય અને પ્રત્યેક શબ્દ પવિત્ર ગણાય છે. મુસ્લિમો માને છે કે સાતમા સ્વર્ગમાં જાળવી રાખવામાં આવેલું મૂળ કુરાન ગેબ્રિયલે મહમ્મદને કહી સંભળાવ્યું. મહમ્મદે તેમના જીવનકાળ દરમિયાન તેમના અનુયાયીઓને પ્રસંગ પ્રમાણે સંભળાવ્યું. આથી કુરાન એક સમગ્ર ગ્રંથ તરીકે જ નહીં પણ તેનો પ્રત્યેક શબ્દ અને અક્ષર પવિત્ર બને છે. આથી શુદ્ધ અને પવિત્ર બન્યા પછી તેનો શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સ્પર્શ કરી તેનાં અધ્યયન, મનન અને ઉચ્ચારણ કરવામાં આવે છે. વળી, અક્ષર-જ્ઞાન મેળવવા માટે પ્રત્યેક મુસ્લિમ માટે પાઠયપુસ્તક જેવો હોઈ બીજા કોઈ પણ ગ્રંથ કરતાં તે વધારેમાં વધારે વાંચવામાં આવતો ગ્રંથ છે. પ્રત્યેક મુસ્લિમ ગમે ત્યાં તે વસતો હોય, તેની માતૃભાષા ગમે તે હોય તોપણ તેણે તેનો અભ્યાસ મૂળ અરબીમાં જ કરવો જોઈએ એવો આગ્રહ હોઈ મોરોક્કોથી છેક ફિલિપીન સુધી પથરાયેલા વિશાળ મુસ્લિમ સમુદાય માટે તે એકતા અને સંગઠનનો પાયો બને છે. કુરાનને કંઠસ્થ કરનારને 'હાફિજ' કહેવામાં આવે છે અને તેનું મુસ્લિમ સમાજમાં આદરભર્યું સ્થાન છે.

મૂળ અરબી ગ્રંથમાં ૬,૨૩૯ કડીઓ, ૭૭,૯૩૪ શબ્દો, ૩,૨૩,૬૨૧ અક્ષરો છે. ૨૩ વર્ષના સમય દરમિયાન પયગમ્બર સાહેબને જે કંઈ જ્ઞાન મળ્યું, જે કંઈ આધ્યાત્મિક અનુભૂતિ થઈ જેના પરિણામે તેમણે જે કંઈ ઉપદેશ્યું તે સૌનો આમાં સંગ્રહ છે. તેમના ઉપદેશોને અને ઉચ્ચારણોને તેમના અનુયાયીઓએ તાડપાત્ર, ચામડું અથવા હાડકાં પર એમ અનેક પ્રકારે ટપકાવી લીધાં હતાં. પરંતુ પયગમ્બરના જીવનકાળ દરમિયાન

## ઇસ્લામના ધર્મસિદ્ધાંતો

### ઇસ્લામના આજ્ઞાકારી ધર્મસિદ્ધાંતો

**કુરાન** : ધર્મમાન્યતા, દર્શન, ન્યાય, નીતિ, સમાજવ્યવસ્થા, અર્થકારણ, વહીવટ તથા દંડ-નીતિના સિદ્ધાંતોનો પવિત્ર ગ્રંથ.

**સુન્નાહ** : કુરાન પછીનો પ્રમાણભૂત ધર્મસિદ્ધાંત : પયગમ્બરનાં કૃત્યો, ઉચ્ચારણો ઇત્યાદિનો સંગ્રહ.

**હદીસ** : પયગમ્બર બાદ તેમનાં ઉચ્ચારણો, આદેશો ઇત્યાદિ પરથી ઊભી કરાયેલી ધર્મપરંપરા.

**શરિયત** : કુરાનમાંનાં અલ્લાહનાં ફરમાનો તથા હદીસની પરંપરા પરથી ઇસ્લામના પંડિતોએ રચેલો ધર્મકાનૂનનો સંકુલ.

આ સાહિત્યને ગ્રંથસ્થ કરવાનો કોઈ પ્રયત્ન કરવામાં આવ્યો નહીં — જોકે તેમના અનેક સમકાલીનોને તેમના આ ઉપદેશો અને ઉચ્ચારણો કંઠસ્થ થઈ ગયાં હતાં. પરંતુ સમય જતાં કંઠસ્થ કરનાર હાફિજોની સંખ્યા પણ ઘટવા લાગી હતી. આથી પ્રથમ ખલીફ અબુબકરે (ઈ.સ. ૬૩૨–૪૪) કુરાનનાં જે કંઈ સાધન પર લખાયેલાં, સંઘરાયેલાં, કંઠસ્થ કરાયેલાં લખાણો, પાઠોને એકત્ર કરવાનું કામ પયગમ્બરના લહિયા ઝેદને સુપરત કર્યું. તેણે પ્રાપ્ત તમામ લખાણો એકત્ર કરી કુફિક લિપિમાં નકલો કરાવી. જુદાં જુદાં સ્થાનો પરથી મળેલાં લખાણોની નકલો થઈ પણ તેમાં એકવાકયતા રહી ન હતી. જુદાં જુદાં નિરૂપણો અને અર્થોનો ગોટાળો દૂર થાય તે માટે, ત્રીજા ખલીફ ઉસમાને (ઈ.સ. ૬૪૪–૫૬) તૈયાર કરેલા પાઠોને સુધારી શુદ્ધ નકલ કરવાનું ઝેદને સુપરત કર્યું. આ રીતે તૈયાર થયેલી નકલને પ્રમાણભૂત પાઠ ગણવામાં આવ્યો, અને તેની ચાર નકલો કરી, એકને મદીનામાં રાખી બાકીની ત્રણને ઈસ્લામનાં મહાન કેન્દ્રો : દમાસ્કસ (સીરિયા), બસરા (ઈરાક) અને કુફા(ઈરાક)માં રવાના કરી. બાકીની તુટક-છૂટક નકલોનો નાશ કરવામાં આવ્યો. આમ છતાં, એકંદર જોઈએ તો આ ગ્રંથમાં એકસૂત્રતા નથી. તેની ગોઠવણી અને ક્રમની પછવાડે વિષય કે સમયનો કોઈ સિદ્ધાંત નથી. એકની એક વાતનું અનેક વાર તેમાં પુનરાવર્તન થાય છે. એકસરખાં વિધાનોમાં પણ પૂર્વાપર સંબંધ અનુસાર અર્થો પણ વિવિધ થાય છે.

મહમ્મદે આ ગ્રંથ દ્વારા સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે, વિધિ વિધાન અને આચારનું માર્ગદર્શન આપ્યું છે, દૃષ્ટાંતો આપ્યાં છે, ઈતિહાસ અને દંતકથાઓનો આધાર લીધો છે, વિરોધીઓ સામે તરવાર ઉગામવાનો કોલ આપ્યો છે, યુદ્ધવિરામ અને સુલેહની શરતોનો નિર્દેશ કર્યો છે, કોમ માટે સખાવત અને નાણાંની માગણી કરી છે, વેપાર-ઉદ્યોગ અને અર્થકારણના નિયમો દર્શાવ્યા છે, ઝઘડામાં લવાદના ચુકાદા આપ્યા છે. પરિણામે, ચોક્કસ સંદર્ભ સમજ્યા વિના, અનન્ય શ્રદ્ધા અને ભક્તિ વિના, તેનું રહસ્ય સમજાતું નથી.

કુરાનનું પ્રદાન મહત્ત્વનું છે. અરબી ગદ્યનો કદાચ તે પ્રથમ ગ્રંથ છે. તે મુસ્લિમો માટે આવશ્યક અને અનિવાર્ય પાઠ્યપુસ્તક હોઈ, તેણે રચેલી ભાષા અને શૈલી સમસ્ત મુસ્લિમ જગતમાં સર્વમાન્ય બની છે.

કુરાનની સુરાઓની ગોઠવણ તેની લંબાઈ અનુસાર છે. લાંબી સુરાઓ ટૂંકી સુરાઓની આગળ છે. કુલ ૧૧૪ સુરામાંથી લગભગ ૯૦ મક્કામાંના સંઘર્ષોને આવરી લે છે, માટે તે ટૂંકી, સચોટ, જુસ્સાવાળી, કાવ્યમય અને આધ્યાત્મિક તત્ત્વવાળી છે. આ દ્વારા મહમ્મદે ઈશ્વરનો એકત્વવાદ, તેનાં લક્ષણો, માનવીની નૈતિક ફરજો અને જીવનકાળ દરમિયાન તેણે કરેલાં સારાં-નરસાં કૃત્યો અંગે મરણ બાદ તેને મળનાર બદલાના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. મોટા ભાગની આ સુરાઓ સંવાદરૂપ છે. બાકીની ૨૪ સુરાઓ મદીનાના વિજયના સમયને આવરી લેતી હોઈ તે લાંબી, પુનરાવર્તનપ્રધાન અને વ્યવહારુ માર્ગદર્શન આપતી છે. તેમાં મહમ્મદે ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો : સાર્વજનિક નમાજ, રોજા, હજ, રમજાન દરમિયાનનાં કર્તવ્યો અંગેનાં વિધિ વિધાન દર્શાવ્યાં છે. મહમ્મદ, એક ધર્મપ્રવર્તક હોવા ઉપરાંત સંગઠિત રાષ્ટ્રીય રાજ્યના સંસ્થાપક અને યુદ્ધ લડનારા સેનાપતિ હતા એટલા માટે રાજ્યના સંચાલન તથા યુદ્ધ-વ્યૂહના નિયમોનો આમાં સમાવેશ જોવા મળે છે.

આ ગ્રંથમાં મદિરા, જુગાર અને સુવ્વરના માંસ પર પ્રતિબંધ; નાણાંવ્યવહાર અને લશ્કરનાં નિયમનો; સખાવત અને દાનધર્મ; જેહાદમાં સ્વાર્પણ અને શહીદી; આત્મહત્યા, માનવહત્યા, વેરવૃત્તિ; ચોરી, લબાડી વ્યાજખોરી; વિવાહ, વ્યભિચાર અને તલ્લાક; તથા વારસાહક અને ગુલામોની મુક્તિ જેવા રાજ્ય, સમાજ અને વૈયક્તિક જીવનને સ્પર્શતા અનેકવિધ સવાલો અંગે માર્ગદર્શન આપ્યું છે. વિવાહ અંગેની સુરાઓ અનેક પત્નીત્વનો પુરસ્કાર કરતી નથી, પણ તે પર ચોક્કસ મર્યાદા મૂકે છે. ગુલામો, અનાથો, અતિથિઓ અને વિધવાઓ અંગેની સુરાઓ માનવલાગણીની ઉચ્ચભાવના પ્રગટ કરે છે. ગુલામોની મુક્તિના કાર્યને ઈશ્વરને અતિપ્રિય અને પાપ ધોવા માટેના એક પુણ્ય જેવું ગણવામાં આવ્યું છે.

ઈસ્લામનો ઝડપથી જે પ્રચાર થયો અને વીજળીવેગે તેનાં સૈન્યો વિસ્તૃત પ્રદેશો પર ફરી વળતાં ઈતિહાસમાં એક મોટામાં મોટા અરબ સામ્રાજ્યની સ્થાપના શકય બની, તેની પછવાડે જ્યાં જ્યાં ઈસ્લામ

ગયો ત્યાં ત્યાંના સમાજના ગુલામો, કચડાયેલાઓ અને શોષિતોનો તેમને મળેલો સાથ એક મહત્ત્વનું કારણ છે. ગુલામો, અનાથો, પીડિતો અને શોષિતો પ્રત્યેની કુરાનની સુરાઓએ પીઠબળ તરીકે કામ આપ્યું છે.

મધ્ય યુગના ત્રણ મુખ્ય ધર્મ : યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામ. ત્રણેમાં ઘણું સામ્ય છે. ઈસ્લામ અને યહૂદી ધર્મોમાં એકેશ્વરવાદ, પયગમ્બરોની જુસ્સાવાળી વાણી, શ્રદ્ધા, પશ્ચાત્તાપ, કયામતના દિવસે સારાં-નરસાં કૃત્યોનો ન્યાય, સ્વર્ગ અને નરકની કલ્પના લગભગ સર્વસામાન્ય છે. યહૂદી ધર્મે ભવિષ્યમાં અવતરનારા માનવજાતના ઉદ્ધારક મસિહા વિશે અગમ વાણી ઉચ્ચારી છે, જ્યારે ઈસ્લામના છેલ્લા અને સર્વશ્રેષ્ઠ મસીહા મહમ્મદસાહેબ છે એમ માને છે. મહમ્મદ પોતે યહૂદી અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો આદર કરે છે પરંતુ એ શાસ્ત્રોમાં ઘણા ક્ષેપકો થવાના કારણે તેમની અસલ પવિત્રતા જળવાઈ નથી માટે તેમાં શ્રદ્ધા પરોવી ન શકાય તેમ જણાવી તેઓ નવા ધર્મનો બોધ આપે છે.

કુરાનની માન્યતા એવી છે કે યહૂદીઓનો યાહવેહ અને મુસ્લિમોનો અલ્લાહ (ઈશ્વરના પર્યાયવાચક આ શક્તિ) દયાળુ છે, પણ માનવીના રાગદ્વેષ ધરાવતી તે શક્તિ પ્રખર અને યુદ્ધપ્રિય છે, અને તે સમાન કક્ષાના અન્ય કોઈ દેવતાને સાંખી લેવા તૈયાર નથી. મુસ્લિમોનો દયાળુ રહેમાન અલ્લાહ એ જ યહૂદીઓનો રહમાન યાહવેહ છે.

કુરાનમાં ફિરશ્તા, કયામત, સ્વર્ગ અને નરકનો વારંવાર ઉલ્લેખ જોવા મળે છે તે યહૂદીના તાલમુદની સ્પષ્ટ અસર દર્શાવે છે. યહૂદી ધર્મની માફક કુરાન પણ પ્રાર્થના કરવા અગાઉ પાણી હોય તો પાણીથી, તે ન હોય તો રેતીથી, પવિત્ર બનવાનો આદેશ આપે છે. શનિવાર યહૂદીઓનો, રવિવાર ખ્રિસ્તીઓનો, જ્યારે શુક્રવાર મુસ્લિમોનો પવિત્ર દિવસ છે. યહૂદીઓની માફક કુરાન પણ લોહી પીવા સામે, સુવ્વર, કૂતરાં તથા આપમેળે મરણ પામેલા કે બીજા પ્રાણીએ મારી નાંખેલા કે દેવને બલિ ધરાવેલા કોઈ પણ પ્રાણીનું માંસ ખાવા સામે નિષેધ કરે છે. જેરુસલેમ અને સોલોમનના મંદિર તરફ ફરીને તથા જમીનનો ત્રણ વાર સ્પર્શ કરીને દિવસમાં ત્રણ વાર પ્રાર્થના કરવાની યહૂદીઓની પ્રથાનો મહમ્મદે નમાજ માટે સ્વીકાર કર્યો, પણ મદીનાવાસ દરમિયાન યહૂદીઓ સાથે તકરાર થતાં મહમ્મદે જેરુસલેમ તરફ ફરીને નહીં, પણ મક્કા તરફ ફરીને દિવસમાં પાંચ વાર નમાજ પઢવા જેટલો ફેરફાર કર્યો. હિબ્રૂનો 'શોલોમ આલેકમ' અરબીમાં 'સલામ આલેકુમ' બન્યો.

યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામની આ સમાનતા સંભવ છે કે પશ્ચિમ એશિયા(મેસેપોટેમિયા)નાં સુમેર, બેબિલોન, આસીરિયા અને ઈજિપ્તની પ્રાચીન સંસ્કૃતિઓ અને ધર્મભાવનાનો વારસો હોય. જોકે કુરાનમાં યહૂદી ધર્મની ઘણીય પરંપરાઓ તેના અસલ સ્વરૂપમાં કે થોડા ફેરફાર સાથે જેટલે અંશે જોવામાં આવે છે તેટલે અંશે ખ્રિસ્તી ધર્મની પ્રણાલીઓ જોવા મળતી નથી. મહમ્મદનું ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનું જ્ઞાન અલ્પ અને કર્ણોપકર્ણ હોઈ તે આ માટે કારણભૂત હોઈ શકે.

ત્રણેય ધર્મો વિશ્વના નિયંતા તરીકે સર્વશક્તિમાન ઈશ્વરનો સ્વીકર કરે છે. આમાં ખ્રિસ્તી ધર્મે ઈશ્વરના ત્રણ અંશો – ઈશ્વર, ઈશ્વરનો પુત્ર અને પવિત્ર આત્મા – દર્શાવ્યા છે. યહૂદીઓ અને મુસ્લિમોએ ખ્રિસ્તીઓની ઈશ્વરના આ ત્રણ અંશોવાળી માન્યતાને પ્રચ્છન્ન બહુદેવવાદ ગણી છે. મહમ્મદે વારંવાર કહ્યું છે કે સમસ્ત જીવન, સંવૃદ્ધિ અને પૃથ્વી પરની કૃપાનું મૂળ કારણ એકાકી ઈશ્વર જ છે. તે સર્વશક્તિમાન, ન્યાયી અને દયાળુ (રહીમ) છે.

દુનિયાભરમાં પથરાયેલા લાખો કરોડો મુસ્લિમો તેઓ સંસારી જીવન જીવતા હોય, દુશ્મનની સામે યુદ્ધે ચડયા હોય, પ્રવાસમાં હોય કે સંસારનો ત્યાગ કરી ફકીરી લીધી હોય; તે ગમે તે અવસ્થા, કાળ કે સ્થળમાં હોય તોપણ, ઈશ્વરના આ ગુણોને દિવસમાં પાંચ વાર યાદ કરે છે. નમાજ માટે મુસ્લિમોને સંબોધનાર મુઆઝ્ઝિમ પણ ઈશ્વરના આ ગુણનો પોકાર કરે છે. આ દુનિયામાં જે કંઈ છે, જે બન્યું છે, બની રહ્યું છે

અને હવે પછી જે બનવાનું છે તે સઘળું તેણે જ નક્કી કરી રાખ્યું છે. સંસારની ઘટમાળમાં ઈશ્વરની કૃપાનો પાત્ર બની કોણ ઉદ્ધાર પામશે અથવા તેની અવકૃપા પામી કોણ સજા ભોગવશે તે પણ ઈશ્વર જ નક્કી કરે છે. આ સિદ્ધાંતના પરિણામે ઈસ્લામમાં પ્રારબ્ધની કલ્પના જાગી છે. માણસનાં જન્મ, મરણ અને જીવન દરમયિાનનાં તેનાં સઘળાં કૃત્યોનું અગાઉથી ઈશ્વરે નિર્માણ કર્યું હોઈ તેના સિવાયની કોઈ પણ શક્તિ તેને ટાળવાને સમર્થ નથી. હા, ધર્મ અને કોમને ખાતર લડીને મરણને વહેલું લાવી શકાય છે એ માન્યતાએ મુસ્લિમો માટે ધર્મ માટે લડવાનું અને મરણને સ્વેચ્છાએ ભેટવાનું ઝનૂન બક્ષ્યું છે. આ રીતે પ્રાણ ન્યોછાવર કરનાર માટે, આ ક્ષણભંગુર દુનિયામાં પણ જે સુખ ભોગવી શકાય તેમ નથી તેવાં અનંત સુખનો ઉપભોગ કરવાનું જેમાં મળી શકે તેમ છે તેવા સ્વર્ગનાં દ્વાર ખૂલી જાય છે. ધર્મની ખાતર મરનારો અખંડ યૌવન ભોગવનારી હૂરીઓનો સ્વર્ગમાં ઉપભોક્તા બને છે – જો કે સ્વર્ગનું આ સુખ કેવળ પુરુષો માટે જ નિર્માણ થયું છે!

કુરાને નિર્માણ કરેલી દુનિયામાં ફિરશ્તાઓ, જીન અને શેતાન પણ છે. ફિરશ્તાઓ ઈશ્વરના દૂત છે અને તે માણસનાં સારાં-નરસાં કૃત્યોની નોંધ કરે છે. જ્યારે જીન, ભૂત અને શેતાન માણસને પાપ કરવા લલચાવે છે. મહમ્મદે ઉપદેશેલી નીતિના અનુસંધાનમાં મનુષ્ય મૃત્યુ બાદ પુણ્યના બદલામાં સ્વર્ગનું સુખ અને પાપના બદલામાં નરકની મહાભયંકર યાતનાઓ ભોગવનાર છે તેનું હૂબહૂ વર્ણન કુરાનમાં કર્યું છે. મુસ્લિમો માટે મૃત્યુ જીવનનું પૂર્ણવિરામ નથી. મૃત્યુ બાદ પણ કયામતના દિવસે મરણ પામેલું શરીર ઊભું થશે અને તેને છોડી ગયેલો આત્મા તેમાં પ્રવેશશે અને સંસારી જીવન દરમિયાન કરેલાં પુણ્ય અને પાપનો બદલો મેળવવા ઈશ્વરની સમક્ષ તેણે ખડા થવું પડશે. આ અંતિમ ન્યાય માટે કયામતના દિવસનું પણ ઈશ્વરે જ નિર્માણ કર્યું છે. માણસની ધર્મભાવના શિથિલ થશે, અંધાધૂંધી અને હિંસા વ્યાપક બનશે, યુદ્ધો અને ભૂકંપો જાગશે, ત્યારે કયામતનો દિવસ નજીક આવવાનાં એંધાણ વર્તાશે. કયામતના દિવસની જાહેરાત સૂચક ત્રણ પ્રચંડ શંખનાદ થશે : પહેલો શંખનાદ થતાં સૂર્ય ઢળી જશે; ચંદ્ર, તારા, નક્ષત્રો અને આકાશ અદૃશ્ય થશે; પહાડ, પર્વતો ધરાશાયી થશે; નદીઓ, સરોવરો અને સમુદ્રો શોષાઈ જશે અને ચારે બાજુએ પ્રચંડ જવાળાઓ સળગી ઊઠશે. બીજો શંખનાદ થશે ત્યારે ઈશ્વરના બંદા સિવાય પ્રાણીમાત્રનો નાશ થશે. આ પછી ૪૦ વર્ષ બાદ સંગીતનો ફિરશ્તો ત્રીજો શંખનાદ કરશે ત્યારે કબરમાં પોઢેલા મૃતદેહો બેઠા થશે અને તેમના આત્માઓ આવી તેમાં વાસ કરશે. માણસનાં વાણી, વિચાર અને વર્તનની નોંધનો ચોપડો લઈ ફિરશ્તાઓથી વીંટળાયેલો ઈશ્વર ન્યાય તોળવા આવી પહોંચશે અને માણસનાં સારાં-નરસાં કૃત્યોને તોળી ન્યાય કરશે. પયગમ્બરો તેમના પક્ષે ચાલનારનો પક્ષ કરશે. પાપીઓ અને પુણ્યશાળીઓએ સૌએ વાળથી પણ બારીક અને તલવારની ધાર કરતાં પણ તીક્ષ્ણ એવા અલ-સિરાતના પુલ પરથી પસાર થવું પડશે. પાપી હશે તે અનંત યાતનાઓ વેઠવા પુલ પરથી નીચે નરકમાં સરકી પડશે, પુણ્યશાળી તેનાં કૃત્યોથી નહીં પણ કેવળ ઈશ્વરની કૃપાથી સહીસલામત પુલ વટાવી અનંત સુખ ભોગવવા સ્વર્ગમાં પ્રવેશશે. પાપના પ્રકાર અનુસાર નરકના સાત પ્રકાર છે અને આ પ્રત્યેક પ્રકારને અનુરૂપ શિક્ષા પણ છે. સંભવ છે કે મધ્ય યુગના મહાકવિ દાન્તેએ તેના મહાકાવ્ય 'ડિવાઈન કૉમેડી'માં (જુઓ આ ગ્રંથનું પાનું ૯૧) નરકનું જે હૂબહૂ વર્ણન કર્યું છે તેની પ્રેરણા મહમ્મદે દર્શાવેલા નરક પરથી મેળવી હોય!

પુણ્યશાળીઓ – ધર્મ, કોમ અને પયગમ્બર ખાતર પ્રાણ પાથરનારાઓ – સ્વર્ગનું સુખ ભોગવશે. ગરીબો પૈસાપાત્ર કરતાં ૫૦૦ વર્ષ અધિક સ્વર્ગનું સુખ પામશે. સ્વર્ગના પણ સાત પ્રકાર છે, જેમાં સ્વર્ગની ઉપર સર્વશ્રેષ્ઠ સ્વર્ગ છે, તેમાં સુગંધી પુષ્પો અને ઘટાદાર વૃક્ષોવાળો બગીચો છે, તેમાં દૂધ, મધ અને શરાબની નદીઓ વહે છે. સ્વર્ગ મેળવનાર પુણ્યાત્માઓ ઝવેરાતજડિત જરીના જામા પહેરશે. દુનિયામાં ઈસ્લામે નિષિદ્ધ ગણેલો શરાબ પુણ્યશાળીને મળશે પણ તેથી ઘેન નહીં ચડે. પ્રત્યેક પુણ્યશાળીને અખંડ

યૌવન ધારણ કરનારી ૭૨ હૂરિયો મળશે જેમનું સૌંદર્ય વૃદ્ધાવસ્થા કે મૃત્યુની છાયામાં વિકૃત નહીં બને. વધારે પુણ્યશાળીઓ સ્વર્ગમાં કુરાન પઢશે અને ઈશ્વરના સાન્નિધ્યમાં પરમાનંદનો અનુભવ કરશે.

મહમ્મદ પોતે વેપાર સાથે સંકળાયેલા હોઈ કુરાનમાં તેમણે વેપારી બાબતોનો છૂટથી ઉલ્લેખ કર્યો છે. જૂઠું બોલનારાઓ, નફાખોરો, ઈજારાશાહી વેપાર કરનારા, સટ્ટાખોરો, મોટા નફા માટે અનાજ વેચનારા વેપારીઓને મહમ્મદે નરકનો ભય દર્શાવ્યો છે. વ્યાજ-વટાવનો તેમણે વિરોધ કર્યો છે. પોતે ગરીબી અને અનાથની અવસ્થા ભોગવી હોઈ તેમણે ગરીબો, અનાથો, વિધવાઓ પ્રત્યે અનુકંપા દર્શાવી છે. સાર્વજનિક અને ધાર્મિક કામ માટે તેમણે મુસ્લિમો પર જકાતનો વેરો ઉઘરાવવાનું ફરમાન કર્યું છે. પ્રત્યેક મુસ્લિમે તેનું વસિયતનામું બનાવતી વખતે ગરીબોનો હિસ્સો મુકરર કરવાનું ધર્મ-ફરમાન છે. બાળહત્યાનો વિરોધ કરવામાં આવ્યો છે. મહમ્મદે સ્ત્રીઓને કાનૂનની કાર્યવાહી અને આર્થિક સ્વાવલંબનની બાબતમાં પુરુષો જેટલો જ અધિકાર આપ્યો છે. બાપની પત્નીઓ વારસામાં દીકરાને મળે તે આરબ રિવાજને તેમણે દૂર કર્યો છે અને લગ્ન બહારના વ્યભિચાર પર અંકુશ મૂક્યો છે. મુસ્લિમ પુરુષ યહૂદી કે ખ્રિસ્તી સ્ત્રીને પરણી શકે પણ મૂર્તિપૂજક સ્ત્રીને પરણી ન શકે. પોષી શકાય તેમ હોય તો જ ચાર સુધી પત્નીઓ કરવાની છૂટ આપી મહમ્મદે અનેક પત્નીઓ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે મુસ્લિમ પતિ મહિના મહિનાના અંતરે તલ્લાક તલ્લાક એમ ત્રણ વાર બોલીને પત્નીને છૂટાછેડા આપી શકે, જ્યારે મુસ્લિમ પત્ની દહેજની રકમ પરત કરીને જ છૂટાછેડા મેળવી શકે.

## સુન્નાહ : હાફિસ અને શરિયત

કુરાન પછી ધર્મસિદ્ધાંત પ્રમાણે 'સુન્નાહ'ને પ્રમાણભૂત ગણવામાં આવે છે. પયગમ્બરનાં કૃત્યો, ઉચ્ચારણો અને તકરીર (ભાષણો) : ટૂંકમાં, તેમણે માન્ય કરેલી બાબતોનો સુન્નાહમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત, પયગમ્બર સાથે થયેલી વાતચીતોની નોંધ કરી તેને પરંપરા ગણવામાં આવી – જેને 'હાફિસ' કહેવામાં આવે છે. ઈસ્લામમાં તેનું સ્થાન સુન્નાહ જેવું છે. પયગમ્બરે જે કંઈ કહ્યું કે કથ્યું તેની લિખિત નોંધ હાફિસ બની. એ જ પ્રમાણે પયગમ્બરના સાથીઓ કે અનુયાયીઓનાં કૃત્યો અને કથનો પણ હાફિસ જેવું મહત્ત્વ પામ્યાં. પણ તે કુરાનની તોલે ન આવે. આમ છતાં ધર્મની બાબતોમાં તે પ્રમાણભૂત ગણાવા લાગ્યાં. ઈસ્લામના વિચારપ્રવાહના વિકાસમાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

કુરાન અને હાફિસ વચ્ચેનો તાત્ત્વિક ભેદ આ પ્રમાણે છે : કુરાનમાં ઈશ્વર બોલે છે; હાફિસમાં મહમ્મદ બોલે છે. હાફિસનાં કથનના અર્થ અને નિરૂપણ મહત્ત્વનાં. કુરાનમાં શબ્દ અને અર્થ બંને મહત્ત્વનાં. કાનૂન અને ધર્મતત્ત્વનો પાયો પ્રથમત: કુરાનમાં છે ત્યાર બાદ ગૌણપણે હાફિસમાં છે. મુસ્લિમોએ તેમની સઘળી વિદ્યા – ઈલમ – ધાર્મિક પરંપરા હાફિસમાં વિકસાવી છે. ઈસ્લામનાં વર્ચસવાળાં નગરોમાં વિદ્વાનો તેમનાં ધાર્મિક પ્રવચનોમાં હાફિસ સમજાવવા લાગ્યા. છેક સ્પેનથી ઈરાન સુધી મુસ્લિમો મૌખિક રીતે આ પરંપરા સાંભળવા – સમજવા લાગ્યા.



**હાફિઝ :** કુરાનને કંઠસ્થ જાણનાર અને મુખપાઠ કરી પઢાવનાર મુસલમાન.

કુરાનની સાથોસાથ મૌખિક પરંપરાનું સાહિત્ય ઊભું થવા લાગ્યું. પરંતુ સમય પસાર થતાં ધર્મસિદ્ધાંત, વિધિ-વિધાન, નીતિ અને કાનૂનના અનેક સવાલો ઊભા થવા લાગ્યા. સૌનો ઉકેલ શોધવા

કુરાનમાંથી પ્રમાણ કે આધાર શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો; પરંતુ તેનો સ્પષ્ટ ઉકેલ કુરાનમાંથી સાંપડયો નહીં ત્યારે મહમ્મદે કે તેમના સાથીઓએ કે અનુગામી ખલીફોએ શું માર્ગદર્શન આપ્યું હોત એવો સવાલ સહેજે ઉપસ્થિત થયો. દા.ત., અલી અને અબુબકર વચ્ચે સ્પર્ધા, અલી અને મુઆવિયા વચ્ચે સંઘર્ષ, અબ્બાસ-નબીરા અને ઉમૈયા–નબીરા વચ્ચે દુશ્મનાવટ, આરબો અને બિનઆરબો, અસલ મુસ્લિમો અને નવા બનેલા મુસ્લિમો, સ્વતંત્ર મુસ્લિમો અને ગુલામ મુસ્લિમો–આ સૌ અંગે ઉપસ્થિત પ્રસંગોએ ધર્મપ્રમાણનું માર્ગ-દર્શન મેળવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. પરિણામે મુસ્લિમ વિદ્વાનો જૂની પરંપરાને મહમ્મદ, તેમના સાથીઓ અને અનુગામી ખલીફોનાં કૃત્યો અને કથનોમાંથી એકત્ર કરવા લાગ્યા. આમાં થોડી સાચી, વળી એટલી જ શંકાસ્પદ અને ઘણી બનાવટી પરંપરાઓ એકત્ર થવા લાગી અને તેનો ધર્મપ્રમાણ તરીકે પ્રચાર થવા લાગ્યો. લોકોની ભાવુકતાનો લાભ લઈને અંગત સ્વાર્થના કારણે પણ બનાવટો થવા લાગી. ઈ. સ. ૭૨૨માં ફાંસીએ ચડેલા ઈબ્ન-અલ-આવનીએ ૪,૦૦૦ જેટલી પરંપરાની પોતે બનાવટ કર્યાનો એકરાર કર્યો હતો. મહમ્મદના એક સાથી અબુ-હુરાય રાહે ૩,૫૦૦ હાફિસ આપી હતી. મહમ્મદની વિધવા આઈશાના નામે ૨,૨૧૦, અબાસ-ઈબ્ન-મલિકના નામે ૨,૨૮૬ અને અબદુલ્લા ઈબ્ન-ઉમર ઈબ્ન-અલ ખત્તાલના નામે ૧,૬૩૦ હાફિસ ચડી છે. વળી મહમ્મદે પોતા માટે કોઈ ચમત્કારનો દાવો કર્યો નથી તેમ છતાં આ પરંપરાઓએ મહમ્મદના જીવન વિશે અનેક ચમત્કારી કથનો કર્યાં છે.

આખરે મહમ્મદ-અલ-બુખારી (૮૧૦–૭૦) નામક ઈજિપ્તના એક વિદ્વાને ઈરાન, ઈરાક, સીરિયા, અલ–હિજાજ અને ઈજિપ્તનો પ્રવાસ ખેડી લગભગ છ લાખ પરંપરા એકત્ર કરી. તેની પર સંશોધન કરીને પ્રાર્થના, હજ, જેહાદ વગેરે જેવા વિષયો અનુસાર ૭,૭૨૫ પરંપરાઓને ગ્રંથસ્થ કરી. આમાંની ઘણી પરંપરાએ ઈસ્લામને નવો ઝોક આપ્યો. આજે બુખારીએ સંપાદિત કરેલી 'હાફિસ'ના નામે લેવાતા સોગંદનો સ્વીકાર કરવામાં આવે છે. સમરકંદ આગળની બુખારીની આરામગાહ શ્રદ્ધાળુ માટે યાત્રાધામ બની છે. બુખારી પછી આ માટે ઈબ્ન-અલ હજ્જાજનું નામ આવે છે. આ બે ઉપરાંત, હાફિસના બીજા ચાર સંગ્રહો છે જેને ધાર્મિક કાનૂનનું મહત્ત્વ આપવામાં આવે છે.

સુન્નાહ અને હાફિસ પછી શરિયતને ઈસ્લામમાં મહત્ત્વ અપાય છે. કુરાનમાંનાં ઈશ્વરનાં ફરમાનો અને હાફિસમાંની તેની વિગતોનું વર્ણન : આમાંથી પંડિતોએ ધાર્મિક કાનૂનનું એક નવું શાસ્ત્ર રચ્યું. એમાં વિધિ-વિધાન અને પ્રાર્થના અંગેનાં નિયમનો, મુલકી અને કાનૂની જવાબદારીઓ અને શિક્ષા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કુરાનની આશરે છ હજાર કડીઓમાંથી માત્ર બસો જ કાયદા-કાનૂનનો નિર્દેશ કરે છે. પરંતુ તેમાં દીવાની, ફોજદારી, રાજદ્વારી અને નાણાંવિષયક ઘણી બાબતો વિશે માર્ગદર્શન મળતું નથી. જેમ જેમ પરિસ્થિતિ નિર્માણ થતી ગઈ અને નવા નવા સવાલો ઉકેલ માટે ઉપસ્થિત થવા લાગ્યા તેમ તેમ તે વિશેના નિયમો અને સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા અને આ સૌના અંતે ધાર્મિક કાનૂનનું શાસ્ત્ર (શરિયત) ઊભું થયું.

મુસ્લિમે બજાવવાનાં ધાર્મિક કર્તવ્યોની પાછળ રહેલી શ્રદ્ધાના પાંચ સ્તંભો—નમાજ, દાન, રોજા, હજ અને અલ્લાહ તથા પયગમ્બર મહમ્મદ પરની નિષ્ઠા રહેલાં છે.

**નમાજ :** મુસ્લિમોએ દિવસમાં પાંચ વાર નમાજ પઢવી જોઈએ. ઈશ્વરે મહમ્મદને પચાસ વાર નમાજની સૂચના કરી હતી, પરંતુ મહમ્મદે વચલો માર્ગ કાઢી પાંચ જ નમાજનો આદેશ આપ્યો. મુઆઝિન પોકાર કરે ત્યારે મુસ્લિમે હાથ પરનું કામ તરત જ પડતું મૂકી, વજૂ કરી, કાબા તરફ મોં કરી એક જ પ્રકારની, એક જ ઢબે અને એક જ ભાષા—અરબીમાં નમાજ પઢવી પડે છે. આમાં તે કોઈ વરદાન માગતો નથી, પરંતુ અલ્લાહનો નામોચ્ચાર કરે છે.

કલા, કારીગરી અને સંપત્તિ ખર્ચીને મુસ્લિમોએ ઊભી કરેલી મસ્જિદ, રાય અને રંક સૌ મુસ્લિમ માટે, સંપત્તિ અને સમાજના દરજ્જાના ભેદભાવ વિના એકત્ર થવાનું અને સમાનભાવે એક હારમાં ઊભા રહી નક્કી કરેલી ઢબે અલ્લાહનું નામ-સ્મરણ કરવા માટેનું મહત્ત્વનું મિલનસ્થાન છે. દરરોજ શક્ય ન હોય તો શુક્રવારની જુમાની નમાજમાં તો મુસ્લિમો મસ્જિદમાં એકઠા થાય એવો આગ્રહ રહે છે. મુસ્લિમ હકૂમત હેઠળના લગભગ પ્રત્યેક નગરમાં જુમાની સામૂહિક નમાજ માટે વિશાળ ચોક, વજૂ માટે સ્વચ્છ પાણીનો હોજ અને મુઆઝિનના આઝાન માટેનો મિનારો ધરાવતી જુમા-મસ્જિદો આવેલી હોય છે. પ્રાર્થના ઉપરાંત ધર્મના સિદ્ધાંતો અને મુસ્લિમ સમાજના પ્રશ્નોની ચર્ચા, વિચારણા માટે સભા ભરવાનું સ્થાન પણ તે પૂરું પાડે છે.

**દાન-ધર્મ :** મહમ્મદ મદીના ગયા ત્યારે તેમનું પ્રથમ કર્તવ્ય ગરીબો માટે પૈસાપાત્ર લોકો પાસેથી ૨½ ટકા હિસ્સો મેળવવાનું હતું. આ ધનમાંથી મસ્જિદો બાંધવા, તેનો વહીવટ કરવા અને યુદ્ધ અંગે ખર્ચ થતો. બાકીની મોટા ભાગની રકમ ગરીબો, અનાથો, વિધવાઓની રાહત પાછળ ખર્ચવામાં આવતી. ઉમૈયા ખલીફ ઉમર બીજાએ કહ્યું હતું : નમાજ મુસ્લિમોને ખુદા તરફના માર્ગ પર અર્ધે રસ્તે લઈ જાય છે, રોજા તેને ખુદાના મહેલના દ્વાર નજીક લાવે છે, જ્યારે દાન તેને ખુદાના ઘરમાં દાખલ કરે છે.

**રોજા :** રમજાનના ૨૯ દિવસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અન્ન-પાણી નહિ લેવાનું મુસ્લિમોનું પરમ કર્તવ્ય બની રહે છે. રમજાનના દિવસોમાં મહમ્મદને કુરાનનું પ્રથમ જ્ઞાન લાધ્યું તથા બદરનો પ્રથમ વિજય પણ આ માસમાં થયો હોઈ મુસ્લિમો માટે રોજા પવિત્ર ગણાય છે.

**હજ :** પ્રત્યેક મુસ્લિમ સ્ત્રી અને પુરુષે જિંદગીમાં ઓછામાં ઓછું એક વાર હજ કરવી જોઈએ. હજે જનાર પ્રત્યેક મુસ્લિમ, દૂરથી મક્કાનું દર્શન થાય ત્યાં પડાવ નાખી, નાહી-ધોઈ પવિત્ર બની, સીવ્યા વિનાનાં સફેદ કપડાં પહેરી મક્કામાં પ્રવેશે છે. ઝમઝમ કૂવાના પાણીનું પાન કરે છે. કાબાની સાત વાર પ્રદક્ષિણા કરે છે અને કાબાના પવિત્ર પથ્થરનો સ્પર્શ કરી ચૂમે છે. ત્યાંથી અરારત પહાડ પર જાય છે. બાદ, મીનાની ખાણ તરફ જઈ, અબ્રહામે શેતાનને દૂર કરવા પથ્થર મારેલો તેના સ્મરણમાં, તે સાત કાંકરી ફેંકે છે. છેવટે, ઊંટ કે બકરાનો ભોગ ધરી હજ પૂરી થઈ માની, હાજીનાં કપડાં બદલી ફરી કાબાનું દર્શન કરી, વતન જવા પાછો ફરે છે. મક્કાની હજ મુસ્લિમોમાં સમૂહ ભાવના જગાડે છે. અરબસ્તાનના ભટકતા બદુઓ, મોટાં નગરોના ધનાઢ્યો, બર્બરો, હબસીઓ, સીરિયાવાસીઓ, મોંગોલો, તાર્તરો, ઈરાનીઓ, ઈરાકીઓ; ભારત, ચીન અને ઈન્ડોનેશિયાના મુસ્લિમો, મક્કામાં એકત્ર થાય છે અને એક રાષ્ટ્રના નાગરિકો તરીકેની નહિ તોપણ, એક જ ધર્મની બંધુ-ભાવનાનો અનુભવ કરે છે.

પ્રત્યેક મુસ્લિમ ઈશ્વર અને મહમ્મદ પ્રત્યેની નિષ્ઠાના પ્રતીક તરીકે "લા ઈલાહી ઈલ્લાલાહ, મહમ્મદુન રસુલુલ્લાહ" (એટલે અલ્લાહ સિવાય બીજો કોઈ ઈશ્વર નથી અને મહમ્મદ અલ્લાહનો પયગમ્બર છે) એવા અરબી મંત્રનો ઉચ્ચાર કરે છે. મુસ્લિમ બાળક જન્મે ત્યારે તેના કાનમાં પ્રથમ આ મંત્રોચ્ચાર થાય છે અને જિંદગી પૂરી કરી દુનિયા છોડી જાય છે ત્યારે પણ તેના કાનમાં આ મંત્રનો ઉચ્ચાર થાય છે. જીવનની આ બે અવસ્થાઓ વચ્ચેની વિશાળ જિંદગીમાં આ મંત્રનો તે વારંવાર ઉચ્ચાર કરે છે.

સૌ ધર્મોમાં ઈસ્લામ તદ્દન સરળ ધર્મ છે. તેના ખલીફો (ધર્મના વડા) ખ્રિસ્તી પોપનું સ્થાન ધરાવતા નથી. વળી, ઈસ્લામ 'મુલ્લા' છે પણ તે પુરોહિત નથી. તેમાં નમાજ, રોજા અને હજ છે. પણ દેવદેવીઓની પૂજાનાં કર્મકાંડ નથી. મૂર્તિપૂજા તો તેમાં મહાપાતકરૂપ છે. અનેક ભાષા બોલનારા, અનેક જાતિતત્ત્વ ધરાવનારા, અનેક સામાજિક પ્રતિષ્ઠા અને દરજ્જો ભોગવનારા, અનેક રાષ્ટ્રોના નાગરિકો મુસ્લિમ બનતાં આ બધા બાહ્ય ભેદભાવને વિસારી દઈ પોતે એક જ કોમના સભ્યો બની બંધુભાવથી જોડાય છે.

# વિવિધ સંપ્રદાયો

ઈસ્લામમાં પણ અનેક મતમતાંતરો અને સંપ્રદાયો જાગ્યા. મુખ્ય સંપ્રદાય તરીકે ગણાતા 'સુન્ની'ઓથી ભિન્ન મત ધરાવતા સમૂહો ઊભા થયા. આ સૌમાં મહત્ત્વનો સંપ્રદાય 'શિયા' મુસ્લિમોનો છે. આ સંપ્રદાયના અનુયાયીઓએ ઉમૈયા ખલીફોને પદભ્રષ્ટ કરી, ઈરાન, ઈરાક, ઈજિપ્ત અને ભારત પર પ્રભુત્વ મેળવ્યું. આ સંપ્રદાયની સાહિત્ય અને ફિલસૂફી પર ઊંડી અસર પડી. કરબલામાં હિજરી સંવત ૬૧ના મહોર્રમ માસની ૧૦મીના (૬૮૦ના ઑક્ટોબરની ૧૦મી) રોજ અલીના પુત્ર હુસેનની હત્યા થઈ તે જ ક્ષણે આ સંપ્રદાયનો જન્મ થયો. તેના વંશજો 'ઈમામ' કહેવાયા.

શિયાઓ માને છે કે મહમ્મદની દૈવી શક્તિને વારસામાં મેળવનાર જ તેમના અનુગામી બનવાની પાત્રતા ધરાવે છે. તેમના મતે ચોથા ખલીફ અલીને (૬૫૬–૬૬૧) બાદ કરતાં બાકીના સૌ ખલીફો લેભાગુ હતા. બાદ, સાતમા અબ્બાસ ખલીફ મામુને (૮૧૩–૩૩) શિયાઓનો લીલો રંગ ધારણ કર્યો હતો. ત્યારે, દસમા ખલીફ મુતવિક્કલ (૮૪૭–૬૧) ૮૫૦માં શિયાઓનું દમન શરૂ કર્યું; અને ખલીફ કાદરે (૯૯૧-૧૦૩૧) ૧૦૨૯માં બગદાદની મસ્જિદમાંથી શિયાઓને દૂર કર્યા.

સુન્ની સંપ્રદાયના વડા ખલીફને દુન્યવી સત્તાનો વારસો મહમ્મદ તરફથી મળ્યો, જ્યારે શિયા ઈમામને દુન્યવી સત્તાનો વારસો મળ્યો, તે ઉપરાંત ધર્મ-કાનૂનનો અર્થ કરવાની પણ તેને સત્તા મળી, આથી તે ભૂલથી પર ગણાયો.

પહેલા 'ઈમામ' અલી અને ત્યાર પછી તેમના બે પુત્રો હસન અને હુસેન; ત્યાર પછી ઈ. સ. ૬૬૧થી ૮૭૮ સુધીમાં કુલ ૧૨ ઈમામો થઈ ગયા. આમાં નવ હુસેનના વંશજો હતા. આ નવમાંથી ચારની હત્યા ઝેર વડે કરાઈ, બાકીના ઈમામો ખલીફોની સામે લડતાં કે ફાંસીગરના હાથે મર્યા. બારમા ઈમામ મહમ્મદ અલ-મુંતઝર ઈ. સ. ૮૭૮માં સમારાની એક મસ્જિદની ગુફામાં, પાછળ કોઈ અનુગામી મૂકયા વિના, ગુમ થયા. શિયાઓ તેમને અજ્ઞાતવાસ સેવતા (મૂએલા નહિ) ઈમામ તરીકે માને છે અને યોગ્ય સમયે તેઓ સાચા ઈસ્લામની પુન: સ્થાપના કરવા 'મહદી' બનીને આવી પહોંચશે; દુનિયા પર વિજય મેળવશે અને દુનિયાનો અંત આવે તે પહેલાં સુવર્ણયુગની સ્થાપના કરશે એવી શ્રદ્ધા ધરાવે છે. મહદીની કલ્પના એ સુન્ની અને શિયા સંપ્રદાયો વચ્ચેની એક ભેદરેખા છે.

શિયામાં પણ બે ફાંટા છે. છઠ્ઠા ઈમામ જાફર અલ-સાદિક(ઈ. સ. ૭૬૫)નો અનુગામી વિશે મતભેદ ઊભો થતાં તેમાંથી બે ફાંટા પડયા છે. જાફરે તેમના વડા પુત્ર ઈસ્માઈલને પોતાના અનુગામી તરીકે પસંદ કર્યો હતો. પરંતુ કહે છે કે તે દારૂ પીતો હતો માટે જાફરે તેની વરણી રદ કરી, બીજા દીકરા મૂસાને સાતમો અને છેલ્લો ઈમામ ગણ્યો. ઈમામ તરીકે ઈસ્માઈલ ભૂલને પાત્ર ન હોઈ શકે માટે દારૂનું વ્યસન તેના ઈમામપદને બાધારૂપ ન હોઈ શકે એવો તેના પક્ષકારોએ મત રજૂ કર્યો. આ મત ધરાવનારાઓ 'ઈસ્માઈલીઓ' કહેવાયા. ઈસ્માઈલ તેના પિતા જાફર અગાઉ અવસાન પામ્યો.

ઈસ્માઈલીઓ સાત ઈમામને માનનારા હોઈ તેઓ 'સબિયાહ' એટલે સાતમાં શ્રદ્ધા ધરાવનાર તરીકે ઓળખાયા. વળી તેઓ સાતના આંકડાને ગૂઢ રીતે પવિત્ર માનવા લાગ્યા. ઈસ્માઈલીઓએ અર્ધ ધાર્મિક અને અને અર્ધરાજકીય આંદોલનો શરૂ કર્યાં. અબદુલ્લા ઈબ્ન-અલ-કાદાએ ઈસ્માઈલીઓનાં આંદોલનોને સંપ્રદાયનું સ્વરૂપ આપ્યું. તેના ગુપ્ત અનુગામીઓએ 'મહદી' વિશે પણ પ્રવૃત્તિ ચલાવી. ક્રમશ: આ સંપ્રદાય ઉત્તર આફ્રિકામાં પ્રસર્યો, જેની પ્રવૃત્તિનાં પરિણામે ઈજિપ્ત અને ટ્યૂનિસિયામાં ફાતિમા રાજ્યસત્તા સ્થપાઈ અને અબ્બાસ વંશનો અંત આવ્યો. ૮૭૪માં અબદુલ્લાના મૃત્યુ બાદ કારમત તેનો અનુગામી બન્યો. તેણે કારમત સંપ્રદાય સ્થાપ્યો. ૮૯૦માં કુફામાં તેણે તેનું વડું મથક સ્થાપ્યું. તેણે સ્થાપેલો સમાજ ગૂઢ વિધિ-વિધાનોનો

સમાજ બન્યો. તેણે બળજબરીથી ભંડોળો ભેગાં કર્યાં. તે સ્ત્રીઓ અને મિલકતના સમાજીકરણમાં માનતો. તેણે કારીગરોનાં મહાજનો રચ્યાં. રોજા અને ઇસ્લામ માન્ય બીજાં કેટલાંક કર્તવ્યોનો ઇનકાર કર્યો.

આ સંપ્રદાયના સૈનિકોને તેમના સરદારના હુકમોનું કડક, શિસ્તબદ્ધ અને નિષ્ઠુરતાપૂર્વક પાલન કરવું પડતું. સરદારે પહાડના પાછલા ભાગમાં એક બગીચો ઊભો કર્યો હતો, જેમાં સ્વર્ગનાં સુખની કલ્પનાને સાકાર બનાવી, આ સંપ્રદાયમાં ભળવા માગનારને હશીશ નામનું કેફી દ્રવ્ય ખવડાવી, બેહોશ બનાવી આ બગીચામાં લાવી, ભાનમાં આવે ત્યારે સ્વર્ગનાં દર્શન કરાવ્યાનો ભ્રમ ઊભો કરવામાં આવતો. અહીં મદિરા અને માનુનીનું સુખ માણી લીધા પછી વળી હશીશથી તેને બેહોશ બનાવી ધકેલી દેવામાં આવતો. ગુમાવેલા સ્વર્ગીય સુખને પુન: પ્રાપ્ત કરવા તલસનારને સંપ્રદાયની દીક્ષા આપી તેમની મારફતે સરદાર કહે તેની હત્યા કરાવવામાં આવતી. આમ, આ હત્યા કરનાર 'હશીશ' (કેફી દ્રવ્ય) લેનાર હોઈ 'હશીશીન' કહેવાયા, જે પરથી અંગ્રેજી ભાષામાં 'એસેસિન' (હત્યારો) શબ્દ પ્રયોજાયો.

ભારતનાં ઇસ્માઇલી ખોજાઓ ઇસ્માઇલી સંપ્રદાયના છે, જેમના વડા આગાખાન કહેવાય છે, જે સાતમા ઇમામના વંશજ ગણાય છે અને અનુયાયી તરફથી તેમની આવકનો દસમો ભાગ મેળવે છે. શિયા સંપ્રદાયના અન્ય વિવિધ પંથમાં કારમતવાદીઓ, દ્રુઝીઓ, નુસૈરવાદીઓ, એસેસિનો ઇત્યાદિ મુખ્ય છે. ખુદ શિયાઓ આ સૌને અંતિમવાદીઓ ગણે છે, કેમ કે મહમ્મદ 'છેલ્લા' પયગમ્બર હતા તે વાતનો તેઓ સ્વીકાર કરતા નથી. વળી, અલીને દેવનો અવતાર માને છે. આ અંતિમવાદીઓનો એક નાનકડો વર્ગ તો એમ માને છે કે ઈશ્વરનો સંદેશો ગેબ્રિયલે ભૂલથી અલીને બદલે મહમ્મદને આપ્યો હતો!

## નાસ્તિકો અને ઉદારમતવાદીઓ

ઉમૈયા ખલીફોના અમલ દરમિયાન મુસ્લિમોમાં આવેલી વૈચારિક જાગૃતિના પરિણામે જુદા જુદા મત-મતાંતરો, સંપ્રદાયો અને પંથો ઊભા થયા જેણે ઇસ્લામને હચમચાવી મૂક્યો. આઠમી સદીના ચોથા દસકામાં બસરામાં થઈ ગયેલા વાસિલ ઇબ્ન-આતા(ઈ. સ. ૭૪૮)એ 'મુતાઝિલાહ' નામના બુદ્ધિ પર આધારિત ઉદાર-મતવાદને પ્રવર્તાવ્યો. તેમના સિદ્ધાંત પ્રમાણે ગંભીર પ્રકારનું પાપ કરનાર ધર્મનિષ્ઠ તરીકે મટી જાય છે પણ આ કારણે તે નાસ્તિક બનતો નથી. કાદિરવાદીઓ કુરાનના પૂર્વનિર્મિતિના સિદ્ધાંતનો વિરોધ કરતા. તેમણે ઇસ્લામમાં દર્શનનો પાયો નાખ્યો ગણાય છે. બે ઉમૈયા ખલીફો મુઆવિયા બીજો (ઈ. સ. ૬૮૩–૮૪) અને અને યઝિદ ત્રીજો (ઈ. સ. ૭૪૪) કાદિરમતવાદીઓ હતા. મુતાઝિલાહ મતવાદે સ્વતંત્ર મતના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો એટલું જ નહિ, પરંતુ ઈશ્વર સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે તેવા તેના ગુણોનો પણ ઇનકાર કર્યો કેમ કે ઈશ્વરને સગુણ ગણવામાં આવે તો તેની સર્વવ્યાપી એકતા ખંડિત બને છે. ઈશ્વર નિર્ગુણ નિરાકાર છે તેવા વેદાંતના મતની કદાચ સમીપ આ મતને ગણી શકાય. મુતાઝિલાહો પોતાને ન્યાય અને ઈશ્વરના એકત્વના પક્ષકારો ગણાતા.

ઉદારમતવાદનો વિસ્તાર સાતમા અબ્બાસ ખલીફ અલ-મામુન(ઈ. સ. ૮૧૩-૩૩)ના સમયમાં થયો. આ ઉપરાંત ઉમૈયાઓના સમયમાં વિકસેલા મુર્જિઆઇટ નામના સંપ્રદાયે પણ પાપ કરનારને નાસ્તિક નહિ ગણ-વાનો આગ્રહ રાખ્યો. તેઓ માનતા કે ઉસમાન, અલી અને મુઆવિયા ઈશ્વરના બંદા હતા અને તેમનો ન્યાય ઈશ્વર સિવાય અન્ય કોઈ કરી શકે તેમ નથી. કુરાન અપૌરુષેય છે તે જાતનો સ્વીકાર કરવાથી ઈશ્વરના એકત્વ પર મર્યાદા મુકાય છે તેમ શરૂઆતમાં મુતાઝિલાહ મતવાદે જણાવ્યું, પરંતુ પાછળથી કુરાન કરતાં માનવીય બુદ્ધિવાદને સર્વોપરી ગણતા ઉદારમતવાદમાં તેનું પરિવર્તન થયું. આ મતવાદી ન્યાયાધીશ ઇબ્ન-અલી-દુબાદની સલાહથી મામુને મુતાઝિલાહ મતવાદને રાજ્ય માન્યતા આપી અને (ઈ. સ. ૮૨૭માં) એક ફતવો પ્રગટ કરી અરબી ભાષાનું કુરાન, અસલ દૈવી–અપૌરુષેય કુરાનની પ્રતિકૃતિ છે તેવા રૂઢિચુસ્ત મતની વિરુદ્ધ, કુરાન માનવીએ લખેલો ગ્રંથ છે તેવા મતને અનુમોદન આપ્યું. ઈ. સ. ૮૩૩ના એક બીજા ફતવા

દ્વારા મામુને ઠરાવ્યું કે કુરાન માનવીની કૃતિ છે તેવા સિદ્ધાંતમાં શ્રદ્ધા ન ધરાવનાર કાજી — ન્યાયાધીશપદે ચાલુ રહી શકે નહિ કે ન્યાયાધીશ તરીકેની ઉમેદવારી પણ કરી શકે નહિ. ઉપરાંત, આ સિદ્ધાંતનો ઇનકાર કરનાર સામે કામ ચલાવવા માટે મામુને 'ઇન્ક્વિઝિશન' જેવા ખટલા ચલાવવા 'મિહનાહ' નામના ખાસ ન્યાયપંચની નિમણૂક કરી. આમ, ઉદારમતવાદીઓએ રૂઢિચુસ્તો પર દમન કર્યું એ એક વિચિત્ર ઘટના છે.

અહમદ ઇબ્ન-હનબાતે કુરાન વિશેના ચુસ્ત મતનો જોરદાર બચાવ કર્યો તે માટે મિહનાહે તેને શિક્ષા કરી. મામુન પછીના બે ખલીફોના અમલમાં ઉદારમતવાદીઓ દ્વારા આ દમન ચાલુ રહ્યું. પરંતુ અલ-મુતવિક્કલે (ઈ. સ. ૮૪૭–૬૧) મામુનના ફતવા રદ કર્યા અને મુતાઝિલાહો સામે દમન શરૂ કર્યું. અલ-નઝઝ (ઈ. સ. ૮૪૧) નામના એક મહત્ત્વના મુતાઝિલાહ દાર્શનિકે પ્રતિપાદન કર્યું કે "શંકાઓ તો જ્ઞાન મેળવવા માટેની પ્રાથમિક આવશ્યકતા છે."

મુતાઝિલાહ સિદ્ધાંતનું ખંડન કરી ચુસ્ત મતનું પ્રતિપાદન કર્યું બગદાદના અબુ-અલ-હસન અલિ-અલ-અશારી (ઈ. સ. ૮૭૩–૯૩૫)એ. એબેલૉર્ડની માફક અશારી ઇસ્લામ ધર્મશાસ્ત્રમાં પંડિત યુગનો સ્થાપક બન્યો. કુરાનના ઈશ્વરના માનવી અંશના ઉલ્લેખનો, ટીકા-ટિપ્પણ વિના, સ્વીકાર કરવાનો તેણે આગ્રહ રાખ્યો. ભૂત, વર્તમાન અને ભાવિના સઘળા બનાવો પૂર્વનિર્મિત છે તે સિદ્ધાંતને તેણે ટેકો આપ્યો, ઈશ્વરને સૌનું આદિ કારણ કહ્યું. બુદ્ધિવાદની સામે તેણે ધર્મ આધારિત તર્કનો આશરો લઈ ધર્મમાન્યતાની પુનઃ પ્રતિષ્ઠા કરી.

અશારીના ચુસ્ત મતના સિદ્ધાંતોનું શિક્ષણ આપવા સેલજુક સુલતાન મલિક-શાહના વઝીરે 'નિઝામિયા' નામની વિદ્યાપીઠની સ્થાપના કરી. પરંતુ ચુસ્ત મતનો પ્રખર પુરસ્કર્તા તો અબુ-હમીદ અલ-ગઝ્ઝાલી (ઈ. સ. ૧૦૫૮–૧૧૧૧) ગણાયો. ઇસ્લામે પેદા કરેલા મૂઠીભર મૌલિક વિચારકોમાં અલ-ગઝ્ઝાલી ઘણું ઊંચું સ્થાન ધરાવે છે. ઇસ્લામના ધર્મમતનો તે પિતા ગણાય છે, અને સુન્ની મત અંગેના તેના સિદ્ધાંતો પ્રમાણભૂત ગણાય છે. ખ્રિસ્તી સમાજમાં (સંત) ટૉમસ ઍક્વિનાસનું જે સ્થાન છે, બરાબર તેવું જ અને તેટલું જ મહત્ત્વનું સ્થાન, ઇસ્લામ સમાજમાં અલ-ગઝ્ઝાલીનું છે. રૂઢિચુસ્ત ધર્મનિષ્ઠ તરીકે જીવન શરૂ કરનાર અલ-ગઝ્ઝાલી સૂફીવાદ તરફ ઢળ્યો. ઈ. સ. ૧૦૯૧માં નિઝામિયા વિદ્યાપીઠના કાયદાશાસ્ત્રનો તે વ્યાખ્યાતા બન્યો. દરવેશ તરીકે એક સ્થાનેથી બીજે ભટકવા લાગ્યો. ૨૦ વર્ષની નિવૃત્તિ બાદ તે તેના સિદ્ધાંતનો ઉપદેશ આપવા બગદાદ ગયો. ત્યાં તેણે મહત્ત્વના ગ્રંથો લખી ચુસ્ત ઇસ્લામ ધર્મમતનું પ્રતિપાદન કર્યું.

વિજ્ઞાનની પ્રગતિના આ સમયમાં લોકોની ધર્મ પરની શ્રદ્ધા ટકી રહે તે માટે અલ-ગઝ્ઝાલીએ પ્રયત્નો કર્યા. તેણે નાસ્તિક મુસ્લિમોના ત્રણ વર્ગ ગણાવ્યા : આસ્તિક, દૈવવાદી અને જડવાદી. 'આસ્તિકો' ઈશ્વર અને અમરત્વનો સ્વીકાર કરતા પણ સર્જન અને પુનર્જીવનનો ઇનકાર કરતા, અને સ્વર્ગ તથા નરકને અધ્યાત્મિક અવસ્થા ગણતા. 'દૈવવાદીઓ' ઈશ્વરનો સ્વીકાર કરતા પણ અમરત્વનો ઇનકાર કરતા અને વિશ્વને સ્વયંસંચાલિત ગણતા. 'જડવાદીઓ' ખુદ ઈશ્વરનો જ ઇનકાર કરતા. ઇસ્લામના આ ત્રણે પ્રકારના 'નાસ્તિકવાદ'ની સામે અલ-ગઝ્ઝાલીએ ઝુંબેશ ચલાવી. પરંતુ ડગી ગયેલી શ્રદ્ધા માટે વિજ્ઞાનનો જ્યારે ટેકો મળ્યો નહિ ત્યારે તે બાહ્ય જગતથી અંતર્મુખ બન્યો. ઇન્દ્રિયજન્ય જ્ઞાન તેને અપૂર્ણ લાગ્યું. આ જ્ઞાનની પણ પણ પેલી પાર સત્ય રહેલું છે તેમ તેને સમજાયું. બૌદ્ધિક ફિલસૂફીનું ખંડન કરતું પુસ્તક લખ્યું. તેણે કહ્યું : "બુદ્ધિવાદની સઘળી દલીલ છેવટે તેની વિરુદ્ધ જાય છે. બુદ્ધિવાદ શંકા જગાડે છે, બૌદ્ધિક દેવાળું કાઢે છે, નૈતિક અધઃપાત લાવે છે અને સામાજિક પતન સર્જે છે."

ઇસ્લામમાં જે સ્વતંત્ર અને ઉદારમતવાદ જાગ્રત થયો હતો તે સદાને માટે અસ્ત પામ્યો. અલ-અશારી અને અલ-ગઝ્ઝાલીએ ઇસ્લામના ચુસ્ત મતની આસપાસ મજબૂત કિલ્લેબંધી રચી અને તેના દ્વારપાળ તરીકે કુરાન અને હાફિસને મૂક્યાં.

દસમી અને અગિયારમી સદીમાં ખ્રિસ્તી ધર્મમતની સામે સ્વતંત્ર અને ઉદારમતવાદ જાગ્યો હતો. તેમાં રૂઢિચુસ્તતા અને ઉદારમતવાદ, વિજ્ઞાન અને ધર્મમત, બુદ્ધિવાદ અને શ્રદ્ધા વચ્ચે સંઘર્ષો થયા હતા. ઇસ્લામ અને ખ્રિસ્તી એમ બંને ધર્મમત પર પ્લેટો અને ઍરિસ્ટૉટલની ઘેરી અસર પડી હતી. ખરું જોતાં ગ્રીક

દર્શનનો વારસો યુરોપને આરબો દ્વારા મળ્યો હતો. બલ્કે, યુરોપને વિજ્ઞાન આપનાર ઈસ્લામે ધર્મમત વિરુદ્ધ વિજ્ઞાન, શ્રદ્ધા વિરુદ્ધ બુદ્ધિવાદની બાબતમાં પીછેહઠ કરી; જ્યારે ખ્રિસ્તી યુરોપ રૂઢિચુસ્ત ધર્મની કિલ્લેબંધીની બહાર નીકળ્યું. રોજર બેકન જેવા વિચારકોએ દાર્શનિકોના જડ અભ્યાસ પાછળ વખત બગાડવા કરતાં પ્રયોગો દ્વારા સત્યને સમજવાનો આગ્રહ કર્યો. યુરોપ આરબોનું ઋણી છે. આરબ વિદ્વાનોની પણ આગળ બેસી તેણે જ્ઞાન-વિજ્ઞાન મેળવ્યાં, પણ ગુરુની પ્રગતિ અટકી અને શિષ્યોએ પ્રગતિના સરિયામ માર્ગ પર દોટ મૂકી. યુરોપ અને ઈસ્લામનાં જગત જુદાં પડયાં.

## ઈસ્લામનો સૂફીવાદ

૧૦મી અને ૧૧મી સદી ઈસ્લામ અને યુરોપ માટે મહા સંઘર્ષની સદીઓ હતી. આ સંઘર્ષમાંથી યુરોપ પડતું-આખડતું બહાર આવ્યું, ત્યારે ઈસ્લામના બુદ્ધિવાદ, કુરાનના સિદ્ધાંત અને વિધિ-વિધાન સામેના પ્રત્યાઘાતમાંથી રહસ્યવાદી — મિસ્ટિક સૂફીવાદ જાગ્યો. સૂફીવાદ એ કોઈ સંપ્રદાય કે ધર્મમત નથી પણ જીવનની એક અનોખી પદ્ધતિ છે. ધર્મનું સત્ય સમજવા બીજાના મત પર આધાર રાખવાને બદલે અંગત અનુભૂતિ કેળવી શ્રદ્ધા જગાડવી આવશ્યક છે. આમાંથી એક પ્રકારનો અગમ્યવાદ ઊભો થાય છે. સૂફીવાદ આવો એક અગમ્યવાદ છે. મહમ્મદને પણ ઈશ્વરનો સાક્ષાત્કાર અગમ્ય અનુભૂતિ દ્વારા થયો હતો.

સૂફીવાદનું પ્રસ્થાન મોટા ભાગે ઈરાનમાંથી થયું. સૂફી શબ્દ 'સૂફ' એટલે 'ઊન' પરથી આવ્યો છે. સૂફી-સંતો ઊનનો ડગલો પહેરતા તે પરથી તે સૂફી કહેવાયા. તેઓ માનતા કે સંસારની સઘળી વાસનાઓથી અલિપ્ત બની ઈશ્વરનું ધ્યાન ધરવાથી આપમેળે ઈશ્વરનું જ્ઞાન મળે છે. સૂફીઓને મન ઈશ્વર સિવાય કોઈ જ નથી. પ્રત્યેક આત્મામાં ઈશ્વરનો વાસ છે.

---

**સૂફી સંત અબુયેઝિદ કહે છે : ઈશ્વર અને હું એક જ છીએ. અરે હું જ ઈશ્વર છું. મારા સિવાય ઈશ્વર નથી, માટે મારી ભક્તિ કરો."**

**અલહજ્જાજ કહે છે : "જેને હું ચાહું છું તે હું જ છું અને જે મને ચાહે છે તે પણ હું જ છું. મેં જ નોહના માણસોને ડુબાડી દીધા હતા. હું જ સત્ય છું."**

**—આ પ્રકારની અગમ્યવાણી ઉચ્ચારતા હજ્જાજને ગિરફતાર કરી હજાર ફટકા લગાવવામાં આવ્યા હતા, અને તેને જીવતો જલાવી દેવામાં આવ્યો હતો.**

---

અગિયારમી સદી સુધી સૂફીઓ સંસારમાં રહી વિરક્ત જીવન ગાળતા. સૂફીઓમાં પુરુષ-સ્ત્રીના કોઈ ભેદ રહેતા નહિ. સ્ત્રી સૂફી-સંતો પણ મોટું પદ પામી શકતી. આવી એક મહાન સૂફી-સંત આઠમી સદીમાં થઈ ગઈ : બસરાની રાબિયા અલ-આદ વિયા (ઈ. સ. ૭૧૭–૮૦૧) સૂફી સ્ત્રી સંતોમાં અગ્ર પદ પામે છે. પૂર્વ જીવનમાં તે ગુલામ હતી. પરંતુ પ્રાર્થના વખતે તેના માલિકે તેનામાં અમુક પ્રકારની તેજસ્વિતા જોતાં તેને મુક્ત કરી. તેણે લગ્નનો ઇનકાર કર્યો અને તે પવિત્ર ભક્તિમય જીવન ગુજારવા લાગી. "શેતાનને તું ધિક્કારે છે કે નહિ ?" તેવા એક પ્રશ્નના જવાબમાં તેણે કહ્યું : "ઈશ્વર પ્રત્યેનો મારો પ્રેમ એટલો બધો ઉત્કટ છે કે શેતાનનો વિચાર સુધ્ધાં કરવાનો મને અવકાશ રહેતો નથી." સ્વપ્નમાં પયગમ્બરે દર્શન આપી તેને પૂછયું : "રાબિયા, તું મને ચાહે છે કે નહિ ?" રાબિયાએ પયગમ્બરને જવાબ આપ્યો : "ઈશ્વરના પ્રેમમાં હું એટલી બધી મશગૂલ છું કે તેના સિવાય અન્ય કોઈ પ્રત્યે હું પ્રેમ કે ધિક્કાર દર્શાવી શકતી નથી." બીજા એક પ્રસંગે તેણે કહ્યું : "ઈશ્વર તરફના ભયને કારણે કે સ્વર્ગનું સુખ મેળવવા નહિ, પરંતુ કેવળ તેના પ્રત્યેના પ્રેમને ખાતર અને તેને મેળવવાની એક માત્ર ઝંખના ખાતર હું ઈશ્વરને ચાહું છું."

રાબિયાની એક ઉક્તિ ખૂબ જ વિખ્યાત છે : "હે ઈશ્વર! આ સંસારમાં તેં મને જે કંઈ આપ્યું છે તે તારા દુશ્મનોને પણ તું આપી દે, અને આવતા ભવમાં પણ જે તું મને આપનાર છે તે સઘળું તારા મિત્રોને આપી દે કેમ કે એકમાત્ર તું જ મારા માટે બસ છે."

અબુ સૈયદ ઇબ્ન આબિલ સૈર(૯૬૭–૧૦૪૯)ની એક વાત છે. કુરાનની એક આયાત વાંચતાં તેના હૃદયનાં દ્વાર ખૂલી ગયાં. તે કહે છે: "સૂફી માર્ગે જનારનું પ્રથમ કર્તવ્ય શાહીના ખડિયા ફોડી નાખવાનું, કિતાબોનો નાશ કરવાનું અને સઘળા પ્રકારના જ્ઞાનને વીસરી જવાનું છે."

આ મહાન સૂફી-સંત પોતાના જ મકાનના એક ખૂણામાં મોટો ગોખલો બનાવી સાત વર્ષ અલ્લાહના નામનું રટણ કરતો રહ્યો. તે માત્ર એક જ ડગલો પહેરતો, માત્ર સૂર્યાસ્ત સમયે એક જ ભાખરી જમતો, કદી ઊંઘતો નહિ; કાનમાં પૂમડાં નાખી ગોખલામાં પુરાઈ રહેતો. કેટલીય વાર પગમાં દોરડું બાંધી ઊંધા મસ્તકે કૂવામાં લટકતો અને કુરાનનું સંપૂર્ણ પારાયણ કર્યા વિના બહાર આવતો નહિ. હા, બીજા સૂફી-સંતોની તે સેવા કરતો, તેમના ભોજન માટે ભીખ માગી લાવતો, તેમની ઓરડીઓ અને પાયખાનાં સાફ કરતો. ચાલીસ વર્ષની વયે તેને સંપૂર્ણ જ્ઞાન લાધ્યું. તે કહેતો: "માણસનાં સુકૃત્યો નહિ પરંતુ ઈશ્વરની કૃપા જ તેને મુક્તિ અપાવે છે."

---

સૂફી સંતો પર હિંદુ, બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મોની અસર જોવા મળે છે. બુદ્ધના જેવો જ અનુભવ બલ્ખના ઇબ્રાહિમ ઇબ્ન આધામને થયો. કહે છે કે ઇબ્રાહીમ પણ રાજાનો પુત્ર હતો. એકવાર શિકારે જતાં તેના કાને કોઈ અગમ્ય વાણી પડી: "અલ્યા તું રાજાનું જીવન જીવવાને આ સંસારમાં નથી આવ્યો." આ વાણી સાંભળતાં જ ઇબ્રાહીમ ઘોડા પરથી ઊતર્યો અને સંસારનો સદા માટે ત્યાગ કરી સાધુનું સંયમી ભક્તિમય જીવન ગાળવા લાગ્યો.

કહે છે કે એકવાર બારી બહાર નજર કરતાં મીઠાની સાથે ભાખરી ખાતા એક ગરીબ માણસ પર તેની નજર પડી. ઇબ્રાહીમને એક સવાલના જવાબમાં ભાખરી આરોગનારે પોતાના જીવન પ્રત્યે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો. આનો ઇબ્રાહીમ પર ભારે પ્રભાવ પડ્યો અને તે રાજપાટ અને સંસારનું જીવન છોડી ફકીરનું જીવન જીવવા નીકળી પડ્યા.

---

ઈસ્લામમાં મૂર્તિપૂજા નથી, પરંતુ સૂફી-સંતો લોકાદર અને ભક્તિભાવનું અવિચળ સ્થાન જમાવી શક્યા છે. મુસ્લિમ સમાજે સૂફીઓની ભક્તિભાવનાને માન્ય રાખી, જ્યારે બુદ્ધિવાદ અને નાસ્તિકતાને જાકારો આપ્યો. સૂફીઓએ અગમ્યવાદ, મઠવાદ, ચોક્કસ વિધિ ઉપરાંત, ભક્તિના પ્રતીક તરીકે માળાને ઈસ્લામમાં દાખલ કરી. મૂળ હિંદુભક્તોની આ માળા સૂફીઓ મારફતે પશ્ચિમમાં ગઈ ને રોમન કૅથલિક ખ્રિસ્તીઓએ તેને અપનાવી લીધી.

મધ્ય યુગમાં મુસ્લિમ રાજતંત્ર અને સમાજ ખ્રિસ્તી યુરોપની માફક ધર્મના વર્ચસ હેઠળ હતાં. યુરોપમાં રાજસત્તા અને ધર્મસત્તા — સમ્રાટ અને પોપ — વચ્ચે વર્ચસ મેળવવા જે સંઘર્ષો જાગ્યા તેવા સંઘર્ષોથી ઈસ્લામ બચી ગયો કેમ કે ઈસ્લામમાં રાજસત્તા અને ધર્મસત્તા — સુલતાન અને ખલીફ એવું બેવડું પદ ધરાવનાર—એક જ વ્યક્તિમાં કેન્દ્રિત બની હતી. આથી રાજસત્તાનો વિરોધ રાજદ્રોહ ઉપરાંત ધર્મદ્રોહ પણ ગણાતો.

ઈસ્લામના ખલીફે તો ધર્મની રક્ષા જ કરવાની હતી, પોપની માફક તે દુનિયા પર ઈશ્વરનો પ્રતિનિધિ ન હતો કે ન તો તેણે દુન્યવી સત્તા ધારણ કરનારનાં કૃત્યો માટે ઈશ્વરના દરબારમાં જવાબ આપવો પડતો. ઈશ્વરવતીનું સઘળું કામકાજ મહમ્મદે પૂરું કરી દીધું હતું. વળી, મહમ્મદે ધર્મના સિદ્ધાંતોનો ગ્રંથ (કુરાન) પણ સ્વર્ગમાંથી આણ્યો હોઈ તેમાં કોઈ સુધારા-વધારા કે નવા અર્થો કે નિરૂપણો કરવાપણું રહ્યું ન હતું. ધર્મના સિદ્ધાંતો પર વિવાદ જાગે ત્યારે પણ મહમ્મદે કુરાન ઉપરાંત 'સુન્નાહ' અને 'હાફિસ' દ્વારા પૂરતું માર્ગદર્શન આપ્યું હતું. આમ છતાં, જરૂર પડયે ખલીફ પગારદાર ફકીરો મારફતે ધર્મના અર્થો અને નિરૂપણો મેળવી શકતો. ખલીફનું પદ સંભાળનાર સુલતાને તો મહમ્મદે આપેલા ધર્મની રક્ષા જ કરવાની હતી.

અબ્બાસોના સમયમાં થોડો અને ક્ષણજીવી, ઉદાર અને સ્વતંત્ર મત જાગવા ઉપરાંત ઈસ્લામમાં લ્યૂથર જેવો કોઈ વિરોધી ઊભો થયો નહિ. જે કંઈ વિરોધ જાગ્યો તે ધર્મના કોઈ મૂળભૂત સિદ્ધાંત માટે નહિ, પણ ખલીફ તરીકે મહમ્મદનો વારસદાર કોણ બને તે માટે જાગ્યો; જેમાંથી શિયા ઉપરાંત, આગળ કહી ગયા તેવા ઘણા પંથો અને સંપ્રદાયો ઊભા થયા; લોહી રેડાયું પણ તેમાંથી કોઈ ક્રાંતિ થઈ નહિ. આ સૌ સંપ્રદાયો નજીવા મતભેદો સિવાય મહમ્મદે પ્રબોધેલા ધર્મના મૂળ સિદ્ધાંતો માન્ય કરતા હતા.

☆

ઈ. સ. ૧૯૨૨ તુર્કીમાં કમાલ આતા તુર્કે એ રાજ્યના સુલતાન અને ધર્મના ખલીફ તરીકેનું વડું પદ રદ કર્યું તેનાં પરિણામો આ પુસ્તકનો વિષય ન હોઈ તેની ચર્ચા અહીં અસ્થાને છે.

## દર્શનશાસ્ત્ર

દર્શનશાસ્ત્રમાં ઈસ્લામે ખ્રિસ્તી સીરિયામાંથી ગ્રીક ફિલસૂફીનો વારસો મેળવ્યો અને મુસ્લિમ સ્પેન દ્વારા ખ્રિસ્તી યુરોપને આ સાંસ્કૃતિક ઋણ ચૂકવી આપ્યું. મુતાઝિલાહોના (ઉમૈયા વંશના અંત સમયથી, બુદ્ધિવાદમાં અને અલ-કિંદી, અલ-ફરાબી, એવિસિન્ના અને એવેરોએસના દર્શનશાસ્ત્રના ઘડતરમાં અનેક વિચારપ્રવાહોની અસર પડી. ગઝની અને ઈરાન દ્વારા હિંદુ-બુદ્ધિવાદ આવ્યો અને જરથુસ્તી તથા યહૂદીની જીવન દૃષ્ટિ આવી. ઈશ્વરના દૈવી અંશ વિશેના વિવાદે પણ બુદ્ધિવાદના પ્રવાહને વેગ આપ્યો, પણ આ સૌમાં ગ્રીસના સાંસ્કૃતિક વારસાએ મુસ્લિમ જગતને ખળભળાવી મૂક્યું. ગ્રીક ગ્રંથોના અનુવાદ કરાયા. આ અનુવાદ શુદ્ધ કે સંપૂર્ણપણે મૂળ ગ્રંથોને અનુરૂપ ન હતા. તેમ છતાં, મુસ્લિમો માટે નવી દુનિયાનાં દ્વાર ખુલી ગયાં, ગ્રીક-તર્કશાસ્ત્ર મળ્યું અને પૂરતી નવરાશ હતી એટલે વિચારને જોઈતું ઈંધણ મળ્યું. પરિણામે, ત્રણ સદી ( ૮ થી ૧૦મી સદી ) સુધી મુસ્લિમ જગતમાં બુદ્ધિવાદ જાગ્યો.

કુરાન ઈશ્વરપ્રેરિત છે કે મર્ત્ય માનવીનું તે સર્જન છે તે વિચારમાંથી આ બુદ્ધિવાદ જાગ્યો. વિવિધ ધર્મો અને દર્શનોએ ઈશ્વર અને બ્રહ્માંડ વિશે કરેલી કલ્પનાઓની ઈસ્લામના વિચાર-પ્રવાહ પર અસર પડી ને કુરાન અનંત કાળથી સ્વર્ગમાં હતું; કાળની દૃષ્ટિએ મહમ્મદે તે પ્રગટ કર્યું તેને મુતાઝિલાહોએ પડકાર કર્યો. કુરાનની પવિત્રતાનો તેમણે સ્વીકાર કર્યો. તેની તથા હાફિસની વાત બુદ્ધિથી સમજાય નહિ ત્યારે રૂપક ગણી તેનું યોગ્ય નિરૂપણ કરવું તેમ કહી તેમણે બુદ્ધિ અને શ્રદ્ધાનો સમન્વય કર્યો. કુરાનમાંથી અલ્લાહના હાથ-પગના ઉલ્લેખોનો શબ્દશઃ અર્થ ન કરતાં તેને સાધારણ જનસમાજને નૈતિક માર્ગે દોરવાનો એક ઈરાદો ગણવાનું તેમણે કહ્યું. નિમિત્તિવાદનો તેમણે ઈનકાર કર્યો. નાના નાના સમૂહોની ચર્ચાથી શરૂ થયેલો બુદ્ધિવાદ ખલીફોની ચર્ચા-સભાઓ, વિદ્યાલયો અને મસ્જિદોની ખુલ્લી વાતો સુધી પહોંચ્યો. આના ટેકામાં મામુન(૮૧૩–૮૩૩)નાં ફરમાનોનો આપણે ઉલ્લેખ કર્યો છે. અલ-કિંદી, અલ-ફરાબી, એવિસિન્ના (ઈબ્ન-સિન્ના) અને એવેરોએસ ઈત્યાદિ અરબ ફિલસૂફી અને બુદ્ધિવાદના પ્રખર અગ્રણીઓ હતા.

બુદ્ધિવાદનો પ્રથમ પ્રખર પુરસ્કર્તા (ઈ. સ. ૮૦૩માં જન્મેલો) અલ-કિંદી હતો. મામુન અને મુતસ્સિમના દરબારમાં તેમણે ભાષાંતરકાર, વિજ્ઞાનવેત્તા અને દાર્શનિક તરીકેનાં કર્તવ્યો બજાવ્યાં. તેણે અનેક શાસ્ત્રો અને વિજ્ઞાનની અનેક શાખાઓનો અભ્યાસ કર્યો અને દર્શનશાસ્ત્ર, ગણિત, ભૂમિતિ, ખગોળવિદ્યા, ઉલ્કાશાસ્ત્ર, ભૂગોળ, ભૌતિક વિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, સંગીત, આયુર્વિજ્ઞાન, નેત્રવિદ્યા, રસાયણશાસ્ત્ર, પ્રાચીન કીમિયાવિદ્યા ( આલ્કેમી ) ઈત્યાદિ ઉપર અભ્યાસપૂર્ણ ૨૬૫ ગ્રંથો લખ્યા. ભરતી-ઓટ, પ્રકાશ વિશે તેણે અન્વેષણ કર્યું. અલ-કિંદીનો રોજર બેકન પર ભારે પ્રભાવ પડયો. ૮૭૩માં તે મૃત્યુ પામ્યો.

અલ-કિંદી પછી અલ-ફરાબી (૭૮૦–૯૫૦) પર ગ્રીકદર્શનનો ભારે પ્રભાવ હતો. તે તુર્ક વંશનો હતો. સૈફલદૌલા અલ-હમ-દાનીના દરબારમાં સૂફી તરીકે તે રહ્યો. તેણે પ્લેટો અને ઍરિસ્ટૉટલના ગ્રંથો પર સમાલોચના કરતાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં, જેમાં પ્લેટો, ઍરિસ્ટૉટલ અને સૂફીવાદના વિચારોનો સમન્વય જોવા મળે છે. ઉપરાંત તેણે મનોવિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર અને અધ્યાત્મ વિદ્યા પર પુસ્તકો લખ્યાં. ફરાબી

સંગીતજ્ઞ પણ હતો. સંગીતશાસ્ત્ર પર પણ તેણે ગ્રંથો લખ્યા છે. અલ-ફરાબી પછી સંગીતશાસ્ત્ર પર એવિસિન્નાએ પુસ્તકો લખ્યાં છે. ઍરિસ્ટૉટલનું 'મેટાફિઝિક્સ' તે ૪૦ વાર વાંચી ગયો પણ તેમાં તેની ચાંચ ન ડૂબી, પરંતુ અલ-ફરાબીની તેના પરની ટીકા વાંચી ત્યારે તેને આ મહાન ગ્રંથ સમજાયો. એવિસિન્નાએ લોકોની શ્રદ્ધા અને દર્શનશાસ્ત્રના બુદ્ધિવાદનો સમન્વય સાધ્યો.

અલ-ફરાબીના એક અનુયાયીએ દર્શનશાસ્ત્રના સવાલોની ચર્ચા-વિચારણા માટે બગદાદમાં વિદ્વાનોના મંડળની સ્થાપના કરી. ઈ. સ. ૯૮૩માં બસરામાં વિજ્ઞાનીઓ અને દાર્શનિકોના ઈખવાન અલ-સફા નામના મંડળની સ્થાપના થઈ. ગ્રીકદર્શન, ખ્રિસ્તી નીતિશાસ્ત્ર, સૂફી અગમ્યવાદ, શિયા રાજકારણ અને મુસ્લિમ ધાર્મિક-કાનૂનના સુભગ સંયોગમાંથી પુનર્જાગૃતિ (રીનેસાંસ) શક્ય બનશે તેમ આ સમાજને લાગ્યું. સીરિયાનો કવિ-દાર્શનિક અલ-મારી બગદાદ જતો ત્યારે આ મંડળની ચર્ચામાં ભાગ લેતો.

સ્પેનના મુસ્લિમ દર્શનશાસ્ત્રનું પ્રદાન ખૂબ જ મહત્ત્વનું છે. સોલોન બેન-ગેબિરોલ (૧૦૨૧-૫૮) નામનો યહૂદી 'પ્લેટો' તરીકે ખ્યાતિ પામ્યો. તેણે પશ્ચિમને 'નવ્ય પ્લેટોવાદ' આપ્યો. તેના 'યન્બુ અલ હમાહ' (જીવનનો ફુવારો) નામના પુસ્તકનો 'ફોન્ટા વિટા' શીર્ષક હેઠળ લૅટિનમાં અનુવાદ થયો. સ્પેનમાં બારમી સદી દર્શનશાસ્ત્રમાં ખૂબ જ મહત્ત્વની બની. આ સદીના પ્રારંભમાં થઈ ગયેલા ઈબ્ન-બાજાહે (મૃ. ૧૧૩૦) 'તદબિર અલ-મુત્તવ હિદ' નામના તેના પુસ્તકમાં પ્રતિપાદન કર્યું કે દર્શનશાસ્ત્રનો હેતુ ઈશ્વરની સાથે માનવબુદ્ધિની એકાત્મતા સાધવાનો છે. તે દાર્શનિક હોવા ઉપરાંત વિજ્ઞાની, તબીબ, સંગીતજ્ઞ અને ઍરિસ્ટૉટલનો ભાષ્યકાર હતો.

સ્પેનના દાર્શનિકોમાં અગ્રસ્થાન તો એવેરોએસના નામે વિખ્યાત બનેલા અબુઅલ-વાલિદ મહમ્મદ ઈબ્નઅહમદ ઈબ્ન-રશદ(૧૧૨૬-૯૮)ને મળે છે. તે કાયદાશાસ્ત્ર અને આયુર્વિજ્ઞાનમાં પ્રવીણ હતો. તેને કોર્ડોવાના ન્યાયમૂર્તિનું પદ ભોગવનાર પિતા તરફથી તે સમયે શક્ય હોય તેવી સઘળી વિદ્યાનું શિક્ષણ મળ્યું. તેને પણ ન્યાયમૂર્તિનું પદ મળ્યું. ઈ. સ. ૧૧૮૨માં બાજાહની ભલામણથી તે અબુ યાકુબ યુસુફનો રાજવૈદ્ય બન્યો. તેના નાસ્તિક વિચારોના કારણે યુસુફના દીકરા અલ-મનસૂરે ઈ. સ. ૧૧૯૪માં તેને દેશનિકાલ કર્યો. પાછળથી તેને ક્ષમા આપી પાછો બોલાવ્યો. પરંતુ ૧૧૯૮માં તે અવસાન પામ્યો.

એવેરોએસ તે સમયનો મોટામાં મોટો તબીબ હતો. તેણે વિશ્વકોશ જેવું વૈદકશાસ્ત્ર પર પુસ્તક લખ્યું. તેણે ઈસ્લામના ધર્મસિદ્ધાંતોનો બચાવ કરતા અલ-ગઝલીના 'તહાફુત અલ-ફલાસિફાહ' નામના ગ્રંથના જવાબમાં 'તહાફુત અલ-તહાફુત' નામનો ગ્રંથ લખ્યો. આ ગ્રંથે તેને એક તરફ વિખ્યાતી આપી, અને બીજી તરફ મુસ્લિમ સમાજમાં વિરોધનો વંટોળ ઊભો કર્યો. તેણે ઍરિસ્ટૉટલના ગ્રંથોનાં ભાષ્યો લખ્યાં. તે ગ્રીક જાણતો ન હતો. આથી તેને સીરિયક (સીરિયાની ભાષા) ભાષામાં ભાષાંતરિત થયેલા ગ્રીક ગ્રંથોના અરબી અનુવાદ પર આધાર રાખવો પડતો. આમ છતાં, તેણે ખંત અને વિદ્વત્તાથી પોતાનું કાર્ય કર્યું અને એવિસિન્નાની કક્ષાનો તે દાર્શનિક બન્યો. તેના મોટા ભાગના ગ્રંથો હિબ્રૂ અનુવાદરૂપે અને હિબ્રૂના લૅટિન અનુવાદરૂપે જળવાયા છે. તેણે પ્રમાણશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન, માનસશાસ્ત્ર, અધ્યાત્મ વિદ્યા, ધર્મશાસ્ત્ર, કાયદો, ખગોળ વિદ્યા અને વ્યાકરણ પર અનેક ગ્રંથો લખ્યા છે. તે માનતો કે કુરાન, બાઈબલ અને એવા ગ્રંથોના સિદ્ધાંતોનો દાર્શનિકો ભલે અક્ષરશઃ સ્વીકાર ન કરે. પરંતુ આર્થિક વિટંબણામાં વીંટળાયેલા સામાન્ય લોકોમાં તંદુરસ્ત પવિત્રતા અને નીતિમત્તા કેળવવા ધર્મગ્રંથોની જરૂર છે. આથી પાકટ સમજવાળા દાર્શનિકે સ્થાપિત ધર્મ સામે હરફ સુધ્ધાં ઉચ્ચારવો ન જોઈએ. જોકે દાર્શનિકને સત્યની ખોજ કરવાની પૂરી સ્વતંત્રતા મળવી જોઈએ; તે તેની ચર્ચા સમજુ શિક્ષિતો સાથે કરે; સામાન્ય લોકોમાં તેનો પ્રચાર ન કરે. ધર્મના સિદ્ધાંતોને રૂપક સમજી તેનું નિરૂપણ કરવામાં આવે તો વિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર વચ્ચે સુમેળ સાધી શકાય.

એવેરોએસ જેવા દાર્શનિકોએ મુસ્લિમ દર્શનનો ઍરિસ્ટૉટલની સાથે મેળ બેસાડવાનો પ્રયત્ન કર્યો. તેની અસર મુસ્લિમો કરતાં ખ્રિસ્તીઓ પર વિશેષ પડી. મુસ્લિમ દાર્શનિકોમાં તે છેલ્લો અને સૌથી મહાન



એવરોએસ

વિશ્વ અનંત છે. આકાશનું અસ્તિત્વ ક્યારેય શરૂ થયું ન હતું ને તેનો અંત પણ આવનાર નથી. ઈશ્વરની ધારણ શક્તિ દ્વારા જ જગત તેનું અસ્તિત્વ ધરાવે છે. અને તેની દૈવી ધારણ શક્તિ દ્વારા ઈશ્વર સતત સર્જન કરે છે. આ અર્થમાં ઈશ્વર જગતનો કર્તા છે. ઈશ્વર જ વિશ્વની વ્યવસ્થાશક્તિ અને મન છે.

—એવેરોએસ (૧૧૨૬–૧૧૯૮)

*

ગીતાના ૯મા અધ્યાયનો ૧૦મો શ્લોક સરખાવવો ઉચિત થશે.

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે: "હે કુંતી પુત્ર ! મારી અધ્યક્ષતાને લીધે પ્રકૃતિ જડ અને ચેતન સહિત જગતને ઉત્પન્ન કરે છે. આ કારણથી જગતનું ચક્ર ફર્યા કરે છે."

—એવેરોએસ માનવબુદ્ધિના જડબુદ્ધિ અને ચેતનબુદ્ધિ એવા બે ભાગ ગણાવે છે. ચેતનબુદ્ધિ જડબુદ્ધિને જાગ્રત કરી વિચારશીલ બનાવે છે. ગીતાની 'પરા' અને 'અપરા' પ્રકૃતિ સાથે એની તુલના કરી શકાય.

એવેરોએસના કહેવા પ્રમાણે ચેતનબુદ્ધિ સૌમાં રહેલી છે અને તે જ શાશ્વત છે. જડ અને ચેતન બુદ્ધિનો સમન્વય થતાં માણસ ઈશ્વરની સમીપ પહોંચે છે. બુદ્ધિના સાધન વડે સત્યને સમજવામાં આવે તો પરિણામે ઈશ્વરની સાથે તાદાત્મ્ય સાંધી શકાય છે.

દાર્શનિક થઈ ગયો–પશ્ચિમના વિચારકો માટે ઍરિસ્ટૉટલ ગુરુ હતો તો એવેરોએસ તેનો ભાષ્યકાર હતો. તેના વિચારોએ યુરોપમાં ભારે ખળભળાટ મચાવી મૂક્યો. બારમી સદીના અંત ભાગથી સોળમી સદીમાં ધર્મસુધારણાનો યુગ શરૂ થયો ત્યાં સુધી 'એવેરોએસવાદ' યુરોપમાં પ્રધાન વિચારબળ બની રહ્યો.

સમકાલીનોએ એવેરોએસ પર દમન ગુજાર્યું. ઈ. સ. ૧૧૯૦માં બગદાદના ખલીફ મુસ્તન જિદે તેના સઘળા ગ્રંથો બાળી મૂકવાનું ફરમાન કર્યું. ઈ. સ. ૧૧૯૪માં અલ-મનસૂરે પ્રાકૃતિક વિજ્ઞાન સિવાયનાં એવેરોએસનાં સઘળાં પુસ્તકો બાળી દેવાનો હુકમ કર્યો. તેણે પ્રજાજનોને દર્શનશાસ્ત્ર ભણવા પર પ્રતિબંધ મૂક્યો અને હાથ આવે તેવાં દર્શનશાસ્ત્રનાં સઘળાં પુસ્તકોને આગ ચાંપવાનો હુકમ કર્યો. ઇબ્ન હબીબને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે મારી નાખવામાં આવ્યો. ઈ. સ. ૧૨૦૦ બાદ ઇસ્લામે સ્વતંત્ર વિચારનાં દ્વાર બંધ કર્યાં. સ્પેનમાં મુસ્લિમોની રાજસત્તા સંકોચાવા લાગી. સ્પેનમાં ખ્રિસ્તીઓએ એક પછી એક શહેરોને મુસ્લિમોના વર્ચસ હેઠળથી મુક્ત કર્યાં. ૧૨૫૮માં હુલાગુએ બગદાદનો નાશ કર્યો. પશ્ચિમમાં જ્યારે બુદ્ધિવાદનો અરુણોદય થયો ત્યારે ઇસ્લામે મધ્યાહ્ન વટાવી સંધ્યા તરફ ગતિ કરી બુદ્ધિવાદનો ત્યાગ કર્યો અને બુદ્ધિવાદનો અસ્ત થયો.

એવરોએસ બાદ દાર્શનિક તરીકે તેના સમકાલીન કોર્ડોવાના યહૂદી અબુ–ઇમરાન મુસા ઇબ્ન મયમુન (ઈ. સ. ૧૧૩૫–૧૨૦૪) હતો. મયમુનને અરબી યુગનો મોટામાં મોટો યહૂદી દાર્શનિક તરીકે ગણવામાં આવે છે. યહૂદી વિરોધી દમનના કારણે મયમુન કેરો (ઇજિપ્ત) ગયો જ્યાં તે સલાઉદ્દીનનો રાજવૈદ્ય બન્યો. તેની ઇચ્છા પ્રમાણે યહૂદી પયગમ્બર મુસા જે માર્ગે ગયો તે માર્ગે તેના શબને લઈ જવા ટિબેરિયસમાં દફનાવવામાં આવ્યું. તે ખગોળવેત્તા, ધર્મશાસ્ત્રજ્ઞ, તબીબ અને સૌ કરતાં વિશેષ એક દાર્શનિક હતો.

આરબોએ આરબો તરીકે જે બૌદ્ધિક વ્યાપાર કર્યો તેમાં તેમણે ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રને વિકસાવ્યાં. આ શાસ્ત્રોના રચયિતાઓ મોટા ભાગના આરબો આરબ વંશના હતા. જ્યારે તબીબો, ખગોળવેત્તાઓ, ગણિતજ્ઞો, રસાયણશાસ્ત્રીઓ ઇત્યાદિ સીરિયનો, યહૂદીઓ અને ઈરાનીઓ હતા. ધર્મના અનુરાગથી પ્રેરાઈ આરબોએ ધર્મશાસ્ત્ર વિકસાવ્યું અને કુરાનની શુદ્ધતા જળવાય તે માટે તેમણે ભાષાશાસ્ત્ર ખીલવ્યું.



**ખાંસીની દવા બનાવતો વૈદ્ય**

ઔષધવિજ્ઞાનના પ્રાચીન ગ્રીક ગ્રંથ પરથી ૧૩મી સદીમાં અરબીમાં થયેલા ભાષાન્તરનું એક પાનું–ખાંસીની દવા (કફનિશરપ) બનાવતો એક વૈદ્ય

# ૨ : રાજ્યવહીવટ

બીજા ખલીફ઼ ઉમરે (૬૩૪–૪૨) ઈસ્લામના સિદ્ધાંત પર આધારિત રાજ્યની સ્થાપના કરી. તે પ્રમાણમાં ઉદાર હતો કેમ કે આરબોના વિસ્તારના પ્રારંભમાં ધર્મની સત્તા કરતાં રાજકીય સત્તાનો વિસ્તાર કરવાની જરૂર વિશેષ હતી. પરાજિત પ્રજા સમક્ષ ઈસ્લામનો તલવારનો વિકલ્પ મૂકવા કરતાં વિશેષત: જજિયા વેરાનો વિકલ્પ મૂકવામાં આવતો. ગમે તેમ પણ મુસ્લિમ હકૂમત હેઠળ બિનમુસ્લિમો ગૌણ નાગરિકોનો દરજ્જો ધરાવતા. રાજ્યને કર આપી તેઓ રક્ષણ મેળવતા પરંતુ વહીવટ કે લશ્કરની સેવામાં દાખલ થઈ શકતા નહીં. ઉમરે બિન-આરબોને નાગરિક હક આપ્યા નહીં. બિન-આરબ પરાજિત પ્રજા ઈસ્લામનો અંગીકાર કરે તેમ છતાં આરબ મુસ્લિમ આગળ તેનો દરજ્જો ગૌણ રહેતો. આરબો અરબસ્તાનની બહાર મુલકો જીતે તોપણ પરદેશોમાં તેમની શુદ્ધિ જળવાઈ રહે અને તેમનું વિશિષ્ટ નાગરિકત્વ કાયમ રહે તે માટે નિયમ કરવામાં આવ્યો — આરબો પરદેશોમાં જમીન ધારણ ન કરે કે ખેતી પણ ન કરે. શરૂઆતમાં જિતાયેલી પ્રજાની સાથે તેઓ રહેતા નહીં. નગરની બહાર તેઓ છાવણી નાખીને રહેતા. પાછળથી આ છાવણીઓ કાયમ થતાં નગરો બન્યાં. ઈજિપ્તનું 'કેરો' નગર આવું છાવણીમાંથી બનેલું નગર છે.

જિતાયેલા પ્રદેશોમાં બિન-મુસ્લિમો 'ધિમ્મી' તરીકે ઓળખાવા લાગ્યા. તેમને રક્ષણ મળતું પણ લશ્કરમાં તેઓ જોડાઈ શકતા નહીં. મુસ્લિમો તરફથી મળતા રક્ષણના બદલામાં તેમણે ભારે કર આપવો પડતો : તેમનો વ્યવહાર, તેમના ધાર્મિક કાનૂન દ્વારા ચલાવવાની છૂટ હતી. મુસ્લિમ રાજ્યમાં વસ્તીનો મોટો ભાગ ખેડૂત હતો અને રાજ્યની આવકમાં તેમનો હિસ્સો પ્રધાન હોવા છતાં તે બિન-મુસ્લિમો હોઈ તેમનો દરજ્જો નીચો રહેતો. વહીવટમાં પણ તેમને સ્થાન મળતું નહીં. આમ છતાં, સ્પેનમાં ખાસ કરીને યહૂદીઓ વજીર તરીકેના અને નાણાખાતામાં ઊંચા હોદ્દા મેળવી શક્યા હતા.

ઉમૈયા ખલીફ઼ ઉમર બીજા(ઈ. સ. ૭૧૭–૨૦)એ ફ઼રમાન કર્યું કે બિનમુસ્લિમો પાઘડી પહેરી ન શકે, એટલું જ નહીં પણ મુસ્લિમો જુદા દેખાઈ આવે તેવો તેમનો ચોક્કસ પ્રકારનો જ પોશાક અને પટ્ટો પહેરવો, વાળ કપાવવા, ઘોડા કે ગધેડા પર જીન વિના સવારી કરવી. ધર્મસ્થાનો બાંધવાં નહીં અને પ્રાર્થના મોટા અવાજે કરવી નહીં. વળી, મુસ્લિમે બિન-મુસ્લિમનું ખૂન કર્યું હોય તો તેને નામની જ સજા થતી. અદાલતોમાં મુસ્લિમો સામે બિનમુસ્લિમોની જુબાની માન્ય રાખવામાં આવતી નહીં.

અબ્બાસી ખલીફ઼ અલ-મુતવિક્કલે (ઈ. સ. ૮૪૭–૬૧) ફ઼રમાવ્યું કે ખ્રિસ્તી અને યહૂદીઓએ તેમના ઘરના બારસાખ પર લાકડાની બનાવેલી શેતાનની પૂતળીઓ મૂકવી, તેમની કબરો જમીનની સાથે એકસરખી બનાવવી, બહારનો પોશાક પીળા રંગનો પહેરવો, તેમના ગુલામોના પોશાકના આગલા અને પાછલા ભાગ પર પીળા રંગના પટા લગાવવા, ખચ્ચર અને ગધેડા પર અને તેય લાકડાના જીન પર જ, બેસીને સવારી કરવી અને તેના પર ઘંટડીઓ રાખવી.

ફ઼ાતિમી ખલીફ઼ અબુ-અલીમનસૂર અલ-હકીમે (ઈ. સ. ૯૯૬–૧૦૨૧) સંખ્યાબંધ ખ્રિસ્તી દેવળોનો નાશ કર્યો. ચર્ચ ઑફ઼ હોલી સેપલ્કરનો તેણે નાશ કર્યો તેમાંથી બે સૈકાં સુધી ધર્મયુદ્ધો ચાલ્યાં. તેણે એક ફ઼રમાન કાઢી ખ્રિસ્તીઓ અને યહૂદીઓને કાળા ડગલા પહેરવાનો, ગધેડા પર જ સવારી કરવાનો, જાહેર સ્નાનાગારોમાં નાહતી વખતે ખ્રિસ્તીઓને ક્રૂસ અને યહૂદીઓને ઘંટડીઓવાળી એક પ્રકારની ધૂંસરી પહેર-વાનો હુકમ કર્યો.

પરાજિત પ્રજા પાસેથી ઉઘરાવવામાં આવતા જજિયા અને ખરજ વેરાઓ વચ્ચે શરૂઆતમાં કોઈ ભેદ રહેતો નહીં. જમીનવેરો હપતામાં અને જમીન અને ઢોરની પેદાશ દ્વારા ભરવો પડતો, પરંતુ જજિયાવેરો એકસામટો જ આપવો પડતો. આ બે વેરા ઉપરાંત પરાધીન પ્રજાઓએ મુસ્લિમ સૈનિકોના નિભાવ માટે બીજા લાગા પણ આપવા પડતા. પરંતુ આ સઘળા વેરા આપવાની જવાબદારીમાંથી સ્ત્રીઓ, બાળકો, ભિખારીઓ, ફકીરો, વૃદ્ધો, દીવાનાઓ અને અસાધ્ય રોગના બીમારોને અપવાદ મળતો.

લડાઈની લૂંટ – જંગમ મિલકત તથા કેદીઓ પર સૈનિકોનો હક રહેતો. પરંતુ જિતાયેલી જમીન પર તેમને કોઈ હક મળતો નહીં. આના પર સમસ્ત મુસ્લિમ કોમનો અધિકાર રહેતો. આવી જમીનો 'ફૈ' કે 'વકફ' જમીનો કહેવાતી. ઈસ્લામનો અંગીકાર કરનાર આ કરવેરામાંથી મુક્તિ મેળવતા, પરંતુ તે મુસ્લિમ કોમ હેઠળની 'ફૈ' જમીનનો ખેડૂત હોય તો મુસ્લિમ બનવા છતાં તે ખેડૂતે તેનું મહેસૂલ આપવું પડતું. તે જજિયાવેરામાંથી મુક્તિ મેળવતો. પરંતુ મુસ્લિમોએ ગરીબો અને ધર્મસ્થાનો માટે આપવો પડતો 'જકાત' નામનો વેરો તેણે આપવો પડતો. સઘળા કરવેરામાંથી વહીવટી અને લશ્કરી ખર્ચ બાદ કરતાં જે રકમ રાજ-કોષમાં શેષ રહેતી તે પ્રજામાં પેન્શનના સ્વરૂપમાં વહેંચાતી. 'ફૈ' – જમીનના મુસ્લિમ બનેલા ખેડૂતોને આ પેન્શનમાં હિસ્સો મળતો. સૌથી વધારે પેન્શન પયગમ્બરના કુટુંબીઓને મળતું અને સૌથી ઓછું અરબસ્તાનની ટોળીઓના લોકોને મળતું. પેન્શનની ગણતરી માટે વસ્તીગણતરી કરવામાં આવતી.

દરજ્જાક્રમમાં પ્રથમ આરબ મુસ્લિમો અને ત્યાર પછી અનુક્રમે બિન-આરબ મુસ્લિમો અને બિન-મુસ્લિમો. સમસ્ત મુસ્લિમ કોમ લશ્કરનો દરજ્જો ધરાવતી. મદીનામાં ખલીફ તેનો સર-સેનાપતિ ગણાતો, જ્યારે પ્રાંતોમાં લશ્કરનો વડો કે ખલીફે નીમેલો અમલદાર સેનાપતિ બનતો. ખલીફ, પ્રાંતોના લશ્કરના સેના-પતિઓ અને પ્રાંતોના ગવર્નરો નમાજના આગેવાનો ગણાતા. લશ્કરની રચના બાઈઝેનટાઈન અને ઈરાનની લશ્કરી રચના મુજબની રહેતી.

ઈસ્લામ હેઠળના પ્રદેશોમાં સમસ્ત પ્રજાના મુખ્ય ચાર સામાજિક વર્ગો પડતા : (૧) ખલીફ, તેનું કુટુંબ અને મુસ્લિમ રાજકર્તા વર્ગ; (૨) પરિસ્થિતિના કારણે કે ફરજિયાત રીતે મુસ્લિમ બનનાર. આ વર્ગ નીચલી કક્ષાનો હોવા છતાં તેના સભ્યો બુદ્ધિ-શક્તિમાં આરબો કરતાં ચડિયાતા હોઈ વહીવટી તંત્ર અને લશ્કરોમાં સ્થાન મેળવવા આરબોની હરીફાઈ કરતા. કાળક્રમે આરબ સ્ત્રીઓ સાથે પરણી તેઓ ઊંચે આવવા લાગ્યા; (૩) ખ્રિસ્તીઓ, યહૂદીઓ જેવા બિનમુસ્લિમો – જે 'ધિમ્મી' કહેવાતા તેમને મુસ્લિમો તરફથી મળતા રક્ષણના બદલામાં મહેસૂલ અને મૂંડકાવેરાનો બોજ ઉઠાવવો પડતો; (૪) સૌથી છેલ્લા અને નીચલા વર્ગમાં ગુલામોનો સમાવેશ થતો. મુસ્લિમ ધાર્મિક કાનૂન અનુસાર તેને ગુલામ બનાવી ન શકાય. પણ યુદ્ધમાં કેદ પકડાયેલાં સ્ત્રી-બાળકો સમેત અન્ય કેદીઓ મુક્તિનો દંડ ચૂકવી દે ત્યારે તેમને ગુલામ ગણવામાં આવતા. ધાડ પાડીને કે ખરીદી કરીને પણ ગુલામ મેળવાતા. આ રીતે હબસીઓ, મોંગોલો, તુર્કો, ચીનીઓ અને યુરોપિયનોને ગુલામ બનાવવામાં આવતા. ગુલામ સ્ત્રીને ગુલામ પુરુષ કે તેના માલિક સિવાયના અન્ય પુરુષ કે માલિકથી સંતાન ન થયું હોય તો તે પણ ગુલામ કહેવાતું. સ્વતંત્ર સ્ત્રીનું ગુલામ દ્વારા થયેલું સંતાન મુક્ત નાગરિક ગણાતું. માલિક અને ગુલામ ઉપ-પત્ની વચ્ચેનો સંબંધ મંજૂર રહેતો અને તેમનાં સંતાનો માલિકનાં ગણાતાં. આવાં સંતાનોની માતાને વેચી શકાતી નહીં. તેમનો દરજ્જો માલિકનાં સંતાનોની માતા તરીકેનો ગણાતો અને માલિકના અવસાન બાદ તે સ્વતંત્ર સ્ત્રી બનતી. માલિક બિનવારસ મરે તો તે પ્રસંગે મુક્તિ મેળવનાર ગુલામ તેની જાગીર અને માલમિલકતનો વારસ બનતો.

જેમ જેમ વધારે વિશાળ પ્રદેશો અને સંસ્કારી સમાજો પર મુસ્લિમો વિજય મેળવતા ગયા, આંતર-લગ્નો, ઉપ-પત્નીઓ અને ગુલામો સાથેના વ્યવહારમાં ગૂંથાવા લાગ્યા, તેમ તેમ મુસ્લિમ સમાજમાં મોટા ફેરફાર થવા લાગ્યા; અને શુદ્ધ અરબતત્ત્વ જેમ જેમ ઓસરવા લાગ્યું તેમ તેમ બિન-આરબો, વર્ણસંકર અને સ્વતંત્ર બનેલી ગુલામ માતાનાં સંતાનો આરબોનું સ્થાન લેવા લાગ્યા.

ઈસ્લામે બ્રહ્મચર્યનો આદર્શ સ્વીકાર્યો નથી. સ્ત્રીનું પ્રાથમિક કર્તવ્ય પતિસેવા, પરિવારનો ઉછેર અને સંસારના સંચાલનમાં સમાપ્ત થતું. આમાંથી ફુરસદ મળતાં કાંતવા-ગૂંથવા-વણવાનું ઈત્યાદિ ઘર-ઉદ્યોગનું કામ તે કરતી. શરૂઆતમાં તે પ્રમાણમાં સ્વતંત્ર હતી, પરંતુ તુર્કોના હાથમાં રાજસત્તા આવતાં તેના પર અંકુશો આવવા લાગ્યા; સમાજમાં સ્ત્રી-પુરુષોનાં ખુલ્લાં મિલનો અશક્ય બન્યાં; અને સ્ત્રી જનાનખાના અને પડદા પાછળ ધકેલાઈ. શરૂઆતના સમયમાં ખલીફોની પત્નીઓ પતિના કાર્યમાં સામેલ બનતી, પોતાના પ્રભુત્વની અસર પાડતી કુમારિકાઓ સૈન્યોની આગેવાની લેતી, પુરુષોની સાથે બૌદ્ધિક ચર્ચાઓમાં ઊતરતી. બુદ્ધિ-ચાતુર્ય, મધુર કંઠ કે વક્તૃત્વ કલાથી ગૌરવભર્યું સ્થાન પામતી. પણ પાછળથી આવેલાં મોટાં મોટાં જનાન-ખાનાં, ઉપ-પત્નીઓના કાફલા, વ્યંઢળોની સરદારી અને વધારે પડતા મોજશોખ અને વિલાસના પરિણામે રાજ્ય નબળું પડયું; એટલું જ નહીં પરંતુ સ્ત્રીનો સામાજિક દરજ્જો કથળ્યો. તે પુરુષોના વિલાસનું અથવા કાવતરાં, જાસૂસી અને રાજખટપટનું સાધન બની.

ખલીફ મુક્તદિરના મહેલમાં ગ્રીસ અને સુદાનના ૧૧ હજાર વ્યંઢળો હતા. મુતવક્કિલને ૪ હજાર ઉપ-પત્નીઓ હતી. પ્રાંતોના ગવર્નરો અને સેનાપતિઓ તરફથી ખલીફોને મળતી ભેટ-સોગાદોમાં જુવાન છોકરીઓનો સમાવેશ થતો.

ઈસ્લામમાં દારૂનિષેધ હોવા છતાં ખુદ ખલીફો, વજીરો, રાજવીઓ અને ન્યાયાધીશોની મૂક સંમતિને કારણે ઠીક ઠીક છૂટ રહેતી.

શરૂઆતના ઈરાન, ઈરાક (મેસોપોટેમિયા), સીરિયા અને ઇજિપ્તના વિજયો ઈસ્લામીકરણ કરતાં અરબી-કરણ માટેના હતા. પરંતુ અબ્બાસોમાં સત્તા સ્થિર થતાં પ્રાદેશિક વિસ્તારમાં ધાર્મિક વિસ્તારના હેતુઓ ભળ્યા. ઉમૈયા હેઠળ સીરિયા ખ્રિસ્તી રહેવા પામ્યું હતું, પરંતુ અબ્બાસો હેઠળ વ્યક્તિગત અને સામૂહિક રીતે ફરજિયાત ધર્મપરિવર્તનોનો પ્રારંભ થયો. આ પહેલાં જજિયાના મુંડકાવેરામાંથી મુક્તિ મેળવવા, મુસ્લિમ નાગરિકના લાભ મેળવવા, સામાજિક અને રાજકીય દરજ્જો મેળવવા, સ્વાતંત્ર્ય અને સલામતી માટે ઘણા બિનમુસ્લિમોએ સ્વેચ્છાએ ઈસ્લામનો અંગીકાર કર્યો હતો. ઈરાન મુસ્લિમ અમલ હેઠળ આવ્યા પછી ત્રણ સદીઓ સુધી મોટા ભાગે બિનમુસ્લિમ રહ્યું હતું. ઝનૂની તુર્કો, તાર્તરો અને મોંગોલ વંશના નવા મુલ્લા જેવા ઝનૂની રાજકર્તાઓએ બિનમુસ્લિમોને વધુ ને વધુ ગેરલાયક ઠરાવ્યા, એટલું જ નહીં પરંતુ તેમના પર જુલમો વધ્યા. સ્પેનમાં સ્વેચ્છાએ શહીદી વહોરનારાની હકીકત પાછળ બિનમુસ્લિમો પ્રત્યે મુસ્લિમ રાજકર્તા વર્ગ તરફના જુલમો કારણભૂત હતા.

એકંદરે, જ્યાં જ્યાં ઈસ્લામ ગયો ત્યાં ત્યાં બિનમુસ્લિમો ધીમે ધીમે કરતાં સાફ થઈ ગયા અને આજે સાત સાત સદીઓ વીતી ગઈ છે તેમ છતાં આ પ્રદેશોમાં બિનમુસ્લિમોની સંખ્યા નગણ્ય છે. ક્રુઝેડ્સ પછી તો બિનમુસ્લિમો પ્રત્યેની નીતિ વધારે કડક અને જુલમી બની.

મુસ્લિમોએ અપનાવેલી નીતિના પ્રત્યાઘાતમાં સ્પેનમાં, ખ્રિસ્તી અમલની પુનઃસ્થાપના થતાં, તેમની સામે વળતી મુસ્લિમ વિરોધી દમનનીતિ અખત્યાર થઈ.



ઇજિપ્તના શેખ

નમાજ પઢતા મુસલમાન



મધ્ય યુગમાં મુસ્લિમોએ બિનમુસ્લિમો પર આચરેલા જુલમોની તે જ સમયના બાઇઝેનટાઇન, મેરોવિન્જિયન, કેરોવિન્જિયન અને નોર્મન ખ્રિસ્તી વિજેતાઓએ પરાજિત પ્રજાઓ પ્રત્યે—અરે, પોતાનો જ ધર્મ પાળવા છતાં જુદો મત ધરાવનારાઓ પ્રત્યે—ખ્રિસ્તી રાજકર્તાઓએ આચરેલા જુલમોની તુલના કરવાની જરૂર છે. મધ્ય યુગ અજ્ઞાન, વહેમ ધર્માંધતા, ઝનૂન, ભૂત-પ્રેત, નાસ્તિકતા, આર્થિક, રાજકીય અને સામાજિક અસ્થિરતા અને અસલામતીનો, ભટકતી અને ભૂખી જંગલી ટોળીઓના વિશાળ પાયા પરનાં આક્રમણોનો, જુદી ધાર્મિક માન્યતા માટે માણસોને જીવતા સળગાવી મૂકવાનો, પરાજિત પ્રજાઓનો લાખોની સંખ્યામાં સંહાર કરવાનો અને તેમનાં સ્ત્રી-બાળકોને ગુલામ બનાવવાનો અંધકાર યુગ હતો.

વિજય મેળવનાર મુસ્લિમ હોય કે ખ્રિસ્તી હોય પણ તેના યુગનાં પરિબળોનો તો તે ગુલામ હતો. આમાંથી ચીન અને ભારતના સુસ્થિર અને સંસ્કૃત સમાજો બચી ગયા હતા તેની નોંધ લેવી ઘટે.

મધ્ય યુગના અંતમાં ખ્રિસ્તી યુરોપે અંધકારમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો, ત્યારે મુસ્લિમ જગત મધ્ય યુગના અંધકારમાં ઊંડું ગયું. તેના આપખુદ અમલ દરમિયાન વિજ્ઞાન અને કલાને તેણે ઉત્તેજન આપ્યું ખરું; પણ સામાન્ય પ્રજાનો લોકશાહી વિકાસ સધાયો નહીં. સામ્રાજ્ય વિસ્તર્યું પણ રાજ્યના વિકાસનું રાજનીતિશાસ્ત્ર ઊભું થયું નહીં.

•

## ૩ : અર્થકારણ

આર્થિક દૃષ્ટિએ વિચારતાં એક વર્ગમાં ઉપલો દરજ્જો ભોગવતા ખલીફ–સુલતાનો, તેમનું રાજકુટુંબ, હોદ્દેદારો, ઉમરાવો, ધંધાધારીઓ, વિદ્વાનો, કલાકારો, વેપારીઓ આવે; બીજા વર્ગમાં કારીગરો તથા ખેડૂતો, ગોવાળો–ભરવાડો, ગ્રામજનો આવે. સમાજની વસ્તીનો મોટો ભાગ આ બીજા વર્ગનો હતો.

પશ્ચિમ એશિયામાં રગ ( Rug ), પડદા, રેશમી-સુતરાઉ અને ઊની કાપડ, સાટીન અને જરી, સોફા અને ઓશિકાની ખોળ, રાચરચીલું અને વાસણો ઇત્યાદિ બનાવવામાં આવતાં. ખલીફ મુસ્તાઇ(ઈ. સ. ૮૬૨–૬૬)ની માતાએ ૧૩,૦૦,૦૦,૦૦૦ કિંમતના રગ તૈયાર કરેલા. સોના-ચાંદીનો પણ ઉદ્યોગ વિકાસ પામ્યો હતો.

---

**હારુનની બહેન માથામાં અને તેની પત્ની પગરખાંમાં હીરા જડતી. મુતવિક્કલ અને મામુનના લગ્ન સમારંભમાં સોનનાં ખુરસી ટેબલોનો ઉપયોગ કરાયો હતો. ખલીફ અલ-મુસ્તાઝ (ઈ. સ. ૮૬૬–૬૭) સોનાના જીન પર સોનાનું બખ્તર પહેરતો.**

---

રાજ્યની આવક મોટા ભાગે મહેસૂલ દ્વારા થતી. મુસ્લિમ અમલમાં ખેતીનો ઉપયોગ પ્રમુખસ્થાને હતો. ઈરાકની મુખ્ય પેદાશ જવ, ઘઉં, ચોખા, ખજૂર, તલ અને કપાસની હતી. બુખારાની આસપાસની જમીન ફળ-ઝાડ માટે ખૂબ જ અનુકૂળ હતી. તેમાં ખજૂર, સફરજન, ઍપ્રિકોટ, પીચ, પ્લમ, લીંબુ, નારંગી, અંજીર, દ્રાક્ષ, ઑલિવ, બદામ, દાડમ, કાકડી અને શાકભાજી થતાં. નારંગી અને શેરડીનું વાવેતર ભારતમાંથી ત્યાં ગયું. ફૂલોમાંથી અત્તર અને સુગંધી દ્રવ્યો બનાવાતાં. ખુદ પયગમ્બરને સુગંધી દ્રવ્યોનો ભારે શોખ હતો. સૌ ફૂલમાં ગુલાબ શ્રેષ્ઠ ગણાતું.

---

### મહમ્મદની એક ઉક્તિ

"સ્વર્ગના મારા પ્રવાસ દરમિયાન મને મારા પ્રસ્વેદમાંથી સફેદ ગુલાબ મળ્યું. ગેબ્રિયલના પ્રસ્વેદમાંથી લાલ ગુલાબ અને મારા અશ્વ બુરાકના પ્રસ્વેદમાંથી પીળું ગુલાબ મળ્યું."

–ગુલાબ પછીનું સ્થાન મેંદીને હતું.

"સ્વર્ગમાંથી જે ત્રણ વસ્તુઓની સાથે આદમને ફેંકી દીધો તેમાં સુગંધી છોડનો રાજા મેંદી, દુનિયાના મુખ્ય ખોરાક ઘઉંનું ડૂંડું અને જગતનાં ફળોનો રાજા ખજૂર હતાં."

*

ખલીફ મુતવિક્કલે (૮૪૭–૮૬૧) ગુલાબની ખેતી પોતાને હસ્તક લીધી. તે કહેતો:

"શાહોનો પણ શાહ શહેનશાહ હું અને સૌ ફૂલોનો શહેનશાહ ગુલાબ : અમે બંને પરસ્પરને પાત્ર છીએ."

---

પશ્ચિમના દેશોમાં પ્રચલિત ખેતીની રીત મુસ્લિમોએ સ્પેનમાં દાખલ કરી, તેમણે નહેરો ખોદી, દ્રાક્ષની ખેતી કરી અને ચોખા, ઍપ્રિકોટ, પીચ, દ્રાક્ષ, નારંગી, શેરડી, કપાસ અને કેસરની ખેતી દાખલ કરી. ખાંડ માટેનો અંગ્રેજી શબ્દ 'શુગર' સંસ્કૃત શબ્દ 'શર્કરા' પરથી અરબીકરણ પામેલો 'સખ્ખર' શબ્દ થયો છે. સેવિલ, રૂ, ઑલિવ અને તેલની નિકાસ કરે છે.

સ્પેન ચર્મકામ માટે પ્રખ્યાત હતું. ચામડા પર કોતરણી અને લખવાની કલા કોર્ડોવા(સ્પેન)માંથી મોરોક્કો ગઈ, જ્યાંથી તે ફ્રાન્સ અને ઇંગ્લંડ ગઈ. અંગ્રેજીમાં 'કોર્ડોવન', 'કોર્ડવેનર' અને 'મોરોક્કો' શબ્દો ચામડાની જુદી જુદી બનાવટો માટે વપરાય છે. રેશમ વણવાનો ઉદ્યોગ કોર્ડોવા અને મલાગા(સ્પેન)માં ચાલતો. અલ્જીરિયામાં કાચ અને ધાતુકામના ઉદ્યોગો, વેલેન્શિયા(સ્પેન)માં માટીકામના ઉદ્યોગો, કોર્ડોવામાં જીન, લોખંડ, સીસાના ઉદ્યોગો, અને ટૉલિડો(સ્પેન)માં તલવાર બનાવાવનો ઉદ્યોગ હતો. આઠમી સદીના અંતે બગદાદમાં પહેલું કાગળનું કારખાનું સ્થપાયું. ઇજિપ્તમાં ૯૦૦માં, મોરોક્કોમાં ૧૧૦૦માં અને સ્પેનમાં ૧૧૫૦માં કાગળનાં કારખાનાં શરૂ કરવામાં આવ્યાં. જૂનામાં જૂની અરબીમાંની હસ્તપ્રત ઈ. સ. ૮૬૬ની છે; જેને લંડનના મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.

## વેપાર-વણજ

મુસ્લિમ રાજ્ય મોટા વિસ્તારો પર પથરાયેલું હોઈ પ્રાથમિક અને સાંસ્કૃતિક જરૂરિયાતો સંતોષવા આંતરરાષ્ટ્રીય વેપાર જરૂરી બન્યો. આરબો મૂળે જ વેપારીઓ હતા. તેમનું સામ્રાજ્ય જેમ વિસ્તરતું ગયું તેમ તેમણે વેપારનાં ક્ષેત્રમાંથી બિનમુસ્લિમોને દૂર કર્યા. ઇરાક, મેસોપોટેમિયાનાં બગદાદ, બસરા અને સિરાફ (ઍડન) તથા ઇજિપ્તનાં કેરો અને ઍલેક્ઝાન્ડ્રિયા મુખ્ય વેપારી કેન્દ્રો બન્યાં. પૂર્વમાં મુસ્લિમ વેપારીઓ ભારત અને છેક ચીન સુધી પહોંચ્યા હતા. ચીનનું રેશમ મેળવવા તેઓ સમરકંદ અને તુર્કસ્તાન થઈ ચીન પહોંચતા. આ માર્ગ ઇતિહાસમાં 'રેશમ માર્ગ'ના નામે વિખ્યાત છે. ઈરાનના વિજેતા સૈયદ ઇબ્ન વક્કાસને મુસ્લિમ રાજ્યે તેના પ્રતિનિધિ તરીકે ચીન મોકલ્યો હતો. કેન્ટનની તેની કબરને ચીની-મુસ્લિમો એક પવિત્ર સ્થાન ગણે છે. ઇન્ડોનેશિયાના મુસ્લિમો વેપારી તરીકે ત્યાં ગયેલા મુસ્લિમ આરબોના વંશજો છે.

---

**વેપારમાં કેટલું રળી શકાતું તેનો અંદાજ ખલીફ મુક્તદીરે બગદાદના ઝવેરી ઇબ્ન–અલ–જસ્સાસની મિલકતમાંથી એક કરોડ અને સાઠ લાખ દીનાર લીધા પછી પણ તે ધનાઢ્ય રહેવા પામ્યો હતો તે બીના પરથી આવે છે. બગદાદનો એક નિરક્ષર ઘંટીવાળો દરરોજ એક સો દીનારનું દાન કરતો, જેને ખલીફ મુતઝીમે વઝીર બનાવ્યો.**

---

યુરોપમાં વેપારના વિકાસને આડે થોડા થોડા અંતરે નાના નાના ઠાકોરો, સામંતો, ધર્માચાર્યો અને નગર રાજ્યોએ દાણ અને જકાતનાં નાકાં ઊભાં કર્યાં હતાં; ત્યારે મુસ્લિમ સામ્રાજ્યમાં તેના રાજ્યકર્તાઓએ આવા અંતરાયો દૂર કર્યા. મુસ્લિમ શહેરો અને નગરો વિકાસ પામ્યાં અને વેપાર-ઉદ્યોગોથી ધમધમવા લાગ્યાં. બજારો અને ગુજરીઓ ભરાવા લાગી અને તેમાં દેશપરદેશના વેપારીઓ મોજશોખ અને જીવનોપયોગી સામગ્રી લાવવા લાગ્યા. ભૂમધ્ય સમુદ્રમાં તેમનાં વેપારી વહાણો અને નૌકા-કાફલા ઘૂમવાં લાગ્યાં. આરબોએ આબીસીનિયા પાસેથી રાતા સમુદ્રનો કબજો ઝૂંટવી લીધો. તેઓ કાસ્પિયન સમુદ્ર પાર કરી છેક મોંગોલિયા સુધી પહોંચ્યા અને અફઘાનિસ્તાનથી વોલ્ગા પાર કરી રશિયાનાં મોટાં વેપારી કેન્દ્રો જેવા નોવાગોરોદ અને છેક ઉત્તરમાં ફિનલૅન્ડ, સ્કૅન્ડિનેવિયા અને જર્મનીના ઉત્તર કાંઠા સુધી પહોંચવા લાગ્યા.

વિસ્તૃત સામ્રાજ્યમાં સંખ્યાબંધ વેપારી કેન્દ્રો હતાં અને તેમાં તથા તે પહોંચવાના માર્ગોમાં સુસજ્જ સરાઈઓ અને ધર્મશાળાઓ રહેતી, જેમાં વેપારીઓ ઉપરાંત વટેમાર્ગુઓ અને પ્રવાસીઓને જીવનની સઘળી જરૂરિયાતો મળી જતી. આથી જ્યારે પ્રવાસ માટે આધુનિક વાહનવ્યવહાર વિકસ્યો ન હતો ત્યારે પણ અલ-બિરુની ઇબ્ન બતુતા જેવા મહાન પ્રવાસીઓ અને ભૂગોળવેત્તાઓ દુનિયા ઘૂમી શક્યા હતા.

# ૪ : વિદ્યાનો વિસ્તાર

અરબસ્તાનનાં રણમાંથી ઈસ્લામનો ધ્વજ લઈ વિશ્વ પર વિજય મેળવવા નીકળેલા રખડુ બદુઓ અને અન્ય આક્રમકો જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં તેઓ સંસ્કાર અને સંસ્કૃતિનો કોઈ વારસો લઈને ગયા ન હતા. ઊલટું, જે દેશો તેમણે જીત્યા તે સૌ પ્રાચીન સંસ્કૃતિની પરંપરા ધરાવતા હતા. વિજેતા આરબો પરાજિત પ્રજાઓનાં ચરણે બેસી શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિના પાઠ ભણ્યા. હા, દુનિયામાં ક્યાંય આરબો જેવી જ્ઞાનની ભૂખવાળી પ્રજા નહીં હોય! તેમણે વિજયો મેળવ્યા ત્યારે એલેક્ઝાંડ્રિયા (ઈજિપ્ત), બિરુત (સીરિયા), નિસિબિસ (મેસોપોટેમિયા), જુંદ-ઈશાપુર (ઈરાન), નિશાપુર (ખુરાસાન) ઈત્યાદિમાં ખ્રિસ્તી, સાબિયન અને ઈરાની શાળાઓ ચાલતી હતી; તેમાં ગ્રીક વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રનું શિક્ષણ અપાતું હતું. વિજેતાઓએ આ શાળાઓ બંધ કરી નહીં. તેમણે ગ્રીક અને સીરિયક ભાષાનું જ્ઞાન મેળવ્યું ત્યારે તેઓ તેમાં રહેલા જ્ઞાનભંડારો જોઈ હેરત પામ્યા. તેમણે ગ્રીક, સીરિયક, હિબ્રૂ અને અરબી જાણનાર વિદ્વાનો મારફતે શિષ્ટ ગ્રીક ગ્રંથોના અરબીમાં અનુવાદ કરાવ્યા. આ અનુવાદોને કારણે તેમાં રહેલી વિદ્યા જળવાઈ રહી.

---

**જે ગ્રીક ગ્રંથો મૂળ ગ્રીકમાં યુરોપને ઉપલબ્ધ ન હતા તે તેને આ અનુવાદો દ્વારા મળ્યા. ભારત ઇજિપ્ત અને બેબિલોનમાં ઉદ્ભવ પામેલાં વિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર ગ્રીસ અને બાઇઝેન્ટાઇન થઈ પશ્ચિમ એશિયા, આફ્રિકા અને સ્પેનમાં મુસ્લિમ રાજ્યોમાં પહોંચ્યા અને ત્યાંથી યુરોપના દેશોમાં પ્રસરી અમેરિકા પહોંચ્યા. વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રનું આ સાતત્ય વિશ્વની સંસ્કૃતમાં અજોડ છે. ગ્રીક સાહિત્ય અસ્ત પામતું હતું. બરાબર તે જ સમયે મુસ્લિમો સીરીયામાં પ્રવેશ્યા અને વિદ્યાની આ પરંપરાને જાળવી રાખવામાં નિમિત્ત બન્યા.**

---

મુસ્લિમ સમાજમાં ઈરાનીઓ, સીરિયનો, ઇજિપ્તવાસીઓ, કોપ્ટ (ઇજિપ્તના) ખ્રિસ્તીઓ, બર્બરો એકરૂપ બન્યાં, તેમની વચ્ચે આંતર લગ્નો થયાં, અને પરિણામે આરબો અને બિનઆરબો વચ્ચેના ભેદ ટળ્યા. મહમ્મદનો અનુયાયી ગમે તે રાષ્ટ્રનો હોય પણ મુસ્લિમ બનતાં તરત જ તે આરબ કહેવાતો. મુસ્લિમ બનનાર અને અરબીમાં લખી-વાંચી જાણનાર આરબો, ઈરાનિયનો, સીરિયનો, ઇજિપ્તવાસીઓ સૌ આરબો કહેવાયા. વળી ખ્રિસ્તીઓ, યહૂદીઓએ અરબીમાં લખેલાં પુસ્તકોનો જ્ઞાન-ભંડાર પણ અરબી કહેવાયો. આ વિશાળ રાજકીય અને સાંસ્કૃતિક અરબીકરણ દેશ, પ્રજા અને જાતિના ભેદો ઓળંગી અરબ સંસ્કૃતિ કહેવાયું.

અબ્બાસ ખલીફોના સમયમાં જે સાંસ્કૃતિક જાગૃતિ આવી તેની બરોબરી કરી શકે તેવો સમય ઈતિહાસમાં શોધવો મુશ્કેલ છે. આ પ્રકારની જાગૃતિ ઈરાન, ભારત, સીરિયા અને ગ્રીસના સાંસ્કૃતિક વારસાના સંપર્કમાં આવવાના પરિણામે જ સિદ્ધ થઈ હતી. આ જ સમયમાં સંસ્કૃત, ફારસી, સીરિયક, હિબ્રૂ અને ગ્રીક શિષ્ટ ગ્રંથોના અરબીમાં અનુવાદ થયા; જેણે વિદ્યા, વિજ્ઞાન અને કલાનાં દ્વાર ખોલ્યાં. બગદાદની સ્થાપનાની પોણી સદીમાં તો અરબી જાણનારના હાથમાં ઍરિસ્ટૉટલના મોટા ભાગના ગ્રંથો, પ્લેટોનાં ભાષ્યો, ગેલનના વૈદક વિદ્યાના ગ્રંથો, ભારતના વિજ્ઞાન અને ગણિતના ગ્રંથો મુકાઈ ગયા હતા. ગ્રીકોએ જે પ્રાપ્ત કરતાં સૈકાંઓનો પરિશ્રમ કર્યો હતો તે સિદ્ધિ આરબોએ થોડાંક સૈકાંઓમાં મેળવી. પૂર્વ અને પશ્ચિમને સાંકળતા સાંસ્કૃતિક સમન્વયનું પ્રતીક આરબ બન્યો.

હારુને (૭૮૬–૮૦૯) બાઈઝેનટાઈનનાં મથકો પર હલ્લા કર્યા ત્યારે ગ્રીક ગ્રંથો અને હસ્તપ્રતો હાથ લાગ્યાં. મનસૂર (૭૫૪–૭૫), મામુન (૮૧૩–૩૩) અને મુતવિક્કલે (૮૪૭–૬૧) કૉન્સ્ટેન્ટિનોપલ પાસેથી ઘણા ગ્રીક ગ્રંથો મેળવ્યા. સીરિયાના નેસ્ટોરિયન ખ્રિસ્તી પંડિતો ગ્રીક ગ્રંથોના સીરિયક અને તેમાંથી અરબીમાં અનુવાદ કરીને ગ્રીક અને અરબ સંસ્કૃતિ વચ્ચેની અગત્યની કડીરૂપ બન્યા. કહે છે ઍરિસ્ટૉટલે મામુનને સ્વપ્નામાં દેખા દઈ સધિયારો આપ્યો કે ધર્મશ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી.

આપણે જોઈ ગયા છીએ તેમ મામુને જ્ઞાનપીઠ અને વેધશાળાઓ સ્થાપી હતી. જ્ઞાનપીઠ દ્વારા પદ્ધતિસરના અનુવાદોનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. અનુવાદની પ્રક્રિયા દરમિયાન કઠિન ગ્રીક શબ્દનો અરબીમાં યોગ્ય પર્યાય ન સૂઝે ત્યાં ઉચ્ચારભેદ કરી ગ્રીક શબ્દ અપનાવવામાં આવતો. આમ, ઘણા ગ્રીક શબ્દો અરબી શબ્દકોશમાં દાખલ થયા. અનુવાદના કાર્યમાં ગ્રીક દર્શન અને વિજ્ઞાનના ગ્રંથોનો, નહીં કે સાહિત્યનો, સ્વીકાર કરવામાં આવ્યો હતો.

અબુ–યાહ્યા, ઈબ્ન અલ–બાત્રિક (૭૯૬–૮૦૬) અનુવાદકોમાં અગ્રસ્થાન પામે છે. આ જ સમયે અલ હજ્જાજ (૭૮૬–૮૩૩) યુક્લિડના 'એલિમેન્ટ્સ' અને ટૉલેમીના 'આલ્માજેસ્ટ'નો પ્રથમ અનુવાદક હતો. યુહન્ના (યાહ્યા) ઈબ્ન–મુઆવૈયા આવો બીજો અનુવાદક હતો. તેણે વૈદક વિદ્યાની હસ્તપ્રતોનો અનુવાદ કર્યો. મામુને નેસ્ટોરિયન ખ્રિસ્તી હુનૈન ઈબ્ન–ઈશાક(૮૦૯–૭૩)ને જ્ઞાનપીઠના ગ્રંથાલયનો અધીક્ષક નીમ્યો. તેના પુત્ર ઈશાક અને ભત્રીજા હુબૈશને તેણે અનુવાદની તાલીમ આપી. આ ત્રણ પંડિતોએ અનેક ગ્રંથોના અનુવાદ કર્યા. હુનૈને ગેલન અને ગેલન મતના એક સો નિબંધો; ઍરિસ્ટૉટલનાં 'કેટેગરિઝ', 'મૅગ્નામોરૅલિયા' અને 'ફિઝિક્સ'; પ્લેટોના 'ટિમિયસ રિપબ્લિક' અને 'લૉઝ'; હિપોક્રિટ્સનું 'એફોરિઝમ્સ', ડાયોક્લોરાઈડ્ઝનું 'મટીરિયા મેડિકા', ટૉલેમીનું 'ક્વાડ્રી પાર્ટીઝમ', ઇત્યાદિ અનુવાદો કર્યા. તેના પુત્ર ઈશાકે ઍરિસ્ટૉટલના સીરિયક ભાષામાં અનુવાદિત 'હર્મેન્યૂટિકા'નો અરબીમાં અનુવાદ કર્યો. ઈશાક ઍરિસ્ટૉટલના ગ્રંથોનો મોટો અનુવાદક બન્યો. ગેલનના શરીરરચનાશાસ્ત્રના જે સાત ગ્રંથો ખુદ ગ્રીકમાં ઉપલબ્ધ નથી તેના અરબી અનુવાદો જળવાયેલા છે. બાઈબલના 'જૂના કરાર'નો હુનૈનનો અનુવાદ મળતો નથી. હુનૈનને અનુવાદના પુરસ્કાર તરીકે અનુવાદિત ગ્રંથના વજન જેટલું સોનું મામુન તરફથી મળ્યું હતું. હુનૈન તબીબ પણ હતો. પોતાના પ્રતિસ્પર્ધીને ઝેર આપી મારી નાખવાની તે વખતના ખલીફ મુતવિક્કલની બબ્બે વારની સૂચનાઓને, કેદખાનાની પરવા કર્યા વિના, હુનૈને ઠુકરાવી. તેણે ખલીફને સાફ શબ્દોમાં કહ્યું : "મારી પાસે લોકોના કલ્યાણની વિદ્યા છે, બીજું કંઈ હું ભણ્યો નથી." હુનૈનના પુત્રે પિતાને મદદ કરવા ઉપરાંત ઍરિસ્ટૉટલના 'મેટાફિઝિક્સ', 'ઑન ધ સોલ', 'ઑન ધ કરપ્શન ઑફ એનિમલ્સ'ના અનુવાદ કર્યા.

થાબિત ઈબ્ન – કુરાહ (ઈ. સ. ૮૩૬–૯૦) અગ્રણી સાબિયન અનુવાદક હતો. તેનો પુત્ર સિનાન, બે પૌત્રો : થાબિત અને ઈબ્રાહીમ અને પ્રપૌત્ર અબ્ન અલ ફર્જ પ્રમાણભૂત અનુવાદકો અને વિજ્ઞાનીઓ હતા.

યાહ્યા ઈબ્ન અદી (ઈ. સ. ૮૯૩–૯૭૪) અને અબુ અલી ઈસા ઈબ્ન–ઝુરાહ(ઈ. સ. ૧૦૦૮)ની આગેવાની હેઠળ ખ્રિસ્તી પંથના જેકોબાઈટ અને મોનોફાઈસાઈટ અનુવાદકો થઈ ગયા. કહે છે કે, યાહ્યા એક દિવસ અને એક રાતમાં બધાં મળીને સો પાનાંનો અનુવાદ કરી શકતો. ઈ. સ. ૯૫૦ સુધીમાં તો ઍરિસ્ટૉટલ અને પ્લેટોનાં તથા તેમનાં નામે ચડેલાં લગભગ તમામ પુસ્તકોના અનુવાદો થઈ ગયા હતા. આ ઉપરાંત ગણિત, ખગોળ અને વૈદક વિદ્યાના ગ્રીક ગ્રંથોના અનુવાદો થઈ ગયા હતા.

આ અનુવાદ-પ્રવૃત્તિને કારણે તો ગ્રીક-વિદ્યા અને વિજ્ઞાન હજી સુધી જળવાઈ રહ્યાં છે. મુસ્લિમ સમ્રાટો ગ્રીક દર્શનમાં ડૂબકી મારી રહ્યા હતા ત્યારે મધ્ય યુગના યુરોપનો મહાન રાજવી શાર્લમન વૃદ્ધાવસ્થામાં દર્શનશાસ્ત્રક્ષેત્રે બારાખડી ઘૂંટતો હતો.

ઈસ્લામ પૂર્વે અરબી કાવ્યની ભાષા હતી તે મહમ્મદ બાદ ધર્મની ભાષા બની અને દસમ સદ સુધીમાં વિજ્ઞાનનાં પ્રત્યેક ક્ષેત્રનું જ્ઞાન દર્શાવવા જેટલી સમૃદ્ધ બની; શાળા-મહાશાળાઓની બોધભાષા બનવા ઉપરતાં તે તે સમયના સંસ્કારી જનતાના વિદ્વાનોની વ્યવહાર ભાષા બની.

અનુવાદ બાદ મૌલિક સર્જનનો યુગ શરૂ થયો. ભારત, ઈરાન અને ગ્રીસની પ્રાચીન વિદ્યા અને વિજ્ઞાનને આરબોએ પચાવી પોતાની વિશિષ્ટ આવશ્યકતા અને વિચારપ્રવાહ અનુસાર તેનો ઉપયોગ કર્યો. પ્રાચીન કીમિયા-વિદ્યા—આલ્કેમી, ખગોળવિદ્યા, ગણિતશાસ્ત્ર અને ભૂગોળમાં તેમનું જેટલું મૌલિક પ્રદાન નથી તેટલું વૈદકશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રમાં છે.

આરબોએ તેમનાં અનુવાદો અને મૌલિક લખાણો દ્વારા મધ્ય યુગમાં યુરોપને જે આપ્યું, તેણે યુરોપના બંધિયાર પાણીમાં તરંગો જગાડયા, અને નવો વિચારપ્રવાહ શરૂ કર્યો. આરબો દ્વારા ગ્રીક વિદ્યાઓ મળી ન હોત તો દુનિયાએ ઘણું ગુમાવ્યું હોત.

નોર્મનોની હકૂમત હેઠળ આવેલું સિસિલી રોમની નવી સંશ્લિષ્ટ સંસ્કૃતિનું કેન્દ્ર બન્યું. ત્યાંના રાજવી રૉજર બીજાના સમયનો મળી આવતો સિક્કો તો હિંદુ અંક અને અરબી લખાણનો જૂનામાં જૂનો સિક્કો છે. તેના દરબારમાં મોટોમાં મોટો ભૂગોળવિદ્ અલ ઇદ્રીસી બેસતો. આમાં મુસ્લિમ સ્પેનનું પ્રદાન વિશિષ્ટ હતું. અલ–મનસૂરના સમયમાં કોર્ડોવાનું સ્થાન બગદાદ અને કૉન્સ્ટૅન્ટિનોપલ જેવું હતું. કોર્ડોવામાં શાળા-મહાશાળાઓ હતી. તેની વિદ્યાપીઠની તુલના કેરો અને બગદાદની વિદ્યાપીઠોની સાથે થતી. ગ્રેનેડા, ટોલિડો, સેવિલ, મર્સિયા, વેલેન્શિયા અને કેડિઝમાં મહાશાળાઓ હતી. બગદાદથી અહીં કાગળ બનાવવાની કલા આવતાં પુસ્તક પ્રકાશનનું કામ ઝડપથી આગળ વધ્યું સ્પેનમાં ૭૦ ગ્રંથાલયો હતાં. સેંકડોની સંખ્યામાં ધર્મશાસ્ત્રીઓ અને વૈયાકરણીઓ મળી શકતા. વક્તાઓ, ભાષાવિદો, શબ્દકોશકારો, નિબંધ લેખકો, ઈતિહાસવેત્તાઓ, ચરિત્ર લેખકો તો ગાડાં ભરાય તેટલા હતા—ખલીફ અલ–મુસ્તફીની કુંવરી વલ્લાદહ મોટી કવયિત્રી હતી.

૧૦૮૫માં ટૉલિડો ખ્રિસ્તીઓના હાથમાં જવા છતાં તે આરબ વિદ્યાના કેન્દ્ર તરીકે ચાલુ રહ્યું. અહીંથી આરબ જ્ઞાનનો પ્રવાહ યુરોપ તરફ વહ્યો. અહીંના આર્ક-બિશપ રેમન્ડ પહેલા(૧૧૨૬–૫૧)ની સૂચનાથી ભાષાંતર માટે એક કેન્દ્ર ઊભું થયું. ૧૧૩૫ થી ૧૨૮૪ સુધીમાં સંખ્યાબંધ અનુવાદકોએ મહત્ત્વના હિબ્રૂ અને અરબી ગ્રંથોના અનુવાદ કર્યા. ઇંગ્લંડમાંથી માઇકલ સ્કૉટ અને ચેસ્ટરનો રોબર્ટ અહીં આવ્યા. પૂર્વમાંથી ઉત્તર આફ્રિકા થઈ સ્પેનમાં આવેલી જ્ઞાનગંગા ટૉલિડોમાંથી પ્રવાહ બદલી પિરેનિઝ પર્વતમાળા ઓળંગી પ્રોવેન્સમાં થઈ જર્મની અને મધ્ય યુરોપમાં પહોંચી. જેનો એક ફાંટો ખાડી ઓળંગી ઈંગ્લંડમાં પહોંચ્યો.

આ બધા પછી પણ એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે આરબો મૌલિક ચિંતકો અને સર્જકો અલ્પ પ્રમાણમાં હતા. તેઓ પ્રમુખતઃ ગ્રીક અને પૂર્વની વિદ્યાઓના વાહકો, અનુવાદકો, રૂપાંતરકારો અને ભાષ્યકારો તરીકે પ્રખ્યાત છે.



**સિસિલીનું પાલેર્મો :** રોમની નવી સંશ્લિષ્ટ સંસ્કૃતિનું કેન્દ્ર.
**ઉપર :** સાન ડોમિનેકોનું ચર્ચ.
**વચ્ચે :** ધ પ્લાઝા ડેલ ડચ્યૂમો.
**નીચે :** ધ વીઆ બોનેલો મેટિયો : પાલેર્મોનો જાણીતો રાજમાર્ગ

## શિક્ષણ : ગ્રંથ પ્રકાશન

બાળકનું શિક્ષણ 'અલ્લાહ સિવાય બીજો કોઈ ઈશ્વર નથી અને મહમ્મદ તેનો પયગમ્બર છે' એ મંત્રથી શરૂ થતું. ૭ વર્ષની ઉંમરે પહોંચતાં મસ્જિદ સાથે સંકળાયેલી મદ્રેસાથી તેનું રીતસરનું શિક્ષણ આરંભાતું. વાચન માટે કુરાન પાઠ્યપુસ્તક બનતું. વાચન સાથે લેખન થતું પણ તેમાં કુરાનનો ઉપયોગ થતો નહીં કેમ કે કુરાનનું એક વાર લખાણ થયા બાદ તેને ભૂંસી ન શકાય! વાચન-લેખન સાથે અરબી વ્યાકરણ, પયગમ્બરના જીવન-પ્રસંગો, ગણિતનાં મૂળ તત્ત્વો અને કાવ્યનું શિક્ષણ અપાતું. સમગ્ર શિક્ષણમાં સ્મરણશક્તિ ખીલવવા પર ખાસ ધ્યાન અપાતું. હોંશિયાર વિદ્યાર્થીનો ઊંટ પર વરઘોડો કાઢવામાં આવતો. કન્યાઓને પ્રાથમિક શિક્ષણ ઉપરાંત ગૃહોપયોગી વિષયોનું શિક્ષણ અપાતું. પ્રાથમિક શાળાના પંતુજીનો કોઈ સામાજિક દરજ્જો રહેતો નહીં. અદાલતોમાં તેમની જુબાની માન્ય કરાતી નહીં.

*

ચીનમાંથી કાગળની કલા તુર્કસ્તાનના વિજયો બાદ આરબોના હાથમાં આવ્યા પછી પુસ્તક પ્રકાશનનો ઉદ્યોગ પુરબહારમાં ખીલ્યો. ગુજરાતી શબ્દ 'કાગળ' મૂળ અરબી 'કાગજ' પરથી આવ્યો છે. આ અરબી શબ્દ પણ ઈરાન દ્વારા ચીનમાંથી આવ્યો છે. કાગળના જથ્થા માટેનો અંગ્રેજી શબ્દ 'રીમ' મૂળ અરબી 'રિઝમાહ', સ્પૅનિશ 'રેસમા' અને ફ્રેન્ચ 'રેઈમ' પરથી આવ્યો છે. હારુનના વઝીરના પુત્ર અલ–ફઝલે ૭૯૪માં બગદાદમાં કાગળનું પહેલું કારખાનું શરૂ કર્યું. મક્કામાં ૭૦૭માં, ઈજિપ્તમાં ૮૦૦માં, સ્પેનમાં ૯૫૦માં, કૉન્સ્ટૅન્ટિનોપલમાં ૧૧૦૦માં, સિસિલીમાં ૧૧૦૨માં, ઇટલીમાં ૧૧૫૯માં, જર્મનીમાં ૧૨૨૮માં અને ઈંગ્લંડમાં ૧૩૦૩માં કાગળ ઉદ્યોગ શરૂ થયો.

૮૯૧માં બગદાદમાં સો ઉપરાંત પુસ્તકવિક્રેતા હતા. પુસ્તકવિક્રેતાઓની દુકાનો નકલો કરનારા લહિયાઓ અને પંડિતોના મિલનસ્થાન જેવી હતી. દસમી સદીમાં પુસ્તકો મેળવી લાવનાર તથા તેની નકલો કરનારાઓને મોટા મોટા પુરસ્કાર મળતા. ઈ. સ. ૯૫૦માં મોસલમાં એક ધનાઢ્યે શરૂ કરેલા પુસ્તકાલયનો લાભ લેનારા વિદ્યાર્થીઓને કાગળો અને પુસ્તકો મફત અપાતાં. મોંગોલ ખાન હુલાગુએ બગદાદનો નાશ કર્યો ત્યારે ત્યાં સંખ્યાબંધ ખાનગી પુસ્તકાલયો ઉપરાંત સાર્વજનિક પુસ્તકાલયો હતાં.

---

એક તબીબને, બુખારાના સુલતાને પોતાના દરબારમાં બોલાવ્યા છતાં, આમંત્રણનો ઇન્કાર કર્યો કેમ કે તેનાં પુસ્તકોનો બોજ ઉપાડવા ૪૦૦ ઊંટની જરૂર પડે તેમ હતું! એક ગૃહસ્થે મૃત્યુ સમયે ૬૦૦ પેટીઓ ભરાય તેટલાં પુસ્તકો વારસામાં રાખ્યાં હતાં. ઈ. સ. ૧૦૬૭માં એક તુર્ક સૈનિક ઇજિપ્તમાંથી લૂંટ કરીને ૨૫ પોઠો ભરાય તેટલાં પુસ્તકો, હસ્તપ્રતો અને કીમતી સામગ્રી ઊઠાવી ગયો હતો. સ્પેનનો ખલીફ હુકમ બીજો (ઈ. સ. ૯૬૧–૭૬) પોતે પુસ્તકોનો રસિયો હતો. તે ઍલેક્ઝાંડ્રિયા, દમાસ્કસ અને બગદાદ માણસો મોકલી પુસ્તકો મેળવતો. આમ, તેણે ૪૦ હજાર પુસ્તકો અને હસ્તપ્રતો મેળવ્યાં હતાં. તેનાં ગ્રંથાગારનાં પુસ્તકોની યાદી બનાવતાં, યાદીનાં જ ૪૪ પુસ્તકો થયાં! પુસ્તકોના હાંસિયામાં તેણે કરેલી નોંધો જોતાં તે અભ્યાસી પણ હતો તેની પ્રતીતિ મળે છે. મોરોક્કોના એક સુલતાને ભાગી જવા અગાઉ તેના પુસ્તકાલયને વહાણ પર ચઢાવ્યું પણ તે ચાંચિયાના હાથમાં સપડાતાં ત્રણથી ચાર હજાર પુસ્તકોનો નાશ થયો હતો.

---

## ઇતિહાસ : ભૂગોળ

ઉમૈયાઓના સમયમાં હાફિસના સ્વરૂપમાં અરબી ઇતિહાસનો પ્રારંભ થયો હતો. મહમ્મદ ઇબ્ન – ઈશાકે (મૃ. ૭૬૭) લખેલું 'સિરત રસૂલ અલ્લાહ' નામનું પયગમ્બરનું જીવનવૃત્તાંત ધાર્મિક પરંપરા અંગેનું પ્રથમ પુસ્તક છે. ઇબ્ન – સાદે પયગમ્બર અને તેમના સાથીઓના જીવનવૃત્તાંતો લખ્યાં. 'ફારશી ખુદાઈનામા'ના નમૂના પર અગાઉ લખાયેલ દંતકથા, હાફિસ, જીવનવૃત્તાંતો, વંશાવળીઓ અને અન્ય બયાનો પરથી રીતસરનો

ઈતિહાસ લખવાની શરૂઆત થઈ હતી. ઈબ્ન–કુતાબહનું 'કિતાબ અલ–મ આરિફ' ઈતિહાસનું રીતસરનું પુસ્તક છે. ઈબ્ન–વાલિહ અલ–યાકુબીએ ૮૭૨ સુધીના બનાવોનું પુસ્તક લખ્યું છે. અબુ જાફર મહમ્મદ ઈબ્ન–જહિર-અલ–તબાસી ઈતિહાસકારોમાં અગ્રસ્થાન ધરાવે છે. અબુ અલ–હસન અલી અલ–મસુદીએ કાલક્રમ કરતાં રાજવંશો, રાજાઓ અને લોકોને કેન્દ્રમાં રાખી ઈતિહાસ લખ્યો છે.

ધર્મસ્થાનોની યાત્રા, મક્કાની દિશા તરફનુ મસ્જિદોનું બાંધકામ ઈત્યાદિ કારણોને લઈને આરબો ભૂગોળના અભ્યાસ તરફ વળ્યા હતા. અક્ષાંશ-રેખાંશો ઠરાવતી વખતે તેમનો અભ્યાસ શાસ્રીય બન્યો. ચીનથી મોરોક્કો સુધી વેપાર ખેડતા આરબો દરિયાખેડુઓ ઉપરાંત ભૂગોળના જાણકાર હતા. પ્રવાસેથી પાછા ફરતા વેપારીઓનાં બયાનોએ દૂર દૂરના પ્રદેશો, અને તેમાં વસતી પ્રજાઓ વિશે રસ જગાડયો હતો. સુલેમાન અલ–તાજિર નામના વેપારીનાં પુસ્તકમાં ચીન અને હિંદુસ્તાન વિશે આરબો શું જાણતા હતા તેની માહિતી (ઈ.સ. ૮૫૧માં) સાંપડે છે. ચીનમાં તે સમયે સહી તરીકે આંગળાંની છાપ લેવામાં આવતી તેવું આ પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે. વોલ્ગા પર રહેતા બલ્ગારોના રાજાના દરબારમાં ખલીફ મુક્તદિહે (૯૦૮–૩૨) ૯૧૧માં મોકલેલા અહમદ ઈબ્ન–ફજ્લાન ઈબ્ન હમ્મદના હેવાલમાં રશિયા વિશેની માહિતી મળે છે. ખ્વારિઝમે 'સુરત અલ–અર્દ' (પૃથ્વીનો આકાર) નામનું પુસ્તક લખ્યું, જેણે એક શાસ્ત્ર તરીકે ભૂગોળમાં રસ જગાડયો. તેણે પૃથ્વીનો નકશો પણ તૈયાર કર્યો. દરમિયાન ભારત પાસેથી આરબોને વિશ્વકેન્દ્ર વિશે માહિતી મળી. ભારતીઓ ઉજ્જયિનીને વિશ્વકેન્દ્ર ગણતા, જે પરથી 'અરિન' શબ્દ વિશ્વકેન્દ્ર તરીકે જાણીતો બન્યો. ટૉલેમીના 'જ્યૉગ્રાફી'માં વિશ્વકેન્દ્રને 'ઉઝિની' નામ આપ્યું છે. પૂર્વ અને પશ્ચિમની મધ્યમાં વિષુવવૃત્ત પર આરબોએ અરિનનું સ્થાન નક્કી કર્યું. પશ્ચિમના રેખાંશને તેમણે કાલ્પનિક અરિનથી ૯૦ અંશ પર ગણ્યું. ટૉલેમીના કેનેરી ટાપુ પરના મુખ્ય રેખાંશ પરથી આરબોએ તેમના રેખાંશો ઠરાવ્યા. શિયાપંથી ઈબ્ન–વાહિદ અલ –યાકુબીએ 'કિતાબ અલ–બુલ્દાના'માં ભૌગોલિક અને આર્થિક બાબતોનો સમાવેશ કર્યો. સ્પૅનિશ માબાપના-પુત્ર અબદુલ્લા મહમ્મદ ઈબ્ન–મહમદ અલ– ઈદ્રિસી (મૃ. ૧૧૬૬) આરબોમાં શ્રેષ્ઠ ભૂગોળવેત્તા, પ્રવાસી અને નકશાશાસ્રી છે. ઈબ્ન બતૂલા તે સમયનો મોટામાં મોટો પ્રવાસી હતો. અલ–બિરુની પણ તેવો જ પ્રવાસી હતો.

## લલિત કલાઓ

મહમ્મદે શિલ્પ અને ચિત્રકામને મૂર્તિપૂજાનાં પ્રતીક ગણી તેની મનાઈ ફરમાવી હતી. તે જ પ્રમાણે સંગીત, કીમતી રેશમી પરિધાન, સોના-ચાંદી ઝવેરાતના અલંકારોને પણ તેમણે અધોગતિનાં સાધનો ગણી મનાઈ કરી હતી. પણ આ મનાઈ કાળક્રમે હળવી બની.

આરબોનાં પોતાનાં કહી શકાય તેવાં કલાસ્વરૂપો ન હતાં. તેમણે મોટા ભાગે બાઈઝેન્ટાઈન, ઇજિપ્ત, સીરિયા, મેસોપોટેમિયા, ઈરાન અને ભારતનાં કલા-સ્વરૂપો, કલા-પરંપરાઓ, કલાકારો અને કારીગરોને અપનાવ્યાં. ઈસ્લામમાં સ્થાપત્યકલા ધાર્મિક પ્રતીકો દ્વારા પ્રગટ થઈ તેમ છતાં મુસ્લિમ રાજવીઓ અને સુલતાનોએ રાજમહેલો, બગીચાઓ, પુલો, જલાશયો, ફુવારા, સાર્વજનિક સ્નાનાગારો, ગઢ-કિલ્લાઓ બાંધ્યાં. ઈસ્લામમાં મૂર્તિનો નિષેધ હોઈ શિલ્પકલા સુંદર સુશોભનોમાં વ્યકત થઈ. ધર્મગ્રંથોનાં વચનો, ભૂમિતિના આકારો, વિવિધ ફૂલો, વેલ-બુટ્ટા, પશુ-પંખીઓ ઈત્યાદિ મુસ્લિમ કલા-કારીગરી સુશોભનના વિષયો બન્યા.

પ્રાચીન આરબોને મન તંબુ તેમનું ઘર, ખુલ્લી હવા તેમનું મંદિર અને રણની રેતી તેમનું કબ્રસ્તાન હતાં.

આજે પણ રણદ્વીપ પર સૂર્યના તાપમાં તપાવેલી ઈંટોની ચાર દીવાલો અને તે પર ખજૂરીના થડના ટેકે મૂકેલું સપાટ છાપરું આરબનું ઘર બને છે. પવિત્ર કાબા પણ ઉપરથી ખુલ્લી ચાર દીવાલોની ચોરસ ઈમારત છે. ( જુઓ પાનું–૯૯ )

મદીનામાંની મહમ્મદની સાદી મસ્જિદની રચના પાછળથી સમૂહ પ્રાર્થના માટેની મસ્જિદો માટે નમૂના રૂપ બની. આ મસ્જિદ સૂર્યના તાપમાં તપાવેલી ઈંટોની ચાર દીવાલો વચ્ચે ખુલ્લા ચોગાનવાળી હતી. પાછળથી પયગમ્બરના રક્ષણ માટે બાજુના મકાનનું સપાટ છાપરું લંબાવી તેના ટેકા માટે ખજૂરીના થડિયાનો

ઉપયોગ કરવામાં આવ્યો. થડિયું આ સાદી મસ્જિદનું મિમ્બર (ઝરુખો) બન્યું; જેના પર ઊભા રહી પયગમ્બર વાયઝ આપતા. પાછળથી મિમ્બર તરીકે લાકડાનું વ્યાસપીઠ બનાવવામાં આવ્યું જે પર પહોંચવા ખ્રિસ્તી દેવળની નકલ પ્રમાણે ત્રણ પગથિયાં બનાવવામાં આવ્યાં.







દમાસ્કસ : સિરીયાનું પ્રાચીન શહેર
ઉપર : દમાસ્કસ નગર
વચ્ચે : ઉમૈયાની મસ્જિદની અંદરનો ભાગ
નીચે : ઉમૈયાની મસ્જિદ

આરબો તેમના અનેક પ્રદેશો પરના વિજયો દરમિયાન પરાજિત પ્રદેશોનાં સ્થાપત્ય અને સ્થપતિઓના પરિચયમાં આવ્યા અને અસલની સાદી મસ્જિદ સ્થાનિક જરૂર પ્રમાણે પરિવર્તનો પામી અત્યારના સ્વરૂપે વિકાસ પામી અને તે સારસેનિક, અરબ કે મુસ્લિમ સ્થાપત્ય કલાના નામે જાણીતી બની. સીરિયા અને ઈજિપ્તમાં મુસ્લિમોએ ગ્રીસ, રોમ અને બાઈઝેન્ટાઈનની પરંપરા પ્રમાણે સ્થાપત્ય વિકસાવ્યું. ઈરાક અને ઈરાનમાં ઈરાની, સસન (ઈરાની), ખાલ્ડિયન (બેબીલોની) અને આસીરિય (અપર ટાઈગ્રિસ પ્રદેશ—મેસોપોટેમિયાની) શૈલી તેણે ગ્રહણ કરી. ઈરાનમાં આ શૈલી વિકસી, નવો સમન્વય પામી તેણે નવું નિર્માણ કર્યું. સ્પેન અને ઉત્તર આફ્રિકાનું મુસ્લિમ સ્થાપત્ય સ્થાનિક ખ્રિસ્તી, બર્બર અને વિશિગૉથની શૈલીને અનુસર્યું અને ભારતના મુસ્લિમ સ્થાપત્યે હિંદુ શૈલીનું અનુસરણ કર્યું. ચીનમાં તેણે બૌદ્ધ મંદિરનું સ્વરૂપ અપનાવ્યું. ઈ. સ. ૬૩૭–૩૮માં બસરાની પહેલી મસ્જિદ બંધાઈ. ઈ. સ. ૬૪૨માં અરબ સરદાર અમરે અલ-ફુસ્તાત(ઈજિપ્ત)માં પહેલી મસ્જિદ બંધાવી. મુસ્લિમો જિતાયેલા પ્રદેશોમાં મોટા ભાગે જૂની ઈમારતોનો મસ્જિદ માટે ઉપયોગ કરતા હતા. દમાસ્કસમાં વાલીદ પહેલા(ઈ. સ. ૭૦૫–૧૫)એ સેંટ જૉનના ખ્રિસ્તી દેવળમાં ફેરફાર કરી મસ્જિદ બંધાવી. હિમ્સમાં એક જ જૂની ઈમારતનો મુસ્લિમો અને ખ્રિસ્તીઓ તેમનાં ધર્મસ્થાન તરીકે ઉપયોગ કરતા. ખ્રિસ્તી દેવળોનું 'ઑલ્ટર' મસ્જિદમાં 'મિહરાબ' બન્યું અને તેટલું જ પવિત્ર ગણાયું. ઉમૈયાઓએ મિહરાબની માફક મસ્જિદના સ્થાપત્યમાં મિનારા ઉમેર્યા. પ્રારંભમાં આ મિનારા ચોકી માટે હોઈ દેવળના ટાવર જેવા ચોરસ હતા. ઍલેક્ઝાંડ્રિયાની દીવાદાંડી ત્યાંની મસ્જિદના મિનારા માટે નમૂનારૂપ નીવડી. ઈરાકમાં મિનારા આસીરિયન જીગુરતની શૈલીના હતા. જેરુસલેમમાં બીજા ખલીફ અબદલ મલિકે (ઈ. સ. ૬૮૫–૭૦૫) ખ્રિસ્તી ચર્ચ ઑફ સેપલકરને પણ આંજી નાખે તેવો ઘુમ્મટ બાંધ્યો જે 'ડોમ ઑફ રૉક'નાનામે પ્રસિદ્ધ બન્યો.

અહીં જ ૩૪ એકર પર સંકુલ ઊભો કરાયો, તેમાં ડોમ ઑફ રૉક (જુઓ પાનું પાનું–૧૦૬), અક્સા મસ્જિદ, કબરો, દરવેશનાં આશ્રયસ્થાનો અને જાહેર ફુવારાઓનો સમાવેશ થાય છે.

મદીનાની પહેલી સાદી મસ્જિદ અને દમાસ્કસની ઉમૈયા મસ્જિદ (જુઓ સામે પાને) વચ્ચેના સમય ગાળામાં જુમાની સામૂહિક-પ્રાર્થના માટેની મસ્જિદના સ્થાપત્યનો વિકાસ થયો. અબ્બાસ ખલીફાએ બગદાદમાં મસ્જિદો, મહેલો બંધાવ્યાં જેના અવશેષો પણ આજે રહ્યા નથી.

સ્પેનમાં ઈ. સ. ૭૮૬માં અબદલ રહેમાન પહેલા(૭૫૬–૮૮)એ કોર્ડોવાની મસ્જિદનો પાયો નાખ્યો. તેના પુત્ર હિશામ પહેલા(૭૮૮–૯૬)એ ૭૯૩માં તેનો મુખ્ય ભાગ પૂરો કર્યો. આ મસ્જિદના છાપરાને ટેકો આપવા ૧૨૯૩ સ્તંભો ઊભા કરવામાં આવ્યા. ખ્રિસ્તી દેવળના ઘંટમાંથી બનાવેલા દીવા મસ્જિદને રોશની આપવા લાગ્યા. તેના મોટા ઝુમ્મર પર એક હજાર દીવા પ્રગટાવવામાં આવતા.

સ્પેનમાં બિનધાર્મિક સ્થાપત્યોમાં સેવિલનું અલ્કાઝાર અને ગ્રેનેડાનું અલ હમ્બરા (જુઓ પાનું–૧૨૨) પ્રધાન સ્થાન મેળવે છે. અબદલ રહમાન ત્રીજાએ તેની ઉપ-પત્ની ઝહરાના નામે બંધાવેલા અલ-ઝહરાની અસલ નિત્યતા દર્શાવતું કશું જ રહેવા પામ્યું નથી.

ઈરાનીઓએ પરાપૂર્વથી સુશોભન અને રંગ મિલાવટની કલા હસ્તગત કરી હતી. તેમના દ્વારા આ કલા પરાકાષ્ઠાએ પહોંચી. આમાં ખાસ કરીને ગાલીચાની કલા મશહૂર છે. મુસ્લિમોએ માટીકામ, ધાતુકામ અને વણાટકામ વિકસાવ્યાં.

## ગણિતશાસ્ત્ર અને ખગોળવિદ્યા

આરબોની કુતૂહલ વૃત્તિને ભારતના ગણિતશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રોએ આકર્ષી. ૭૧૧માં એક હિંદી પ્રવાસી ખગોળ પરનું 'સિદ્ધાંત' નામનું સંસ્કૃત પુસ્તક બગદાદમાં લાવ્યો. જેનો મામુનના ફરમાનથી ૭૯૬માં અને ૮૦૬ની વચ્ચે મહમ્મદ ઈબ્ન–ઈબ્રાહીમ અલ–ફઝારીએ અનુવાદ કર્યો. ફઝારી કદાચ પ્રથમ મુસ્લિમ ખગોળ-વેત્તા હતો. 'સિદ્ધાંત'ને લાવનાર ભારતીએ 'ગણિતશાસ્ત્ર'નો ગ્રંથ પણ આણ્યો, જેનો પણ ફઝારીએ અનુવાદ કર્યો. આ ગ્રંથે આરબોને ભારતીય અંકથી પરિચિત કર્યા અને યુરોપમાં પણ ભારતીય અંકો આરબ વિદ્વાનો અને અરબી ગ્રંથો દ્વારા પહોંચ્યા, આથી ભૂલથી તે 'અરબી-અંકો' કહેવાયા. નવમી સદીમાં ભારતીઓ તરફથી આરબોને દશાંશ પદ્ધતિ મળી. એક ખ્રિસ્તી ધર્મગુરુના ગ્રીક ગ્રંથમાં (ઈ. સ. ૬૨૨) ભારતીય અંકનો ઉલ્લેખ છે.

નવમી સદીના પ્રારંભમાં પ્રમાણમાં ચોક્કસ ગણાય તેવાં સાધનોની મદદથી આકાશી પદાર્થોનાં અવ-લોકનોનો પ્રારંભ થયો. બગદાદમાં વેધશાળાની સ્થાપના આપણે જોઈ ગયા છીએ. અહીં ટૉલેમીના 'આલ્મા જેસ્ટ'ના સિદ્ધાંતોની કસોટી પણ થવા લાગી. પૃથ્વીની દીર્ઘવૃત્તિ ભ્રમણ કક્ષા, વસંત અને શરદના સંપાતો અને સૌર વર્ષની લંબાઈ વિશે મુસ્લિમોએ ઘણું જ્ઞાન મેળવ્યું. ઈબ્રાહીમ અલ–ફઝારી(મૃ. ૭૭૭)એ ગ્રીક નમૂનાના આધારે સૂર્ય, ચંદ્ર, તારા અને નક્ષત્રોનાં અંતર, અક્ષાંશ અને રેખાંશ જાણવા માટેનું સાધન 'એસ્ટ્રોલાબ' બનાવ્યું. સૂર્ય પરનાં ધાબાંઓનો અભ્યાસ કરવા મામુને નિષ્ણાતોની નિમણૂક કરી. આ નિષ્ણાતોએ એક સાથે પાર્મેમરા અને સિંજારમાં સૂર્યના સ્થાનની ગણતરીથી પૃથ્વી પરના અંશ નક્કી કર્યા અને પ્રત્યેક અંશના ૫૬$\frac{2}{3}$ અરબ માઈલ (અત્યારની ગણતરી કરતા માત્ર $\frac{2}{3}$ માઈલ જ વધારે) ગણ્યા અને તેના આધારે પૃથ્વીના પરિધની ગણતરી ૨૦,૪૦૦ માઈલ અને વ્યાસની ગણતરી ૬,૫૦૦ માઈલની થાય.

ખ્વારિઝમના ખગોળના કોઠાના આધારે બે સદી બાદ સ્પેનના ખગોળવેત્તા મસલમાહ અલ–મજરીતીએ સુધારા કર્યા.

તુર્કસ્તાનના અબુ–અલ–અબ્બાસ અહમદ અલ–ફરઘાનીએ ઈ. સ. ૮૬૦માં ખગોળ પર એક પુસ્તક લખ્યું. અબુ અબદુલ્લા મહમ્મદ ઇબ્ન–જાબિર અલ–બત્તાની(૮૭૭–૯૧૦)એ ટૉલેમીના સિદ્ધાંતમાં સુધારા કર્યા અને ચંદ્ર અને કેટલાક ગ્રહોના ભ્રમણ સમયની ગણતરી કરી સૂર્યગ્રહણો વિશે ચોક્કસ નિયમો ઘડયા. પૃથ્વીની ભ્રમણકક્ષાનું ચોક્કસ માપ કાઢયું.

ગઝનીનો અલ–બિરુની (૯૭૩–૧૦૪૮) મોટો પ્રવાસી, ભૂગોળવેત્તા, ભાષાવિદ્, ગણિતી, ખગોળશાસ્ત્રી, કવિ અને ભૌતિકશાસ્ત્રનો વિદ્વાન હતો. તે અરબી, ફારસી, સંસ્કૃત, હિબ્રૂ અને સીરિયક ભાષા જાણતો. ખ્વારિઝમ અને તબારિસ્તાનમાં માનભર્યું સ્થાન ધરાવવા ઉપરાંત ગઝનીના મહેમુદના દરબારનું તે રત્ન હતો. મહેમુદની સાથે ભારતના આક્રમણ દરમિયાન તે ભારત આવ્યો ને તેણે ભારતના ઈતિહાસ પર પુસ્તક લખ્યું. ભગવદ્ગીતા તેનું પ્રિય પુસ્તક હતું. સંખ્યાબંધ સંસ્કૃત ભાષાનાં વિજ્ઞાનનાં પુસ્તકોનો તેણે અરબીમાં અનુવાદ કર્યો અને યુક્લિડના 'એલિમેન્ટ્સ' તથા ટૉલેમીના 'આલ્મેજેસ્ટ'નો સંસ્કૃતમાં અનુવાદ કરી સંસ્કૃત પ્રત્યેનું ઋણ અદા કર્યું. તેણે ઈરાનીઓ, સીરિયનો, ગ્રીકો, યહૂદીઓ, ખ્રિસ્તીઓ, સાબિયનો, જરથુષ્ટ્રીઓ અને આરબોનાં પંચાંગો અને ધાર્મિક પર્વો વિશે પુસ્તક લખ્યું.

યુરોપ અને અન્ય દેશોમાં રૂબાયતના લેખક-કવિ તરીકે વિખ્યાત ઉમર ખય્યામ મોટો ગણિતી, ખગોળવેત્તા અને પંચાંગ સુધારક હતો. સેલજુક સુલતાન મલિક શાહે ત્યારના પ્રચલિત પંચાંગમાં સુધારો કરવાનું કામ ઉમર ખય્યામને સોંપ્યું. તેણે અભ્યાસ અને સંશોધનના આધારે અત્યાર સુધીનાં સૌ પંચાંગોમાં ખૂબ જ વૈજ્ઞાનિક પંચાંગ રચ્યું. પણ ધર્મની શ્રદ્ધા આગળ તેની વૈજ્ઞાનિક વાત કોઈએ સ્વીકારી નહીં.

જ્યોતિષશાસ્ત્રને હમેશાં ખગોળવિદ્યાની આનુષંગિક વિદ્યા ગણવામાં આવી છે. ખુરાસનના બલ્ખનો અબુ–મશર (મૃ. ૮૮૬) આ ક્ષેત્રમાં મહત્ત્વનો ગણાય છે.

---

**ગઝનીના વિખ્યાત પ્રવાસી અલ-બિરુનીનું પ્રિય પુસ્તક ભગવદ્ગીતા હતું. તેણે સંખ્યાબંધ સંસ્કૃત ગ્રંથોનું અરબીમાં ભાષાંતર કરેલું.**

---



ઉમર ખય્યામ



હાફિજ

**કવિ ઉમર ખય્યામ** તેની રૂબાયતો માટે જાણીતો છે. તે વિખ્યાત ખગોળવેત્તા અને ગણિતી પણ હતો. **હાફિજ :** ૧૪મી સદીનો આ વિખ્યાત પર્શિયન કવિ શિરાજનો વતની હતો. તેનું મૂળ નામ સમસુદ્દિન મહમ્મદ હતું.




# ખંડ ૫ : ચીન (રાજકીય-સાંસ્કૃતિક)


ચીન
૨૮-પ્રાંતો
યુ.એસ.એસ.આર
મોંગોલિયા
હેલુંગકિયાંગ
કીરિન
ચાહાર
જહોલ
સિંકિયાંગ
સ્યુયાન
કોરિયા
હોપા
ચીનહાઈ
કાન્સુ
શેનશી
હોનાન
જાપાન
તીબેટ
શિચવાન
હૂપે
નેપાલ
શીકાંગ
હૂનાન
કીઆંગશી
ક્વાજો
ભારત
ક્વાંગસી
ક્વાંગટુંગ
ફોર્મોસા
યુનાન
બર્મા
ઇન્ડોચીન
થાઇલેન્ડ

# ૧ : ભૂમિકા અને પૂર્વરંગ

## ભૂમિકા

યુરોપ અને અરબ દેશોના ઈતિહાસ જોઈ ગયા બાદ દૂર પૂર્વની મહાન અને અતિ પ્રાચીન સંસ્કૃતિનું સાતત્ય જાળવનાર ચીનના મધ્યકાલીન ઈતિહાસનું અવલોકન કરતાં, આ સમય દરમિયાનની તેની સંસ્કૃતિની અવિચ્છિન્ન પરંપરાનાં દર્શન થાય છે.

યુરોપને સળંગસૂત્ર કાનૂની વહીવટ અને રાજકીય તથા સાંસ્કૃતિક મહત્તા આપનાર રોમના સામ્રાજ્યનો જંગલી પ્રજાઓએ નાશ કર્યો ત્યાર પછી એ જૂની રોમન સંસ્કૃતિ અને પરંપરા સદાને માટે લુપ્ત થઈ ગઈ. આ રોમન પરંપરાનું સ્થાન નવોદિત ખ્રિસ્તી ધર્મ અને તેના વડા આચાર્ય પોપે સ્થાપેલી ધર્મતંત્ર(ચર્ચ)ની પ્રણાલીએ લીધું; પરંતુ જૂની પરંપરા તો સદાના માટે અસ્ત પામી ગઈ. ખ્રિસ્તી ધર્મના પ્રભાવ હેઠળ યુરોપની ઈ.સ. પૂર્વેની ગ્રીક-રોમન વિદ્યાઓનાં દ્વાર પણ બંધ થઈ ગયાં અને જ્યાં સુધી આ ઓથાર દૂર થયો નહીં અને જૂની વિદ્યાઓની પરંપરા તરફ યુરોપ પાછું ફર્યું નહીં ત્યાં સુધી એક હજાર વર્ષ કરતાં પણ વધારે સમય માટે યુરોપમાં અંધકાર યુગ છવાઈ ગયો.

આરબ દેશોનો ઈતિહાસ યુરોપના ઈતિહાસ કરતાં જુદી ભાત પાડે છે. નવું સંગઠન અને ઝનૂની ધર્મભાવના લઈને આવેલા ઈસ્લામે જ્યાં જ્યાં વિજયો મેળવ્યા ત્યાં ત્યાં તેણે જૂની પરંપરા તોડી નાખી, નવી પરંપરા, નવા આદર્શો અને નવાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોની સ્થાપના કરી. ખ્રિસ્તી ધર્મની માફક તેણે જૂની વિદ્યાઓનો નાશ કર્યો નહીં પરંતુ આ વિદ્યાઓનું તેમની આગવી રીતે સંસ્કરણ કર્યું. તેમણે નવું કંઈ સર્જન કર્યું નહીં હોય તોપણ આ જૂની વિદ્યાઓનું સાતત્ય જાળવ્યું અને તેની દેણ જગતને કરી પોતે લગભગ અંધકાર તરફ ધકેલાઈ ગયો.

આ સમયના ચીનના ઈતિહાસ તરફ દૃષ્ટિપાત કરતાં એક વિશિષ્ટ ઘટના નજરે પડે છે. તે એ કે ભારતમાં ઉદ્‌ભવેલા બૌદ્ધ ધર્મે ચીનમાં પ્રવેશ કર્યો હતો. આ દુન્યવી જીવનને સમૃદ્ધ કરી તેનું નિયમન કરનાર વિચારપરંપરા ધરાવનાર ચીનને હવે પછીનાં જીવન અથવા જીવનની મુક્તિરૂપ નિર્વાણના આદર્શો આપનાર બૌદ્ધ ધર્મ તેની પ્રાચીન પરંપરાના સંઘર્ષમાં આવે તે પહેલાં જ આ પરંપરામાં એકરૂપ બન્યો અને નવી જ સંશ્લિષ્ટ સાંસ્કૃતિક પરંપરા ઊભી કરવામાં કારણભૂત બન્યો. આ સમન્વયના પરિણામે ચીને પોતે જ એક એવી બૌદ્ધિક અને નૈતિક ભૂમિકા ઊભી કરી જેનો ન કોઈ અસંસ્કૃતિનાં આધિપત્ય કે નવાં ધર્મનાં પરિબળોએ નાશ કર્યો. ચીનના સાંસ્કૃતિક નદમાં જે કંઈ પ્રવાહો ચારે બાજુએથી આવ્યા તે તેમાં ભળી ગયા અને એક મહાનદનું સ્વરૂપ ધારણ કરી ચીનને વધુ સમૃદ્ધ કરતા રહ્યા.

વિશ્વ ઈતિહાસના વિશાળ ફલક પર જોતાં યુરોપ અને ચીનના મધ્યકાલીન ઈતિહાસમાં લગભગ સમાંતર પ્રવાહો વહેતા જોવામાં આવે છે. એશિયાના પશ્ચિમ, વાયવ્ય અને ઈશાનમાં આવેલા વિશાળ પ્રદેશોમાં રહેતી તુર્ક અને મોંગોલ કુળની યાયાવર પ્રજાઓએ તેનાં પાડોશી ચીન અને પશ્ચિમે યુરોપમાં વિસ્તરેલાં રોમન સામ્રાજ્યો પર હલ્લાઓના સતત મારા ચલાવ્યે રાખ્યા. આ પ્રવાહો હેઠળ રોમન સામ્રાજ્ય નાશ પામ્યું. ચીન પર પણ આક્રમણો કરી પરંપરાઓથી ચાલ્યા આવતા તેના રાજવંશોને દૂર કરી પોતાનાં અલ્પ-જીવી સામ્રાજ્યો સ્થાપ્યાં. વાસ્તવમાં તો ચીનના પ્રબળ રાજકીય અને સાંસ્કૃતિક પ્રવાહોએ આ જંગલી પ્રજાઓના માર સહન કરતી વખતે પણ અડગ રહી તેમને યુરોપ તરફ ધકેલ્યા. ખરું જોતાં આ જંગલી પ્રજાઓના પ્રહારોની શરૂઆત ચીનથી થઈ પરંતુ ચીને આ પ્રજાઓના પ્રહારો સામે ૧૫૦૦ માઈલ લાંબી અડીખમ દીવાલ બાંધી સ્વ-રક્ષણ ઊભું કર્યું અને તેમના પ્રહારોની દિશા પશ્ચિમ તરફ વાળી. આ ધાડાંનાં આગમનને પરિણામે વચલા પ્રદેશોના ભટકતા હૂણો સ્થાનભ્રષ્ટ બન્યા અને ઈસુની ચોથી-પાંચમી સદી સુધીમાં તો તેઓ યુરોપમાં પ્રવેશી રોમન સામ્રાજ્યને હચમચાવી મૂકવા લાગ્યા.



૧૫૦૦ માઈલ લાંબી ચીનની અડીખમ દીવાલ

પશ્ચિમ અને મધ્ય એશિયાની આ ભટકતી પ્રજાઓનાં આક્રમણોની પરંપરાથી યુરોપ પર સાંસ્કૃતિક અંધકાર યુગ છવાઈ ગયો, એટલું જ નહીં પરંતુ બારમી અને તેરમી સદીનાં આ જ પ્રજાઓનાં આક્રમણોએ

પશ્ચિમ એશિયામાં આરબ વિદ્યાઓએ જે સાંસ્કૃતિક અને ભૌતિક સમૃદ્ધિનું નિર્માણ કર્યું હતું તેનો પણ નાશ કરી આ વિશાળ પ્રદેશને વેરાન કરી મૂકયો, એ આપણે અગાઉના ખંડોમાં જોઈ ગયા છીએ. આજે પણ આ પ્રદેશોમાંથી આ વિનાશના અવશેષો લુપ્ત થયા નથી. આ પ્રજાઓએ છેવટે ઈસ્લામ ગ્રહણ કર્યો પરંતુ અરબ અને ઈરાનના ઈસ્લામે મધ્ય યુગની સંસ્કૃતિને ઘડવાનું જે કામ કર્યું હતું તેવું કોઈ મહત્ત્વનું કામ ઈસ્લામ ગ્રહણ કરનાર આ તુર્ક, મોંગોલ કે હૂણ પ્રજાએ કર્યું નહીં. બીજી બાજુ, આ પ્રજાઓએ ચીન પર સતત આક્રમણો કર્યાં છે; તેના રાજવંશોને ઉથલાવી મૂકયા છે; ચીનના રાજકીય અને સાંસ્કૃતિક મહાવૃક્ષને તેના ઝંઝાવાતમાં હચમચાવી મૂકયું છે પરંતુ તેને તેઓ ઉચ્છેદી શકયા નથી.

વિશાળ ફલકની આટલી ભૂમિકા જોઈ લીધા પછી ચીનના ઈતિહાસની મોટી મોટી ઘટનાઓનું આપણે વિહંગાવલોકન કરી લઈએ.

યુરોપના મધ્યકાલીન ઈતિહાસના આલેખન માટે આપણે રોમના પતન અને વિદ્યાના નવજાગૃતિ અને ધર્મસુધારણા વચ્ચેના પાંચમીથી લગભગ સત્તરમી સદીના સમયને આવરી લીધો છે. અરબ દેશોનો ઈતિહાસ સમજવા આપણે ઈસ્લામના ઉદયથી અર્થાત્ સાતમી સદીથી સ્પેનમાં અરબ સત્તાનાં વળતાં પાણી થયાં અને કૉન્સ્ટેન્ટિનોપલના નાશ પર વિશાળ ઑટોમન સામ્રાજ્ય સ્થપાયું ત્યાં સુધીના સમયને આવરી લીધો છે. આમ, આ બન્નેના ઈતિહાસ પૂરતો અર્વાચીન અને પ્રાચીન એવા બે સ્પષ્ટ યુગો વચ્ચેનો, સમય તારવવાનું સરળ હતું. પરંતુ, ચીનના મધ્યયુગી ઈતિહાસ માટે આ સમયખંડ બંધ બેસે તેમ નથી. એ માટે ચીનના ઈતિહાસની પ્રાચીન પરંપરામાં નવું પ્રસ્થાન મંડાયું ત્યારથી તેના સંવૃત્ત સમાજમાં પરદેશી-ઓના પ્રવેશ સુધીનો સમયખંડ આવરી લેવો જરૂરી છે. એટલે કે ઈસુની લગભગ પહેલી સદીથી શરૂ કરી ૧૯૧૨માં ચીનની ક્રાંતિમાં લુપ્ત થઈ જનાર મંચુ વંશની સ્થાપના (૧૬૪૪) સુધીના લાંબા સમય પટને આવરી લઈશું.

## પૂર્વરંગ

ચીનના પ્રાચીન ઈતિહાસમાં મહત્ત્વનું પરિવર્તન લાવનાર મહાન સમ્રાટ શિહ હુઆંગ ટી (ઈ. પૂ. ૨૨૧–૨૦૯) ગણાય છે. પરંપરાથી ચાલી આવતી સામંતશાહી પરંપરાનો તેણે નાશ કર્યો, ચીનના પ્રાંતોની નવેસરથી રચના કરી અને આ સૌ પર પોતાનાં કુટુંબના નબીરાઓને પ્રાંત-પતિ નીમી એકચક્રી સત્તાની સ્થાપના કરી. આ રાજકીય પરિવર્તન જાણે પૂરતું ન હોય તેમ તેણે આગલી સાંસ્કૃતિક અને બૌદ્ધિક પરં-પરાનો નાશ કરવાના હેતુથી તેને આધાર આપતા સઘળા ગ્રંથોને ચારે બાજુએથી એકત્ર કરી સળગાવી દીધા. વાંસની ચીપો ઉપર લખાયેલા આ ગ્રંથો એકઠા કરવાનું કામ સરળ હતું. જોકે આવા પ્રતાપી અને શક્તિશાળી સમ્રાટના આદેશોની અવગણના કરી, કયાંક કોઈ વીરલાઓએ એ ગ્રંથોને સર્વનાશમાંથી ઉગારી લેવા મકાનની ભીંતો અને ભોંયરાંમાં ભંડારી દીધા. માનવીની સ્મૃતિમાં જાળવી રખાયેલી વિદ્યા, ભંડારાયેલા ગ્રંથો અને પ્રાચીન પરંપરાના આદ્ય મહર્ષિ કન્ફ્યુશિયસના વંશજોએ, આ મહાવિનાશ છતાં, શુદ્ધ રીતે કે પ્રક્ષેપો કરીને આ વિદ્યાનો પુનરુદ્ધાર કર્યો. પ્લેટો અને ઍરિસ્ટૉટલની ઍથેન્સની અકાદમીનાં દ્વાર જસ્ટિનિયને સદાના માટે બંધ કર્યાં ત્યાં સુધીમાં તો ગ્રીસની વિદ્યા વિલાઈ ગઈ હતી, તેવું ચીનમાં શકય ન થયું.

આમ, પ્રાચીન પરંપરામાં રાજકીય અને સાંસ્કૃતિક ક્રાંતિ લાવનાર શિહ હુઆંગ ટીએ પોતાનો વંશ દસ હજાર વર્ષ ચીન પર આધિપત્ય ભોગવશે તેવી આશાએ, પોતાનું નામ પ્રથમ મહાન સમ્રાટના પર્યાય તરીકે, શિહ હુઆંગ ટી રાખ્યું. અને પોતાના પ્રથમ, દ્વિતીય, તૃતીય એમ છેક દસ હજાર સુધીના અનુગામીઓનો અનુક્રમ ઠરાવ્યો. ચીનની મહાન દીવાલ બાંધનાર, સમસ્ત દેશમાં એકસરખા તોલમાપ ઠરાવનાર, પાટનગર અને પ્રાંતોને સાંકળવા રાજમાર્ગો બાંધી એકચક્રી રાજ કરનાર, વાહનવ્યવહાર સરળ બને તે માટે વાહનોની ધરીનું એક સરખું માપ યોજનાર, આ પ્રથમ મહાન રાજવી પછી પૂરી પેઢી તો શું એક દસકોય તેના વંશનું રાજ્ય ટકયું નહીં. આ સમ્રાટની ત્રીજી પેઢી રાજનો દોર હાથમાં લે તે પહેલાં સઘળો કારભાર જનાન-ખાનાના ષંઢોના હાથમાં પડયો અને જનાનખાનાના ષંઢો અને નબળા રાજવીની રાણીનાં સગાંઓની ખટપટો ચીનના રાજવંશોને લાગેલા કેન્સરરૂપ નીવડી.


શાંગ સામ્રાજ્ય
(ઈ.પૂ.૧૫૨૦-૧૦૨૭
આનયાંગ


ચાઉ સામ્રાજ્ય
(ઈ.પૂ.૧૦૨૭ - ૨૫૬)

## ૨ : હાનવંશ (ઈ. પૂ. ૨૦૨ ઈ. સ. ૨૨૧)

પંઢોના રાજકાજથી પ્રજા ત્રાસી ગઈ. હૂપેના એક સાધારણ સૈનિક ચી એન શીએ લશ્કરો જમાવ્યાં. અને બળવો પોકારી ચુ, હાન, વાઈ, ચાઓ અને ચીમાં રાજકુટુંબના નબીરાઓને રાજવીઓ તરીકે જાહેર કર્યા. પ્રજાના આ બળવામાં આગળ પડતો ભાગ ભજવનાર સાધારણ ખેડૂત કુટુંબમાં જન્મેલા લિયુ પાંગે એક સૈન્યની આગેવાની લઈ પાટનગર સીન યાંગ પર ચડાઈ કરી તેને શરણે આણ્યું. સમ્રાટને તેના પંઢોએ જ ખતમ કર્યો. તેનો વારસ ૪૩ દિવસનું નામનું શાસન ભોગવી ગાદી છોડી, બળવાખોરોને શરણે ગયો.

બળવાખોર સરદારે રાજ્યોના પ્રાંતોની નવેસરથી રચના કરી અને અગાઉનાં વંશપરંપરા પર આધારિત સામંતી વ્યવસ્થા ખતમ થઈ ગઈ હોઈ પોતાના સાગરિતોને પ્રાંતપતિ બનાવ્યા. પાંચેક વર્ષના સંઘર્ષો બાદ પાટનગરનો કબજો મેળવી આ લિયુ પાંગ કાઓ ત્સુ નામ ધારણ કરી સર્વસત્તાધીશ બન્યો અને હાન નદી પર ઝેચવાન અને શેન્સી પર પ્રભુત્વ મેળવી હાન નદીના નામ પરથી હાન વંશની તેણે સ્થાપના કરી. આ વંશે લગભગ ચાર સદી (ઈ.પૂ. ૨૦૨ થી ઈ.સ. ૨૨૧) સુધી રાજ કર્યું.

કાઓ ત્સુએ રાજની લગામ લીધી ત્યારે તેની પાસે કોઈ પરંપરા ન હતી. તેણે શ્રેણીબંધ વ્યવસ્થા ઊભી કરી પરંતુ એમાં ઉમરાવો કે સામંતો ન હતા. જૂની વ્યવસ્થામાં વંશપરંપરામાં સામંતોના હાથમાં જ સર્વસત્તા રહેતી, તેના બદલે નવી વ્યવસ્થામાં નવા પ્રાંતપતિઓ દ્વારા સમ્રાટ પોતે સર્વસત્તાધીશ બન્યો. આ વ્યવસ્થામાં જન્મ કરતાં આવડત અને હોશિયારીએ સ્થાન મેળવ્યું અને નિમણૂકો સમ્રાટ દ્વારા થતી હોઈ વહીવટકર્તાઓ સમ્રાટને વફાદાર રહ્યા. સમ્રાટ વુ ટી(ઈ. પૂ. ૧૪૧–૮૭)ના સમય સુધીમાં વંશપરંપરા પર આધારિત સામંતશાહી નિર્મૂળ બની ગઈ અને ચુન ત્જુ નામનો નવો ભણેલો વર્ગ વહીવટી તંત્રમાં પ્રવેશ્યો. હાન સમ્રાટોએ નવા શિક્ષિત વર્ગોને આગળ કર્યા, એટલું નહીં, પ્રાચીન પરંપરા અને સાહિત્યને પ્રોત્સાહન આપ્યું. શિહ હુઆંગ ટીએ જે સામંતી વ્યવસ્થાને ફટકો માર્યો હતો તેને હાન સમ્રાટોએ સદાને માટે નાબૂદ કરી; અને શિહ હુઆંગ ટીની આગમાંથી બચેલી કન્ફ્યુશિયસની પરંપરાને પુનઃ પ્રતિષ્ઠિત કરી.

વંશપરંપરાની સામંતશાહીનો નાશ થવાથી હાન વંશ અને ત્યાર પછીના રાજવંશોમાં એક નવું અનિષ્ટ પ્રવેશ્યું. અગાઉની વ્યવસ્થા હેઠળ રાજવંશો દૂર દૂરનાં સામંત કુટુંબોની સાથે લગ્ન સંબંધથી જોડાતાં. પરિણામે, દૂરનાં સામંત કુટુંબો શાહી કુટુંબોની ખટપટોથી અલિપ્ત રહેતાં. હવે, સામંત પરંપરાના નાશ પર રચાયેલા હાન વંશ અને ત્યાર પછીના વંશોનાં રાજકુટુબો તેમની પ્રજાનાં કુટુબોની સાથે લગ્ન દ્વારા જોડાતાં, પરિણામ ઊલટું આવ્યું. આવાં લગ્નોની સાથે સંકળાયેલાં કુટુંબો પાટનગરની સમીપ હોઈ રાજખટ-પટમાં પ્રત્યક્ષ રીતે હસ્તક્ષેપ કરતાં થયાં. રાજવી પ્રબળ હોય ત્યાં સુધી આવાં કુટુંબો પ્રત્યક્ષ રીતે કશો જ પ્રભાવ પાડી શકતાં નહીં, પરંતુ રાજવી સગીર કે નિર્બળ હોય ત્યારે રાજમહેલમાં રિજંટ બનેલી વિધવા રાજમાતાઓ, તેનાં સગાંઓ અને જે પંઢોના હાથ નીચે બાળરાજવી ઉછર્યો હોય તે અભણ અને અસંસ્કારી પંઢો કાવતરાં અને ખટપટો ઊભી કરતા. બાળરાજાના લગ્નનો પ્રસંગ ઊભો થતાં નવાં કુટુંબો પણ આ ખટપટમાં ભળતાં. ખટપટો અને કાવતરાં ઘણી વાર રાજકુટુંબના અગત્યના સભ્યોની હત્યામાં પણ પરિણમતાં. રાજગાદી આમ વિરોધી તત્ત્વોની સાઠમારીમાં એક દિશામાંથી બીજી દિશામાં ફંગોળાતી.

આવી ખટપટોની શરૂઆત પ્રથમ હાન સમ્રાજ્ઞીનાં લુ કુટુંબે કરી અને ત્યાર બાદની સમ્રાજ્ઞીનાં કુટુંબો પણ આ પગલે ચાલ્યાં. હાન યુઆન ટી(ઈ. પૂ. ૪૯–ઈ. સ. ૩૩)ની સાથે વાંગ કુટુંબ લગ્નગ્રંથિથી જોડાયું હતું અને છેવટે આ જ કુટુંબના વાંગ માંગે હાન રાજવીને હટાવી ગાદી પચાવી પાડી. પરંતુ વાંગ માંગ (ઈ. પૂ. ૯–ઈ. સ. ૩૩) માત્ર ચૌદ વરસ જ રાજગાદી ભોગવી શક્યો. ગાદી ગુમાવનાર હાન વંશને

પ્રાંતોમાંથી ટેકો મળી ગયો અને કુઆંગ વુ ટા ગાદી મેળવી શક્યો. તેણે તેનું પાટનગર હોનાન પ્રાંતમાં લો આંગમાં ખસેડયું પરિણામે હાન વંશના અમલમાં બે ભાગ પડયા. એક ભાગ પશ્ચિમ અથવા પ્રાગ્ હાન વંશ (ઈ. પૂ. ૨૦૬ થી ઈ. સ. ૨૫) કહેવાયો અને બીજો ભાગ પૂર્વ કે ઉત્તર હાન વંશ (ઈ. સ. ૨૫–૨૨૧) કહેવાયો.

હાન વંશના અમલ દરમિયાન દરબારી ખટપટ ઉપરાંત નવા ઊભા થઈ રહેલા પરંતુ રાજકીય રીતે સત્તા વિહોણા વર્ગો તરફથી મુશ્કેલીઓ વધવા લાગી. આર્થિક મુશ્કેલીઓ પણ વધી ગઈ. નિત્ય જરૂરની વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા જેના માટે વેપારી વર્ગને જવાબદાર ગણી તેમના પર નિયંત્રણો મૂકવામાં આવ્યાં. હાન વંશનો સ્થાપક લિયુ પાંગ બળવાખોર ખેડૂત હોઈ તેણે કૃષિ-અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું હતું. સામંતશાહી આધારિત જૂની વ્યવસ્થા તૂટી ગઈ હતી અને વેપારવણજ પરના કૃત્રિમ અંકુશો નિરર્થક નીવડયા હતા. સિયા એ ચિંગ હેઠળ રાજ્યે ચીજવસ્તુઓના ભાવ ઘટાડયા છતાં વણસી રહેલી આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવાનું મુશ્કેલ બન્યું. હાન સમ્રાટોએ ખાનગી રીતે સિક્કા પાડવાની છૂટ આપતા, તાંબાની ખાણ ધરાવનાર વુના રાજવીએ તેનો ખૂબ જ લાભ લીધો. સિઆઓ વેન અને વુ ટીના રાજ અમલ દરમિયાન આર્થિક પરિસ્થિતિમાં ઝડપથી ફેરફાર થયા, પરિણામે, રાજકોશમાં જમા થયેલા અઢળક નાણાંની કોથળીઓની કસો સડવા લાગી અને ઢગલાબંધ અનાજ પડયું પડયું કોવાઈ જવા લાગ્યું. વુ ટીના અમલમાં હાન વંશ હેઠળનું ચીન સમૃદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચ્યું.

ચીનની ઉત્તરી અને ઈશાન સરહદ પર રહેતી સિ યુંગ નુ નામની જંગલી અને રખડુ પ્રજાઓ સાથે પરંપરાથી ચાલતા આવેલા સંઘર્ષોમાં ક્યારેક ક્યારેક, ખાસ કરીને, નબળા રાજવીઓના સમયમાં આ પ્રજાઓ મહાન દીવાલ ઠેકી ચીનના પ્રદેશમાં પ્રવેશતી અને રંજાડ કરતી. તુંગૂસ, તુર્ક, ફિન, મોંગોલ અને હૂણ પ્રજાઓના શંભુમેળા જેવી ઘોડા, બળદ અને ઊંટની સવારી કરનાર આ સિ યુંગ નુ પ્રજાઓએ હાન વંશની શરૂઆતમાં તેમનો વિસ્તાર ચીનની મહાન દીવાલથી માંડી છેક કાસ્પિયન સમુદ્ર સુધી વધારી મૂક્યો હતો. આ પ્રજાઓનાં આક્રમણોને ખાળવામાં નિષ્ફળ નીવડતાં હાન સમ્રાટોએ ભેટ-સોગાદો, ખંડણી અને પોતાની રાજકુંવરીઓનેય લગ્નમાં આપી શાંતિ કાયમ કરવાના પ્રયત્નો કર્યા.

તો વળી, હાન સમ્રાટ વુએ આ પ્રજાનો કાયમનો ત્રાસ દૂર કરવા જંગો ખેલ્યા અને મહાન દીવાલની પેલી પાર તેમના પ્રદેશોમાં પણ જઈને લડાઈઓ આપી. ઈ. પૂ. ૧૨૧ના જંગમાં આ પ્રજાનાં સૈન્યોની નાસભાગ થઈ અને તેમના ૪૦ હજાર સૈનિકો કેદ પકડાયા.

પશ્ચિમ એશિયામાં રહેતી યુએહ ચી નામની પ્રજાની સાથે સિ યુંગ નુ ટોળીને હમેશાં સંઘર્ષો થયા હતા અને આમાં યુએહ ચીને પશ્ચિમ તરફ ભાગી જવું પડયું હતું. સમ્રાટ વુ ટીએ સિ યુંગ નુ ટોળીની આ દુશ્મન પ્રજાની મૈત્રી કેળવવા પ્રયત્ન કર્યો. ચીનનાં સૈન્યોના ઘોડા હલકા પ્રકારના હતા. સિ યુંગ નુના સૈન્યોના ઘોડા કરતાં પણ તે ઊતરતી કોટિના હતા, જ્યારે પશ્ચિમ એશિયામાં વસતી પ્રજાઓના ઘોડા પાણીદાર ગણાતા. આ ઘોડા મેળવવા ચીની સમ્રાટે સોનું અને સોનાનો ઘોડો મોકલ્યો. આમ છતાં તેની માગણીનો સ્વીકાર થયો નહીં. પરિણામે ત્રણ વર્ષ સુધી ખેલાયેલા જંગમાં આ પ્રજાને હરાવી યુદ્ધદંડ પેટે ચીની સમ્રાટ ૩૦૦૦ પાણીદાર ઘોડા મેળવી શક્યો. આ સુલેહ પછી ચીનના સમ્રાટો અને ચીની પ્રજાને ઘોડા માટે એવું તો ઘેલું લાગ્યું હતું કે, ચીનની ચિત્રકલા અને શિલ્પમાં ઘોડાએ અમર સ્થાન મેળવ્યું છે.

પશ્ચિમની વુ સુન નામની બીજી પ્રજાની સાથે મૈત્રી કેળવીને સિ યુંગ નુને હરાવવામાં આવ્યા અને તેમની સાથે શાંતિ સ્થાપી.

અત્યારના ઉત્તર શાન્સી પ્રાંતમાં રહેતા મોંગોલોના સરદાર શેન યુને ભીડાવવા ચીની સમ્રાટે પ્રયત્ન કર્યો. યુ એહ ચી નામની પ્રજાને વશ કરવા વારંવાર પ્રયાસો કર્યા. આ પ્રયાસો દરમિયાન ચીની લશ્કરો પશ્ચિમ અને દક્ષિણના પ્રદેશોના સમુદ્રમાં આવ્યા. પૂર્વ સરહદ પરના કોરિયાના ઉત્તર પ્રદેશો પર પણ ચીની લાગવગ જમાવવામાં આવી. ૫૩ વર્ષ જેટલું યશસ્વી રાજ ભોગવી વુ ટી મૃત્યુ પામ્યો. (ઈ. પૂ. ૮૯ માં.) તેની આંખ મીંચાતાં મહેલની ખટપટો શરૂ થઈ. આ ખટપટમાં વાંગ માંગે વાન સમ્રાટને દૂર કર્યાનું આપણે

જોઈ ગયા. આ ખટપટમાં પાટનગર ચાંગ આનનો નાશ થયો અને કુઆંગ વુ ટીએ લો આંગમાં પૂર્વહાન-વંશની સ્થાપના કરી.

આ વંશના બીજા સમ્રાટ મિંગ ટી(૧૮–૭૭)ના અમલ દરમિયાન પશ્ચિમ એશિયાના પ્રદેશને સામ્રાજ્યમાં ભેળવવાના હેતુથી પાન ચાઉને મોકલવામાં આવ્યો. પાન ચાઉએ કપટથી સિ યુંગ નુની લાગવગ દૂર કરી તુર્કોના સરદાર શેન શેનની સાથે સલાહ કરી, પશ્ચિમ એશિયાના આ પ્રદેશોમાં ચીનનો પ્રભાવ પાડયો અને ૫૦ ઉપરાંત રાજવીઓએ ચીનના સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો. ચીનનો પ્રભાવ એશિયા અને યુરોપના સંગમસ્થાન જેવા બોસ્ફોરસ સુધી વધ્યો.

આમ, હાન સમ્રાટોએ ચીનનો પ્રભાવ પૂર્વમાં કોરિયાથી માંડી પશ્ચિમમાં બોસ્ફોરસ સુધી અને ઉત્તરમાં મહાન દીવાલથી માંડી છેક દક્ષિણ સુધી વિસ્તાર્યો. ચીનાઓ પોતાને હાનના વંશજો ગણી ગર્વ લેવા લાગ્યા. શિહ હુઆંગ ટીએ નાશ કરેલા પ્રાચીન સાહિત્યનો હાને પુનરુદ્ધાર કર્યો એટલું જ નહીં, પરંતુ પ્રાચીન સાહિત્યના સંશોધન અને સમાલોચનાનું મહત્ત્વનું કામ પણ કર્યું. ચીનના વહીવટ અને સંસ્કારના કન્ફયુશિયસ સિદ્ધાંતની પરંપરાનો પાયો પણ હાન વંશના અમલ દરમિયાન નંખાયો. કન્ફયુશિયસના જીવનસિદ્ધાંતને હાન વંશમાં નવું સંસ્કરણ મળ્યું અને આ નવા સંસ્કરણના ઢાંચામાં ત્યાર પછીનાં બુદ્ધિ, સંસ્કાર અને રાજકીય પરંપરાનાં મંડાણ થયાં. ચીનમાં અનેક જંગલી પ્રજાઓએ આવી જૂના અને પ્રસ્થાપિત રાજવંશોના અમલને ઉથલાવી પોતાનાં રાજ્યો સ્થાપ્યાં, પણ આ સૌ પરિવર્તનોમાં આ નૂતન સંસ્કરણે સૌને પોતાની અંદર સમાવી લીધાં. યુરોપ અને પશ્ચિમ એશિયાના રાજપલટાઓમાં જૂની પરંપરાનું મૂલોચ્છેદન થઈ ગયું હતું, જ્યારે ચીનમાં સામ્યવાદી ક્રાંતિથી નવો પલટો આવ્યો ત્યાં સુધી કન્ફયુશિયન જીવન સિદ્ધાંતની સાથે નવા આપેલા બૌદ્ધ ધર્મ અને તાઓના પ્રકૃતિવાદ સિદ્ધાંતનો સમન્વય સાધી નવા સંસ્કરણે ચીનની સંસ્કૃતિને જીવંત રાખી. લગભગ ચારસો વર્ષના અમલ બાદ, ટાંગ અને સુંગ વંશો આવ્યા ત્યાં સુધી, ચીનમાં અનેક સત્તાઓ આવી-ગઈ અને થોડાં સૈકાં સુધી ચીનની પ્રગતિ અટકી; પરંતુ રોમન સામ્રાજ્યના વિનાશ પછી નવથી બારમી સદી સુધી યુરોપમાં જે પ્રકારનો અંધકાર યુગ આવી ગયો હતો તેવો અંધકાર યુગ ચીને જોયો નહીં, આનો સઘળો યશ હાન વંશને જાય છે.

આ જ વંશના અમલ દરમિયાન માઆ યાંગે પ્રાચીન કાવ્યોના સંગ્રહનું સંપાદન કર્યું. શિહ હુઆંગ ટીની પૂર્વે ભીંત, ભોંયરાં અને માનવીની સ્મૃતિમાં જળવાયેલા પ્રાચીન સાહિત્યનો જીર્ણોદ્ધાર અને નવસંસ્કરણ પણ આ હાન યુગમાં જ થયો. સિયુ સિને ચીની ભાષાનો પ્રથમ શબ્દકોશ તૈયાર કર્યો. હુઆઈ નાનના લિયુ આને તાઓ સિદ્ધાંતોનું સંપાદન કર્યું. સ્સુ–માએ પૌરાણિક કાળથી હાન વંશ સુધીના ઈતિહાસનું સંશોધન કરી ચીનનો મહાન ઈતિહાસ લખ્યો અને ઈતિહાસ લેખનની એક પરિપાટી પાડી. તેણે અધૂરું મૂકેલું કામ તેના પુત્ર સ્સુ–મા ચેને પૂરું કર્યું. પિતા-પુત્રે ઈતિહાસની પાડેલી આ પરિપાટી લાંબી ચાલી. પ્રાચીન યુગમાં કોઈ પણ દેશે ઈતિહાસનું સળંગ લેખનકાર્ય કર્યું હોય તો તેમાં ચીન અગ્રસ્થાને છે. તેના આ ઈતિહાસ-સાહિત્યમાં પુરાણ અને દંતકથાઓ હશે પણ તેમાં મહત્ત્વનાં રાજકીય, આર્થિક અને સામાજિક તથ્યો પણ રહેલાં છે. ચીન પર ગમે તે રાજવંશે રાજસત્તા સ્થાપી હશે પણ તેણે ઈતિહાસલેખનની આ પરંપરાને અખંડિત રીતે જાળવી છે. આ જ સમયમાં પંચાંગની સુધારણાનું કામ પણ સફળ રીતે હાથ ધરવામાં આવ્યું. પશ્ચિમ એશિયામાં છેક કાસ્પિયન સમુદ્ર સુધી ચીનની લાગવગ પહોંચાડનાર પાન ચાઉનાં કુટુંબના ત્રણ વિદ્વાનોએ પ્રાચીન સાહિત્યના વિશાળ જ્ઞાનકોશનું સંપાદન કર્યું.



કન્ફ્યુશિયસ

યુરોપમાં જ્ઞાનનો દીવો જ્યારે ઓલવાઈ રહ્યો હતો અને જંગલી ધાડાંઓ રહીસહી સંસ્કૃતિનો વિનાશ કરી રહ્યાં હતાં ત્યારે હાનના પાટનગર લો યાંગનાં શાહી ગ્રંથાલયમાં શિષ્ટ સાહિત્યના ૩૧૨૩ ગ્રંથો, દર્શનશાસ્ત્રના ૨૭૦૫ ગ્રંથો, કાવ્યના ૧૩૧૮ ગ્રંથો, ગણિતશાસ્ત્રના ૨૫૬૮ ગ્રંથો,

આયુર્વિજ્ઞાનના ૮૬૮ ગ્રંથો અને યુદ્ધકાલના ૭૯૦ ગ્રંથો હતા. રાજ્યવહીવટના નાના મોટા હોદ્દા મેળવવા ઉમરાવ કુટુંબ કે રાજ્યવંશમાં જન્મવાની જરૂર ન હતી. રાજ્ય તરફથી લેવાતી સનદી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર, સમાજના ગમે તે થરમાં જન્મેલો હોય તેમ છતાં, આ હોદ્દા મેળવવાની પાત્રતા મેળવતો. સનદી પરીક્ષામાં કન્ફ્યુશિયસ સાહિત્ય, ગણિત, કાવ્ય, સંગીત જેવા વિષયોમાં પ્રવીણતા મેળવવી પડતી એટલું નહીં, પણ કાવ્ય રચવાની કુશળતા પણ સાબિત કરવી પડતી. આ પરીક્ષાઓની ઉત્તરોત્તર ઊંચી બનતી શ્રેણીઓ હતી અને આ શ્રેણીઓમાં ઉત્તીર્ણ થનારને જે તે શ્રેણી અનુસારના હોદ્દા મળતા. કૉમ્યુનિસ્ટ ક્રાંતિ સુધી લગભગ આ જ સનદી પરીક્ષાની આ પ્રણાલી ચીને જાળવી અને રાજવીઓ અને રાજ્યવંશોના ક્રાંતિકારી પલટાઓમાં પણ ચીનની પરંપરા ટકી રહી તેનાં અનેક કારણોમાં આ સનદી પરીક્ષા પણ મહત્ત્વનું કારણ બની.

હાન વંશના સમયમાં સાહિત્ય અને દર્શનશાસ્ત્રોનાં ક્ષેત્રમાં જ નહીં, કલાકારીગરીનાં ક્ષેત્રોમાં પણ ચીને પ્રસ્થાન કર્યું. વિશ્વભરમાં વિખ્યાત થનાર પોર્સેલીનની કારીગરીની શરૂઆત પણ આ જ સમયમાં થઈ. પીંછીથી લખવાની અને ચિત્રકામ કરવાની શરૂઆત પણ આ જ સમયમાં થઈ. પીંછીનાં લખાણોએ ચીનની લિપિને સુંદર બનાવી અને સુલેખન કલાનો વિકાસ કર્યો. ચીનમાં લિપિ-લેખન ચિત્રકલા વચ્ચે કોઈ ભેદ ન રહ્યો. સુંદર અક્ષરો આલેખનાર અવશ્ય સિદ્ધહસ્ત ચિત્રકાર હતો અને ચિત્રકાર સિદ્ધહસ્ત સુલેખનકાર હતો. આ જ યુગમાં કાંસાનું શિલ્પ પણ વિકાસ પામ્યું.

પૂર્વહાન વંશની સ્થાપના કરનાર કુઆંગ વુ ટી(ઈ. સ. ૨૫–૫૮)એ ચીનમાં પ્રથમ વિદ્યાપીઠની સ્થાપના કરી.

આ સમ્રાટ પછી રાજ દરબારમાં વળી પાછું રાણીના કુટુંબીજનો અને પંઢોનું વર્ચસ વધવા લાગ્યું. હાન શુન ટી (૧૨૬–૧૪૫) અને હાન હુઆન ટી(૧૪૫–૧૬૭)ના રાજઅમલ દરમિયાન આ ખટપટ વધી ગઈ. પાટનગર અને પ્રાંતોના વહીવટના ઊંચા હોદ્દાનાં લીલામ થવા લાગ્યાં. ૧૬૭માં હાન હુઆન ટીનું અવસાન થતાં તેના અનુગામી બાળ સમ્રાટ હાન લિંગ ટી (૧૬૮–૧૮૯) પંઢોના વર્ચસ હેઠળ આવ્યો. પાટનગર અને પ્રાંતોમાં ભારે અસંતોષ પ્રગટયો. લોકો આગળ આવી તેમને દોરવા તૈયાર થનાર ગમે તેને પોતાના નેતા તરીકે સ્વીકારવા તત્પર હતા. આમાં ચાંગ નામના એક જાદુગરે ૧૮૪માં બળવો પોકાર્યો. આ બળવામાં તેના અનુયાયીઓ પીળી પાઘડી પહેરતા હતા માટે આ બળવો 'પીળી પાઘડીનો બળવો' કહેવાયો. પરંતુ લશ્કરનો વડો સેનાપતિ હોત્સિન સમ્રાટનો ભાઈ હતો, તેણે બળવાખોરોની સામે કોઈ પગલાં લીધાં નહીં. આખરે તે પણ પંઢોના હાથે મરાયો. પંઢોની આ હિચકારી પ્રવૃત્તિની લશ્કર પર વિપરીત અસર થઈ. સૈન્યો રાજધાનીમાં ધૂસ્યાં અને સમ્રાટનું અપહરણ કરી ગયાં. પાટનગર અને રાજમહેલની લૂંટ ચલાવવામાં આવી. સમ્રાટ લૂંટારુઓની ટોળીઓના પ્યાદા જેવો લાચાર બની ગયો અને ૪૦૦ વર્ષના સમય બાદ હાન વંશનો ૨૨૧માં અંત આવ્યો. સમ્રાટે ગાદી છોડી અને તેના સ્થાને ત્સાઓ ત્સાઓનો પુત્ર ત્સાઓ પી ગાદીએ આવ્યો. હાન વંશને દૂર કરી પોતે રાજ્યવંશની સંમતિથી રીતસરનો ગાદીએ આવ્યો છે તે દર્શાવવા તેણે છેલ્લા સમ્રાટ દ્વારા ત્રણ વાર ગાદી સ્વીકારવાની વિનંતી કરાવી, જેનો ત્રણ વાર ઇનકાર કર્યા બાદ, ચોથી વારની વિનંતીનો સ્વીકાર કરી લોહી રેડયા વિના તેણે રાજપલટો શકય બનાવ્યો.

રોમના છેલ્લા સમ્રાટ રોમ્યુલસની પાસે પણ આ પ્રમાણે ઑડોકરે ગાદી છોડાવેલી અને રોમની સેનેટે રાજકર્તાઓને નીમવાના અધિકારનો ત્યાગ કરી કૉન્સ્ટૅન્ટિનોપલના સમ્રાટ પાસેથી ઑડોકર માટે મંજૂરી મેળવી હતી. લશ્કરી બળવાના પ્રભાવ હેઠળ આવા રાજપલટા શકય બને છે પરંતુ, લોકશાહીમાં પણ બહુમતી પક્ષ પર પ્રભુત્વ મેળવનાર નેતાઓ પણ પોતાના પક્ષ અને સંસદનો આ પ્રમાણે ટેકો મેળવતા હોય છે. આવી સંમતિ સ્વાભાવિક નહીં, પણ કાયરોની લાચારીની સંમતિ હોય છે. સમ્રાટ ટીએ ગાદી ત્યાગના પ્રતીક તરીકે રાજમુદ્રા પણ ત્સાઓ પીને સુપરત કરી.

●

# ૩ : છ રાજ્યોનો સમય (ઈ. સ. ૨૨૧-૫૮૯)

હાન વંશના વિનાશ પછી સદીઓ સુધી વિદ્રોહ, અશાંતિ અને 'મારે તેની તલવારના' ન્યાયની વાત ચાલી. મધ્યસ્થ સત્તા તૂટતાં ઉત્તરમાં વાઈમાં, પૂર્વે વુમાં શુન વંશે અને દક્ષિણમાં (ઝેચુઆનમાં) ચેંગ ટુમાં શાનહાન એવાં ત્રણ રાજ્યોની સ્થાપના થઈ. આ અશાંતિનો સમય રોમાંચ અને શૂરવીરતાનો પણ સમય હતો. આ જ સમયમાં કુઆન યુ નામના એક સરદારને યુદ્ધદેવતા બનાવી કુઆન ટી તરીકે તેની પૂજા શરૂ થઈ. વુ પ્રદેશનો રાજવંશ લાંબો સમય ટકી શકયો નહીં. વાઈના એક સરદારે ત્સાઓ વંશની ગાદી છીનવી લીધી અને ત્સિન વંશે વુ પર વિજય મેળવી પુનઃ સામ્રાજ્યની એકતા સ્થાપી. ત્સિન વુ. ટીએ સમ્રાટ તરીકેનું નામ ધારણ કરી તેના ૨૫ દીકરાઓને તે વહેંચી આપ્યું.

ફ્રાન્ક રાજવી શાર્લમન મરણ પામતાં જેમ તેનું વિશાળ રાજ્ય તેના દીકરા અને ત્યાર બાદ તેના પૌત્રોમાં વહેંચાઈ, યુરોપમાં અવ્યવસ્થા અને અરાજકતા વ્યાપી તેમ ચીનમાં પણ કેન્દ્રસ્થ સત્તા ચાલી જતાં અવ્યવસ્થા અને અરાજકતા વ્યાપી. ત્સિન વુ ટીના દીકરાઓએ બાપનો વારસો મેળવી આંતરવિગ્રહનાં મંડાણ કર્યાં. પ્રત્યેક પક્ષ સામા પક્ષને જેર કરવા જંગલી ટોળીઓની સહાય માગવા લાગ્યો. આમાં સિ યુંગ નુના સરદારે હાન રાજકુમારીના વંશજના નાતે રાજ્યગાદી પર પોતાનો હક આગળ ધર્યો. પાટનગર લા યાંગ પર ઘેરો ઘાલી તેણે સમ્રાટને કેદી બનાવ્યો. બીજા પાટનગર ચાંગ યાનના વારસને પણ પકડયો. લા યાં ના ઘેરામાં મહેલને આગ ચાંપવામાં આવી, જેમાં શાહી પુસ્તકાલય ખાખ થઈ ગયું. ચાંગ યાનથી ત્સિન વંશના નબીરા દક્ષિણમાં ભાગ્યા અને ત્યાં નાનકિંગમાં પાટનગર બનાવી લગભગ ઈ. સ. ૪૨૦ સુધી તેમણે રાજ કર્યું.

યાંગસેની ઉત્તરનો સમગ્ર વિસ્તાર રખડતી ટોળીઓના અમલ હેઠળ આવ્યો. હાન વંશની પડતી બાદ જાગેલી અરાજકતામાંથી દક્ષિણ બચ્યું અને ચીનની સંસ્કૃતિનું કેન્દ્ર ઉત્તર તરફથી દક્ષિણ તરફ ખસવા લાગ્યું. ઉત્તરમાં વાઈના રાજવીઓ નબળા પડતાં ટો બા નામની રખડતી ટોળીએ પોતાનો રાજ અમલ સ્થાપ્યો (૩૮૬-૫૫૭). ટો બા ટુંગસી અને સિ યુંગ નુ તથા સીન ટોળીઓ કરતાં વધારે સુધરેલા હતા. તેમણે તરત જ ચીની સંસ્કૃતિ ગ્રહણ કરી. ચીની લોકો સાથે તેઓ આંતરલગ્નોથી જોડાયા એટલું જ નહીં, પરંતુ ચીની પોશાક, ચીની રૂઢિરિવાજ અને ચીની લિપિ તથા ભાષા તેમણે ગ્રહણ કર્યાં. સમય જતાં બે સંસ્કૃતિઓના સમન્વયથી રાજકર્તા વર્ગનું તાર્તર લોહી અદૃશ્ય થવા લાગ્યું.

ઉત્તરની રાજસત્તાઓએ દક્ષિણમાં વિજય મેળવવા પ્રયત્નો કર્યા પરંતુ ૩૮૭ના ફાઈ શુઈના યુદ્ધમાં ઉત્તરના પક્ષને હાર મળતાં દક્ષિણ પરનું ઉત્તરી અભિમાન પડતું મૂકવામાં આવ્યું.

૪૨૦માં ત્સિન વંશ પડતાં સુંગ (૪૨૦-૪૭૭), ચી (૪૭૯-૫૦૧), લિયાંગ (૫૦૨-૫૫૬) અને ચેન (૫૫૭-૫૮૭) એવા ચાર નાના વંશોએ અલ્પજીવી રાજ્યો સ્થાપ્યાં. આ ચાર રાજ્યો પૈકી લિયાંગ સમ્રાટોના સમયમાં નાનકિંગ ચીની સંસ્કૃતિ અને કલાનું કેન્દ્ર બન્યું. લિયાંગ વુ ટી(૫૦૨-૫૪૯)એ ભારતથી ચીન ગયેલા બૌદ્ધ ધર્મને પ્રોત્સાહન આપ્યું.

હાન સત્તાના નાશ પછી ઉત્તર અને દક્ષિણ એવા ચીનના આ બે હિસ્સામાં, ખાસ કરીને ઉત્તરના હિસ્સામાં કોઈ પ્રભાવશાળી વ્યક્તિ રાજકર્તા બની નહીં. સામાન્ય રીતે નીચલી કક્ષાના સરદારો રાજ કરવા લાગ્યા. એક રાજવી માંડ માંડ સ્થિર થાય ત્યાં તેનો હરીફ સરદાર ઊભો થતો અને આમ લેભાગુઓની પરંપરા ઊભી થઈ. પ્રાંતોમાં પ્રાંતપતિઓ નિરંકુશ બનવા લાગ્યા અને તેમનું શાસન નિમણૂક કે પસંદગીથી


સુંગ અને ટાંગૂટ
સામ્રાજ્ય
(ઇ.સ. ૧૧૦૦)
ટાંગૂટ
લીઆઓ
સુંગ


હાન સામ્રાજ્ય
(ઇ.સ. ૧૦૦)
લો-લાંગ
ચાંગયાન
લો-યાંગ
ભારત

નહીં પરંતુ વંશપરંપરાથી ચાલવા લાગ્યું અને જ્ઞાન તથા પરીક્ષા પર આધારિત સનદી સેવાઓ અદ્દશ્ય થવા લાગી. આ સર્વવ્યાપી સામાજિક અસ્થિરતા અને રાજકીય ગેરવ્યવસ્થામાં સલામતી શોધવા માટે લોકો સંસારનું જીવન છોડી બૌદ્ધ મઠો તરફ વળ્યા. આ સમયમાં મોટાં મોટાં બૌદ્ધ મંદિરો અને પેગોડાઓ ઊભાં થવા લાગ્યાં. ઉત્તરના મુકાબલે દક્ષિણમાં કંઈક સ્થિરતા હતી. હાન સંસ્કારે દક્ષિણમાં શરણ શોધ્યું અને ચીનની સંસ્કૃતિની જ્યોત ત્યાં ઝીણી-પાતળી બનીને પણ અખંડ રહેવા પામી.

હાનના પતન બાદ હરીફ ધર્મો અને દર્શનોએ પ્રજાના માનસનો કબજો લેવા પ્રયત્ન કર્યો. કન્ફ્યુશિયસની સંસારલક્ષી ધર્મમત પરંપરાની સામે બૌદ્ધ ધર્મની સંસાર પ્રત્યેનાં વૈરાગ્ય અને તાઓ સંપ્રદાયની નિષ્ક્રિયતા અને પ્રકૃતિ તરફ વળવાની વૃત્તિએ મહત્ત્વ મેળવવા માંડ્યું. પરિણામે, કન્ફ્યુશિયસની પરંપરાના જીવન સિદ્ધાંતનું સ્થાન અગમ્યતા અને ગૂઢતાએ લેવા માંડ્યું. રાજકર્તાઓ આ અગમ્યતાવાદથી આકર્ષાઈ પ્રાચીન કીમિયા વિદ્યા તરફ વળવા લાગ્યા અને ગમે તે ધાતુનું સુવર્ણમાં પરિવર્તન લાવવાના અખતરાઓને ઉત્તેજન આપવા લાગ્યા. વળી, દુન્યવી જીવનની અમરતામાં અમર પદ આપે તેવા અમૃતની ખોજ શરૂ કરવામાં આવી અને અમૃત મેળવવા જાદુગરો, કીમિયાગરો અને લેભાગુઓને ઉત્તેજન આપી દૂર દૂરના પ્રદેશોમાં મોકલાવા લાગ્યા. ત્સિન રાજવીના અમલ દરમિયાન પ્રકૃતિ અને ગૂઢવાદી તાઓ સંપ્રદાયના વિદ્વાનો 'વાંસ-વૃંદના સાત ઋષિઓ' (સેવન સેજીસ ઑફ બામ્બુ ગ્રોવ) નામે વિખ્યાત બન્યા.

તાઓ અને બૌદ્ધ સંપ્રદાયો વચ્ચે સ્પર્ધા જાગતાં બંને પર દમન શરૂ થયું. ઉત્તરમાં ચીન વંશના એક સમ્રાટે બૌદ્ધ અને તાઓ મતના વિદ્વાનો વચ્ચે પરિસંવાદ યોજ્યો જેમાં બૌદ્ધો વિજયી બનતાં તાઓ વિદ્વાનોનાં માથાં મુંડાવી તેમને બૌદ્ધ ધર્મ સ્વીકારવાની ફરજ પાડવામાં આવી.

ઈ. સ. ૫૭૪માં એક ચાઉ સમ્રાટે આ બંને સંપ્રદાયોને ગેરકાનૂની ઠરાવી બંનેના સાધુઓને સંસારી જીવન તરફ વાળ્યા, તેમનાં મંદિરો અને મૂર્તિઓ તોડયાં. પરંતુ વિદ્વત્તા અને વિજ્ઞાનની વચ્ચે અંતર પડતાં ગૂઢ વિદ્યાનું સેવન શરૂ થયું. કાગળ અને બીબાં-મુદ્રણ (બ્લૉક પ્રિન્ટિંગ) સિવાયની ચીને કરેલી અનેકવિધ શોધોનો ઉપયોગ જીવનને સંસ્કારી કે વિકસિત બનાવવા માટે આવશ્યક વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવી નહીં. ચીને દારૂગોળો શોધ્યો પરંતુ તેનો ઉપયોગ આતશબાજી માટે કર્યો. તેમની જ શોધનો લાભ લેનાર મોંગોલોએ તેનો યુદ્ધકલામાં ઉપયોગ કરી તેમનાં પર રાજ કર્યું. પદાર્થના ચુંબકીય ગુણ પરથી ચીને હોકાયંત્ર શોધ્યું પરંતુ હોકાયંત્રનો ઉપયોગ સમ્રાટની કબર માટેની યોગ્ય દિશા શોધવા પૂરતો જ મર્યાદિત બનાવ્યો. તેમની આ શોધનો લાભ ઉઠાવી યુરોપ અને અરબ દેશોની પ્રજાઓએ સાગરો અને મહાસાગરો ખેડયા, સામ્રાજ્યો અને સંસ્કૃતિઓની સ્થાપનાં કરી અને આ જ શોધોનાં પરિણામે પરદેશી પ્રવાસીઓ, વેપારીઓ અને રાજદ્વારીઓએ આવી ચીની પ્રજા પર પ્રભુત્વ મેળવ્યું. કહે છે કે દક્ષિણ તરફના પરદેશના મહેમાન બનેલા એક રાજવીને તેની દિશાનું યોગ્ય ભાન થાય તે માટે ચીનીઓએ એક એવા રથનું નિર્માણ કર્યું હતું જે દક્ષિણ દિશા ચીંધે.

અરાજકતાના આ સમયમાં બૌદ્ધ ધર્મ ચીનમાં સ્થિર થયો. પશ્ચિમ એશિયાની પ્રજાઓની સહાય મેળવવા પહોંચેલા ચીનાઓ બૌદ્ધ બનેલા પશ્ચિમ એશિયાના સંપર્કમાં આવ્યા અને ત્યાંથી સ્વતંત્ર રીતે બૌદ્ધ ધર્મ ચીનમાં ફેલાયો. પશ્ચિમ એશિયાની ગ્રીક સંસ્કૃતિ અને કલા પણ બૌદ્ધ ધર્મના પગલે પગલે ચીનમાં પ્રવેશી. ભારતમાં જન્મેલો બૌદ્ધ ધર્મ ચીનમાં પ્રવેશી સ્થિર થતાં નવા જ સ્વરૂપે વિકસ્યો. બૌદ્ધ ધર્મના સ્રોત સમા ભારત તરફ ચીનના વિદ્વાનો અને ભાવુકોનું ધ્યાન ગયું.



સુવર્ણ મંદિર (યલો ટેમ્પલ) : ચીનની પેકિંગ નગરીમાં આવેલું બૌદ્ધ ધર્મી લામાઓનું હિંદુ-સ્થાપત્ય શૈલીના મિનારા અને સુવર્ણ કળશવાળું આ પેગોડા-મંદિર તેની નકશી માટે પ્રખ્યાત છે.

ચોથી સદીના અંતે ફાહ્યાનની ભારતની યાત્રા મહત્ત્વની છે. ભારતમાં લગભગ પંદર વર્ષ રહી તેણે બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો અને મહત્ત્વના બૌદ્ધ ગ્રંથો, મૂર્તિઓ અને અવશેષો લઈ સિલોનના માર્ગે સાગરના મહા તોફાનથી બચી ચીન પહોંચ્યો. ત્યાં તેણે બૌદ્ધ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. ત્યાર પછી સાતમી સદીમાં યુઆન સંગ પણ ભારત ગયો. ઈશાન ભારતના કામરૂપના હિંદુ રાજવી કુમાર અને થાણેશ્વરના વિદ્વાન રાજવી હર્ષવર્ધનના દરબારમાં તે માનભર્યું સ્થાન પામ્યો. નાલંદા વિદ્યાપીઠમાં અભ્યાસ કરી, પંદર વર્ષના અંતે મહત્ત્વના બૌદ્ધ ગ્રંથો, મૂર્તિઓ અને અવશેષો લઈ તે પણ ચીન પાછો ગયો. ત્યાં તેણે શેષ જીવન આ બૌદ્ધ ગ્રંથોના અનુવાદમાં વ્યતીત કર્યું.

ચીનમાં બૌદ્ધ ધર્મને પ્રથમ લાવનાર બોધિધર્મ નામના શ્રમણને ચીનીઓ પૂજે છે. બૌદ્ધ ધર્મને ચીનમાં લાવવાનો યશ તેને આપવામાં આવે છે. આ ઉપરાંત તાર્તરો, મોંગોલો, તુર્કનિયનો, પાર્થિયનો અને કુશાણો પણ ચીનમાં બૌદ્ધ ધર્મ લાવ્યાનું મનાય છે. ઉત્તરમાં બૌદ્ધ ધર્મ વિસ્તર્યો અને કન્ફ્યુશિયન વિદ્વાનો દક્ષિણ તરફ ગયા. આમ છતાં ત્યાં પણ બૌદ્ધ ધર્મ ગયો. દક્ષિણના લિયાંગ વંશના વુ ટીએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. છઠ્ઠી સદી સુધીમાં ઉત્તર અને દક્ષિણ એમ સમગ્ર ચીનમાં બૌદ્ધ ધર્મ વિસ્તર્યો. આમ છતાં, પરંપરાગત સંપ્રદાયો સાથેનાં તેનાં ઘર્ષણો લાંબાં ચાલ્યાં નહીં. ખ્રિસ્તી ધર્મીઓએ ઈસુના દૈવી કે માનવી અંશો અંગે જે હત્યાકાંડો રચ્યા અથવા ઈસ્લામ જ્યાં જ્યાં ગયો ત્યાં

ત્યાંના ઈસ્લામેતર સંપ્રદાયો અને ઈસ્લામની અંદરના ઉદારમતવાદી સંપ્રદાયોને તેણે નાબૂદ કર્યા, તેવું ચીનમાં બનવા પામ્યું નહીં.

ચીનની પ્રજા અને તેણે વિકસાવેલી માનવીય સંસ્કૃતિમાં કન્ફયુશિયન, તાઓ અને બૌદ્ધ એમ ત્રણેય સંપ્રદાયોને આત્મસાત્ કરવાની વિશિષ્ટતા છે. કન્ફયુશિયસના દર્શનની તે પ્રતિષ્ઠા કરે છે, બૌદ્ધ ધર્મની તે પૂજા કરે છે, અને તાઓનાં વિધિવિધાન આચરે છે. ભારતના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની માફક ચીનમાં એવાં કેટલાંય મંદિરો સ્થપાયાં હતાં જેમાં એક જ મંદિરમાં એક જ સાથે કન્ફયુશિયસ, ગૌતમ બુદ્ધ અને લાઓ ત્સેની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ જ સમયમાં ચીનની ભાષામાં બૌદ્ધ સાહિત્ય રચાયું. બૌદ્ધ ધર્મગ્રંથ ત્રિપિટકનો ચીનીમાં અનુવાદ થયો. બુદ્ધની પ્રચંડકાય મૂર્તિઓ ઊભી થઈ અને પહાડ-પર્વતોની ગુફાઓમાં બુદ્ધ મંદિરો અને મૂર્તિઓ કંડારાઈ.

હાનના પતન બાદની અસ્થિરતા અને અરાજકતાને ચીનના અંધકાર યુગ તરીકે ગણવામાં આવે છે, પરંતુ ચીનના ઈતિહાસમાં ક્યારેય સંસ્કૃતિ અને સર્જનની જ્યોત સાવ ઓલવાઈ ગઈ હોય એવું બન્યું નથી. આ અરાજકતાનો યુગ પણ સર્જનનો યુગ હતો. આ યુગમાં રાજકીય એકતા તૂટી હતી, જંગલી ટોળીઓએ તેમનાં સામ્રાજ્યો જમાવ્યાં હતાં, પરંતુ સાંસ્કૃતિક અને સાહિત્યિક પરંપરા તૂટી ન હતી.



**ચાઈનીઝ પેગોડા :** હોંગકોંગમાં આવેલું આ વિખ્યાત મંદિર ચીની સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂનારૂપ લેખાય છે.

●

# ટાંગ વંશી સમ્રાટોનાં નકશીદાર ધાતુપાત્રો



**મદ્યપાન પાત્ર :** પાંખો ફેલાવી ઊડતી ચકલીના હૂબહૂ આકારનું કાંસા પર બારીક નકશીવાળું દારૂ પીવાનું ટાંગ વંશના રાજાઓનું પાત્ર



ટાંગવંશી સમ્રાટોનાં યજ્ઞ-પૂજા વિધિનાં કાંસાનાં નકશીદાર પાત્રો

# ૪ : ટાંગ વંશ (ઈ. સ. ૬૧૮–૯૦૬)

છેવટે ઉત્તરમાં વાઇ, ચી, ચાઉ અને સૂઈ (૩૮૬–૫૮૭) અને દક્ષિણમાં ત્સિન, સુંગ, ચીન, લિયાંગ અને ચેન (૪૨૦–૫૮૭) વંશોના અમલનો અંત આવ્યો. ઉત્તરના ચાઉ રાજવીના જમાઈ અને સૂઈ વંશના સ્થાપકના ચીના સરદાર યાંગ ચીને ૫૮૯માં ઉત્તર અને દક્ષિણને કબજે કરી સમગ્ર ચીનને એક સાર્વભૌમ સત્તા હેઠળ આણ્યું. પરંતુ તેના દીકરા ચાંગ ટી(૬૦૫–૬૧૭)ની ગેરવ્યવસ્થાથી પુનઃ સામ્રાજ્ય તૂટવાની અણી પર હતું ત્યારે લિ શિહ મિને તેને તૂટી પડતું અટકાવ્યું. આ લિ શિહ મિન તાર્તર સરદારને પરણાવેલી હાન રાજકુંવરીનો વંશ જ હતો. સાત વર્ષોના સંઘર્ષો બાદ તેણે સમગ્ર ચીનને સંગઠિત કરી શાંતિ અને એકતાની સ્થાપના કરી અને હાન કરતાં પણ વધારે યશસ્વી અને ચીનમાં સુવર્ણ યુગ ગણાયેલા ટાંગ વંશની સ્થાપના કરી.

સમ્રાટ તરીકે તાઈ ત્સુંગ મિનનું નામ ધારણ કરનાર આ પ્રથમ ટાંગ સમ્રાટ ૬૪૯માં મરણ પામ્યો ત્યારે તેની ઉપપત્ની હુઆંગ વુ સાધ્વી બની મઠમાં ચાલી ગઈ. પરંતુ કાઉ ત્સુંગે (૬૪૯–૬૮૩) તેને પાછી બોલાવી તેના હાથમાં સઘળો રાજકારોબાર સુપરત કર્યો. ચીનના આંગળીના વેઢે ગણી શકાય તેવા શાસકોમાં સમ્રાજ્ઞી વુ મહત્ત્વનું સ્થાન મેળવે છે. તેણે બાહોશી અને કુશળતાપૂર્વક રાજ્ય ચલાવ્યું. કાઉ ત્સુંગ બાદ આવેલા પૌત્ર ચુંગ ત્સુંગ(૬૮૩–૭૧૦)ના સમયમાં રાજદરબારનાં કાવતરાં શરૂ થયાં. રાજમાતા વુનું સ્થાન લેવા ચુંગ ત્સુંગની રાણીએ તેને ઝેર આપવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા. સમ્રાટના ભત્રીજા અને રાજમાતા વુના પૌત્ર લિ લુંગ ચી(મિંગ હુઆંગ)એ તેના પિતાને ગાદીએ બેસાડયો. પિતાએ રાજસિંહાસન છોડતાં પુત્ર સમ્રાટ બન્યો (૭૨૧–૭૫૬). આ મિંગ હુઆંગનો લાંબો રાજ અમલ ચીનના મહાન કવિઓનો કાળ ગણાય છે. પોતાના જ પુત્રને બીજી પત્ની પરણાવી આપી તેની સુંદર પત્નીને મિંગ હુઆંગે પોતાની ઉપ-પત્ની બનાવી.

ટાંગ સમ્રાટ મિંગ હુઆંગ અને તેની આ રૂપાળી ઉપ-પત્ની યાંગ કૂઈ ફાઈનો પ્રેમ પ્રસંગ ચીનના ઈતિહાસમાં રોમાંચક ગણાય છે. આ રાજવીના પ્રેમપ્રસંગોને ચીનના મહાકવિ લિ પોએ અમર કર્યા છે. આ ઉપ-પત્નીની બહેનો અને ભાઈઓ સમ્રાટ અને સમ્રાજ્ઞી કરતાંય વિશેષ મહત્ત્વ મેળવતાં અને તેમના કરતાંય વધારે ઠાઠથી રહેવા લાગ્યાં. પાટનગરમાં સમ્રાટની શોભાસવારી નીકળે તેમાં આ ભાઈઓ અને બહેનો જોડાતાં.

સમ્રાટ અને તેની ઉપ-પત્નીના પ્રેમપ્રસંગ અને ઉપ-પત્નીના ભાંડુઓની સરભરામાં જ આ ટાંગ રાજવીનો રાજકારોબાર અટવાઇ જતાં, છેવટે તુર્કોની કિતાન ટોળીના સરદાર આન લુ શાનની આગેવાની હેઠળ બળવો ફાટી નીકળ્યો. આન લુ શાને પીળી નદી ઓળંગી પાટનગર લો ચાંગનો કબજો મેળવ્યો. ચાંગ આનમાં પણ તે વિના વિરોધે દાખલ થયો. સમ્રાટ ભાગી ગયો પરંતુ અજાણ્યા સ્થાને લઈ જનાર તેના સૈનિકોએ પણ બળવો કર્યો, તેની ઉપ-પત્નીની બહેનો અને ભાઈઓની કતલ કરવામાં આવી. છેવટે ઉપ-પત્ની યાંગ કૂઈ ફાઈને પણ ફાંસો ખાઈ જીવનનો અંત લાવવો પડયો. સમ્રાટ યુવરાજની તરફેણમાં ગાદી છોડી દક્ષિણ તરફ ભાગ્યો. સમ્રાટ બનેલા સુ ત્સુંગે ચીનના મિત્ર પરદેશીઓની મદદ માગી. એમાંથી ચીનાઓ, તુર્કો, કિતાનો અને આરબો વચ્ચે એક દાયકા સુધી સંઘર્ષો ચાલ્યા. આ સંઘર્ષોમાં બળવાખોર સરદાર આન લુ શાન અને તેના દીકરા મરાયા અને છેવટે ૭૬૬માં શાંતિ સ્થપાઈ. સમ્રાટ ચાંગ આન પાછો ફર્યો. ત્યાર પછીનાં સો વરસ ઉપરાંતનો સમય (૭૬૬–૮૬૮) પશ્ચિમના પાડોશી તિબેટનો અને માથાભારે

બનેલા પ્રાંતપતિઓનાં એકધારાં આક્રમણોનો સમય છે. આ સઘળા સમય દરમિયાન ચીનની સરહદો જંગલી ટોળીઓનાં આક્રમણોનો માર ખાતી રહી. ૭૬૩માં તિબેટિયનો ચાંગ આન પર હુમલો કરી ભારે લૂંટ ચલાવી. મધ્ય એશિયાના પ્રદેશોમાં તિબેટિયનોનું વર્ચસ જામ્યું હતું. પરંતુ ૮૪૯માં તેમને અટકાવવામાં આવ્યા અને ચીનાઓએ ગુમાવેલા પ્રદેશો પુનઃ પાછા મેળવ્યા. સુ ત્સુંગને બાદ કરતાં ટાંગના પાછળના સમ્રાટોનો શાસનકાળ અલ્પજીવી નીવડયો. પરંતુ ષંઢોના પ્રભાવ અને રાણીઓનાં સગાંઓનાં કાવતરાંથી ટાંગ રાજ-કુટુંબ ઊગરી ગયું.

૮૬૮માં અન્નામમાં જાગેલા એક બળવાને શમાવવા ગયેલું ઉત્તરનું લશ્કર દક્ષિણના હવા-પાણીથી ત્રાસ્યું અને હુઆંગ ત્સાઓની સરદારી હેઠળ ૮૭૫માં હોનાન પર હલ્લો કરી હોપે પર તૂટી પડયું. યાંત્સે પાર કરી આ લશ્કર અગળ વધ્યું અને વિના અવરોધે છેક પાટનગર સુધી પહોંચી ગયું. ૮૮૧માં ચાંગ આન પડયું અને સમ્રાટ ઝેચુવાન ભાગ્યો, પરિણામે લશ્કરી સરદારો અને પ્રાંતપતિઓ વચ્ચે ઉત્તરના સામ્રાજ્યના ભાગલા પાડવાની સ્પર્ધા જાગી. લશ્કરી બળવો દબાવી દેવાયો અને તેના સરદારને મારી નાખવામાં આવ્યો. ૯૦૪માં સમ્રાટ ચાંગ આન આવ્યો પણ તે અહીં શાંતિથી રહી શકયો નહીં. યુ વેન તેને ઉઠાવી હોનાન ભાગ્યો અને પોતાને સમ્રાટ જાહેર કર્યો, પરંતુ તેને સમ્રાટ તરીકે માન્ય રાખવાને બદલે પ્રાંતપતિઓ પોતે જ પોતાના મુલકના સમ્રાટ બની બેઠા. આમ, ચીન સાત રાજ્યોમાં વહેંચાયું.

ટાંગનો સમય ચીનના ઈતિહાસમાં જ્વલંત ગણાય છે. આ સમય દરમિયાન ચીન ભૌતિક સમૃદ્ધિની દૃષ્ટિએ પરાકાષ્ઠાએ પહોંચ્યું. સામ્રાજ્ય ઉત્તરમાં છેક મહાન દીવાલથી દક્ષિણે છેક અન્નામ સુધી અને પૂર્વમાં પ્રશાંત મહાસાગરથી છેક તિબેટ સુધી વિસ્તર્યું. વહીવટી સેવાઓ માટેની સનદી પરીક્ષાઓએ ટાંગ સામ્રાજ્યને ઉત્તમ પ્રકારના અમલદારો આપ્યા. આન લુ શાનના બળવાએ ટાંગનાં સામ્રાજ્યને હચમચાવી મૂકયું પણ દક્ષિણમાં તેની કોઈ લાંબા ગાળાની અસર થઈ નહીં. ટાંગના સમયની સામાજિક વ્યવસ્થા સામંત-પ્રધાન નહીં પણ અભિજાત વર્ગ-પ્રધાન બની.

ટાંગ સમ્રાટોએ હમેશાં પરદેશીઓને આવકાર્યા. પરદેશના ધર્માચાર્યો, પ્રવાસીઓ અને વેપારીઓનો ટાંગ દરબારમાં આદર થતો. તે સમયની ચીન બહારની મોટી સત્તાઓની સાથે ટાંગ સમ્રાટોએ રાજદ્વારી સંબંધો બાંધ્યા. સાઈબીરિયાથી માંડી ગ્રીસ, ભારત, ઈરાન, અરબ દેશો, જાપાન, સિલોન ઈત્યાદિ દેશોના રાજદ્વારી પ્રતિનિધિઓ ચીનના દરબારમાં બેસતા. ઈરાન અને પશ્ચિમ એશિયામાં ઈસ્લામ પહોંચ્યો ત્યારે ચીનનું સામ્રાજ્ય છેક ઈરાનના સીમાડા સુધી પહોંચી ગયું હતું. ઈરાનના છેલ્લા સમ્રાટે અરબ આક્રમણથી બચવા ચીનની સહાય મેળવવા રાજદ્વારી પ્રતિનિધિને ચીન મોકલ્યાનું ઈતિહાસ નોંધે છે. અરબ આક્રમણમાં ઈરાન પડયું પણ તેના હિજરતીઓ(જેમાં જરથોસ્તી સંપ્રદાયના ઘણા હતા)ને ચીનમાં આશરો મળ્યો. અફઘાનિસ્તાન, સમરકંદ, બુખારાના તુર્કોએ ચીની સમ્રાટ મિંગ હુઆંગની મદદ માગી. ૭૧૩માં ખલીફનો રાજદ્વારી પ્રતિનિધિ ચીનના દરબારમાં આવ્યો ત્યારે, ખુદા સિવાય અન્ય કોઈને નહીં નમવાની ઈસ્લામની પરંપરા માન્ય રાખી. ચીની સમ્રાટે સાષ્ટાંગ દંડવત્ જેવા ચીની 'કાઉટાઉ'ના શિષ્ટાચારમાંથી તેને અપવાદ આપ્યો.

આરબોએ ઈસ્લામ સ્વીકાર્યો તે અગાઉથી જ તેઓ વેપારીઓ તરીકે ચીનના સંપર્કમાં રહેતા હતા. મુસ્લિમો બન્યા પછી પણ તેમનો સંપર્ક ચાલુ રહ્યો. ચીનમાં આવી અહીં આંતરલગ્નો કરી તેઓ સ્થિર પણ થયા. (પયગંબરના કોઈ કાકા ચીન ગયા હોવાનું અને તેમની કબર ચીનમાં હોવાનું કહેવામાં આવે છે. પરંતુ આ વાતનો કોઈ ઐતિહાસિક-પુરાવો નથી.)

આન લુ શાનના બળવા પછી ચીનનો પશ્ચિમ તરફનો રસ ઘટયો અને તેનો સઘળો ઝોક પૂર્વ અને અને દક્ષિણ તરફ વળ્યો. પશ્ચિમ અને મધ્ય એશિયાના વેપારી માર્ગનું સ્થાન અગ્નિ તરફના દરિયાઈ માર્ગે લીધું અને આ જ માર્ગે ચીનમાં અનેક પરદેશીઓ આવ્યા.

ટાંગનો રાજકીય, આર્થિક અને સામાજિક વિકાસ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો, પરંતુ સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ તેણે જે વિકાસ સાધ્યો તેવો વિકાસ તેણે ક્યારેય સાધ્યો ન હતો. ટાંગ હેઠળનાં ત્રણ સૈકાં ચીની કાવ્યનો સુવર્ણકાળ ગણાય છે. આઠમી સદીના પૂર્વાર્ધમાં સમ્રાટ મિંગ હુઆંગના સમયમાં ચીને અનેક ઉત્તમ કવિઓ, ચિત્રકારો અને શિલ્પીઓ જોયા. આ સમયમાં નાનામોટા થઈને કંઈ નહીં તોપણ 3000 કવિઓ થઈ ગયા. ખુદ સમ્રાટોની પણ કવિ તરીકે ગણના થાય છે. રાજમાતા વુ અને મિંગ હુઆંગનો એક સૈકો લલિત વાઙ્મયના વિકાસનો ઉત્તમ સમય ગણાય છે. કન્ફ્યુશિયસ દર્શન, બૌદ્ધ ધર્મ અને તાઓ અગમ્યવાદની સુભગ સમતુલા આ સમયમાં શક્ય બની, જેનો પ્રભાવ સર્જનાત્મક પ્રવૃત્તિમાં પડયો. તાઓના પ્રકૃતિવાદે ચીની કાવ્યો અને ચિત્રકળાને અનોખી સમૃદ્ધિ બક્ષી. ઝેચુવાનમાં જન્મેલો લિ પો ચીનનો સર્વશ્રેષ્ઠ કવિ ગણાય છે. તેના વિશાળ પ્રવાસમાં તેના જેટલા જ પ્રતિભાસંપન્ન તુ ફુને તે મળ્યો. ચીનના આ બે શ્રેષ્ઠ કવિઓ જાણે જીવનભર મિત્ર બની રહ્યા. એક જ સાથરો અને એક જ ઓછાડ નીચે તેઓ સૂતા. ૭૪૨માં લિ પો સમ્રાટ મિંગ હુઆંગના પ્રેમપ્રસંગની છાયા હેઠળ પાટનગરમાં આવ્યો અને સમ્રાટનો ત્રણ વર્ષ સુધી તે કૃપાપાત્ર બની રહ્યો. છેવટે દરબારી કાવતરામાં ફસાયો, કેદ પકડાયો પણ બચી ગયો. લિ પો રોમાંચક કવિ હતો તો તુ ફુ વિદ્વાન કવિ હતો. મેંગ હાઓ જાન (૬૮૯–૭૪૦) અને જિંદગીભર સરકારી સેવામાં ગાળનાર પો ચુઈ પણ આ સમયના મહાન કવિઓ થઈ ગયા. હાન યુ (૭૬૮–૮૨૪) ચીની ગદ્યનો મહાન લેખક ગણાય છે.



લી પો : ચીનનો સર્વશ્રેષ્ઠ કવિ.

આ સમયમાં ચીની કલાકારીગીરીએ પણ મોટી પ્રગતિ સાધી. હાન વંશમાં શોધાયેલી પોર્સેલીનની કારીગીરી ટાંગ વંશમાં સોળે કળાએ પ્રગટી. સરકારે પોર્સેલીનનાં ગંજાવર કારખાનાં નાખ્યાં, જેમાં હજારો કુશળ કારીગરોના અજબ નમૂના મેળવવા પરદેશોમાં હરીફાઈ જામી. દુનિયાભરનાં સંગ્રહાલયોમાં આજે જે ચીની કલાકારીગીરીના ઉત્તમ નમૂના સંગ્રહાયેલા જોવા મળે છે તેમાંના મોટા ભાગના નમૂના ટાંગ વંશના સમયમાં તૈયાર થયાનું માનવામાં આવે છે.

ટાંગ સમયની ચીનની સરહદ પર રહેતી પ્રજાઓ પર ઊડતી નજર નાખી લઈએ.

ઉત્તર અને ઈશાન પ્રદેશોમાં સિ યુંગ નુનું સ્થાન લેનાર સીન પી જાતિએ છ વંશોના રાજઅમલ દરમિયાન ચીન પર આક્રમણો કર્યાં. આ પ્રજાઓએ ખાલી કરેલાં સ્થાનોમાં આવેલી ટોળીઓને જુઆન જુઆન લોકોએ હરાવી. આ જુઆન જુઆનોનો તુર્કોએ નાશ કર્યો. પશ્ચિમ એશિયાની પ્રજાઓમાં તુર્કો સૌથી પ્રબળ હતા. તુર્કોના ખાનનું રાજ્ય લિયાઓ સમુદ્ર અર્થાત્ મંચુરિયાથી પશ્ચિમના સાગર અર્થાત્ એરલ સમુદ્ર સુધી પથરાયું હતું. આવા પ્રબળ તુર્કોની સાથે ચીને મૈત્રીના સંબંધો બાંધ્યા, જેના પ્રતીક તરીકે તુર્કો ચીની રેશમ અને કન્યાઓ મેળવવા લાગ્યા. તુર્કોનિ હરાવનાર ઉઈગુરો પણ મધ્ય એશિયામાં એક મહત્ત્વની પ્રજા હતી. આન લુ શાનના બળવામાં આ ઉઈગુરો તરફથી ટાંગ સમ્રાટને મદદ મળી હતી. અત્યારના તિબેટિયનોના પૂર્વજ તુ ફાન લોકો તિબેટ, કાન્સુ અને ચીની તુર્કસ્તાનમાં રહેતા હતા. તેના એક સરદારે લ્હાસામાં પાટનગર સ્થાપ્યું હતું.

૯૦૭માં ટાંગ વંશનો અંત આવ્યો ત્યાર પછી લગભગ ૫૭ વર્ષ સુધી ઉત્તર લિયાંગ (૯૦૭–૯૨૩), ઉત્તર ટાંગ (૯૨૩–૯૩૬), ઉત્તર ત્સિન (૯૩૬–૯૪૭), ઉત્તર હાન (૯૪૭–૯૫૧) અને ઉત્તર ચાઉ (૯૫૧–૯૬૦) જેવા પાંચ વંશોએ રાજ્ય કર્યું જે દરમિયાન આંતરવિગ્રહો અને અરાજકતા વ્યાપ્યાં. ગાદીનો ધણી લાયકાત કે જન્મથી નહીં પણ બળથી નક્કી થતો. અને એક વાર એક રાજવી ગાદીએ બેસતો કે તરત જ તેના સગાઓ અને હરીફો તેને ઉથલાવી પાડી ગાદી પચાવી પાડવાની ખટપટો શરૂ કરી દેતા.



**ચીનાઈ માટીકામની કારીગરી :** એક કબરમાં દટાયેલી મળી આવેલ માટીની ઘડેલી નકસીદાર બળદ-ગાડી.

# ૫ : સુંગ વંશ (ઈ. સ. ૯૬૦–૧૨૭૯)

આ પાંથ રાજ્યોની નોંધપાત્ર ઘટના તરીકે બીબાં-મુદ્રણની શોધને ગણાવી શકાય. પરિણામે સસ્તા અને સારી એવી સંખ્યામાં પુસ્તકો ઉપલબ્ધ થવા લાગ્યાં. પાંચ વંશોના અમલ દરમિયાન છેલ્લા ચાઉ વંશમાં ૯૫૯માં નાનો બાળક ગાદીએ આવ્યો અને રાજમાતા રિજંટ બની ત્યારે ઉત્તરમાં કિતાન પ્રજાની સામે લડવા અત્યારના પેકિંગની બાજુએ જન્મેલા સરદાર ચાઓ કુઆંગને મોકલવામાં આવ્યો. આ સમયે લશ્કરમાં પ્રવર્તતા અસંતોષે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને રોમન સૈન્યો જે પ્રમાણે તેમના વિજેતા સરદારને ઢાલ ઉપર ઊંચકી લઈ સીઝર તરીકે જાહેર કરતા તે પ્રમાણે આ ચાઓ કુઆંગને ચીનના સમ્રાટ તરીકે તેનાં સૈન્યોએ જાહેર કર્યો. હાન અને ટુંગ પછી આવેલા ત્રીજા યશસ્વી સુંગ વંશનો તે સ્થાપક બન્યો. તેને સમ્રાટ બનાવ-નાર લશ્કરના સરદારોને બક્ષિસો અને ઇલ્કાબો આપી નિવૃત્ત કર્યા અને તેમની શકચ સ્પર્ધા ટાળી, લોહી રેડયા વિના ચીનની એકતા પુન: સિદ્ધ કરી. આ જ વંશમાં નાન હાન અને નાન ટાંગના રાજવીઓ પણ શરણે આવ્યાં. દક્ષિણનાં અન્ય રાજ્યો પણ સામ્રાજ્યમાં ભળ્યાં. પરંતુ ઉત્તરની રખડુ ટોળીઓ લડયા વિના તાબે થાય તેમ ન હતું. ઉત્તરમાં કિતાન પ્રજા બળવાન હતી. આ કિતાન ટોળીના નામ પરથી પશ્ચિમના લોકો માટે ચીનનું નામ કેથે (Cattay) ગણાયું અને આ જ કેથેની શોધ માટે ક્રિસ્ટોફર કોલંબસ અજાણ્યા સાગરમાં સફરે ઊપડયો હતો. સુંગ રાજ્યની એક વિશિષ્ટતા એ હતી કે તેણે અન્ય પ્રદેશો પરનાં આક્રમણો દ્વારા પ્રદેશ-વિસ્તાર વધારવાને બદલે આંતરિક શાંતિ સ્થાપવાના સંનિષ્ઠ પ્રયત્નો કર્યા. મંચુરિયા અને કંઈક અંશે શાન્સીમાં કિતાનોને છંછેડવામાં આવ્યા નહીં. થોડાં છમકલાંને બાદ કરતાં સુંગના રાજ-અમલમાં લગભગ એક સૈકા સુધી શાંતિ જળવાઈ.

આ સમયમાં બૌદ્ધિક ખોજ અને કલાકારીગીરીએ નવાં પ્રસ્થાન શરૂ કર્યાં. સુંગે સ્વીકારેલી શાંતિનો પ્રભાવ કિતાનો પર પડયો અને તેમણે પડોશી પ્રજાની સંસ્કૃતિ ગ્રહણ કરી, પણ અંતે આમાં તેમણે લડાયક ખમીર ગુમાવ્યું અને કિન ટોળીઓનાં આક્રમણનો તેઓ ભોગ બન્યા. ૧૧૨૪માં આ કિન ટોળીઓએ લિયાઓ રાજ્ય જીતી લીધું અને કિતાનોને તુર્કસ્તાન તરફ ધકેલ્યા, જયાં તેમણે નેસ્ટોરિયન સંપ્રદાયનો ખ્રિસ્તી ધર્મ ગ્રહણ કર્યો. લિયાઓ પડયું ત્યારે પિંગ ચાઉના પ્રાંતપતિએ કિનને તાબે થવાનો ઇનકાર કર્યો અને સુંગ સમ્રાટ પ્રત્યે વફાદારી જાહેર કરી. પરિણામે, કિનો વિફર્યા અને કાઈ ફેંગ સુધી પહોંચ્યા. હૂઈ સુંગે દીકરાની તરફેણમાં ગાદી છોડી અને કિનોની સાથે સમાધાન કર્યું. આ સમાધાનને શકચ બનાવનાર પ્રધાનને દૂર કરવામાં આવ્યો અને કિનો સામેનો જંગ શરૂ કરવામાં આવ્યો, જેમાં ચીની લશ્કર હાર્યું. કાઈ ફેંગ સર કરી કિનો યાંગ્સે ઓળંગી છેક હેંગચાઉ અને નિંગપો સુધી આગળ વધ્યા, પરંતુ સમ્રાટ કાઓ(૧૧૨૭–૧૧૬૨)ના સરદારે કિનોને હરાવ્યા (૧૧૩૧માં). આ સરદારને છૂટો દોર આપવામાં આવ્યો હોત તો ચીનના ઉત્તરના પ્રદેશોમાંથી પણ કિનોને પેલી પાર ધકેલી દેવાયા હોત. પરંતુ આ બહાદુર સરદારનો જ ભોગ લેવાયો (૧૧૪૧માં) અને કિનોની સાથે સુલેહ કરવામાં આવી અને ચીનના ઉત્તર અને દક્ષિણ એવા બે ભાગ પડયા. યાંગ્સેની ખીણનો પ્રદેશ અને દક્ષિણ પૂરતી સુંગની સત્તા મર્યાદિત બની. સુંગે ગુમાવેલા ઉત્તરના પ્રદેશો ઉપરાંત મોંગોલિયા અને મંચુરિયામાં કિનોનો દોર રહ્યો. આ પ્રમાણે ચીનના થયેલા બે હિસ્સા પૈકી એકમાં રખડુ ટોળીઓનું વર્ચસ રહ્યું. સરહદો નક્કી થયા પછી બાકીના પ્રદેશ પૂરતો સુંગે સંતોષ માન્યો અને પુન: શાંતિ અને સમૃદ્ધિની પ્રવૃત્તિ તરફ સુંગ સમ્રાટો વળ્યા.

જોકે સુંગ સમ્રાટોની ટૂંકી રાજનીતિના પરિણામે મોંગોલો બળવાન બન્યા અને તેમના તરફથી આક્રમણોની શરૂઆત થઈ. મોંગોલોનાં આક્રમણોની સામે કિન લોકોએ સુંગ સમ્રાટની સહાય માગી પણ લિ સુંગે કિનોની મદદે જવાને બદલે મોંગોલોને સહાય કરી અને મોંગોલો પાછા ફર્યા ત્યારે તેણે કિનોએ ખાલી કરેલો ઉત્તરનો પ્રદેશ પાછો મેળવવા પ્રયત્ન કર્યો, પરંતુ આની ખબર પડતાં મોંગોલોએ પાછા આવી આક્રમણો શરૂ કર્યાં અને વર્ષો સુધી લડાઈઓ ચાલી. મોંગોલો સામેની લડાઈઓમાં છેલ્લા સુંગ સમ્રાટો નિરુપાય બન્યા. જ્યારે એમાંથી નીકળવાનો કંઈ જ ઉપાય ન રહ્યો ત્યારે છેલ્લા સુંગ બાળ રાજાને પીઠ પર બેસાડી તેના પ્રધાને જળસમાધિ લીધી. આમ, છેવટે ૧૨૭૯માં સુંગ વંશનો અંત આવ્યો.

સુંગના સમય દરમિયાન પરદેશો સાથેના ચીનના સંપર્કો ચીનના અગ્નિકાંઠા દ્વારા સ્થપાયા. અહીં આવતા આરબ વેપારીઓ દ્વારા તેમને બહારની દુનિયા વિશે જાણ થવા લાગી.

મોંગોલોના સરદાર ચંગીસખાનના વીજળિક આક્રમણો આ જ સમય દરમિયાન શક્ય બન્યાં. મોંગોલોનાં આ આક્રમણો અને તેના રાક્ષસી હત્યાકાંડો અને માનવસંહારો વિશે અગાઉ ( જુઓ પ્ર. પ. મોંગલ આક્રમણો–પાનું ૧૧૯–૨૨ ) વિસ્તારથી કહેવામાં આવ્યું હોઈ અહીં માત્ર તેનો ઉલ્લેખ જ પૂરતો છે. મોંગોલોએ ઉત્તર અને ઈશાન ચીન ઉપરાંત સમસ્ત પશ્ચિમ એશિયા અને છેક પૂર્વ-યુરોપ અને રશિયા સુધી તેમનાં સામ્રાજ્યનો વિસ્તાર વધારી દુનિયામાં સૌથી વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું, પરિણામે પશ્ચિમ અને મધ્ય એશિયાનો વણઝારમાર્ગ ચીન માટે સદાને માટે બંધ થયો, એટલું જ નહીં ખુદ ચીનના શેન્સી અને કાન્સુ જેવા ઉત્તરના પ્રાંતોનું પણ મહત્ત્વ ઘટવું. મોંગોલોના આ રોષથી એકમાત્ર દક્ષિણ જ બચવા પામ્યું અને ચીની સંસ્કૃતિનું કેન્દ્ર પણ દક્ષિણ બન્યું. તેનાં દ્વારા બહારની દુનિયાનો માર્ગ ખૂલ્યો. આ માર્ગે થઈને ચીનનાં વહાણો જાપાન, ફિલિપ્પાઈન, કોચીન, ચીન અને મલાયાના દ્વીપકલ્પ સુધી પહોંચવા લાગ્યાં. હિંદી મહાસાગર પરનો વેપાર આરબોના હાથમાં હોઈ આરબોએ દક્ષિણમાં કેન્સી, યુઆન, ચાઉ, કાન્પુ, હેંગચાઉ ઈત્યાદિમાં તેમની વસાહતો સ્થાપી.

મોંગોલોનાં આક્રમણોએ યુરોપિયનોને ચીનની માહિતી આપી. પરંતુ, એનાં પરિણામે ચીનને પશ્ચિમના દેશો અને તેમાં વસતી વિવિધ પ્રજાઓની કોઈ માહિતી મળી નહીં. સરહદ પરનાં રાજ્યોએ ચીનનાં સંસ્કાર અને સંસ્કૃતિ ગ્રહણ કર્યાં, પરંતુ મધ્ય એશિયા પર ચીન તેનો કોઈ પ્રભાવ પાડી શક્યું નહીં અને દક્ષિણ તરફ ખસવાના પરિણામે ચીનને તેની મહાન દીવાલ મારફતે મળતું રક્ષણ પણ તેણે ગુમાવ્યું. મોંગોલ સરદાર ચંગીસખાનનાં આક્રમણોએ સંસ્કૃતિમાં સાચવવા જેવું જે કાંઈ હતું તે સઘળાંનો નાશ કર્યો હતો અને બાદબાકીમાં કેવળ ક્રૂરતા, પાશવતા અને દરિદ્રતા જ રહેવા પામ્યાં. સમસ્ત એશિયા, રશિયા અને પૂર્વ યુરોપ પર સામ્રાજ્ય સ્થાપનાર ચંગીસખાન પશ્ચિમના વિજયો પૂરા કરી ચીન તરફ આગળ વધ્યો ત્યાં રસ્તામાં જ મરણ પામ્યો અને ચીનનું દુર્દૈવ થોડા દાયકા પાછળ ઠેલાયું. ચંગીસના દીકરા ઓગોતાઈના મરણે છેવટે પશ્ચિમ યુરોપ પરનો મોંગોલોનો ભય સદાને માટે ટળ્યો. પરંતુ ચીન પરનો ભય તત્કાલ ઠેલાવા છતાં મુદ્દલે ટળ્યો નહીં. ટાંગ સમયમાં કિનો સામેનાં યુદ્ધોમાં મોંગોલોએ ચીનના જે ઉત્તરી અને વાયવ્ય પ્રદેશો લીધા હતા તે કદીય બેઠા થઈ શક્યા નહીં. હાન અને ટાંગના રાજઅમલ દરમિયાન સમૃદ્ધ બનેલા આ પ્રદેશોના મોંગોલો ધણી બન્યા ત્યારે તેમને તેમાં તેમના ઘોડાઓ માટે ચરાણની જમીન ન મળતાં તેમણે આ કૃષિપ્રધાન પ્રદેશોમાં ઘાસ ઉગાડવા આદેશો આપ્યા. યુરોપની રાણીઓ અને ચીનના સાધારણ વર્ગની સ્ત્રીઓ જે રેશમના પોશાક પહેરતી તે જ રેશમના મોંગોલોએ તેમના તંબુ બનાવ્યા.

મોંગોલોના સુંગ પરના વિજયો પ્રમાણમાં મંદ અને ઓછા ક્રૂર હતા. ચંગીસખાનના મરણ બાદ ઘણાં વર્ષો સુધી સુંગ સામ્રાજ્ય બચવા પામ્યું હતું તે ૧૨૩૫માં ચડાઈનો ભોગ બન્યું. આ આક્રમણોનો મોંગોલ આગેવાન ચંગીસનો પૌત્ર મંગુખાન બન્યો. પરંતુ સુંગ સામ્રાજ્ય પર સંપૂર્ણ રીતે વિજય પામે તે અગાઉ જ તે મૃત્યુ પામ્યો અને મોંગોલોએ તેના ભાઈ કુબલાઈને ખાન બનાવ્યો અને દક્ષિણ પ્રદેશ પરનાં સુંગ સામ્રાજ્યને સમેટી લઈ મોંગોલોના યુઆન વંશની સ્થાપના તેણે જ કરી (૧૨૭૯).



**રાજકુંવર શાળા :** ઉત્તર ચીનની રાજધાની પેકિંગની કેટલીક પ્રાચીન સુંદર ઇમારતો પૈકીનું રાજકુંવરશાળાનું મકાન તેનાં પ્રાંગણના પૂર્વે બારીક નકશીકામવાળી ભવ્ય કમાનને લીધે ઉત્કૃષ્ટ ગણાય છે.

## યુયાન વંશ (ઈ. સ. ૧૨૮૦–૧૩૬૮)

કુબલાઈ અથવા કુબ્લાખાને મોંગોલોના પરાપૂર્વના વડામથક કારાકોરમનો ત્યાગ કરી ખાન બાલીગ (અત્યારના પેકિંગ)માં પોતાની રાજધાની સ્થાપી. કારાકોરમ પરથી સત્તા ખસતાં પશ્ચિમના મોંગોલોએ ઈસ્લામ ગ્રહણ કર્યો જ્યારે કુબ્લાખાન બૌદ્ધ ધર્મ તરફ વળ્યો. કુબ્લાખાને પરંપરાની વહીવટી પ્રથાનો ત્યાગ કરી અગત્યનાં સ્થાનો પર ચીનાઓ ઉપરાંત પરદેશીઓને મૂક્યા. તેના સમય દરમિયાન ઈરાનીઓ, ઈરાકીઓ, મુસ્લિમો, જ્યૉર્જિયનો. આર્મેનિયનો, ભારતીયો, કોરિયનો અને છેવટે વેનિસથી આવેલા પોલો બંધુઓ અને તેમાંના એકનો પુત્ર માર્કો પોલો મહત્ત્વના હોદ્દા પર આવ્યા. માર્કો પોલો કુબ્લાખાનનો વિશ્વાસુ પ્રતિનિધિ બન્યો અને તેને મહત્ત્વનાં રાજકીય કામો સોંપવામાં આવ્યાં. એટલું જ નહીં, પરંતુ ચીનના મહત્ત્વના એક પ્રાંતનો તે પ્રાંતપતિ પણ બન્યો. પંદર વર્ષ ચીનમાં રહી, વિશાળ પ્રવાસો ખેડી છેવટે મોંગોલ કન્યાને ઈરાનના એક સુબાને વરાવવા માટે તેના વળાવા તરીકેનું કામ સ્વીકારતાં તેને સ્વદેશ પાછા ફરવાની તક મળી. બે વર્ષ બાદ ભારત થઈ તે ઈરાન પહોંચ્યો ત્યારે કન્યા માટે નક્કી કરેલો ઈરાનનો વરરાજા અવસાન પામ્યો હતો. અગાઉના વરરાજાના દીકરાને કોડવતી કન્યા વરાવી પંદર વર્ષ બાદ ચીંથરેહાલ માર્કો પાછો ફર્યો ત્યારે પોતાના વતન વેનિસ સહિત યુરોપભરમાં મહાન પરિવર્તનો આવી ગયાં હતાં. તે ન તેનાં જૂનાં સ્થાનોને ઓળખી શક્યો કે ન તેને કોઈ ઓળખી શક્યું. જીનોઆ સાથેના વેનિસના એક જંગમાં વેનિસ વતી લડતાં તે કેદ પકડાયો અને કારાવાસમાં એક સુશિક્ષિત લહિયા મારફતે તેણે તેની પ્રવાસકથા લખાવી. માર્કો પોલોનું આ પ્રવાસ-પુસ્તક પ્રવાસ સાહિત્યમાં સીમાચિહ્નરૂપ બન્યું. તેમાં વર્ણવેલી ઘટનાઓ અને બાબતોને યુરોપના લોકો ગપ્પાં તરીકે ગણવા લાગ્યા. ચીન અને દૂર પૂર્વના દેશો અને તેમની પ્રજાઓની સમૃદ્ધિની માર્કો લાખોની ગણતરીએ વાતો કરતો ત્યારે લોકો તેને ગપ્પીદાસ માની તેને 'લખેસરી માર્કો' (માર્કો મિલિયન) તરીકે ઓળખવા લાગ્યા. સરકસોમાં વિદૂષકોનો વેશ ભજવનારને ત્યારથી માર્કોનું સ્વરૂપ મળ્યાનું કહેવાય છે. પણ છેવટે યુરોપના લોકોએ જ્યારે પૂર્વના દેશોનો પ્રત્યક્ષ અનુભવ લીધો ત્યારે માર્કોની વાતનું તથ્ય સમજાયા.

કુબ્લાખાને બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો તેમ છતાં તેણે ભારતના મોગલ સમ્રાટ અકબરની માફક અનેક ઈતર ધર્મોને પ્રોત્સાહન આપ્યું. માર્કોના કાકા પ્રથમ પ્રવાસ પછી વતન પાછા ફરેલા ત્યારે કુબ્લાખાને રોમના ખ્રિસ્તી આચાર્ય પોપ પર એક પત્ર પાઠવી ચીનમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા સો જેટલા મિશનરીઓની માગણી કરી હતી. પરંતુ આ માગણી પોપ સુધી પહોંચે ત્યાં સુધીમાં તો જે પોપ પર પત્ર લખાયો હતો તે પોપ અવસાન પામ્યો હતો અને બીજો પોપ તેનો સ્વીકાર કરે તે પહેલાં ખ્રિસ્તી ધર્મસંઘમાં ભાગલા પડી ગયા હતા. વળતા પ્રવાસ દરમિયાન પોલો બંધુઓની સાથે બીજા પોપે બે પાદરીઓ આપ્યા, પણ અતિ મુશ્કેલ પ્રવાસથી કંટાળી આ બે પાદરીઓ પણ પાછા ફર્યા. ખુદ કુબ્લાખાન પોતે નેસ્ટોરિયન ખ્રિસ્તી બનનાર માતાનો પુત્ર હતો એ યાદ કરી લઈએ.

કબ્લાખાન ૧૨૯૪માં મરણ પામ્યો ત્યાર પછી ૧૨૯૫ થી ૧૩૩૩ સુધી માંડ ચાર દાયકા પૂરા થાય ત્યાર પહેલાં સાત સમ્રાટો આવી ગયા. તેમાંના મોટા ભાગના સમ્રાટોનો અંત કુદરતી રીતે આવ્યો નહીં. છેલ્લા મોંગોલ સમ્રાટ તોહાન તિમૂર(૧૩૩૩–૧૩૫૮)ના સમયમાં યુયાન વંશ નબળો પડતાં ચીનના જાગેલા બળવાનો ભોગ બની તે નાઠો અને ત્યાર પછી આવનાર મિંગ વંશનો માર્ગ સરળ બન્યો.

મોંગોલોના રાજ્યનો અંત આવ્યો ત્યારે તેણે ચીનના સાંસ્કૃતિક વિકાસમાં શો ફાળો આપ્યો હતો તે સહેજ જોઈ લઈએ. મોંગોલોએ ચીનના સંસ્કાર વારસામાં નવલકથા અને નાટ્યકલા આપી. ચીનનાં શિષ્ટ સાહિત્યમાં વાર્તા, નવલકથા અને નાટકને આ અગાઉ કદીયે પ્રતિષ્ઠિત સ્થાન અપાયું ન હતું. એનો અર્થ એવો નથી કે ચીનમાં વાર્તા અને નાટક જેવો કોઈ સાંસ્કૃતિક પ્રકાર ન હતો. ચીનાઓ નાટ્યકલા અને રંગભૂમિ પર ભજવાતાં દૃશ્યોને હલકી રસવૃત્તિ ગણતા હતા. વિદ્વાનો અને સાહિત્યકારો આ કલાનો ઉપહાસ કરતા. પરંતુ મોંગોલોનાં આગમને ચીની નાટકને એક સ્વતંત્ર કલા તરીકે વિકસાવી. આ કલા પાછળથી

# ‘ત્યજાયેલ નગરી’ની ભવ્ય કલાત્મક કૃતિઓ



**સિંહનું પ્રતીક :** ચીની દંતકથા મુજબ સમ્રાટોને ભ્રષ્ટાચારી વ્યવહારો કરતા રોકવા સિંહ તેમના મહેલોના દ્વારપાલ તરીકે રહેતો. ‘ત્યજાયેલી નગરી’ના સ્વર્ગીય સુખ-શાંતિના દ્વારનું રક્ષણ કરતી આ સિંહની પ્રતિમા ઉત્તમ શિલ્પ-કલાકૃતિના નમૂનારૂપ લેખાય છે.



**કાંસાનો બગલો :** નગરસભાખંડના મકાનના પ્રાંગણમાંની આ કલાત્મક કૃતિ ‘દૃઢ બળ અને દીર્ઘાયુષ્ય’ના ચીની પ્રાચીન આદર્શોનાં પ્રતીક તરીકે મુકાયેલી છે.



'સ્વર્ગ મંદિર'.. પેકિંગમાં આવેલું આ પેગોડા ચીની મંદિરના ઉત્તમ સ્થાપત્યોમાં ખૂબ પવિત્ર ગણાય છે.

વિકાસ પામી એ ખરું પણ હાન અને ટાંગ સમયમાં પણ લોકસંસ્કૃતિના એક માધ્યમ તરીકે તેનો ઉપયોગ થતો હતો. જૂના સમયમાં મહાન યુદ્ધો અને વિજયોના ગીતો અને નૃત્યો પ્રયોજવામાં આવતાં હતાં. આ ગીતો અને નૃત્યો વિકાસ પામી ટાંગ સમયમાં સંગીત-નૃત્ય-નાટિકાનું સ્વરૂપ પામ્યાં. અને તેમના સમયમાં આ સંગીત-નૃત્ય-નાટિકાઓ લોક આદર પામવા લાગી. તાઈ ત્સુંગ સમ્રાટનો ખુદ યુવરાજ પોતે ખાનગી રંગમંડળીઓમાં ભાગ લેતો અને નૃત્ય-નાટિકાઓનું કથાનક રચતો. વિખ્યાત ટાંગ સમ્રાટ મિંગ હુઆંગ નટોનો આશ્રયદાતા હતો પરંતુ ટાંગ સમયમાં વિકાસ પામેલો આ દૃશ્ય-શ્રાવ્યનો કલાપ્રકાર ટૂંકા પ્રવેશો પૂરતો જ મર્યાદિત રહેવા પામ્યો.

સર્વ પ્રકારનાં સંસ્કાર અને સાંસ્કૃતિક સ્વરૂપોના દુશ્મન ગણાતા મોંગોલોના સમયમાં નાટકની કલા કેમ વિકાસ પામી એ એક ઐતિહાસિક રહસ્ય છે—સંભવ છે કે અનેક પરદેશીઓની સેવા લેનાર મોંગોલ સમ્રાટના રાજ્યમાં આવા કોઈ પરદેશી મારફતે રંગભૂમિની કલા વિકાસ પામી હોય. ઐતિહાસિક રહસ્ય ગમે તે હો, પરંતુ નાટયકલાના વિકાસનો યશ આ મોંગોલ સમયને ફાળે જાય છે અને આજે ચીનમાં આ કલાસ્વરૂપ લોકવિકાસ અને પ્રચારનું એક પ્રબળ માધ્યમ બન્યું છે.



**ઊંટના ઢેકા ઘાટનો પુલ**

ચીનના સમ્રાટોના 'સમર પેલેસ'—હવા ખાવાના સ્થળ પર બાંધેલા મહેલના મેદાનમાં આવેલો આવા આકારનો પુલ પ્રાચીન ચીની કલાકારીગરીનો શ્રેષ્ઠ નમૂનો છે.


મીંગ સામ્રાજ્ય (ઇ.સ.૧૫૦૦
પેકિંગ
નાનકિંગ


કારાકોરમ
કાનબેલિક
મોંગોલ સામ્રાજ્ય
(ઇ.સ.૧૧૯૦)

# મિંગ વંશ (ઈ. સ. ૧૩૬૮–૧૬૪૪)

ચીનના મિંગ વંશનો સ્થાપક ચુ યુઆન ચાંગ એક ગરીબ ખેડૂતનો પુત્ર હતો. દુકાળમાં મા-બાપ ગુમાવતાં તે ભિખારીની અવસ્થામાં આવી પડ્યો અને એક બૌદ્ધ સાધુનાં ઘેટાં ચરાવવા લાગ્યો. યુઆન વંશના છેલ્લા દિવસોની ગેરવ્યવસ્થામાં તે બહારવટિયો બન્યો અને છેવટે એક મોટા સૈન્યનો સરદાર બની. એક પછી એક ચીનનાં નગરો સર કરવા લાગ્યો. છેવટે તેણે ૧૩૫૬માં નાનકિંગ સર કર્યું જે તેનું પાટનગર બન્યું. ૧૩૬૮ સુધીમાં તેણે કેન્ટોનથી છેક શાન્ટુંગ સુધીના પ્રદેશો કબજે કર્યા અને પેકિંગ પર આક્રમણ લઈ ગયો. યુઆન વંશનો છેલ્લો મોંગોલ સમ્રાટ નાઠો અને પેકિંગ શરણે આવ્યું. ૧૩૮૧માં મોંગોલોને યુનાનમાંથી હાંકી કાઢી મિંગો છેક મધ્ય એશિયા સુધી પહોંચ્યા અને તેમણે જે સામ્રાજ્ય જમાવ્યું તે આગલા કોઈ પણ સામ્રાજ્ય કરતાં વધારે વિસ્તૃત બન્યું. તેમણે લિયાઓ તુંગ અને મંચુરિયા સુધ્ધાં લીધાં.

મિંગ સમ્રાટે પરદેશનીતિને બાદ કરતાં ટાંગ વંશે સ્થાપેલી પરંપરા જાળવી. શરૂઆતનું પાટનગર નાનકિંગ છોડી ત્રીજા મિંગ સમ્રાટે પેકિંગમાં રાજધાની કરી. ઉત્તરના પ્રદેશોમાં ફેલાયેલા અને વસેલા કિન અને મોંગોલો માટે પેકિંગ પાટનગર તરીકે મહત્ત્વનું હશે પણ સમસ્ત ચીનના એકસૂત્રી કારોબાર માટે પેકિંગ પ્રતિકૂળ નીવડ્યું, જેના કારણે ઉત્તર અને દક્ષિણ વચ્ચે વૈમનસ્ય જાગ્યું. ચુ યુઆન ચાંગ ૩૦ વર્ષ રાજ કરી ૧૩૯૮માં અવસાન પામ્યો ત્યારે તેના અનુગામી તરીકે તેનો પૌત્ર સમ્રાટ બન્યો. આ ઘટનાનો તેના કાકાએ વિરોધ કર્યો અને સમ્રાટ કુટુંબમાં સંઘર્ષો શરૂ થયા. બળવાખોરોએ નાનકિંગ લીધું (૧૪૦૨માં) અને સમ્રાટ બૌદ્ધ સાધુ બની ભાગ્યો અને તેનો કાકો સમ્રાટ બન્યો.

મિંગ સમ્રાટ યુંગ લોના સમયમાં ઈરાન અને ઑટોમન તુર્કોના પ્રદેશો જીતનાર તૈમૂર લંગડો ચીનને પણ સર કરવા પૂર્વ તરફ વળ્યો પણ ચંગીસની માફક તે પણ માર્ગમાં જ અવસાન પામ્યો અને ચીન આ બીજા શાપમાંથી ઊગરી ગયું.

પ્રતિસ્પર્ધીઓ અને દુશ્મનો પ્રત્યેની સુંગ સમ્રાટોની શાંતિની નીતિનો મિંગ સમ્રાટોએ ત્યાગ કર્યો. તેમણે કાવતરાંખોરો અને દુશ્મનોની સામે કડક હાથે કામ લેવા માંડ્યું. ચેંગ ચુંગ ગાદીએ આવ્યો ત્યારે માત્ર આઠ જ વર્ષનો હતો, પરિણામે રાજસત્તા વિધવા રાજમાતા તથા પંઢોના હાથમાં આવી. ૧૪૪૩માં ઉંમરલાયક થતાં તેણે તેના પંઢ સલાહકાર વાંગ ચિનને લશ્કરની સરદારી સોંપી અને તેને મોંગોલિયાની સરહદ પરના મુલકો સર કરવા મોકલ્યો. વાંગ ચિનની સરદારીનો અન્ય સરદારોએ વિરોધ કર્યો અને એના પરિણામે જાગેલા સંઘર્ષોમાં ચેંગ ચુંગ કેદી બન્યો. વાંગ અને અન્ય સરદારોની હત્યા થઈ. કેદી બનેલા મિંગ સમ્રાટને મોંગોલિયા લઈ જઈ મુક્ત કર્યો અને તેણે પુનઃ ગાદી મેળવી. પરંતુ આ આંતરવિગ્રહોમાં મિંગના લશ્કરે તેનું પ્રભુત્વ ગુમાવ્યું.

બાળક ચાંગ ટે (૧૫૦૫–૧૫૨૦) ગાદીએ આવ્યો ત્યારે ફરી પંઢોનું આધિપત્ય જામ્યું અને હોદ્દાનાં લીલામ શરૂ થયાં. હાન વંશમાં આવી પરિસ્થિતિમાં જે પ્રમાણે બનવા પામ્યું હતું તે પ્રમાણે મિંગમાં પણ આ વખતે બન્યું અને પ્રાંતમાં બળવા શરૂ થયા. પંઢો મોટા ભાગે ઉત્તરના હોઈ તેમને દક્ષિણના પ્રાંતો પ્રત્યે કોઈ સહાનુભૂતિ કે રસ રહ્યાં ન હતાં. જ્યારે સમ્રાટ ચેંગ ટે મનસ્વી સ્વભાવનો હતો અને વેશપલટો કરી તેને ફરવાનો શોખ હતો. એક સમ્રાટ તરીકેની ગંભીર જવાબદારી તેણે અદા ન કરી. તે બિનકુશળ કે આળસુ ન હતો. પંઢોના ભ્રષ્ટાચારનું કેવું પરિણામ આવી શકે તેમ છે તેની તેને ખબર હોત તો પંઢોને કાબૂમાં રાખવાની શક્તિ અને આવડત તેનામાં હતાં, પણ તેને સાચી હકીકતથી વંચિત રાખવામાં આવતો હતો. પરંતુ છેવટે જ્યારે તેને તેના પંઢોના ભ્રષ્ટાચારની સાચી માહિતી મળી ત્યારે પંઢોના સરદાર લિયુ ચિનને તેણે દૂર કર્યો. અને તેની માલમિલકત જપ્ત કરી, ત્યારે તેની પાસેથી ખુદ સમ્રાટ પાસે હોય તેના કરતાં ઘણું નાણું, જરઝવેરાત અને કીમતી વસ્તુઓ મળી. ચિયા ચિંગ (૧૫૨૦–૧૫૬૬) અને વાન લિ (૧૫૭૨–૧૬૨૦)ના શાસને ચીનમાં સ્થિરતા આણી. આમ છતાં, ઉત્તરના પ્રદેશો પર રખડુ ટોળીઓના હુમલા ચાલુ રહેવા પામ્યા હતા. આ હુમલાખોરો ૧૫૨૦માં પાટનગર પેકિંગના છેક દરવાજા સુધી પહ

આવી પહોંચ્યા. બીજી બાજુ પર જાપાનના સમુદ્રી ચાંચિયાઓનાં તોફાન વધ્યાં અને તેમણે ચીનનાં નગરો લૂંટયાં અને નાગરિકોનાં અપહરણ કર્યાં.

કોરિયામાં મોટા પાયા પર જાપાનના શોગુન હિડેયોશીએ હુમલો કર્યો (૧૫૯૨) ત્યારે કોરિયાને ચીનની મદદ મળી. મિંગ સમ્રાટે કોરિયાને મદદ મોકલી પરંતુ શત્રુના વિજયો બાદ ચીની સૈન્ય સતત હારતું રહ્યું, હિડેયોશીના મરણ બાદ જ કોરિયાનો આ જંગ પૂરો થયો અને ચીન વધારે નામોશીમાંથી ઊગરી ગયું.

દરમિયાન, કિરિન પ્રાંતમાં મંચુ ટોળીઓએ તેમનો પગદંડો જમાવ્યો. મિંગ વંશનાં છેલ્લાં વર્ષોમાં મંચુઓ સામેના વિગ્રહો, પંઢોના ભ્રષ્ટાચાર અને પ્રાંતોના દમનથી જાગેલા અસંતોષમાં મિંગ વંશનો અંત આવ્યો. શેન્સીનો લિત્ઝુ ચેંગ બળવાખોરોનો સરદાર બન્યો અને ૧૬૪૦માં તેણે હોનાન લીધું અને શેન્સી પર ઝડપી કૂચ કરીને શાન્સી પણ લીધું. વાયવ્ય તરફથી તેણે પેકિંગ પર હુમલો કર્યો (૧૬૪૪). પંઢોના હાથમાં પાટનગરના સંરક્ષણની જવાબદારી સોંપવામાં આવી પણ આ કાયર પંઢોએ દ્રોહ દીધો અને છેલ્લા મિંગ સમ્રાટે આત્મહત્યા કરી. છેવટે પેકિંગ પડયું ત્યારે મિંગ સામ્રાજ્યનો અંત આવ્યો. ચીનની સરહદો સાચવતા ચીની સરદાર વુ સાન–કેઈએ બળવાખોર લિત્ઝુ ચેંગનો સમ્રાટ તરીકે સ્વીકાર કરવાનો ઇનકાર કરી મંચુઓની સહાય માગી. આ માગણીનો સ્વીકાર કરી મંચુઓ પોતે જ ચીનના ધણી થઈ પડયા અને આમ ચીનમાં છેલ્લા ગણાય તેવા મંચુ વંશની સ્થાપના થઈ. મંચુનો કારોબાર શરૂ થાય ત્યાં સુધીમાં પૂરતી સંખ્યામાં પરદેશીઓ ચીનમાં આવી ગયા હતા અને તેમના સંપર્કોથી ચીન અર્વાચીન સમયમાં પ્રવેશી ચૂકયું હોઈ અહીં આપણે મધ્ય યુગના ચીનના ઇતિહાસને પૂરો કરીશું.

●



**પાતળું પેગોડા** : મધ્ય યુગની સમાપ્તિ અને અર્વાચીન યુગના પ્રારંભ કાળમાં ઈ.સ. ૧૬૮૦માં સમ્રાટ કવાંગા–શીએ બંધાવેલ ભવ્ય અને વિશાળ પેગોડાના બગીચામાં બચેલા પેગાડાનો આ એક માત્ર પાતળો મિનારો સુંદર કલાકૃતિનો ખ્યાલ આપે છે.

## પુરવણી—૧

# અરબ–ઈરાન સંસ્કૃતિ

જ્યારે અમુક મુદત માટે બે પ્રજાઓનો સમાગમ થાય છે ત્યારે બંને પ્રજા મને કે કમને, સ્વેચ્છાથી કે સંજોગોને આધીન થઈને એકબીજા પાસેથી વિચારો કે સંસ્કારોની આપ-લે કરે છે. અસંસ્કૃત પ્રજા વધુ લેતી હશે, પણ સંસ્કૃત પ્રજા કંઈ લેતી નથી એમ તો બનતું જ નથી. ઈરાન અને અરબના સમાગમમાંથી ઈરાને પ્રથમ મેળવ્યો અરબનો ધર્મ, જેની એને લગારે જરૂર હતી નહીં કેમ કે ઈરાનનો પોતાનો ધર્મ હતો જ. ઈરાને અરબ ભાષા મેળવી જેની પણ એને આવશ્યકતા નહોતી, કેમ કે ઈરાની પાઝંદ ભાષા તો હતી જ. બે સદી સુધી ઈરાનીઓને અરબી ફરજિયાત બોલવી પડી હતી કેમ કે સ્વભાષાનો ઉપયોગ કરનારને મોતની સજા થતી. ચબરાક ઈરાનીઓને અરબી શીખતાં વાર લાગી નહીં. અરબી શીખ્યા વિના છૂટકો હતો નહીં; તે વિના સરકારી નોકરી મળતી નહીં અને સમાજમાં પ્રતિષ્ઠા મેળવાતી નહીં.

ઈરાનીઓએ અરબી ભાષામાં એવી કુશળતા મેળવી કે તેમાં તેઓ અરબો પર પણ સરસાઈ ભોગવવા લાગ્યા. પણ આ સૌ સ્વભાષાને ભોગે હતું, અને તેથી જ્યારે પાઝંદ પાછળથી બોલાતી થઈ ત્યારે ઈરાનીઓને અરબી એટલી મોંએ ચડી ગઈ હતી કે તેઓ એક નવીન પ્રકારની પાઝંદ બોલવા લાગ્યા કે જેમાં ૭૦ ટકા શબ્દો અરબી હતા. આ નવી ભાષા તે ફારસી ભાષા હતી.

ઈરાને આરબ પાસેથી તેનું અલંકારશાસ્ત્ર (Rhetoric) લીધું, અરબ પિંગળ પણ લીધું. કસીદા (અમુક પ્રકારની બાંધણીવાળું પ્રશંસાત્મક કાવ્ય) પણ ઈરાનીઓ આરબ પાસે શીખ્યા. જોકે ગઝલ અને મસનવી (અમુક પ્રકારની બાંધણીવાળું કાવ્ય) તો ઈરાનીઓનાં જ હતાં. ડૉ. દાઉદ પોના પ્રમાણે મુનાઝિરા (કાવ્યયુદ્ધ; જેમાં બે વસ્તુઓ જેવાં કે રાત્રિ અને દિવસ, કલમ અને તલવાર, બુઝર્ગી અને જવાની વગેરે વચ્ચે કવિતામાં યુદ્ધ ચાલે છે) નામે ઓળખાતાં કાવ્યો પણ ઈરાનીઓએ અરબો પાસેથી લીધાં. ડૉ. દાઉદ પોના કહે છે કે અતિશયોક્તિમાં રાચતી ઈરાની કવિતાએ અરબી કાવ્યો ઉપર સારી અસર કરી નહીં, પણ અરબ કાવ્યની સાદાઈ અને સચોટતા બગાડી નાખ્યાં. બે ત્રણ સદીઓ રહેવાથી જો ઈરાનીઓ અરબો પાસેથી આટલું શીખ્યા હોય તો નવાઈ પામવા જેવું નથી.

પણ એક દિશામાં તો અરબોએ ઈરાન ઉપર ખરો ઉપકાર કર્યો છે—ઈરાનીઓને અરબી લિપિ આપીને. ઈરાનીઓની પહેલવી લિપિ ગૂંચવાડા ભરી, ખામી ભરી અને અપૂર્ણ હતી, અને એટલી અટપટી હતી કે તેમાં સાહિત્ય ઉતારવું બહુ મુશ્કેલ થઈ પડતું. પહેલવી બારાખડીમાં અક્ષરો જ માત્ર ૧૪ હતા, અને શબ્દોની વિભક્તિ કરવી બહુ જ કઠણ કાર્ય હતું. વળી એક અક્ષરના એકથી વધુ ઉચ્ચારો થતા; પરિણામે એક પહેલવી વાક્ય બે ત્રણ જુદી જુદી રીતે વંચાતું. એમ થવાથી સમજફેર અને ગૂંચવાડો ઊભા થતા. અરબી લિપિ સીધી અને સરળ હોવાથી તે અપનાવી લેતાં ઈરાનીઓ પોતાની લિપિના ત્રાસમાંથી મુક્ત થયા, અને જે નવી ફારસી ભાષા પાઝંદમાંથી જન્મી તે પણ અરબી લિપિમાં લખવામાં આવી, અને પહેલવી લિપિને સંપૂર્ણ તિલાંજલિ મળી.

*

ઈસ્લામ ધર્મ અરબી ખાસિયતો ધરાવતો, પણ ઈરાનીઓએ એને ઈરાની બનાવી દીધો, તે એટલે સુધી કે, ગોલ્ડઝિહરના કહેવા પ્રમાણે : ઈસ્લામમમાં વટલેલા ઈરાનીઓનો આ નવો ધર્મ ઈસ્લામી સ્વાંગ નીચે જરથોસ્તી જ ધર્મ રહ્યો. ચુસ્ત ઈસ્લામીઓ હજરત મહમદની હાદીસ અથવા સુન્નત(Traditions)માં માનતા હોવાથી સુન્નીઓ કહેવાયા, જ્યારે ઈરાનીઓએ ઈસ્લામને પોતાના મન અનુસાર ઘટાવ્યો હોવાથી તેઓ 'જુદા પડનારા' અથવા 'શિયા' કહેવાયા.

*

ઈસ્લામ પ્રમાણે ધર્મગુરુવર્ગ હોઈ શકે નહીં, પરંતુ જરથોસ્તીઓમાં ધર્મગુરુવર્ગ હતો અને તેથી વટલેલા ઈરાનીઓએ ઈસ્લામમમાં પણ તે વર્ગ ચાલુ રાખ્યો. ઈસ્લામમમાં ક્રિયાકાંડ થોડું જ હતું અને તે વિશેની શુદ્ધિ અને અશુદ્ધિની ભાંજગડ પણ ઓછી હતી. જરથોસ્તીઓમાં ક્રિયાકાંડ વધી ગયું હતું અને તે વિશેની શુદ્ધિ-અશુદ્ધિનું ધોરણ વટલેલા ઈરાનીઓએ ઈસ્લામમમાં પેસાડયું. ઈસ્લામીઓનાં રાજ્યશાસન ઉપર પણ ઈરાનીઓની અસર થઈ, અને ઈસ્લામી રાજ્યવ્યવસ્થા દરાયસ અને નૈશીરવાનની રાજ્યપદ્ધતિ ઉપર રચાઈ.

ઈરાની બુદ્ધિ તીક્ષ્ણ અને સૂક્ષ્મ હતી, અને બીજા દેશોના તત્ત્વજ્ઞાનમાંથી સત્ય ગ્રહણ કરવા સદા આતુર હતી. એ સત્યોની વળતી અસર ઈરાનીઓ દ્વારા ઈસ્લામ ઉપર થઈ. નીઓ-પ્લેટૉનિસ્ટો પ્રમાણે ઈશ્વરમાંથી દરેક મહાન વસ્તુ વહે છે (Emanate કરે છે); તે મહાન વસ્તુમાંથી તેથી ઊતરતી વસ્તુ ઉત્પન્ન થાય છે, અને એ રીતે સમસ્ત વિશ્વ ઈશ્વરમાંથી જ ઉત્પન્ન થયું છે. મિ. રોથફિલ્ડ પ્રમાણે નીઓ-પ્લેટૉનિસ્ટોના આ Emanationના સિદ્ધાંતે શિયાઓના ઇમામોના સિદ્ધાંત ઉપર બહુ અસર કરી, અને ઈમામો પણ ઈશ્વરમાંથી જ Emanate (ઉત્પન્ન) થયેલા લગભગ અવતારી પુરુષો ગણાયા, જે અલબત્ત કુરાનના શિક્ષણથી તદ્દન જુદું છે. નીઓ-પ્લેટૉનિસ્ટ અને હિંદુ તત્ત્વજ્ઞાનની અસર નીચે શિયા-ઓએ હજરત અલીને લગભગ દૈવીપદ અર્પ્યું, જે તરફ ચુસ્ત મુસ્લિમો નફરતથી જુએ છે. ઈસ્લામનો ખલીફ એક ધાર્મિક અને દુન્યવી નેતા હતો, જ્યારે શિયાઓએ પોતાના ઇમામને ધાર્મિક બાબતોમાં એક અચૂક અને એકહથ્થુ સત્તા ધરાવનાર સરમુખત્યાર બનાવી દીધો.

*

ઈરાની અને ઈસ્લામી સંસ્કૃતિનાં સંમિશ્રણની સર્વોત્તમ પેદાશ તે સુફીવાદ હતો. આમાં પણ ઈરાનીઓનો ફાળો બહુ સંગીન છે, અને મિ. હાસના મત પ્રમાણે ઘણાખરા નહીં, તોપણ ઘણા સુફીઓ ઈરાનના જ વતનીઓ હતા. મહાન સુફી મનસૂર હલ્લાજ, જેનું નામ અત્યંત જાણીતું છે, તે ઈરાની હતો.

*

ડૉ. સર મુહમ્મદ ઈકબાલ કહે છે તેમ : ઈરાનીઓ સ્વભાવિક રીતે પ્લેટો જેવા આધ્યાત્મિક ફિલસૂફ તરફ ઢળશે, જ્યારે અરબોનો માનીતો ગ્રીક લેખક તે વ્યવહારુ બુદ્ધિ ધરાવનાર ઍરિસ્ટૉટલ છે. એટલું જ નહીં પણ અરબો જો પ્લોટીનસ જેવા અધ્યાત્મવાદી નીઓ-પ્લેટૉનિસ્ટનો અભ્યાસ કરશે, તોપણ છેવટે તો ઍરિસ્ટૉટલ તરફ જ ફરશે.

*

રેવન્રડ ડૉ. સેલ નામના લેખક કહે છે : 'અરબ સંસ્કૃતિને ઈસ્લામી સંસ્કૃતિ'નું નામ આપવું. કેમકે લેખકો ઈરાની હોય કે આરબ હોય પણ સૌ ઈસ્લામી તો હતા જ. ઈસ્લામી સંસ્કૃતિએ જગતની મહાન સેવાઓ બજાવી છે અને તેની મુક્ત કંઠે પ્રશંસા કરવી જોઈએ, પરંતુ એ ઈસ્લામી સંસ્કૃતિમાં ઈરાનીઓનો ગંજાવર ફાળો હતો, ઈરાનીઓ સંસ્કારશૂન્ય નહોતા, બલકે ઈરાની ચિરાગે જ અરબ જેવી અજ્ઞાન પ્રજાને તમસમાંથી જ્યોતિમાં આણી હતી.

[ પ્રો. ફિરોઝ દાવર કૃત 'ઈરાનનો ચિરાગ'માંથી ]

# પુરવણી–૨

## પવિત્ર કુરાન
## [વચનામૃત]

### ૯ : કવિનો શબ્દ નથી!

૧. તમે જે જુઓ છો,
૨. અને જે જોતા નથી, તેના સોગન.
૩. આ (કુરાન) એક શ્રદ્ધેય દૂતનું કથન છે.
૪. આ કોઈ કવિનો શબ્દ નથી. પણ તમે લોકો બહુ ઓછી શ્રદ્ધા રાખો છો.
૫. અથવા આ કોઈ જ્યોતિષીનીયે વાત નથી. પણ તમે લોકો બહુ ઓછું ધ્યાન દો છો.
૬. આ તો વિશ્વપ્રભુ પાસેથી ઊતરી આવેલું છે.

(૬૯–૩૮–૪૩)

### ૨૭ : ઈશ્વરી પ્રકાશ

૧. ઈશ્વર પ્રકાશ છે, આકાશનો અને પૃથ્વીનો. તે પ્રકાશનું દૃષ્ટાંત: જેમ કે એક ગોખલો–તેમાં એક દીવો. તે દીવો એક કાચમાં. કાચ જાણે એક ચમકતો તારો. તે (દીવો) પ્રજ્જ્વલિત કરવામાં આવે છે એક મંગલ વૃક્ષથી, જૈતૂનથી. તે વૃક્ષ નથી પૂર્વનું કે નથી પશ્ચિમનું. તેનું તેલ અગ્નિસ્પર્શ ન થવા છતાંયે પ્રજ્વલિત થઈ શકે છે. પછી સર્વત્ર પ્રકાશ જ પ્રકાશ!

### ૫૯ : ઈશ્વરી સંકેતો

૧. એના સંકેતોમાંથી એક આ છે કે એણે તમને માટીમાંથી બનાવ્યા, અને હવે તમે માણસ છો, અને આખી દુનિયામાં ફેલાયેલા છો.
૨. અને એના સંકેતોમાંથી એક સંકેત આ કે તમારા માટે તમારી જાતિમાંથી જ યુગલ બનાવ્યાં, કે (એકબીજા થકી) વિશ્રામ મળે, અને તમારામાં પરસ્પર પ્રીતિ અને કરુણા નિર્માણ કરી. નિ:સંદેહ, આમાં ચિંતન કરનારા માટે સંકેત છે.
૩. અને એના સંકેતોમાંથી એક આ છે–આકાશ અને ભૂમિની રચના અને તમારી ભિન્ન ભિન્ન બોલીઓ અને રંગો. સમજુ લોકો માટે આમાં ખરેખર સંકેત છે.

૪. અને એના સંકેતોમાંથી એક છે: તમારું રાતે અને દિવસે સૂવું અને તમારો એના કૃપાવૈભવમાંથી કાંઈક મેળવવાનો પ્રયત્ન. નિ:સંદેહ, સાંભળનારાઓ માટે આમાં સંકેત છે.
૫. અને એના સંકેતોમાંથી એક આ કે એ તમને ભય અને આશા (દાખવનારી) વીજળી બતાવે છે અને આકાશમાંથી વરસાદ વરસાવે છે. પછી તેના વડે જમીનને તેના મરણ પછી જીવંત કરે છે. નક્કી, આમાં બુદ્ધિમાનો માટે સંકેત છે.
૬. અને એના સંકેતોમાંથી એક આ છે કે ભૂમિ અને આકાશ એની આજ્ઞાથી કાયમ છે. પછી એ જ્યારે તમને સાદ પાડીને જમીનમાંથી બોલાવશે, ત્યારે તમે તરત જ બહાર નીકળી પડશો.

(૩૦, ૨૦–૨૫)

## ૭૩ : ઈશ્વરના વર્ણન માટે શાહી અપૂરતી

૧. કહે : મારા પ્રભુની વાતો લખવા માટે મહાસાગર પણ જો શાહી બને, તોયે મારા પ્રભુના ગુણનું વર્ણન પૂરું થાય તે પહેલાં મહાસાગર ખાલી થઈ જશે. પછી તેની મદદમાં અમે તેવા જ બીજા મહાસાગર આણીશું, (તોયે પાછું આવું જ થશે.) (૧૮.૧૦૯)

## ૭૪ : અસિત–ગિરિ–સમં સ્યાત્

૧. અને પૃથ્વી પરનાં બધાં વૃક્ષ જો કલમ બની જાય, અને મહાસાગર પછી સાત મહાસાગર મળીને તે બધી શાહી થઈ જાય, તોયે ઈશ્વરની વાતો લખવાનું પૂરું થશે નહીં. ખરેખર, ઈશ્વર સર્વજિત છે, સર્વવિદ્ છે.

(૩૧.૨૭)

## ૭૮ : મહમ્મદનો સાક્ષાત્કાર–દિવ્ય પ્રવાસ

૧. (સૂર્યના તેજમાં પોતાનું તેજ સમાવી દેવા માટે) આથમતા તારાના સોગન.
૨. તારો આ સાથી નથી બહેકી ગયેલો, કે નથી માર્ગચ્યુત થયેલો.
૩. અને તે પોતાની મનોવાંછનાથી કાંઈ બોલતો નથી.
૪. આ તો કેવળ પ્રજ્ઞાન છે, જે (તેને) જણાવવામાં આવે છે.
૫. અત્યંત શક્તિમાને તેને આ શીખવ્યું છે.
૬. એ શક્તિમાન ત્યારે પૂર્ણ રૂપથી પ્રગટ થયો.
૭. અને એ સર્વોચ્ચ ક્ષિતિજ પર હતો.
૮. પછી એ સમીપ આવ્યો, પછી ઊતર્યો.
૯. પછી બે ધનુષ્ય જેટલું અંતર રહી ગયું, અથવા તેથીયે નિકટ આવ્યો.
૧૦. તે વખતે અમે અમારા દાસ પાસે પ્રજ્ઞાન પહોંચાડયું. તે (અમે જ) પહોંચાડયું.
૧૧. જે જોયું (તે જોવામાં) હૃદયે કાંઈ ખોટું નથી કર્યું.
૧૨. તો હવે તમે તેણે જે જોયું તે બાબત તેની સાથે ઝઘડો છો શું કામ?
૧૩. અને તેણે એને બીજી એક વાર પણ ઊતરતાં જોયેલ છે.
૧૪. અંતિમ સીમા ઉપરના બદરીવૃક્ષ પાસે.
૧૫. —એની પાસે તે વિશ્રામસ્થાન, સ્વર્ગ છે—
૧૬. જ્યારે તે બદરીવૃક્ષ તેજોવેષ્ટિત હતું, (અને તેજોવેષ્ટિત જ હતું)
૧૭. ત્યારે દૃષ્ટિ ઢળી પણ નહીં, અને ચળી પણ નહીં.
૧૮. ખરેખર, તેણે પોતાના પ્રભુના (સામર્થ્યના) મહાન સંકેતો જોયા!

(૫૩.૧–૧૮)

## ૧૨૬ : ક્રમેક્રમે વિકાસ

૧. સોગન ખાઉં છું સંધ્યાની લાલિમાના.

૨. રાત્રિના અને એમના જેમને તે સમેટી લે છે,

૩. અને ચંદ્રના, જ્યારે એ પૂર્ણ થઈ જાય

૪. કે તમારો અવશ્ય ક્રમેક્રમે વિકાસ થવાનો છે.

(૮૪.૧૬–૧૯)

## ૧૪૯ : કપાળે આંટણ

૧. તું જોઈશ એમને પ્રણામ કરતા, પ્રણિપાત કરતા, ઈશ્વરનો કૃપાવૈભવ અને એની પ્રસન્નતા શોધતા. એમની ઓળખાણ એમના કપાળ પર પ્રણિપાતથી પડેલ આંટણ છે. આ જ છે તેમનું દૃષ્ટાંત તૌરાનમાં ને એ જ છે એમનું દૃષ્ટાંત બાઈબલમાં. જેમ ખેતીએ પોતાના અંકુર કાઢયા, પછી એને મજબૂત કર્યા, પછી એ મોટા થયા અને પોતાની દાંડી પર એવા સીધા ઊભા થઈ ગયા કે કિસાનોને પ્રસન્ન કરવા લાગ્યા . . . .

(૪૮.૨૯)

## ૧૮૬ : ધર્મ–સાર

૧. ધાર્મિકતા એમાં નથી કે તમે તમારું મુખ પૂર્વ તરફ રાખો કે પશ્ચિમ તરફ. ધાર્મિકતા તો એ છે કે માણસ ઈશ્વર પર અને અંતિમ દિવસ પર, દેવદૂતો પર અને ઈશ્વરીય ગ્રંથો પર અને પ્રેષિતો પર શ્રદ્ધા રાખે, અને ઈશ્વર પરના પ્રેમથી અનાથ, દીન, પ્રવાસી, અકિંચન, યાચક એમને માટે અને લોકોને બંધનમાંથી મુક્ત કરવા માટે પોતાનું ધન વહેંચે. અને તે નિયમિત પ્રાર્થના કરે છે. અને નિત્ય દાન કરે છે. અને તે લોકો જે વચન આપે છે, તે પૂરું કરે છે અને મુશ્કેલીમાં, દુઃખમાં અને આપત્તિમાં ધૈર્ય રાખે છે. આ જ લોકો સાચા અને આ જ લોકો ભાવિક છે.

(૨.૧૭૭)

## ૧૯૨ : જબરદસ્તીને અવકાશ નથી

૧. ધર્મની બાબતમાં જોર–જબરદસ્તીને અવકાશ ન હોય.

(૨.૨૫૬)

## ૧૯૪ : ભક્તોના સમાજ એક

૧. નિ:સંદેહ, તમારો (ભક્તોનો) સમાજ એક સમાજ છે ને હું તમારો પ્રભુ છું એટલે મત્પરાયણ થઈ જાઓ.

૨. પછી લોકોએ પોતાના ધર્મના ટુકડે ટુકડા કરીને આપસમાં ફૂટ પાડી. અને પ્રત્યેક સંપ્રદાય જે પોતાની પાસે છે, તેમાં જ ખૂપેલો છે.

(૨૩.૫૨–૫૩)

## ૧૯૭ : ભલાઈમાં હરીફાઈ કરો

. . . . તમારામાંથી દરેકને માટે અમે એક અલગ માર્ગ બનાવ્યો અને એક અલગ પદ્ધતિ બનાવી અને જો ઈશ્વર ચાહત તો તમને સૌને અવશ્ય એક સમાજ બનાવી દેત. પણ એણે તમને જે કંઈ આપ્યું છે તેમાં એ તમારી કસોટી કરવા માગે છે. એટલે તમે સત્કૃત્યોમાં એકબીજાથી ચડિયાતા થવા પ્રયત્ન કરો. ઈશ્વર પાસે જ તમારે પહોંચવાનું છે. ત્યારે જે વાતમાં તમે વિરોધ કરતા હતા એ બાબતમાં એ તમને વાસ્તવિકતા બતાવશે.

(૫.૫૧)

## ૨૦૦ : પૂર્વ-પશ્ચિમ સમાન જ

૧. પૂર્વ અને પશ્ચિમ બધાં ઈશ્વરનાં જ છે. એટલે તમે જે તરફ મુખ કરો એ તરફ ઈશ્વર સન્મુખ છે. ખરેખર ઈશ્વર સર્વવ્યાપક અને સર્વજ્ઞ છે.

(૨.૧૧૫)

## ૨૨૬ : એક મનુષ્યને બચાવવો એટલે જગતને બચાવવું

અમે ઈઝરાયીલીઓને આદેશ આપ્યો કે કોઈની પ્રાણ હાનિના બદલામાં કે પૃથ્વીમાં યુદ્ધ થયાના કારણ સિવાય જેણે કોઈ મનુષ્યની હત્યા કરી, તો એમ માનો કે એણે અખિલ માનવજાતિની હત્યા કરી નાખી અને જેણે કોઈ જીવ ઊગાર્યો એણે માનો કે આખી માનવજાતિને જીવન પ્રદાન કર્યું . . . .

(૫.૩૫)

## ૨૨૮ : દ્વેષ કરનારાઓને પણ અન્યાય ન કરો

૧. હે શ્રદ્ધાવાનો! ઈશ્વર ખાતર, સત્ય પર સ્થિર રહેનારને ન્યાયની સાક્ષી દેનાર બનો. કોઈનોય દ્વેષ તમને એવી રીતે તો ઉત્તેજિત ન કરે કે તમે ન્યાય કરી ન શકો. ન્યાય કરો. એ જ ધર્મ-પરાયણતાથી અધિક નિકટ છે. ઈશ્વર તરફનું તમારું કર્તવ્ય પૂરું કરો. નિ:સંદેહ ઈશ્વર તમારાં કૃત્યોથી પરિચિત છે.

(૫.૯)

## ૨૭૦ : દાન પ્રકરણ

૫. જે ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે અને દૃઢ ચિત્તથી પોતાનું ધન ઈશ્વરના માર્ગમાં વાપરે છે, એમનું ઉદાહરણ એવું છે, જેમ ઊંચાણ પર એક બાગ છે જેના પર જોરથી વરસાદ થયો ને એ બાગમાં એનાં ફળ બમણાં પાકયાં અને જો વર્ષા ન પણ થઈ તોય નાનું સરવડું પર્યાપ્ત થાય. ઈશ્વર તમારાં કામોને જોનાર છે.

૬. શું તમારામાંથી કોઈ એ પસંદ કરશે કે એક ખજૂરનો કે દ્રાક્ષનો બાગ હોય, એમાં નીચે નહેરો વહેતી હોય, એના ધણી માટે એ બાગમાં સર્વ પ્રકારનાં ફળ હોય, એ પોતે વૃદ્ધ થઈ ગયો હોય અને સંતતિ એની અત્યંત અશક્ત હોય ને એવી સ્થિતિમાં એ બાગ પર જેમાં અંગાર હોય એવો વંટોળ આવી પડે કે જેથી એ બાગ ખલાસ થઈ જાય?

(૨.૨૬૧-૨૬૬)

## ૨૯૧ : બે છેડા

૧. વસ્તુત: અમે મનુષ્યને સર્વોચ્ચ બનાવ્યો.

૨. પછી અમે એની કરણીને લીધે એને વાળ્યો. નીચેમાં નીચે સૌથી અધિક નીચ બનાવીને.

(૯૫.૪૫)

## ૩૦૨ : જો ઈશ્વર દંડ કરત તો

૧. જો ઈશ્વર લોકોને એમનાં કૃત્યો માટે પકડત તો આ ધરતી પર એક પ્રાણી ન બચત . . . .

(૩૫.૪૫)

## ૩૦૯ : ભલાઈ પર વિશ્વાસ રાખનાર તથા ન રાખનાર

૧. શપથ છે રાત્રિની, જ્યારે એ ફેલાઈ જાય,

૨. અને દિનની, જ્યારે એ પ્રકાશિત થઈ જાય,

૩. અને એની જેણે નર-નારી નિર્માણ કર્યાં.
૪. નિ:સન્દેહ. તમારો પ્રયત્ન અસ્તવ્યસ્ત છે.
૫. તો જેણે ઈશ્વરના માર્ગમાં દાન કર્યું અને ઈશ્વર પ્રતિ પોતાનું કર્તવ્ય પૂરું કર્યું,
૬. અને ભલાઈમાં વિશ્વાસ રાખ્યો,
૭. તો અમો તેને માટે સુખ-સગવડ પહોંચાડશું.
૮. અને જેણે કંજૂસાઈ કરી અને બેપરવાઈ રાખી.
૯. અને ભલાઈમાં વિશ્વાસ ન રાખ્યો,
૧૦. તો અમે એને કષ્ટમાં નાખશું.
૧૧. અને એનું ધન એને કામ નહિ આવે, જ્યારે એ ખાડમાં પડશે.
૧૨. નિ:સન્દેહ, માર્ગદર્શનની જવાબદારી અમારી છે.
૧૩. અને નિ:સન્દેહ, આ લોક ને પરલોક બેય અમારા જ છે.
૧૪. તો અમે તમને એક ભડકતી આગથી સાવધાન કરી દીધા.
૧૫. એમાં એ જ પડશે જે અભાગી છે.
૧૬. જેણે (ઈશ્વરનો) અસ્વીકાર કર્યો અને વિમુખ થયો.
૧૭. અને એ આગથી એ બચાવાઈ જશે જે ધર્મ-પરાયણ છે.
૧૮. જે પોતાનું ધન ઈશ્વરના માર્ગમાં આપે છે, જેથી એ વિશુદ્ધ થઈ જાય.
૧૯. અને એના પર કોઈનો એવો ઉપકાર નથી કે જેને એ આ પ્રકારે વાળતો હોય.
૨૦. એને તો માત્ર પોતાના પરમ-પ્રભુની પ્રસન્નતા ઈષ્ટ છે.
૨૧. અને નિશ્ચય જ, એ પ્રસન્ન થઈ જશે.

(૯૨–૧.૨૧)

## ૩૩૦ : ઈસુને શૂળી પર ચઢાવ્યાનો એક ભાસ જ

૧. એમના એ કહેવા બાબત કે અમે મરિયમના પુત્ર ઈસુ ખ્રિસ્ત–ઈશ્વરના પ્રેષિતને મારી નાખ્યા (અમારું એમ કહેવું છે) કે એમણે ન તો એણે માર્યો, ન એને શૂળી દીધી કિંતુ તેમને ભાસ થયો અને જે લોકો આ બાબતમાં વિરોધ કરે છે, તેઓ આ વિષયમાં અવશ્ય સન્દેહમાં છે. એમ આનું કાંઈ જ્ઞાન નથી, તેઓ માત્ર કલ્પના પર ચાલી રહ્યા છે અને નિશ્ચય જ તેમણે એને માર્ નથી.

૨. બલ્કે ઈશ્વરે એને પોતાની તરફ ઉઠાવી લીધેલ છે અને ઈશ્વર સર્વજિત્, સર્વવિદ્ છે.

(૪.૧૫૭.૧૫

## ૩૩૨ : ઈસુના અનુયાયી

૧. . . . . જે લોકો કહે છે કે અમે ખ્રિસ્તી છીએ, એ લોકોને શ્રદ્ધાવાનોની મૈત્રીમાં નિકટતમ જો એ એટલા માટે કે તેમનામાં કેટલાક વિદ્વાન છે અને ભક્તિ કરનાર મઠવાસી સાધુ છે. તેઓ ઘ નથી કરતા.

૨. અને જ્યારે જે વચનો પ્રેષિત પર ઉતારવામાં આવ્યાં છે તેને તે સાંભળે છે ત્યારે તું જોઈશ તેમની આંખો આંસુથી ઊભરાય છે, કારણ કે તેમને સત્યને પારખેલ છે. તેઓ કહે છે કે હે પ્રભ અમે શ્રદ્ધાયુક્ત થયા છીએ, અમને સાક્ષીઓ પૈકી લખી લે.

(૫.૮૫–૮

## ૩૮૭ : હલકું પલ્લું ભારે પલ્લું

૧. એ ખખડાવનારી આફત.
૨. શું છે એ ખખડાવનારી વિપત્તિ?
૩. અને તું શું સમજ્યો કે એ શું છે ખખડાવનારી આપત્તિ (એ છે અંતિમ દિનની સ્થિતિ).
૪. જે દિવસે લોકો હશે એવા કે જાણે વિખરાયેલા પતંગ.
૫. અને પહાડો પીંજેલ રંગીન ઊન જેવા થઈ જશે.
૬. તો જેનું પલ્લું ભારે થશે,
૭. એ ત્યાં સુખી જીવન જીવશે.
૮. અને જેનું પલ્લું હળવું થશે.
૯. એનું સ્થાન છે ગર્ત.
૧૦. અને તેં વિચાર્યું કે એ (ગર્ત) શું છે?
૧૧. (તે છે) આગ, ભભૂકતી.

(૧૦૧.૧–૧૧)

## ૩૮૮ : બાર નિશાની

૧. જે દિવસે સૂર્ય ફેંકાઈ જશે.
૨. અને તારા ઢળી પડશે,
૩. ને પહાડો ચાલતા થશે,
૪. અને જ્યારે આસન્નપ્રસવા (દશ માસની ગર્ભધારિણી) ઊંટણીઓ છોડી દેવામાં આવશે.
૫. જ્યારે વન્ય પશુઓ ભેગા કરવામાં આવશે,
૬. તથા સમુદ્ર ભરતીથી ઊછળશે,
૭. તથા પ્રાણ પુનઃ મેળવવામાં આવશે,
૮. અને જીવિત દટાયેલ (છોકરીને) પૂછવામાં આવશે,
૯. કે કયા દોષ ખાતર એને મારી નાખવામાં આવી?
૧૦. અને જ્યારે કર્મ-પત્ર ખોલવામાં આવશે,
૧૧. અને જ્યારે આકાશની ખાલ ઉતારવામાં આવશે,
૧૨. અને જ્યારે નારકીય અગ્નિ ભડકાવવામાં આવશે,
૧૩. અને જ્યારે સ્વર્ગ સમીપ લાવવામાં આવશે,
૧૪. ત્યારે પ્રત્યેક જીવ જાણી લેશે કે પોતે શું કર્યું છે.

(૮૧.૧.૧૪)

## ૩૯૮ : શાંત જીવ

૧. હે શાંત સમાધાની જીવ!
૨. પાછો વળ તારા પ્રભુની તરફ. તું એનાથી પ્રસન્ન અને એ તારાથી પ્રસન્ન.
૩. તો મારા (અલ્લાહના) દાસોમાં સમ્મિલિત થઈ જા.
૪. અને મારા માર્ગમાં પ્રવિષ્ટ થઈ જા.

(૮૯.૨૭–૩૦)

[વિનોબા ભાવે સંકલિત : 'કુરાન સાર', ગુજરાતી આવૃત્તિમાંથી]

પુરવણી : ૧૫૫

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ સંખ્યા | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ તથા ૨ | ૩૧ | આઇન્સ્ટાઇન | બાઇન્સ્ટાઇન |
| ૫ | ૨૦ | ઝુરિકનનો | ઝુરિકનો |
| ૮ | ૯ | વાહનો | વહાણો |
| ૧૧ | ૩ | મહંમદઅલીએ | મહંમદ રજાએ |
| ૧૨ | ૧૬ | કાયદના | કાયદાના |
| ૨૩ | ૧૧ | બ્રુગ કાપે | બ્રુ કાપેટ |
| ૨૭ | ૨૬ | કશ્યાન | કાશ્યાન |
| ૨૮ | ૧૮ | નિર્વચન | નિર્વાચન |
| ૩૪ તથા ૩૭ | — | એલિગ્યાન | એલિગ્નોન |
| ૩૫ | ૨૧ | રેઈન્સ | રેઈમ્સ |
| ૫૦ | ૧૯ | પ્રાપ્ત | પાપ |
| ૫૨ | ૭ | તેમણે | તેમણે |
| ૬૫ | ૩૩ | મુબાદુરો | કુબાદુરો |
| ૭૧ | ૧૯ | ગુલામોની | ગુલાબોની |
| ૭૭ | ૧૫ | જાનવારોના | મનવારોના |
| ૭૮ | ૧૩ | મેડિકા | મેડીરા |
| ૯૦ | ૧૬ | નાયક | નાવિક |
| ૯૫ | ૨૧ | પદાર્થો–માસસો | પદાર્થો કે માણસો |
| ૯૫ | ૨૨ | માણસ | માણસનો |
| ૯૫ થી ૯૮ બધે | — | એબેલાર્ડ | એબેલાર્ડ |
| ૯૮ | ૧૨ | બેકન–રજો | બેકન |
| ૯૧ | ૨૭ | દેવીભાષાના | દેશીભાષાના |
| ૧૦૧ | ૧૨ | અપનાવી | અપનાવાઈ |
| ૧૦૨ | ૨૩ | ચાંદ | ચાંદ |
| ૧૦૫ | ૨૮ | મૂકતો | મુકાતો |
| ૧૦૭ | ૨૦–૨૧ | પર્સપોલ્પિસ | પર્સી પોલિસ |
| ૧૧૨ | ૭ | હાશિના | હાશિમના |
| ૧૧૨ | ૨૧ | સાસન | સશાન |
| ૧૧૨ | ઉપલું ચિત્ર | ઓથમાન | ઉસમાન |
| ૧૧૪ | ૨૩ | ખ્રસ્ત | ખ્રિસ્તી |
| ૧૧૫ | ૩૮ | ‘અલ–મનસુરી’ | ‘અલ–મનસુર’ |
| ૧૧૮ | ૧૮ | ભયમાં | તાવમાં |
| ૧૨૭ | ૨૮ | ક્રીય | ક્રીટ |
| ૧૨૮ | ૧૦ | મેસોપોટેમિયા | મેસેડોનિયા |
| ૧૩૫ થી ૧૩૭ તથા ૧૪૦ થી ૧૪૩ | — | ‘હાફિઝ’ | હદીશ |
| ૧૩૭ | ૩૩ | ઇસ્લામ ‘મુલ્લા’ | ઈસ્લામમાં ‘મુલ્લા’ |

●

# નકશાની યાદી


૧. યુરોપ (રાજકીય) (આશરે ઈ. સ. ૧૦૦૦) [ખંડ ૧ : પ્લેટ] ૧
૨. ત્રીસ વર્ષોના યુદ્ધને અંતે યુરોપ (ઈ. સ. ૧૬૪૮) [ખંડ ૧ : પ્લેટ] ૧
૩. થિયોડરિકના મૃત્યુ સમયનું યુરોપ (ઈ. સ. ૫૨૬) ૩
૪. જસ્ટિનિયનના તાબાનું બાઇઝેન્ટાઇન રોમન સામ્રાજ્ય ૧૦
૫. શાર્લમેનનું સામ્રાજ્ય (ઈ. સ. ૮૧૪) ૧૪
૬. પવિત્ર રોમન સામ્રાજ્ય ૨૦

૭. ક્રુઝેડાએ કરેલા હુમલાઓના કેટલાક માર્ગ ૨૮
૮. ઇસ્લામ અને ખ્રિસ્તી સામ્રાજ્ય (ક્રુઝેડોના અંતે) ૩૨
૯. કૉન્સ્ટેન્ટિનોપલના પતન સમયે યુરોપ (ઈ. સ. ૧૪૫૩) ૩૭
૧૦. યુરોપના રાજવંશો અને ધર્મના વડાઓ (પોપ) મધ્યયુગ દરમિયાનના [ચાર પાનાંની પ્લેટ] ૪૮
૧૧. યુરોપ આશરે ઈ. સ. ૧૩૫૦ [ખંડ ૨ : પ્લેટ] ૪૯
૧૨. મધ્યયુગનાં મુખ્ય વેપારી કેન્દ્રો ૭૫
૧૩. યુરોપ (આશરે ઈ. સ. ૧૫૦૦) ૭૯
૧૪. અરબ ઇતિહાસની મહત્ત્વની વ્યક્તિઓ–રાજાઓ–ખલીફો ઇત્યાદીની વંશાવળી [ખંડ ૩ : ચાર પાનાંની પ્લેટ] ૯૧
૧૫. મુસલમાનોના પ્રમુખ રાજવંશો : સ્થળ અને કાળ ૧૦૪
૧૬. અરેબિયા (ભૂપૃષ્ઠ) ૧૦૯
૧૭. ઇસ્લામનો ફેલાવો અને ક્રુઝેડ સમયે અરબ સામ્રાજ્ય ૧૧૦
૧૮. જંગીસખાન અને ઇતર મોંગોલોની ચડાઈઓ ૧૨૦
૧૯. તૈમૂર લંગનું સામ્રાજ્ય ૧૨૧
૨૦. ઓટોમન સામ્રાજ્ય [સુલેમાન ધ મેગ્નિફિસન્ટના મૃત્યુ સમયે : ઈ. સ. ૧૫૬૬] ૧૩૦
૨૧. મધ્યકાલિન સામ્રાજ્યો (આશરે ઈ. સ. ૮૦૦માં) [ખંડ ૪ : પ્લેટ] ૧૩૦
૨૨. ઈ. પૂ. ૧૧૦૦ થી હાલના ચીન સુધીનો તબક્કાવાર રાજ્ય વિસ્તાર [ખંડ ૫ : પ્લેટ] ૧૬૧
૨૩. ચીન : ૨૮ પ્રાંતો [ખંડ ૫ : પ્લેટ] ૧૬૧
૨૪. શાંગ સામ્રાજ્ય (ઈ. પૂ. ૧૫૨૦–૧૦૨૭] ૧૬૪
૨૫. ચાઉ સામ્રાજ્ય (ઈ. પૂ. ૧૯૨૭–૨૫૬) ૧૬૪
૨૬. હાન સામ્રાજ્ય (ઈ. સ. ૧૦૦) ૧૭૦
૨૭. સુંગ અને ટાંગૂટ સામ્રાજ્ય (ઈ. સ. ૧૧૦૦) ૧૭૦
૨૮. મીંગ સામ્રાજ્ય (ઈ. સ. ૧૫૦૦) ૧૮૫
૨૯. મોંગોલ સામ્રાજ્ય (ઈ. સ. ૧૧૩૦) ૧૮૫

# જ્ઞાનગંગોત્રી

## માનવવિદ્યા શાખા

માનવકુલ દર્શન [ વિશ્વ ઇતિહાસ સોપાન ]

વિશ્વ દર્શન [ ક્રાંતિઓ અને વૈચારિક વિકાસ ]

ભારત દર્શન [ આદિયુગથી અદ્યતન વિકાસ ]

ગુજરાત દર્શન [ સાહિત્ય અને સમાજ ]

સાહિત્ય દર્શન [ વિશ્વ સાહિત્ય : ભારતીય સાહિત્ય ]

લલિતકલા દર્શન [ વિવિધ કલાઓ : સિદ્ધાન્ત અને પરિચય ]

## વિજ્ઞાનવિદ્યા શાખા

બ્રહ્માંડ દર્શન

પૃથ્વી દર્શન

સ્વાસ્થ્ય દર્શન

રસાયણ દર્શન

ગણિત દર્શન

કૃષિ દર્શન

ઇજનેરી દર્શન

જીવ દર્શન

વિજ્ઞાન : માનવી અને મૂલ્ય

કુલ **30** ગ્રંથો

આખા સેટની કિંમત રૂ. ૬૦૦ [ વિદેશ રૂ. ૮૦૦ ] છૂટક રૂ. ૩૦

---

: પ્રાપ્તિસ્થાન :

બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન, અમદાવાદ




E = MC²
Δ = D
ʌ = C
≯ = K
6 = L

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો, જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે

પં. સુખલાલજી

આ જ્ઞાનગંગોત્રી આપણા જમાનાના વિશાળ આદર્શને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

કાકા કાલેલકર

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

કનૈયાલાલ મુનશી

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિ:શંક કહી શકાય.

ઉમાશંકર જોશી

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમ જ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

સુન્દરમ

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય-દર્શન (ભારતીય—૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય—૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય—૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય—૨) ૧૨ વિશ્વદર્શન—૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય—૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વ દર્શન—૨ (અદ્યતન ઇતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય—૨) ૧૮ લલિતકલા દર્શન—૧ (અભિનય-કાવ્ય) ૧૯ વિચાર દર્શન—૧ (લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ) ૨૦ વિશ્વદર્શન—૩ [ઇતિહાસ મધ્યયુગ (યુરોપ, અરબ, ચીન)]